લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી વિરચિત

અધ્યાત્મમતપરીક્ષા
શબ્દશઃ વિવેચન

(ભાગ-૨)

(કેવલીભુક્તિ વિચાર)

વિવેચક
પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

: પ્રકાશક :
ગીતાર્થ ગંગા
૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.

શ્રી ધરણેન્દ્ર-પદ્માવતી સંપૂજિતાય ૐ હ્રીં શ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી દાન-પ્રેમ-રામચંદ્રગુરુભ્યો નમઃ
ઐં નમઃ

અધ્યાત્મમતપરીક્ષા
શબ્દશઃ વિવેચન ભાગ-૨

મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર
ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

આશીર્વાદદાતા
પરમ પૂજ્ય વ્યાખ્યાન વાચસ્પતિ, શાસનપ્રભાવક આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા ષડ્દર્શનવિદ્ પ્રાવચનિકપ્રભાવક સ્વ. પરમ પૂજ્ય મુનિરાજશ્રી મોહજિતવિજયજી મહારાજા.

વિવેચનકાર
પંડિતવર્યશ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા.

સંકલન-સંશોધનકારિકા
પ.પૂ. વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી તથા પ.પૂ. પ્રવર્તિની સાધ્વી શ્રી રોહિતાશ્રીજી મ.સા.ના શિષ્યરત્ના સાધ્વી શ્રી ચંદનબાલાશ્રીજી.

વી.સં. ૨૫૨૭ ❋ વિ.સં. ૨૦૫૭ ❋ ઈ.સ. ૨૦૦૧ ❋ નકલ-૧૦૦૦

મૂલ્ય - ૫૫-૦૦

પ્રકાશક

૨૦

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચંટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

卐 પ્રાપ્તિ સ્થાન 卐

ગીતાર્થ ગંગા AHMEDABAD
૫, જૈન માર્કેટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
☎(૦૭૯) - ૬૬૦ ૪૯ ૧૧, ૬૬૦ ૩૬ ૫૯

નટવરભાઈ એમ. શાહ, (આફીકાવાળા) AHMEDABAD
૯, પરિશ્રમ બેંક ઓફ ઈન્ડીયા સોસાયટી, વિજયનગર ક્રોસીંગ પાસે, અમદાવાદ-૧૩.
☎ (૦૭૯)- ૭૪૭૮૫૧૨, ૭૪૭૮૬૧૧

નિકુંજભાઈ ૨. ભંડારી MUMBAI
વિષ્ણુમહલ, ત્રીજે માળે, ગરવારે પેવેલીયનની સામે, ડી રોડ, ચર્ચગેટ, મુંબઈ-૨૦.
☎ (૦૨૨) - ૨૮૧ ૪૦ ૪૮, ૨૮૧ ૦૧ ૯૫

શૈલેષભાઈ બી. શાહ SURAT
શ્રીનાથજી એપાર્ટમેન્ટ, છઠ્ઠે માળે, હરિપરા, હાથ ફળીયા, સુરત-૧.
☎ (૦૨૬૧) - (ઓ) ૪૩ ૯૧ ૬૦, ૪૩ ૯૧ ૬૩

કમલેશભાઈ દામાણી RAJKOT
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.
☎ (૦૨૮૧) - (ઘર) ૨૩૩૧૨૦

ઉદયભાઈ શાહ JAMNAGAR
C/o, મહાવીર અગરબત્તી વર્ક્સ, C- 9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે, જામનગર.
☎ (૦૨૮૮) - ૬૭૮૫૧૩

વિમલચંદજી BANGALORE
C/o, J. NEMKUMAR & COMPANY, Kundan Market, D.S.Lane, Chickpet Cross, Bangalore-560 053,
☎ (O) 287 52 62, (R) 225 99 25.

: મુદ્રક :
મુદ્રેશ પુરોહિત
સૂર્યા ઓફસેટ, આંબલી ગામ, સેટેલાઈટ-બોપલરોડ, અમદાવાદ-૫૮.

સંકલન-સંપાદનની વેળાએ પ્રાસ્તાવિક

'અધ્યાત્મમતપરીક્ષા' શબ્દશઃ વિવેચન ભાગ - ૧ પ્રકાશિત થયા પછી ટૂંક સમયમાં જ ભાગ - ૨ પ્રકાશિત થઈ રહેલ છે જે આનંદનો વિષય છે.

પ્રસ્તુત ભાગ - ૨માં કેવળી ભગવંતોને કવલાહાર હોય કે નહિ તેની વિશદ ચર્ચા કરેલ છે. આધ્યાત્મિકો અને દિગંબરોની માન્યતા એવી છે કે જો તે કેવલી ભગવાન અઢાર દોષ વિનાના કૃતકૃત્ય હોય તો તેઓને ક્ષુધા-તૃષા ન હોવાથી કવલાહાર શી રીતે હોઈ શકે? તેથી ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજાએ અનેક આગમપાઠો અને સુયુક્તિઓપૂર્વક આધ્યાત્મિક અને દિગંબરની એ માન્યતાનું નિરાકરણ કરીને સિદ્ધ કર્યું છે કે કેવલી ભગવંતોને કવલાહાર હોઈ શકે છે. તેમાંની પૂર્વપક્ષીની કેટલીક યુક્તિઓ આ પ્રમાણે -

(૧) ક્ષુધા છદ્મસ્થમાં રહેલ અઢાર દોષમાંનો એક દોષો છે. (૨) અનંત વીર્યવાળા કેવળીને બળહાનિનો સંભવ ન હોવાથી કવલાહાર નિરર્થક છે. (૩) ભોજનક્રિયાથી પ્રમાદનો સંભવ છે. (૪) આહાર નિદ્રાદિનો જનક હોવાથી દોષરૂપ છે. (૫) આહાર કરવામાં રાગ થવાનો સંભવ રહે છે. (૬) મલ-ઉત્સર્ગાદિની જુગુપ્સનીય પ્રવૃત્તિ કેવળીને સંભવતી ન હોવાથી કવલાહાર હોતો નથી.

આનું નિરાકરણ શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજે આગમ અને યુક્તિપુરસ્સર કર્યું છે કે, (૧) ક્ષુધા-જરા આદિ દોષરૂપ ન હોવાથી અઢાર દોષમાં તેની ગણતરી થતી નથી.(૨) કેવળીને અનંત વીર્ય હોવા છતાં શારીરિક બળહાનિ સંભવિત છે. (૩) આહારથી પ્રમાદ થાય તેવો નિયમ નથી. (૪) આહારની અતિમાત્રા કે સ્નિગ્ધતા આદિ નિદ્રાદિજનક હોઈ દોષરૂપ છે, આહારમાત્ર દોષરૂપ નથી. (૫) હિત-મિત આહાર કરવામાં રાગ અનાવશ્યક છે. (૬) કેવલીકૃત મલ-ઉત્સર્ગાદિ જુગુપ્સાજનક બનતા નથી.

આ રીતે આધ્યાત્મિક અને દિગંબર દ્વારા કેવલી ભગવંત કવલાહાર કરતા નથી એ સિદ્ધ કરવા અપાયેલ અનેક કુયુક્તિઓનું નિરાકરણ શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજાએ અનેક સુયુક્તિઓ અને આગમપાઠો પુરસ્સર **ગાથા - ૭૩ થી ૧૨૩માં કરેલ છે.**

ગ્રંથ વિવેચન પૂર્વમાં **ગાથા - ૭૨થી ૧૨૩**માં આવતા પદાર્થોની સંક્ષિપ્ત સંકલના તૈયાર કરેલ છે તથા **ગાથા - ૭૨ થી ૧૨૩**માં આવતા પદાર્થોની વિસ્તૃત અનુક્રમણિકા તૈયાર કરેલ છે. તે વાંચતાં વાચકવર્ગને સ્વયં જ ખ્યાલ આવશે કે પૂર્વપક્ષીની આ અંગે શું માન્યતા છે અને ગ્રંથકારશ્રીએ તેનું નિરાકરણ કઈ રીતે કરેલ છે અને સાથે સાથે કેટલાય અપૂર્વ પદાર્થોનું સુંદર નિરૂપણ કરેલ છે. આ વાંચતાં જિનશાસન પ્રત્યે અને આવા કીમતી નજરાણા જેવા ગ્રંથની રચના કરનારા એ મહાપુરુષ પ્રત્યે ઓવારી ગયા વિના રહેવાતું નથી.

ગ્રંથની ગહનતા, મહાનતા, વિશાળતા તો તત્ત્વજિજ્ઞાસુ - અધ્યાત્મજિજ્ઞાસુ વર્ગ આ ગ્રંથ ચિંતન-મનન-નિદિધ્યાસનપૂર્વક વાંચશે ત્યારે જ ખ્યાલ આવશે. **૧૮૪ ગાથારૂપ આ અધ્યાત્મમતપરીક્ષા ગ્રંથરત્ન**માં આધ્યાત્મિકમત અને દિગંબરમતની અનેક માન્યતાઓનું નિરસન કરવાપૂર્વક પારમાર્થિક અધ્યાત્મ શું છે, એ ગ્રંથકારશ્રીએ સમજાવેલ છે.

પંડિતવર્યશ્રી પાસે આ ગ્રંથવાંચનનો સુયોગ સાંપડ્યો ત્યારે આ સંકલના મેં તો નોટરૂપે તૈયાર કરેલ, પણ **ભાગ - ૧**ની પ્રસ્તાવનામાં જણાવ્યા મુજબ સહાધ્યાયી તથા અનેક બીજા તત્ત્વજિજ્ઞાસુ વર્ગની એક જ ભાવના હતી કે આ ગ્રંથની વ્યવસ્થિત સંકલના તૈયાર થાય અને પ્રકાશિત થાય તો અનેક તત્ત્વજિજ્ઞાસુ વર્ગને ગ્રંથના પદાર્થોનો સારી રીતે બોધ કરવામાં ઉપયોગી થઈ શકે. આ પ્રવૃત્તિ પાછળનો મારો એક જ શુભાશય છે કે ગ્રંથના અધ્યયનથી મારી નાદુરસ્ત તબિયતમાં પ્રસન્નતા જળવાઈ રહે અને અશાતાવેદનીયકર્મના ઉદયમાં શરીરવિષયક આર્તધ્યાનથી બચી શકાય અને ધર્મધ્યાનમાં મન સ્થિર રહે, અને સ્વાધ્યાયલક્ષી આ પ્રવૃત્તિથી કર્મની નિર્જરા અને કર્મક્ષય થાય.

પંડિતવર્યશ્રીએ પાઠવાચન સમયે ગ્રંથના પદાર્થો જ્યાં સુધી અધ્યયન કરનારા અમને સૌને ન સમજાતા ત્યાં સુધી પુનઃ પુનઃ સમજાવવા પ્રયત્ન કરેલ છે અને ભાવાર્થમાં સરળતાથી સમજાય એ પ્રમાણે પદાર્થો ખોલવા પ્રયત્ન કરેલ છે.

ભાગ - ૧માં જણાવ્યા મુજબ ભાવાર્થમાં ટીકાના અર્થની પુનરુક્તિ ઘણી જગ્યાએ થયેલ છે પણ સંસ્કૃતના અનભિજ્ઞ માટે ગ્રંથના પદાર્થનો બોધ થાય અને ભાવાર્થ ત્રુટિત ન બને એથી થયેલ પુનરુક્તિ દોષરૂપ નહિ ગણાય.

પાઠશુદ્ધિ માટે હસ્તલિખિત પ્રતિઓમાંથી જ્યાં અમને શુદ્ધ પાઠ મળેલ છે તે પાઠ અમે મૂળમાં લીધેલ છે અને જ્યાં અર્થ સાથે સંગત જણાતો શુદ્ધ પાઠ હસ્તપ્રતિમાં મળેલ નથી ત્યાં કૌંસમાં એ પાઠ મૂકેલ છે. ઘણી જગ્યાએ નિશાની આપી વિવેચનમાં જણાવેલ છે કે અહીં આવો પાઠ ઉચિત ભાસે છે.

આ ગ્રંથના પ્રૂફ વાચનના કાર્યમાં સાધ્વીજી શ્રી હિતરુચિતાશ્રીજી મ.સા. તથા સુશ્રાવક શ્રી શાંતિલાલ શિવલાલ શાહે પોતાના કીમતી સમયનો ભોગ આપી સહકાર આપેલ છે તે બદલ તેમને વિસરી શકાય તેમ નથી.

છદ્મસ્થતા વશ આવા બૃહત્કાય ગ્રંથના વિવરણમાં કે સંકલન-સંપાદનકાર્યમાં અનેક ત્રુટિઓ રહેવાની સંભાવના છે. સર્વજ્ઞકથિત પદાર્થોનું ક્યાંય અવમૂલ્યન ન થઇ જાય તે માટે પૂરેપૂરો પ્રયત્ન કરેલ છે, છતાં જિનાજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ ક્યાંય પણ પદાર્થ નિરૂપણ થયેલ હોય તો તે માટે મિચ્છા મિ દુક્કડં માંગું છું.

પ્રાન્તે એક જ અંતરની મહેચ્છા છે કે દેવ-ગુરુની કૃપાથી સ્વઆત્મપરિણતિની નિર્મળતા માટે કરાયેલો આ પ્રયાસ સર્વને લાભનું કારણ બને અને મને પોતાને સૂક્ષ્મ બોધ થવાપૂર્વક ભાવપૂર્વકની ક્રિયાની પરિણતિ પ્રાપ્ત થાય, અને નિર્મળ પરિણતિ દ્વારા સંપૂર્ણ કર્મક્ષય કરી નિકટના ભવોમાં મુક્તિ સુખની ભાગી બની શકું, એ જ શુભ આશયથી કરેલો આ નાનકડો પ્રયાસ સફળતાને પામો એ જ શુભ ભાવના.

વિ.સં. ૨૦૫૭, ચૈત્ર સુદ - ૧૩,
શુક્રવાર, તા. ૬-૪-૨૦૦૧.
એફ- ૨, જેઠાભાઇ પાર્ક, નારાયણનગર,
પાલડી, અમદાવાદ - ૭.

પરમ પૂજ્ય પરમારાધ્યપાદ વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના** શિષ્યરત્ન પ.પૂ. ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય **મહોદયસૂરીશ્વરજી મહારાજાના** આજ્ઞાવર્તી તથા પ.પૂ. પ્રવર્તિની સાધ્વીશ્રી **રોહિતાશ્રીજી મ.સા.ના** શિષ્યરત્ના સાધ્વીશ્રી **ચંદનબાલાશ્રીજી.**

અધ્યાત્મમતપરીક્ષા ગાથા ૭૨ થી ૧૨૩માં આવતા પદાર્થોનું સંક્ષિપ્ત સંકલન

'અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન- પ્રથમ ભાગ'માં આધ્યાત્મિકમતનું ખંડન કર્યું, ત્યાં આધ્યાત્મિકોએ જે બાહ્ય પ્રવૃત્તિમાત્રને મોક્ષના અકારણરૂપે સ્થાપેલ અને કેવલ આત્મામાં પ્રવૃત્તિને અધ્યાત્મરૂપે સ્થાપન કરેલ, તે સર્વનું યુક્તિથી નિરાકરણ કરીને, આત્મામાં જવા માટે બાહ્ય ક્રિયા કઈ રીતે અત્યંત ઉપયોગી છે તેનું ગ્રંથકારે સ્થાપન કર્યું. આ સાંભળીને જ્યારે આધ્યાત્મિકો તેનો ઉત્તર આપી શક્યા નહિ ત્યારે શ્વેતાંબરને પ્રશ્ન કરે છે કે તમે કેવલીને કવલભોજી સ્વીકારો છો, તો તે રીતે કેવલી કૃતકૃત્ય છે તે સિદ્ધ થઈ શકશે નહિ. તેથી હવે કેવલીને કવલાહાર કઈ રીતે સંગત છે તેની વિચારણા **ગાથા ૭૨ થી ૧૨૩** સુધીમાં કરેલ છે.

ગાથા - ૭૨માં દિગંબરમતના ગ્રંથમાં કહેલ ૧૮ દોષો બતાવ્યા, જેમાં અઢાર દોષ અંતર્ગત ક્ષુધા, તૃષા વગેરેને પણ દોષરૂપ બતાવેલ છે. અને તે અઢાર દોષોથી રહિત કેવલી હોય છે તેમ દિગંબરો કહે છે. તેથી તેમના મતે કેવલીને કવલાહાર સ્વીકારીએ તો અઢાર દોષોથી રહિત ભગવાન છે તેમ સ્વીકારી શકાય નહિ. તેનું યુક્તિથી નિરાકરણ ગ્રંથકારે **ગાથા - ૭૩-૭૪**માં કરીને સ્થાપન કર્યું કે ચાર ઘાતીકર્મોના ક્ષયથી કેવલીને અઢાર દોષોથી રહિત અવસ્થા પ્રાપ્ત થાય છે, પરંતુ ક્ષુધાવેદનીય અને તૃષાવેદનીયના ઉદયથી થતા ક્ષુધા-તૃષા આદિને દોષરૂપે સ્વીકારી શકાય નહિ. વળી તટસ્થતાથી વિચારીએ તો દિગંબર પણ ચાર ઘાતીકર્મોના ક્ષયથી જ ભગવાન વીતરાગ થાય છે તેમ માનેં છે. આમ છતાં, જે પ્રકારે અઢાર દોષો તે બતાવે છે તે દોષોનો વિચાર કરીએ તો ઘાતીકર્મમાત્ર સાથે સંકળાયેલા તે દોષો નથી, પરંતુ સ્વકલ્પનાથી ઊભા કરાયેલા ક્ષુધા-તૃષા-મૃત્યુ આદિ દોષો છે તેવું વિચારકને જણાય તેમ છે. જ્યારે તટસ્થતાથી કોઈ વિચારક હોય તો, શ્વેતાંબરની પ્રક્રિયામાં બતાવેલા અઢારે દોષોનો નાશ ચાર ઘાતીકર્મના ક્ષયથી કઈ રીતે થાય છે તે સુંદર યુક્તિથી ગ્રંથકારે બતાવેલ છે, તે સમજી શકે છે.

ત્યાર પછી દિગંબર ભગવાનને ક્ષાયિક સુખ સ્વીકારે છે તેથી ક્ષુધા-તૃષારૂપ દુઃખ ભગવાનને સંભવે નહિ તેમ કહે છે. આથી જ ક્ષુધા-તૃષાને પારિભાષિક દોષરૂપે તે માને છે. તેનું પણ ગ્રંથકારશ્રીએ શાસ્ત્રવચનથી **ગાથા - ૭૫**માં ઉદ્ભાવન કરીને **ગાથા - ૭૬**માં નિરાકરણ કરેલ છે. ત્યાં દિગંબર યુક્તિ આપે છે કે કેવલીને અઘાતી પ્રકૃતિનો પણ દગ્ધરજ્જુ જેવો જ વિપાકોદય હોય છે, તેથી વેદનીયકર્મથી કેવલીને ક્ષુધા-તૃષા લાગી શકે નહિ. તેનું નિરાકરણ શાસ્ત્રવચનોથી અને કર્મની પ્રક્રિયાથી અનેક યુક્તિઓ દ્વારા ગ્રંથકારે કર્યું છે, જેનું વર્ણન કર્મના ઉદયની પ્રક્રિયાનો પણ અને કર્મના ઉદયનો પણ વિશેષ બોધ થાય તે રીતે કરેલ છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે વાત આધ્યાત્મિકોની ચાલતી હતી ત્યાં દિગંબરમતનો પ્રવેશ કેમ થયો? તેથી ગ્રંથકારે સ્વયં **ગાથા - ૭૮**માં બતાવ્યું કે આધ્યાત્મિકો સ્વરસથી દિગંબરશાસ્ત્રને જ પ્રમાણ માને છે અને શ્વેતાંબરશાસ્ત્રો પોતાના વિચાર સાથે સંગત થાય તેટલાં જ સ્વીકારે છે. તેથી જ ગ્રંથકાર આધ્યાત્મિકોને માન્ય અને દિગંબરોને પણ માન્ય એવા તત્ત્વાર્થસૂત્રના "**एकादश जिने**" (અ. ૯, સૂ. ૧૧) એ સૂત્રને ગ્રહણ કરીને કેવલીને ક્ષુધા-તૃષા હોઈ શકે છે તે વાત યુક્તિથી બતાવે છે. અને એ પ્રસંગમાં તત્ત્વાર્થસૂત્રના "**एकादश जिने**" એ સૂત્રને સ્વમાન્યતા સાથે વિરોધ ન આવે તે રીતે સંગતિ કરવા માટે, દિગંબરોએ અત્યાર સુધી જુદા જુદા ગ્રંથોમાં અનેક રીતે સમાધાન કરવા પ્રયત્ન કર્યો છે તે સર્વેનો સંગ્રહ કરીને કઈ રીતે તે સમાધાનો યુક્તિથી રહિત છે, તેનું વ્યાકરણની મર્યાદાથી અને સૂત્રના ક્રમની મર્યાદાથી ખંડન કરેલ છે. તેથી કોઈ વિદ્વાન હોય અને તટસ્થતાથી તેનો વિચાર કરે તો, દિગંબરની આ માન્યતાથી જ તે મત જો તત્ત્વાર્થસૂત્રને માનતો હોય તો સર્વજ્ઞના વચનાનુસાર નથી તેવો પણ નિર્ણય કરી શકે,

તે રીતે સમજાવેલ છે.

વળી દિગંબરોની માન્યતાના ખંડનમાં પદાર્થની વિચારણાની દૃષ્ટિથી ક્ષુધા-તૃષા પ્રત્યે બાહ્ય નિમિત્તો, પર્યાપ્તિ વગેરે કઈ રીતે કારણ છે, તેની પણ સુંદર વિચારણા ગ્રંથકારે કરેલ છે. અને દિગંબર કહે છે કે જેમ મૈથુનની સંજ્ઞાથી જ મૈથુનની પ્રવૃત્તિ થાય છે તેમ આહારસંજ્ઞાથી જ આહારની પ્રવૃત્તિ થાય છે, તેનું ગ્રંથકારે યુક્તિથી નિરાકરણ કર્યું; જેના વર્ણનમાં આહારસંજ્ઞા શું છે, ક્ષુધા પ્રત્યે આહારસંજ્ઞા કઈ રીતે કારણ છે અને કઈ રીતે નથી, તે પદાર્થો યુક્તિથી બતાવેલ છે.

વળી **ગાથા ૭૯-૮૦**માં કેવલીને ક્ષુધા-તૃષા હોય છે, તે સ્થાપન કરવા યુક્તિ બતાવતાં ક્ષુધા પ્રત્યે અશાતાવેદનીય, પર્યાપ્તિઓ અને જઠરાગ્નિ વગેરે કઈ રીતે કારણ છે અને મોહની કારણતા ક્ષુધા પ્રત્યે કઈ રીતે નથી તે પણ સુંદર યુક્તિથી બતાવેલ છે.

વળી જીવમાં તૃષ્ણા કેવી રીતે પેદા થાય છે અને ચાર કારણોથી આહારસંજ્ઞા પ્રગટ થાય છે અને તે ચાર કારણો આગમના પાઠથી યુક્તિપૂર્વક બતાવેલ છે અને તે આહારસંજ્ઞા જ પ્રકર્ષને પામીને તૃષ્ણા કેવી રીતે થાય છે અને આર્તધ્યાનનું કારણ કેવી રીતે બને છે તે વાત **ગાથા - ૮૧**માં બતાવેલ છે.

આહારસંજ્ઞા વગર પણ સાધુની આહારમાં પ્રવૃત્તિ કઈ રીતે થઈ શકે છે અને ચારે સંજ્ઞાઓથી સંયમજીવનમાં નિયમા અતિચાર કઈ રીતે લાગે છે તે વાત **ગાથા - ૮૨**માં યુક્તિથી બતાવેલ છે. જેમ મૈથુનસંજ્ઞાથી જ મૈથુનની પ્રવૃત્તિ થાય તેમ આહારસંજ્ઞાથી જ આહારમાં પ્રવૃત્તિ થાય એ પ્રકારની દિગંબરની યુક્તિનું **ગાથા - ૮૩-૮૪**માં નિરાકરણ કરેલ છે, જેનાથી આહારસંજ્ઞા અને આહારપ્રવૃત્તિ વચ્ચેના ભેદનું યથાર્થ જ્ઞાન વિચારકને થઈ શકે છે.

આહારસંજ્ઞા કઈ રીતે આર્તધ્યાનનું કારણ બને છે તે વાત **ગાથા - ૮૫**માં યુક્તિથી બતાવેલ છે.

આર્તધ્યાનથી જીવને કેવા પરિણામો થાય છે તે **ગાથા - ૮૬**માં બતાવેલ છે.

મોહના ક્ષયને કારણે કેવલીને વેદનીયકર્મના ઉદયથી ઉત્પન્ન થયેલું ક્ષુધાદિ દુઃખ હોઈ શકે નહિ એ પ્રકારની દિગંબરની યુક્તિનું **ગાથા - ૮૭**માં નિરાકરણ કરેલ છે.

વેદનીયકર્મ મોહસાપેક્ષ પોતાનું ફળ આપે છે અને તેથી જ અઘાતી એવી પણ વેદનીય પ્રકૃતિ ઘાતીતુલ્ય છે એ પ્રકારની દિગંબરની યુક્તિઓનું અનેક પ્રકારે સમાલોચન કરીને નિરાકરણ કરેલ છે. અને આ પ્રકારની ચર્ચામાં ખરેખર અઘાતી પ્રકૃતિઓ પણ ઘાતીકર્મ સાથે વિપાકને પામીને ઘાતીસમાન કાર્ય કરે છે અને કેવલીને તે અઘાતી પ્રકૃતિઓ ઘાતીનું કાર્ય કઈ રીતે કરતી નથી તે વાતની વિશેષ વિચારણા **ગાથા - ૮૮**માં બતાવેલ છે.

સુખ એ અનુકૂળ વેદનીય છે અને દુઃખ એ પ્રતિકૂળ વેદનીય છે, તેથી રાગદ્વેષ વગર સુખદુઃખનું વેદન થઈ શકે નહિ આ પ્રકારની યુક્તિથી કેવલીમાં ક્ષુધાના અભાવની સ્થાપક દિગંબરની વિચારણાનું સમાલોચન કરીને **ગાથા - ૮૯**માં નિરાકરણ કરેલ છે.

અધ્રુવ એવા સુખદુઃખના આપાદક કર્મોનો ભોગથી જ ક્ષય થાય છે અને તેનો ભોગ કરવાથી કર્મબંધ થાય છે, માટે કેવલીને અધ્રુવ એવા સુખદુઃખ હોઈ શકે નહિ; એ પ્રકારની દિગંબરની યુક્તિનું નિરાકરણ **ગાથા - ૯૦**માં કરેલ છે.

આત્માના અજ્ઞાનને કારણે થયેલું દુઃખ આત્માના જ્ઞાનથી જ નાશ થાય છે, આવા પ્રકારના વચનને ગ્રહણ કરીને કેવલીને આત્મસાક્ષાત્કાર હોવાથી ક્ષુધા-તૃષાનું દુઃખ સંભવે નહિ; એ પ્રકારની **પ્રવચનસાર**ની યુક્તિનું **ગાથા - ૯૧**માં નિરાકરણ કરેલ છે.

ઇન્દ્રિયથી પેદા થતું સુખ અને અતીન્દ્રિય સુખ એમ સુખને બે ભેદરૂપે બતાવીને અને દુઃખ ઇન્દ્રિયથી જ થાય છે એમ બતાવીને કેવલીને અશાતાનું દુઃખ સંભવે નહિ, એ પ્રકારની **પ્રવચનસાર**ની યુક્તિનું **ગાથા - ૯૨**માં નિરાકરણ કરેલ છે.

અજ્ઞાન અને અરતિજન્ય દુઃખનો કેવલીને અભાવ હોવા છતાં અશાતાવેદનીયથી જન્ય દુઃખનો સંભવ કેવલીમાં કઇ રીતે છે, તે વાત શાસ્ત્રીય દૃષ્ટાંતથી **ગાથા - ૯૩**માં બતાવેલ છે.

શાસ્ત્રમાં દગ્ધરજ્જુ જેવી અઘાતી પ્રકૃતિઓ કેવલીને હોય છે તે વચનનો સ્વમતિ પ્રમાણે અર્થ કરીને કેવલીને ક્ષુધા નથી તેવી દિગંબરની યુક્તિનું નિરાકરણ **ગાથા - ૯૪**માં કરેલ છે, અને તે ચર્ચાથી ખરેખર કેવલીને વર્તતી દગ્ધરજ્જુ જેવી અઘાતી પ્રકૃતિઓ કેવી હોય છે તેનું પણ યથાર્થ જ્ઞાન થાય છે.

કેવલજ્ઞાનને જ જઠરાગ્નિના ઉપતાપના પ્રતિબંધક સ્વીકારીને ભગવાનને ક્ષુધા નથી એ પ્રકારની દિગંબરની યુક્તિનું અનેક તર્કોથી નિરાકરણ **ગાથા - ૯૫**માં કરેલ છે.

ક્ષુધાથી બલહાનિ થતી હોવાને કારણે અનંત વીર્યવાળા એવા કેવલીને ક્ષુધાદિ સંભવે નહિ એ પ્રકારની દિગંબરની યુક્તિનું નિરાકરણ **ગાથા - ૯૬**માં કરેલ છે. તે ચર્ચાથી બલ, વીર્ય, યોગપરિણામ આદિ પદાર્થોનો પારમાર્થિક અર્થભેદ પ્રસ્તુત ગાથામાં પ્રાપ્ત થાય છે.

૫૨પદાર્થોમાં પ્રવૃત્તિ કરવાથી કર્મબંધ થાય છે, અને કેવલીની શરીર આદિની પ્રવૃત્તિ સ્વીકારીએ તો કેવલીને કર્મબંધ માનવાની આપત્તિ આવે, તેથી વાદળાંની જેમ નિર્બીજ કેવલીની પ્રવૃત્તિના સ્વીકારની દિગંબરની યુક્તિનું નિરાકરણ **ગાથા - ૯૭**માં કરેલ છે.

યોગથી જ ક્રિયાના સંભવની અનેક પ્રકારની યુક્તિઓ **ગાથા - ૯૮**માં બતાવેલ છે જેથી યોગ અને ક્રિયા વચ્ચેના ભેદનું જ્ઞાન થાય છે, અને કેવલીની પ્રવૃત્તિ યોગ વગર સંભવે નહિ તેથી નિર્બીજ કેવલીની ક્રિયાની સ્થાપક દિગંબરની યુક્તિઓનું નિરાકરણ **ગાથા - ૯૮**માં થાય છે.

કેવલીને સ્વભાવવાણી સ્વીકારીને ઉપદેશની ક્રિયા હોતી નથી, કેમ કે ઉપદેશની પ્રવૃત્તિ સ્વીકારીએ તો વચનપ્રયોગમાં ઇચ્છાની પ્રાપ્તિ થાય અને કેવલી ઇચ્છા વગરના છે તેમ કહીને, મસ્તકમાંથી સહજ ધ્વનિ ભગવાનને નીકળે છે એ પ્રકારની દિગંબરની માન્યતાનું **ગાથા - ૯૯**માં નિરાકરણ કરેલ છે. આ ચર્ચાથી ભગવાનને રાગ-દ્વેષ નહિ હોવા છતાં ઉપદેશમાં કેમ પ્રવૃત્તિ છે તેનું પણ સમાધાન યુક્તિથી થાય છે.

ભગવાનને વચનપ્રયોગ સ્વીકારવાથી શરીરના શ્રમથી ખેદની ઉદીરણાની પ્રાપ્તિનો દોષ આપીને કેવલીને વચનપ્રયોગની પ્રવૃત્તિ નથી એ પ્રકારની દિગંબરની યુક્તિનું નિરાકરણ **ગાથા - ૧૦૦**માં કરેલ છે.

વગર પ્રયત્ને અપવર્તનાકરણના સંભવની દિગંબરની યુક્તિનું **ગાથા - ૧૦૧**માં નિરાકરણ કરેલ છે. અપવર્તનાકરણ અને નિકાચનાકરણનો વિશદ બોધ પ્રસ્તુત ગાથામાં કરેલ છે અને કર્મના ઉદય, ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ પ્રત્યે દ્રવ્યાદિ પાંચ કારણો કઇ રીતે કારણ છે તે અનેક યુક્તિઓથી સમજાવેલ છે.

કવલાહારથી યોગના દુષ્પ્રણિધાનની દિગંબરની શંકાનું **ગાથા - ૧૦૪-૧૦૫** માં યુક્તિથી નિરાકરણ કરેલ છે, જેમાં અપ્રમત્તમુનિઓને આહારમાં દેશથી પણ પ્રમાદની પ્રાપ્તિ કઇ રીતે થતી નથી અને વીતરાગ નિર્લેપ હોવા છતાં આહારની પ્રવૃત્તિ કેમ કરે છે, તેનું અનેક યુક્તિઓથી સ્પષ્ટીકરણ કરેલ છે.

"આહારકથાથી પણ પ્રમાદ થતો હોય તો આહારની ક્રિયાથી અવશ્ય પ્રમાદ થાય" એ પ્રકારની દિગંબરની યુક્તિનું **ગાથા - ૧૦૬** માં નિરાકરણ કરેલ છે, જેનાથી આહારકથાથી પ્રમાદ થવા છતાં આહારથી પ્રમાદ કઇ રીતે

ન સંભવે તેનો બોધ થાય છે.

"આહારથી નિદ્રા પ્રાપ્ત થતી હોવાથી આહાર અવશ્ય પ્રમાદ પેદા કરે છે, માટે કેવળીને આહાર ન સંભવે" એ પ્રકારની દિગંબરની યુક્તિનું નિરાકરણ **ગાથા - ૧૦૭** માં કરેલ છે; જેમાં આહારની નિદ્રા પ્રત્યે કઈ રીતે કારણતા છે અને કઈ રીતે કારણતા નથી અને નિદ્રા પ્રત્યે દર્શનાવરણીય જ વસ્તુતઃ કારણ છે તેનો યથાર્થ બોધ થાય છે.

"સાધુને અલ્પ આહાર જ ગ્રહણ કરવાની વિધિ હોવાથી આહારથી અવશ્ય પ્રમાદ થાય છે" એ પ્રકારની દિગંબરની યુક્તિનું **ગાથા - ૧૦૮**માં નિરાકરણ કરેલ છે, જેનાથી અલ્પ આહાર અને અલ્પ નિદ્રા કઈ રીતે સંયમમાં ઉપકારક થાય છે તેનો પણ યથાર્થ બોધ થાય છે.

"શાસ્ત્રમાં સંયમીને ૬ કારણોથી આહાર ગ્રહણ કરવાનું કહેલ હોવાથી આહારથી અવશ્ય પ્રમાદ થાય જ છે" એ પ્રકારની દિગંબરની યુક્તિનું **ગાથા - ૧૦૯**માં નિરાકરણ કરેલ છે. જેમાં મૃદુમાર્ગના પાલનરૂપ અપવાદ અને કારણિક અપવાદ વચ્ચેનો ભેદ પણ જણાવેલ છે.

"કેવલીને પાત્ર નહિ હોવાથી કવલાહાર સંભવે નહિ" એ પ્રકારની દિગંબરની યુક્તિનું **ગાથા - ૧૧૦**માં નિરાકરણ કરેલ છે.

"કેવલી આહાર ગ્રહણ કરે તો ધ્યાન અને તપનો વ્યાઘાત થશે" એ પ્રકારની દિગંબરની યુક્તિઓનું અનેક વિકલ્પો દ્વારા **ગાથા - ૧૧૧**માં નિરાકરણ કરેલ છે, જેમાં કેવલીને ક્યારે ધ્યાન હોય છે અને ક્યારે નથી હોતું અને તેઓને તપ પણ ક્યારે હોય છે અને ક્યારે નથી હોતો તેનો બોધ થાય છે. વળી કેવલી સંલેખનાકાળમાં મહિનાના ઉપવાસાદિ કરે તો પણ ક્ષુધાદિ દુઃખની ઉદીરણાની પ્રાપ્તિ થતી નથી, તે વાત યુક્તિથી બતાવેલ છે. જેનાથી વેદનીયકર્મની ઉદીરણા પ્રમાદના ઉદયથી જ થાય છે તે વાતનો સ્પષ્ટ બોધ થાય છે.

"ઔદારિકશરીરની અવસ્થિતિ અને વૃદ્ધિ આહાર વગર સંભવે નહિ, તેથી કેવલીને કવલાહાર અવશ્ય છે" તેનું યુક્તિથી **ગાથા - ૧૧૨**માં સ્થાપન કરેલ છે.

"કેવલીને પરમઔદારિકશરીર હોવાથી આહારની આવશ્યકતા નથી" એ પ્રકારની દિગંબરની યુક્તિનું **ગાથા - ૧૧૩-૧૧૪-૧૧૫-૧૧૬**માં નિરાકરણ કરેલ છે. વળી દિગંબર કેવલીના શરીરને સાત ધાતુરહિત સ્વીકારે છે તે પણ કઈ રીતે યુક્તિથી રહિત છે તેનું સ્થાપન કરેલ છે, જેમાં યોગના માહાત્મ્યથી કેવી લબ્ધિઓ પ્રાપ્ત થાય છે અને તે લબ્ધિઓની પ્રાપ્તિમાં નામકર્મ પણ કઈ રીતે કારણ છે તેનો વિશદ બોધ કરાવેલ છે.

"કેવલીને કવલાહાર સ્વીકારવાથી રસનેન્દ્રિયજન્ય મતિજ્ઞાન સ્વીકારવાની આપત્તિ આવશે" એ પ્રકારની દિગંબરની યુક્તિનું નિરાકરણ **ગાથા - ૧૧૭**માં કરેલ છે. જેનાથી આહારની ક્રિયાથી પણ કેવલીને મતિજ્ઞાન કેમ થતું નથી અને છદ્મસ્થ જીવોને ઇન્દ્રિયોના સંપર્કમાં વિષયોથી અવશ્ય કઈ રીતે મતિજ્ઞાન થાય છે તેનો યથાર્થ બોધ થાય છે. વળી રસનેન્દ્રિયથી આહાર ગ્રહણ કરવામાં છદ્મસ્થોને વ્યંજનાવગ્રહની પ્રાપ્તિ થવા છતાં કેવલીને કઈ રીતે વ્યંજનાવગ્રહની પ્રાપ્તિ થતી નથી તેનું યુક્તિથી સ્પષ્ટીકરણ કરેલ છે, જેનાથી વ્યંજનાવગ્રહ શું ચીજ છે, તેનો સારો એવો બોધ થાય છે.

"કેવલીને કવલાહાર સ્વીકારવાથી ભોજનકાળમાં પરોપકારની હાનિ થશે, વળી આહારથી વ્યાધિ પણ થવાની આપત્તિ આવશે" એ પ્રકારની દિગંબરની યુક્તિનું **ગાથા - ૧૧૯**માં નિરાકરણ કરેલ છે.

કેવલીને કવલાહાર સ્વીકારવાથી જુગુપ્સનીય એવી મલાદિની પ્રવૃત્તિના સ્વીકારની પણ દિગંબર દ્વારા

અપાયેલ આપત્તિનું **ગાથા - ૧૨૦**માં નિરાકરણ કરાયેલ છે.

"ભગવાનને ભુક્તિઅભાવનો જ અતિશય છે" એ પ્રકારે દિગંબર કહે છે, પરંતુ ચોત્રીશ અતિશયમાંથી કોઇ અતિશયમાં તેવો અતિશય પ્રાપ્ત થતો નથી; એ વાત યુક્તિથી **ગાથા - ૧૨૧**માં બતાવેલ છે.

કેવલીને ભુક્તિનો અભાવ દિગંબર સ્વીકારે છે તેના નિરાકરણનો ઉપસંહાર **ગાથા - ૧૨૨**માં કરીને કવલભોજી હોવા છતાં કેવલી કૃતકૃત્ય કેમ છે તે વાત **ગાથા - ૧૨૩**માં બતાવેલ છે. જેનાથી કેવલીનું કૃતકૃત્યપણું, સિદ્ધનું કૃતકૃત્યપણું અને ક્ષાયિક સમ્યગ્દષ્ટિનું કૃતકૃત્યપણું કેવું છે અને તેમાં શું ભેદ છે તેનો બોધ થાય છે.

આ રીતે ગ્રંથકારશ્રી મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ ગાથા - ૭૨ થી ૧૨૩માં આગમ અને યુક્તિપુરસ્સર કેવલીને કવલાહારની સ્થાપના કરેલ છે.

આ વિવરણ કરવામાં છદ્મસ્થતાને કારણે અનાભોગથી ગ્રંથકારશ્રીના આશય વિરુદ્ધ કાંઇપણ લખાયું હોય તે બદલ મિચ્છા મિ દુક્કડં.

પ્રવીણચંદ્ર ખીમજી મોતા.

વિ. સં. ૨૦૫૭, ચૈત્ર વદ - ૯.
મંગળવાર, તા. ૧૭-૪-૨૦૦૧.
૩૦૨, વિમલ વિહાર, સરસ્વતી સોસાયટી,
પાલડી. અમદાવાદ - ૭.

પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ.પૂ.આ.શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થી તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાયકતા મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે. ઘણા સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યા છે, શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યા છે, પરંતુ કામ સમય માંગી લે તેમ છે. દરમ્યાન શ્રીસંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષો તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિરાજ શ્રી મોહજિતવિજયજી મ.સા. તથા પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ.સા.નાં અપાયેલાં જુદા જુદા વિષયો પરનાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઇ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોના વિષયો અંગેનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મૂળ લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વ જિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી ઉપર્યુક્ત વિનંતી લક્ષ્યમાં રાખીને પ્રધાન કાર્ય જ્યાં સુધી બહાર ન આવે ત્યાં સુધી કામચલાઉ ધોરણે પૂરક પ્રવૃત્તિ તરીકે સ્વીકારવામાં આવ્યું છે.

તત્ત્વ જિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યક્‌જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે તેવી આશા સહિત-

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટી ગણ
ગીતાર્થ ગંગા

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

વિસ્તૃત અનુક્રમણિકા

ગાથા	વિષય	પૃષ્ઠ
૭૨	દિગંબરના મતે કૃતકૃત્ય કેવલીને ક્ષુધા તૃષાનો અભાવ.	૩૬૫
	દેવનું લક્ષણ, આપ્તત્વનું સ્વરૂપ.	૩૬૫-૩૬૬
	દિગંબરના મતે દેવના લક્ષણનું ઉદ્ધરણ.	૩૬૫-૩૬૬
	દિગંબરના મતે ભગવાનમાં ન વર્તતા અઢાર દોષોના નામો.	૩૬૫-૩૬૬
	કેવલીમાં કવલભોજિત્વની અભાવસાધક દિગંબરની યુક્તિ.	૩૬૫-૩૬૬
૭૩-૭૪	અઢાર દોષમાં ક્ષુધા-તૃષાને ગ્રહણ કરીને ભગવાનમાં અઢાર દોષ કહેનાર દિગંબરની યુક્તિનું નિરાકરણ.	૩૬૭
	ક્ષુધા-તૃષાને ક્ષાયિક સુખમાં પ્રતિબંધક માનીને કેવલીને ક્ષુધા-તૃષાના અભાવની સ્થાપક દિગંબરની યુક્તિનું નિરાકરણ.	૩૬૭
	કેવલજ્ઞાનના પ્રતિબંધકનું સ્વરૂપ.	૩૬૮
	કેવલજ્ઞાનના પ્રતિબંધક અઢાર દોષોનું ઉદ્ધરણ.	૩૬૮
	કેવલજ્ઞાન, કેવલદર્શન, ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક ચારિત્ર અને દાનાદિ લબ્ધિપંચકના પ્રતિબંધક દોષનું વિધાન.	૩૬૮-૩૬૯
	કેવલીમાં ક્ષુધા-પિપાસામાં દિગંબરને અભિમત દોષના નિરાકરણની યુક્તિ.	૩૬૮-૩૬૯
	દિગંબરને અભિમત ક્ષાયિક જ્ઞાન અને ક્ષાયિક ચારિત્રમાં પ્રતિબંધક ક્ષુધા-પિપાસાના કથનનું નિરાકરણ.	૩૬૮-૩૬૯
	દિગંબરને અભિમત ક્ષુધાદિમાં આર્તધ્યાનના હેતુનું નિરાકરણ.	૩૭૦
	પાપપ્રકૃતિ હોવાને કારણે ક્ષુધા-તૃષાને અઢાર દોષમાં સ્વીકારની દિગંબરની યુક્તિનું નિરાકરણ.	૩૭૦-૩૭૧
	દૃષ્ટાંતથી કેવલીમાં ક્ષુધા આદિને દોષરૂપે સિદ્ધ કરવામાં દિગંબરની યુક્તિનું નિરાકરણ.	૩૭૧
	દિગંબરને અભિમત કેવલીમાં ક્ષુધા આદિ દોષનું અને અઢાર દોષનું નિરાકરણ.	૩૭૨-૩૭૩
૭૫	ક્ષુધા-તૃષામાં પારિભાષિક દોષત્વના સ્વીકારની દિગંબરની યુક્તિનું નિરાકરણ.	૩૭૪
	દિગંબરના મતે કેવલીને ક્ષાયિક સુખના કારણે ક્ષુધા-તૃષાના દુઃખના અભાવનું વિધાન.	૩૭૪
૭૬	કેવલીમાં ક્ષાયિક સુખની અભાવસાધક યુક્તિ.	૩૭૪-૩૭૫
	કેવલીમાં ક્ષાયિક સુખની સાધક દિગંબરની યુક્તિનું નિરાકરણ.	૩૭૫-૩૭૬
	સુષુપ્તિમાં ક્ષાયિક સુખના અભાવની સ્થાપક યુક્તિપૂર્વક કેવલીમાં ક્ષાયિક સુખની સ્થાપક દિગંબરની યુક્તિનું નિરાકરણ.	૩૭૫-૩૭૭
	'तद्धेतोः...न्याय' સંબંધિ કથન.	૩૭૬-૩૭૭
	યુક્તિ અને આગમથી કેવલીમાં ક્ષાયિક સુખના અભાવની સિદ્ધિ.	૩૭૮
૭૭	તીર્થંકરને પ્રશસ્ત કર્મપ્રકૃતિના વિપાકોદયનું કથન, ઉદ્ધરણ પૂર્વક.	૩૭૮-૩૭૯
	તીર્થંકરમાં અનુત્તર પ્રશસ્ત પ્રકૃતિ અને મંદ અપ્રશસ્ત પ્રકૃતિનું વિધાન.	૩૭૯
	તીર્થંકરમાં ઔદયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક અને ક્ષાયિક ભાવોની અન્ય કેવલી કરતાં અતિશયતા અને તેનું સ્વરૂપ.	૩૭૯-૩૮૧
	મોહના ક્ષયથી ક્ષાયિક સુખમાં દિગંબરમતનું નિરાકરણ.	૩૮૦-૩૮૨
૭૮	ક્ષાયિક સુખની પ્રતિકૂળ ક્ષુધા-તૃષાની સ્થાપક શાસ્ત્રયુક્તિ.	૩૮૩
	જિનમાં પરિષહોનું કથન, ઉદ્ધરણપૂર્વક.	૩૮૩-૩૮૪
	'एकादश जिने' એ પ્રકારના તત્ત્વાર્થસૂત્રનો અન્ય અન્ય રીતે અર્થ કરીને કેવલીમાં ક્ષુધા-તૃષાના અભાવની યુક્તિનું નિરાકરણ.	૩૮૪-૩૮૯
	દિગંબરની કેવલીના કવલાહારના નિરાકરણની યુક્તિ.	૩૮૯-૩૯૦
	કેવલીમાં ક્ષુધા-તૃષા આદિ છાયારૂપ પરિષહોનું વિધાન કરીને વેદનીયકર્મ કેવલીને ક્ષુધા-તૃષા પેદા કરવા અસમર્થ- એ પ્રકારની દિગંબરની યુક્તિનું નિરાકરણ.	૩૮૯-૩૯૦
	ક્ષુધા-તૃષાના અંતરંગ કારણનું સ્વરૂપ, ઉદ્ધરણ પૂર્વક.	૩૮૯-૩૯૦
૭૯	ક્ષુધા-તૃષામાં કારણભૂત કર્મોનું સ્વરૂપ.	૩૯૦-૩૯૨
	કેવલીમાં ક્ષુધા-તૃષાની સ્થાપક યુક્તિ, જઠરાગ્નિ પ્રત્યે કારણભૂત કર્મોનું સ્વરૂપ.	૩૯૩
	ક્ષુધા-તૃષા પ્રત્યે અશાતાવેદનીય અને આહારપર્યાપ્તિની હેતુતાનું સ્વરૂપ, ક્ષુધા-તૃષા પ્રત્યે	

ગાથા	વિષય	પૃષ્ઠ
	મોહનીયકર્મની અનુપયોગિતા.	૩૯૩-૩૯૪
૮૦	દિગંબરને અભિમત ક્ષુધા-તૃષામાં મોહોદયજન્યતાની સ્થાપક યુક્તિ અને તેનું નિરાકરણ.	૩૯૪-૩૯૬
	દિગંબરને અભિમત દુઃખમાં મોહકાર્યત્વનું નિરાકરણ.	૩૯૭-૩૯૮
૮૧	તૃષાની ઉત્પત્તિનું સ્વરૂપ.	૩૯૮
	ક્ષુધાવેદનીયના ઉદયથી થયેલા આત્મપરિણામને આહારસંજ્ઞારૂપે કહેનાર આવશ્યકવૃત્તિના વચનનું તાત્પર્ય.	૩૯૮-૩૯૯
	સંજ્ઞાના સ્વરૂપનું ઉદ્ધરણ.	૩૯૮
	આહારસંજ્ઞાની ઉત્પત્તિમાં ચાર કારણોનું વિધાન, ઉદ્ધરણ પૂર્વક.	૩૯૮-૩૯૯
	આહારસંજ્ઞાના પ્રકર્ષમાં તૃષ્ણાનું વિધાન.	૩૯૮-૪૦૦
	આર્તધ્યાન વિશેષનું સ્વરૂપ.	૩૯૮-૪૦૦
૮૨	સુસાધુને આહારસંજ્ઞા વિના જ આહારાદિની પ્રવૃત્તિનું વિધાન.	૪૦૧
	આહારસંજ્ઞાની ઉત્પત્તિનું કારણ.	૪૦૧
	સંયમીની આહારપ્રવૃત્તિનું સ્વરૂપ.	૪૦૧
	ચાર સંજ્ઞામાં સંયમના અતિચારનું વિધાન, ઉદ્ધરણપૂર્વક.	૪૦૧-૪૦૨
	આહારસંજ્ઞામાં એકાંતે અપ્રશસ્તતાની યુક્તિ.	૪૦૨-૪૦૩
	નિરતિચાર ચારિત્રવાળાને આહારસંજ્ઞા વગર આહારમાં પ્રવૃત્તિ.	૪૦૨-૪૦૩
૮૩	મૈથુનની જેમ આહારને પણ આહારસંજ્ઞાથી સ્વીકારની દિગંબરની યુક્તિનું નિરાકરણ.	૪૦૪-૪૦૫
૮૪	કેવલીને કૈવલ્યસ્વભાવથી ઉચિત પ્રવૃત્તિનું વિધાન.	૪૦૫-૪૦૬
	મૈથુનસંજ્ઞા અને આહારસંજ્ઞાની તુલનાત્મક સમીક્ષા.	૪૦૬
	આહારની પ્રવૃત્તિ અને અબ્રહ્મની પ્રવૃત્તિ વચ્ચનો ભેદ.	૪૦૬
	મૈથુનસંજ્ઞા વિના અબ્રહ્મના અસંભવનું વિધાન.	૪૦૭
૮૫	આહારસંજ્ઞાથી આર્તધ્યાનની નિષ્પત્તિ.	૪૦૮
	આહારસંજ્ઞા અને આર્તધ્યાનનું સ્વરૂપ.	૪૦૮-૪૦૯
	પ્રશસ્ત ચિત્તવૃત્તિથી ભોજનમાં વર્તતા મુનિને આર્તધ્યાનના અભાવનું ઉદ્ધરણ.	૪૦૮-૪૦૯
	સંયમીને પણ રાગાદિ પરવશદશામાં આહારસંજ્ઞાના સંભવનું વિધાન.	૪૦૯
૮૬	આહારની ઇચ્છાનું ફળ.	૪૧૦
	સંસારી જીવોને મોહને કારણે આહારસંજ્ઞાથી ઉત્પન્ન થતાં આર્તધ્યાન, રતિમોહનીય, અરતિમોહનીય આદિનું સ્વરૂપ, આહારસંજ્ઞાદિને કારણે સંસારી જીવોને પારમાર્થિક સુખનો અભાવ.	૪૧૦
૮૭	પારમાર્થિક સુખનું સ્વરૂપ.	૪૧૦-૪૧૧
	મોહક્ષયથી ઉત્પન્ન થનારા સુખનું સ્વરૂપ.	૪૧૧
	સુખનું લક્ષણ, પારમાર્થિક સુખનું સ્વરૂપ.	૪૧૧-૪૧૨
	પૂર્ણ સુખનું સ્વરૂપ.	૪૧૧-૪૧૨
	મોહક્ષયથી થનારા સુખનું સ્વરૂપ.	૪૧૨-૪૧૩
	કેવલીમાં ક્ષુધા-તૃષા આદિની સ્થાપક યુક્તિ.	૪૧૨-૪૧૪
૮૮	દિગંબરને અભિમત વેદનીયકર્મની મોહસાપેક્ષતાનું નિરાકરણ.	૪૧૪
	વેદનીયકર્મને ઘાતીરૂપે સ્વીકારની દિગંબરની યુક્તિનું નિરાકરણ.	૪૧૪-૪૨૦
	મોહના સાંનિધ્યમાં સર્વ અઘાતી પ્રકૃતિઓના ઘાતીતુલ્ય કાર્યનું સ્વરૂપ.	૪૧૫-૪૧૬
	કર્મોમાં સજાતીય અન્ય પ્રકૃતિના કાર્યને આધીન સ્વફળના પ્રકર્ષના સામર્થ્યનું વિધાન.	૪૧૮-૪૧૯
	આઠ કર્મોથી સિદ્ધના ગુણોના પ્રતિપંથી દોષોની પ્રાપ્તિ, ઉદ્ધરણપૂર્વક.	૪૧૯-૪૨૦
	ક્ષુધા પરાવેદનાના વિધાનનું ઉદ્ધરણ.	૪૧૯-૪૨૦
	લૌકિક દૃષ્ટિએ દેવનું સ્વરૂપ.	૪૧૯-૪૨૦
૮૯	સુખ અને દુઃખનું લક્ષણ.	૪૨૦-૪૨૧
	વ્યવહારનયને અભિમત સુખ-દુઃખના લક્ષણમાં અનેકાંતનું વિધાન.	૪૨૧

ગાથા	વિષય	પૃષ્ઠ
	વ્યવહારનયને અભિમત સુખ-દુઃખના લક્ષણને ઉપલક્ષણરૂપે સ્વીકારની નિશ્ચયનયની યુક્તિ.	૪૨૧-૪૨૩
	અપ્રમત્ત યતિનું સ્વરૂપ.	૪૨૧-૪૨૨
	નિશ્ચયનયથી સુખ-દુઃખનું લક્ષણ, નિશ્ચયનયથી સુખ-દુઃખની કેવલીમાં પણ સંભવની યુક્તિ.	૪૨૨
૯૦	ભૌતિક સુખ-દુઃખના ભોગવટામાં અવશ્ય કર્મબંધ, એટલે કેવલીને તેનો અભાવ છે એ પ્રકારે દિગંબરનું વક્તવ્ય.	૪૨૩-૪૨૪
	કેવલીમાં અધ્રુવ સુખ-દુઃખની અભાવસાધક પૂર્વપક્ષની યુક્તિનું નિરાકરણ.	૪૨૪-૪૨૫
	કર્મોદયપ્રભવ સુખ-દુઃખનો ભોગથી જ ક્ષય.	૪૨૪-૪૨૫
	ભોગનું લક્ષણ.	૪૨૪-૪૨૫
	સુખ-દુઃખનો ભોગવટો મોહવ્યાપ્ત છે, એ પ્રકારની દિગંબરની માન્યતાનું નિરાકરણ.	૪૨૬
૯૧	કેવલીમાં દુઃખના અભાવસાધક પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ.	૪૨૬-૪૨૭
	જ્ઞાનાવરણીયના ક્ષયદ્વારા પ્રાપ્ત કેવલજ્ઞાનથી અપૃથક્‌ભૂત સુખનું વિધાન.	૪૨૭
	કેવલીમાં અજ્ઞાનકૃત દુઃખનો અભાવ હોવા છતાં સકલ દુઃખક્ષયમાં અપ્રમાણની સાધક યુક્તિ.	૪૨૭-૪૨૮
	કેવલજ્ઞાનના સુખનું સ્વરૂપ.	૪૨૭-૪૨૮
	કેવલીમાં અવ્યાબાધ સુખસ્થાપક પ્રવચનસારનું ઉદ્ધરણ.	૪૨૭-૪૨૯
૯૨	કેવલીમાં અત્યંત દુઃખાભાવ સાધક દિગંબરની યુક્તિ.	૪૨૯-૪૩૦
	અતીન્દ્રિય સુખનું સ્વરૂપ.	૪૨૯
	ઇન્દ્રિયોથી શાતા-અશાતાના સુખ-દુઃખના ઉદ્‌ભવને સ્વીકારનાર પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ.	૪૩૦
	કેવલીમાં અજ્ઞાન અને મોહજન્ય દુઃખનો અભાવ હોવા છતાં ક્ષુધા આદિ અનિષ્ટ વિષયના સંપર્કજન્ય દુઃખના સંભવની યુક્તિ.	૪૩૦-૪૩૧
	કેવલીમાં રમ્યવિષયનાં સંસર્ગજન્ય સુખનો અભાવ, દુઃખના કારણથી દ્વેષની ઉત્પત્તિ વગર જ દુઃખનો ઉદ્‌ભવ.	૪૩૦-૪૩૧
	કેવલીમાં ઔદયિક સુખ-દુઃખના અભાવસ્થાપક પૂર્વપક્ષની યુક્તિનું નિરાકરણ.	૪૩૧-૪૩૪
૯૩	કેવલીમાં અલ્પદુઃખની સ્થાપક યુક્તિ.	૪૩૪
	કેવલીને અજ્ઞાન-અરતિજન્ય દુઃખનો અભાવ હોવાને કારણે ઉપસર્ગાદિ કાળમાં પણ અલ્પદુઃખનો જ સ્વીકાર.	૪૩૪-૪૩૫
	ભાવિત અણારોને વિશિષ્ટ અંતરંગ સુખનો સ્વીકાર.	૪૩૫
૯૪	કેવલીને કવલાહાર અયોગ્ય વેદનીયકર્મ સ્વીકારની દિગંબરની યુક્તિનું નિરાકરણ.	૪૩૬
	કેવલીને દગ્ધરજ્જુસ્થાનીય વેદનીયના પૂર્વપક્ષના કથનનું નિરાકરણ, ઉદ્ધરણપૂર્વક.	૪૩૬-૪૩૭
	અંતર્મુહૂર્તે શાતા-અશાતાના ઉદયનું પરાવર્તન.	૪૩૬-૪૩૮
	ગુણસ્થાનક-ક્રમારોહમાં કેવલીમાં ૮૫ પ્રકૃતિઓને જીર્ણવસ્ત્રતુલ્ય સ્વીકારનું તાત્પર્ય.	૪૩૮-૪૩૯
	આવશ્યકવૃત્તિમાં કેવલીના અઘાતીકર્મોને દગ્ધરજ્જુરૂપે સ્વીકારનું વિશેષ તાત્પર્ય.	૪૩૮-૪૩૯
	અપૂર્વકરણમાં પાપપ્રકૃતિઓનો રસઘાત હોવાને કારણે કેવલીમાં ક્ષુધાઆપાદક પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ.	૪૪૦-૪૪૧
	દિગંબરમતે પરાઘાતનામકર્મના ઉદયથી પરને મારવાની ક્રિયાની પ્રાપ્તિ.	૪૪૦-૪૪૧
	કેવલીમાં મંદવિપાકવાળી અશાતા હોવાને કારણે તજજન્ય આકુલતાને સ્વીકારીને ક્ષુધાજનક રસના અસ્વીકારમી દિગંબરની યુક્તિનું નિરાકરણ, મોહને આધીન પરાઘાતનામકર્મના ઉદયથી પરને મારવાની ક્રિયા.	૪૪૧-૪૪૨
	કેવલીમાં આરંભ-સંરંભ-સમારંભના ઔપચારિકપણાનું વિધાન, પ્રશમરતિના પાઠના અવલંબનથી ઔપચારિક ક્ષુધા-તૃષાના સ્વીકારની કોઇકની યુક્તિનુ નિરાકરણ.	૪૪૨-૪૪૩
	ઉદીરણાના અભાવને કારણે કેવલીમાં અશાતા વેદનીયને દગ્દરજ્જુ સ્વીકારની કોઇકની યુક્તિનું નિરાકરણ.	૪૪૩-૪૪૪
	ગુણોની પ્રાપ્તિ વખતે થતી ગુણશ્રેણિમાં સ્થિતિઘાત આદિથી ઘણી પાપપ્રકૃતિઓનો ઉદયાવલિકામાં પ્રક્ષેપ હોવા છતાં તજજન્ય પીડાનો અભાવ.	૪૪૩-૪૪૪
	ફળની પ્રાપ્તિમાં રસવિશેષની જ કારણતા અને દલિકોના જથ્થાની અકારણતાની સ્થાપક યુક્તિ.	૪૪૩-૪૪૪
	કેવલીમાં પાપપ્રકૃતિઓના દગ્ધરજ્જુસ્થાનિકપણાનું અન્યમતે સ્વરૂપ.	૪૪૪-૪૪૫
	પ્રબળ પુણ્યથી પાપપ્રકૃતિઓના અભિભવને સ્વીકારીને કેવલીને ક્ષુધાના અભાવની સ્થાપક યુક્તિનું નિરાકરણ.	૪૪૪-૪૪૫
	દેવતાઓની જેમ ભગવાનને પણ ક્ષુધાજનક વેદનીયના અભાવની દિગંબરની યુક્તિનું નિરાકરણ.	૪૪૫-૪૪૬
	તથાવિધ આહારપર્યાપ્તિ અને ક્ષુધા-તૃષાવેદનીયના ઉદયથી ક્ષુધા-તૃષાની પ્રાપ્તિ.	૪૪૫-૪૪૬

ગાથા	વિષય	પૃષ્ઠ
૯૫	ક્ષુધા આદિના પ્રતિબંધકરૂપે કેવલજ્ઞાનને કહેનાર પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ.	૪૪૬-૪૫૦
	વેદનીયકર્મક્ષયજન્ય લબ્ધિનો જ ક્ષુધા આદિના પ્રતિબંધકરૂપે સ્વીકાર.	૪૫૦
૯૬	અનંતવીર્યવાળાને ક્ષુધાના અભાવની પૂર્વપક્ષની યુક્તિનું નિરાકરણ.	૪૫૦-૪૫૧
	બલ અને વીર્યના ભેદનું સ્વરૂપ.	૪૫૧
	શરીરનામકર્મ પરિણતિ વિશેષરૂપે યોગપરિણામસ્વરૂપ બળનો સ્વીકાર યુક્તિપૂર્વક, યોગના સ્વરૂપનું ઉદ્ધરણ.	૪૫૧-૪૫૨
	ક્ષાયિકબળનું સ્વરૂપ, શરીરનામકર્મના ક્ષયથી ઉત્પન્ન થતા ક્ષાયિકબળનો પરમ નિશ્ચલતારૂપ ચારિત્રથી અપૃથગ્રૂપે સ્વીકાર.	૪૫૨-૪૫૪
	સિદ્ધાંતકારના મતે ક્ષાયિકબળનો પણ સાદિસાંતરૂપે સ્વીકાર.	૪૫૩-૪૫૪
૯૭	બાહ્ય પ્રવૃત્ત્યાત્મક ક્રિયાથી કર્મબંધને સ્વીકારીને કેવલીમાં દિગંબરમતે ક્રિયાનો અભાવ.	૪૫૪-૪૫૫
	ક્રિયાનું લક્ષણ, દિગંબરમતે બંધના કારણનું સ્વરૂપ, ઉદ્ધરણપૂર્વક.	૪૫૫-૪૫૬
	દિગંબરમતે ક્રિયાનો મોહજન્યરૂપે સ્વીકાર.	૪૫૫-૪૫૬
	દિગંબરમતે કેવલીના સ્વરૂપનું ઉદ્ધરણ.	૪૫૫-૪૫૬
	કેવલીની નિર્બીજ ક્રિયાની સ્થાપક પૂર્વપક્ષની યુક્તિ.	૪૫૫-૪૫૬
	કેવલીને પ્રયત્ન વગર સ્વભાવથી જ ઉપદેશાદિની ક્રિયાની દિગંબરની યુક્તિ, ઉદ્ધરણ પૂર્વક.	૪૫૭-૪૫૮
	કેવલીમાં પુણ્યવિપાકને અકિંચિત્કરરૂપે સ્વીકારની દિગંબરની યુક્તિ, ઉદ્ધરણપૂર્વક.	૪૫૮-૪૫૯
	કેવલીની ઔદયિકી પણ ક્રિયામાં ક્ષાયિકપણારૂપે પૂર્વપક્ષીની પરિભાષા.	૪૫૮-૪૫૯
૯૮	સ્વભાવથી કેવલીમાં ક્રિયા માનનાર દિગંબરના મતનું નિરાકરણ.	૪૫૯-૪૬૦
	કાયપ્રયત્નાદિ વગર સ્વભાવથી જ કેવલીને ઊભા રહેવાની બેસવા આદિ ક્રિયાની સ્થાપક દિગંબરની યુક્તિનું નિરાકરણ.	૪૬૦-૪૬૫
	કેવલીની સ્વભાવથી ક્રિયા સ્વીકારવાના કારણે બૌદ્ધમતમાં પ્રવેશની દિગંબરને આપત્તિ.	૪૬૦-૪૬૧
	કેવલીના કેવલજ્ઞાનમાં જે પ્રમાણે દેખાય છે તે પ્રમાણે જ સ્વભાવથી જ કેવલીને ક્રિયાના સ્વીકારની દિગંબરની યુક્તિનું નિરાકરણ.	૪૬૨-૪૬૫
	જગતમાં કાર્ય પ્રત્યે કેવલીના કેવલજ્ઞાનને અકારણરૂપે અને અન્વય-વ્યતિરેકવાળી સામગ્રીને કારણરૂપે સ્વીકારની યુક્તિ.	૪૬૨-૪૬૫
	અદૃષ્ટ એવા કર્મ અને કેવલીના સ્વભાવથી જ કેવલીને બેસવા, ઊભા રહેવા આદિ ક્રિયાના સ્વીકારની પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ, ઇચ્છા વિના કેવલીસમુદ્‌ઘાતની પ્રવૃત્તિનું ઉદ્ધરણ, કેવલીસમુદ્‌ઘાતનું સ્વરૂપ.	૪૬૬-૪૬૭
	પ્રયત્ન વગર જ કેવલીસમુદ્‌ઘાતના સ્વીકારની દિગંબરની યુક્તિનું નિરાકરણ, પ્રાયોગિક ક્રિયા અને વૈસસ્રિક ક્રિયા વચ્ચેનો ભેદ.	૪૬૮
૯૯	બાહ્ય પ્રવૃત્તિમાં પ્રયત્ન કરવાથી કર્મબંધની પ્રાપ્તિ સ્વીકારીને કેવલીને પ્રયત્ન વગર જ ધ્વનિરૂપે ઉપદેશની સ્થાપક દિગંબરની યુક્તિનું નિરાકરણ.	૪૬૯-૪૭૦
	દિગંબરને અભિમત કેવલીમાં સ્વભાવરૂપે વાણીનું નિરાકરણ.	૪૭૦
	ભગવાનની વાણીમાં દ્રવ્યશ્રુતપણાનું સ્વરૂપ, ઉદ્ધરણપૂર્વક.	૪૭૧-૪૭૨
	ભગવાનને શ્રુતજ્ઞાન નહિ હોવાથી વચનઉલ્લેખસ્વરૂપ વાણીના અસંભવની દિગંબરની યુક્તિનું નિરાકરણ.	૪૭૧-૪૭૨
	રાગાદિ રહિત સ્વભાવથી જ ભગવાનના ઉપદેશની યુક્તિ.	૪૭૨-૪૭૩
	પરના અનુગ્રહની ઇચ્છાથી ભગવાનના ઉપદેશની પ્રવૃત્તિના અભાવની યુક્તિ, ભગવાનની ઉપદેશની પ્રવૃત્તિના પ્રયોજનનું ઉદ્ધરણ.	૪૭૩-૪૭૪
	દિગંબરને અભિમત કેવલીમાં એકાંતે કૃતકૃત્યપણાના કથનનું નિરાકરણ, ભગવાનની દેશનાનું પ્રયોજન, ઉદ્ધરણપૂર્વક.	૪૭૪-૪૭૫
	કેવલીને દેશનાનું પ્રયોજન, જ્ઞાનદાનના અભ્યાસ આદિથી થયેલ નિકાચિત પુણ્યપ્રકૃતિવિશેષથી કેવલીની ઉપદેશની પ્રવૃત્તિ.	૪૭૪-૪૭૫
	જીવવિપાકી પ્રકૃતિનું પણ કથંચિત્ પુદ્‌ગલવિપાકીપણા તરીકે વિધાન.	૪૭૫-૪૭૬
	દેશકૃતકૃત્યત્વનું સ્વરૂપ, અનુગ્રહની બુદ્ધિ વગર ભગવાનમાં ઉપદેશની પ્રવૃત્તિનું પ્રયોજન.	૪૭૫-૪૭૭

ગાથા	વિષય	પૃષ્ઠ
	સ્વભાવથી જ ભગવાનની ઉપદેશની પ્રવૃત્તિના કથનનું ઉદ્ધરણ.	૪૭૫-૪૭૮
	ભગવાનની ઉપદેશની પ્રવૃત્તિના હેતુનું સ્વરૂપ, ભગવાનને સામાયિકના પરિણામથી જ ઉચિતપ્રવૃત્તિરૂપે ઉપદેશની પ્રવૃત્તિ.	૪૭૮-૪૮૦
	ઇચ્છાપૂર્વક 'ભવનશીલ' ઉચિતપ્રવૃત્તિ અને ઇચ્છા વગર સામાયિકના પરિણામથી અપ્રમત્ત મુનિને 'ભવન્તિ' ઉચિતપ્રવૃત્તિ.	૪૭૮-૪૮૦
	સામાયિકમાં ઉચિતપ્રવૃત્તિના કથનનું ઉદ્ધરણ, સામાયિકનું લક્ષણ.	૪૭૮-૪૮૦
	ભગવાનને સામાયિકના પરિણામથી ઉચિતપ્રવૃત્તિ સ્વીકારવાથી ઉચિતપ્રવૃત્તિ પ્રત્યે અભિષ્વંગનો અભાવ, પ્રશસ્ત રાગને પૃથક્ કારણરૂપે સ્વીકારની પ્રાપ્તિ હોવાથી ગૌરવદોષ બતાવીને ઉચિતપ્રવૃત્તિ પ્રત્યે એક પ્રશસ્ત રાગને કારણરૂપે સ્વીકારની દિગંબરની યુક્તિનું નિરાકરણ, પ્રમત્તગુણસ્થાનક સુધી પ્રશસ્તરાગથી ઉચિતપ્રવૃત્તિ અને અપ્રમત્તગુણસ્થાનકથી સયોગીકેવલીગુણસ્થાનક સુધી અભિષ્વંગના અભાવને કારણે ઉચિતપ્રવૃત્તિ	૪૮૦-૪૮૨
	અપ્રમત્ત યતિને ઉચિતપ્રવૃત્તિના સંભવની યુક્તિ, અપ્રમત્તગુણસ્થાનકથી અયોગીકેવલીગુણસ્થાનક સુધી યોગદુષ્પ્રણિધાન સ્વરૂપ પ્રમાદનો અભાવ અને ઉચિતપ્રવૃત્તિને અનુરૂપ સુપ્રણિધાનની પ્રાપ્તિ.	૪૮૦-૪૮૨
૧૦૦	કેવલીને ઉપદેશથી કાયકૃત ખેદની ઉદીરણાની દિગંબર દ્વારા અપાયેલી આપત્તિ અને તેનું નિરાકરણ.	૪૮૨
	કેવલીને ક્ષાયિક સુખ માનવામાં દિગંબરની યુક્તિ.	૪૮૨-૪૮૩
	ઉદીરણાકરણનું લક્ષણ.	૪૮૨-૪૮૩
૧૦૧	દિગંબરને અભિમત ઉદીરણાનું લક્ષણ.	૪૮૪
	જીવના પ્રયત્નથી જ ઉદીરણાકરણ આદિના સંભવની યુક્તિ.	૪૮૪
	સ્વભાવથી જ અપવર્તનાકરણને માનનાર દિગંબરમતનું નિરાકરણ.	૪૮૫-૪૮૬
	કર્મના ધ્વંસને જ અપવર્તનરૂપે સ્વીકારની પૂર્વપક્ષીની યુક્તિ.	૪૮૬-૪૮૭
	સ્થિતિની અપવર્તનાનું પૂર્વપક્ષી દ્વારા નિરાકરણ, પૂર્વપક્ષીને અભિમત કર્મના ધ્વંસસ્વરૂપ અપવર્તનાનું નિરાકરણ.	૪૮૫-૪૮૯
	કર્મનું વિપાકરૂપે કે પ્રદેશરૂપે અવશ્ય અનુભવના વિધાનનું ઉદ્ધરણ.	૪૮૫-૪૮૮
	આહારના ભોગમાં અને કર્મના ભોગમાં વિશેષતા બતાવનાર યુક્તિ-પૂર્વપક્ષ, કર્મના પ્રદેશભોગનું અને વિપાકભોગનું સ્વરૂપ, કર્મના ભોગમાં અને આહારના ભોગમાં સામ્યને દર્શાવનાર સિદ્ધાંતકારની યુક્તિ, કર્મના નાશનું સ્વરૂપ, કર્મના ભોગમાં એકાંત-અનેકાંતનું સ્વરૂપ ઉદ્ધરણપૂર્વક.	૪૮૯-૪૯૧
	સ્થિતિને કાળ સાથે સંબંધ સ્વીકારની દિગંબરની યુક્તિનું નિરાકરણ, કર્મપરમાણુમાં સ્થિતિ નામના અતિરિક્ત પર્યાયની સ્થાપક યુક્તિ, સ્થિતિની અપવર્તનાનું સ્વરૂપ.	૪૯૧-૪૯૩
	કર્મબંધથી અતિરિક્ત સ્થિતિબંધના અસ્વીકારની પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ.	૪૯૩-૪૯૪
	પૂર્વપક્ષને અભિમત કર્મની સ્થિતિનું સ્વરૂપ, કર્મની સ્થિતિમાં નયવિશેષની દૃષ્ટિ.	૪૯૪-૪૯૫
	કર્મના સ્થિતિબંધને અનુકૂળ પરિણામનું સ્વરૂપ ઉદ્ધરણપૂર્વક, અપવર્તનાનું સ્વરૂપ.	૪૯૫-૪૯૬
	અપવર્તનાકરણમાં ખંડસ્થિતિનું સ્વરૂપ, સામાન્યથી અનિકાચિતમાં અને વિશેષથી નિકાચિતમાં અપવર્તના કરવાનું વિધાન, ઉદ્ધરણ સહિત.	૪૯૬
	એકાંત ભોગથી જ નિકાચિતકર્મના ક્ષયના સ્વીકારની પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ, ઉપશમનાકરણ આદિને અયોગ્ય નિકાચિતકર્મ હોવા છતાં ક્ષપકશ્રેણિમાં નિકાચિતકર્મને પણ અપવર્તનાકરણ આદિની પ્રાપ્તિ, નિકાચનાકરણનું સ્વરૂપ, નિકાચિતકર્મના નાશને અનુકૂળ અધ્યવસાયનું સ્વરૂપ, નિરતિચાર ચારિત્રનું સ્વરૂપ.	૪૯૬-૪૯૮
	નિકાચિતકર્મના નાશને અનુકૂળ અધ્યવસાયના સ્વરૂપનું ઉદ્ધરણ સટીક, નિકાચિત કર્મનું સ્વરૂપ, તપથી કર્મની ક્ષપણાનું ઉદ્ધરણ, પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ.	૪૯૭-૫૦૦
	વર્તમાનના પ્રાયશ્ચિત્તની પરંપરાએ નિકાચિત કર્મક્ષયનું વિધાન, પ્રાયશ્ચિત્તમાં પ્રવૃત્તિનું પ્રયોજન, નિકાચિત પણ કર્મના નાશ માટે પ્રવૃત્તિની સંગતિ.	૫૦૦-૫૦૧
	પ્રાયશ્ચિત્તથી કર્મનાશના અસંભવની પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ, દ્રવ્યાદિપંચકને	

ગાથા	વિષય	પૃષ્ઠ
	આશ્રયીને કર્મનો ઉદય, ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમની પ્રાપ્તિ, ઉદ્ધરણપૂર્વક.	૫૦૨-૫૦૩
	મિથ્યાત્વમોહનીયના ઉદય, ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ પ્રતિ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવની કારણતાનું સ્વરૂપ; દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ અને ઉદયાદિ પ્રત્યે કાર્ય-કારણાભાવની એકાધિકરણતાનું સ્વરૂપ, કર્મના ઉદયમાં દ્રવ્યાદિ પાંચની અપેક્ષાના કથનનું ઉદ્ધરણ, કર્મના ઉદયમાં દ્રવ્યાદિ પાંચની અપેક્ષાસાધક યુક્તિ.	૫૦૨-૫૦૫
	યથાબદ્ધ જ કર્મના અનુભવમાં મોક્ષાભાવની સાધક યુક્તિ, ઉદ્ધરણપૂર્વક.	૫૦૫-૫૦૭
	તત્ત્વજ્ઞાનના બળથી અનેક શરીરરચના કરીને યોગીઓ અનેક ભવોના કર્મોને વેદીને કર્મનાશ કરે છે એ પ્રકારની યુક્તિથી યથાબદ્ધ કર્મના વેદનમાં પણ મોક્ષના સંભવની પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ.	૫૦૭-૫૧૦
	અપવર્તનાકરણના સ્વીકારમાં અકૃતાગમ દોષ આદિની પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ ઉદ્ધરણપૂર્વક, બંધાયેલા કર્મમાં સાધ્ય-અસાધ્યતાનું ભાવન ઉદ્ધરણપૂર્વક.	૫૧૦-૫૧૨
	ઉપક્રમની સામગ્રીને નહિ પામેલાં કર્મોને પણ વ્યવહારનયથી ઉપક્રમણીયરૂપે સ્વીકારની યુક્તિ સટીક ઉદ્ધરણપૂર્વક, નિશ્ચયનયથી ઉપક્રમની સામગ્રીને નહિ પામેલા કર્મને અનુપક્રમણીયરૂપે સ્વીકાર.	૫૧૨-૫૧૫
	સોપક્રમ કર્મ સાધક યુક્તિનું ઉદ્ધરણ સટીક.	૫૧૩-૫૧૭
	કર્મના સોપક્રમ-નિરુપક્રમના વિભાગને નહિ સ્વીકારનાર પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ.	૫૧૭-૫૨૨
	અપવર્તનાકરણ અને ઉદીરણાકરણમાં વીર્યજન્યત્વનું વિધાન.	૫૨૨-૫૨૩
૧૦૨	પ્રમાદ સહિત એવા યોગ વડે શાતા-અશાતા અને મનુષ્યઆયુષ્યની ઉદીરણા.	૫૨૩-૫૨૪
	કેવલીને વચનપ્રયોગજન્ય ખેદ હોવા છતાં અશાતાની ઉદીરણાના અભાવની યુક્તિ.	૫૨૪
	કેવલીને વચનપ્રયોગ દ્વારા ખેદની ઉદીરણા થાય છે તેવી પ્રતીતિ થવા છતાં પરમાર્થથી ઉદીરણાના અભાવની યુક્તિ.	૫૨૪-૫૨૫
	વચનયોગમાં પ્રમાદની અવિનાભાવિતાનું નિરાકરણ, પ્રમાદનું સ્વરૂપ.	૫૨૫-૫૨૬
૧૦૩	કેવલીમાં ભુક્તિના કારણે સુખની ઉદીરણાની પૂર્વપક્ષીએ આપેલી આપત્તિનું નિરાકરણ.	૫૨૬
૧૦૪	આહારની સાથે પ્રમાદની અવિનાભાવિતાની પૂર્વપક્ષીની યુક્તિ.	૫૨૭
	આહારની સાથે પ્રમાદની અવિનાભાવિતાની પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ.	૫૨૭-૫૨૮
	દુષ્પ્રણિધાન અને દુષ્પ્રયુક્તના ભેદનું સ્વરૂપ, પ્રમત્તગુણસ્થાનકમાં પણ યોગદુષ્પ્રણિધાનના અભાવની સંભાવનાનું કથન, પ્રમત્તગુણસ્થાનકનું સ્વરૂપ.	૫૨૮-૫૨૯
	પ્રમત્તગુણસ્થાનકમાં શુભયોગ - અશુભયોગની સ્થાપક યુક્તિ ઉદ્ધરણપૂર્વક, પ્રમત્તગુણસ્થાનકમાં અનારંભી અને આરંભી અવસ્થા વચ્ચેનો ભેદ.	૫૨૯
	છદ્મસ્થોની ક્રિયાના આરંભમાં પ્રમત્તગુણસ્થાનકની સ્થાપક યુક્તિ, આહારની સાથે પ્રમત્તગુણસ્થાનકની અવિનાભાવિતામાં પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ, પૂર્વ આરબ્ધ ક્રિયામાં અપ્રમત્તાદિ ગુણસ્થાનકની પ્રાપ્તિનું વિધાન.	૫૨૯-૫૩૦
	કેવલીમાં આહારના આરંભના અભાવના નિરાકરણની યુક્તિ, અપ્રમત્તગુણસ્થાનકમાં ક્રિયાના આરંભની અભાવસાધક યુક્તિ, ધ્યાનકાળમાં જ અપ્રમત્તગુણસ્થાનક આદિનો સંભવ.	૫૩૦
	ભોજનાદિ ક્રિયાની વચમાં ક્ષપકશ્રેણીની પ્રાપ્તિસાધક યુક્તિ, બાહ્યક્રિયામાં કાયિકધ્યાનનો સંભવ, કાયિકધ્યાનનું સ્વરૂપ, ક્ષપકશ્રેણિનું સ્વરૂપ.	૫૩૧
૧૦૬	આહારક્રિયામાં પ્રમાદસાધક પૂર્વપક્ષીની યુક્તિ અને તેનું નિરાકરણ.	૫૩૧
	પ્રમાદજનક દેશકથાનું અને ભક્તકથાનું સ્વરૂપ.	૫૩૧-૫૩૨
	અવિતથ ભક્તકથામાં પ્રમાદની અસંભવતાનું વિધાન.	૫૩૨
૧૦૭	આહારની ક્રિયામાં પ્રમાદસાધક પૂર્વપક્ષીની યુક્તિ અને તેનું નિરાકરણ.	૫૩૩
	આહારમાં નિદ્રાની કારણતાનું નિરાકરણ, કર્મરૂપ તથા કાર્યરૂપ નિદ્રાનું સ્વરૂપ.	૫૩૩-૫૩૪
૧૦૮	આહારમાં પ્રમાદત્વની સાધક પૂર્વપક્ષીની યુક્તિ અને તેનું નિરાકરણ.	૫૩૪
	આહારમાં પ્રમાદસાધક અનુમાનને પુષ્ટ કરનાર પૂર્વપક્ષીની યુક્તિ, મુનિને	

ગાથા	વિષય	પૃષ્ઠ
	અલ્પ-આહારની અનુજ્ઞાનું ઉદ્ધરણ, સંયમીને આહારની દોષરૂપતાનું સ્વરૂપ.	૫૩૪-૫૩૫
	સંયમીને અલ્પ-આહારની વિધિનું પ્રયોજન, સંયમને અર્થે આહારગ્રહણના વિધાનમાં વિધિના સ્તોકત્વ અંશમાં વિશ્રાંતિની યુક્તિ.	૫૩૬-૫૩૭
	સંયમ અર્થે અલ્પ-આહારની વિધિમાં પ્રમાદ-અપ્રયોજકત્વનું અને પ્રમાદ-અનુબંધિતાનું વિધાન, સંયમીના આહારમાં ઉત્કર્ષ કે અપકર્ષમાત્રથી દોષ કે ગુણના અભાવનું વિધાન, અલ્પ આહારગ્રહણમાં પણ બાહ્યમાત્ર તપસ્વીને પારમાર્થિકગુણના અભાવનું વિધાન, સંયમીને અભિષ્વંગ-અનભિષ્વંગ દ્વારા આહારમાં ગુણ-દોષનું વિધાન.	૫૩૮-૫૪૦
	નિશ્ચયનયથી આહાર પ્રમાદ - અપ્રમાદરૂપ.	૫૪૦
૧૦૯	આહારમાં પ્રમાદસાધક પૂર્વપક્ષીની યુક્તિ અને તેનું નિરાકરણ.	૫૪૦
	અપવાદના અધિકારીનું સ્વરૂપ, અપવાદસેવનનું પ્રયોજન, અપવાદનું સ્વરૂપ, કેવલીમાં મૃદુમાર્ગપાલનરૂપ અપવાદના અસંભવનું વિધાન.	૫૪૦-૫૪૧
	કારણિક આહારના ગ્રહણમાં કેવલીને સરાગત્વની પ્રાપ્તિની પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ, મુનિની કારણિક આહારની પ્રવૃત્તિનું સ્વરૂપ, અનિચ્છા છતાં પણ વીતરાગની પ્રવૃત્તિનું પ્રયોજન, આહારપ્રવૃત્તિની બુભુક્ષા સાથે અવ્યાપ્તિ અને ક્ષુધા સાથે વ્યાપ્તિનો નિર્દેશ.	૫૪૧-૫૪૩
૧૧૦	કેવલીમાં આહારની અભાવસાધક પૂર્વપક્ષીની યુક્તિ અને તેનું નિરાકરણ.	૫૪૩
	કેવલીને પણ પાત્રધારણના સંભવની યુક્તિ, પાત્રમાં મમત્વના અનેકાંતની યુક્તિ.	૫૪૪
	સંયતના બાહ્ય પાત્રને મમતારૂપે સ્વીકારનાર દિગંબરની યુક્તિનું ચાર વિકલ્પ દ્વારા નિરાકરણ.	૫૪૪-૫૪૭
	કેવળીને અશક્ય પરિહારના અભાવમાં પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ, અંતરાયકર્મના ક્ષયને કારણે શક્તિથી સર્વવિષયક વીર્ય કેવલીને હોવા છતાં વ્યક્તિથી સર્વવિષયક વીર્યના અસંભવની યુક્તિ, કેવલીને અંતરાયકર્મના ક્ષયથી વિઘ્નાભાવના કથનનું ઉદ્ધરણ, કેવલીમાં પડિલેહણની સંભાવનાનું સ્થાન ઉદ્ધરણપૂર્વક, છદ્મસ્થ અને કેવલીના પડિલેહણના ભેદનું સ્વરૂપ.	૫૪૭-૫૫૦
૧૧૧	કેવળીમાં આહારના અભાવની સાધક પૂર્વપક્ષીની યુક્તિ અને તેનું નિરાકરણ.	૫૫૦
	સ્વભાવસમવસ્થાન ધ્યાનની સાથે આહારગ્રહણ આદિ બાહ્યક્રિયાનો અવિરોધ અને યોગનિશ્ચલતારૂપ ધ્યાનની સાથે બાહ્યક્રિયાનો વિરોધ, ધ્યાનનું સ્વરૂપ, કેવળીને આહારથી ધ્યાનના વ્યાઘાતકમાં પૂર્વપક્ષીના કથનના નિરાકરણનું ઉદ્ધરણ, કેવળીમાં વિશેષથી તપના અભાવનું વિધાન, કેવળીમાં વર્તતા અનુત્તરતપને કહેનારા સૂત્રનું વિશેષ તાત્પર્ય.	૫૫૦
	કેવલીને પાર્યન્તિક સંલેખના વખતે જ વિશેષ તપની વિધિ, વીતરાગ હોવાને કારણે આહાર ગ્રહણ કરવામાં રાગની અપ્રાપ્તિ હોવા છતાં પાર્યન્તિક સંલેખનાકાળમાં આહારની અપ્રવૃત્તિનું પ્રયોજન, છદ્મસ્થ અને કેવલીના ઔચિત્ય વચ્ચેનો ભેદ.	૫૫૦-૫૫૪
	કેવલીને સંલેખના વખતે કરાતા વિશેષ તપકાળમાં પણ ક્ષુધા આદિ દુઃખની ઉદીરણાની અપ્રાપ્તિની યુક્તિ, પ્રતિકૂળ વેદનાદિ સ્વરૂપ પ્રમાદથી જ વેદનીયકર્મની ઉદીરણાની પ્રાપ્તિ, પ્રતિકૂળ વેદનાદિ સ્વરૂપ પ્રમાદના પરિણામથી જ પ્રમત્તગુણસ્થાનક અને પ્રતિકૂળ વેદનાદિ સ્વરૂપ પ્રમાદના અભાવમાં અપ્રમત્તગુણસ્થાનકની પ્રાપ્તિ, કેવલીને આહારગ્રહણની ક્રિયામાં ઔચિત્યની સ્થાપક યુક્તિ.	૫૫૪-૫૫૫
૧૧૨	કેવલીમાં કવલાહારસાધક યુક્તિ.	૫૫૫
	આહારગ્રહણથી જ કેવલીના શરીરની સ્થિતિ અને વૃદ્ધિના સંભવની યુક્તિ.	૫૫૫-૫૫૬
૧૧૩	પૂર્વપક્ષીને અભિમત કેવલીમાં પરમઔદારિકતાનું સ્વરૂપ.	૫૫૬
૧૧૪	કેવલીમાં પરમઔદારિકતાની પૂર્વપક્ષીની માન્યતાનું નિરાકરણ.	૫૫૭
	કેવલીના શરીરને સાત ધાતુરહિત સ્વીકારની દિગંબરની યુક્તિનું નિરાકરણ, સંઘયણના સ્વરૂપનું ઉદ્ધરણ.	૫૫૭-૫૫૮
૧૧૫	મોહના ક્ષયથી પરમઔદારિક શરીરને માનનાર પૂર્વપક્ષના મતનું નિરાકરણ.	૫૫૮
	તીર્થંકરમાં નામકર્મના ક્ષયથી પરમઔદારિકત્વના વિધાનનું ઉદ્ધરણ, નામકર્મના ઉદયથી	

ગાથા	વિષય	પૃષ્ઠ
	તીર્થંકરને પરમઔદારિક સ્વીકારની અને ધાતુરહિત પરમઔદારિક અસ્વીકારની યુક્તિ.	
	યોગના માહાત્મ્યથી પેદા થતી લબ્ધિઓથી પણ નામકર્મના જ અતિશયની પ્રાપ્તિ, યોગના માહાત્મ્યથી નામકર્મની અતિશયતાનું ઉદ્ધરણ.	૫૫૯-૫૬૨
	મોહક્ષયને કારણે કેવલીને જઠરાગ્નિ નાશના અસંભવની યુક્તિ, લબ્ધિવિશેષથી પણ બહિરંગ કારણના ઘટન અને વિઘટન દ્વારા જ કાર્યનું ઘટન અને વિઘટન.	૫૬૨-૫૬૩
૧૧૬	તીર્થંકરને પરમઔદારિકત્વ હોતે છતે આહારપુદ્ગલ અપેક્ષાની યુક્તિ.	૫૬૩-૫૬૬
૧૧૭	કેવલીને કવલાહારમાં મતિજ્ઞાનની પ્રાપ્તિરૂપ આપત્તિનું નિરાકરણ.	૫૬૭
	કેવલીને કવલાહારમાં મતિજ્ઞાનની ઉત્પત્તિના નિરાકરણનું ઉદ્ધરણ.	૫૬૭
	રસનેન્દ્રિયજન્ય મધુર-તિક્ત આદિ રસોના ઉદ્બોધન દ્વારા આહારથી સુખદુઃખનું વિધાન, ભગવાનને આહારથી થતા સુખનું સ્વરૂપ, રસાસ્વાદના વર્જનપૂર્વક અપ્રમત્ત યતિને આહાર ગ્રહણ કરવામાં ક્ષુધાદિ દુઃખની નિવૃત્તિજન્ય સુખની પ્રાપ્તિ હોવા છતાં રસાસ્વાદજન્ય સુખની અપ્રાપ્તિ.	૫૬૭-૫૬૯
	કેવલીને આહારગ્રહણમાં વ્યંજનાવગ્રહની પ્રાપ્તિનું પૂર્વપક્ષીનું વિધાન અને તેનું નિરાકરણ, વ્યંજનાવગ્રહના સ્વરૂપનું ઉદ્ધરણ, નંદીસૂત્ર અધ્યયનના વ્યંજનાવગ્રહના ઉદ્ધરણમાં પૂ. મલયગિરિજી મહારાજાનું સ્પષ્ટીકરણ, વ્યંજનાવગ્રહ કાળમાં ગ્રહણ થતાં પુદ્ગલો ઇન્દ્રિયના ક્ષયોપશમ માટે ઉપકારી અને ચરમ સમયમાં ગ્રહણ થયેલાં પુદ્ગલો જ્ઞાનનાં જનક.	૫૬૯-૫૭૨
	રસનેન્દ્રિય સાથે વિષયના સંબંધનું સ્વરૂપ, ઇન્દ્રિયજન્ય ક્ષયોપશમનું સ્વરૂપ, ઇન્દ્રિયજન્ય બોધના સ્વરૂપનું ઉદ્ધરણ, કેવળીને આહારગ્રહણમાં વ્યંજનાવગ્રહની અપ્રાપ્તતાની યુક્તિ.	૫૭૩-૫૭૫
૧૧૮	કેવલીને કવલાહાર સ્વીકારવાથી ઇરિયાવહિયાની આપત્તિની પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ ઉદ્ધરણ સહિત, કેવલીની ગમનાદિ ક્રિયામાં પ્રાયોગિકી ક્રિયાના અસ્વીકારની દિગંબરની યુક્તિનું નિરાકરણ.	૫૭૬-૫૭૭
૧૧૯	કવલાહાર સ્વીકારવાથી કેવલીને પરોપકારહાનિસ્થાપક દિગંબરની યુક્તિનું નિરાકરણ ઉદ્ધરણ સહિત, કેવળજ્ઞાનથી પોતાના શરીરને અનુકૂળ આહારનું જ્ઞાન કરીને જ કેવલીની હિત મિત આહારમાં પ્રવૃત્તિ.	૫૭૭-૫૭૮
	કેવલીની હિત-મિત આહારમાં પ્રવૃત્તિ હોવા છતાં રાગની અપ્રાપ્તિની યુક્તિ, રાગથી આક્રાંત જ્ઞાનનું સ્વરૂપ, રાગથી અનાક્રાંત જ્ઞાનનું સ્વરૂપ.	૫૭૮-૫૭૯
૧૨૦	કેવલીને કવલાહાર સ્વીકારવાથી મલ આદિની પ્રાપ્તિને કારણે જુગુપ્સનીયતાની દિગંબરની આપત્તિનું નિરાકરણ ઉદ્ધરણ સહિત.	૫૭૯-૫૮૦
	તીર્થંકરને નિહારના અભાવમાં પૂર્વપક્ષીનું ઉદ્ધરણ, કોઇક માન્યતા અનુસાર તીર્થંકર તેના માતાપિતા, બળદેવ, ચક્રવર્તી, વાસુદેવ અને યુગલિકોને નિહારનો અભાવ, તીર્થંકરને નિહારના અભાવમાં પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ.	૫૮૦-૫૮૫
	આહારપરિણતિવિશેષમાં નિયામકનું સ્વરૂપ.	૫૮૨
૧૨૧	પૂર્વપક્ષીને અભિમત કેવલીને ભુક્તિઅભાવના અતિશયનું નિરાકરણ.	૫૮૫-૫૮૮
૧૨૨	કેવલીને કવલાહારના અભાવમાં પૂર્વપક્ષીની યુક્તિઓના નિરાકરણનો ઉપસંહાર.	૫૮૮
૧૨૩	કેવલીમાં દેશથી કૃતકૃત્યત્વનું સમર્થન, પૂર્વપક્ષીને અભિમત કેવલીને કવલાહારમાં અકૃતકૃત્યત્વનું નિરાકરણ.	૫૮૮-૫૮૯
	દર્શનમોહનીયના ક્ષયથી ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ દેશથી કૃતકૃત્ય હોવા છતાં દેશથી કૃતકૃત્ય એવા કેવલીમાં જ કૃતકૃત્યત્વના વ્યવહારની સાધક યુક્તિ, નિશ્ચયનયથી કૃતકૃત્યત્વનું સ્વરૂપ.	૫૮૯-૫૯૦

श्री अर्हं नमः

श्री शङ्खेश्वरपार्श्वनाथाय नमः

श्री महावीरपरमात्मने नमः

न्यायविशारद-न्यायाचार्य-श्रीमदुपाध्याय-यशोविजयकृता

अध्यात्ममतपरीक्षा

अवतरणिका :- अत्र चेदमुत्कर्णमाकर्ण्य कर्णप्रणालीनिपतितः सकर्णवर्णनीयवर्णगणसलिलपरिशीलन-वशादन्तरुद्बुद्धसिताम्बरसमयद्वेषज्वरप्रसरविषमपरिणतिः कम्पमानाधरः कर्णौ विधुन्वन्नाध्यात्मिकः प्रलपति-

अवतरणिकार्थ :- અને અહીંયાં અર્થાત્ પૂર્વમાં આધ્યાત્મિક મતના નિરાકરણરૂપે જે અત્યાર સુધી કથન કર્યું અને તેનાથી ભાવને અનુકૂળ એવી બાહ્ય આચરણાને અધ્યાત્મરૂપે સ્થાપન કરી એ કથનમાં, આ=ગાથા ૭૦-૭૧માં ગ્રંથકારે સ્થાપન કર્યું એ, ઉત્કર્ણ સાંભળીને=ધ્યાનપૂર્વક સાંભળીને, કાનમાં પડેલા એવા અને બુદ્ધિમાનને વર્ણનીય=વખાણવા યોગ્ય, એવા વર્ણના સમૂહરૂપ પાણીના પરિશીલનના વશથી અંદરમાં ઉદ્બુદ્ધ થયેલા શ્વેતાંબર શાસ્ત્રના દ્વેષજ્વરના પ્રસરથી વિષમ પરિણતિવાળો, કંપમાન અધર=હોઠવાળો, કાનોને ધુણાવતો આધ્યાત્મિક પ્રલાપ કરે છે-

ગાથા :-

णणु जइ सो कयकिच्चो अट्ठारसदोसविरहिओ देवो ।
ता छुहतण्हाभावा जुज्जइ कम्हा कवलभोई ॥७२॥

(ननु यदि स कृतकृत्योऽष्टादशदोषविरहितो देवः । तत्क्षुधातृष्णाभावात् युज्यते कस्मात् कवलभोजी ॥७२॥)

ગાથાર્થ :- જો તે દેવ (=કેવલજ્ઞાની ભગવાન) અઢાર દોષથી રહિત કૃતકૃત્ય હોય તો (તેઓને) ક્ષુધાતૃષાનો (=ક્ષુધાપિપાસાનો) અભાવ હોવાથી કવલભોજી કેવી રીતે ઘટી શકે?

टीका :- ननु कृतकृत्यत्वं तावद्देवत्वव्यवहारनिबन्धनं निःशेषदोषराहित्यमेवाभिधानीयम्। दोषाश्चाष्टादश प्रसिद्धा यद्दूषितानां जन्तूनामनाप्तत्वं, यद्विरहे चाप्तत्वमिति। यदाह प्रभाचन्द्रः 'क्षुत्पिपासा-जरातङ्कजन्मान्तकभयस्मयाः। न रागद्वेषमोहाश्च यस्याप्तः स प्रकीर्त्यते॥ इति। [**रत्नकरंडकश्रावकाचारः १/६**] अस्यार्थः- क्षुच्च-बुभुक्षा, पिपासा च-तृषा, जरा च-वृद्धत्वं, आतङ्कश्च-व्याधिः, जन्म च-कर्मवशाच्चतुर्गतिषूत्पत्तिः, अन्तकश्च-मृत्युः, भयं च-इहपरलोकात्रात्र(?णा)गुप्तिमरणवेदनाकस्मिकत्वलक्षणं, स्मयश्च-जातिकुलादिदर्पः, रागद्वेषमोहाः प्रसिद्धाः, चशब्दाच्चिन्तारतिनिद्राविस्मयविषादखेदस्वेदा गृह्यन्ते। एतेऽष्टादश दोषा यस्य न सन्ति स

आप्तः प्रकीर्त्यते-प्रतिपाद्यत इति। **तथा च केवलिनः कृतकृत्यत्वे स्वीकृते क्षुत्पिपासाऽभावस्यावश्यं स्वीकारात् तस्य कवलभोजित्वप्रतिज्ञा कथमिव चतुरचेतश्चमत्कारिणी? न हि कारणं विना कार्योत्पत्तिमुररीकुरुते कश्चिदपि प्रेक्षापूर्वकारीति चेत्?॥७२॥**

❀ ટીકામાં **'इहपरलोकात्राऽगुप्तिमरणवेदनाकस्मिकत्वलक्षणं'** પાઠ છે ત્યાં **'इहपरलोकात्राणागुप्ति-मरणवेदनाकस्मिकत्वलक्षणं'** પાઠ રત્નકરંડક શ્રાવકાચારમાં છે તે મુજબ અર્થ કરેલ છે.

ટીકાર્થ :- **'ननु'** - **'ननु'** થી પૂર્વપક્ષી આધ્યાત્મિક કહે છે કે દેવત્વવ્યવહારના કારણરૂપ કૃતકૃત્યપણું, નિઃશેષ દોષથી રહિતપણું જ કહેવા યોગ્ય છે; અને અઢાર દોષો પ્રસિદ્ધ છે, જેનાથી દૂષિત એવા જંતુઓનું અનાપ્તપણું છે અને જેના વિરહમાં=અઢાર દોષોના વિરહમાં, આપ્તપણું છે.

'यदाह' -જે કારણથી પ્રભાચંદ્રે કહ્યું છે - ક્ષુધા, પિપાસા, જરા, આતંક, જન્મ, અંતક, ભય, સ્મય અને રાગ, દ્વેષ, મોહ જેને નથી તે આપ્ત કહેવાય છે.

❀ **'इति'** - ઉદ્ધરણના કથનની સમાપ્તિ સૂચક છે.

'अस्यार्थः' એનો અર્થ આ પ્રમાણે - ક્ષુધા=બુભુક્ષા, પિપાસા=તૃષા, જરા=વૃદ્ધપણું, આતંક=વ્યાધિ, જન્મ=કર્મના વશથી ચાર ગતિમાં ઉત્પત્તિ, અંતક=મૃત્યુ, ભય=આલોક-પરલોક અત્રાણ,=કોઈ રક્ષણ કરનાર નહિ હોવાથી થતો ભય, અગુપ્તિ=પોતાને આપત્તિથી રક્ષણ માટે ગોપવવાની સામગ્રીનો અભાવ હોવાથી થતો ભય, મરણ; વેદના, આકસ્મિકત્વ=કોઈ કારણ વગર અકસ્માત ભય થવો તે, લક્ષણ છે; સ્મય=જાતિ- કુલ આદિ દર્પ; રાગ-દ્વેષ અને મોહ પ્રસિદ્ધ છે, અને ઉદ્ધરણમાં **'च'** શબ્દ છે તેનાથી ચિંતા, અરતિ, નિદ્રા, વિસ્મય, વિષાદ, ખેદ અને સ્વેદ ગ્રહણ કરાય છે.

'एते' -આ અઢાર દોષો જેને નથી તે આપ્ત કહેવાય છે. **'प्रतिपाद्यते'** પછી **'इति'** છે તે ઉદ્ધરણના કથનની સમાપ્તિ સૂચક છે.

'तथा च' -અને તે પ્રમાણે કેવલીનું કૃતકૃત્યપણું સ્વીકાર કરાયે છતે, ક્ષુધા-પિપાસાના અભાવનો અવશ્ય સ્વીકાર થતો હોવાથી, તેને=કેવલીને, કવલભોજીપણાની પ્રતિજ્ઞા ચતુરના ચિત્તને ચમત્કારિણી શી રીતે બને? અર્થાત્ ન બને. તેમાં હેતુ કહે છે-

'न हि' જે કારણથી કોઈ પણ પ્રેક્ષાપૂર્વકારી=બુદ્ધિમાન, કારણ વિના કાર્યની ઉત્પત્તિને સ્વીકારતો નથી. અર્થાત્ ક્ષુધા-પિપાસા ન હોય તો તેનું કાર્ય આહાર ન હોય એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર ગાથા-૭૩માં તેનો ઉત્તર આપે છે.**॥૭૨॥**

अवतरणिका :- भवेदेवं यदि वयं त्वया परिभाषितानेव दोषान् परिभाषामहे, न चैवं, किंत्वात्मगुणदूषणमेव दोषलक्षणं ब्रूमः, न च तथात्वं क्षुत्पिपासयोरस्तीत्याशयेनाह-

અવતરણિકાર્થ :- જો અમે તમારા વડે પરિભાષિત જ દોષોને કહીએ તો એ પ્રમાણે થાય=કેવલી કવલભોજી નથી એ પ્રમાણે થાય, અને એ પ્રમાણે નથી; અર્થાત્ તમારા વડે પરિભાષિત દોષોને અમે દોષો કહેતા નથી, પરંતુ આત્મગુણોના દૂષણને અમે દોષરૂપે કહીએ છીએ; અને તથાપણું=આત્મગુણોને દૂષણ કરવાપણું, ક્ષુધા-પિપાસાનું નથી, એ પ્રકારના આશયથી ગ્રંથકાર કહે છે-

ગાથા :-

तो सक्का वुत्तुं जे छुहतण्हाई जिणस्स किर दोसा ।
जइ तं दूसेज्ज गुणं साहावियमप्पणो कंवि ॥७३॥

(तच्छक्यं वक्तुं क्षुधातृष्णादि जिनस्य किल दोषाः। यदि तद्दूषयेद्गुणं स्वाभाविकमात्मनः कमपि ॥७३॥)

दूसइ अव्वाबाहं इय जइ तुह सम्मओ तयं दोसो ।
मणुअत्तणं विदोसो ता सिद्धत्तस्स दूषणओ ॥७४॥

(दूषयत्यव्याबाधं इति यदि तव सम्मतस्तकं दोषः । मनुजत्वमपि दोषस्तत्सिद्धत्वस्य दूषणतः ॥७४॥)

❀ ગાથા-૭૩માં **'जे'** અવ્યય પાદપૂર્તિ માટે છે.

ગાથાર્થ :- જો આત્માના કોઈ પણ સ્વાભાવિક ગુણને તે=ક્ષુધાતૃષાદિ, દૂષણ કરતાં હોય, તો તે ક્ષુધાતૃષાદિ જિનના દોષ કહેવા માટે શક્ય બને. ॥૭૩॥

ગાથાર્થ :- તે અવ્યાબાધ સુખને દૂષણ કરે છે એ પ્રમાણે જો તમને 'तकं'=તે=ક્ષુધાતૃષાદિ દોષ, સંમત છે, તો સિદ્ધપણાનું દૂષણ હોવાથી મનુષ્યપણું પણ દોષ થાય. ॥૭૪॥

ટીકા :- यदि हि क्षायिकसुखरूपाऽऽत्मगुणदूषकत्वात् क्षुत्तृष्णयोर्दोषत्वमुद्भावयेयुः परे तर्हि मनुष्यत्वमपि केवलिनां सिद्धत्वदूषकतया दोषः प्रसज्यत इति पर्यनुयोगे तेषामप्रतिभया नखशिखाग्रैर्भूविलेखनमेव चिरमनुशीलनीयं स्यात्।

ટીકાર્થ :- 'यदि हि' -જો ક્ષાયિક સુખરૂપ આત્મગુણને દૂષિત કરનારા હોવાથી ક્ષુધાતૃષાનું દોષપણું પર=આધ્યાત્મિકો, ઉદ્ભાવન કરતા હોય, તો સિદ્ધપણાને દૂષણ કરનાર હોવાથી કેવલીઓને મનુષ્યપણું પણ દોષરૂપ માનવાનો પ્રસંગ આવે. આ પ્રમાણે પર્યનુયોગમાં=પ્રશ્નમાં, તેઓની=આધ્યાત્મિકોની, અપ્રતિભા વડે નખની શિખાના અગ્રભાગથી ભૂમિવિલેખન જ ચિર અનુશીલનીય થાય, અર્થાત્ આ પ્રમાણે પ્રશ્ન કરીએ તો તેનો ઉત્તર લાંબા કાળે પણ આધ્યાત્મિકો આપી શકવા સમર્થ નથી.

ટીકા :- અથ સિદ્ધત્વપ્રતિબન્ધકસ્તદ્વ્યવહારપ્રતિબન્ધકશ્ચ દોષો જિનેષુ સન્નપ્યકિઞ્ચિત્કરઃ, કૈવલ્યપ્રતિબન્ધકદોષવિલયેન તદ્વ્યવહારસ્ય તન્નાન્તરીયકનિર્દોષત્વવ્યવહારસ્ય ચ નિરાબાધત્વાદિતિ યદિ તે શરદાં શતં પરિભાવ્યોત્તરં દદ્યુસ્તર્હિ ક્ષુત્પિપાસયોરપિ કૈવલ્યપ્રતિબન્ધકત્વે પ્રમાણાભાવાત્, કથમેકં સીવ્યતાં નાપરપ્રચ્યુતિઃ? ઘાતિકર્મક્ષયજન્યકેવલજ્ઞાનં હિ ઘાતિકર્માણિ તદવિનાભાવિનઃ પરિણામા વા પ્રતિબધ્નન્તિ, નત્વઘાતિ વેદનીયં કર્મ તજ્જન્યક્ષુત્પિપાસાપરિણામૌ વા। અત એવ ઘાતિકર્મજન્યાનેવાઽષ્ટાદશદોષાન્દાનાન્તરાયાદીન્ સાધુ (સત્ય) પરિભાષન્તે પ્રગલ્ભાઃ।

તદાહુઃ-

અન્તરાયા દાનલાભવીર્યભોગોપભોગગાઃ । હાસો રત્યરતી ભીતિર્જુગુપ્સા શોક એવ ચ ॥૧॥

કામો મિથ્યાત્વમજ્ઞાનં નિદ્રા ચાવિરતિસ્તથા । રાગો દ્વેષશ્ચ નો દોષાસ્તેષામષ્ટાદશાપ્યમી ॥૨॥[ ]ઇતિ।

અત્ર ચ કેવલજ્ઞાનં પ્રતિ સર્વ એવૈતે પ્રતિબન્ધકાઃ, કેવલજ્ઞાનકેવલદર્શનક્ષાયિકસમ્યક્ત્વચારિત્રદાનાદિલબ્ધિપઞ્ચકં પ્રત્યજ્ઞાનનિદ્રામિથ્યાત્વાવિરત્યાદ્યન્તરાયાણાં પૃથગેવ વા પ્રતિબન્ધકત્વં, ન ચેદં પરોક્તદોષેષુ સંભવતિ, ન હિ ક્ષુત્પિપાસયોઃ કામાદેરિવ ચારિત્રપ્રતિબન્ધકત્વં દૃષ્ટમિષ્ટં વા, અન્યથા તેનૈવ તાભ્યાં તદતિક્રમપ્રસઙ્ગાત્। નાપિ તયોર્જ્ઞાનાદિપ્રતિબન્ધકત્વમસ્તિ।'બલાપચયજનકતયા તયોરીર્યાસમિતિશ્રુતાભ્યાસાદિવિરોધિતાયા દૃષ્ટત્વાત્ ક્ષાયિકચારિત્રજ્ઞાનપ્રતિબન્ધકત્વમપ્યનુમીયત' ઇતિ ચેત્? ન, અનભ્યાસાદેરિવ તયોઃ ક્ષાયિકજ્ઞાનાદ્યપ્રતિપન્થિત્વાત્, ક્ષુદાદેઃ સ્વજનકબહિરિન્દ્રિયવૃત્તિપ્રતિપન્થિતયૈવ જ્ઞાનપ્રતિપન્થિત્વાત્, અન્યથા મિથ્યાત્વોદય ઇવ ક્ષુદાદ્યુદયેઽપિ પ્રાપ્તજ્ઞાનોપક્ષયપ્રસઙ્ગાત્, ન ચૈવમસ્તિ પ્રત્યુત ક્ષુદાદ્યુદયં સહમાનાનાં શુભભાવવતાં મહર્ષિણાં તત્પ્રવૃદ્ધિરેવ શ્રૂયત ઇતિ।

ટીકાર્થ :- 'અથ'થી પૂર્વપક્ષી=આધ્યાત્મિકો કહે છે કે કૈવલ્યપ્રતિબંધક દોષના વિલયને કારણે તદ્વ્યવહારનું= કેવલીપણાના વ્યવહારનું, અને તદ્ અવિનાભાવી=કેવલીપણાના અવિનાભાવી, નિર્દોષપણાના વ્યવહારનું નિરાબાધપણું હોવાથી, સિદ્ધપણાનો પ્રતિબંધક એવો અને તદ્વ્યવહારનો પ્રતિબંધક=સિદ્ધપણાના વ્યવહારનો પ્રતિબંધક, એવો દોષ=મનુષ્યપણું, જિનોમાં હોવા છતાં અકિંચિત્કર છે. એ પ્રમાણે તેઓ સો શરદઋતુ=સો વર્ષ, પરિભાવન કરીને ઉત્તર આપે તો ક્ષુધાપિપાસાના પણ કૈવલ્યપ્રતિબંધકપણામાં પ્રમાણનો અભાવ હોવાથી એક સાંધતાં બીજાની પ્રચ્યુતિ કેમ નથી? અર્થાત્ એક સાંધતાં બીજું તૂટે છે. તેમાં હેતુ કહે છે -

'ઘાતિકર્મ' જે કારણથી ઘાતીકર્મના ક્ષયથી જન્ય કેવલજ્ઞાનને ઘાતીકર્મો અથવા તદ્અવિનાભાવી પરિણામો= ચારિત્રમોહનીય - મિથ્યાત્વ- અજ્ઞાન આદિ પરિણામો, પ્રતિબંધ કરે છે; પરંતુ અઘાતી વેદનીયકર્મ કે તજ્જન્ય ક્ષુધાપિપાસા પરિણામ પ્રતિબંધ કરતા નથી. આથી કરીને જ બુદ્ધિશાળીઓ ઘાતીકર્મથી જન્ય જ દાનાંતરાયાદિ અઢાર દોષોને સાધુ=સત્ય, દોષ તરીકે કહે છે. તે કહ્યું છે -

દાન, લાભ, વીર્ય, ભોગ અને ઉપભોગ એ પાંચ અંતરાયો; હાસ્ય, રતિ, અરતિ, ભય, જુગુપ્સા અને શોક; અને કામ, મિથ્યાત્વ, અજ્ઞાન, નિદ્રા અને અવિરતિ તથા રાગ અને દ્વેષ; આ અઢાર દોષો તેઓને=કેવલીભગવાનને હોતા નથી.

'अत्र च' - અને અહીંયાં, અર્થાત્ **'तदाहुः'**થી સાક્ષીરૂપે કહેલ શ્લોકમાં કેવલજ્ઞાન પ્રતિ સર્વે જ આ=દોષો, પ્રતિબંધક છે અથવા કેવલજ્ઞાન પ્રત્યે અજ્ઞાન, કેવલદર્શન પ્રત્યે નિદ્રા, ક્ષાયિકસમ્યક્ત્વ પ્રત્યે મિથ્યાત્વ,ક્ષાયિક ચારિત્ર પ્રત્યે અવિરતિ આદિ, ક્ષાયિક દાનાદિ લબ્ધિપંચક પ્રત્યે દાનાંતરાયાદિનું પૃથક્ જ પ્રતિબંધકપણું છે.

'न चेदं' - અને આ=પ્રતિબંધકપણું, પરોક્ત=પ્રભાચંદ્રે કહેલ દોષોમાં સંભવતું નથી, જે કારણથી કામાદિની જેમ ક્ષુધાપિપાસાનું ચારિત્રપ્રતિબંધકપણું પ્રત્યક્ષથી દૃષ્ટ અને આગમ પ્રમાણથી ઈષ્ટ નથી, અર્થાત્ કામાદિ વિકારોથી ચારિત્રનો પ્રતિબંધ થાય છે તેમ ક્ષુધાપિપાસાથી ચારિત્રનો પ્રતિબંધ થતો નથી.

'अन्यथा' - અન્યથા, અર્થાત્ ક્ષુધાપિપાસાથી ચારિત્રનો પ્રતિબંધ થાય તેમ માનો તો, તેના વડે જ=દિગંબર વડે જ, તે બેથી=ક્ષુધાપિપાસાથી, તદતિક્રમ=ચારિત્રનો અતિક્રમ, થવાનો પ્રસંગ આવે છે. (અને) તે બેનું= ક્ષુધાપિપાસાનું જ્ઞાનાદિપ્રતિબંધકપણું પણ નથી. **'अपि'**થી એ સમુચ્ચય થાય છે કે ક્ષુધાપિપાસા ચારિત્રના પ્રતિબંધક થતા નથી, પણ જ્ઞાનાદિના પણ પ્રતિબંધક થતા નથી.

'बलापचय' - બલના અપચયજનકપણા વડે તેઓનું=ક્ષુધાપિપાસાનું, ઈર્યાસમિતિ આદિરૂપ ચારિત્રનું અને શ્રુતઅભ્યાસાદિરૂપ જ્ઞાનના વિરોધીપણાનું દૃષ્ટપણું હોવાથી, ક્ષાયિક ચારિત્ર અને ક્ષાયિક જ્ઞાનનું પ્રતિબંધકપણું પણ અનુમાન કરાય છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. તેમાં હેતુ કહે છે -

'अनभ्यासादेः' - અનભ્યાસાદિની જેમ ક્ષુત્પિપાસાનું ક્ષાયિક જ્ઞાનાદિનું અપ્રતિપંથીપણું છે.

ઉત્થાન :- અહીં શંકા થાય કે અનભ્યાસાદિના દૃષ્ટાંતથી ક્ષુધાપિપાસાનું ક્ષાયિક જ્ઞાનના અપ્રતિપંથીનું જેમ તમે અનુમાન કરો છો, તેમ ઈર્યાસમિતિ અને શ્રુતાભ્યાસાદિનાં બલના અપચયને કારણે પ્રતિપંથીપણું પ્રાપ્ત થાય છે. તેનાથી ક્ષાયિક જ્ઞાનાદિ પ્રત્યે પ્રતિબંધકપણાનું પણ અનુમાન થઈ શકે છે. તેથી ક્ષુધા અને તૃષા ક્ષાયિક જ્ઞાનના અપ્રતિબંધક છે તેવો નિર્ણય થઈ શકશે નહિ, તેથી બીજો હેતુ કહે છે-

ટીકાર્થ :- **'क्षुदादेः'** - ક્ષુધાદિનું સ્વજનક=ક્ષાયોપશમિકજ્ઞાનજનક, એવી બહિરિન્દ્રિયની વૃત્તિ=પ્રવૃત્તિ, તેના પ્રતિપંથીપણા વડે જ જ્ઞાનપ્રતિપંથીપણું છે.

'अन्यथा' - આવું ન માનો તો અર્થાત્ ક્ષુધાદિ સ્વજનક બહિરિન્દ્રિયની પ્રવૃત્તિના પ્રતિપંથીપણાવડે જ જ્ઞાનના પ્રતિપંથી છે એવું ન માનો, પરંતુ ક્ષુધાપિપાસા સાક્ષાત્ જ્ઞાનના પ્રતિપંથી છે એવું માનો તો, મિથ્યાત્વના ઉદયની જેમ ક્ષુધાદિના ઉદયમાં પણ પ્રામજ્ઞાનના ઉપક્ષયનો પ્રસંગ છે. અને એ પ્રમાણે નથી, અર્થાત્ ક્ષુધાપિપાસાના ઉદયમાં પ્રામજ્ઞાનનો ઉપક્ષય થતો નથી, પરંતુ ક્ષુધાદિના ઉદયને સહન કરતા શુભભાવવાળા મહર્ષિઓને તેની=જ્ઞાનની પ્રવૃદ્ધિ જ સંભળાય છે.

'इति' કથનની સમાપ્તિ સૂચક છે.

❀ **'क्षुत्पिपासयोरपि'**-અહીં **'अपि'**થી એ કહેવું છે કે કેવલજ્ઞાનાવરણીય તો કેવલજ્ઞાનનું પ્રતિબંધક છે, પરંતુ ક્ષુધા-પિપાસા પણ કેવલજ્ઞાનના પ્રતિબંધક છે એમ સ્વીકારવામાં પ્રમાણનો અભાવ છે.

ભાવાર્થ :- '**अत्र च**' અહીંયાં=પૂર્વમાં સાક્ષીપાઠરૂપ '**अन्तराया ... प्यमी**' એ પ્રમાણે કહેલા શ્લોકમાં કેવલજ્ઞાન પ્રતિ આ બધા દોષો પ્રતિબંધક છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે સર્વ દોષના વિગમથી કેવલજ્ઞાનની ઉત્પત્તિ થાય છે, તેથી સર્વ દોષો કેવલજ્ઞાન પ્રતિ પ્રતિબંધક છે. હવે આવરણવિધયા સર્વ પ્રતિબંધક નથી, તેથી ગ્રંથકાર પૃથક્ પ્રતિબંધકપણું બતાવે છે -

કેવલજ્ઞાન પ્રતિ અજ્ઞાન પ્રતિબંધક છે અને કેવલદર્શન પ્રતિ નિદ્રા પ્રતિબંધક છે. યદ્યપિ કેવલદર્શન પ્રતિ આવરણવિધયા કેવલદર્શનાવરણ કારણ છે, તો પણ પૂર્વ શ્લોકમાં જે અઢાર દોષો બતાવ્યા તેમાં દર્શનાવરણીયની પ્રકૃતિ તરીકે નિદ્રા છે, તેને આશ્રયીને કેવલદર્શન પ્રતિ દર્શનાવરણીયના ઉદયથી જન્ય જે નિદ્રાનો પરિણામ છે તેને પ્રતિબંધક કહેલ છે. અને ક્ષાયિક સમ્યક્ત્વ પ્રતિ મિથ્યાત્વ પ્રતિબંધક છે અને ક્ષાયિક ચારિત્ર પ્રતિ અવિરતિ આદિ પ્રતિબંધક છે. અહીં '**आदि**' પદથી પૂર્વ શ્લોકમાં કહેલ કામ, હાસ્ય, રતિ, અરતિ આદિનું ગ્રહણ કરવું અને ક્ષાયિક દાનાદિ લબ્ધિપંચક પ્રતિ અંતરાયનું પ્રતિબંધકપણું છે.

'**अनभ्यासादेरिव .. ज्ञानप्रतिपन्थित्वात्**' સુધીના કથનનું તાત્પર્ય એ છે કે દિગંબરને પણ એ માન્ય છે કે, કેવલજ્ઞાન થયા પછી શાસ્ત્રઅભ્યાસની આવશ્યકતા રહેતી નથી અને તેથી અભ્યાસ નહિ હોવા છતાં પણ ક્ષાયિક જ્ઞાન ઓછું થતું નથી એમ તેઓ માને છે; અને ક્ષયોપશમરૂપ શ્રુતજ્ઞાન, અભ્યાસ ન કરવામાં આવે તો ધીરે ધીરે હીનતાને પામે છે એમ પણ તેઓ માને છે. તેથી તેને માન્ય એવા દૃષ્ટાંતથી કહે છે કે, જેમ શાસ્ત્રનો અનભ્યાસ ક્ષાયિક ભાવના જ્ઞાનગુણ, દર્શનગુણ, ચારિત્રગુણના પ્રતિપંથી નથી, તેમ ક્ષુધા અને તૃષા પણ પ્રતિપંથી નથી. તેથી કેવલીને ક્ષુધાતૃષા સ્વીકારવામાં દોષ નથી.

ઉત્થાન :- પૂર્વમાં કહ્યું કે ક્ષુધાદિના ઉદયને સહન કરનાર શુભભાવવાળા મહર્ષિઓને જ્ઞાનની પ્રવૃદ્ધિ જ સંભળાય છે, ત્યાં શંકા કરતાં પૂર્વપક્ષી કહે છે -

ટીકા :- अथ क्षुदादिजन्यार्त्तध्यानाच्छुभभावपरिहाणिः श्रूयते इति चेत्? न ह्ययं तयोरपराधोऽपि त्वरत्यादेरिति विचारणीयम्। 'पापप्रकृतिजन्यतया तयोर्दोषत्वमिति तु मन्दप्रलपितं, परेणापि केवलिनि तादृश-प्रकृतिस्वीकारात्।

ટીકાર્થ :- '**अथ**' - ક્ષુધાદિજન્ય આર્ત્તધ્યાનથી શુભ ભાવની પરિહાનિ સંભળાય છે, તેથી ક્ષુધાદિને કારણે મહર્ષિઓને શુભ ભાવ થાય છે અને તેનાથી જ્ઞાનની પ્રવૃદ્ધિ થાય છે તેમ કહી શકાય નહીં, તેવો પૂર્વપક્ષીનો આશય છે. તેને સિદ્ધાંતકાર કહે છે, આ અર્થાત્ ક્ષુધાદિજન્ય આર્ત્તધ્યાન થાય છે એ, તે બેનો=ક્ષુધાપિપાસાનો, અપરાધ નથી, પરંતુ અરતિ આદિનો અપરાધ છે. એ પ્રમાણે વિચારવું જોઈએ.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે જે વ્યક્તિને ક્ષુધાવેદના પ્રત્યે દ્વેષ સ્ફુરણ થાય છે, તેને તે દ્વેષથી જન્ય અરતિમોહનીયનો ઉદય ક્ષુધાકાળમાં થાય છે, અને તેને કારણે ક્ષુધાદિરૂપ અનિષ્ટના સંયોગના નિવારણની ચિંતારૂપ આર્ત્તધ્યાન તેને પ્રવર્તે છે; પરંતુ જે લોકોને ક્ષુધાદિકાળમાં તે ક્ષુધા સ્વસામર્થ્યથી સહ્ય હોવાના કારણે અરતિ પેદા થતી નથી, પરંતુ તે સહન કરવાથી સુખ-દુઃખ પ્રત્યે તુલ્યવૃત્તિને અભિમુખ એવો સમભાવ પેદા થાય છે, તેમને ક્ષુધાદિથી શુભ ભાવ જ પ્રાપ્ત થાય છે અને તેનાથી જ્ઞાનની પ્રવૃદ્ધિ જ થાય છે.

ટીકાર્થ :- '**पापप्रकृति**' - પાપપ્રકૃતિજન્યપણારૂપે તે બેનું=ક્ષુધાપિપાસાનું દોષપણું છે, એ પ્રમાણે વળી અવિચારકનું પ્રલપિત છે, તેમાં હેતુ કહે છે-

પર વડે પણ કેવલીમાં તાદૃશપ્રકૃતિનો=કુરૂપ-દુઃસ્વરાદિ પ્રકૃતિનો, સ્વીકાર કરેલ છે.

ટીકા :- अथ प्रशस्तविपरीतभावनाप्रकर्षप्रयुक्तापकर्षशालित्वं दोषत्वं, तच्च रागादाविव च क्षुदादावप्यस्ति, दृश्यते वीतरागभावनातारतम्येन रागादेर्मन्दमन्दतरमन्दतमादिभाव इति तदत्यन्तोत्कर्षात्तदत्यन्तापकर्षोपि भगवतामित्येवमभोजनभावनातारतम्यात् सकृद्भोजनैकदिनपक्षमाससंवत्सराद्यन्तरितभोजनादिदर्शनात् तदत्यन्तोत्कर्षादात्यन्तिकक्षुद्भुक्त्याद्यपकर्षोऽपि तेषां युज्यते इति चेत्? मैवं, अभोजनभावनाया भोजनभावनां प्रत्येव प्रतिपन्थित्वात्, तया तन्निवृत्तावपि क्षुद्भुक्त्याद्यनिवृत्तेः, न खलु तपस्विनां क्षुदेव न लगति, अपि तु तैः सा निरुध्यत इति। 'बुभुक्षानिरोधे भुक्तिरपि निरुध्यत' इति चेत्? न, तस्यास्तदहेतुत्वादिति स्फुटीभविष्यत्यग्रे।

ટીકાર્થ :- 'अथ'થી પૂર્વપક્ષી કહે છે કે પ્રશસ્ત એવી વિપરીત ભાવનાના પ્રકર્ષથી પ્રયુક્ત અપકર્ષશાલીપણું દોષત્વ છે અને તે દોષપણું રાગાદિની જેમ ક્ષુધાદિમાં પણ છે. ક્ષુધાદિમાં દોષત્વ કેમ છે તે બતાવે છે-

વીતરાગભાવનાના તારતમ્યથી રાગાદિના મંદ, મંદતર, મંદતમાદિ ભાવ થાય, એથી કરીને તેના= વીતરાગભાવનાના, અત્યંત ઉત્કર્ષથી તેનો=રાગાદિનો, અત્યંત અપકર્ષ પણ ભગવાનમાં દેખાય છે. એ પ્રમાણે અભોજનભાવનાના તારતમ્યથી એકવાર ભોજન, એકદિનાંતરિત, પક્ષાંતરિત, માસાંતરિત, વર્ષાંતરિત ભોજનાદિનું દર્શન થતું હોવાથી, તેના અત્યંત ઉત્કર્ષથી=અભોજનભાવનાના અત્યંત ઉત્કર્ષથી, આત્યંતિક ક્ષુધાભોજનાદિનો અપકર્ષ પણ તેઓને=કેવલીઓને, ઘટે છે. એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને સિદ્ધાંતકાર કહે છે કે એમ ન કહેવું. તેમાં હેતુ કહે છે-

'**अभोजन**' - અભોજનભાવનાનું ભોજનભાવના પ્રત્યે જ પ્રતિપંથીપણું છે, તેના વડે=અભોજનભાવના વડે, ભોજનભાવનાની નિવૃત્તિમાં પણ ક્ષુધાભોજનાદિની અનિવૃત્તિ છે અને તેની પુષ્ટિ કરતાં કહે છે -

તપસ્વીઓને ક્ષુધા જ નથી લાગતી એવું નથી, પરંતુ તેઓ વડે=તપસ્વીઓ વડે, તે=ક્ષુધા, નિરોધ કરાય છે.

'**निरुध्यत इति**' અહીં '**इति**'શબ્દ '**मैव**'થી જે કથન કર્યું તેની સમાપ્તિ સૂચક છે.

'**बुभुक्षा**' -બુભુક્ષાના નિરોધમાં ભોજનનો પણ નિરોધ થાય છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો સિદ્ધાંતકાર તેને કહે છે કે એમ ન કહેવું.

'**तस्यास्त**' - કેમ કે તેનું=બુભુક્ષાનું, તદ્અહેતુપણું=ભોજનનું અહેતુપણું, છે, અર્થાત્ બુભુક્ષા ભોજનના હેતુભૂત નથી. બુભુક્ષાનો નિરોધ થાય તેને ભોજનનો પણ નિરોધ થાય એવો નિયમ નથી, એ વાત આગળ સ્પષ્ટ થશે.

ટીકા :- इदमत्र तात्पर्यं- यथाऽशरीरभावनया शरीरममत्वनिवृत्तिरेवेति तदत्यन्तोत्कर्षात्तदत्यन्तापकर्षो, न तु शरीरात्यन्तापकर्षोऽपि, क्वचित्तदपकर्षस्य दृढतरतपःपरिशीलनाद्यौपाधिकत्वात् तथाऽभोजनभावनाऽत्यन्तोत्कर्षादपि तद्गृध्नुताद्यत्यन्तापकर्ष एव सिद्ध्यति न तु भोजनात्यन्तापकर्षोपि, क्वचित्तदपकर्षस्य तपोऽर्थिताद्यौपाधिकत्वादिति किमधिकबालबोधप्रयासेन? एवं जरातङ्कजन्मान्तकखेदानामपि कैवल्याऽप्रतिपन्थित्वात्तद्दोषत्वाभिधानमपि पामरशिशुप्रतारणमात्रम्! न च तज्जन्ममरणाभावः केवलिनि संभवत्यपि, जन्ममरणान्तराभावस्तु तत्कारणाभावपर्यवसितः सन् रागाद्यभावान्नाधिकीभवितुमुत्सहते। इतरजनसाधारण्यमात्रेण खेदादिनां दोषत्वोक्तौ च मनुष्यत्वादीनामपि दोषत्वमुक्तिसहं स्यादिति वार्त्तामात्रमेतत्॥७३॥७४॥

ટીકાર્થ :- 'इदमत्र तात्पर्यं' - અહીં આ પ્રમાણે તાત્પર્ય છે-

જેમ અશરીરભાવના વડે શરીરના મમત્વની નિવૃત્તિ જ છે, એથી કરીને તેના અત્યંત ઉત્કર્ષથી = અશરીરભાવનાના અત્યંત ઉત્કર્ષથી, તેનો અપકર્ષ થાય છે=શરીરના મમત્વનો અપકર્ષ થાય છે, પરંતુ શરીરનો અત્યંત અપકર્ષ પણ થતો નથી.

ઉત્થાન :- અશરીરભાવનાને ભાવતા તપસ્વીનું શરીર અપકૃષ્ટ થયેલું દેખાય છે, તેથી કહે છે-

ટીકાર્થ :- 'क्वचित्' - ક્યારેક તેના અપકર્ષનું=શરીરના અપકર્ષનું, દૃઢતર તપપરિશીલનાદિના કારણે ઔપાધિકપણું છે.

'दृढतरतपःपरिशीलनाद्यौपाधिकत्वात्' - અહીં તૃતીયાથી સમાસ ખોલવો, સમાસમાં હેતુ અર્થક તૃતીયા સમજવી.

'तथाऽभोजन' - તે પ્રમાણે અભોજનભાવનાના અત્યંત ઉત્કર્ષથી પણ તદ્ગૃધ્નુતાદિનો અત્યંત અપકર્ષ=ભોજનની ગૃદ્ધિ=આસક્તિ, આદિનો અત્યંત અપકર્ષ, જ સિદ્ધ થાય છે; પરંતુ ભોજનનો અત્યંત અપકર્ષ પણ સિદ્ધ થતો નથી.

ઉત્થાન :- અભોજનભાવનાથી ભાવિત થયેલા કેટલાક તપસ્વીઓનો આહાર ઓછો હોય છે, તે બતાવે છે કે તેઓને ભોજનનો અપકર્ષ થયેલ છે, તેથી કહે છે -

ટીકાર્થ :- 'क्वचित्' - ક્વચિત્ તેના=ભોજનના, અપકર્ષનું તપના અર્થીપણાદિના કારણે ઔપાધિકપણું છે. એથી કરીને બાળને અધિક બોધ માટે પ્રયાસ વડે શું?

'एवं' - એ પ્રમાણે જરા, આતંક, જન્મ, મૃત્યુ, ખેદાદિનું પણ કૈવલ્યનું અપ્રતિપંથીપણું હોવાથી તેના=જરા આદિના, દોષપણાનું અભિધાન પણ પામર શિશુને ઠગવામાત્ર છે અને તદ્જન્મ=ચરમ જન્મ અને ચરમ જન્મના મરણનો અભાવ કેવલીને પણ સંભવતો નથી જ.

ઉત્થાન :- જન્માંતર અને અન્ય મૃત્યુનો અભાવ તો કેવલીને સંભવે છે, તેથી કહે છે-

ટીકાર્થ :- 'जन्म' - વળી અન્ય જન્મ અને અન્ય મૃત્યુનો અભાવ, તેના કારણના અભાવમાં=જન્મમરણના કારણના અભાવમાં, પર્વયસિત થયું છતું રાગાદિના અભાવથી અધિક થવા માટે ઉત્સાહ પામતું નથી; અર્થાત્ રાગાદિના અભાવથી અન્ય જન્મ, અન્ય મરણનો અભાવ થાય છે.

'इतरजन' - અને ઇતરજન સાધારણ્યમાત્રથી ખેદાદિના દોષપણાની ઉક્તિમાં મનુષ્યત્વાદિનું પણ દોષપણું યુક્તિસહ થશે, અર્થાત્ મનુષ્યપણું આદિ પણ ઇતરજન સાધારણ હોવાથી દોષરૂપ માનવાની આપત્તિ આવશે, એથી કરીને આ કથન વાર્તામાત્ર છે.**॥૭૩-૭૪॥**

❀ અહીં ખેદાદિ કહ્યું ત્યાં ખેદ=શરીરનો થાક લેવાનો છે. અને '**आदि**'પદથી જરાનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :- 'इदमत्र' અહીં અશરીરભાવના એ છે કે, જે વ્યક્તિને શરીરથી હું કથંચિત્ પૃથક્ છું અને કથંચિદ્ અપૃથક્ છું એ રૂપ સ્યાદ્વાદનો સમ્યગ્બોધ છે, અને તેને કારણે જે શરીરથી પૃથક્ભૂત એવા આત્મસ્વરૂપને લક્ષ્ય કરીને સમ્યક્ પ્રકારે તપાદિમાં યત્ન કરે છે, તે વખતે તે શરીરના મમત્વના પરિહારના યત્નરૂપ અશરીરી એવા આત્મસ્વરૂપનું ચિંતવન કરે છે. તેથી જેમ જેમ તે ચિંતવન તે શબ્દોથી નિષ્પાદ્ય એવા જે પરિણામો છે તેને પેદા કરે છે, તેમ તેમ તે અશરીરભાવના આત્મામાં સ્ફુરાયમાન થવા માંડે છે. તેથી શરીર પ્રત્યે જે પ્રતિબંધ હતો તે ક્રમસર હીન-હીનતર થતો જાય છે. જ્યારે તે અશરીરભાવના પ્રકર્ષને પામે છે ત્યારે, યદ્યપિ આત્માનો શરીર સાથે સંયોગ હોવા છતાં, અને શરીર ઉપર ઉપઘાતક પદાર્થના સંયોગથી તજ્જન્ય અશાતાનું સંવેદન હોવા છતાં, શરીરથી પૃથક્ભૂત એવું જે પરમ ઉદાસીનસ્વરૂપ આત્માનું છે, તેનો ઉપયોગમાં પ્રતિબંધ વર્તે છે. તેથી તે શરીરકૃત અશાતા ચિત્તમાં લેશ પણ અરતિ પેદા કરતી નથી, પરંતુ શરીરના સર્વ ભાવો પ્રત્યે પરમૌદાસીન્યરૂપ આત્મરતિનું જ ચિત્તમાં સંવેદન થાય છે.

'औपाधिकत्वात्' - કોઈ વખતે શરીરનો જે અત્યંત અપકર્ષ થયો=શરીર અત્યંત ક્ષીણ થયું, તે દૃઢતર તપપરિશીલનાદિ ઔપાધિક છે=બાહ્ય આચરણારૂપ ઉપવાસાદિ તપના કારણે શરીરની ક્ષીણતારૂપ છે એમ કહ્યું, ત્યાં દૃઢતર તપપરિશીલન ઉપાધિ છે અને શરીરનો અપકર્ષ ઔપાધિક છે. જેમ જપાકુસુમરૂપ ઉપાધિને કારણે સ્ફટિકમાં રક્તતા ઔપાધિક પ્રાપ્ત થાય છે, તેમ તપના પરિશીલનરૂપ ઉપાધિને કારણે શરીરના અપકર્ષરૂપ ઔપાધિક ધર્મ દેહમાં પેદા થાય છે, અને તે અશરીરભાવનામાં નિમિત્તકારણરૂપ તપ હોવાને કારણે મુનિ તપનું સેવન કરે છે; અને ઉપાધિરૂપ આ તપ બાહ્ય આચરણારૂપ જ ગ્રહણ કરવાનો છે પણ નહિ કે અભ્યંતર તપ, કેમ કે શરીરના અપકર્ષનું જનક બાહ્ય તપ છે.

'तपोऽर्थिता' - ક્વચિત્ ભોજનનો અત્યંત અપકર્ષ તપોઅર્થિતાથી ઔપાધિક છે એમ કહ્યું, ત્યાં તપોઅર્થિતા એ જીવનો પરિણામ છે, અને એ રૂપ ઉપાધિથી ભોજનની જે જીવની ક્રિયા છે તેનો અત્યંત અપકર્ષ થાય છે, તેથી તપોઅર્થિતા એ ઉપાધિ છે અને ભોજનનો અપકર્ષ એ ઔપાધિક છે.**॥૭૩-૭૪॥**

अवतरणिका :- ननु केवलिनां क्षायिकं सुखं प्रसिद्धं, तेन च सह क्षुत्तृष्णादिरूपं दुःखं नावतिष्ठते, अत एव तत्र पारिभाषिकं दोषत्वमित्यभिप्रेत्य शङ्कते -

અવતરણિકાર્થ :- કેવલીને ક્ષાયિક સુખ પ્રસિદ્ધ છે અને તેની સાથે=ક્ષાયિક સુખની સાથે, ક્ષુધાતૃષાદિરૂપ દુઃખ રહે નહિ. આથી કરીને જ ત્યાં=કેવલીમાં, પારિભાષિક દોષત્વ છે, એ પ્રકારના અભિપ્રાયથી શંકા કરતાં કહે છે-

ગાથા :- **अह जइ जिणस्स खइअं सुक्खं दुक्खं विरुज्झए तेणं ।**
तो सामण्णाभावे विसेससत्ता कहं जुत्ता? ॥ ७५ ॥

(अथ यदि जिनस्य क्षायिकं सौख्यं दुःखं विरुध्यते तेन । तत्सामान्याभावे विशेषसत्ता कथं युक्ता? ॥७५॥)

ગાથાર્થ :- જો જિનને ક્ષાયિક સુખ હોય તો તેની સાથે=સુખની સાથે, દુઃખ વિરોધી થાય તે કારણથી સામાન્યના અભાવમાં=દુઃખસામાન્યના અભાવમાં, વિશેષ સત્તા=ક્ષુધાદિરૂપ દુઃખવિશેષની સત્તા, કેવી રીતે સંભવે? અર્થાત્ ન સંભવે.

ટીકા :- 'क्षायिकसुखशालिनां हि केवलिनां दुःखसामान्यमेव न भवति, कुतस्तरां तद्विशेषभूते क्षुत्तृष्णे? न हि वृक्षसामान्याभाववति प्रदेशे शिंशपासंभव' इति परप्रत्यवस्थानम् ॥७५॥

ટીકાર્થ :- **'क्षायिक'** ક્ષાયિક સુખવાળા કેવલીઓને દુઃખસામાન્ય જ નથી, તો પછી તદ્વિશેષભૂત=દુઃખવિશેષભૂત, ક્ષુધાતૃષા ક્યાંથી હોય?

'न हि' - જે કારણથી વૃક્ષસામાન્યના અભાવવાળા પ્રદેશમાં શિંશપાનો સંભવ નથી, એ પ્રમાણે પરપ્રત્યવસ્થાન છે=પૂર્વપક્ષીનું કહેવું છે. **॥૭૫॥**

अवतरणिका :- तत्र बाधकमाह-

અવતરણિકાર્થ :- ત્યાં=પૂર્વપક્ષીના પ્રત્યવસ્થાનમાં, ગ્રંથકાર બાધક કહે છે -

ગાથા :- **तो वेअणिज्जकम्मं उदयप्पत्तं कहं हवे तस्स? ।**
ण य सो पदेसउदयो समयम्मि विवागभणणाउ ॥७६॥

(तद्वेदनीयं कर्म उदयप्राप्तं कथं भवेत्तस्य ? न च स प्रदेशोदयः समये विपाकभणनात् ॥७६॥)

ગાથાર્થ :- તે કારણથી=કેવલીને ક્ષુધાતૃષાનો અભાવ પૂર્વપક્ષી કહે છે તે કારણથી, ઉદયપ્રાપ્ત વેદનીયકર્મ તેને=કેવલીને, કેવી રીતે હોઈ શકે? અર્થાત્ ન હોઇ શકે અને શાસ્ત્રમાં વિપાકનું=વિપાકોદયનું, કથન હોવાથી સઃ=ઉદયપ્રાપ્ત વેદનીયકર્મ, પ્રદેશોદય નથી.

ટીકા :- न खलु केवलिनां क्षायिकं सुखं संभवति, उदयप्राप्तेन वेदनीयकर्मणा तद्विरोधात्, क्षायिकं सुखं हि वेदनीयकर्मक्षयजन्यं, न च तदुदये तत्क्षयः संभवतीति भावः।

ઉત્થાન :- પૂર્વપક્ષી કેવલીને ક્ષાયિક સુખ કહે છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :- '**न खलु**'-કેવલીઓને ક્ષાયિક સુખ સંભવતું નથી, કેમ કે ઉદયપ્રાપ્ત વેદનીયકર્મ સાથે તેનો=ક્ષાયિક સુખનો, વિરોધ છે. જે કારણથી ક્ષાયિક સુખ વેદનીયકર્મક્ષયજન્ય છે અને તેના=વેદનીયકર્મના, ઉદયમાં તેનો=વેદનીયકર્મનો, ક્ષય સંભવતો નથી, એ પ્રમાણે ભાવ છે.

ટીકા :- अथ क्षायिकसुखे गौणं मुख्यं वा दुःखमेव साक्षात्तत्प्रतिपन्थि, वेदनीयकर्म तु तत्कारणतयैवोपक्षीणम्। एवं च केवलिनि वेदनीयविपाकोदयाभावात्तदुदयाभिधानस्य च प्रदेशोदयार्थकत्वात्तस्य च दुःखाऽजनकत्वात् तद्विरहे तत्र नित्याऽऽनन्दनिःस्पन्दता निराबाधेति चेत्? न, तत्कर्मक्षायिकभावं प्रति तत्कर्मक्षयस्यैव हेतुत्वात्, अन्यथा सुषुप्तावैन्द्रियकसुख-दुःखादिविलये क्षायिकसुखप्रसङ्गात्।

ટીકાર્થ :- 'अथ'થી પૂર્વપક્ષી કહે છે કે ક્ષાયિક સુખમાં ગૌણ દુઃખ=શાતાના ઉદયથી જન્ય દુઃખના પ્રતીકારરૂપ સુખ છે જે તત્ત્વથી દુઃખરૂપ છે તે રૂપ ગૌણ દુઃખ, અથવા મુખ્ય દુઃખ જ=અશાતાના ઉદયથી જન્ય મુખ્ય દુઃખ જ, સાક્ષાત્ પ્રતિપંથી છે. ('**तत्प्रतिपन्थि**' ટીકામાં છે તેમાં '**तत्**' શબ્દ વધારાનો ભાસે છે.) વળી વેદનીયકર્મ તેના=ગૌણ કે મુખ્ય દુઃખના, કારણપણા વડે કરીને જ ઉપક્ષીણ છે. (અર્થાત્ તે વેદનીયકર્મ ગૌણ કે મુખ્ય દુઃખને પેદા કરી ચરિતાર્થ થઈ જાય છે.)

'**एवं च**' - અને આ રીતે=ક્ષાયિક સુખમાં ગૌણ કે મુખ્ય દુઃખ જ સાક્ષાત્ પ્રતિપંથી છે, વળી વેદનીયકર્મ તેના કારણપણા વડે કરીને જ ઉપક્ષીણ છે એ રીતે, કેવલીમાં વેદનીયકર્મના વિપાકોદયનો અભાવ હોવાથી વેદનીયકર્મના ઉદયના અભિધાનનું પ્રદેશોદયાર્થકપણું હોવાથી અને તેનું=પ્રદેશોદયનું, દુઃખ અજનકપણું હોવાથી, તેના=દુઃખના, વિરહમાં ત્યાં=કેવલીમાં, નિત્યઆનંદની નિઃસ્પન્દતા=પ્રવાહિતા, નિરાબાધ છે, આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો સિદ્ધાંતકાર કહે છે કે એમ ન કહેવું. તેમાં હેતુ કહે છે-

'**तत्कर्म**' - તત્કર્મના=ક્ષાયિક સુખના પ્રતિબંધક એવા વેદનીયકર્મના, ક્ષાયિકભાવ પ્રતિ તત્કર્મના=વેદનીયકર્મના, ક્ષયનું જ હેતુપણું છે.

'**अन्यथा**' - એવું ન માનો તો, અર્થાત્ ક્ષાયિક સુખ પ્રતિ વેદનીયકર્મના ક્ષયનું હેતુપણું ન માનો તો, અને વેદનીયકર્મના ઉદયથી થનારા સુખદુઃખને પ્રતિબંધક માનો તો, સુષુપ્તિ અવસ્થામાં ઐન્દ્રિયક=ઇન્દ્રિય સંબંધિ, સુખદુઃખાદિનો વિલય હોવાને કારણે ક્ષાયિક સુખ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થશે.

❀ '**ऐन्द्रियकसुखदुःखादिविलये**' - અહીં સતિસપ્તમી હેતુ અર્થક છે.

ભાવાર્થ :- 'अथ'થી પૂર્વપક્ષીનું કહેવું છે કે ક્ષાયિક સુખમાં ગૌણ કે મુખ્ય દુઃખ જ પ્રતિબંધક છે અને વેદનીયકર્મનો ઉદય ક્ષાયિક સુખમાં પ્રતિબંધક નથી, અને તે વેદનીયકર્મ ગૌણ કે મુખ્ય દુઃખ પેદા કરીને ચરિતાર્થ થઈ જાય છે, માટે કેવલીને ક્ષાયિક સુખ માનવામાં વિરોધ નથી.

અહીં પ્રશ્ન થાય કે કેવલીને વેદનીયકર્મનો ઉદય પણ છે તેથી તેનું કાર્ય ગૌણ કે મુખ્ય દુઃખ પેદા થશે જ, તેથી ક્ષાયિક સુખ કેવલીને નહિ સંભવે. તેથી કહે છે કે, શાસ્ત્રમાં કેવલીને વેદનીયકર્મના ઉદયનું કથન છે તે પ્રદેશોદય અર્થમાં છે, અને પ્રદેશોદયથી આવતું કર્મ દુઃખને પેદા કરતું નથી, તેથી કેવલીને ગૌણ કે મુખ્ય દુઃખનો વિરહ છે, અને તેને કારણે કેવલીમાં નિત્ય આનંદની નિઃસ્પન્દતા અર્થાત્ નિત્ય આનંદનો પ્રવાહ નિરાબાધ છે.

તાત્પર્ય એ છે કે દુઃખજનક વેદનીયકર્મનો વિપાકોદય ન હોવાને કારણે કેવલીને સદા આનંદ રહે છે અને તે આનંદ પણ માત્રાથી વધઘટ થતો નથી, પરંતુ અખંડ પૂર્ણભૂમિકાવાળો વર્તે છે. આ પ્રકારે પૂર્વપક્ષીનું કહેવું છે, તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે-

ક્ષાયિકભાવ એ કર્મના ક્ષયથી થાય છે અને ક્ષાયિક સુખનું પ્રતિબંધક વેદનીય કર્મ છે, તેથી વેદનીયકર્મનો પ્રદેશોદય સ્વીકારવામાં આવે તો પણ ક્ષાયિક સુખ કેવલીમાં માની શકાય નહિ; કેમ કે ક્ષાયિકભાવ સંપૂર્ણ કર્મના ક્ષયથી જ થાય છે. આમ છતાં "**तुष्यतु दुर्जनः**" એ ન્યાયથી વેદનીયકર્મના પ્રદેશોદયમાં પણ ક્ષાયિક સુખ માની લેવામાં આવે તો, જ્યારે માણસ ગાઢ ઊંઘમાં છે ત્યારે ઇંદ્રિય સંબંધી સુખદુઃખનો અનુભવ નથી, તેથી ક્ષાયિક સુખનો પ્રતિપંથી જે ગૌણ દુઃખ કે મુખ્ય દુઃખ છે તે સુષુપ્તિમાં નથી, તેથી ત્યાં ક્ષાયિક સુખ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, જે દિગંબરને પણ અભિમત નથી.

અહીં વિશેષ એ છે કે યદ્યપિ સુષુપ્તિ અવસ્થામાં વેદનીયકર્મનો પ્રદેશોદય નથી પરંતુ વિપાકોદય જ છે, જ્યારે પૂર્વપક્ષીએ કેવલીને વેદનીયકર્મનો પ્રદેશોદય હોવાને કારણે તજ્જન્ય સુખદુઃખ કેવલીને નથી તેથી કેવલીમાં ક્ષાયિક સુખ માનેલ છે; તો પણ કેવલીને ક્ષાયિક સુખ હોવાનું કારણ તેના પ્રતિપંથી એવા સુખદુઃખનું સંવેદન કેવલીને નથી એમ તેઓ માને છે. અને લોકને વિદિત છે કે જે જે ઇંદ્રિયોનો વિષયની સાથે સંપર્ક થાય છે, તે તે વિષયોના અનુગ્રહ અને ઉપઘાતને કારણે સુખદુઃખાદિ થાય છે; તે રીતે સુષુપ્તિમાં વિષયના સંપર્કજન્ય કોઇ સુખ-દુઃખાદિ નથી, તેથી નિદ્રામાં પણ જે સુખની સંવિત્તિ છે તે ઇંદ્રિયના સુખદુઃખાદિના અભાવને કારણે જ છે, તેથી તે સંવિત્તિને ક્ષાયિક જ માનવી પડે; જેમ કેવલીને ઐન્દ્રિયક સુખદુઃખાદિના અભાવને કારણે ક્ષાયિક સુખ પૂર્વપક્ષી માને છે. જ્યારે સિદ્ધાંતકારને તો વેદનીયકર્મના ક્ષયથી ક્ષાયિક સુખ અભિમત છે, તેથી સુષુપ્તિમાં ક્ષાયિક સુખ માનવાની આપત્તિ આવતી નથી અને કેવલીને પણ વેદનીયકર્મનો ક્ષય નહિ હોવાથી ક્ષાયિક સુખ નથી.

ઉત્થાન :- સિદ્ધાંતકારે પૂર્વપક્ષીને સુષુપ્તિમાં ક્ષાયિક સુખનો પ્રસંગ આપ્યો, તેનાથી કેવલીને ક્ષાયિક સુખ નથી તે સિદ્ધ થયું. તેનું નિરાકરણ પૂર્વપક્ષી કરે છે-

ટીકા :- 'स्वसमानाधिकरणतज्जातीयप्रागभावाऽसमानकालीनतद्विलयस्य तद्धेतुत्वान्न दोष' इति चेत्? न, तथापि लाघवात् 'तद्धेतोरेवास्तु किं तेन?' इति न्यायाच्च चरमदुःखध्वंसजनकस्य वेदनीयकर्मक्षयस्यैव क्षायिकसुखहेतुत्वात्। न चेदेवं मोहोदयाभावमात्रेणोपशान्तगुणस्थानवर्त्तिनामपि क्षायिकचारित्रप्रसङ्गः।

टीकार्थ :- 'स्वसमानाधिकरण'-સ્વસમાનાધિકરણતજ્જાતીયપ્રાગભાવઅસમાનકાલીન તદ્વિલયનું=સુખદુઃખાદિ વિલયનું, તદ્ધેતુપણું =ક્ષાયિક સુખનું હેતુપણું, હોવાથી સુષુપ્તિમાં ક્ષાયિક સુખના પ્રસંગની પ્રાપ્તિરૂપ દોષ નથી, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર તેને કહે છે કે એમ ન કહેવું.

'तथापि' – તો પણ લાઘવથી અને **'तद्धेतोरेवास्तु किं तेन?'** આ પ્રમાણે ન્યાય હોવાથી ચરમદુઃખધ્વંસજનક એવા વેદનીયકર્મક્ષયનું જ ક્ષાયિક સુખનું હેતુપણું છે.

'न चेदेवं' – અને જો એ પ્રમાણે ન માનો તો, અર્થાત્ વેદનીયકર્મના ક્ષયને ક્ષાયિક સુખનો હેતુ ન માનો અને ગૌણ કે મુખ્ય દુઃખના અભાવને ક્ષાયિક સુખનો હેતુ માનો તો, મોહના ઉદયના અભાવમાત્રથી ઉપશાંતમોહ-ગુણસ્થાનવર્તી જીવોને પણ ક્ષાયિક ચારિત્રનો પ્રસંગ આવશે.

ભાવાર્થ :- ઐન્દ્રિયક સુખદુઃખનો વિલય ગાઢ ઊંઘમાં સંસારી જીવોને હોય છે અને કેવલીને સદા હોય છે, પરંતુ કેવલીમાં જે વખતે ઐન્દ્રિયક સુખદુઃખનો વિલય છે, તે જ કાળમાં તે ઐન્દ્રિયક સુખદુઃખના વિલયમાં વર્તતી જે સુખત્વ-દુઃખત્વ જાતિ છે, તેનો પ્રાગભાવ હોતો નથી; તેથી ઐન્દ્રિયક સુખદુઃખના વિલયના અધિકરણરૂપ જે કેવલીનો આત્મા તેમાં વર્તતો તજ્જાતીય એવા પ્રાગભાવનો અભાવ છે, અર્થાત્ ઐન્દ્રિયક સુખદુઃખની અંદરમાં વર્તતી જાતિના પ્રાગભાવનો અભાવ છે, તેથી તે પ્રાગભાવના અસમાનકાલીન એવો ઐન્દ્રિયક સુખદુઃખનો વિલય કેવલીમાં છે અને તે વિલય ક્ષાયિક સુખ પ્રત્યે હેતુ છે; જ્યારે સંસારી જીવોમાં ઐન્દ્રિયક સુખદુઃખમાં વર્તતી જે જાતિ છે તજ્જાતીય પ્રાગભાવનો અભાવ નથી, તેથી તજ્જાતીય પ્રાગભાવના સમાનકાલીન ઐન્દ્રિયક સુખદુઃખનો વિલય છે, પરંતુ પ્રાગભાવના અસમાનકાલીન નથી; તેથી સુષુપ્તિમાં ક્ષાયિક સુખનો પ્રસંગ પ્રાપ્ત થશે નહિ, એ પ્રકારે પૂર્વપક્ષીનું કહેવું છે. અને આ પ્રકારના લક્ષણનો પરિષ્કાર જે પૂર્વપક્ષીએ કર્યો તેને સ્વીકારીને ગ્રંથકાર **'तथापि'**થી કહે છે કે, એ રીતે સ્વીકારવાથી સુષુપ્તિમાં ક્ષાયિક સુખ માનવાની આપત્તિ નહિ આવે તો પણ, કાર્યકારણભાવ માનવામાં લાઘવને સામે રાખીને વિચારીએ તો, અને **'तद्धेतो.....'** એ ન્યાયથી વિચારીએ તો, વેદનીયકર્મના ક્ષયને ક્ષાયિક સુખ પ્રત્યે હેતુ માનવું ઉચિત છે.

અહીં વિશેષ એ છે કે ક્ષાયિક સુખના પ્રતિપંથી ગૌણ કે મુખ્ય દુઃખને માનીએ અને તેનો અભાવ ક્ષાયિક સુખ પ્રતિ કારણ છે એમ માનીએ, તો સુષુપ્તિમાં દોષ આવ્યો; તેના નિવારણ માટે તે દુઃખનો અભાવ વિશિષ્ટ માનવો પડ્યો, જે **'स्वसमानाधिकरण'**થી બતાવેલ છે. તેની અપેક્ષાએ વેદનીયકર્મક્ષયને ક્ષાયિક સુખ પ્રતિ હેતુ માનવામાં લાઘવ છે, અને તે વિશિષ્ટ વિલયમાં શરીરકૃત અને ઉપસ્થિતિકૃત ગૌરવ છે, અને **'तद्धेतोः'** એ ન્યાયથી પણ વેદનીયકર્મક્ષયનું ક્ષાયિક સુખ પ્રતિ હેતુપણું છે. તેથી વેદનીયકર્મના ક્ષયથી ચરમદુઃખધ્વંસ અને એ ચરમદુઃખધ્વંસથી ક્ષાયિક સુખ એમ માનવું ઉચિત નથી.

આશય એ છે કે પૂર્વપક્ષીએ કહેલ કે વેદનીયકર્મ ગૌણ કે મુખ્ય દુઃખ પેદા કરીને ચરિતાર્થ થઈ જાય છે, અને ગૌણ કે મુખ્ય દુઃખ જ ક્ષાયિક સુખને અટકાવે છે, તેનું નિરાકરણ કરતાં કહે છે કે ક્ષાયિક સુખનું કારણ દુઃખધ્વંસ અને તે દુઃખધ્વંસનું કારણ વેદનીયનો ક્ષય, એમ માનવા કરતાં **'तद्धेतोः'**એ ન્યાયથી વેદનીયકર્મના ક્ષયને જ ક્ષાયિક સુખનું કારણ માનવું ઉચિત છે.

'तद्धेतोः' ન્યાયનું તાત્પર્ય એ છે કે ઘટનું કારણ ભ્રમિ અને ભ્રમિનું કારણ દંડ, એમ માનવું તેના કરતાં દંડને જ ઘટના પ્રત્યે કારણ માનવું ઉચિત છે, તેમ પ્રસ્તુતમાં ક્ષાયિક સુખ પ્રત્યે દુઃખક્ષય, અને દુઃખક્ષય પ્રત્યે વેદનીયકર્મનો અનુદય માનીને કેવલીને વેદનીયકર્મનો પ્રદેશોદય છે, તેમ કહીને ક્ષાયિક સુખ કહેવું ઉચિત નથી, પણ ક્ષાયિક સુખ પ્રત્યે વેદનીયકર્મના ક્ષયને જ હેતુ માનવું ઉચિત છે, અને તેમ ન માનો તો ૧૧માં ગુણસ્થાનકમાં મોહનીયકર્મનો વિપાકોદય નથી તેથી ૧૧માં ગુણસ્થાનકે પણ ક્ષાયિક ચારિત્ર માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય.

ઉત્થાન :- 'न खलु.....' થી 'क्षायिकचारित्रप्रसङ्गः' સુધીના કથનનું 'तस्मात्'થી નિગમન કરે છે.

ટીકા :- तस्मात्तत्कर्मक्षयजन्यभावे तत्कर्मसत्तैव प्रतिबन्धिकेति युक्तमुत्पश्यामः। अथ युक्तिसिद्धमेवेदमिति चेत्? अहो अयुक्तिप्रियत्वं देवानांप्रियस्य यदत्र प्रसरति प्रद्वेषः। न च श्रुतविरुद्धमपीदं, श्रुते केवलिनि वेदनीयविपाकोदयोपदेशेन तथैव व्यवस्थानात्, प्रत्युत त्वदुक्तप्रदेशोदयस्यैव सिद्धान्ताऽसाक्षिकत्वात्॥७६॥

ટીકાર્થ :- 'तस्मात्'-તે કારણથી તત્કર્મક્ષયજન્યભાવમાં=વેદનીયકર્મક્ષયજન્યભાવમાં, તત્કર્મની=વેદનીયકર્મની, સત્તા જ, પ્રતિબંધિકા છે એ પ્રમાણે અમે યુક્ત જોઈએ છીએ.

'अथ'થી પૂર્વપક્ષી કહે છે કે આ=તત્કર્મક્ષયજન્યભાવમાં તત્કર્મની સત્તા જ પ્રતિબંધિકા છે આ, તમે કહ્યું તે યુક્તિસિદ્ધ જ છે, અર્થાત્ આગમસિદ્ધ નથી ફક્ત યુક્તિસિદ્ધ છે, એ પ્રમાણે પૂર્વપક્ષીનું કહેવું છે. તેને ગ્રંથકાર કહે છે કે અહો! દેવાનાંપ્રિયનું અયુક્તિપ્રિયપણું! જે કારણથી અહીં=આ યુક્તિયુક્ત પદાર્થ સિદ્ધ કર્યો ત્યાં, પ્રદ્વેષ પ્રસરે છે.

'न च' અને આ = તત્કર્મક્ષયજન્યભાવ પ્રત્યે તત્કર્મની સત્તા પ્રતિબંધિકા છે એ કથન, શ્રુતવિરુદ્ધ પણ નથી.

☞ **'श्रुतविरुद्धमपीदं'** અહીં **'अपि'**થી એ સમુચ્ચય થાય છે કે યુક્તિસિદ્ધ તો છે જ પરંતુ શ્રુતવિરુદ્ધ પણ નથી, અર્થાત્ આગમસિદ્ધ પણ છે.

તેમાં હેતુ કહે છે-

'श्रुत'-શ્રુતમાં=આગમમાં, કેવલીવિષયક વેદનીયકર્મના વિપાકોદયનો ઉપદેશ હોવાને કારણે, તે જ પ્રકારે=કેવલીને ક્ષાયિક સુખ નથી તે જ પ્રકારે, વ્યવસ્થાન છે. પ્રત્યુત=ઊલટું તારા વડે કહેવાયેલું પ્રદેશોદયનું જ સિદ્ધાંતમાં અસાક્ષીકપણું છે=સિદ્ધાંતને માન્ય નથી.**॥૭૬॥**

અવતરણિકા :- अथ तद्विपाकोदयोपदेशमेव प्रपञ्चयति-

અવતરણિકાર્થ :- હવે (કેવલીને) વેદનીયકર્મના વિપાકોદયના આગમમાં આવતા ઉપદેશનો જ વિસ્તાર કરે છે.

ગાથા :- **आवस्सयणिजुत्तीइ पयडिपसत्थोदयोवएसेणं ।**
णज्जइ ता सुहयाउ असुहप्पडिवक्खवयणेणं ॥७७॥

(आवश्यकनिर्युक्तौ प्रकृतिप्रशस्तोदयोपदेशेन । ज्ञायते ताः सुखदा असुखप्रतिपक्षवचनेन (नात्) ॥७७॥)

ગાથાર્થ :- આવશ્યકનિર્યુક્તિમાં (તીર્થંકરને) અસુખના પ્રતિપક્ષવચનરૂપ પ્રશસ્ત પ્રકૃતિના ઉદયનો ઉપદેશ હોવાને કારણે તે પ્રકૃતિઓ સુખને આપનારી જણાય છે.

टीका :- आवश्यकनिर्युक्तौ हि तीर्थकरेऽनुत्तरः प्रशस्तप्रकृत्युदयस्तदुदयबाहुल्याभिभूततया मन्दश्चाऽप्रशस्तप्रकृत्युदयो व्यावर्णितः। तथाहि- [आ. नि. ५७१-५७२]

[१]संघयणरूवसंठाणवण्णगइसत्तसारऊसासा ।
एमाइ णुत्तराइं हवंति णामोदए तस्स ॥[५७१]
[२]पयडीणं अण्णासुवि पसत्थउदया अणुत्तरा हुंति ।
खयउवसमे वि य तहा खयम्मि अविगप्पमाहंसु ॥[५७२]
[३]अस्सायमाइआउ जा विअ असुहा हवंति पयडीउ ।
णिंबरसलवुव्व पए ण हुंति ता असुहया तस्स ॥ त्ति [५७३]

"अत्र 'खयउवसमे वि य तह'त्ति क्षयोपशमेऽपि सति ये दानलाभादयः कार्यविशेषाः 'अपि' शब्दादुपशमेऽपि ये केचन तेप्यनुत्तरा भवन्तीति क्रियायोगः, तथा कर्मणः क्षये सति क्षायिकज्ञानादिगुणसमुदायं 'अविगप्पमाहंसु'त्ति अविकल्पं व्यावर्णनादिविकल्पातीतं सर्वोत्तममाख्यातवन्तस्तीर्थकृद्गणधरा इति गाथार्थः" **इति व्याख्यानादौदयिकक्षायोपशमिकौपशमिकक्षायिकभावानां तीर्थकरनामोदयप्रसादाद् भगवत्या-धिक्यमभिदधे।**

टीकार्थ :- 'आवश्यक'-आवश्यकनिर्युक्तिमां तीर्थंकरमां अनुत्तर प्रशस्त प्रकृतिनो उदय अने तेना = प्रशस्त प्रकृतिना, उदयना बाहुल्यथी अभिभूतपणुं होवाने कारणे मंद अप्रशस्त प्रकृतिनो उदय वर्णन करायेल छे. ते आ प्रमाणे-

'संघयण' - तीर्थंकरनामकर्मना उदयथी तेने=केवलीने, संघयण, રૂપ, संस्थान, वर्ण, गति, सत्त्व (वीर्यांतरायकर्मना क्षयोपशमादिजन्य आत्मपरिणाम), सार (बाह्य गुरुता तथा अभ्यंतर-ज्ञानादि), श्वासोश्वास એવમાદિ અનુત્તર હોય છે.

❀ **'एवमादि'**थी लोही-मांस गायना दूध जेवां लेवानां छे.

'पयडीणं' - (तीर्थंकरो संयम ग्रहण करे छे त्यारे छद्मस्थ अवस्थामां) क्षयोपशम होते छते पण अन्य पण प्रकृतिओनो=दानांतरायादि प्रकृतिओनो प्रशस्त उदय अनुत्तर होय छे.=दानलाभादि कार्यो अनुत्तर होय छे. तथा क्षय होते छते=चार घातीकर्मोनो क्षय होते छते, (तीर्थंकरोमां) (क्षायिक ज्ञानादि) अविकल्प=विकल्पातीत (तीर्थंकर अने गणधरो) कहे छे.=अन्य केवलीओ करतां क्षायिक ज्ञानादि विशेष प्रकारनां होय छे એમ તીર્થંકરો અને ગણધરો કહે છે.

❀ **'पयडीणं अण्णासु वि'** अहीं षष्ठीना अर्थमां सप्तमी छे.

---

१. संहननरूपसंस्थानवर्णगतिसत्त्वसारोच्छ्वासाः । एवमादीन्यनुत्तराणि भवन्ति नामोदयात्तस्य ॥
२. प्रकृतीनामन्यास्वपि प्रशस्ता उदया अनुत्तरा भवन्ति । क्षयोपशमेऽपि च तथा क्षयेऽविकल्पमाख्यातवन्तः ॥
३. असाताद्या याऽपि चाशुभा भवन्ति प्रकृतयः । निम्बरसलव इव पयसि न भवन्ति ता असुखदास्तस्य ॥

'अस्साय' અને અશાતાદિ જે પણ અશુભ પ્રકૃતિઓ હોય છે (તે પણ) ક્ષીરમાં લીંબડાના રસના લવની જેમ તીર્થંકરને અશુભદા અથવા અસુખદા નથી.

'त्ति' છે તે આવશ્યકનિર્યુક્તિના ઉદ્ધરણના કથનની સમાપ્તિ સૂચક છે.

આવશ્યકનિર્યુક્તિ ગાથા ૫૭૨નો અર્થ આવશ્યકની ટીકામાં કર્યો છે તે બતાવે છે-

''अत्र'' - અહીં=તીર્થંકરમાં **'खयउवसमे वि य तह'** એ પ્રમાણે કહ્યું, તેનો અર્થ આ પ્રમાણે છે.

ક્ષયોપશમ પણ હોતે છતે જે દાનલાભાદિ કાર્યવિશેષો, **'अपि'** શબ્દથી ઉપશમમાં પણ જે કોઈ (કાર્યવિશેષો) તે પણ અનુત્તર થાય છે, એ પ્રમાણે ક્રિયાયોગ છે= ક્રિયાનો સંબંધ છે. તથા કર્મનો ક્ષય હોતે છતે ક્ષાયિક જ્ઞાનાદિ ગુણસમુદાય (અવિકલ્પ છે.) ત્યાં **'अविगप्पमाहंसु'** એ પ્રમાણે કહ્યું, તેનો અર્થ આ પ્રમાણે છે.

અવિકલ્પ=વ્યાવર્ણનાદિ વિકલ્પાતીત=સર્વોત્તમ, તીર્થંકર-ગણધરોએ કહેલ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. એ રીતે ટીકામાં વ્યાખ્યાન હોવાથી તીર્થંકરનામકર્મના ઉદયના પ્રસાદથી ઔદયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક અને ક્ષાયિકભાવોનું ભગવાનમાં આધિક્ય હું કહું છું.

ઉત્થાન :- આ રીતે ગ્રંથકારે આવશ્યકનિર્યુક્તિના પાઠથી બતાવ્યું કે તીર્થંકરોમાં પ્રશસ્ત પ્રકૃતિનો ઉદય હોય છે. ત્યાં પૂર્વપક્ષી કહે કે, તીર્થંકરોને પ્રશસ્ત પ્રકૃતિઓનો ઉદય હોવા છતાં વેદનીયકર્મજન્ય સુખ-દુઃખનું ક્ષાયિકમાં તિરોધાન થઈ જાય છે માટે કેવલીને ક્ષુધા-તૃષા નથી, તેના નિરાકરણ અર્થે કહે છે-

टीका :- तत्रौदयिकानां प्रशस्तविपाकोदयप्राबल्यात्, क्षायोपशमिकौपशमिकानां च क्षायिकान्तर्भावात् तत्तिरोधानाद्वा इति विशेषः, न तु वेदनीयोदयजन्यसुखदुःखयोरपि मोहक्षयात् क्षायिकसुखे तिरोधानं युक्तं, एवं सत्यसातवेदनीयप्रकृतिजन्याऽसातस्य मूलोच्छेदे दुग्धघटे निम्बरसलवस्थानीयत्वाभिधानानुपपत्तेः।

टीकार्थ :-'तत्र'-ત્યાં=તીર્થંકરમાં, ઔદયિકભાવોનું પ્રશસ્ત વિપાકોદયના પ્રબલપણાથી અને ક્ષાયોપશમિક અને ઔપશમિકભાવોનો ક્ષાયિકમાં અંતર્ભાવ થવાથી અથવા તત્=તેમાં=ક્ષાયિકમાં, તિરોધાન થવાથી (પૂર્વમાં કહેલ આવશ્યકનિર્યુક્તિના પાઠથી આધિક્ય છે એમ કહ્યું), એ પ્રકારે વિશેષ છે.

'न तु' - પરંતુ મોહના ક્ષયથી વેદનીયકર્મના ઉદયથી જન્ય સુખ-દુઃખનું પણ ક્ષાયિક સુખમાં તિરોધાન (માનવું) યુક્ત નથી, કેમ કે એ પ્રમાણે હોતે છતે=વેદનીયકર્મના ઉદયથી જન્ય સુખ-દુઃખનું પણ મોહના ક્ષયથી ક્ષાયિક સુખમાં તિરોધાન થાય એ પ્રમાણે હોતે છતે, અશાતાવેદનીય પ્રકૃતિજન્ય અશાતાના મૂલોચ્છેદમાં દુગ્ધઘટમાં નિંબરસલવસ્થાનીયત્વનું અભિધાન જે વિશેષાવશ્યકમાં કહેલ છે, તેની અનુપપત્તિ થશે.

ભાવાર્થ :- તીર્થંકરોને ઔદયિકભાવો પ્રબળ વિપાકવાળા હોય છે તેથી વિશેષ છે, અને ઔપશમિક કે ક્ષાયોપશમિકભાવો ક્ષાયિક જેવા હોવાથી તેમાં અંતર્ભાવ કે તિરોધાન થાય છે, તેથી તે ભાવો તીર્થંકરોમાં અન્ય કરતાં વિશેષ હોય છે, પરંતુ આવશ્યકનિર્યુક્તિમાં દૂધના ઘડામાં લીંબડાના ટીપા જેવું અશાતાવેદનીયકર્મ તીર્થંકરને

કહેલ છે, તેથી મોહના ક્ષયથી થતા ક્ષાયિક સુખમાં વેદનીયકર્મનું તિરોધાન સ્વીકારી શકાય નહિ, એ પ્રકારનો ગ્રંથકારનો આશય છે.

તીર્થંકરમાં ક્ષાયોપશમિક અને ઔપશમિકભાવનું ક્ષાયિકમાં અંતર્ભાવ કે તિરોધાન થાય છે એમ કહ્યું- તેનું તાત્પર્ય એ છે કે ભગવાનને છદ્મસ્થકાળમાં દાનાદિ પાંચ લબ્ધિઓ ક્ષયોપશમભાવની હોય છે અને મતિ આદિ ત્રણ જ્ઞાન, સમ્યક્ત્વ અને ચારિત્ર ક્ષયોપશમભાવવાળાં હોય છે, આમ છતાં, તે ક્ષયોપશમભાવ અતિ નિર્મળ કોટિનો હોવાથી ક્ષાયિકભાવની જેમ સર્વથા અતિચાર વગરનો હોય છે. જે રીતે ક્ષયોપશમભાવનાં ત્રણેય જ્ઞાનો અતિ નિર્મળ હોય છે અને લેશ પણ હીનકક્ષાને પામતાં નથી, તે જ રીતે સમ્યગ્દર્શન પણ અતિ નિર્મળ હોય છે, તેથી ક્ષાયિક ભાવની જેમ છદ્મસ્થકાળમાં પણ અતિચારની સંભાવના હોતી નથી; અને ચારિત્ર ગ્રહણ કર્યા પછી ચારિત્ર અત્યંત શુદ્ધ અને ઉત્તરોત્તર વૃદ્ધિમત્ હોય છે, અને દાનાદિ પાંચ લબ્ધિઓ પણ ક્ષાયિકભાવની જેમ છદ્મસ્થકાળમાં પણ દાનાંતરાયાદિકૃત સ્ખલના વગર નિર્મળ કોટિની હોય છે, તેથી પરા કોટિનું દાન દીક્ષાકાળમાં તેઓ કરે છે, તેથી ક્ષયોપશમભાવનો ક્ષાયિકમાં અંતર્ભાવ છે તેમ કહેલ છે અથવા તો ક્ષાયિકમાં તિરોધાન છે એમ કહેલ છે.

કહેવાનો ભાવ એ છે કે છદ્મસ્થકાળમાં વર્તતો નિર્મળ કોટિનો ક્ષાયોપશમિકભાવ, ક્ષાયિકભાવને અત્યંત અભિમુખ હોવાથી, છદ્મસ્થકાળમાં ક્ષાયિકભાવ નહિ હોવા છતાં ક્ષયોપશમભાવનો ક્ષાયિકભાવમાં અંતર્ભાવ છે કે તિરોધાન છે એમ કહેલ છે. અહીં વિશેષ એ છે કે અંતર્ભાવ અથવા તિરોધાન થાય છે એમ કહ્યું; તે કહેવા પાછળનું કારણ એ છે કે, કેવલજ્ઞાન વખતે ક્ષયોપશમભાવોના મતિજ્ઞાનાદિ ક્ષાયિકભાવમાં અંતર્ભાવ પામે છે એ પ્રમાણે એક નયનો મત છે, જ્યારે બીજા મત પ્રમાણે કેવલજ્ઞાનકાળમાં પાંચે જ્ઞાનો સ્વીકારાયાં છે, તેથી ક્ષયોપશમભાવના મતિજ્ઞાનાદિ ક્ષાયિકભાવના કેવલજ્ઞાનમાં તિરોધાન પામે છે, જેમ સૂર્યના પ્રકાશમાં તારાઓનો પ્રકાશ તિરોધાન થાય છે તેમ; એ બતાવવા અર્થે અંતર્ભાવ અને તિરોધાન કહેલ છે. અને ઔપશમિકભાવ યદ્યપિ તીર્થંકરોને કોઇ હોતો નથી, તો પણ દેશોપશમના સર્વ કર્મની થાય છે અને તેનો આમ્નાય વિચ્છિન્ન છે, તેને આશ્રયીને ઔપશમિકભાવને પણ અનુત્તર કહેલ છે, તેવી સંભાવના છે.

ઉત્થાન :- અહીં પૂર્વપક્ષી વિશેષાવશ્યકના કથનનું સમાધાન અન્ય રીતે કરે છે, તેને સામે રાખીને ગ્રંથકાર કહે છે-

ટીકા :- न च प्रकृतिस्वरूपव्यावर्णनमात्रमेतदितरथा तासां कण्ठतोऽसुखजननाऽक्षमत्वाभिधानानुपपत्तेरिति वाच्यम्, रसदृष्टान्तोपन्यासात् तद्वचसो बंहीयसि सुखेऽल्पीयसः कवलाहाराद्यौपयिक-क्षुदादिदुःखस्यासत्प्रायत्वतात्पर्यकत्वात्, दृश्यते चाल्पस्याविवक्षणं तत्र तत्र, न चेदेवं तर्हि मोहक्षयजन्ये सुखेऽसातवेदनीयस्य स्वरूपतोऽविरोधित्वेन तिक्तप्रकृतिकनिम्बलवानुविद्धदुग्धघटदृष्टान्ताभिधानानुप-पत्तिरिति दिग्।।७७।।

ટીકાર્થ :-'**न च**'-વિશેષાવશ્યકનું આ કથન પ્રકૃતિસ્વરૂપના વ્યાવર્ણનમાત્રરૂપ છે, ઇતરથા તેઓની=તે પ્રકૃતિઓની કંઠથી અસુખજનન અક્ષમત્વ અભિધાનની અનુપપત્તિ થશે, આ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે. તેને ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે રસદૃષ્ટાંતનો ઉપન્યાસ છે.

ઉત્થાન :- અહીં શંકા થાય કે રસદૃષ્ટાંતને સામે રાખીને કેવલીને અશાતાવેદનીયકર્મના ઉદયનો અનુભવ છે તેમ માનીએ તો, વિશેષાવશ્યક ગાથા ૫૭૩ના ઉત્તરાર્ધમાં તે અસુખદા નથી તેમ કહ્યું, તે કઈ રીતે ઘટે? તેથી ગ્રંથકાર કહે છે-

ટીકાર્થ :- 'तद्वचसः' - તે વચનનું મોટા સુખમાં નાના એવા કવલાહારાદિના ઔપયિક=ઉપાયરૂપ, ક્ષુધાદિ દુઃખનું અસત્પ્રાયઃપણાનું તાત્પર્યપણું છે, અને અલ્પનું અવિવક્ષણ=અવિવક્ષા, ત્યાં ત્યાં દેખાય છે, અર્થાત્ ઘણાં શાસ્ત્રોમાં અલ્પની અભાવરૂપે વિવક્ષા કરેલી નયવિશેષથી દેખાય છે.
'न चेदेवं' - અને જો એ પ્રમાણે ન માનીએ તો મોહક્ષયજન્ય સુખમાં અશાતાવેદનીયનું સ્વરૂપથી અવિરોધીપણું પ્રાપ્ત થવાના કારણે, તિક્તપ્રકૃતિક નિંબલવથી અનુવિદ્ધ એવા દુગ્ધઘટના દૃષ્ટાંતના અભિધાનની અનુપપત્તિ છે, એ પ્રમાણે દિશા છે.**॥૭૭॥**

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે કેવલીને મોહના ક્ષયથી કષાયના અભાવને કારણે જે સુખનો અનુભવ છે, તેમાં અશાતાવેદનીયનો સ્વરૂપથી વિરોધ છે તેથી તેમનું સુખ કાંઈક તેનાથી અનુવિદ્ધ બને છે, પણ પૂર્ણ સુખ રહેતું નથી. આમ છતાં, અશાતાવેદનીયનું વેદન અલ્પ હોવાને કારણે શાસ્ત્રમાં તેની વિવક્ષા કરેલ નથી. પરંતુ પૂર્વપક્ષીના આશય પ્રમાણે જો કેવલીને મોહના ક્ષયથી ક્ષાયિક સુખ માનીએ અને તેમને ક્ષુધા-તૃષારૂપ અશાતા નથી તેમ માનીએ તો અશાતાવેદનીયનો ઉદય ક્ષાયિક સુખનો અવિરોધી માનવો પડે, અને તેમ સ્વીકારીએ તો વિશેષાવશ્યક ગાથા-૫૭૩માં દુગ્ધઘટમાં લીમડાના રસના લવ તુલ્ય અશાતાનો ઉદય છે એ પ્રકારનું જે દૃષ્ટાંત છે તે સંગત થાય નહિ.**॥૭૭॥**

ઉત્થાન :- પૂર્વની ગાથામાં તીર્થંકરને સુખવિપાક આપનારી પ્રકૃતિઓ હોય છે તે બતાવ્યું ત્યાં પૂર્વપક્ષી કહે કે, તો પણ ક્ષુધા-તૃષારૂપ દુઃખને આપનાર પ્રકૃતિઓ કેવલીને નથી, તેથી આહારની પ્રવૃત્તિ કેવલીને નથી; તેના નિરાકરણ અર્થે દુઃખવિપાકને કહેનારાં વચનો બતાવે છે-

અવતરણિકા :- सुखविपाकोपदेशकं प्रवचनवचनमुद्भाव्य दुःखविपाकलेशोपदेशकमपि तदुद्भावयति-

અવતરણિકાર્થ :- (કેવલીમાં) સુખવિપાકઉપદેશક પ્રવચનવચનને જણાવીને દુઃખવિપાકલેશઉપદેશક પણ તદ્=તેને=આગમવચનને, જણાવે છે. અર્થાત્ દુઃખવિપાકલેશ કેવલીઓને હોય છે, એવું આગમવચન જણાવતાં ગ્રંથકાર કહે છે-

ભાવાર્થ :- કેવલીમાં સુખવિપાકને કહેનારા વચનથી વેદનીયકર્મનો વિપાકોદય હોય છે તેમ બતાવીને, દુઃખના વિપાકના લેશને આપનારા અગિયાર પરીષહના વચનને બતાવીને, તેઓને ક્ષુધા-તૃષાદિ હોય છે એ બતાવવા અર્થે કહે છે -

અહીં દુઃખવિપાકલેશ કહેલ છે અને તત્ત્વાર્થસૂત્રમાં તે દુઃખનો વિપાક અગિયાર પરીષહરૂપ બતાવેલ છે, તેથી સામાન્યથી જોતાં તે દુઃખવિપાકલેશ ભાસે નહિ પરંતુ અતિશય દુઃખ ભાસે, કેમ કે પરીષહકાળમાં મારણાંતિક પરીષહો પણ હોય છે. તેનો આશય એ છે કે મોહના અભાવને કારણે કેવલીને આત્મિક સુખ અતિશય છે, તેની અપેક્ષાએ સર્વ પરીષહનું દુઃખ લેશમાત્ર છે. અથવા તે પરીષહ અંતર્ગત ક્ષુધા-તૃષારૂપ દુઃખલેશ કેવલીને છે તે બતાવવું છે.

ગાથા :- **तत्तत्थसुत्तभणिया एक्कारस जं परीसहा य जिणे ।**
तेणवि छुहतण्हाई खइअस्स सुहस्स पडिकूलं ॥७८॥

(तत्त्वार्थसूत्रभणिता एकादश यत्परीषहाश्च जिने । तेनापि क्षुधातृष्णादि क्षायिकस्य सुखस्य प्रतिकूलम् ॥७८॥)

ગાથાર્થ :- જિનમાં જે અગિયાર પરીષહો તત્ત્વાર્થસૂત્રમાં કહેવાયેલ છે, તેનાથી પણ ક્ષાયિક સુખને પ્રતિકૂળ ક્ષુધાતૃષાદિ (કેવલીને હોય છે તે જણાય છે.)

ટીકા :- आध्यात्मिका हि स्वरसतो दिगम्बरशास्त्रमेव किञ्चित्प्रमाणत्वेनोपयन्ति, श्वेताम्बरशास्त्रं तु संवादकतयेति तान् प्रत्युभयोपदेशोऽपि युज्यत इति तान् प्रत्येवमुपदेष्टव्यं ननु 'एकादश जिने' **इत्युभयेषां तत्त्वार्थसूत्रम् [९-११], तथा** [१]"एगविहबंधगस्स णं भंते सजोगिभवत्थकेवलिस्स कइ परीसहा पण्णत्ता? गोयमा एक्कारस परीसहा पण्णत्ता नव पुण वेयंति त्ति" **प्रज्ञप्तिसूत्रं च जिन एकादशपरीषहान् प्रतिपादयति। ते च क्षुत्पिपासाशीतोष्णदंशचर्यावधमलशय्यारोगतृणस्पर्शलक्षणाः,**
तदुक्तं[ ]

'क्षुत्पिपासा शीतोष्णे दंशचर्या वधो मलः ।
शय्यारोगतृणस्पर्शा जिने वेद्यस्य संभवात् ॥' **इति तथा,** [२]"वेयणिज्जे णं भंते कम्मे कइ परीसहा समोअरंति? गोयमा एक्कारस परीसहा समोअरंति-

'पंचेव आणुपुव्वी चरिया सिज्जा वहे य रोगे अ ।
तणफासजल्लमेव य एक्कारस वेअणिज्जम्मि ॥" **प्रज्ञप्ति [८-३४२]तथा च परिषोढुं योग्यैः क्षुत्तृष्णादिभिः सह क्षायिकं सुखं कथमवतिष्ठताम्?**

ટીકાર્થ :- '**आध्यात्मिका**'-આધ્યાત્મિકો સ્વરસથી જ દિગંબરશાસ્ત્રને કાંઈક પ્રમાણપણાવડે સ્વીકારે છે, વળી શ્વેતાંબરશાસ્ત્રને સંવાદકપણાથી (સ્વીકારે છે). એથી કરીને તેઓ પ્રતિ ઉભય ઉપદેશ પણ ઘટે છે. એથી કરીને

---

૧. प्रज्ञप्ति ८-८-३४२ एकविधबन्धकस्य भगवन् ! सयोगिभवस्थकेवलिनः कियन्तः परीषहाः प्रज्ञप्ताः ?
गौतम ! एकादश परीषहाः प्रज्ञप्ताः, नव पुनर्वेदयन्ति ॥

૨. वेदनीये भगवन् ! कर्मणि कियन्तः परीषहाः समवतरन्ति ? गौतम ! एकादश परीषहाः समवतरन्ति ।
पञ्चैवानुपूर्विणश्चर्या शय्या वधश्च रोगश्च । तृणस्पर्शस्तनुमलश्चैव चैकादश वेदनीये ॥

તેઓના પ્રત્યે આ પ્રમાણે ઉપદેશ આપવા યોગ્ય છે, તે **'ननु'**થી ગ્રંથકાર કહે છે- **'एकादश जिने'** - જિનમાં અગિયાર પરીષહો છે, એ પ્રમાણે ઉભયનું=શ્વેતાંબર-દિગંબર ઉભયનું, તત્ત્વાર્થસૂત્ર ૯/૧૧ છે.

'तथा'થી પ્રજ્ઞપ્તિસૂત્રમાં કહેલ છે તે બતાવે છે-

હે ભગવંત! એકવિધબંધક સયોગી ભવસ્થકેવલીને કેટલા પરીષહો કહેલા છે? હે ગૌતમ! અગિયાર પરીષહો કહેલા છે, વળી નવ પરીષહો વેદે છે, એ પ્રમાણે પ્રજ્ઞપ્તિસૂત્ર જિનમાં અગિયાર પરીષહોને પ્રતિપાદન કરે છે. અને તે ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશ, ચર્યા, વધ, મલ, શય્યા, રોગ અને તૃણસ્પર્શ લક્ષણ છે.

પૂર્વમાં જિનના પરીષહો બતાવ્યા તેની સાક્ષી આપતાં કહે છે કે તે વાત શાસ્ત્રમાં કહેવાયેલ છે-

ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશ, ચર્યા, વધ, મલ, શય્યા, રોગ, તૃણસ્પર્શ જિનમાં છે; કેમ કે વેદનીયકર્મનો સંભવ છે.

'इति' - ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

'तथा' - તથા હે ભગવંત! વેદનીયકર્મમાં કેટલા પરીષહો સમવતાર પામે છે? હે ગૌતમ! અગિયાર પરીષહો (વેદનીયકર્મમાં) સમવતાર પામે છે.

આનુપૂર્વીથી ક્ષુધાદિ પાંચ, ચર્યા, શય્યા, વધ અને રોગ, તૃણસ્પર્શ અને મલ, આ અગિયાર પરીષહો જ વેદનીયકર્મમાં સમવતરે છે.

'तथा च' - અને તે પ્રમાણે અર્થાત્ તત્ત્વાર્થસૂત્ર અને પ્રજ્ઞપ્તિસૂત્રમાં જિનમાં આ પરીષહો કહ્યા છે, તે પ્રમાણે, સહવા માટે યોગ્ય ક્ષુધાતૃષાદિની સાથે ક્ષાયિક સુખ કેવી રીતે રહી શકે? અર્થાત્ ન રહી શકે.

ભાવાર્થ :- **'आध्यात्मिका'**-આધ્યાત્મિકો સ્વરસથી જ દિગંબરશાસ્ત્રને કાંઈક પ્રમાણપણા વડે કરીને સ્વીકારે છે અને શ્વેતાંબરશાસ્ત્રને સંવાદકપણા વડે કરીને સ્વીકારે છે. તેનું તાત્પર્ય એ છે કે આધ્યાત્મિકો નિશ્ચયપ્રધાન દિગંબરનાં સર્વ શાસ્ત્રોને પ્રમાણરૂપે માને છે, તેથી સ્વરસથી જ કિંચિત્ પ્રમાણપણા વડે કરીને માને છે તેમ કહ્યું છે; જ્યારે દિગંબરોનાં વ્યવહારશાસ્ત્રોને તેઓ મહત્ત્વ આપતા નથી, અને દિગંબરના શાસ્ત્ર પ્રમાણે પોતાના કથનમાં જે શ્વેતાંબરનાં શાસ્ત્રો સંવાદક છે તેને તે માને છે. એથી કરીને તે આધ્યાત્મિકો પ્રતિ ઉભયનો પણ ઉપદેશ ઘટે છે, અર્થાત્ દિગંબરશાસ્ત્રનો ઉપદેશ તો ઘટે જ છે, પરંતુ ઉભયને=દિગંબર-શ્વેતાંબરને, માન્ય એવો ઉપદેશ પણ ઘટે છે.

ઉત્થાન :- પૂર્વમાં ગ્રંથકારે તત્ત્વાર્થસૂત્રની સાક્ષી આપીને આધ્યાત્મિકોને સિદ્ધ કરી આપ્યું કે, કેવલીને ક્ષુધાદિ પરીષહ છે તેથી કેવલી કવલભોજી છે. તે સૂત્રનો અર્થ કેવલીને કવલભોજી સ્વીકારવાની આપત્તિ ન આવે તે રીતે પૂર્વપક્ષી કરે છે, તે **'अथ'**થી બતાવીને નિરાકરણ કરે છે-

ટીકા :- अथैकादशेत्यनन्तरं 'न सन्ति' इत्यध्याहर्त्तव्यमिति चेत्? न, स्वामित्वचिन्तावसरे एतस्य विपरीतव्याख्यानत्वात्। एतेन 'एकेनाधिका दश न' इत्यप्यपव्याख्यानमावेदितम्। इत्थं च 'एकादश जिने सन्ति वेदनीयसत्त्वात्, न सन्ति वा, मोहाभावात्' इत्यसमर्थदुराग्रहोऽपि निरस्तः।

ટીકાર્થ :- '**अथैकादशे**'='**एकादशे जिने** એ પ્રકારના સૂત્ર પછી '**न सन्ति**' એ પ્રમાણે તત્ત્વાર્થસૂત્ર ૯/૧૧માં અધ્યાહાર સમજવું, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકાર કહે છે એમ ન કહેવું. તેમાં હેતુ આપે છે- સ્વામીપણાની ચિંતાના અવસરમાં આનું='**न सन्ति**' અધ્યાહારનું, વિપરીત વ્યાખ્યાનપણું છે.

'**एतेन**' આનાથી અર્થાત્ સ્વામીપણાની ચિંતાના અવસરમાં '**न सन्ति**' એ અધ્યાહાર ન થઈ શકે એમ કહ્યું, આનાથી, '**एकादश**' નો સમાસ '**एकेनाधिका दश न**' આ પ્રમાણે ખોલવો, એ પણ અપવ્યાખ્યાન જણાવાયું.

'**इत्थं च**' - અને આ રીતે=સ્વામિત્વની ચિંતાના અવસરમાં આ અપવ્યાખ્યાન છે આ રીતે, વેદનીયકર્મ હોવાથી અગિયાર પરીષહો જિનમાં છે અને મોહના અભાવથી નથી, એ પ્રમાણે અસમર્થનો દુરાગ્રહ પણ નિરસ્ત જાણવો. અર્થાત્ આ સૂત્રનો સમ્યગ્ અર્થ કરવા અસમર્થ એવા તેનો દુરાગ્રહ નિરસ્ત જાણવો.

❀ '**न सन्ति वा**' અહીં '**वा**' કાર છે તે '**चकार**' અર્થક છે.

ભાવાર્થ :- '**स्वामित्व**' તત્ત્વાર્થમાં તે સૂત્રોથી સ્વામિત્વની ચિંતાનો અવસર છે. આથી જ તત્ત્વાર્થમાં '**एकादश जिने**' (૯-૧૧) સૂત્રની પૂર્વનાં સૂત્રોમાં પરીષહના સ્વામી કોણ કોણ છે તે બતાવ્યું છે તે અવસરમાં પરીષહના સ્વામીનું કથન સંભવે, પરંતુ જિનમાં એકાદશ=અગિયાર પરીષહ નથી આ પ્રમાણે '**न सन्ति**'ને અધ્યાહાર કરીને અર્થઘટન કરવું, તે વિપરીત વ્યાખ્યાન છે, એ પ્રમાણે ગ્રંથકાર પૂર્વપક્ષીને કહે છે.

'**एकेनाधिका**' - આનાથી કોઈ '**एकादश**' શબ્દનો સમાસ અન્ય રીતે ખોલે છે તે પણ અપવ્યાખ્યાન છે, એમ જાણવું. ત્યાં તે સમાસ આ રીતે ખોલે છે - '**एकादश**' શબ્દનો '**एक**' અને '**अदश**' એ રીતે વિભાગ કરીને '**अ**'નો અર્થ '**न**' કરે છે. તેથી એ પ્રાપ્ત થાય કે એકથી અધિક દશ નથી. આ રીતે કહેવાથી '**न सन्ति**' અધ્યાહાર કહેવાની જરૂર રહેતી નથી, અને '**एकादश जिने**' એ સૂત્રથી જ જિનમાં અગિયાર પરીષહો નથી એ પ્રમાણે પૂર્વપક્ષીનું કહેવું છે; પરંતુ સ્વામિત્વના વિચારમાં આ પ્રમાણે અર્થ કરવો તે અપવ્યાખ્યાન છે, એમ ગ્રંથકાર કહે છે.

'**इत्थं च**' અને આ રીતે=પૂર્વમાં કહ્યું કે સ્વામિત્વના અવસરમાં આ વ્યાખ્યાન વિપરીત વ્યાખ્યાન છે એ રીતે, કોઈ કહે કે જિનમાં વેદનીયકર્મનું સત્ત્વપણું હોવાને કારણે અગિયાર પરીષહ છે અને મોહના અભાવને કારણે (પરીષહ) નથી, એ પ્રમાણે અસમર્થનો દુરાગ્રહ પણ નિરસ્ત જાણવો, અર્થાત્ આ સૂત્રનો સમ્યગ્ અર્થ કરવા જે અસમર્થ છે તેનો દુરાગ્રહ નિરસ્ત જાણવો.

પૂર્વપક્ષીને એ કહેવું છે કે કેવલીમાં વેદનીયકર્મનો ઉદય છે તેના કારણે પરીષહો હોવા જોઈએ, પરંતુ પરીષહની પ્રાપ્તિમાં જેમ વેદનીયકર્મ આવશ્યક છે તેમ મોહનીયકર્મ પણ આવશ્યક છે, માટે મોહના અભાવના કારણે તેમનામાં તે પરીષહો નથી; કેમ કે પરીષહ પ્રતિ વેદનીયકર્મ અને મોહનીયકર્મ ઉભયની સત્તા દિગંબરના મંતવ્ય પ્રમાણે આવશ્યક છે. આ પ્રકારનો સૂત્રનો અર્થ કરવામાં પૂર્વપક્ષી પોતાની અસમર્થતાને જ દ્યોતન કરે છે, કેમ કે આવો અર્થ સૂત્રથી પ્રાપ્ત થઈ શકે નહિ. આ રીતે પોતે અર્થ કરવામાં અસમર્થ હોવા છતાં, કેવલીમાં પરીષહ નથી એમ કહે છે, તે તેમનો દુરાગ્રહ છે. તેથી ગમે તે રીતે કેવલીમાં પરીષહના અભાવની સિદ્ધિ માટે તેમનો આ યત્ન છે અને તે "સ્વામિત્વની ચિંતાના=વિચારણાના, અવસરમાં આ વિપરીત વ્યાખ્યાન છે" એ કથનથી નિરસ્ત થઈ જાય છે.

આ પ્રકારનાં બધાં વ્યાખ્યાનો તત્ત્વાર્થસૂત્ર ઉપરની દિગંબરની રાજવાર્તિક વગેરે ટીકામાં કરેલ છે, જે તત્ત્વાર્થકારના સ્વામિત્વની ચિંતાના અવસરથી જ અસંગત છે તેમ નક્કી થઈ જાય છે.

ઉત્થાન :- સ્વામિત્વની ચિંતામાં સંગત થાય તે રીતે અગિયાર પરીષહની સંગતિ કેવલીમાં કરવા પૂર્વપક્ષી પ્રયાસ કરે છે તે બતાવીને તેનું નિરાકરણ કરે છે-

ટીકા :- एवं च वेदनीयात्मककारणसत्त्वादेकादश परीषहाः केवलिन्युपचर्यन्त इति व्याख्यानमपि नद्यां निमज्जतः काशकुशावलम्बनप्रायं द्रष्टव्यम्, उपचारानुपचाराभ्यामेकप्रघट्टेन स्वामित्वचिन्ताऽनौचित्यात्, अन्यथा मोहसत्त्वमात्रेणोपशान्तवीतरागेऽपि द्वाविंशतिपरीषहाभिधानप्रसङ्गात्। 'असाधारणकारण-मेवोपचारनिबन्धनमि'ति चेत्? न, तत्सत्त्वस्य वस्तुसत्कार्येणैव व्याप्तत्वात्।

ટીકાર્થ :- 'एवं च'-અને આ પ્રમાણે=સ્વામિત્વની ચિંતાના અવસરમાં **'न सन्ति'** અધ્યાહાર કરવો તે વિપરીત વ્યાખ્યાન છે એમ કહ્યું એ પ્રમાણે, વેદનીયાત્મક કારણ હોવાથી અગિયાર પરીષહોનો કેવલીમાં ઉપચાર કરાય છે એ પ્રમાણે વ્યાખ્યાન પણ નદીમાં ડૂબતા માણસને કાશકુશના અવલંબનપ્રાયઃ જાણવું. તેમાં હેતુ કહે છે- ઉપચાર-અનુપચાર દ્વારા એક પ્રઘટ્ટકથી સ્વામિત્વની ચિંતાનું અનુચિતપણું છે.

'अन्यथा' - અન્યથા=ઉપચાર-અનુપચાર દ્વારા એક પ્રઘટ્ટકથી સ્વામિત્વની ચિંતા અનુચિત છે એમ ન માનો અને ઉચિત છે એમ માનો તો, મોહસત્ત્વમાત્રથી ઉપશાંત વીતરાગમાં પણ બાવીસ પરીષહના અભિધાનનો પ્રસંગ પ્રાપ્ત થાય.

ઉત્થાન :- ઉપશાંત વીતરાગને બાવીસ પરીષહોની આપત્તિના નિવારણ માટે પૂર્વપક્ષી કહે છે-

ટીકાર્થ :- 'असाधारण'-અસાધારણ કારણ જ ઉપચારનું કારણ છે; તેને ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. કેમ કે તત્સત્ત્વનું=અસાધારણકારણના સત્ત્વનું, વસ્તુસત્કાર્યની સાથે જ વ્યાપ્તપણું છે. અર્થાત્ વસ્તુરૂપે સત્=વિદ્યમાન, કાર્યની સાથે જ વ્યાપ્તપણું છે.

ભાવાર્થ :- 'उपचार' ઉપચાર-અનુપચાર દ્વારા એક પ્રઘટ્ટકથી સ્વામિત્વની ચિંતાનું અનુચિતપણું છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, **'एकादश जिने'** ૯/૧૧ સૂત્રની પૂર્વનું સૂત્ર છે તેમાં પરીષહોનું જે કથન છે તે અનુપચરિત છે અને ૯/૧૧ પછીના સૂત્રમાં પણ અનુપચરિત કથન છે તેમ કહેવું, અને પ્રસ્તુત સૂત્ર ૯/૧૧ **'एकादश जिने'** એ સૂત્રમાં પરીષહોનું કથન ઉપચરિત છે તેમ કહેવું, તે એક સંબંધ બતાવતા પ્રકરણના સૂત્રોના સમુદાયમાં ઉચિત ન ગણાય. અર્થાત્ પરીષહના સ્વામી કોણ એ વાત બતાવતું પ્રકરણ ચાલે તેમાં, તે સંબંધી બીજાં સૂત્ર અનુપચરિત અને પ્રસ્તુત સૂત્ર ઉપચરિત છે તેમ અર્થઘટન કરીને, દિગંબરો કેવલીને વાસ્તવિક ક્ષુધા-તૃષા નથી છતાં **'एकादश जिने'**એ સૂત્રમાં ઉપચારથી અગિયાર પરીષહો કહ્યા છે એમ કહે છે, તે ઉચિત નથી.

'अन्यथा' - ઉપચાર-અનુપચાર દ્વારા સ્વામિત્વની ચિંતા અનુચિત છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો, મોહસત્ત્વમાત્રથી ઉપશાંતમોહ વીતરાગમાં પણ બાવીસ પરીષહના અભિધાનનો પ્રસંગ આવે એમ કહ્યું; તેનું તાત્પર્ય એ છે કે, કેવલીમાં વેદનીયકર્મરૂપ કારણ હોવાના કારણે અગિયાર પરીષહો નહિ હોવા છતાં ઉપચારથી સ્વીકાર્યા, તે રીતે અગિયારમા ગુણસ્થાનકવર્તી ઉપશાંતમોહ વીતરાગમાં પણ મોહની સત્તારૂપ કારણ હોવાના કારણે બાવીસ પરીષહને કહેનાર સૂત્ર પણ તત્ત્વાર્થમાં હોવું જોઈએ, એ પ્રમાણે બાવીસ પરીષહના અભિધાનનો પ્રસંગ પ્રાપ્ત થાય. ઉપશાંતમોહ વીતરાગમાં બાવીસ પરીષહના સ્વીકારની જે આપત્તિ છે તેના નિવારણ અર્થે, પૂર્વપક્ષીએ કહ્યું કે, અસાધારણ કારણ જ ઉપચારનું કારણ છે; તેનું તાત્પર્ય એ છે કે, ક્ષુધા-તૃષા આદિ પ્રત્યે અસાધારણ કારણ વેદનીયકર્મ છે અને નિમિત્ત કારણ તરીકે મોહનીયકર્મનો ઉદય છે એમ તે માને છે, અને કેવલીને અસાધારણ કારણરૂપ વેદનીયકર્મ વિદ્યમાન છે તેથી ઉપચાર કરીને અગિયાર પરીષહો કહેલ છે, પરંતુ નિમિત્તકારણરૂપ મોહનીયકર્મ નથી તેથી વાસ્તવિક કેવલીને તે પરીષહો વિદ્યમાન નથી, ફક્ત ઉપચાર કરીને જ તત્ત્વાર્થસૂત્રમાં અગિયાર પરીષહ કહેલ છે; જ્યારે ઉપશાંતમોહ વીતરાગમાં બાવીસ પરીષહો કહેવા હોય તો સ્ત્રીપરીષહાદિના કારણભૂત મોહનો ઉદય હોવો જરૂરી છે, કેમ કે તે પરીષહો પ્રત્યે અસાધારણ કારણ મોહનીય છે; અને ઉપશાંત વીતરાગને સ્ત્રીપરીષહાદિમાં અસાધારણ કારણરૂપ મોહનો ઉદય નથી, તેથી તત્ત્વાર્થસૂત્રમાં ઉપશાંત વીતરાગને ઉપચારથી પણ બાવીસ પરીષહો કહ્યા નથી, આ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારે અસાધારણ કારણના સત્ત્વનું વસ્તુરૂપે સત્કાર્યની સાથે વ્યાપ્તપણું છે એમ જે કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, જ્યાં જ્યાં અસાધારણ કારણ હોય ત્યાં ત્યાં વસ્તુરૂપે વિદ્યમાન એવું કાર્ય હોવું જોઈએ, તેથી જો કેવલીમાં વેદનીયકર્મરૂપ અસાધારણ કારણ છે તો અગિયાર પરીષહ પણ અવશ્ય પ્રાપ્ત થવા જોઈએ.

અહીં વિશેષ એ છે કે જે વ્યક્તિમાં વેદનીયકર્મનો ઉદય હોય ત્યાં અગિયાર પરીષહો અવશ્ય હોય જ, તેવી વ્યાપ્તિ નથી; પરંતુ વેદનીયકર્મના ઉદયવાળાને અગિયાર પરીષહોની પ્રાપ્તિ થઈ શકે તેવી સંભાવના છે, તેથી કેવલીમાં પરીષહોની પ્રાપ્તિ જ નથી તેમ કહી શકાય નહિ. તેથી કેવલીને ક્ષુધા-તૃષા છે એ વાત તત્ત્વાર્થના ૯/૧૧ સૂત્રથી સિદ્ધ થાય છે.

टीका :- येऽपि वदन्ति जिनानां मन्दतमवेदनीयजन्यपरिणामेषु क्षुत्त्वपरीषहत्वाद्युपचर्योक्तसूत्रं व्याख्येयमिति तेऽपि भ्रान्ता एव, संबन्धविशेषेण परीषहत्वविशिष्टवाचकपरीषहशब्दानुषङ्गात् संबन्धान्तरेण तद्विशिष्टोपस्थित्यसंभवात्, अन्यथा कर्मान्तरजन्याकुलतायामपि तदुपचारप्रसङ्गात्।

टीकार्थ :-'येऽपि'-વળી જિનોને મંદતમ વેદનીયજન્ય પરિણામોમાં ક્ષુત્ત્વપરીષહત્વાદિનો ઉપચાર કરીને વ્યાખ્યા કરવી જોઈએ એ પ્રમાણે જેઓ કહે છે, તેઓ પણ ભ્રાંત જ છે. તેમાં હેતુ કહે છે-

'संबन्ध'-સંબંધવિશેષથી પરીષહત્વવિશિષ્ટનો વાચક પરીષહશબ્દનો સૂત્રમાં અનુષંગ હોવાથી=અનુવૃત્તિ હોવાથી, **संबंधांतरथी** તદ્વિશિષ્ટની=પરીષહત્વવિશિષ્ટની, ઉપસ્થિતિનો અસંભવ છે.

'अन्यथा'-અન્યથા=સંબંધાંતરથી પરીષહત્વવિશિષ્ટની ઉપસ્થિતિ થઈ શકે એવુ માનો તો, કર્માંતરજન્ય આકુલતામાં પણ તદુપચારનો પ્રસંગ છે.

ભાવાર્થ :- 'येऽपि'-તાત્પર્ય એ છે કે જે કોઈ વ્યક્તિમાં પરીષહ વર્તતા હોય છે ત્યારે તે વ્યક્તિમાં વર્તતો પ્રતિકૂળવેદનરૂપ પરીષહ નામનો પરિણામ છે, તે જ પરીષહ શબ્દથી વાચ્ય બને છે; અને તેમાં પરીષહત્વ નામનો ધર્મ, સાક્ષાત્ સંબંધરૂપ સમવાય સંબંધથી કે સ્વરૂપ સંબંધથી કે વિવક્ષા વિશેષથી કથંચિદ્ તાદાત્મ્ય સંબંધથી હોય છે તે સંબંધવિશેષથી, પરીષહત્વવિશિષ્ટ પરીષહ નામનો પદાર્થ છે; અને તે પરીષહ નામના પદાર્થનો વાચક એવા પરીષહશબ્દનો **'एकादश जिने'** ૯/૧૧ તત્ત્વાર્થસૂત્રમાં અનુષંગ=પૂર્વસૂત્રમાંથી અનુવૃત્તિ, છે; તેથી સંબંધાંતરથી જિનમાં પરીષહત્વવિશિષ્ટ પરીષહની ઉપસ્થિતિ સંભવે નહિ; કેમ કે જિનમાં વાસ્તવિક પરીષહ નથી એમ પૂર્વપક્ષી કહે છે. તેથી સંબંધાંતરથી પરીષહની કલ્પના કરી કેવલીમાં પરીષહનો ઉપચાર કરવો તે ઉચિત નથી.

અહીં વિશેષ એ છે કે તત્ત્વાર્થ સૂત્ર ૯/૯માં પરીષહનું વર્ણન કર્યું છે ત્યાં, જે વ્યક્તિમાં પરીષહ રહેલા છે તે પરીષહમાં સાક્ષાત્ સંબંધથી પરીષહત્વ રહે છે, અને તેવા પરીષહવાળા ધર્મને જ ગ્રહણ કરીને કોનામાં કેટલા પરીષહ છે તેનું વર્ણન કરેલ છે. તેથી સાક્ષાત્ સંબંધથી પરીષહમાં વર્તતા પરીષહત્વને છોડીને, પરંપરા સંબંધથી પરીષહત્વવિશિષ્ટ વસ્તુને ગ્રહણ કરીને, પૂર્વપક્ષી જિનમાં અગિયાર પરીષહનો ઉપચાર કરે છે, તે તેની ભ્રાંતિ છે; અને તેણે માનેલો પરંપરા સંબંધ આ રીતે છે-

જેમ ઘટમાં ઘટત્વ સાક્ષાત્ સંબંધથી રહે છે અને ઘટનિષ્ઠ જલમાં **'स्वाधिकरणाधेयत्व'** સંબંધથી ઘટત્વ રહે છે, તેમ પરીષહમાં પરીષહત્વ સાક્ષાત્ સંબંધથી રહે છે, અને **'स्वाधिकरणजनकवेदनीयमंदपरिणामजन्य-परिणामत्व'** સંબંધથી કેવલીમાં વર્તતા મંદ પરિણામમાં પણ પરીષહનો ઉપચાર પૂર્વપક્ષી કરે છે. અહીં **'स्व'** શબ્દથી પરીષહત્વ ગ્રહણ કરવાનું છે. તેનું અધિકરણ પરીષહ છે, તેનું જનક વેદનીયકર્મ છે, અને તત્સદૃશ વેદનીયકર્મનો મંદ ઉદય કેવલીમાં છે, અને તેનાથી જન્ય જે મંદ આકુલતા કેવલીમાં વર્તે છે તે રૂપ મંદ પરિણામમાં તેવા પ્રકારનું પરિણામત્વ રહેલુ છે; અને આ સંબંધથી પરીષહત્વ કેવલીની આકુળતામાં પ્રાપ્ત થશે; અને તેને સામે રાખીને કેવલીમાં અગિયાર પરીષહ કહેનારું તત્ત્વાર્થસૂત્ર **'एकादश जिने'** ૯/૧૧ છે, એમ પૂર્વપક્ષીનું કહેવું છે. પરંતુ ગ્રંથકાર કહે છે કે તે ઉચિત નથી. તે આ રીતે-

જેમ કોઈ પૂછે કે ઘટ કોને કહેવાય? ત્યારે સાક્ષાત્ સંબંધથી જેમાં ઘટત્વ રહેલું છે તેનું જ ગ્રહણ થાય, અર્થાત્ ઘટત્વથી વિશિષ્ટ ઘટ કહેવાય; પરંતુ પરંપરા સંબંધથી ઘટવર્તી જલમાં ઘટત્વને ગ્રહણ કરીને જલને ઘટ શબ્દથી વાચ્ય કરી શકાય નહીં. તે જ રીતે તત્ત્વાર્થકારે જે પરીષહો કહેલા છે, તે સાક્ષાત્ જે પ્રતિકૂળ વેદનીય પરિણામ છે તેને જ ગ્રહણ કરીને કહેલ છે. પરંતુ જે પ્રતિકૂળ વેદનીયરૂપ નથી અને મંદતમ વેદનીયજન્ય આકુળતાનો પરિણામ છે, તેમાં પરંપરા સંબંધથી પરીષહત્વને લાવીને જિનમાં અગિયાર પરીષહો છે, એ પ્રકારનું કથન અસમંજસ પ્રલાપ છે.

'अन्यथा' - યદ્યપિ આ રીતે અનુષંગથી પ્રાપ્ત પરીષહશબ્દથી પરીષહત્વવિશિષ્ટની ઉપસ્થિતિ અન્ય સંબંધથી થઇ શકે નહિ, તો પણ પૂર્વપક્ષીને અતિઆગ્રહ હોય અને તે સ્વીકારી લઈએ તો પણ બીજો દોષ આવે છે, તે

'अन्यथा'થી ગ્રંથકાર કહે છે- સંબંધાંતરથી પરીષહત્વવિશિષ્ટની ઉપસ્થિતિ થઈ શકે છે તેમ માનો, તો કર્માંતરજન્ય આકુળતામાં પણ પરીષહના ઉપચારનો પ્રસંગ આવશે; એ પ્રમાણે ગ્રંથકારે કહ્યું તેનો ભાવ એ છે કે, પૂર્વપક્ષીને પરીષહના જનક એવા અશાતાવેદનીયના મંદતમ પરિણામમાં પરીષહનો ઉપચાર ઇષ્ટ છે, કેમ કે

અશાતાવેદનીયના તીવ્ર પરિણામથી પરીષહ પેદા થાય છે; જ્યારે કેવલીમાં વેદનીયનો અતિ મંદતમ પરિણામ હોવાના કારણે ક્ષુધાદિ પરિણામ થતો નથી, તેથી કેવલીમાં ઉપચારથી પરીષહશબ્દનું કથન **'एकादश जिने'** તત્ત્વાર્થ ૯/૧૧ સૂત્રમાં છે, તેમ પૂર્વપક્ષીને કહેવું છે. તેને ગ્રંથકાર કહે છે કે અશાતાવેદનીયજન્ય મંદ પરિણામમાં પરીષહશબ્દથી વાચ્ય અર્થની પ્રાપ્તિ નથી, તો પણ ઉપચારથી તેને પરીષહશબ્દથી વાચ્ય કરી શકાય, તો કર્માંતરજન્ય આકુળતામાં પણ પરીષહશબ્દનો ઉપચાર કરીને તેને પરીષહશબ્દથી વાચ્ય કરી શકાય; જે પૂર્વપક્ષીને અભિમત નથી.

અહીં કર્માંતરજન્ય આકુળતા કહી તેનાથી એ પ્રાપ્ત થાય છે કે, નામકર્મજન્ય જે મંદતમ પરિણામ કુરૂપ, દુઃસ્વરનામકર્મ, અશુભ સંસ્થાન આદિ જન્ય આકુળતામાં પણ પરીષહના ઉપચારનો પ્રસંગ આવશે; અર્થાત્ અશાતાવેદનીયના મંદતમ પરિણામમાં પરીષહનો ઉપચાર ઇષ્ટ છે, તેમ નામકર્મના ઉદયજન્ય મંદતમ પરિણામમાં પણ પરીષહના ઉપચારનો પ્રસંગ આવે અને અધિક પરીષહો સ્વીકારવાની આપત્તિ આવે; જે પૂર્વપક્ષીને ઇષ્ટ નથી.

ઉત્થાન :- અહીં પૂર્વપક્ષી તત્ત્વાર્થના સૂત્રનું સમાધાન બીજી રીતે કરે છે, તે બતાવીને નિરાકરણ કરે છે-

ટીકા :- स्यादेतत्-भोजनजनकतावच्छेदिका मोहजन्यतावच्छेदिका च क्षुधादिनिष्ठा काचिज्जातिर्वाच्या, सैव क्षायिकसुखप्रतिबन्धकतावच्छेदिका, इति तज्जातीयक्षुदाद्यभावेऽपि केवलिनां वेदनीयजन्यक्षुदादि-सामान्यसत्त्वात्तत्रैवपरीषहनयोग्यता परीषहशब्दव्यपदेश इति इदमेवाभिप्रेत्य 'छायारूपा एव तेषां परीषहाः' इत्यपि कश्चित्।

मैवं, न हि क्षुत्तृष्णायोर्भोजनपानजनकत्वं नाम, अपि तु तत्प्रयोजकत्वमेव, प्रयोजिके च क्षुत्तृष्णे तथाविधाऽऽहारपर्याप्तिवेदनीयोदयप्रज्वलितौदर्यज्वलनोपतापजन्ये। अत एवोक्तं 'तथाविधाहारपर्याप्ति-नामकर्मोदयवेदनीयोदयप्रबलप्रज्वलदौदर्यज्वलनोपतप्यमानो हि पुमानाहारयति, **इति ॥७८॥**

***** **'इति'** શબ્દ **'स्यादेतत्'**થી કહેલ કથનની સમાપ્તિ સૂચક છે.

ટીકાર્થ :- **'स्यादेतत्'**-ક્ષુધાદિનિષ્ઠ ભોજનજનકતાવચ્છેદિકા અને મોહજન્યતાવચ્છેદિકા કોઇ જાતિ કહેવી જોઇએ. તે જાતિ જ ક્ષાયિક સુખની પ્રતિબંધકતાવચ્છેદિકા છે. એથી કરીને તજ્જાતીય ક્ષુધાદિના અભાવમાં પણ=ક્ષાયિક સુખની પ્રતિબંધકતાવચ્છેદિકાજાતીય ક્ષુધાદિના અભાવમાં પણ, કેવલીને વેદનીયજન્ય ક્ષુધાદિસામાન્યનું સત્ત્વપણું હોવાથી ત્યાં જ અર્થાત્ ક્ષુધાદિસામાન્યમાં જ, પરીષહનની યોગ્યતા હોવાના કારણે પરીષહશબ્દનો વ્યપદેશ છે. આ જ અભિપ્રાયને સામે રાખીને=પૂર્વમાં **'स्यादेतत्'**થી જે કથન કર્યું એ જ અભિપ્રાયને સામે રાખીને, છાયારૂપ જ તેઓને પરીષહો છે, એ પ્રમાણે પણ કોઇક કહે છે.

'मैवं' - પૂર્વપક્ષીનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, જે કારણથી ક્ષુધા અને તૃષા, ભોજન અને પાનની જનક જ નથી પરંતુ પ્રયોજક જ છે, અને ભોજન અને પાનની પ્રયોજક એવી ક્ષુધા અને તૃષા, તથાવિધ આહારપર્યાપ્તિ અને વેદનીયના ઉદયથી પ્રજ્વલિત એવા ઉદરજ્વલનના ઉપતાપથી જન્ય છે.

'**अत एव**' - આથી કરીને જ કહ્યું છે કે, તથાવિધ આહારપર્યાપ્તિનામકર્મનો ઉદય અને વેદનીયના ઉદયથી પ્રબળ પ્રજ્વલન પામતા એવા ઔદર્યજ્વલનથી ઉપતપ્યમાન જ પુરુષ આહાર કરે છે.**॥૭૮॥**

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે ક્ષુધાદિ બે પ્રકારનાં છે. એક ક્ષુધાસામાન્ય અને એક ક્ષુધાવિશેષ છે. તેમાં કોઈક એવી જાતિ છે અને તે ક્ષુધા ભોજનની જનક છે અને મોહથી જન્ય છે. માટે તે ક્ષુધાવિશેષમાં ભોજનજનકતા છે અને મોહજન્યતા છે; અને ક્ષુધાદિવિશેષમાં રહેલી કોઈક જાતિવિશેષ છે, જે ભોજનજનકતાવચ્છેદિકા અને મોહજન્યતાવચ્છેદિકા છે. અને કેવલીમાં મોહ નહિ હોવાથી મોહજન્ય ક્ષુધાવિશેષ નથી, પરંતુ ક્ષુધાસામાન્ય છે. અને તે ક્ષુધાસામાન્યમાં પરીષહનની યોગ્યતા છે, અર્થાત્ પરીષહ પેદા કરવાની યોગ્યતા છે તો પણ તે ક્ષુધાસામાન્ય પરીષહરૂપ નથી, અને પરીષહનની યોગ્યતાને કારણે પરીષહ શબ્દનો વ્યપદેશ ત્યાં થાય છે. આ જ અભિપ્રાયને સામે રાખીને છાયારૂપ જ તેઓને પરીષહો છે એમ પણ કોઈક કહે છે. તેનું તાત્પર્ય એ છે કે કેવલીમાં ભોજનની જનક અને મોહથી જન્ય એવી ક્ષુધા નથી કે જેની અંદર પરીષહશબ્દનો વ્યપદેશ કરી શકાય, પરંતુ ક્ષુધાસામાન્યનો જનક એવો મંદતમ વેદનીયજન્ય પરિણામ છે કે જેની અંદર પરીષહશબ્દનો વ્યપદેશ થાય છે. તેથી વાસ્તવિક પરીષહ કેવલીમાં નથી પરંતુ છાયારૂપ જ પરીષહો છે; અને તેને સામે રાખીને જ તત્ત્વાર્થનું સૂત્ર છે એમ કોઈક કહે છે. ગ્રંથકાર '**मैवं**'થી તેનું નિરાકરણ કરે છે. તેનું તાત્પર્ય એ છે કે પૂર્વપક્ષીએ ક્ષુધાવિશેષને ભોજનજનક અને મોહજન્ય કહેલ છે, પરંતુ વાસ્તવિક રીતે ક્ષુધાવિશેષ ભોજનજનક નથી પરંતુ પ્રયોજક છે; અને મોહજન્ય પણ નથી, પરંતુ તેવા પ્રકારના આહારપર્યાપ્તિ અને ક્ષુધાવેદનીયના ઉદયને કારણે પ્રજ્વલિત થયેલ ઉદરના જ્વલનનો જે ઉપતાપ છે તેનાથી જન્ય છે. માટે પૂર્વપક્ષીનું કથન સમ્યક્ નથી.

અહીં વિશેષ એ છે કે તેવા પ્રકારની આહારપર્યાપ્તિ અને વેદનીયનો ઉદય કેવલીને પણ છે, તેથી કેવલીને ક્ષુધા-તૃષા લાગે છે. અને ક્ષુધા-તૃષા લાગેલ હોવા છતાં તપસ્વીઓ આહાર કરતા નથી, તેથી ક્ષુધા-તૃષાવિશેષ આહારજનક કહી શકાય નહિ, પરંતુ પ્રયોજક કહી શકાય. અને મોહ વગર પણ અપ્રમત્ત મુનિ આહાર કરે છે, તેથી મોહજન્ય પણ ક્ષુધા-તૃષાવિશેષ છે એમ કહી શકાય નહિ. માટે પૂર્વપક્ષીની વાત બરાબર નથી. અને ક્ષુધા-તૃષા આહારપાણી ગ્રહણ કરવામાં પ્રયોજક છે, અને તથાવિધ આહારપર્યાપ્તિ અને વેદનીયના ઉદયથી પ્રજ્વલિત ઉદરજ્વલનના ઉપતાપથી ક્ષુધા-તૃષા જન્ય છે, તે બતાવવા માટે જ '**अत एवोक्तं**' થી સાક્ષીપાઠ આપેલ છે કે, તથાવિધ આહારપર્યાપ્તિનામકર્મનો ઉદય અને વેદનીયના ઉદયથી પ્રબળ રીતે પ્રજ્વલિત થયેલા ઉદરાગ્નિથી ઉપતપ્યમાન=ક્ષુધાથી પીડા પામતો, એવો પુરુષ આહાર કરે છે.**॥૭૮॥**

ઉત્થાન :- પૂર્વશ્લોકમાં ''**मैवं**'થી કહ્યું કે ક્ષુધા-તૃષા તથાવિધ આહારપર્યાપ્તિ અને અશાતાવેદનીયના ઉદયથી પ્રજ્વલિત એવા ઉદરજ્વલનના ઉપતાપથી જન્ય છે, તેની પુષ્ટિ કરતાં તેના વિષયમાં કોઈકની શંકાને સામે રાખીને ગ્રંથકાર કહે છે-

अवतरणिका :- नन्वसातवेदनीयोदयवैचित्र्यादेव क्षुत्तृष्णयोर्वैचित्र्यं, आहारपर्याप्तिवैचित्र्यं तु गृहीताशनपानयोः परिणामवैचित्र्य एवोपयोक्ष्यत इति चेत्? सत्यं, तथाप्यशनपरिणामवैचित्र्यार्थमवश्यक्लृप्तात् पर्याप्तिवैचित्र्यादेव तद्वैचित्र्योपपत्तावसातवेदनीयस्य सामान्यत एवासातहेतुत्वौचित्यात्

तदिदमभिप्रेत्योक्तं "न द्वयमप्येतत्प्रत्येकं तथा युक्त"**मिति, अन्यथा पर्याप्तेरन्यथासिद्धतया तद्वचनानौचित्यादिति मनसिकृत्याह-**

अवतरणिकार्थ :- '**ननु**'-અશાતાવેદનીયના ઉદયના વૈચિત્ર્યથી જ ક્ષુધાતૃષાના ઉદયનું વૈચિત્ર્ય છે, વળી આહારપર્યાપ્તિનું વૈચિત્ર્ય, ગ્રહણ કરાયેલા આહાર અને પાણીના પરિણામના વૈચિત્ર્યમાં જ ઉપયોગી છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે. તેને ગ્રંથકાર કહે છે કે તારી વાત સાચી છે, અર્થાત્ આહારપર્યાપ્તિનું વૈચિત્ર્ય ગ્રહણ કરાયેલ અશનપાનના વૈચિત્ર્યમાં કારણરૂપ છે તે અંશ બરોબર છે; તો પણ અશનપરિણામના વૈચિત્ર્ય માટે અવશ્ય ક્લૃપ્ત એવા પર્યાપ્તિના વૈચિત્ર્યથી જ તદ્વૈચિત્ર્યની=ક્ષુધાતૃષાના વૈચિત્ર્યની, ઉત્પત્તિ થયે છતે અશાતાવેદનીયનું સામાન્યથી જ અશાતા પ્રતિ હેતુપણું ઉચિત છે, તે આ અભિપ્રાયને સામે રાખીને કહેવાયું છે. અર્થાત્ ગ્રંથકારે '**सत्यं**'થી જે જવાબ આપ્યો છે, તે અભિપ્રાયને સામે રાખીને અન્ય કોઈ ગ્રંથમાં કહેવાયેલ છે, તે આગળ બતાવે છે-

'**न द्वयं**' - '**एतत्प्रत्येकं**'=આના પ્રત્યેક=આના આહારપર્યાપ્તિ અને અશાતાવેદનીય બંનેના પ્રત્યેક, એવા બંને પણ તે પ્રકારે યુક્ત નથી. '**इति**' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

❀ '**द्वयमपि**' માં '**अपि**'થી એ સમુચ્ચય કરવો છે કે અશાતાવેદનીય અને આહારપર્યાપ્તિમાંથી કોઈ એકને ક્ષુધાતૃષાના વૈચિત્ર્યમાં નિયામક તરીકે કહેવું તે તો યુક્ત નથી, પરંતુ બંનેમાંથી પ્રત્યેકને ગ્રહણ કરીને ઉપરમાં બતાવ્યા પ્રમાણે બંનેનાં પૃથક્ પૃથક્ કાર્યો કહેવાં તે પણ યુક્ત નથી.

'**अन्यथा**'-અન્યથા=પૂર્વમાં '**सत्यं**'થી ગ્રંથકારે કહ્યું કે અશાતાવેદનીય, અશાતાસામાન્ય પ્રતિ કારણ છે અને આહારપર્યાપ્તિના વૈચિત્ર્યથી ક્ષુધાતૃષાનું વૈચિત્ર્ય છે, તેમ ન માનો તો અર્થાત્ '**ननु**'થી પૂર્વપક્ષીએ કહ્યું કે વેદનીયના ઉદયના વૈચિત્ર્યથી ક્ષુધાતૃષાનું વૈચિત્ર્ય છે અને આહારપર્યાપ્તિનું વૈચિત્ર્ય ગ્રહણ કરાયેલા આહારપાણીના વૈચિત્ર્યમાં ઉપયોગી છે તેમ ન માનો તો, પર્યાપ્તિનું અન્યથાસિદ્ધપણું હોવાને કારણે તદ્વચનનું=પર્યાપ્તિના વચનનું, અનુચિતપણું છે.

'**इति**' એને મનમાં કરીને કહે છે, અર્થાત્ '**ननु**'થી પૂર્વપક્ષીએ શંકા કરી અને '**सत्यं**'થી ગ્રંથકારે જે ઉત્તર આપ્યો આ કથનને મનમાં કરીને ગાથામાં કહે છે-

❀ '**इति**' શબ્દ '**एतद्**' અર્થક છે.

ભાવાર્થ :- '**ननु**'થી શંકા કરી તે શંકાકારનો આશય એ છે કે, ક્ષુધાતૃષા પ્રતિ આહારપર્યાપ્તિ અને અશાતાવેદનીયનો ઉદય બંને કારણ માનવાની જરૂર નથી, પરંતુ ક્ષુધા પ્રતિ અન્ય પ્રકારનો અશાતાવેદનીયનો ઉદય અને તૃષા પ્રતિ અન્ય પ્રકારનો અશાતાવેદનીયકર્મનો ઉદય કારણ છે. તેથી આહારપર્યાપ્તિનામકર્મનો ઉદય, ક્ષુધા અને તૃષા પ્રતિ કારણ નથી, પણ કેવલ તથાવિધ અશાતાવેદનીય જ તથાવિધ ક્ષુધા કે તૃષા પ્રતિ કારણ છે; અને આહારપર્યાપ્તિનું વૈચિત્ર્ય ક્ષુધા લાગ્યા પછી ગ્રહણ કરાતા આહારના પરિણામના વૈચિત્ર્યમાં જ ઉપયોગી છે, પણ ક્ષુધાતૃષાના

વૈચિત્ર્યમાં કારણ નથી. જ્યારે આહારપર્યાપ્તિ જેવા પ્રકારની હોય એ પ્રકારે જ ગ્રહણ કરેલો પદાર્થ લોહી આદિરૂપે કે મલાદિરૂપે પરિણામ પામે અને આહારપર્યાપ્તિમાં વિલક્ષણતા હોય તો અમુક પ્રકારના પદાર્થો ધાતુ આદિરૂપે પરિણામ પામે જ્યારે અન્ય પ્રકારનાં દ્રવ્યો વિકૃતિનાં કારણ બને છે. આ રીતે આહારપરિણામના વૈચિત્ર્યમાં આહારપર્યાપ્તિ નિયામક છે અને વેદનીયના વૈચિત્ર્યથી ક્ષુધાતૃષાનું વૈચિત્ર્ય છે. આ પ્રકારની પૂર્વપક્ષીની શંકાને સામે રાખી ગ્રંથકારે '**सत्यं**'થી તેનો સ્વીકાર કર્યો, તો પણ '**तथापि....**'થી ગ્રંથકારે જે કહ્યું તેનું તાત્પર્ય આ પ્રમાણે છે-

'**तथापि**' - પૂર્વપક્ષીએ જે કહ્યું તે પ્રમાણે આહારપર્યાપ્તિનું વૈચિત્ર્ય અશનપરિણામના વૈચિત્ર્યમાં જ ઉપયોગી છે માટે તે વાત ક્લૃપ્ત છે, અર્થાત્ પ્રગટ છે, અને ક્લૃપ્ત એવા આહારપર્યાપ્તિના વૈચિત્ર્યથી જ ક્ષુધાતૃષાનું વૈચિત્ર્ય સંગત થાય છે, તે આ રીતે - જેવા પ્રકારની આહારપર્યાપ્તિ હોય તેને અનુરૂપ જ અંદરમાં જઠરાગ્નિ પ્રદીપ્ત બને છે, તો જ ગ્રહણ કરાયેલો આહાર કે પાણી ધાતુરૂપે સમ્યક્ પરિણામ પામી શકે, માટે તે પર્યાપ્તિને અનુરૂપ તીવ્ર-મંદ આદિ ક્ષુધાના પરિણામો પેદા થાય, કેમ કે તીવ્ર પર્યાપ્તિનો ઉદય હોય તો જઠરાગ્નિ તીવ્ર પ્રદીપ્ત થાય, તેથી ક્ષુધા પણ તીવ્ર લાગે. તે જ રીતે જેવા પ્રકારની આહારપર્યાપ્તિ હોય તેવા જ પ્રકારનો જઠરાગ્નિ પ્રદીપ્ત થવાથી તૃષાનો પરિણામ પણ તેને અનુરૂપ જ પ્રાપ્ત થશે. માટે ક્ષુધાતૃષાનું વૈચિત્ર્ય અને તરતમતા પણ આહારપર્યાપ્તિના વૈચિત્ર્યથી જ સંગત થઈ જશે. તેથી અશાતાવેદનીય સામાન્યથી જ અશાતાના પ્રતિ હેતુ છે તેમ માનવું ઉચિત છે.

જેમ ઘટ, રમકડાં આદિ માટીમાંથી થનારા પદાર્થો પ્રત્યે માટી સામાન્ય કારણ છે, તેમ જીવમાં થનારી ક્ષુધાતૃષા આદિરૂપ સામાન્ય અશાતા પ્રતિ અશાતા કારણ છે. તે માટીને ઘટની સામગ્રી મળે તો ઘટ નિષ્પન્ન થાય અને રમકડાંની સામગ્રી મળે તો રમકડાં નિષ્પન્ન થાય; તેમ ક્ષુધા પેદા કરવાને અનુકૂળ આહારપર્યાપ્તિની સામગ્રી મળે તો ક્ષુધારૂપ અશાતા પેદા થાય, અને તૃષા પેદા કરવાને અનુકૂળ આહારપર્યાપ્તિરૂપ સામગ્રી મળે તો તૃષારૂપ અશાતા પેદા થાય છે. તે જ રીતે ક્ષુધા-તૃષાની તીવ્રતા-મંદતા પણ આહારપર્યાપ્તિરૂપ સામગ્રીના ભેદથી થાય છે, તેથી ક્ષુધાતૃષા પ્રત્યે અશાતાવેદનીય સામાન્યરૂપે કારણ છે અને આહારપર્યાપ્તિ વિશેષરૂપે કારણ છે; અર્થાત્ જેવી આહારપર્યાપ્તિ વિશેષ હોય તે પ્રકારે ક્ષુધાતૃષાદિરૂપ વિશેષની પ્રાપ્તિ થાય. માટે અશાતાવેદનીયના ઉદયના વૈચિત્ર્યથી જ ક્ષુધાતૃષાનું વૈચિત્ર્ય નથી, તો પણ અશાતાવેદનીયનો ઉદય અને આહારપર્યાપ્તિ એ ઉભયથી જન્ય ક્ષુધાતૃષા છે.

'**न द्वयं**' - તે આ અભિપ્રાયને સામે રાખીને '**न द्वयम्**'થી જે ઉદ્ધરણ કહ્યું તેનો ભાવ એ છે કે, અશાતાવેદનીયકર્મ અને આહારપર્યાપ્તિ આ બંનેમાંથી પ્રત્યેક એવા બંને પણ તે પ્રકારે યુક્ત નથી, અર્થાત્ કેવલ અશાતાવેદનીયકર્મના વૈચિત્ર્યથી ક્ષુધા-તૃષાનું વૈચિત્ર્ય થાય છે અથવા કેવલ આહારપર્યાપ્તિના વૈચિત્ર્યથી ક્ષુધા-તૃષાનું વૈચિત્ર્ય થાય છે તે પ્રકારે યુક્ત નથી. (પરંતુ આહારપર્યાપ્તિ અને અશાતાવેદનીયકર્મ એ બંનેથી ક્ષુધા-તૃષાનું વૈચિત્ર્ય થાય છે તે યુક્ત છે.)

'**अन्यथा**' - '**अन्यथा**'થી ગ્રંથકારે જે કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, પૂર્વપક્ષીએ '**ननु**'થી શંકા કરી તે પ્રમાણે માનીએ તો, અશાતાવેદનીયના ઉદયના વૈચિત્ર્યથી જ ક્ષુધાતૃષાનું વૈચિત્ર્ય સંગત થઈ જાય છે. તેથી આહારપર્યાપ્તિ ક્ષુધા-તૃષા પ્રત્યે અન્યથાસિદ્ધ થઈ જાય, અર્થાત્ આહારપર્યાપ્તિને ક્ષુધા-તૃષા પ્રત્યે કારણરૂપ માનવાની આવશ્યકતા રહેતી નથી. તેથી શાસ્ત્રોમાં આહારપર્યાપ્તિને કારણ કહેનારાં શાસ્ત્ર વચનોનું અનુચિતપણું સિદ્ધ થશે.

ગાથા :- **अस्सायवेअणिज्जं छुहतण्हाईण कारणं जाण ।**
पज्जत्तिसत्तितदुदयजलितंत्तज्जलणादित्ताणं ॥७९॥

(अशातावेदनीयं क्षुत्तृष्णादीनां कारणं जानीहि । पर्याप्तिशक्तितदुदयज्जवलितान्तर्ज्वलनदीप्तानाम् ॥७९॥)

ગાથાર્થ :- પર્યાપ્તિશક્તિ અને તેના ઉદયથી જ્વલિત=અશાતાવેદનીયના ઉદયથી જ્વલિત, અંતર્જ્વલન, તેનાથી દીપ્ત એવા ક્ષુધાતૃષાદિના કારણરૂપ અશાતાવેદનીયને તું જાણ.

टीका :- एवं च सामान्यतोऽसातजनकमसातवेदनीयं तत्कारणोपग्राहकतया, आहारपर्याप्तिश्च तद्वैचित्र्य-प्रयोजकवैचित्र्यवत्तयौदर्यज्वलनोपतापहेतुः, मोहनीयं कर्म तु न कुत्राप्युपयुज्यत इति कथं तद्विरहात् क्षुत्तृष्णादिविरहः केवलिनामिति ॥७९॥

टीकार्थ :- '**एवं च**'-અને આ પ્રમાણે=અવતરણિકામાં કહ્યું એ પ્રમાણે, સામાન્યથી અશાતાજનક એવું અશાતાવેદનીયકર્મ તત્કારણ ઉપગ્રાહકપણા વડે કરીને, અને આહારપર્યાપ્તિ તદ્વૈચિત્ર્યપ્રયોજકવૈચિત્ર્યવત્તયા, ઔદર્યજ્વલનઉપતાપનો હેતુ છે. વળી મોહનીયકર્મ ક્યાંય પણ ઉપયોગી નથી. આથી કરીને કેવલીને કેવી રીતે તદ્વિરહ હોવાથી=મોહનીયકર્મનો વિરહ હોવાથી, ક્ષુધાતૃષાદિનો વિરહ હોઈ શકે? અર્થાત્ ન હોઈ શકે.**॥૭૯॥**

❀ '**इति**' કથનની સમાપ્તિ સૂચક છે.

❀ '**असातजनक .. ग्राहकतया**' - અશાતાજનક અશાતાવેદનીયકર્મ તત્કારણ ઉપગ્રાહકતયા ઔદર્યજ્વલનઉપતાપનો હેતુ છે, અર્થાત્ '**तत्**'=ઔદર્યજ્વલનઉપતાપ, તેનું કારણ આહારપર્યાપ્તિ, તેનું ઉપગ્રાહક અશાતાવેદનીયકર્મ, ઉપગ્રાહકતા અશાતાવેદનીયકર્મમાં રહી એ સ્વરૂપે અશાતાવેદનીયકર્મ ઔદર્યજ્વલનઉપતાપનો હેતુ છે. '**आहारपर्याप्तिश्च .. हेतुः**' આહારપર્યાપ્તિ તદ્વૈચિત્ર્યપ્રયોજકવૈચિત્ર્યવત્તયા ઔદર્યજ્વલનઉપતાપનો હેતુ છે, અર્થાત્ '**तत्**'= ઔદર્યજ્વલનઉપતાપ, તેના=ઔદર્યજ્વલનઉપતાપના, વૈચિત્ર્યનું પ્રયોજક એવું વૈચિત્ર્યવત્પણું આહારપર્યાપ્તિમાં છે. તેથી આહારપર્યાપ્તિ તદ્વૈચિત્ર્યપ્રયોજકવૈચિત્ર્યવત્પણાથી ઔદર્યજ્વલનઉપતાપનો હેતુ છે.

❀ '**तत्कारणउपग्राहकतया**' અને '**तद्वैचित्र्यप्रयोजकवैचित्र्यवत्तया**' અહીં સ્વરૂપ અર્થક તૃતીય છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે ઔદર્યજ્વલનઉપતાપથી જન્ય ક્ષુધા-તૃષારૂપ કાર્યસામાન્ય પ્રતિ અશાતાવેદનીયકર્મ અશાતારૂપ કાર્યનું જનક છે, અને ક્ષુધા-તૃષાની પ્રાપ્તિમાં જે ઔદર્યજ્વલનનો ઉપતાપ પેદા થાય છે તેનું કારણ આહારપર્યાપ્તિ છે તેના પ્રતિ અશાતાવેદનીયકર્મ ઉપગ્રાહક છે. અર્થાત્ ક્ષુધા પેદા કરવામાં ઔદર્યજ્વલનનો ઉપતાપ હેતુ છે અને તેનું કારણ આહારપર્યાપ્તિ છે, તેના ઉપગ્રાહકપણારૂપે અશાતાવેદનીયકર્મ કારણ=હેતુ છે. કહેવાનો ભાવ એ છે કે અશાતાવેદનીયકર્મના ઉપગ્રહને કારણે આહારપર્યાપ્તિ ઔદર્યજ્વલનઉપતાપ પેદા કરે છે, જે ક્ષુધા આદિ કાર્યને ઉત્પન્ન કરી શકે છે. તેથી અશાતાવેદનીયકર્મમાં ઉપગ્રાહકતા છે અને તે ઉપગ્રાહકતારૂપે

જ અશાતાવેદનીયકર્મ ઔદર્યજ્વલનઉપતાપ પ્રતિ હેતુ છે; અને ક્ષુધા-તૃષાના વૈચિત્ર્યમાં પ્રયોજક આહારપર્યાપ્તિનું વૈચિત્ર્ય છે, તેથી આહારપર્યાપ્તિ વૈચિત્ર્યવત્ થઈ, અને આહારપર્યાપ્તિમાં વૈચિત્ર્યવત્તા છે અને તે રૂપે આહારપર્યાપ્તિ ઔદર્યજ્વલનઉપતાપનો હેતુ છે. આટલું કથન ગાથાર્થથી પ્રાપ્ત ટીકામાં છે.

ત્યારપછી મોહનીયકર્મ ક્યાંય ઉપયોગી નથી એ કથન ફલિતાર્થરૂપે છે, તે આ રીતે - ગાથા-૭૮ની ટીકામાં **'मैवं'**થી કહ્યું કે, ક્ષુધા-તૃષા આહારપર્યાપ્તિ અને વેદનીયકર્મના ઉદયથી પ્રજ્વલિત ઔદર્યજ્વલનના ઉપતાપથી જન્ય છે, તેથી મોહજન્ય નથી; માટે પૂર્વપક્ષીનું કથન સંગત નથી. તે જ વાતની પુષ્ટિ પ્રસ્તુત ગાથા-૭૯માં કરવા ક્ષુધા-તૃષા આહારપર્યાપ્તિજન્ય અને અશાતાવેદનીયજન્ય કઈ રીતે છે તે બતાવ્યું. તેનાથી એ પ્રાપ્ત થયું કે, પૂર્વપક્ષી(દિગંબર) ક્ષુધા-તૃષાને મોહજન્ય કહે છે તે સંગત નથી. તેથી ફલિતાર્થરૂપે કહે છે કે, મોહનીયકર્મ ક્ષુધા-તૃષાની ઉત્પત્તિમાં ક્યાંય ઉપયોગી નથી, અને ત્યારપછી **'इति कथं'** કહીને સ્વસિદ્ધાંતની પુષ્ટિ કરતાં કહે છે કે, એથી કરીને કેવી રીતે કેવલીઓને મોહનીયકર્મના વિરહથી ક્ષુધા-તૃષાનો વિરહ હોઈ શકે? અર્થાત્ ન હોઈ શકે. **॥૭૯॥**

अवतरणिका :- शङ्कते-

अवतरणिकार्थ :- પૂર્વ ગાથા-૭૯માં કહ્યું કે મોહનીયકર્મ ક્યાંય ઉપયોગી નથી, અર્થાત્ જેમ આહારપર્યાપ્તિ ઔદર્યજ્વલનઉપતાપના વૈચિત્ર્યના પ્રયોજકવૈચિત્ર્યવત્તયા ઉપયોગી છે અને અશાતાવેદનીયકર્મ તત્કારણ ઉપગ્રાહકતયા ઉપયોગી છે, તે રીતે ઔદર્યજ્વલનઉપતાપ પ્રતિ મોહનીયકર્મ કોઈ રીતે ઉપયોગી નથી, ત્યાં પૂર્વપક્ષી શંકા કરે છે તેનું ઉદ્ભાવન ગાથામાં કરીને તેનું સમાધાન ગ્રંથકાર કરે છે-

ગાથા :- **णणु छुहतण्हा तण्हामोहुदउप्पत्तिआ रिरंस व्व ।**
भण्णइ अण्णा तण्हा अण्णं दुःक्खं तयट्ठंति ॥८०॥

(ननु क्षुधातृष्णा तृष्णामोहोदयोत्पत्तिका रिरंसेव । भण्यतेऽन्या तृष्णा अन्यद्दुःखं तदर्थमिति ॥८०॥)

ગાથાર્થ :- **'ननु'થી પૂર્વપક્ષી શંકા કરે છે કે, रिरंसा(ભોગેચ્છા)ની જેમ ક્ષુધા અને તૃષા તૃષ્ણામોહોદયથી ઉત્પત્તિકા છે. તેના જવાબરૂપે ગ્રંથકાર કહે છે- (તે) અન્ય તૃષ્ણા છે=તૃષ્ણામોહોદયરૂપ તૃષ્ણા છે, અને તદર્થક =તૃષ્ણામોહોદયઅર્થક જે ક્ષુધાતૃષારૂપ દુઃખ છે તે અન્ય છે.**

'तृष्णामोहोदयोत्पत्तिका' નો સમાસ આ રીતે કરવો - તૃષ્ણામોહના ઉદયથી ઉત્પત્તિ છે જેની તેવી (ક્ષુધાતૃષા છે.)

ટીકા :- नन्वशनीयोदन्ये अपि वृषस्येव तृष्णाव्यक्तिरूपतया मोहोदयजन्ये, ते एव च क्षुत्तृष्णापदाभिधेये इति कथं न तयोस्तज्जन्यत्वमिति चेत्? न, पौर्वापर्यभावेन बुभुक्षापिपासाभ्यां क्षुतृष्णायोर्भिन्नत्वात्। तथा हि-पूर्वं तथाविधाऽसातवेदनीयोदयवशात् क्षुत्तृष्णाभ्यां बाध्यते जन्तुः, ततस्तन्निवृत्त्युपाययोरशन-

पानयोस्तथात्वं प्रमिणोति तृप्त्यादिसाधनतयेष्टसाधनत्वं वा, ततो बुभुक्षति पिपासति वा, ततश्च तत्र प्रवर्त्तत इति। तत्र च तदुपायमैत्रीप्रवृत्तिहेतुकतृष्णाया मोहजन्यत्वेऽपि क्षुत्तृष्णयोस्तज्जन्यत्वे न किञ्चित्प्रमाणं पश्यामः।

ટીકાર્થ :- '**ननु** ' થી પૂર્વપક્ષી કહે છે કે અશનીય=ખાવાની ઇચ્છા, ઉદન્ય=પીવાની ઇચ્છા, પણ વૃષની=ભોગેચ્છાની, જેમ તૃષ્ણાની અભિવ્યક્તિરૂપ હોવાથી મોહોદયજન્ય છે અને તે =અશનીયા ઉદન્યા, જ ક્ષુધાતૃષાપદથી અભિધેય છે. એથી કરીને કેવી રીતે તે બેનું=ક્ષુધાતૃષાનું, તજ્જન્યપણું=મોહજન્યપણું નથી? એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. તેમાં હેતુ કહે છે-

'**पौवापर्य**' - પૂર્વાપરભાવથી બુભુક્ષા-પિપાસાથી ક્ષુધાતૃષાનું ભિન્નપણું છે.

'**तथाहि**' - તે આ પ્રમાણે- પહેલાં તથાવિધ અશાતાવેદનીયકર્મના ઉદયના વશથી ક્ષુધાતૃષા વડે જંતુ બાધ પામે છે. ત્યારપછી તેની નિવૃત્તિના ઉપાયરૂપ અશન અને પાનનું તથાપણું=ઉપાયપણું, જાણે છે, અથવા તૃપ્ત્યાદિના સાધનપણાથી ઈષ્ટસાધનપણારૂપે (અશનપાનને) જુએ છે. ત્યારપછી ખાવાની ઇચ્છા કરે છે અથવા પીવાની ઇચ્છા કરે છે અને ત્યારપછી તેમાં પ્રવર્તે છે.

'**इति**' શબ્દ '**तथाहि**'થી કહેલ કથનની સમાપ્તિ સૂચક છે.

'**तत्र च**' - અને ત્યાં='**तथाहि**'થી '**प्रवर्त्तत इति**' સુધીના કથનમાં જે કાર્ય-કારણભાવ બતાવ્યો ત્યાં, તેના= ક્ષુધાતૃષાના, ઉપાયમાં, મૈત્રીપ્રવૃત્તિહેતુક તૃષ્ણાનું મોહજન્યપણું હોવા છતાં પણ ક્ષુધાતૃષાનું તજ્જન્યપણું= મોહજન્યપણું, માનવામાં અમે કાંઇ પ્રમાણ જોતા નથી.

ભાવાર્થ :- '**ननु**'થી પૂર્વપક્ષીને એ કહેવું છે કે, ખાવાની ઇચ્છા અને પીવાની ઇચ્છા તે બન્ને ક્ષુધાતૃષારૂપ છે, અને ખાવાની ઇચ્છા કે પીવાની ઇચ્છા એ જીવમાં રહેલી સુખની તૃષ્ણાથી પ્રગટ થાય છે, માટે ક્ષુધાતૃષા મોહજન્ય છે. તેના સમાધાનરૂપે ગ્રંથકારે કહ્યું કે અશાતાવેદનીયના ઉદયથી જીવમાં ક્ષુધાતૃષા પેદા થાય છે. તે ખાવાની ઇચ્છા કે પીવાની ઇચ્છારૂપ નથી, પરંતુ અશાતાવેદનીયના ઉદયથી ક્ષુધાતૃષા પેદા થયા પછી જીવને ખાવાની અને પીવાની ઇચ્છા પેદા થાય છે, તેથી ક્ષુધાતૃષા એ કારણ છે, અને બુભુક્ષા-પિપાસા એ કાર્ય છે; તેથી ક્ષુધાતૃષા એ અશાતાવેદનીયજન્ય છે, અને બુભુક્ષા અને પિપાસા મોહજન્ય છે. અને તેને જ સ્પષ્ટ કરતાં કહે છે કે, જીવને અનાદિકાળથી ક્ષુધા અને તૃષાના શમનના ઉપાયમાં મૈત્રી થયેલ છે, અને તે ક્ષુધા-તૃષામાં વર્તતી જીવની મૈત્રીની પ્રવૃત્તિથી જે તૃષ્ણા પેદા થાય છે તે બુભુક્ષા અને પિપાસારૂપ છે અને તે મોહજન્ય છે, તો પણ ક્ષુધા-તૃષાને મોહજન્ય સ્વીકારવામાં કોઇ યુક્તિ નથી, આથી જ અશાતાવેદનીયજન્ય ક્ષુધા-તૃષા કેવલીને હોઇ શકે છે. પરંતુ મોહજન્ય બુભુક્ષા અને પિપાસા તેઓને હોતી નથી.

टीका :- अथ मोहनिरोधेनैव तपस्विनां तन्निरोधदर्शनात्तयोस्तज्जन्यमवसीयत इति चेत्? न, तेषां सर्वथा तन्निरोधाऽसिद्धेः, प्रतिपक्षभावनया बुभुक्षापिपासानिरोधेनैव तदभिभवाद्, अन्यथा शरीरकार्श्यादि तत्कार्यविलोपप्रसङ्गात्।

ટીકાર્થ :- '**अथ**'થી પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે કે, મોહના નિરોધથી જ તપસ્વીઓને તન્નિરોધનું=ક્ષુધાતૃષાના નિરોધનું, દર્શન થતું હોવાથી તે બેનું=ક્ષુધાતૃષાનું, તજ્જન્યપણું=મોહજન્યપણું, જણાય છે. તેના નિરાકરણરૂપે ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. તેમાં હેતુ કહે છે -

'**तेषां**' - તેઓને=તપસ્વીઓને, સર્વથા તન્નિરોધની=ક્ષુધાતૃષાના નિરોધની, અસિદ્ધિ છે.

ઉત્થાન :- અહીં શંકા થાય કે મોહના નિરોધથી તપસ્વીઓને ક્ષુધાનો અનુભવ ઓછો થતો પણ દેખાય છે. માટે સર્વથા તેનો નિરોધ ન દેખાવા છતાં અક્ષુધાભાવનાથી ક્ષુધાની અલ્પતા દેખાય છે. તેથી અનુમાન થઈ શકે કે કેવલીને પૂર્ણ મોહનો અભાવ છે તેથી ત્યાં પૂર્ણ ઇચ્છાનો નિરોધ છે, અને તપસ્વીઓને અંશથી મોહનો નિરોધ છે તેથી ક્ષુધા પણ તે તે અંશમાં અલ્પ થાય છે; માટે ક્ષુધાતૃષા પ્રત્યે મોહની કારણતાનું અનુમાન થઈ શકે છે. તેથી બીજો હેતુ કહે છે-

ટીકાર્થ :- '**प्रतिपक्ष**' - પ્રતિપક્ષભાવનાથી=આહારની પ્રતિપક્ષભાવનાથી=અક્ષુધા-અતૃષા ભાવનાથી, બુભુક્ષા અને પિપાસાના નિરોધથી જ ક્ષુધાતૃષાનો અભિભવ થાય છે.

'**अन्यथा**' પ્રતિપક્ષભાવનાથી બુભુક્ષા-પિપાસાનો નિરોધ થાય છે અને તેનાથી જ ક્ષુધાતૃષાનો અભિભવ થાય છે તેમ ન માનો તો=ક્ષુધાતૃષાનો અભિભવ થાય છે તેમ ન માનો અને ક્ષુધાતૃષાનો નિરોધ થાય છે તેમ માનો તો, શરીરકાર્શ્યાદિ તત્કાર્યના વિલોપનો=ક્ષુધાતૃષાના કાર્યના વિલોપનો, પ્રસંગ પ્રાપ્ત થાય.

ભાવાર્થ :- '**अथ**'થી પૂર્વપક્ષીએ શંકા કરતાં કહ્યું કે, મોહના નિરોધથી જ તપસ્વીઓને ક્ષુધાતૃષાનો નિરોધ દેખાય છે, તેથી ક્ષુધાતૃષાનું મોહજન્યપણું નક્કી થાય છે; તેનું તાત્પર્ય એ છે કે તપસ્વીઓ જેમ જેમ તપમાં યત્ન કરે છે તેમ તેમ ખાદ્યપદાર્થવિષયક તેમને મોહ ઓછો થતો દેખાય છે, અને તેનાથી તેઓને ક્ષુધાતૃષા પણ અલ્પ અલ્પતર થતી દેખાય છે, માટે તેનું મોહજન્યપણું નક્કી થાય છે. તેના નિરાકરણરૂપે ગ્રંથકારે કહ્યું કે, તપસ્વીઓને સર્વથા ક્ષુધાતૃષાના નિરોધની અસિદ્ધિ હોવાથી પૂર્વપક્ષીએ કહ્યું તે યુક્ત નથી. તેનું તાત્પર્ય એ છે કે ક્ષુધાતૃષા મોહથી જન્ય હોય તો જે તપસ્વીઓએ મોહનો સંપૂર્ણ નિરોધ કરી લીધો છે, તેઓને ક્ષુધાતૃષાના નિરોધની સિદ્ધિ હોવી જોઈએ; પરંતુ તપસ્વીઓમાં સર્વથા ક્ષુધાતૃષાના નિરોધની અસિદ્ધિ હોવાથી ક્ષુધાતૃષા મોહજન્ય છે એમ નક્કી થઈ શકતું નથી.

'**प्रतिपक्ष**' - પૂર્વમાં બીજો હેતુ બતાવતાં કહ્યું કે, પ્રતિપક્ષભાવનાથી બુભુક્ષા અને પિપાસાનો નિરોધ થાય છે અને તેનાથી જ=બુભુક્ષાપિપાસાના નિરોધથી જ, ક્ષુધાતૃષાનો અભિભવ થાય છે. તેનું તાત્પર્ય એ છે કે, મુનિ અણાહારી પદની ભાવનાઓ કરે છે અને તેને પુષ્ટ કરવા માટે જ તપમાં યત્ન કરે છે, અને તે પ્રતિપક્ષભાવનાથી જ બુભુક્ષા અને પિપાસાનો પરિણામ તેમનામાં નિરોધ પામી જાય છે. તે બુભુક્ષા અને પિપાસાનાં પરિણામો અશાતાવેદનીયના ઉદયથી પ્રાપ્ત એવી ક્ષુધાતૃષામાં અતિશયતા કરનારા જીવના પરિણામો છે. તેથી બુભુક્ષાપિપાસાનો નિરોધ થવાને કારણે જ ક્ષુધા અને તૃષાનો અભિભવ થાય છે. તેથી તપસ્વીઓને ક્ષુધાતૃષાની અનુભૂતિ પણ અલ્પ દેખાય છે. તો પણ ક્ષુધાતૃષા પ્રત્યે સાક્ષાત્ કારણ અશાતાવેદનીય કર્મ છે અને તેને અતિશય કરવામાં સહાયક બુભુક્ષા અને

પિપાસા છે. તેથી મોહનો નાશ થવાથી બુભુક્ષા અને પિપાસાનો નાશ થાય છે તેથી, બુભુક્ષા-પિપાસાકૃત ક્ષુધાતૃષાનો અતિશય થતો હતો તે કેવલીને નહિ થવા છતાં, અશાતાવેદનીયકર્મના ઉદયકૃત ક્ષુધાતૃષા કેવલીને પણ હોઇ શકે છે.

'અન્યથા' - **'અન્યથા'**થી કહ્યું કે પ્રતિપક્ષભાવનાથી બુભુક્ષાપિપાસાનો નિરોધ થાય છે અને તેનાથી ક્ષુધાતૃષાનો અભિભવ થાય છે તેમ ન માનો, અને તેનાથી ક્ષુધાતૃષાનો નિરોધ થાય છે તેમ માનો, તો શરીરકાર્શ્યાદિ ક્ષુધાતૃષાના કાર્યના વિલોપનો પ્રસંગ પ્રાપ્ત થાય. તેનું તાત્પર્ય એ છે કે બુભુક્ષાપિપાસાના નિરોધને કારણે જો ક્ષુધાતૃષાનો નિરોધ થાય તો ક્ષુધાતૃષા નહિ હોવાને કારણે તપસ્વીઓને ક્ષુધાતૃષાના નિરોધનું કાર્ય શરીરની કૃશતા=ઘસાવાપણું છે, તે દેખાવું જોઇએ નહિ; કેમ કે ક્ષુધાતૃષાનો નિરોધ થવાથી ક્ષુધાતૃષારૂપ કારણના અભાવમાં શરીરકૃશતારૂપ કાર્ય પણ હોઇ શકે નહિ, માટે તપસ્વીઓમાં જે શરીરકૃશતા દેખાય છે, તેના લોપનો પ્રસંગ પ્રાપ્ત થાય.

टीका :- अथ समानेऽप्यसातवेदनीयोदये मूढामूढानां दुःखप्रकर्षापकर्षदर्शनात् मोहकार्यत्वं दुःखस्येति चेत्? सत्यं, तथापि तृष्णातिरेकद्वारा प्रकृष्टदुःखं प्रत्येवारतिमोहोदयादेर्हेतुत्वात्, अन्यथा समानवैराग्या-णामप्यसातवेदनीयोदयवैचित्र्येण तदवैचित्र्यप्रसङ्गात्॥८०॥

टीकार्थ :- **'अथ'**થી પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે કે, સમાન એવા પણ અશાતાવેદનીયના ઉદયમાં મૂઢ અને અમૂઢને પ્રકર્ષ અને અપકર્ષનું દર્શન થતું હોવાથી દુઃખનું મોહકાર્યપણું છે=દુઃખ મોહથી જન્ય છે. તેને ગ્રંથકાર કહે છે કે તારી વાત સાચી છે, તો પણ તૃષ્ણાના અતિરેક દ્વારા પ્રકૃષ્ટ દુઃખ પ્રતિ જ અરતિમોહોદયાદિનું હેતુપણું છે.

'અન્યથા'=તૃષ્ણાના અતિરેક દ્વારા અરતિમોહોદયાદિનું પ્રકૃષ્ટ દુઃખ પ્રત્યે હેતુપણું ન માનો અને દુઃખ પ્રત્યે મોહને હેતુ માનો તો, સમાન વૈરાગ્યવાળા જીવને પણ અશાતાવેદનીયના ઉદયના વૈચિત્ર્યથી તદ્ અવૈચિત્ર્યનો =દુઃખના અવૈચિત્ર્યનો, પ્રસંગ પ્રાપ્ત થાય.**॥૮૦॥**

ભાવાર્થ :- **'અથ'**થી પૂર્વપક્ષીનું એ કહેવું છે કે, બે જીવોને સમાન અશાતાવેદનીયનો ઉદય હોય તેમાં જે જીવ મોહથી મૂઢ છે તેને દુઃખના પ્રકર્ષનો અનુભવ થાય છે, અને જે જીવ તત્ત્વથી ભાવિત મતિવાળો છે અને તેથી જે અમૂઢ છે અર્થાત્ મોહના ઉદયવાળો નથી, ત્યારે તેનામાં અશાતાકૃત વિહ્વળતા નહિ હોવાને કારણે, દુઃખનો અપકર્ષ દેખાય છે; તેનાથી અનુમાન થાય છે કે દુઃખ મોહનું કાર્ય છે. ત્યાં ગ્રંથકાર **'सत्यं'**થી એ સ્વીકારે છે કે મૂઢ આત્માને અમૂઢતા સદૃશ અશાતાવેદનીય હોવા છતાં, દુઃખનો જે પ્રકર્ષ થયો તે મોહને કારણે થયો તે વાત સાચી છે, તો પણ, દુઃખ પ્રત્યે મોહ જ કારણ છે તે વાત તારી=પૂર્વપક્ષીની, સાચી નથી. તે બતાવવા અર્થે **'तथापि'**થી કહે છે કે, મૂઢ આત્માને અશાતાવેદનીયથી જે પ્રકૃષ્ટ દુઃખ થયું તેનું કારણ તેનામાં વર્તતો અરતિનો પરિણામ છે, અને તે અરતિના પરિણામને કારણે તે દુઃખનો નાશ કરવાની તીવ્ર ઇચ્છા તેને પેદા થાય છે, અને જ્યારે તે ઇચ્છા તીવ્ર વર્તતી હોય અને દુઃખનાશ ન થઇ શકે ત્યારે, તે દુઃખનો અનુભવ વિશેષરૂપે થાય છે, તેથી મોહને કારણે દુઃખનો પ્રકર્ષ પ્રાપ્ત થયો તે વાત બરાબર છે; પરંતુ દુઃખસામાન્ય પ્રત્યે મોહ કારણ છે તે વાત બરાબર નથી. અને તેની જ પુષ્ટિ કરવા માટે **'अन्यथा'**થી બતાવ્યું કે, જો દુઃખ પ્રત્યે મોહ જ કારણ હોય તો બે વ્યક્તિ સમાન

વૈરાગ્યવાળી હોય અને બંનેને અશાતાવેદનીય ભિન્નભિન્ન પ્રકારનું હોય, અર્થાત્ એક વ્યક્તિને અશાતાવેદનીય અલ્પમાત્રાનું હોય અને બીજી વ્યક્તિને તીવ્ર માત્રાનું હોય, તો તેના કારણે તેઓને જે દુઃખની અલ્પતા કે તીવ્રતાની પ્રાપ્તિ છે તે થઈ શકે નહિ; કેમ કે મોહના અંશથી બન્નેમાં સમાનતા છે, તેથી મોહથી જ દુઃખ પેદા થતું હોય તો બન્નેને સમાન જ દુઃખ પેદા થવું જોઈએ; પરંતુ દુઃખમાં જે ભેદ દેખાય છે તેનું કારણ બંનેમાં વર્તતા અશાતાવેદનીયના કર્મનો ભેદ જ કારણ છે. માટે કેવલીને મોહ નહિ હોવા છતાં ક્ષુધા-તૃષાઆપાદક અશાતાવેદનીયકર્મના ઉદયથી ક્ષુધા-તૃષા સ્વીકારવાં જ ઉચિત છે. **॥૮૦॥**

અવતરણિકા :- अथ तृष्णोत्पत्तिप्रकारमाह-

અવતરણિકાર્થ :- ગાથા ૮૦માં સિદ્ધ કર્યું કે ક્ષુધા અને તૃષારૂપ દુઃખ કરતાં મોહજન્ય જે ખાવાની અને પીવાની ઇચ્છારૂપ તૃષ્ણા છે તે જુદી છે. તેથી હવે તે તૃષ્ણા કઈ રીતે ઉત્પન્ન થાય છે તે બતાવતાં કહે છે-

ગાથા :- **मोहाभिणिवेसेणं चउहि वि उमकोट्ठयाइहेऊहिं ।**
पगरिसपत्ता तण्हा जायइ आहारसण्णत्ति ॥८१॥

(मोहाभिनिवेशेन चतुर्भिरवमकोष्ठतादिहेतुभिः । प्रकर्षप्राप्ता तृष्णा जायत आहारसंज्ञेति ॥८१॥)

ગાથાર્થ :- મોહના અભિનિવેશને કારણે અવમકોષ્ઠાદિ ચાર હેતુઓથી પ્રકર્ષપ્રાપ્ત આહારસંજ્ઞા તૃષ્ણા થાય છે.

ટીકા :- आहारसंज्ञा ह्याहाराभिलाषः क्षुद्वेदनीयोदयप्रभवः खल्वात्मपरिणाम इत्युक्तमावश्यकवृत्त्यादौ। अयं च शरीरानुरागार्थिताद्यौपाधिकतया यद्यपि मोहाभिव्यक्तः, तदुक्तं- 'संज्ञानं संज्ञा मोहाभिव्यक्तं चैतन्यमिति' **तथापि क्षुद्वेदनीयोदयाऽसाधारणहेतुकतया तथोक्तः। स चावमकोष्ठताक्षुद्वेदनीयोदयमतितदर्थोपयोगैश्चतुर्भिः समुदितैर्हेतुभिरुपजायते। तथा च पारमर्षं [श्री स्थानांगसूत्र- ४/३५६]-** [१] चउहिं ठाणेहिं आहारसण्णा समुप्पज्जइ, उमकोट्ठयाए, छुहावेदणिज्जस्स णं कम्मस्स उदएणं, मतीए, तदट्ठोवओगेणं ति। **तत्र मतिराहारश्रवणादिभ्यो भवति, तदर्थोपयोगस्त्वाहारमेवानवरतं चिन्तयत इति व्याख्यातम्। सेयमाहारसंज्ञा स्वकारणप्रकर्षादवाप्तप्रकर्षा तृष्णेति भण्यते। सा च निरन्तरोपसर्पदिष्टविषयसंयोगाभिलाषसन्ततिरूपार्त्तध्यानमयत्वमास्कन्दन्ती प्रकृष्टदुःखाङ्कुरस्य बीजभूता भवति॥८१॥**

ટીકાર્થ :- '**आहारसंज्ञा**' - આહારસંજ્ઞા આહારના અભિલાષરૂપ ક્ષુધાવેદનીયના ઉદયથી ઉત્પન્ન થયેલ આત્માનો પરિણામ છે, એ પ્રમાણે આવશ્યકવૃત્ત્યાદિમાં કહેલું છે, અને આ=આહારનો અભિલાષ, શરીરના અનુરાગથી થયેલી અર્થિતાદિરૂપ ઉપાધિપણું હોવાને કારણે જો કે મોહથી અભિવ્યક્ત છે, તો પણ ક્ષુધાવેદનીયના ઉદયનું અસાધારણહેતુપણું હોવાને કારણે તથા=ક્ષુધાવેદનીયના ઉદયથી ઉત્પન્ન થયેલ આત્મપરિણામરૂપ, આવશ્યકવૃત્ત્યાદિમાં કહેલ છે.

---

१. चतुर्भिः स्थानैराहारसंज्ञा समुत्पद्यते-अवमकोष्ठतया, क्षुधावेदनीयस्य कर्मण उदयेन, मत्या, तदर्थोपयोगेन्न ।

આહારસંજ્ઞા મોહથી અભિવ્યક્ત છે એમ કહ્યું, તેમાં સાક્ષી બતાવે છે- સંજ્ઞાનક્રિયા તે સંજ્ઞા (તે) મોહથી અભિવ્યક્ત ચૈતન્ય છે.

'इति' સાક્ષીપાઠની સમાપ્તિસૂચક છે.

'स च' - અને તે આહારઅભિલાષ (૧) અવમકોષ્ઠતા =કોઠો ખાલી થવો, (૨) ક્ષુધાવેદનીયકર્મનો ઉદય, (૩) મતિ અને (૪) તદર્થઉપયોગરૂપ સમુદિત એવાં આ ચાર કારણો વડે ઉત્પન્ન થાય છે. અને તે પ્રમાણે ઠાણાંગસૂત્રમાં કહેલ છે- ચાર કારણો વડે આહારસંજ્ઞા ઉત્પન્ન થાય છે. તે સ્થાનો આ પ્રમાણે (૧) અવમકોષ્ઠતા વડે, (૨) ક્ષુધાવેદનીયકર્મના ઉદય વડે, (૩) મતિ વડે અને (૪) તદર્થઉપયોગ વડે (આહારસંજ્ઞા પેદા થાય છે.)

'तत्र' - ત્યાં=ચાર કારણોમાં, મતિ આહારશ્રવણાદિથી અર્થાત્ આહાર અંગેની વાતો સાંભળવાથી થાય છે. વળી તદર્થ ઉપયોગ આહારનું નિરંતર ચિંતન કરનારને થાય છે એ પ્રમાણે ઠાણાંગસૂત્રમાં વ્યાખ્યાન કરાયેલ છે.

'सेयम्' - સ્વકારણના પ્રકર્ષથી પ્રાપ્ત થયેલ પ્રકર્ષવાળી તે આ આહારસંજ્ઞા તૃષ્ણા, એ પ્રમાણે કહેવાય છે; અને તે=તૃષ્ણા, નિરંતર વધતી, ઈષ્ટ વિષયના સંયોગના અભિલાષની પરંપરારૂપ આર્ત્તધ્યાનમયપણાને પામતી, પ્રકૃષ્ટ દુઃખરૂપ અંકુરના બીજ સમાન થાય છે.**॥૮૧॥**

❀ મૂળગાથામાં **'आहारसंज्ञेति'** અહીં **'इति'** છે તેનો અન્વય ટીકામાં **'तृष्णा इति भण्यते'** ત્યાં ભાસે છે, **'जायते'**નો અર્થ **'भण्यते'** કર્યો લાગે છે.

ભાવાર્થ :- 'आहारसंज्ञा' - આવશ્યકવૃત્તિમાં કહેલ છે કે આહારસંજ્ઞા એ આહારના અભિલાષરૂપ છે, અને તે આહારસંજ્ઞા ક્ષુધાવેદનીયકર્મના ઉદયથી થયેલ આત્માનો પરિણામ છે. આ રીતે આવશ્યકવૃત્તિના વચનને જોતાં એ પ્રાપ્ત થાય કે, આહારસંજ્ઞા એ મોહના કારણે થનારો જીવનો પરિણામ નથી પરંતુ ક્ષુધારૂપ આત્માનો પરિણામ છે, એવો ભ્રમ થાય. એના નિવારણ માટે ગ્રંથકાર કહે છે કે, જીવમાં શરીરનો અનુરાગ વર્તે છે તેથી જીવને આહારની અર્થિતા પેદા થાય છે, અને તે અર્થિતા એ જીવની અંદરમાં વર્તતા શરીરના અનુરાગને કારણે પેદા થયેલ મોહનો પરિણામ છે; અને તે મોહના પરિણામને કારણે આહારસંજ્ઞા પેદા થાય છે, તેથી આહારસંજ્ઞા મોહથી અભિવ્યક્ત થનારો પરિણામ છે. તો પણ આવશ્યકવૃત્તિમાં તેને ક્ષુદ્વેદનીયના ઉદયથી થનારો જીવનો પરિણામ કહ્યો, તેનું કારણ આહારસંજ્ઞા પ્રત્યે અસાધારણ કારણ ક્ષુધાવેદનીયનો ઉદય છે, અને નિમિત્ત કારણ જીવમાં વર્તતો શરીરનો અનુરાગ છે; અને તેના કારણે જીવને આહારની અર્થિતા પેદા થાય છે, અને તેના કારણે જ આહારસંજ્ઞા ઉત્પન્ન થાય છે; તો પણ મુખ્ય કારણ તેમાં ક્ષુદ્વેદનીય કર્મ છે. તેને સામે રાખીને આવશ્યકવૃત્તિમાં ક્ષુદ્વેદનીય કર્મના ઉદયથી આહારસંજ્ઞા થાય છે એમ કહેલ છે.

'तदुक्तं'થી કહ્યું તેનો ભાવ આ પ્રમાણે છે- સંજ્ઞા શબ્દની વ્યુત્પત્તિ અર્થ બતાવતાં કહ્યું કે સંજ્ઞાનક્રિયા છે તે સંજ્ઞા છે, અને તે સંજ્ઞા શું છે તે બતાવતાં કહ્યું કે મોહથી પ્રગટ થયેલ ચૈતન્ય છે તે સંજ્ઞા છે. એનાથી એ પ્રાપ્ત થાય કે બધી જ સંજ્ઞાઓ સંજ્ઞાનક્રિયારૂપ છે અને મોહના પરિણામ સ્વરૂપ છે.

હવે આહારસંજ્ઞા પ્રત્યે ચાર કારણો હેતુ છે તે બતાવે છે. અને તે ચારે કારણો ભેગાં હોય ત્યાં જ આહારસંજ્ઞા હોય. ત્યાં અવમકોષ્ઠતા=પેટ ખાલી હોય અને ક્ષુદ્વેદનીયનો ઉદય હોય, આ બે કારણોથી જીવને ભૂખનો અનુભવ થાય; પરંતુ ખાવાની મતિ ન હોય કે ખાવાનો ઉપયોગ ન હોય તો ખાવાની ક્રિયા પણ ન હોય અને ખાવાની

મનોવૃત્તિ પણ ન હોય. જેમ તપસ્વીને ભૂખ લાગી હોય ત્યારે પેટ ખાલી હોય છે અને અશાતાવેદનીયનો ઉદય હોય છે પરંતુ આહારસંજ્ઞા નથી. અને કોઈ સંયમીને પેટ ખાલી હોય, ક્ષુદ્વેદનીયકર્મનો ઉદય હોય અને મારા સંયમની વૃદ્ધિ માટે આહાર ગ્રહણ કરવો જરૂરી છે, એ પ્રમાણે મતિ હોય; પરંતુ આહારના વિષયમાં અનવરત ચિંતન ન હોય, ત્યારે સંયમને અનુકૂળ એવી ભિક્ષાગ્રહણની પ્રવૃત્તિ હોવા છતાં ત્યાં આહારસંજ્ઞા હોતી નથી. અને જે જીવને ભૂખ લાગી હોય અને તેના કારણે આહારગ્રહણની મતિ હોય અને આહારવિષયક સતત ચિંતવન ચાલતું હોય ત્યારે આહારસંજ્ઞા પ્રગટ થાય છે, જે સામાન્ય સંસારીજીવોને દેખાય છે.

અહીં મતિનો અર્થ કરતાં કહ્યું કે આહારશ્રવણાદિથી મતિ થાય છે, તેનો ભાવ એ છે કે સામાન્ય સંસારીજીવોને જ્યારે ભૂખ લાગી હોય અને આહારની વાત સાંભળે તો તરત જ આહારગ્રહણની મતિ થઈ જાય છે, અને તેને કારણે આહારમાં અનવરત ચિંતન ચાલે છે, તે સ્થાનમાં આહારસંજ્ઞા હોય છે; પરંતુ મહાત્માને જ્યારે ક્ષુદ્વેદનીય અતિશય પીડે છે ત્યારે આહારનું શ્રવણ ન પણ હોય તો પણ આહારનું સ્મરણ થાય છે, અને તેને અહીં '**आदि**'પદથી ગ્રહણ કરવાનું છે, અને તે સ્મરણને કારણે તેઓને પણ સંયમને અનુકૂળ આહાર ગ્રહણ કરવાની મતિ થાય છે. આમ છતાં, તેઓ તત્ત્વના જાણકાર હોવાથી આહારના વિષયમાં અનવરત ચિંતન કરતા નથી; પરંતુ વિચારે છે કે જો આહાર મળશે તો સંયમની વૃદ્ધિ થશે અને નહિ મળે તો તપની વૃદ્ધિ થશે, અને આવી બુદ્ધિ હોવાથી તેઓને આહારસંજ્ઞા નથી.

ત્યારપછી આહારસંજ્ઞા અને તૃષ્ણા વચ્ચેનો ભેદ બતાવે છે- આહારસંજ્ઞા એ મોહનો પરિણામ છે અને જ્યારે તે પ્રકર્ષભાવને પામે ત્યારે તેને તૃષ્ણા કહેવાય, અર્થાત્ ખાવાની તીવ્ર ઇચ્છારૂપ તૃષ્ણા છે. અને આવી તૃષ્ણા જ્યારે જીવમાં પ્રગટ થાય છે ત્યારે તેને સતત ક્ષુધાશમનના ઉપાયભૂત ઈષ્ટ વિષયના સંયોગનો અભિલાષ વર્તે છે જે આર્ત્તધ્યાનરૂપ છે, અને તેના કારણે અરતિમોહનીયથી ઉદ્ભવેલ ગાઢ ચિત્તના ઉપતાપરૂપ પ્રકૃષ્ટ દુઃખનું કારણ તે તૃષ્ણા બને છે.**॥૮૧॥**

अवतरणिका :- न चेयं क्षुद्वेदनीयोदयजन्यत्वात् क्षुदेव, तदुत्तराभिलाषरूपत्वात्तस्याः, अत एव तां विनैव महर्षिणां भोजनादौ प्रवृत्तिरित्यनुशास्ति-

અવતરણિકાર્થ :- ગાથા-૮૧માં સિદ્ધ કર્યું કે મોહના અભિનિવેશને કારણે આહારસંજ્ઞા થાય છે અને પ્રકર્ષને પામેલ તે તૃષ્ણા થાય છે. તેની સામે પૂર્વપક્ષી કહે કે આ અર્થાત્ ગાથા ૮૧માં બતાવેલ આહારસંજ્ઞા ક્ષુદ્વેદનીયના ઉદયથી જન્ય હોવાના કારણે ક્ષુધા જ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે, તે વાત બરાબર નથી, કેમ કે તેનું =આહારસંજ્ઞાનું, ક્ષુધાના ઉત્તરમાં અભિલાષરૂપપણું છે. આથી કરીને જ=ક્ષુધાના ઉત્તરમાં અભિલાષરૂપ આહારસંજ્ઞા છે આથી કરીને જ, તેના વિના જ=આહારસંજ્ઞા વિના જ, મહર્ષિઓને ભોજનાદિમાં પ્રવૃત્તિ છે, એ પ્રમાણે અનુશાસન કરે છે અર્થાત્ એ પ્રકારનું કથન ગાથામાં કરે છે.

ભાવાર્થ :- અહીં આહારસંજ્ઞાનું ક્ષુધાના ઉત્તરમાં અભિલાષરૂપપણું છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, ક્ષુધાવેદનીયના ઉદયથી જન્ય ક્ષુધાનો પરિણામ પ્રથમ થાય છે, ત્યારપછી મોહના કારણે ઉત્તરમાં આહાર ગ્રહણ કરવાનો જે અભિલાષ છે તે રૂપ આહારસંજ્ઞા છે. માટે આહારસંજ્ઞા ક્ષુધારૂપ નથી.

ગાથા :- **असणाइम्मि पवित्ति एत्तोच्चिय तं विणा सुसाहूणं ।**
ण जहुत्तविहिविहाणे अइआरो हंदि णिद्दिट्ठो ॥८२॥

(अशनादौ प्रवृत्तिरत एव तां विनैव सुसाधूनाम् । न यथोक्तविधिविधानेऽतिचारो हंदि निर्दिष्टः ॥८२॥)

ગાથાર્થ :- આથી કરીને જ અર્થાત્ ગાથા-૮૧માં કહ્યું તે ચાર કારણોથી આહારસંજ્ઞા છે આથી કરીને જ, તેના વગર જ=આહારસંજ્ઞા વગર જ, સુસાધુઓને અશનાદિમાં પ્રવૃત્તિ છે. (અહીં પૂર્વપક્ષી કહે કે સુસાધુને પણ આહારસંજ્ઞાથી જ અશનાદિમાં પ્રવૃત્તિ છે, કેમ કે આહારસંજ્ઞા વગર આહારમાં પ્રવૃત્તિ જ સંભવે નહિ. તેથી કહે છે-) ખરેખર યથોક્ત વિધિઆચરણામાં=સુસાધુઓને શાસ્ત્રોક્ત વિધિપૂર્વક આહાર ગ્રહણ કરવામાં, અતિચાર કહેવાયો નથી.

टीका :- यतो हि मोहाभिनिवेशान्निरन्तराहारचिन्तनादिनैवाऽऽहारसंज्ञोपजायते, अतो निर्मोहानां यात्रामात्रार्थमेव कदाचिदप्रतिकुष्टपिण्डग्रहणमभिलषतां तां विनैव महर्षिणां भोजनादौ प्रवृत्तिः।

टीकार्थ :- 'यतो हि'- જે કારણથી મોહના અભિનિવેશને કારણે નિરંતર આહારચિંતનાદિ વડે જ આહારસંજ્ઞા ઉત્પન્ન થાય છે, આથી કરીને, યાત્રામાત્ર માટે જ=સંયમયાત્રાનાં પ્રયોજન માટે જ, અપ્રતિકુષ્ટ=અનિષિદ્ધ, પિંડગ્રહણને ઇચ્છતા એવા નિર્મોહ મહાત્માઓને તેના વિના જ=આહારસંજ્ઞા વિના જ, ક્યારેક ભોજનાદિમાં પ્રવૃત્તિ છે.

❀ **'यतः'**નો અન્વય **'अतः'**ની સાથે છે.

टीका :- अथाहारसंज्ञाऽऽहारहेतुरिति न तां विना महर्षिणामपि तत्र प्रवृत्तिरिति चेत्? तर्हि प्रवचनोक्त-कारणेनापि भोजनादिकुर्वतां यतीनामाहारसंज्ञयातिचारप्रसङ्गः, संज्ञानां चतसृणामप्यतिचाररूपत्वात्, अत एव ताभिर्हेतुभूताभिरतिचारप्रतिक्रमणमुपदिशन्ति-'[१] पडिक्कमामि चउहिं सण्णाहिं-आहारसण्णाए, भयसण्णाए, मेहुणसण्णाए परिग्गहसन्नाए' **त्ति, न च कृत्यकरणेऽतिचारो नाम, न वाऽकृत्यविधानमपि।**

टीकार्थ :- 'अथ'થી પૂર્વપક્ષી કહે કે આહારસંજ્ઞા આહારમાં હેતુ છે, એથી કરીને તેના વિના=આહારસંજ્ઞા વિના, મહર્ષિઓને પણ ત્યાં=ભોજનાદિમાં, પ્રવૃત્તિ ન થાય. તેને ગ્રંથકાર કહે છે કે, તો પછી પ્રવચનોક્ત કારણથી પણ ભોજનાદિ કરતાં યતિઓને આહારસંજ્ઞા વડે અતિચારનો પ્રસંગ આવશે; કેમ કે ચાર સંજ્ઞાઓનું અતિચારરૂપપણું છે.

'अत एव' આથી કરીને જ=ચાર સંજ્ઞાઓનું અતિચારપણું છે આથી કરીને જ, હેતુભૂત એવી તેઓ વડે =ચાર સંજ્ઞાઓ વડે, અતિચાર પ્રતિક્રમણનો ઉપદેશ આપે છે-

---

१. श्री श्रमणसूत्र - प्रतिक्रमामि चतुर्भिः संज्ञाभिः - आहारसंज्ञया, भयसंज्ञया, मैथुनसंज्ञया, परिग्रहसंज्ञया ।

ચાર સંજ્ઞાથી હું પ્રતિક્રમણ કરું છું - આહારસંજ્ઞાથી, ભયસંજ્ઞાથી, મૈથુનસંજ્ઞાથી, પરિગ્રહસંજ્ઞાથી (હું પ્રતિક્રમણ કરું છું.)

'त्ति' શ્રમણસૂત્રના ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

ઉત્થાન :- અહીં પૂર્વપક્ષી કહે કે મહર્ષિઓને પણ આહારસંજ્ઞાથી જ આહારમાં પ્રવૃત્તિ છે, અને આહારસંજ્ઞા એ મોહના પરિણામરૂપ છે તેથી જ તેનું પ્રતિક્રમણ કરવામાં આવે છે; અને સંપૂર્ણ મોહ ચાલ્યો જાય ત્યારે વીતરાગને આહારસંજ્ઞા હોતી નથી, તેથી તેઓ આહાર ગ્રહણ કરતા નથી. તેને ગ્રંથકાર કહે છે-

ટીકાર્થ :- **'कृत्यकरणे'**- કૃત્યકરણમાં અતિચાર હોય નહિ અને અકૃત્યનું વિધાન પણ હોય નહિ.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે શાસ્ત્રની વિધિ પ્રમાણે સાધુ જ્યારે આહાર ગ્રહણ કરતો હોય ત્યારે તે કૃત્યકરણરૂપ છે. તેથી તે આહારગ્રહણ આહારસંજ્ઞાથી થાય છે એમ કહીને તેના પ્રતિક્રમણ માટે ચાર સંજ્ઞાનું પ્રતિક્રમણ શાસ્ત્રમાં કહેલ છે, તે કહેવું ઉચિત ગણાય નહિ; કેમ કે શાસ્ત્રવિધિ પ્રમાણે કોઈ આહાર ગ્રહણ કરતો હોય તો તે અતિચાર છે તેમ કહી શકાય નહિ. અને વળી શાસ્ત્ર અતિચારરૂપ અકૃત્યનું વિધાન કરે નહિ. તેથી જો આહારસંજ્ઞાથી આહારની પ્રવૃત્તિ થતી હોય તો આહારસંજ્ઞા અકૃત્યરૂપ છે તેથી તેને પોષવા માટે તેને અનુરૂપ આહારગ્રહણની પ્રવૃત્તિ શાસ્ત્ર બતાવે નહિ. પરંતુ શાસ્ત્રમાં સાધુને આહારગ્રહણની વિધિ બતાવી છે, તેનાથી જ ફલિત થાય છે કે મહાત્માઓને આહારસંજ્ઞા વગર આહારની પ્રવૃત્તિ થાય છે.

ટીકા :- न च रागादिवदशस्तैवाहारसंज्ञातिचारो नाम, न तु प्रशस्तेति वाच्यं, तस्या द्वैविध्याऽव्यवस्थानात्, आहारसंज्ञात्वावच्छेदेनोक्तकारणजन्यत्वानुपपत्तेश्च ।

ટીકાર્થ :- 'न च' - અહીં પૂર્વપક્ષી કહે કે રાગાદિની જેમ અશસ્ત જ=અપ્રશસ્ત જ, આહારસંજ્ઞા અતિચાર છે પ્રશસ્ત આહારસંજ્ઞા નહિ, તેને ગ્રંથકાર કહે છે કે એ પ્રમાણે ન કહેવું. તેમાં હેતુ કહે છે- આહારસંજ્ઞાના દ્વૈવિધ્યનું અવ્યવસ્થાન છે.

ઉત્થાન :- અહીં પૂર્વપક્ષી કહે કે શાસ્ત્રમાં આહારસંજ્ઞાનું દ્વૈવિધ્ય સાક્ષાત્ ઉપલબ્ધ ભલે ન હોય, તો પણ આહારનો અભિલાષ એ જ આહારની પ્રવૃત્તિનો નિયામક છે, કેમ કે ઇચ્છાથી જ પ્રવૃત્તિ થાય છે, માટે આહારની ક્રિયા મોહથી જ થાય છે; અને શાસ્ત્રમાં આહાર ગ્રહણ કરતા મુનિઓને પણ અતિચાર વગરના સ્વીકાર્યા છે, તેથી અર્થથી પ્રાપ્ત થાય છે કે મુનિઓને પ્રશસ્ત આહારસંજ્ઞા છે. તેથી બીજો હેતુ કહે છે-

'आहारसंज्ञात्व...' આહારસંજ્ઞાત્વાવચ્છેદેન ઉક્ત કારણજન્યત્વની અનુપપત્તિ થશે.

ભાવાર્થ :- રાગાદિની જેમ અપ્રશસ્ત જ આહારસંજ્ઞા અતિચાર છે પ્રશસ્ત નહિ, અને તેમાં પૂર્વપક્ષીને ગ્રંથકારે પ્રથમ હેતુ એ આપ્યો કે આહારસંજ્ઞાના દ્વૈવિધ્યનું અવ્યવસ્થાન છે. તેનું તાત્પર્ય એ છે કે પૂર્વમાં ગ્રંથકારે ગાથા-૮૧માં એ સિદ્ધ કર્યું કે આહારસંજ્ઞા અતિચારરૂપ છે માટે મુનિઓને આહારસંજ્ઞા વગર આહાર ગ્રહણ થાય છે,

તેની સામે પૂર્વપક્ષી કહે છે કે આહારનું ગ્રહણ આહારસંજ્ઞાથી જ થાય છે; અને અપ્રશસ્ત એવી આહારસંજ્ઞા જ અતિચારરૂપ છે, જેમ અપ્રશસ્ત એવા રાગાદિ જ અતિચારરૂપ છે; પરંતુ પ્રશસ્ત રાગાદિ અતિચારરૂપ નથી તેમ પ્રશસ્ત આહારસંજ્ઞા પણ અતિચારરૂપ નથી, માટે પ્રશસ્ત આહારસંજ્ઞાવાળા મુનિઓને અતિચાર હોતા નથી; પરંતુ તે આહારસંજ્ઞા મોહથી જન્ય હોવાને કારણે કેવલીઓમાં હોતી નથી. અર્થાત્ કેવલીમાં પ્રશસ્ત અને અપ્રશસ્ત રાગાદિનો જેમ અભાવ છે તેમ પ્રશસ્ત અને અપ્રશસ્ત આહારસંજ્ઞાનો પણ અભાવ છે, માટે કેવલીને કવલાહાર નથી. તેના નિરાકરણરૂપે ગ્રંથકાર કહે છે કે જેમ રાગાદિનું પ્રશસ્ત-અપ્રશસ્તરૂપ દ્વૈવિધ્ય છે, તેમ આહારસંજ્ઞાનું પ્રશસ્ત-અપ્રશસ્તરૂપ દ્વૈવિધ્ય શાસ્ત્રમાં ક્યાંય કહેલ નથી.

આહારસંજ્ઞાત્વાવચ્છેદેન ઉક્ત કારણજન્યત્વની અનુપપત્તિ છે, એ પ્રમાણે બીજો હેતુ કહ્યો તેનું તાત્પર્ય એ છે કે, ગાથા-૮૧માં સ્થાનાંગસૂત્રની સાક્ષીથી એ બતાવ્યું કે અવમકોષ્ઠતાદિ સમુદિત ચાર કારણો વડે આહારસંજ્ઞા થાય છે, જ્યારે આહારસંજ્ઞાના પ્રશસ્ત-અપ્રશસ્ત એવા બે વિભાગ કરીએ તો બધી આહારસંજ્ઞા ઉક્ત ચાર કારણજન્ય માની શકાય નહિ, તેથી સ્થાનાંગસૂત્રના કથનનો વિરોધ પ્રાપ્ત થાય, માટે આહારસંજ્ઞાના દ્વૈવિધ્યનો વિભાગ કરવો તે શાસ્ત્રવિરુદ્ધ છે. તેથી એ જ માનવું ઉચિત ગણાય કે નિરતિચારવાળા મુનિ આહારસંજ્ઞા વગર આહાર ગ્રહણ કરે છે. તેથી કેવલીને પણ મોહ નહિ હોવા છતાં આહાર ગ્રહણ માનવામાં કોઈ દોષ નથી.

ઉત્થાન :- જે કાંઈ આહાર ગ્રહણ થાય છે તે સર્વ પ્રત્યે આહારસંજ્ઞા હેતુ નથી એ વાતની પુષ્ટિ કરતાં કહે છે-

ટીકા :- किञ्चेयमाहारसंज्ञाहारमात्रं प्रति हेतुः कवलाहारमात्रं प्रति वा? नाद्यः, तां विनापि लोमाहारादि-श्रवणात्, न द्वितीयः, लोमाहारस्येव कवलाहारस्यापि तां विनैव संभवात्तस्यास्तदहेतुत्वात्॥८२॥

ટીકાર્થ :- 'किञ्च' - વળી આ આહારસંજ્ઞા આહારમાત્ર પ્રતિ હેતુ છે કે કવલાહારમાત્ર પ્રતિ હેતુ છે?
'नाद्यः'- પ્રથમ વિકલ્પ યુક્ત નથી, કેમ કે તેના વિના પણ=આહારસંજ્ઞા વિના પણ, લોમાહારાદિનું શ્રવણ છે.
'न द्वितीयः'- બીજો વિકલ્પ પણ યુક્ત નથી, કેમ કે લોમાહારની જેમ કવલાહારનો પણ તેના વિના જ=આહારસંજ્ઞા વિના જ, સંભવ હોવાથી તે=આહારસંજ્ઞા, તેનો=કવલાહારનો, અહેતુ છે.**॥૮૨॥**

ભાવાર્થ :- આહારસંજ્ઞા વગર પણ કવલાહારનો સંભવ છે, માટે આહારસંજ્ઞા કવલાહારનો અહેતુ છે એમ ગ્રંથકારે કહ્યું; ત્યાં શંકા થાય કે હેતુ ઉભયપક્ષને સંમત હોવો જોઈએ અને પૂર્વપક્ષી આહારસંજ્ઞા વગર કવલાહાર સંભવ છે તેમ માનતો નથી, કેમ કે પૂર્વપક્ષી એમ જ માને છે કે આહારસંજ્ઞા વિના કવલાહાર થઈ જ શકે નહિ. તેથી શ્વેતાંબરોને પોતાના ઘરમાં જ આવું કથન કરવું ઉચિત ગણાય, પણ પરવાદીને કઈ રીતે કહી શકાય કે આહારસંજ્ઞા વગર પણ કવલાહારનો સંભવ છે? તેનું સમાધાન એ છે કે - જેમ લોમાહાર અનાભોગથી પ્રવર્તે છે ત્યારે તેના પ્રત્યે આહારસંજ્ઞા હેતુ નથી, અને જ્યારે આહાર પ્રત્યેની રુચિથી દેવતાઓ લોમાહારથી આહાર ગ્રહણ કરે છે ત્યારે તે આહારસંજ્ઞા છે; તે જ રીતે જેઓ આહારગ્રહણના અભિલાષથી કે ક્ષુધાને શમાવવાના અભિલાષથી આહારમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે તેમને આહારસંજ્ઞા હોય છે; પરંતુ આહારના અભિલાષ વગરનાને જ્યારે લોમાહાર ગ્રહણ થાય છે ત્યારે લોમાહાર પ્રતિ જેમ આહારસંજ્ઞા નિયામક નથી, તેમ સંયમવૃદ્ધિ અર્થક

ભગવાનની એક આજ્ઞામાત્રથી જેઓ આહારમાં પ્રવૃત્તિ કરે છે તેઓને આહાર પ્રત્યે કે ક્ષુધાશમન પ્રત્યે અભિલાષા નથી, પરંતુ સંયમવૃદ્ધિની જ અભિલાષા છે, અને સંયમવૃદ્ધિના ઉપાયમાં પ્રવૃત્તિ કરવારૂપ અભિલાષાથી જ આહારમાં તેમની પ્રવૃત્તિ છે. માટે આહારસંજ્ઞા વિના કવલાહારનો સંભવ છે તે રીતની યુક્તિથી પરપક્ષને=દિગંબરને, પણ કથન કરી શકાય, માટે કોઈ દોષ નથી. કહેવાનો ભાવ એ છે કે, દિગંબરમત પ્રમાણે લોમાહાર આહારસંજ્ઞા વિના સંભવે છે, તેથી તે દૃષ્ટાંત પૂર્વપક્ષને માન્ય છે. તેથી હેતુ ઉભયને સંમત ન હોવા છતાં દૃષ્ટાંતથી હેતુની સિદ્ધિ કરી આ સિદ્ધ કર્યું છે, અર્થાત્ લોમાહારની જેમ આહારસંજ્ઞા વગર પણ કવલાહારનો સંભવ છે, તેથી આહારસંજ્ઞા કવલાહારનો અહેતુ છે. માટે આહારસંજ્ઞા કવલાહારમાત્ર પ્રત્યે હેતુ છે એ રૂપ બીજો વિકલ્પ પણ યુક્ત નથી. ॥૮૨॥

અવતરણિકા :- एतेनेदं परास्तमित्याह-

અવતરણિકાર્થ :- સુસાધુઓને આહારસંજ્ઞા વગર પણ આહારમાં પ્રવૃત્તિ છે, એમ જે પૂર્વમાં ગાથા-૮૨માં સિદ્ધ કર્યું, આનાથી આ=વક્ષ્યમાણ પરાસ્ત છે, એ પ્રમાણે ગાથા-૮૩માં કહે છે-

ગાથા :- **एयं विणा ण भुत्ती मेहुणसण्णं विणा जह अबंभं ।**
इय वयणंपि परेसिं एएण पराकयं णेयं ॥८३॥

(एतां विना न भुक्तिर्मैथुनसंज्ञां विना यथाऽब्रह्म । इति वचनमपि परेषां एतेन पराकृतं ज्ञेयम् ॥८३॥)

ગાથાર્થ :- મૈથુનસંજ્ઞા વિના જેમ અબ્રહ્મ નથી, તેમ આના વિના=આહારસંજ્ઞા વિના, ભુક્તિ નથી; આ પ્રમાણે પરનું =પૂર્વપક્ષીનું, વચન પણ આનાથી=મહર્ષિઓને આહારસંજ્ઞા વગર પણ આહારમાં પ્રવૃત્તિ છે એમ પૂર્વમાં ગાથા-૮૨માં સિદ્ધ કર્યું આનાથી, પરાકૃત જાણવું.

ટીકા :- प्रशस्ताभिलाषेनाहारसंज्ञां विनापि यतीनामाहारोपदर्शनादाहारस्याहारसंज्ञाव्यतिरेकप्रयुक्त-व्यतिरेकशालित्वाभावादेव मैथुनसंज्ञां विना स्त्रीपुंससंयोग इवाहारसंज्ञां विना केवलिनां तदनुपपत्तिः इति वचोऽपि निरस्तमावेदितव्यं, दृष्टान्तवैषम्यात्॥८३॥

ટીકાર્થ :- 'प्रशस्त' - પ્રશસ્ત અભિલાષથી આહારસંજ્ઞા વગર પણ યતિઓને આહારનું ઉપદર્શન હોવાને કારણે આહારનું આહારસંજ્ઞાના વ્યતિરેક(=અભાવ)પ્રયુક્ત વ્યતિરેકશાલિપણાનો અભાવ હોવાથી જ મૈથુનસંજ્ઞા વિના સ્ત્રીપુરુષના સંયોગની જેમ આહારસંજ્ઞા વિના કેવલીને તેની=કવલાહારની, અનુપપત્તિ છે, એ પ્રમાણે વચન પણ નિરસ્ત જાણવું, કેમ કે દૃષ્ટાંતનું વૈષમ્ય છે.॥૮૩॥

☞ **'मैथुन...तदनुपपत्तिः'** એ પૂર્વપક્ષીનું કથન છે. અહીં **'मैथुनसंज्ञां....निरस्तमावेदितव्यं'** એમાં એક હેતુ **'दृष्टान्तवैषम्यात्'** છે અને બીજો હેતુ **'आहारस्याहारसंज्ञा.... शालित्वाभावादेव'** છે. અને **'आहारस्याहार...भावादेव'**માં **'प्रशस्त....उपदर्शनात्'** સુધી હેતુ છે.

ભાવાર્થ :- અહીં આહારની સાથે આહારસંજ્ઞાની અન્વયવ્યાપ્તિ અને વ્યતિરેકવ્યાપ્તિ આ રીતે કરી શકાય કે, જ્યાં જ્યાં આહારની પ્રવૃત્તિ છે ત્યાં ત્યાં આહારસંજ્ઞા છે, અને જ્યાં જ્યાં આહારસંજ્ઞાનો અભાવ છે ત્યાં ત્યાં આહારની પ્રવૃત્તિનો અભાવ છે. આ પ્રકારની આહારસંજ્ઞા સાથે આહારના અન્વય અને વ્યતિરેકની પ્રાપ્તિ થાય, તો કહી શકાય કે આહારસંજ્ઞાથી જ આહારમાં પ્રવૃત્તિ છે. પરંતુ સંયમવૃદ્ધિના પ્રશસ્ત અભિલાષને કારણે આહારસંજ્ઞા વગર પણ યતિઓ આહાર ગ્રહણ કરતા દેખાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે આહારની આહારસંજ્ઞા સાથે વ્યતિરેક વ્યાપ્તિ નથી. તેથી પૂર્વપક્ષીએ મૈથુનસંજ્ઞાના દૃષ્ટાંતથી સિદ્ધ કર્યું કે કેવલીમાં આહારસંજ્ઞા નહિ હોવાને કારણે આહાર નથી એ વચન નિરસ્ત જાણવું. કેમ કે મૈથુનસંજ્ઞાની અબ્રહ્મ પ્રત્યે અન્વય-વ્યતિરેક વ્યાપ્તિ છે અને આહારસંજ્ઞાની આહાર સાથે અન્વય-વ્યતિરેક વ્યાપ્તિ નથી. તેથી દૃષ્ટાંતનું વિષમપણું છે.

અહીં આહારસંજ્ઞાવ્યતિરેકપ્રયુક્ત વ્યતિરેકશાલિત્વનો અભાવ કહ્યો ત્યાં વ્યતિરેકનો અર્થ અભાવ ગ્રહણ કરવાનો છે. તેથી એ પ્રાપ્ત થાય કે, આહારસંજ્ઞાના અભાવપ્રયુક્ત અભાવશાલિપણું આહારમાં નથી, પરંતુ આહારસંજ્ઞાના અભાવપ્રયુક્ત અભાવના અભાવરૂપ મહાત્માઓની આહારમાં પ્રવૃત્તિ છે.**॥૮૩॥**

અવતરણિકા :- एतदेव व्यनक्ति-

અવતરણિકાર્થ :- આ જ=જે દૃષ્ટાંતવૈષમ્ય બતાવ્યું આ જ, વ્યક્ત કરે છે.

ગાથા :-

ण हु सा उचियपवित्ती णेव य सुपसत्थझाणहेउत्ति ।
आहारो व्व अबंभं अण्णह तुह होइ णिद्दोसं ॥८४॥

(न हि सा उचितप्रवृत्तिर्नैव च सुप्रशस्तध्यानहेतुरिति । आहार इवाब्रह्म अन्यथा तव भवति निर्दोषम् ॥८४॥)

ગાથાર્થ :- 'सा'=તે, મૈથુનની પ્રવૃત્તિ ઉચિત પ્રવૃત્તિ નથી જ અને સુપ્રશસ્ત ધ્યાનનો હેતુ પણ નથી જ, એથી કરીને (દૃષ્ટાંતનું વૈષમ્ય છે) અન્યથા આહારની જેમ અબ્રહ્મ પણ તને=પૂર્વપક્ષીને, નિર્દોષ થશે.

❀ ગાથામાં 'हु' છે તે 'एवकारार्थक' છે.

ટીકા :- केवलिनां हि कैवल्यस्वाभाव्यादेवोचिता प्रवृत्तिर्भवति, न चाब्रह्मप्रवृत्तिरुचिता, बाह्यानामपि गर्हणीयत्वात्। तथा चाहार इवाब्रह्मणि प्रवृत्तिर्न समाना, न चाहारस्येवाऽब्रह्मणः प्रशस्तध्यानालम्बनत्वं, प्रत्युत दुर्ध्याननिबन्धनत्वमेव, इत्यनयोर्महदन्तरमेव। तथा च परेषामपि न तत्र प्रवृत्तिरुचिता।

❀ **'आहार इव'** અહીં **'आहारे'** સપ્તમી વિભક્તિ છે.

ટીકાર્થ :- 'केवलिनां' - કેવલીઓને કૈવલ્યસ્વભાવથી જ ઉચિત પ્રવૃત્તિ થાય છે અને અબ્રહ્મની પ્રવૃત્તિ ઉચિત નથી. તેમાં હેતુ કહે છે-

'बाह्यानाम्'- બાહ્ય=સ્વદર્શનથી ભિન્ન પરદર્શનવાળાઓને પણ ગર્હણીયપણું છે, અને તે રીતે અર્થાત્ બાહ્યોને પણ અબ્રહ્મની પ્રવૃત્તિ ગર્હણીય હોવાને કારણે અબ્રહ્મની પ્રવૃત્તિ ઉચિત નથી તે રીતે, આહારમાં પ્રવૃત્તિની જેમ અબ્રહ્મમાં પ્રવૃત્તિ સમાન નથી અને આહારની જેમ અબ્રહ્મનું પ્રશસ્ત ધ્યાનનું આલંબનપણું પણ નથી, ઊલટું, દુર્ધ્યાનનું કારણપણું જ છે. એથી કરીને આ બેનું=આહારક્રિયા અને મૈથુનક્રિયા આ બેનું, મોટું અંતર છે, અને તે રીતે, પરને પણ=કેવલીથી પર બીજા મુનિઓને પણ, ત્યાં=અબ્રહ્મમાં, પ્રવૃત્તિ ઉચિત નથી.

ઉત્થાન :- અહીં પૂર્વપક્ષી કહે કે મુનિઓને આહારનિબંધનકર્મ છે તેથી જ તેમાં પ્રવૃત્તિનું ઔચિત્ય પ્રાપ્ત થાય છે; પરંતુ કેવલીમાં જેમ અબ્રહ્મનિબંધનકર્મ નથી તેમ આહારનિબંધનકર્મ પણ નથી, માટે કેવલીને આહાર અને અબ્રહ્મ બંને પ્રવૃત્તિ અનુચિત જ છે, તેથી દૃષ્ટાંતનું વિષમપણું નથી. અર્થાત્ સુસાધુમાં આહારસંજ્ઞા અને મૈથુનસંજ્ઞામાં વિષમપણું હોવા છતાં કેવલીમાં મોહ નહિ હોવાને કારણે બંને સંજ્ઞા નથી, તેથી તે બંનેમાં કેવલીને આશ્રયીને કોઇ વિષમપણું નથી; એ પ્રકારની પૂર્વપક્ષીની શંકાને સામે રાખીને કહે છે.

टीका :- न च तन्निबन्धनकर्मसत्त्व एव तदौचित्यं नाम, एवं सति सामान्ययतीनामप्याहारसंज्ञाया इव मैथुनसंज्ञाया अपि सत्त्वादाहार इवाब्रह्माद्युचितं स्यात्। न चेदमुन्मत्तं विना कोऽपि समर्थयति चक्षुष्मान्।

टीकार्थ :- 'न च तन्निबन्धन' - તન્નિબન્ધનકર્મ હોતે છતે જ=આહારનિબંધનકર્મ હોતે છતે જ, આહારનું ઉચિતપણું છે. આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. કેમ કે એ પ્રમાણે હોતે છતે સામાન્ય યતિઓને=કેવલી સિવાયના બીજા યતિઓને, પણ આહારસંજ્ઞાની જેમ મૈથુનસંજ્ઞાનું પણ સત્ત્વ હોવાથી આહારની જેમ અબ્રહ્મ આદિ ઉચિત થશે.
'न चेदं' - અને ઉન્મત્તને છોડીને કોઇપણ બુદ્ધિમાન આને=જો મુનિને આહાર ઉચિત છે તો અબ્રહ્મ પણ ઉચિત છે આને, સમર્થન કરે નહિ.

भावार्थ :- 'तन्निबन्धन' - તાત્પર્ય એ છે કે આહારનિબંધનકર્મના સત્ત્વના કારણે જ આહારની પ્રવૃત્તિ ઉચિત નથી, પરંતુ સંયમને પુષ્ટ કરવાના ઉપાયભૂત હોવાથી મુનિને આહારમાં પ્રવૃત્તિ ઉચિત છે. અને એમ ન માનીએ તો યતિને આહારસંજ્ઞા છે તેમ મૈથુનસંજ્ઞા પણ છે, માટે અવશ્ય મૈથુનસંજ્ઞાનિબંધનકર્મ પણ છે; તેથી અબ્રહ્મની પ્રવૃત્તિને પણ ઉચિત માનવી પડે. પરંતુ અબ્રહ્મની પ્રવૃત્તિ સંયમની વૃદ્ધિનું કારણ નથી તેથી ઉચિત નથી, અને આહારની પ્રવૃત્તિ સંયમની વૃદ્ધિનું કારણ છે તે અપેક્ષાએ મુનિને ઉચિત છે.

ઉત્થાન :- પૂર્વપક્ષીને યદ્યપિ મૈથુનસંજ્ઞા વગર અબ્રહ્મ નથી એ વસ્તુ માન્ય જ છે તો પણ તેને સ્થાપન કરવું છે કે, જેમ મૈથુનસંજ્ઞા વગર અબ્રહ્મની પ્રવૃત્તિ નથી તેમ આહારસંજ્ઞા વગર આહારગ્રહણની પ્રવૃત્તિ નથી. પરંતુ જ્યારે સિદ્ધાંતકારે સ્થાપન કર્યું કે મુનિઓને આહારસંજ્ઞા વગર પણ આહારમાં પ્રવૃત્તિ છે, તેથી પૂર્વપક્ષી પ્રશ્ન કરે છે -

टीका :- 'मैथुनसंज्ञामन्तराऽब्रह्म न' इत्यत्र किन्निदानं? इति चेत्? तस्य गर्हितत्वेन तीव्रतराऽप्रशस्ताभिलाष-प्रभवत्वादिति तत्त्वम्॥८४॥

टीकार्थ :- 'मैथुन' - (જો આહારસંજ્ઞા વગર આહારમાં પ્રવૃત્તિ સંભવે છે તો તમારા=શ્વેતાંબરના સિદ્ધાંત પ્રમાણે) મૈથુનસંજ્ઞા વગર અબ્રહ્મ નથી એ પ્રકારના કથનમાં શું કારણ છે?
ગ્રંથકાર તેમાં હેતુ કહે છે-
'तस्य' - તેનું=અબ્રહ્મનું, ગર્હિતપણું હોવાના કારણે તીવ્રતર અપ્રશસ્ત અભિલાષપ્રભવપણું છે, એ પ્રમાણે તત્ત્વ છે.**॥८४॥**

भावार्थ :- તાત્પર્ય એ છે કે મૈથુનપ્રવૃત્તિ મુનિને માટે ગર્હિત=નિંદિત છે; આમ છતાં, તેમાં પ્રવૃત્તિ ત્યારે જ સંભવે કે મૈથુનવિષયક તીવ્રતર અપ્રશસ્ત અભિલાષ પ્રાદુર્ભાવ થાય; જ્યારે આહાર તો સંયમના ઉપકારરૂપે બનતો હોય છે તેથી સંયમના પ્રશસ્તભાવથી તેમાં પ્રવૃત્તિ થઈ શકે છે. તેથી મૈથુનસંજ્ઞા વગર અબ્રહ્મની પ્રવૃત્તિ નથી.
'इति तत्त्वम्' કહીને ગ્રંથકારને એ કહેવું છે કે અપ્રશસ્ત અભિલાષથી જ મૈથુનની પ્રવૃત્તિ છે, માટે મૈથુનસંજ્ઞા વગર અબ્રહ્મ નથી; અને આહારની પ્રવૃત્તિ અપ્રશસ્ત અભિલાષથી પણ થઈ શકે છે અને પ્રશસ્ત અભિલાષથી પણ થઈ શકે છે, તેથી પ્રશસ્ત અભિલાષવાળા મુનિને આહારસંજ્ઞા વગર પણ આહારની પ્રવૃત્તિ છે, અને મૈથુનની પ્રવૃત્તિ નથી. એ પ્રકારનું તત્ત્વ છે. **॥८४॥**

अवतरणिका :- एवं चाहारसंज्ञैव प्रकर्षप्राप्ता तृष्णेति व्यवस्थितम्। अथास्या एवार्त्तध्यानहेतुत्वमुद्घोषयति-

अवतरणिकार्थ :- અને આ રીતે ગાથા-૮૧ થી ૮૪ સુધીમાં બતાવ્યું કે આહારસંજ્ઞા વગર પણ મુનિને આહારમાં પ્રવૃત્તિ છે, એથી તૃષ્ણા વગર પણ આહારગ્રહણની ક્રિયા છે એ રીતે, પ્રકર્ષપ્રાપ્ત આહારસંજ્ઞા જ તૃષ્ણારૂપ છે એ પ્રમાણે વ્યવસ્થિત છે. હવે આનું જ=આહારસંજ્ઞાનું જ, આર્ત્તધ્યાનહેતુપણું ઉદ્ઘોષ કરે છે-

भावार्थ :- તાત્પર્ય એ છે કે પૂર્વપક્ષીને જ્યાં જ્યાં આહારની પ્રવૃત્તિ છે ત્યાં ત્યાં તૃષ્ણા અભિમત છે, અને તે તૃષ્ણાને આહારસંજ્ઞારૂપ જ કહે છે, અને આહારસંજ્ઞાથી જ આહારમાં પ્રવૃત્તિ થઈ શકે છે તેમ કહે છે; જ્યારે ગ્રંથકારે ગાથા-૮૧ થી ૮૪ સુધીમાં એ સિદ્ધ કર્યું કે, પ્રશસ્ત અભિલાષથી જ્યારે મહાત્માઓ આહારમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે આહારસંજ્ઞા પણ નથી, અને તૃષ્ણા પણ નથી. અને સંસારીજીવો આહારમાં પ્રવૃત્તિ કરે છે તે આહારસંજ્ઞાથી કરે છે, અને તે આહારસંજ્ઞા જ જ્યારે પ્રકર્ષને પામે છે ત્યારે તૃષ્ણા બને છે. એ પ્રકારનો પદાર્થ ગાથા-૮૧ થી ૮૪ સુધીના કથનની વ્યવસ્થિત છે. અને ગાથા-૮૧ની ટીકામાં અંતે બતાવેલ કે, તૃષ્ણાથી આર્ત્તધ્યાન પેદા થાય છે. અને તે આર્ત્તધ્યાન પ્રકૃષ્ટ દુઃખનું કારણ બને છે તે બતાવવા અર્થે ગાથા-૮૫માં તૃષ્ણાનું આર્ત્તધ્યાનહેતુપણું બતાવે છે, અને ગાથા-૮૬માં તે તૃષ્ણા પ્રકૃષ્ટ દુઃખનું કારણ કઈ રીતે બને છે તે બતાવશે.

ગાથા :- **आहारचिंतणुब्भवमेयं आहारसण्णमासज्ज ।**
वड्ढइ अट्टज्झाणं इट्ठालाभेण मूढाणं ॥८५॥

(आहारचिन्तनोद्भवामेतामाहारसंज्ञामासाद्य । वर्द्धत आर्त्तध्यानं इष्टाऽलाभेन मूढानाम् ॥८५॥)

ગાથાર્થ :- આહારચિંતનથી ઉદ્ભવેલી એવી આ આહારસંજ્ઞાને=ગાથા-૮૧માં જેનું વર્ણન કર્યું છે અને બુદ્ધિમાં ઉપસ્થિત એવી આ આહારસંજ્ઞાને, પામીને, મૂઢોને ઈષ્ટના અલાભથી આર્ત્તધ્યાન વધે છે.

टीका :- निरन्तराहारचिन्तनप्रसूतया खल्वाहारसंज्ञयेष्टाभिलाषरूपमार्त्तध्यानं वर्द्धते, तदप्राप्तौ च दुःखवेगमसहमानानामरतिमोहोदयपारवश्याद्वेदनावियोगप्रणिधानरूपं तत्प्रवर्धत इति। इदं च रागादिवशवर्त्तिन एव, न तु मध्यस्थस्य, यदागमः-

[1]मज्झत्थस्स उ मुणिणो कम्मपरिणामजणियमेयंति ।
वत्थुस्सहावचिंतणपरस्स सम्मं सहंतस्स ॥
[2]कुणउ पसत्थालंबणस्स पडिआरमप्पसावज्जं ।
तवसंजमपडिआरं च सेवउ धम्ममनिआणं ॥ **ति [ध्यानशतक-११-१२]**

टीकार्थ :- 'निरन्तर' - નિરંતર આહારચિંતનથી પ્રસૂત એવી આહારસંજ્ઞાથી ઈષ્ટના અભિલાષરૂપ આર્ત્તધ્યાન વધે છે, અને તેની અપ્રાપ્તિમાં=આહારની અપ્રાપ્તિમાં, દુઃખના વેગને સહન નહિ કરતા એવા જીવોને અરતિમોહોદયના પારવશ્યથી વેદનાવિયોગપ્રણિધાનરૂપ=વેદનાવિયોગચિંતનરૂપ, તે=આર્ત્તધ્યાન, વધે છે. અર્થાત્ આહારપ્રાપ્તિની સંભાવનામાં ઈષ્ટના અભિલાષરૂપ આર્ત્તધ્યાન વૃદ્ધિ પામે છે અને આહારની અપ્રાપ્તિમાં ક્ષુધાવેદનાના વિયોગના ચિંતનરૂપ આર્ત્તધ્યાન વૃદ્ધિ પામે છે. અને આ=આર્ત્તધ્યાન, રાગાદિ વશવર્તીને જ હોય છે પરંતુ મધ્યસ્થને હોતું નથી.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે જે જીવોને આહારાદિ પ્રત્યે રાગ છે અને ક્ષુદ્વેદના પ્રત્યે દ્વેષ છે તેવા જીવોને જ પ્રસ્તુત આર્ત્તધ્યાન પ્રાપ્ત થાય છે, પણ જે લોકોને આહારાદિ પુદ્ગલો પ્રત્યે લેશ પણ રાગ નથી અને કેવલ સંયમમાં જ અભ્યુત્થિત હોવાથી ક્ષુધાની પીડા પ્રત્યે દ્વેષ પણ નથી, પરંતુ સંયમમાં વ્યાઘાતક ક્ષુધા બને ત્યારે સંયમના ઉપકારાર્થે જ આહારમાં પ્રવૃત્તિ છે, તેવા મધ્યસ્થ મુનિઓને આર્ત્તધ્યાન હોતું નથી.

જે કારણથી આગમ છે-

'मज्झत्थस्स' - વસ્તુસ્વભાવના ચિંતનમાં તત્પર અને આ=આવી પડેલાં દુઃખાદિ, કર્મપરિણામજનિત છે એ હેતુથી સમ્યગ્ સહન કરતા એવા મધ્યસ્થ મહાત્માઓને (આર્ત્તધ્યાન થતું નથી.)

'कुणउ'- પ્રશસ્ત આલંબનથી અલ્પસાવદ્યવાળો પ્રતિકાર કરે અને તપ-સંયમની વૃદ્ધિ થાય તે રીતે ક્ષુધાનો પ્રતિકાર કરે અને અનિદાન એવા ધર્મને સેવે.

---

૧. मध्यस्थस्य तु मुनेः कर्मपरिणामजनितमेतदिति । वस्तुस्वभावचिन्तनपरस्य सम्यक्सहमानस्य ॥

૨. करोतु प्रशस्तालंबनस्य प्रतिकारमल्पसावद्यम् । तपःसंयमप्रतिकारं च सेवतां धर्ममनिदानम् ॥

❀ **'पसत्थालंबणस्स'** માં પંચમીના અર્થમાં ષષ્ઠી વિભક્તિ પ્રાકૃતના કારણે છે.

ભાવાર્થ :- મધ્યસ્થ પરિણતિવાળા મુનિઓ હંમેશાં વસ્તુના સ્વભાવનું ચિંતન કરનારા હોય છે, અને પોતાને જ્યારે ક્ષુધાદિ લાગે છે ત્યારે તેઓ જાણે છે કે કર્મના પરિણામથી જનિત આ ક્ષુધાદિ છે, માટે ઉદયમાન કર્મ પ્રમાણે પોતાના ચિત્તના પરિણામને કરવા તે વિવેકીને ઉચિત નથી તેમ વિચારી ક્ષુધાને પણ તેઓ સમ્યગ્ રીતે સહન કરે છે, પરંતુ ક્ષુધા લાગવા માત્રથી આહારમાં પ્રવૃત્તિ કરતા નથી. અને જ્યારે સંયમવૃદ્ધિ અર્થે આહાર ગ્રહણ કરવો તેઓને જરૂરી જણાય ત્યારે નિર્દોષ ભિક્ષા માટે યત્ન કરે છે, અને વિચારે છે કે આહારની પ્રાપ્તિ થશે તો સંયમની વૃદ્ધિ થશે અને નિર્દોષ આહાર નહિ મળે તો તપની વૃદ્ધિ થશે એ પ્રકારનો પરિણામ તપ-સંયમના પ્રતિકારરૂપ છે; અર્થાત્ તપસંયમના પરિણામપૂર્વક તેઓ ક્ષુધાનો પ્રતિકાર કરે છે. અને જ્યારે નિર્દોષ ભિક્ષા ન મળવાને કારણે સંયમની વૃદ્ધિ થઈ શકે તેમ નથી અને બાહ્ય તપ કરવાથી અધ્યવસાયની વિશુદ્ધિ થઈ શકે તેમ નથી ત્યારે પ્રશસ્ત આલંબનથી તેઓ અલ્પ સાવદ્ય પ્રતિકાર કરે છે, અર્થાત્ પંચકહાનિપૂર્વક દોષિત ભિક્ષામાં યત્ન કરીને ક્ષુધાનો પ્રતિકાર કરે છે અને અનિદાન ધર્મને સેવે છે. અર્થાત્ ક્ષુધાના શમનના અભિલાષરૂપ ઇચ્છા વગર સંયમધર્મને સેવે છે.

ઉત્થાન :- ગાથા-૮૫ની ટીકામાં પૂર્વે સ્થાપન કર્યું કે રાગાદિવશવર્તીને આર્ત્તધ્યાન થાય છે અને મધ્યસ્થને થતું નથી, તેનાથી શું જણાય છે તે બતાવતાં કહે છે -

ટીકા :- एवमपि ज्ञायते प्रशस्तचेतोवृत्त्या भोजनादौ प्रवर्त्तमानानामप्यार्त्तध्यानाभावान्नाहारसंज्ञेति सत्ता तु तस्या आर्त्तध्यानस्येव रागादिपारवश्यदशायां यतीनामुपयुज्यत इति॥८५॥

ટીકાર્થ :- **'एवम्'**=આ પ્રમાણે વક્ષ્યમાણ કથન પણ જણાય છે- પ્રશસ્ત ચિત્તવૃત્તિથી ભોજનાદિમાં પ્રવર્તમાન સાધુઓને આર્ત્તધ્યાનનો અભાવ હોવાથી આહારસંજ્ઞા નથી. એથી કરીને વળી આર્ત્તધ્યાનની જેમ તેની =આહારસંજ્ઞાની, સત્તા=વિદ્યમાનતા, રાગાદિ પરવશપણાની દશામાં યતિઓને હોય છે.**॥૮૫॥**

❀ **'एवमपि'** માં **'अपि'**થી એ કહેવું છે પૂર્વની ગાથાઓમાં સિદ્ધ કર્યું કે મુનિઓને આહારસંજ્ઞા વગર પણ આહાર સંભવિત છે. કેમ કે આહારસંજ્ઞા અતિચારરૂપ છે અને નિરતિચાર મુનિ પણ આહારમાં પ્રવૃત્તિ કરે છે એ પ્રમાણે તો જણાય છે, પણ આમ પણ જણાય છે કે પ્રશસ્ત ચિત્તવૃત્તિથી ભોજનાદિમાં પ્રવર્તમાનને આહારસંજ્ઞા નથી.

ભાવાર્થ :- **'सत्ता तु'** તાત્પર્ય એ છે કે સાતિચાર ભૂમિકાવાળા યતિઓ જ્યારે પ્રશસ્ત ચિત્તવૃત્તિથી આહારમાં પ્રવર્તે છે ત્યારે તેઓને આહારસંજ્ઞા નથી; પરંતુ જે યતિઓ ગુણસ્થાનકમાં વર્તતા હોવા છતાં ભોજનમાં પ્રવર્તતા વિષયોના સંનિકર્ષથી રાગાદિને પરવશ થાય છે, તે યતિઓને આર્ત્તધ્યાનની જેમ આહારસંજ્ઞાની વિદ્યમાનતા હોય છે.**॥૮૫॥**

અવતરણિકા :- ततो यद्भवति तदाह-

અવતરણિકાર્થ :- 'ततः'=તેનાથી અર્થાત્ પૂર્વે ગાથા ૮૫માં કહ્યું કે આહારચિંતનના ઉદ્ભવથી આહારસંજ્ઞાને પામીને મૂઢોને ઈષ્ટના અલાભથી આર્ત્તધ્યાન વધે છે તેનાથી, જે થાય છે તે કહે છે-

ગાથા :-

तत्तो माणसदुक्खं लहइ जिओ कंदणाइ कुव्वंतो ।
लद्धुं इट्ठविसयं रईइ चिंतेइ अविओगं ॥८६॥

(ततो मानसदुःखं लभते जीवः क्रन्दनादि कुर्वन् । लब्ध्वापीष्टविषयं रत्या चिन्तयत्यवियोगम् ॥८६॥)

ગાથાર્થ :- 'ततः'=તેનાથી અર્થાત્ ગાથા-૮૫માં કહ્યું કે આહારચિંતનના ઉદ્ભવથી આહારસંજ્ઞાને પામીને મૂઢોને ઈષ્ટના અલાભથી આર્ત્તધ્યાન વધે છે તેનાથી, જીવ ક્રન્દનાદિ કરતો માનસદુઃખને પામે છે, (તેમ જ) ઈષ્ટ વિષયને પામીને રતિ વડે અવિયોગને ચિંતવે છે.

ટીકા :- ततः पुनरार्त्तध्यानैकलिङ्गं क्रन्दनरोदनादि कुर्वन् जीवो न केवलं क्षुद्वेदनीयोदयप्रभवं जाठराग्निजमेवोपतापमपि त्वरतिमोहोदयप्रभवमपि गाढचित्तोपतापमाप्नोति जीवः। कश्चित्तु तथाविधादृष्टवशादिष्टमुपलभतेऽपि न तु रतिमोहोदयप्रभवतदवियोगाध्यवसानरूपार्त्तध्यानाद्विश्राम्यति, इति न मोहभाजां कदाचिदपि पारमार्थिकं सुखम्॥८६॥

ટીકાર્થ :- 'ततः'=તેનાથી અર્થાત્ ગાથા-૮૫માં કહ્યું કે આહારચિંતનના ઉદ્ભવથી આહારસંજ્ઞાને પામીને મૂઢોને ઈષ્ટના અલાભથી આર્ત્તધ્યાન વધે છે તેનાથી, વળી આર્ત્તધ્યાનના એક લિંગરૂપ=એક ચિહ્નરૂપ, ક્રંદન-રોદનાદિને કરતો જીવ કેવલ ક્ષુધાવેદનીયના ઉદયથી થયેલ જઠરાગ્નિજન્ય જ ઉપતાપને પામતો નથી, પરંતુ અરતિમોહોદયથી થયેલ ગાઢ ચિત્તના ઉપતાપને પણ પામે છે.

વળી ક્યારેક તથાવિધ અદૃષ્ટના વશથી (ઈષ્ટવિષયને) પામે પણ છે, પરંતુ રતિમોહોદયથી થયેલ તેના =ઈષ્ટવિષયના, અવિયોગના અધ્યવસાનરૂપ આર્ત્તધ્યાનથી વિશ્રામ પામતો નથી; એથી કરીને મોહમૂઢ જીવોને ક્યારે પણ પારમાર્થિક સુખ હોતું નથી.**॥૮૬॥**

☞ 'પારમાર્થિક સુખ'થી અહીં ઉપશમભાવનું સુખ ગ્રહણ કરવાનું છે અને મોહથી પરવશ જીવોને પારમાર્થિક સુખ હોતું નથી.

અવતરણિકા :- यस्य पुनः सकलमोहोपक्षयादेव साक्षादात्मसाक्षात्कारः समुल्लसति, समुल्लसत्येव तस्य तदुपक्षयजन्यमेकान्तकान्तमत्यन्तोपरतसकलविकल्पकल्लोलजालं सातसंवेदनं, न तु विरमते वेदनीयोदयप्रभवं क्षुधादिकमपीत्याह-

અવતરણિકાર્થ :- જે વળી જીવોને સકલ=સંપૂર્ણ, મોહનીયના ઉપક્ષયથી=ક્ષયથી, જ સાક્ષાત્ આત્મસાક્ષાત્કાર સ્ફુરે છે, તેમને તદુપક્ષયથી=મોહનીયના ઉપક્ષયથી, એકાંતે સુંદર, અત્યંત વિકલ્પ કલ્લોલની જાલથી ઉપરત=મુક્ત, એવું સાતસંવેદન=સુખનું સંવેદન, સ્ફુરે જ છે; પરંતુ વેદનીયના ઉદયથી થયેલ ક્ષુધાદિક પણ વિરામ પામતા નથી એ પ્રમાણે કહે છે -

❀ અહીં સાતસંવેદન=શાતાવેદનીયનું સંવેદન ગ્રહણ કરવાનું નથી પરંતુ ઉપશમસુખનું સંવેદન ગ્રહણ કરવાનું છે.

ગાથા :- **तो मोहणीज्जखयओ तब्भवदुक्खाणुबंधविरहेणं ।**
लहइ सुहं सव्वण्णू चएइ णो पुण छुहं चइउं ॥८७॥

(तन्मोहनीयक्षयतस्तद्भवदुःखानुबंधविरहेण । लभते सुखं सर्वज्ञः शक्नोति न पुनः क्षुधां त्यक्तुम् ॥८७॥)

ગાથાર્થ :- તે કારણથી=ગાથા-૮૫/૮૬ માં કહ્યું કે મોહનીયના ઉદયથી આહારસંજ્ઞાનો પ્રાદુર્ભાવ થવાથી આર્ત્તધ્યાનની વૃદ્ધિ થાય છે અને આર્ત્તધ્યાનની વૃદ્ધિ થવાથી દુઃખની પ્રાપ્તિ થાય છે તે કારણથી, મોહનીયક્ષયથી તદ્ભવ=તજ્જન્ય=મોહનીયજન્ય, દુઃખના અનુબંધનો વિરહ થવાથી સર્વજ્ઞ સુખને પામે છે, પરંતુ ક્ષુધાનો ત્યાગ કરવા માટે સમર્થ નથી.

❀ અહીં સુખથી પારમાર્થિક સુખ=ઉપશમભાવના સુખને ગ્રહણ કરવાનું છે.

ટીકા :- दुःखप्रतिपक्षभूतः परिणामो हि सुखं, दुःखं च यद्यत्पापप्रकृतिजन्यं तत्तदुपक्षये तत्तद्गुणान्तर्भविष्णु सुखमुत्पद्यते। निःशेषसुखं पुनरव्याबाधाख्यं सकलकर्मक्षये वेदनीयक्षये वा।

ટીકાર્થ :- 'दुःख' - દુઃખના પ્રતિપક્ષભૂત પરિણામ જ સુખ છે, અને દુઃખ જે જે પાપપ્રકૃતિથી જન્ય છે તે તે પાપપ્રકૃતિનો ઉપક્ષય થયે છતે તે તે ગુણમાં અંતર્ભૂત એવું સુખ ઉત્પન્ન થાય છે. વળી અવ્યાબાધ નામનું નિઃશેષ સુખ=સંપૂર્ણ સુખ, સકલકર્મના ક્ષયમાં અથવા વેદનીયના ક્ષયમાં ઉત્પન્ન થાય છે.

❀ **'परिणामो'** પછી ટીકામાં **'हि'** છે તે **'एव'**કારાર્થક છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે જીવની અંદર સુખ અને દુઃખ બે પરિણામો વર્તે છે, અને સુખનો પરિણામ તે દુઃખના પ્રતિપક્ષભૂત છે=સુખનો પરિણામ હોય ત્યારે દુઃખ ન હોઈ શકે અને દુઃખનો પરિણામ હોય ત્યારે સુખ ન હોઈ શકે. અને ચાર ઘાતીકર્મરૂપ જે પાપપ્રકૃતિઓ છે, તે પાપપ્રકૃતિથી જન્ય એવું દુઃખ ચાર ઘાતીકર્મોનો ક્ષય થાય ત્યારે નાશ પામે છે, અને તે દુઃખનો નાશ થયે છતે તે તે ઘાતીકર્મના ક્ષયથી પેદા થનારા જ્ઞાન-દર્શનાદિ ગુણો અંતર્ગત સુખ પેદા થાય છે, તે આ પ્રમાણે-

(૧) જ્ઞાનાવરણીયના ઉદયથી ઉત્પન્ન થનારું જે દુઃખ છે તેના પ્રતિપક્ષભૂત એવું જે સુખ, તે કેવલજ્ઞાનાવરણીયના ક્ષયથી જેમ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે, તેમ તે સુખ પણ ઉત્પન્ન થાય છે. તેથી તે સુખ કેવળજ્ઞાનમાં જ અંતર્ભાવ પામે છે પણ કેવળજ્ઞાનથી જુદું નથી.

(૨) દર્શનાવરણીયના ક્ષયથી જેમ કેવલદર્શન ઉત્પન્ન થાય છે, તેમ દર્શનાવરણીયના ઉદયથી ઉત્પન્ન થનારું જે દુઃખ છે, તેના પ્રતિપક્ષભૂત એવું સુખ તે દર્શનમાં અંતર્ભૂત છે.

(૩) મોહનીયના ઉદયથી વ્યાકુળતારૂપ દુઃખ છે અને મોહનીયના ક્ષયથી અનંતચારિત્ર ઉત્પન્ન થાય છે. આ મોહનીયના ક્ષયથી ઉત્પન્ન થયેલા અનંત ચારિત્રની અંતર્ભૂત વ્યાકુળતારૂપ દુઃખના પ્રતિપક્ષ સ્વરૂપ નિરાકુલત્વભાવરૂપ સુખ પણ ઉત્પન્ન થાય છે.

(૪) અંતરાયના ઉદયથી દુઃખ ઉત્પન્ન થાય છે, અને અંતરાયકર્મના ક્ષયથી અનંત દાનાદિ લબ્ધિઓ ઉત્પન્ન થાય છે. આ ક્ષાયિક દાનાદિ લબ્ધિની અંતર્ભૂત અંતરાયના ઉદયથી ઉત્પન્ન થયેલા દુઃખના પ્રતિપક્ષભૂત સુખ પણ ઉત્પન્ન થાય છે.

વળી અવ્યાબાધ નામનું સંપૂર્ણ સુખ સકલકર્મના ક્ષયમાં અથવા વેદનીયકર્મના ક્ષયમાં થાય છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, તે તે કર્મના ક્ષયથી તે તે ગુણો પ્રાપ્ત થાય છે અને સર્વકર્મક્ષયથી સર્વ ગુણો પ્રાપ્ત થાય છે; તેથી સર્વગુણના અનુભવરૂપ સુખ સર્વકર્મક્ષયથી થાય છે. અને બીજા વિકલ્પરૂપે વેદનીયકર્મના ક્ષયથી કહ્યું, તેનાથી એ કહેવું છે કે, અવ્યાબાધ સુખનો બાધક=વ્યાબાધા કરનાર, વેદનીયકર્મ છે, તેથી વેદનીયકર્મના ક્ષયથી સંપૂર્ણ સુખ થાય છે તેમ કહ્યું.

આ બે વિકલ્પો પાડવા પાછળ નયભેદની દૃષ્ટિ છે. અર્થાત્ એક નય સર્વકર્મના ક્ષયથી પૂર્ણ સુખ સ્વીકારે છે, જ્યારે બીજો નય વેદનીયકર્મના ક્ષયથી પૂર્ણ સુખ સ્વીકારે છે.

ટીકા :- तथा च मोहोपक्षयादाविर्भूतं क्षायिकचारित्रमेव विकल्पविरहान्निराकुलत्वैकमूर्ति नित्यं सुखमाख्यायतां, न वयमत्र विप्रतिपद्यामहे न तु तन्मुख्यवृत्त्या क्षायिकं सुखं परिभाषितुं सांप्रतं, क्षायिकसम्यक्त्वादावपि तथापरिभाषाप्रसङ्गात्, अप्रामाणिकपरिभाषाया अनादरणीयत्वाच्च,

ટીકાર્થ :- 'तथा च' - અને તે પ્રમાણે=પૂર્વમાં કહ્યું કે જે જે પાપપ્રકૃતિજન્ય દુઃખ છે તે તે પાપપ્રકૃતિનો ક્ષય થયે છતે તે તે પાપપ્રકૃતિના ક્ષયથી જન્ય જે ગુણ છે તેમાં અંતર્ભૂત તદ્ક્ષયજન્ય સુખ પણ પેદા થાય છે તે પ્રમાણે, વિકલ્પનો વિરહ હોવાને કારણે મોહના ઉપક્ષયથી આવિર્ભૂત થયેલ ક્ષાયિક ચારિત્રને જ નિરાકુલપણાની એકમૂર્તિસ્વરૂપ નિત્યસુખ કહો એમાં અમારે કોઈ વિવાદ નથી, આ પ્રમાણે સિદ્ધાંતકાર પૂર્વપક્ષીને કહે છે. અને વળી તે=ક્ષાયિક ચારિત્ર મુખ્યવૃત્તિથી ક્ષાયિક સુખ છે એ પ્રમાણે પરિભાષા કરવા માટે યુક્ત નથી. તેમાં હેતુ કહે છે- ક્ષાયિક સમ્યક્ત્વાદિમાં પણ તથાપ્રકારની પરિભાષા કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય.

☞ અહીં ક્ષાયિક સમ્યક્ત્વાદિમાં 'આદિ'પદથી ક્ષાયિક જ્ઞાન આદિનું ગ્રહણ કરવું.

ઉત્થાન :- અહીં શંકા થાય કે ક્ષાયિક સમ્યક્ત્વકાળમાં ચેતનામાં નિરાકુળતા હોતી નથી, તેથી ક્ષાયિક સુખ છે

તેમ કહી શકાય નહિ; પરંતુ પરિપૂર્ણ મોહના ક્ષયથી ચેતના નિરાકુળ બને છે, અને નિરાકુળ ચેતના સુખરૂપ છે, માટે ક્ષાયિક ચારિત્રમાં જ ક્ષાયિક સુખ છે એમ કહી શકાય. તેથી બીજો હેતુ કહે છે-
અપ્રામાણિક પરિભાષાનું અનાદરણીયપણું છે.

❀ '**तन्मुख्यवृत्त्या क्षायिकं सुखं**' અહીં '**क्षायिकं सुखं**' પ્રથમાંત પદ છે અને '**क्षायिकं सुखं**' પછી '**इति**' શબ્દ અધ્યાહારથી ગ્રહણ કરવો.

ભાવાર્થ :- '**तथा च**'થી સિદ્ધાંતકારે પૂર્વપક્ષીને જે કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, ક્ષાયિક સુખ વેદનીયના ક્ષયજન્ય છે. તેથી વેદનીયના અપગમથી થાય તે ક્ષાયિક સુખ કહેવાય. આમ છતાં, મોહનો ક્ષય થઈ જવાના કારણે હવે અવશ્ય અલ્પકાળમાં વેદનીયનો પણ સર્વથા ક્ષય થવાનો જ છે, તેથી કેવલીમાં ઉપચારથી ક્ષાયિક સુખનું કથન કરી શકાય; પરંતુ મુખ્યવૃત્તિથી ક્ષાયિક સુખનું કથન સિદ્ધમાં જ થઈ શકે. આમ છતાં, પૂર્વપક્ષી કેવલીમાં મોહના ક્ષયથી પેદા થયેલા સુખમાં ક્ષાયિક સુખની પરિભાષા કરે તો ગ્રંથકાર કહે છે કે તે યુક્ત નથી, કેમ કે ક્ષાયિક સમ્યક્ત્વમાં પણ ક્ષાયિક સુખ છે તે પ્રમાણે પરિભાષા કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, જે પૂર્વપક્ષીને પણ માન્ય નથી. તેથી જેમ ક્ષાયિક સમ્યક્ત્વમાં ક્ષાયિક સુખની પરિભાષા થઈ ન શકે તેમ ક્ષાયિક ચારિત્રમાં પણ મુખ્યવૃત્તિથી ક્ષાયિક સુખની પરિભાષા થઈ ન શકે.

અપ્રામાણિક પરિભાષાનું અનાદરણીયપણું છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, શાસ્ત્રોમાં તે તે કર્મના ક્ષયથી તે તે ગુણનું કથન કરેલ છે અને તે પ્રમાણે મોહના ક્ષયથી ક્ષાયિક દર્શન અને ક્ષાયિક ચારિત્રનું કથન છે, તે શાસ્ત્રીય પરિભાષાને છોડીને કેવલીમાં મુખ્યવૃત્તિથી ક્ષાયિક સુખની પરિભાષા કરવી તે અપ્રામાણિક હોવાથી અનાદરણીય છે.

ઉત્થાન :- યદ્યપિ પૂર્વના કથન પ્રમાણે મોહના ક્ષયથી થનારા સુખમાં ક્ષાયિક સુખની પરિભાષા થઈ ન શકે છતાં પણ ગ્રંથકાર કહે છે-

टीका :- परिभाष्यतां वा तथा, तथापि न तेन क्षुत्तृष्णादिविरोधो, न हि नामान्यकर्मोपक्षयादन्यकर्मजन्यभावप्रतिरोधोऽन्यथा मोहाभावाज्जिनानां मनुष्यगत्यादेरप्यनुदयप्रसङ्गात्॥८७॥

टीकार्थ :- '**परिभाष्यतां**' - અથવા તે પ્રકારે પરિભાષા કરો, તો પણ તે પારિભાષિક ક્ષાયિક સુખના કથનથી કેવલીમાં ક્ષુધાતૃષાનો વિરોધ નથી અને તેની જ પુષ્ટિ કરતાં કહે છે- જે કારણથી અન્ય કર્મના ઉપક્ષયથી અન્ય કર્મજન્ય ભાવનો પ્રતિરોધ થતો નથી. '**अन्यथा**'=એવું ન માનો અને અન્ય કર્મના ઉપક્ષયથી અન્ય કર્મજન્ય ભાવનો પ્રતિરોધ થાય છે એવું માનો તો, મોહનો અભાવ હોવાથી જિનોને મનુષ્યગત્યાદિના પણ અનુદયનો પ્રસંગ પ્રાપ્ત થાય.**॥૮૭॥**

❀ '**न हि**'..... '**हि**' છે તે '**यस्माद्**' અર્થક છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે કેવલીમાં ક્ષાયિક ચારિત્ર હોવાને કારણે ક્ષાયિક સુખ છે એ પ્રમાણે પરિભાષા કરવામાં આવે તો પણ અશાતાવેદનીયકર્મના ઉદયથી જન્ય એવા ક્ષુધા-તૃષાના ભાવનો પ્રતિરોધ થાય નહિ; અને જો તેમ ન સ્વીકારવામાં આવે તો કેવલીમાં મોહનો અભાવ હોવાને કારણે નામકર્મની પ્રકૃતિથી જન્ય મનુષ્યગત્યાદિનો પણ અનુદય સ્વીકારવાની આપત્તિ આવે. ॥૮૭॥

अवतरणिका :- अथ प्रकारान्तरेण मोहसापेक्षतां वेदनीयस्य निराकर्त्तुमाह-

અવતરણિકાર્થ :- પૂર્વપક્ષી બીજી રીતે વેદનીયકર્મ મોહસાપેક્ષ છે એવું જે કહે છે, તેનું નિરાકરણ કરવા માટે ગ્રંથકાર કહે છે-

ગાથા :- **घाइं व वेअणीयं इय जइ मोहं विणा ण दुक्खयरं ।**
पयडं पडिरूवाउ ता अण्णाओवि पयडीउ ॥८८॥

(घातिवद्वेदनीयं इति यदि मोहं विना न दुःखकरम् । प्रकटं प्रतिरूपास्तदन्या अपि प्रकृतयः ॥८८॥)

ગાથાર્થ :- ઘાતીના જેવું વેદનીય છે, એથી કરીને જો મોહ વિના દુઃખને કરનારું નથી તો તેનાથી અન્ય પણ=વેદનીયથી અન્ય નામાદિ પણ, પ્રકૃતિઓ પ્રગટ પ્રતિરૂપ=સદૃશ છે.

ટીકા :- परे हि प्रतिपादयन्ति यत्- 'मोहोदयेन जीवगुणं घातयद्वेदनीयं स्वयमघाति सदपि घातितुल्यमेव, अत एव घातिनां मध्ये तत्परिगणनं, तथा च मोहं विना न तत्स्वकार्यजननक्षममिति तदसत्,

☞ **'यत्'** - નો અન્વય **'तदसत्'**ની સાથે છે.

ટીકાર્થ :- 'परे'=પૂર્વપક્ષી જે પ્રતિપાદન કરે છે તે અસત્ છે. પર - જે પ્રતિપાદન કરે છે તે આ પ્રમાણે-

મોહોદયથી જીવગુણને ઘાત કરતું વેદનીયકર્મ સ્વયં અઘાતી હોવા છતાં પણ ઘાતી તુલ્ય જ છે, એથી કરીને જ ઘાતીપ્રકૃતિની મધ્યમાં વેદનીયનું પરિગણન છે. અને તે રીતે=ઘાતીતુલ્ય હોવાને કારણે ઘાતીમાં પરિગણન છે તે રીતે, મોહ વિના **'तत्'**=વેદનીયકર્મ, સ્વકાર્યજનનમાં અસમર્થ છે એ પ્રકારે પરનું જે કથન છે તે અસંગત છે.

ભાવાર્થ :- ઘાતી પ્રકૃતિ મધ્યમાં વેદનીયનું પરિગણન છે એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, જ્ઞાનાવરણીયાદિ પ્રકૃતિના વર્ણનમાં, પ્રથમ જ્ઞાનાવરણીય પછી દર્શનાવરણીય પછી વેદનીય કહીને મોહનીયકર્મનું કથન કર્યું; તેથી પ્રથમ જ્ઞાનાવરણીય, બીજુ દર્શનાવરણીય અને ચોથું મોહનીયકર્મ તેની મધ્યમાં વેદનીયનું પરિગણન છે તેથી તે ઘાતીતુલ્ય છે.

ઉત્થાન :- પૂર્વમાં કહ્યું કે પૂર્વપક્ષીનું કથન અસત્ છે. તે અસત્ કેમ છે તેને સાત વિકલ્પ દ્વારા '**तथाहि**'થી બતાવે છે-

ટીકા :- तथाहि- किं तद् घातितुल्यत्वं घातिरसवत्त्वं वा, तद्रसविपाकप्रदर्शकत्वं वा, स्वकार्यजनने तत्सहभूतत्वं वा, स्वापनेयसजातीयापनायकत्वं वा, स्वकार्यैकमूर्त्तिककार्यकत्वं वा, दोषोत्पादकत्वं वाऽन्यद्वा?

ટીકાર્થ :- 'तथाहि' - તે આ પ્રમાણે - શું તે ઘાતીતુલ્યપણું (૧) ઘાતીરસવત્ત્વ છે? અથવા (૨) તદ્રસવિપાકપ્રદર્શકત્વ છે ? કે (૩) સ્વકાર્યજનનમાં તત્સહભૂતત્વ છે? કે (૪) સ્વાપનેય સજાતીય અપનાયકત્વ છે? કે (૫) સ્વકાર્ય એકમૂર્તિકકાર્યકત્વ છે? કે (૬) દોષોત્પાદકત્વ છે કે (૭) અન્ય છે?

ટીકા :- नाद्यः, असिद्धेः।

ટીકાર્થ :- 'नाद्यः' - પ્રથમ વિકલ્પ ઘાતીતુલ્યપણું ઘાતીરસવત્ત્વ છે એમ કહ્યું તે બરાબર નથી, કેમ કે અસિદ્ધિ છે.

ભાવાર્થ :- અહીં સાત વિકલ્પોથી અઘાતી પ્રકૃતિ ઘાતીતુલ્ય નથી તે બતાવવા માટે સૌ પ્રથમ ઘાતીતુલ્યનો અર્થ ઘાતીરસવત્ત્વ કર્યો. એનાથી એ પ્રાપ્ત થાય કે અઘાતી પ્રકૃતિ પણ ઘાતીના રસવાળી છે માટે ઘાતી તુલ્ય જ છે.પરંતુ તેમ નથી. તેથી ગ્રંથકાર કહે છે કે પ્રથમ વિકલ્પ અસિદ્ધ છે. કેમ કે અઘાતી એવું વેદનીયકર્મ ઘાતીરસવાળું છે તેમ માની શકાય નહીં, જો ઘાતીરસવાળું માનીએ તો તેને ઘાતી પ્રકૃતિ જ કહેવી પડે.

ટીકા :- न द्वितीयः, अघातिकर्म्मान्तरप्रकृतीनामपि तादृशत्वात्, उक्तं हि-'अघातिन्यो हि प्रकृतयः सर्वदेशघातिनीभिः सह वेद्यमानास्तद्रसविपाकं प्रदर्शयन्ति न तु सर्वदा स्वरसविपाकदर्शनेपि ता अपेक्षन्ते' **इति।**

ટીકાર્થ :- 'न द्वितीयः' - બીજો વિકલ્પ ઘાતીતુલ્યત્વ તદ્રસવિપાકપ્રદર્શકત્વ છે તે બરાબર નથી. તેમાં હેતુ કહે છે- અઘાતીકર્માંતરપ્રકૃતિનું પણ તાદેશપણું છે. જે કારણથી કહેવાયું છે - અઘાતી પ્રકૃતિઓ સર્વઘાતી અને દેશઘાતી પ્રકૃતિઓ સાથે વેદાતી તદ્રસવિપાકને=ઘાતીના રસવિપાકને દેખાડે છે, પરંતુ સ્વરસવિપાકદર્શનમાં પણ તેઓ =અઘાતી પ્રકૃતિઓ, સર્વદા=ક્યારે પણ ઘાતીપ્રકૃતિઓની અપેક્ષા રાખતી નથી.

'इति' શબ્દ ઉદ્ધરણના કથનની સમાપ્તિસૂચક છે.

ભાવાર્થ :- જ્યારે પ્રથમ વિકલ્પ સંગત ન થાય ત્યારે તેનો પરિષ્કાર કરીને બીજો વિકલ્પ બતાવવામાં આવે, તેથી બીજા વિકલ્પમાં અઘાતીપ્રકૃતિ ઘાતીરસવાળી નહિ હોવા છતાં ઘાતીરસના વિપાકને દેખાડનાર છે તેમ બતાવ્યું. તે બરાબર નથી; એમ કહીને એ કહેવું છે કે, અઘાતી અન્યપ્રકૃતિ પણ મોહના સાન્નિધ્યમાં ઘાતીરસના વિપાકને

દેખાડનાર છે, આમ છતાં, ફક્ત વેદનીયને ઘાતીતુલ્ય કહીને પૂર્વપક્ષી કેવલીને ક્ષુધા-તૃષા નથી એમ કહે છે તે બરાબર નથી. કેમ કે મોહના સાન્નિધ્યમાં અઘાતી ચારે પ્રકૃતિઓ ઘાતીરસના વિપાકની પ્રદર્શક ગ્રંથકારને માન્ય જ છે. અને આથી જ સાક્ષીપાઠમાં બતાવેલ છે કે ઘાતીના સાન્નિધ્યમાં અઘાતી પ્રકૃતિઓ ઘાતીના વિપાકને દેખાડે છે, પરંતુ જ્યારે મોહ નથી હોતો ત્યારે અઘાતી પ્રકૃતિઓ પોતાના રસનો વિપાક દેખાડે છે. અને તેથી જ મોહ વગરના કેવલીને અઘાતી એવી અશાતાવેદનીય ક્ષુધા-તૃષારૂપ પોતાના રસનો વિપાક બતાવે છે.

ટીકા :- अत एव न तृतीयोऽपि, कादाचित्कस्य सहभावस्याऽकिञ्चित्करत्वात्, अन्यथा कदाचित्तत्सहभूताः पुण्यप्रकृतयोऽपि केवलिनां कार्याऽक्षमतया विपरीताः प्रसजेयुः।

ટીકાર્થ :- 'अत एव' - આથી કરીને જ=અઘાતી પ્રકૃતિઓ પોતાનો રસવિપાક દેખાડવામાં મોહનીયની અપેક્ષા રાખતી નથી એમ પૂર્વમાં કહ્યું આથી કરીને જ, ત્રીજો પણ વિકલ્પ ઘાતીતુલ્યત્વ સ્વકાર્યજનનમાં તત્સહભૂતત્વરૂપ છે તે બરાબર નથી. અને તેની જ પુષ્ટિ કરવા માટે હેતુ કહે છે- કાદાચિત્ક સહભાવનું અકિંચિત્કરપણું છે. અન્યથા=એવું ન માનો તો અર્થાત્ કાદાચિત્ક સહભાવનું અકિંચિત્કરપણું છે એવું ન માનો તો કદાચિત્ તત્સહભૂત= મોહસહભૂત, પુણ્યપ્રકૃતિઓ પણ કેવલીઓને કાર્યમાં અક્ષમ હોવાથી વિપરીત પ્રાપ્ત થશે.

ભાવાર્થ :- અહીં ત્રીજા વિકલ્પમાં પૂર્વપક્ષીને એ કહેવું છે કે, અઘાતી પ્રકૃતિઓ પોતાનું કાર્ય કરવામાં મોહના સહકારની અપેક્ષા રાખે છે, અને બીજા વિકલ્પમાં ગ્રંથકારે સિદ્ધ કર્યું કે અઘાતી પ્રકૃતિઓ સ્વરસવિપાકદર્શનમાં મોહની અપેક્ષા રાખતી નથી, તેનાથી જ એ નક્કી થયું કે અઘાતી પ્રકૃતિઓ પોતાનું કાર્ય કરવામાં મોહના સહકારવાળી નથી; તેથી પૂર્વપક્ષીનો ત્રીજો વિકલ્પ બરાબર નથી. અને મોહનો સહભાવ અઘાતી પ્રકૃતિઓને કાદાચિત્ક છે, તેથી અઘાતી પ્રકૃતિઓને પોતાનું કાર્ય કરવામાં કાદાચિત્ક સહભાવ અકિંચિત્કર છે, કેમ કે મોહનો ક્ષય થયા પછી અઘાતી પ્રકૃતિને પોતાનું કાર્ય કરવામાં મોહના સહકારની જરૂર પડતી નથી. અને અઘાતી પ્રકૃતિને પોતાનું કાર્ય કરવામાં મોહના સહકારની જરૂર પડતી હોય તો, કેવલીમાં વર્તતી અન્ય પુણ્યપ્રકૃતિઓ પણ મોહ નહિ હોવાને કારણે કાર્ય કરી શકે નહિ, અને નામકર્માદિની પ્રકૃતિઓ મોહના અભાવકાળમાં પણ કામ કરતી દેખાય છે, તે સંગત થાય નહિ. માટે ત્રીજો વિકલ્પ બરાબર નથી તેમ ગ્રંથકારને કહેવું છે.

અહીં આટલું વિશેષ જાણવું કે અઘાતી પ્રકૃતિઓ મોહના સહભાવમાં સ્વ સ્વ કાર્યનું કારણ બને છે તેમ જ મોહ પેદા કરવાનું પણ કારણ બને છે અને મોહના અભાવમાં સ્વકાર્યમાત્રનું કારણ બને છે.

ટીકા :- चतुर्थपक्षोपक्षेपोऽपि तदुपक्षेपदीक्षाविचक्षणानां न दाक्ष्यसाक्षी, आत्मगुणत्वजात्याष्टकर्मक्षयजन्यानामष्टानामपि गुणानां साजात्यात् तद्घातिनामष्टानामप्यविशेषेण घातित्वप्रसङ्गात्। ज्ञानदर्शनचारित्रवीर्यान्यतरत्वेन साजात्यविवक्षणे तु तस्य तज्जातीयापनायकत्वस्याऽसिद्धत्वात्, सुखघटितान्यतरत्वस्य च यादृच्छिकत्वात्।

ટીકાર્થ :- '**चतुर्थ**' સ્વાપનેય સજાતીય અપનાયકત્વરૂપ ચતુર્થ પક્ષનો ઉપક્ષેપ=ઉપન્યાસ, પણ તદુપક્ષેપદીક્ષામાં વિચક્ષણ એવા દિગંબરોની દક્ષતાનો સાક્ષી નથી. તેમાં હેતુ કહે છે- '**आत्मगुणत्वजात्याष्ट-कर्मक्षयजन्यानाम्**'-અષ્ટકર્મક્ષયજન્ય આઠે પણ ગુણોનું આત્મગુણત્વજાતિરૂપે સાજાત્ય હોવાથી '**तद्घाति**'=તે આઠે ગુણોના ઘાતી એવા આઠે પણ કર્મોનો અવિશેષથી ઘાતીત્વનો પ્રસંગ આવશે. વળી જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્યાન્યતરત્વેન સાજાત્યની વિવક્ષામાં તેનું=વેદનીયકર્મનું, તજ્જાતીય=ઘાતી જાતીય, અપનાયકપણાનું અસિદ્ધપણું છે.

ઉત્થાન :- અહીં પૂર્વપક્ષી કહે કે સુખઘટિત અન્યતરત્વની અમે વિવક્ષા કરીશું માટે દોષ નહિ આવે, તેથી તજ્જાતીય અપનાયકત્વની સિદ્ધિ થઇ જશે. તેથી ગ્રંથકાર કહે છે- સુખઘટિત અન્યતરત્વનું યાદચ્છિકપણું છે=શાસ્ત્રસંમત નથી.

❀ '**तदुपक्षेपदीक्षाविचक्षणानां**' અહીં 'તદુપક્ષેપદીક્ષાવિચક્ષણ' આવું વિશેષણ દિગંબરને આપ્યું તેનો ભાવ એ છે કે, તદ્=કેવલીને વેદનીયજન્ય ક્ષુધા-તૃષાનો અભાવ, તેનો ઉપક્ષેપ=ઉપન્યાસ, તેને કરવાની પ્રતિજ્ઞામાં વિચક્ષણ દિગંબર છે; એમ કહીને એ બતાવવું છે કે, દિંગબર પદાર્થને જોવામાં મધ્યસ્થતાથી વિચારવાને બદલે કેવલીને કવલાહાર નથી તેના સ્થાપનનો દૃઢ સંકલ્પ કરીને બેઠેલ છે, તે તેની મધ્યસ્થતાના અભાવનું સૂચક છે. વસ્તુતઃ વિચારક વ્યક્તિ પોતાની માન્યતાને સાચી માનતી હોવા છતાં પદાર્થની વિચારણા કરવા બેસે ત્યારે તેણે તટસ્થતાથી પોતાના માન્યતાની પણ પરીક્ષા કરવી જોઇએ. પરંતુ દિગંબર તેવો નથી તે બતાવવા માટે કટાક્ષમાં 'વિચક્ષણ' શબ્દનો પ્રયોગ કરેલ છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે ત્રણ વિકલ્પમાં દોષ આવવાથી પૂર્વપક્ષી સૂક્ષ્મબુદ્ધિપૂર્વક ચોથા વિકલ્પનું સ્થાપન કરતાં કહે છે કે, સ્વઅપનેય=ઘાતીથી અપનેય, એવા જે જ્ઞાનાદિ ગુણો તેના સજાતીય એવા ગુણનું અપનાયકપણું તે ઘાતીતુલ્યત્વ છે, તેથી વેદનીયકર્મ ઘાતી તુલ્ય છે. કેમ કે ઘાતીથી અપનેય જે જ્ઞાનાદિ ગુણો, તેનું સજાતીય એવું અનંતસુખ તે આત્માનો ગુણ છે, તેનું અપનાયકપણું વેદનીયમાં છે. આ રીતના પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે, આવી કલ્પનામાં પૂર્વપક્ષીની દક્ષતા જણાતી નથી, કેમ કે આત્મગુણત્વજાતિ ગ્રહણ કરીને સ્વઅપનેય સજાતીય અપનાયકત્વ કહીએ તો આત્મગુણત્વજાતિ આઠે કર્મના ક્ષયથી જન્ય આઠે ગુણોમાં છે, માટે આઠે કર્મોને ઘાતી તરીકેની વિવક્ષા કરવાનો પ્રસંગ પ્રાપ્ત થશે.

આત્મગુણત્વજાતિ લઇને દોષ આવવાથી પૂર્વપક્ષી તેનું સમાધાન કરે કે આત્મગુણત્વજાતિની અપેક્ષાએ સાજાત્ય અમારે કહેવું નથી, પરંતુ જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્યાન્તરત્વેન સાજાત્ય ગ્રહણ કરવું છે; તો ગ્રંથકાર કહે છે કે, જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્યાન્યતરત્વેન સાજાત્યની વિવક્ષામાં વેદનીયકર્મનું તજ્જાતીય અપનાયકપણાનું અસિદ્ધપણું છે, કેમ કે વેદનીયના ક્ષયથી જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્યાન્તરત્વેન જાતિની પ્રાપ્તિ નથી, પરંતુ સુખત્વજાતિની પ્રાપ્તિ થાય છે.

અહીં પૂર્વપક્ષી કહે કે સુખઘટિત અન્યતરત્વની=જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય અને સુખ અન્યતરત્વેન સાજાત્યની વિવક્ષા કરીશું, તેથી તજ્જાતીયઅપનાયકત્વની સિદ્ધિ થઇ જશે. તેને ગ્રંથકાર કહે છે કે, સુખઘટિત

અન્યતરત્વનું યાદચ્છિકપણું છે=શાસ્ત્રસંમત નથી. શાસ્ત્રમાં ઘાતીકર્મ તરીકે જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-ચારિત્રમોહનીય અને અંતરાયકર્મની જ વિવક્ષા કરેલ છે. તેથી જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્યાન્યતરત્વેન સાજાત્યની વિવક્ષા થઈ શકે, પણ સુખઘટિત અન્યતરત્વની વિવક્ષા થઈ શકે નહિ.

અહીં વિશેષ એ છે કે જ્ઞાનાવરણીયકર્મ જેમ જ્ઞાનગુણને આવરે છે, તેમ દર્શનાવરણીયકર્મ દર્શનગુણને આવરે છે. તેથી જ્ઞાનાવરણીયની સજાતીય અન્ય ઘાતીપ્રકૃતિ કહેવાય નહિ, પરંતુ વિજાતીય કાર્ય કરે છે તેથી વિજાતીય પ્રકૃતિ કહેવાય. આમ છતાં, આત્મગુણોનો જે ઘાત કરે તે બધી સજાતીય પ્રકૃતિ છે એવી વિવક્ષા કોઈ કરે, તો આઠે કર્મો આત્માના ગુણોનો ઘાત કરનારાં છે, માટે આઠે કર્મો સજાતીય છે તેમ કહી શકાય. પરંતુ તેમ સ્વીકારવાથી ઘાતીતુલ્યત્વ નામકર્માદિમાં પણ પ્રાપ્ત થાય, જ્યારે દિગંબરોને તો વેદનીયકર્મને જ ઘાતીતુલ્ય સ્થાપીને કેવલીને ક્ષુધા-તૃષા નથી તે સ્થાપવું છે, તેથી આત્મગુણત્વજાતિથી સજાતીય તે સ્વીકારી શકે નહિ. અને જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય અન્યતરપણું જેમાં હોય તેને સજાતીય કહે તો જ્ઞાનાવરણીયની સજાતીય દર્શનાવરણીય, ચારિત્રમોહનીય, વીર્યાંતરાય થાય પરંતુ વેદનીય થાય નહિ, તેથી પૂર્વપક્ષી તેને સ્વીકારી શકે નહિ. તેથી સાજાત્ય સ્વીકારવા માટે જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય અને સુખ અન્યતરત્વરૂપે પૂર્વપક્ષી વિવક્ષા કરે, તો જ વેદનીયકર્મમાં સાજાત્ય પ્રાપ્ત થાય અને નામકર્મમાં સાજાત્ય પ્રાપ્ત થાય નહિ. અને તે રીતે તેણે પાડેલા વિકલ્પ પ્રમાણે સ્વથી અપનેય=ઘાતીકર્મથી અપનેય, જે આત્માના જ્ઞાનાદિ ગુણો, તેનું સજાતીય એવું સુખ, તેનું અપનાયકપણું જ્ઞાનાદિ પાંચમાં રહેલ અન્યતરત્વને ગ્રહણ કરીને સંગત થઈ શકે છે. અને તે રીતે પૂર્વપક્ષી ઘાતીતુલ્યપણું વેદનીયકર્મમાં સ્થાપી શકે, પરંતુ તે પાંચમાં રહેલ અન્યતરત્વને ગ્રહણ કરીને સાજાત્ય કહેવું તે સ્વમતિકલ્પનારૂપ છે. કેમ કે શાસ્ત્રમાં ઘાતી-અઘાતીના વિભાગો પાડેલ છે તે વિભાગની વિવક્ષા કરીએ તો જ્ઞાનાદિ ચારમાં જ સાજાત્ય પ્રાપ્ત થઈ શકે, અને આત્મગુણત્વજાતિને ગ્રહણ કરીને વિચારીએ તો આઠે કર્મમાં સાજાત્ય પ્રાપ્ત થઈ શકે; પરંતુ તેને છોડીને ચારની સાથે સુખને ગ્રહણ કરીને અન્યતરત્વરૂપે સાજાત્ય ગ્રહણ કરવું તે શાસ્ત્રવચનના અવલંબન નિરપેક્ષ સ્વમતિકલ્પનામાત્ર છે; માટે યાદચ્છિક છે.

टीका :- नापि पञ्चमः, सर्वासामपि प्रकृतीनां सजातीयप्रकृत्यन्तरकार्याधीनप्रकर्षशालिकार्यकत्वलक्षणस्य तस्याऽविशेषादितरस्य च दुर्वचत्वात्।

टीकार्थ :- 'नापि' - પાંચમો વિકલ્પ ઘાતીતુલ્યપણું સ્વકાર્યૈકમૂર્તિકકાર્યકત્વ છે એમ કહ્યું તે પણ બરાબર નથી, તેમાં હેતુ કહે છે-

સર્વે પણ પ્રકૃતિઓનાં સજાતીયપ્રકૃત્યંતર કાર્યાધીનપ્રકર્ષશાલિકાર્યકત્વલક્ષણ એવા તેના સ્વકાર્યૈકમૂર્તિકકાર્યકત્વનો અવિશેષ છે અને ઈતરનું દુર્વચપણું છે.

❀ **'सर्वासामपि प्रकृतीनां'** ષષ્ઠી છે તેનો સંબંધ **'तस्य'**ની સાથે છે.

❀ **'तस्य=स्वकार्यैकमूर्तिककार्यकत्वस्य'** લેવું અને તે **'स्वकार्यैकमूर्तिककार्यकत्व' 'सजातीयप्रकृत्यन्तर-कार्याधीनप्रकर्षशालिकार्यकत्व'** સ્વરૂપ સમજવું.

ભાવાર્થ :- પાંચમા વિકલ્પથી પૂર્વપક્ષીને એ કહેવું છે કે સ્વ=ઘાતીપ્રકૃતિ, એનું કાર્ય આત્માના ગુણોનો ઘાત કરવાનું છે, તેની સાથે '**एकमूर्तिककार्यक**' વેદનીયકર્મ છે, અને વેદનીયકર્મમાં '**स्वकार्यैकमूर्तिककार्यकत्व**' છે, તે જ ઘાતીતુલ્યત્વ છે. કહેવાનો ભાવ એ છે કે ઘાતીકર્મનું કાર્ય આત્માના ગુણોનો ઘાત કરવો તે છે. તેની સાથે એકસ્વરૂપકાર્યક આત્માના અનંતસુખરૂપ ગુણો છે અને તેનો ઘાત કરવો તે વેદનીયકર્મનું કાર્ય છે, માટે તે ઘાતીતુલ્ય છે. અને તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે પાંચમો વિકલ્પ બરાબર નથી. કેમ કે '**स्वकार्यैकमूर्तिककार्यकत्व**'નો અર્થ '**सजातीयप्रकृत्यंतरकार्याधीनप्रकर्षशालिकार्यकत्वलक्षण**' પૂર્વપક્ષીને કરવો પડશે અને તેવું '**स्वकार्यैकमूर्तिककार्यकत्व**' બધી પ્રકૃતિમાં સમાન છે અને આના સિવાય બીજા અર્થમાં '**स्वकार्यैकमूर्तिककार्यकत्व**' દુર્વચ છે=અસંગત છે.

કહેવાનો ભાવ એ છે કે, દરેક પ્રકૃતિઓની પેટાપ્રકૃતિઓને ગ્રહણ કરીએ ત્યારે તે પેટાપ્રકૃતિઓ પરસ્પર સજાતીય કહેવાય, જેમ મતિજ્ઞાનાવરણીયની સજાતીય શ્રુતજ્ઞાનાવરણીયાદિ પ્રકૃતિ છે. અને કોઈ જીવ શ્રુતજ્ઞાન માટે પ્રયત્ન કરતો હોય ત્યારે શ્રુતજ્ઞાનની સજાતીય પ્રકૃત્યંતર મતિજ્ઞાનાવરણીય કર્મ છે, તેનું કાર્ય મતિજ્ઞાનને આવરણ કરવાનું છે, અને તેને આધીન પ્રકર્ષશાલિકાર્યકત્વ શ્રુતજ્ઞાનાવરણીયમાં દેખાય. આથી જ શ્રુત ભણવા માટે પ્રયત્ન કરતો હોય ત્યારે પણ તીવ્ર મતિજ્ઞાનનો ઉદય હોય તો શ્રુતજ્ઞાનના આવરણમાં પણ પ્રકર્ષરૂપ કાર્ય થાય. એ જ રીતે નામપ્રકૃતિ સુરૂપ ગ્રહણ કરીએ ત્યારે તેની પેટાપ્રકૃતિ આદેયનામકર્માદિ સજાતીય પ્રકૃત્યંતર કહેવાય, અને સુરૂપને કારણે તેને આધીન પ્રકર્ષશાલિકાર્યકત્વ આદેયનામકર્મમાં દેખાય. અને આવું સ્વકાર્યૈકમૂર્તિકકાર્યકત્વ ગ્રહણ કરીએ તો આઠે કર્મમાં પ્રાપ્ત થઈ શકે. અને તે રીતે અર્થ કરીએ તો આઠે કર્મો ઘાતીતુલ્ય જ સ્વીકારવાં પડે, પરંતુ પૂર્વપક્ષીને સ્વકાર્યૈકમૂર્તિકકાર્યકત્વ વેદનીયમાં જ બતાવીને ઘાતીતુલ્યત્વ કહેવું છે. તેવું ઘાતીતુલ્યત્વ દુર્વચ છે.

टीका :- नापि षष्ठो, अष्टानामपि कर्मणामष्टसिद्धगुणप्रतिपन्थिदोषजनकत्वाऽविशेषात्, वक्ष्यते हि-

[१] नाणावरणादीणं कम्माणं अट्ठ जे ठिया दोसा ।
तेसु गएसु पणासं एए अट्ठ वि गुणा जाया ॥ **(श्लोक. १२९) त्ति,**

वेदनीयव्यवहारप्रतिपन्थिदोषत्वं तु क्षुदादेर्निराकृतमेव। अथ लौकिका अपि क्षुधादिपीडितं देवं नानुमन्यन्ते, न च क्षुधः परा पीडाऽस्ति, '[२] छुहासमा वेअणा नत्थि' त्ति चेत्? हन्त तर्हि केवललोकानुवृत्तिप्रणयी भवान् मनुष्यत्वमपि तस्य किमिति नापह्नुते? ते हि स्वयंभुवं नित्यज्ञानेच्छाप्रयत्नवन्तं लोकोत्तरचरितं भवं भगवन्तमभिमन्यन्त इति।

टीकार्थ :- 'नापि' - છઠ્ઠો વિકલ્પ ઘાતીતુલ્યત્વ 'દોષોત્પાદકત્વ' કહ્યું તે પણ બરાબર નથી. તેમાં હેતુ કહે છે- આઠે પણ કર્મોનું આઠ સિદ્ધગુણનું પ્રતિપંથી દોષજનકત્વ અવિશેષ છે. જે કારણથી આગળ ગાથા ૧૨૯માં કહેવાશે તે આ પ્રમાણે- જ્ઞાનાવરણીયાદિ આઠેય કર્મોના જે દોષો રહેલા છે, (તે) આઠે કર્મો પ્રણાશ પામે છતે આ આઠ પણ ગુણો ઉત્પન્ન થાય છે. '**त्ति**' ઉદ્ધરણના કથનની સમાપ્તિસૂચક છે.

---

१. ज्ञानावरणीयादीनां कर्मणामष्ट ये स्थिता दोषाः । तेषु गतेषु प्रणाशमेतेऽष्टापि गुणा जाताः ॥
२. क्षुधासमा वेदना नास्ति ।

પૂર્વપક્ષી કહે કે ક્ષુધાદિ દેવત્વવ્યવહારના પ્રતિપંથી દોષ તો છે ને? તેથી કહે છે- વળી ક્ષુધાદિનું દેવત્વવ્યવહારપ્રતિપંથીદોષપણું ગાથા - ૭૪માં નિરાકૃત જ કરેલ છે.

'**अथ**' થી પૂર્વપક્ષી કહે છે કે લૌકિકો પણ ક્ષુધાદિથી પીડિત દેવને માનતા નથી, અને ક્ષુધાથી પ્રકૃષ્ટ અન્ય પીડા નથી, (કહ્યું છે -) ક્ષુધા સમાન વેદના નથી. તેને ગ્રંથકાર કહે છે- ખેદની વાત છે કે તો પછી કેવલ લોકની અનુવૃત્તિને અનુસરનારા તમે તેના=કેવલીના, મનુષ્યપણાનો કેમ અપલાપ કરતા નથી? ('**किमिति**' '**कस्मात्**' અર્થમાં છે.) જે કારણથી લૌકિકો સ્વયંભૂ, નિત્ય જ્ઞાન-ઇચ્છા-પ્રયત્નવાળા, લોકોત્તર ચરિત્રવાળા ભવને=શિવને, ભગવાન માને છે. '**इति**' શબ્દ લૌકિકો શિવને ભગવાન માને છે તે કહ્યું, તે કથનની સમાપ્તિસૂચક છે.

टीका :- सप्तमस्त्वनिर्वचनादेव नोत्थातुमर्हति। घातिमध्ये परिगणितत्वादेव घातितुल्यत्वं त्वायुर्नामगोत्रेष्वप्यविशिष्टमप्रयोजकं चेति न किञ्चिदेतत्॥८८॥

टीकार्थ :- '**सप्तम**' - સાતમો વિકલ્પ ઘાતીતુલ્યત્વ (છ વિકલ્પ કરતાં) અન્ય સ્વરૂપ કહ્યું, તે અનિવર્ચનં હોવાથી જ ઊઠી શકવા માટે યોગ્ય નથી. અહીં પૂર્વપક્ષી કહે કે ઘાતીની મધ્યમાં પરિગણિતપણું છે તે જ નિર્વચન છે, તેથી તેના નિરાકરણરૂપે ગ્રંથકાર કહે છે-

'**घातिमध्ये**' - ઘાતીના મધ્યમાં પરિગણિતપણું હોવાથી જ ઘાતીતુલ્યપણું વળી આયુ, નામ, ગોત્રમાં અવિશિષ્ટ છે, અર્થાત્ આયુષ્ય, નામ અને ગોત્રનું પણ મોહનીય અને અંતરાયના મધ્યમાં પરિગણિતપણું છે, તેથી એ રૂપ ઘાતીતુલ્યત્વ અવિશિષ્ટ છે અને અપ્રયોજક છે, અર્થાત્ ઘાતી-અઘાતી પ્રકૃતિના વર્ણનમાં બે ઘાતીના મધ્યમાં અઘાતીનું પરિગણન એ ઘાતીતુલ્યત્વનું અપ્રયોજક છે. એથી કરીને=આ સાતે વિકલ્પોનું પૂર્વમાં નિરાકરણ કર્યું એથી કરીને, આ=ઘાતીતુલ્ય વેદનીય કર્મ, મોહ વગર દુઃખકર નથી; આ પૂર્વપક્ષીનું કથન અકિંચિત્કર છે.**॥૮૮॥**

भावार्थ :- છ વિકલ્પમાં દોષ આવવાથી ઘાતીતુલ્યત્વનો અર્થ પૂર્વપક્ષી '**अन्यद्**' કરે છે. તેનું તાત્પર્ય એ છે કે ચાર ઘાતીપ્રકૃતિઓમાં ઘાતીત્વ પરિણામ છે, અને વેદનીય સિવાયની શેષ ત્રણ અઘાતી પ્રકૃતિઓમાં અઘાતીત્વ પરિણામ છે, જ્યારે વેદનીય ઘાતી અને અઘાતીથી અન્ય સ્વરૂપ છે. તેથી તેનું ઘાતીતુલ્યત્વ ચાર ઘાતી અને શેષ ત્રણ અઘાતીથી અન્યસ્વરૂપ છે.

શાસ્ત્રમાં ચાર પ્રકૃતિને ઘાતી કહેલ છે અને ચાર પ્રકૃતિને અઘાતી કહેલ છે; પરંતુ જીવમાં સુખનો ઘાત કરનાર વેદનીયકર્મ છે, તેથી તેમાં ઘાતીતુલ્યત્વરૂપ અન્યસ્વરૂપ છે, એવો પૂર્વપક્ષીનો આશય છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે, સાતમો વિકલ્પ અનિર્વચન હોવાથી જ ચાર ઘાતી અને શેષ ત્રણ અઘાતીથી અન્યસ્વરૂપ શું છે તેનું નિર્વચન કોઈ રીતે થઈ શકતું નથી. તેથી પૂર્વપક્ષીએ કેવળ અન્યશબ્દથી જ તેનું કથન કર્યું, તે થઈ શકતું નહિ હોવાથી અનિર્વચનરૂપ છે. તેથી તે વિકલ્પનું ઉત્થાન કરવું અયોગ્ય છે. **॥૮૮॥**

अवतरणिका :- नन्वनुकूलवेदनीयं सुखं, प्रतिकूलवेदनीयं च दुःखं, न च तथाविधवेदनं रागद्वेषौ विनेति न वीतरागाणां तत्संभव इत्याशङ्क्यायामाह-

અવતરણિકાર્થ :- '**ननु**'થી પૂર્વપક્ષી કહે છે કે અનુકૂળવેદનીય સુખ અને પ્રતિકૂળવેદનીય દુઃખ છે, અને રાગ-દ્વેષ વિના તેવા પ્રકારનું વેદન થતું નથી. એથી કરીને વીતરાગને તત્સંભવ=તથાવિધ વેદનનો સંભવ નથી. એ પ્રકારની આશંકામાં કહે છે-

ગાથા :-

अणुकूलं पडिकूलं च वेअणं लक्खणं सुहदुहाणं ।
ण हु एसो एगंतो अपमत्तजइसु तयभावा ॥८९॥

(अनुकूलं प्रतिकूलं च वेदनं लक्षणं सुखदुःखयोः । न ह्येष एकान्तोऽप्रमत्तयतिषु तदभावात् ॥८९॥)

ગાથાર્થ :- અનુકૂળવેદન અને પ્રતિકૂળવેદન અનુક્રમે સુખ-દુઃખનું લક્ષણ છે. આ=અનુકૂળવેદન તે સુખ અને પ્રતિકૂળવેદન તે દુઃખ, એકાંત આ=લક્ષણ નથી જ; કેમ કે અપ્રમત્ત યતિને તેનો=અનુકૂળવેદન અને પ્રતિકૂળવેદનનો, અભાવ છે.

❀ '**ण हु**' મૂળ ગાથામાં છે તે '**नैव**'ના અર્થમાં છે.

ટીકા :- 'अनुकूलवेदनीयं सुखं, प्रतिकूलवेदनीयं च दुःखं' इत्युपलक्षणं, न तु लक्षणं, समपूजाऽपमानानां समसंसारमोक्षाणां चाऽप्रमत्तयतीनां सुखदुःखयोरव्याप्तेः, न हि ते सुखमनुकूलत्वेन दुःखं च प्रतिकूलत्वेन वेदयन्ति, इच्छाद्वेषविषयत्वयोरेव तदर्थत्वात्।

ટીકાર્થ :- '**अनुकूल**' - પૂજા અને અપમાનમાં સમાન અને સંસાર અને મોક્ષમાં સમાન એવા અપ્રમત્ત યતિઓના સુખ-દુઃખમાં અવ્યાપ્તિ હોવાથી, અનુકૂળવેદનીય એ સુખ અને પ્રતિકૂળવેદનીય એ દુઃખ આ પ્રમાણે ઉપલક્ષણ છે, પરંતુ લક્ષણ નથી; જે કારણથી અપ્રમત્ત યતિઓ, સુખને અનુકૂળપણાથી અને દુઃખને પ્રતિકૂળપણાથી વેદતા નથી. કેમ કે ઇચ્છા અને દ્વેષના વિષયત્વનું જ તદર્થપણું છે=ઇચ્છાનો વિષય અનુકૂળવેદનરૂપ છે અને દ્વેષનો વિષય પ્રતિકૂળ વેદનરૂપ છે.

ભાવાર્થ :- સામાન્ય રીતે જે અનુકૂળ વેદન હોય તે સુખ અને પ્રતિકૂળ વેદન હોય તે દુઃખ કહેવાય છે. તેથી '**अनुकूलवेदनीयं सुखं, प्रतिकूलवेदनीयं च दुःखं**' આ સુખદુઃખના લક્ષણરૂપે પ્રતિભાસ થાય છે. પરંતુ સૂક્ષ્મદૃષ્ટિએ જોતાં જે લોકોને પૂજા અને અપમાનમાં સમાન ચિત્ત છે એવા અપ્રમત્ત યતિઓને, સંસારના ભૌતિક શાતાકૃત સુખ અને ભૌતિક અશાતાકૃત દુઃખ, તેના પ્રત્યે અનુકૂળત્વ-પ્રતિકૂળત્વની બુદ્ધિ નથી, તેથી આ લક્ષણ અપ્રમત્ત યતિઓમાં જતું નથી. અને સંયમમાં અપ્રમત્ત રીતે યત્ન કરનારા મુનિઓને પણ મોક્ષ પ્રતિ રાગ અને સંસાર પ્રતિ દ્વેષ હોઈ શકે, તેથી મોક્ષના ઉપાયમાં અનુકૂળત્વરૂપે વેદન અને સંસારના ઉપાયમાં પ્રતિકૂળત્વરૂપે વેદન હોઈ શકે; પરંતુ સંસાર અને મોક્ષ પ્રત્યે સમાનવૃત્તિવાળા એવા અપ્રમત્ત યતિઓને, ક્યાંય પણ અનુકૂળત્વની કે પ્રતિકૂળત્વની બુદ્ધિ હોતી નથી; તેથી અનુકૂળવેદનીય એ સુખ અને પ્રતિકૂળવેદનીય એ દુઃખ, આ સુખદુઃખનું

લક્ષણ કહી શકાય નહિ; પરંતુ સુખપરિચાયક કે દુઃખપરિચાયક ઉપલક્ષણ કહી શકાય. કેમ કે બહુલતાએ જ્યારે સુખની સંવિત્તિ થાય છે ત્યારે ત્યાં અનુકૂળ વેદનીયત્વ પ્રતીત થાય છે અને દુઃખની સંવિત્તિ થાય છે ત્યારે ત્યાં પ્રતિકૂળ વેદનીયત્વ પ્રતીત થાય છે તેથી તેને ઉપલક્ષણ કહેવાય. જેમ બહુલતાએ દેવદત્તના ઘર ઉપર કાગડાઓ બેસતા હોય તો કાકથી ઉપલક્ષિત દેવદત્તનું ઘર કહેવાય, તેમ બહુલતાએ સુખની કે દુઃખની પ્રતીતિવાળા જીવોમાં અનુકૂળત્વની કે પ્રતિકૂળત્વની બુદ્ધિ પણ દેખાય છે.

ટીકા :- 'तथाविधवेदनयोग्यते एव तल्लक्षणे' इति चेत्? अहो केवलिसुखदुःखयोरपि तदबाधात्,

ટીકાર્થ :- 'तथाविध' તથાવિધ=અનુકૂળ કે પ્રતિકૂળ, વેદનની યોગ્યતા જ સુખ કે દુઃખનું લક્ષણ છે એમ પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકાર કહે છે કે, અહો! કેવલીના સુખદુઃખમાં પણ તેનો=તે લક્ષણનો, અબાધ છે, અર્થાત્ અનુકૂળ કે પ્રતિકૂળ વેદનની યોગ્યતા કેવલીના સુખદુઃખમાં પણ રહેલી છે, તેથી કોઈ બાધ નથી.

ભાવાર્થ :- પૂર્વમાં કહ્યું એ રીતે અનુકૂળત્વની બુદ્ધિ કે પ્રતિકૂળત્વની બુદ્ધિ મુનિઓમાં હોતી નથી, તેથી તે લક્ષણને છોડીને પૂર્વપક્ષી સુખદુઃખનું લક્ષણ કરતાં કહે છે કે, તથાવિધ વેદનની યોગ્યતા સુખદુઃખનું લક્ષણ છે. સુખનું લક્ષણ -અનુકૂળરૂપે વેદનની યોગ્યતા અને દુઃખનું લક્ષણ-પ્રતિકૂળરૂપે વેદની યોગ્યતા છે, તેથી અપ્રમત્ત યતિઓમાં અનુકૂળત્વ કે પ્રતિકૂળત્વની બુદ્ધિ નહિ હોવા છતાં સુખદુઃખનું લક્ષણ ઘટી શકશે, કેમ કે અપ્રમત્ત યતિઓનાં સુખદુઃખમાં તથાવિધ વેદનની યોગ્યતા રહેલી છે. જો તેમને મોહ હોત તો અનુકૂળત્વની કે પ્રતિકૂળત્વની બુદ્ધિ થાત, પરંતુ મોહ નહિ હોવાને કારણે અનુકૂળત્વબુદ્ધિ કે પ્રતિકૂળત્વબુદ્ધિ તેમને થતી નથી, માટે આ પ્રકારનું લક્ષણ દોષ વગરનું છે. તેને ગ્રંથકાર કહે છે કે, અહો! આશ્ચર્ય છે કે કેવલીના સુખદુઃખમાં પણ તે લક્ષણનો અબાધ છે. માટે તે લક્ષણના બળથી પૂર્વપક્ષી કેવલીમાં શાતા-અશાતારૂપ સુખદુઃખના નિષેધપૂર્વક ક્ષાયિક સુખ છે એમ કહીને, કેવલીને ક્ષુધાનો અભાવ સિદ્ધ કરવા માંગે છે, તે સિદ્ધ થઈ શકશે નહિ. એ કથન 'અહો!' દ્વારા અભિવ્યક્ત થાય છે. કેમ કે અહો! આશ્ચર્ય બતાવનાર અવ્યય છે.

ઉત્થાન :- આ રીતે અપ્રમત્ત યતિમાં સુખદુઃખનું લક્ષણ સંગત કરવા માટે પૂર્વપક્ષીએ સુખદુઃખના લક્ષણમાં તથાવિધવેદનયોગ્યતા દ્વારા જે પરિષ્કાર કર્યો, તે લક્ષણ ગ્રંથકારને માન્ય છે. અને તે લક્ષણ દ્વારા કેવલીમાં પણ શાતા-અશાતારૂપ સુખદુઃખ ઘટી શકે છે તે સ્થાપન કર્યું. હવે સુખદુઃખનું લક્ષણ બીજાઓ જે કરે છે તેની સ્મૃતિ થવાથી અને સુખદુઃખના જ્ઞાન માટે તે ઉપયોગી હોવાથી, ગ્રંથકાર તે લક્ષણ બતાવે છે-

ટીકા :- अनुकूलत्वाद्यप्रतिसन्धानेऽपि सुखादिसाक्षात्कारात्तत्साक्षिकजातिगर्भमेव लक्षणमित्यन्ये।

ટીકાર્થ :- 'अनुकूल' - અનુકૂળત્વાદિના અપ્રતિસંધાનમાં પણ સુખાદિનો સાક્ષાત્કાર થતો હોવાથી તત્સાક્ષિક=અનુભવસાક્ષિક, જાતિગર્ભ જ લક્ષણ છે, એ પ્રમાણે અન્ય કહે છે.

❀ **'अनुकूलत्वाद्यप्रतिसन्धानेऽपि'** અહીં **'अपि'**થી એ કહેવું છે કે અનુકૂળત્વાદિનું પ્રતિસંધાન હોય ત્યારે તો

સુખાદિનો સાક્ષાત્કાર થાય છે, પણ અનુકૂળત્વાદિનું અપ્રતિસંધાન હોય ત્યારે પણ સુખાદિનો સાક્ષાત્કાર થાય છે.

ભાવાર્થ :- અપ્રમત્ત યતિઓને સુખમાં અનુકૂળત્વનું પ્રતિસંધાન થતું નથી અને દુઃખમાં પ્રતિકૂળત્વનું પ્રતિસંધાન થતું નથી, તો પણ સુખનું વેદન અને દુઃખનું વેદન વિલક્ષણરૂપે તેઓને સાક્ષાત્ થાય છે; તેથી તે વિલક્ષણ અનુભવસાક્ષિક એવી સુખદુઃખમાં જાતિ રહેલી છે. તેથી તેવી વિલક્ષણ જાતિગર્ભ જ સુખદુઃખનું લક્ષણ છે. કહેવાનો ભાવ એ છે કે, દુઃખ કરતાં વિલક્ષણ અનુભવવાળી જાતિ જેમાં છે તે સુખ છે અને સુખ કરતાં વિલક્ષણ અનુભવવાળી જાતિ જેમાં છે તે દુઃખ છે, એથી આ લક્ષણ સંસારીજીવોના સુખદુઃખમાં પણ ઘટશે અને અપ્રમત્ત મુનિઓના સુખદુઃખમાં પણ ઘટશે.

टीका :- एतेन निरुपाधिकेच्छाविषयत्वनिरुपाधिकद्वेषविषयत्वलक्षणयोरपि तत्सुखदुःखयोरसंभवो दूषण-मिति परास्तम्॥८९॥

टीकार्थ :- '**एतेन**' - આનાથી='**अनुकूल थी अन्ये**' સુધી જે કથન કર્યું એનાથી, तत् સુખદુઃખમાં=કેવલીના સુખદુઃખમાં, નિરુપાધિક ઇચ્છાવિષયત્વ અને નિરુપાધિક દ્વેષવિષયત્વ આ બન્ને પ્રકારનાં લક્ષણોનો અસંભવ છે, એ પ્રકારનું દૂષણ પૂર્વપક્ષી આપે છે એ પરાસ્ત જાણવું.॥८९॥

❀ '**एतेन इति परास्तम्**' એ પ્રમાણે અન્વય છે.

ભાવાર્થ :- સુખનું લક્ષણ નિરુપાધિક ઇચ્છાવિષયત્વ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, સુખ એ જીવને અન્ય ઇચ્છાને અનાધીન એવી ઇચ્છાના વિષયરૂપ છે, તેથી સુખમાં નિરુપાધિક ઇચ્છાવિષયત્વ છે. જેની ઇચ્છા અન્ય ઇચ્છાને આધીન હોય તે ઔપાધિક ઇચ્છાનો વિષય કહેવાય; જેમ ધનની ઇચ્છા ભોગની ઇચ્છાને આધીન છે તેથી તેમાં ઔપાધિક ઇચ્છાવિષયત્વ છે, જ્યારે સુખની ઇચ્છા અન્ય કોઇ ઇચ્છાને આધીન નથી, તેથી સુખમાં નિરુપાધિક ઇચ્છાવિષયત્વ છે; અને તે રીતે દુઃખમાં નિરુપાધિક દ્વેષવિષયત્વ છે. કેવલીના સુખદુઃખમાં આ બંને પણ લક્ષણોનો અસંભવ પ્રાપ્ત થાય છે. તેથી અસંભવરૂપ દૂષણ હોવાના કારણે કેવલીમાં શાતા-અશાતા નથી એમ માનવું ઉચિત છે, એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. અને કેવલીમાં તેનો અસંભવ એટલા માટે છે કે કેવલીને કોઇ જાતની ઇચ્છા કે દ્વેષ નથી, માટે કેવલીના સુખદુઃખમાં નિરુપાધિક ઇચ્છાવિષયત્વ કે નિરુપાધિક દ્વેષવિષયત્વ ઘટી શકે નહિ. અને આ દૂષણ પૂર્વમાં કહ્યું કે અનુકૂળવેદનીય સુખ અને પ્રતિકૂળવેદનીય દુઃખ એ લક્ષણ નથી, પણ ઉપલક્ષણ છે; એમ કહેવાથી પરાસ્ત થઇ જાય છે. કેમ કે જેમ અનુકૂળવેદનીય સુખ અને પ્રતિકૂળવેદનીય દુઃખ એ ઉપલક્ષણ છે, તેમ નિરુપાધિક ઇચ્છાવિષય એ સુખ અને નિરુપાધિક દ્વેષવિષય એ દુઃખ એ પણ ઉપલક્ષણ છે, પણ લક્ષણ નથી; જ્યારે લક્ષણ તો પૂર્વમાં બતાવેલ બે પ્રકારનાં જ છે.॥८९॥

अवतरणिका :- अत एव च- 'अध्रुवसुखदुःखयोर्भोग आवश्यकः, स च कर्मबन्धहेतुरिति न केवलिनां तत्संभव' इत्यपि परास्तमित्याह-

અવતરણિકાર્થ :- 'अत एव' - આથી કરીને જ અર્થાત્ પૂર્વમાં સિદ્ધ કર્યું કે બે પ્રકારનાં સુખ-દુઃખનાં લક્ષણ છે જે કેવલીમાં પણ ઘટે છે, અને અનુકૂળવેદનીય સુખ અને પ્રતિકૂળવેદનીય દુઃખ અથવા નિરુપાધિક ઇચ્છાવિષય સુખ અને નિરુપાધિક દ્વેષવિષય દુઃખ એ બન્ને પ્રકારને સુખ-દુઃખનાં ઉપલક્ષણ કહ્યાં, આથી કરીને જ, અધ્રુવ એવા સુખ-દુઃખનો ભોગ આવશ્યક છે, અને તે કર્મબંધનો હેતુ છે, એથી કરીને કેવલીઓને તત્સંભવ=અધ્રુવ સુખદુઃખના ભોગનો સંભવ નથી, એ પણ પરાસ્ત છે. એ પ્રમાણે ગ્રંથકાર કહે છે.

❀ **'इत्यपि परास्तम्'** કહ્યું ત્યાં **'अपि'**થી ગાથા-૮૯માં કહેલ કે વીતરાગમાં તે સુખદુઃખના વેદનનો સંભવ નથી એ વાત તો પરાસ્ત થઇ ગઇ, પણ વક્ષ્યમાણ કથન પણ પરાસ્ત જાણવું, એ સમુચ્ચય બતાવે છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે આત્મામાં મોહના ક્ષયથી કે સર્વકર્મના ક્ષયથી ઉત્પન્ન થનારું સુખ છે તે ધ્રુવ સુખ છે, જ્યારે કર્મના ઉદયથી થનારું સુખ-દુઃખ અધ્રુવ છે, અને તે અધ્રુવ સુખદુઃખનો ભોગ=અનુભવ, આવશ્યક છે. કેમ કે જે જીવે તેવા પ્રકારનાં શાતા-અશાતારૂપ સુખ-દુઃખને પેદા કરનારાં કર્મો બાંધ્યાં હોય, તેને એ કર્મના વિપાકકાળમાં અવશ્ય તેનો અનુભવ થવો જોઇએ; અને તે કર્મબંધનો હેતુ છે એથી કરીને કેવલીઓને અધ્રુવ સુખદુઃખના ભોગનો સંભવ નથી, કેમ કે તેઓને નવાં કર્મ બંધાતાં નથી. આથી જ અશાતાવેદનીય તેમને દગ્ધરજ્જુ જેવું કહેલ છે. આ પ્રમાણે પૂર્વપક્ષીનો આશય છે.

અહીં સુખદુઃખનું વિશેષણ 'અધ્રુવ' કેમ કહ્યું એમ પ્રશ્ન થાય. તેનો ઉત્તર એ છે કે ધ્રુવ એવા સુખનો અનુભવ કેવલીઓને અને સિદ્ધોને પણ હોય છે અને તે અનુભવ કર્મબંધનો હેતુ નથી. તેથી તેની વ્યાવૃત્તિ કરવા માટે અધ્રુવ સુખ-દુઃખ ગ્રહણ કરેલ છે; પરંતુ સુખદુઃખને નિષ્પન્ન કરનાર કર્મપ્રકૃતિ પરાવર્તમાન છે તે બતાવવા માટે 'અધ્રુવ' કહેલ નથી. આ પ્રકારનું પૂર્વપક્ષીનું કથન પરાસ્ત છે તે વાત **ગાથા-૯૦**માં બતાવે છે -

ગાથા :- **अधुवाण सुहदुहाणं भोगो भोगेण कम्मबंधो अ ।**
ण हु एसो एगंतो अपमत्तजइसु तयभावा ॥९०॥

(अध्रुवयोः सुखदुःखयोर्भोगो भोगेन कर्मबंधश्च । न ह्येष एकान्तोऽप्रमत्तयतिषु तदभावात् ॥९०॥)

ગાથાર્થ :- અધ્રુવ સુખદુઃખનો ભોગ અને ભોગથી કર્મબંધ થાય છે આ એકાંત નથી જ, કેમ કે અપ્રમત્ત યતિઓમાં તેનો=કર્મબંધનો, અભાવ હોય છે.

ટીકા :- "न हि कर्मोदयप्रभवयोः सुखदुःखयोर्भोगं विना क्षयो नाम। यदाहुर्बाह्या अपि-[ ]

नाभुक्तं क्षीयते कर्म कल्पकोटिशतैरपि ।
अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् ॥ **इति।**

भोगश्चासक्त्या द्वेषेण च तत्साक्षात्काररूपः पुनः कर्मबन्धस्यावन्ध्यं निदानमिति कथमसौ भगवताम्?" इति चेत्? अप्रमत्तयतीनामपि कथमसौ? अथ विपाककालप्राप्तिरेव भोगः, तत्परिसमाप्तेरेव च कर्मक्षय इति चेत्? तदिदमन्यत्रापि तुल्यम्।

ટીકાર્થ :- '**न हि**' - કર્મોદયથી થયેલા સુખદુઃખનો ક્ષય ભોગ વિના થતો નથી. જે બાહ્ય પણ=સ્વદર્શન સિવાયના બાહ્ય પણ, કહે છે- કોટિશત કલ્પ વડે પણ ભોગવ્યા વિના કર્મ ક્ષય પામતું નથી, કરેલું શુભ કે અશુભકર્મ અવશ્ય ભોગવવું પડે છે. '**इति**' ઉદ્ધરણના કથનની સમાપ્તિસૂચક છે. અને આસક્તિથી કે દ્વેષથી તેના સાક્ષાત્કારરૂપ ભોગ વળી કર્મબંધનું અવંધ્ય નિદાન=કારણ છે. એથી કરીને કેવી રીતે ભગવાનને આ=ભોગ હોય? આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર કહે છે કે, અપ્રમત્ત યતિઓને કેવી રીતે આ=ભોગ હોય?

આ પ્રશ્નના સમાધાનમાં '**अथ**'થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, વિપાકકાળની પ્રાપ્તિ જ ભોગ છે અને તેની પરિસમાપ્તિ જ કર્મક્ષય છે. તો તેને ગ્રંથકાર કહે છે કે, તે આ વાત અન્યત્ર=કેવલીમાં પણ તુલ્ય છે.

❀ '**बाह्या अपि**' બાહ્ય પણ કહે છે એમ કહ્યું ત્યાં '**अपि**'થી એ સમુચ્ચય થાય છે કે સ્વસિદ્ધાંતને પણ માન્ય છે.

ભાવાર્થ :- પૂર્વપક્ષીના કથન પ્રમાણે, સર્વ કર્મ વિપાકથી ભોગવાય ત્યારે તે સુખનો ભોગ આસક્તિથી સુખના સાક્ષાત્કારરૂપ છે, અને દુઃખનો ભોગ દ્વેષથી દુઃખના સાક્ષાત્કારરૂપ છે, તેથી અવશ્ય કર્મબંધ થાય છે. તેનું તાત્પર્ય એ છે કે, સામાન્ય રીતે જીવોને તીવ્ર આસક્તિ ન હોય તો પણ સુખનો જ્યારે અનુભવ કરે છે ત્યારે સુખરૂપે તેનો સાક્ષાત્કાર થાય છે, અને તે સાક્ષાત્કાર થાય ત્યારે ઈષત્ અનુકૂળત્વની પણ પ્રતીતિ થાય છે; તેથી જ દુઃખની પ્રતીતિ કરતાં સુખની પ્રતીતિમાં કાંઇક અનુકૂળત્વની બુદ્ધિ અવશ્ય હોય છે. અને દુઃખનું જ્યારે વેદન કરે છે ત્યારે, દુઃખને દૂર કરવાનો યત્ન જીવ ન કરતો હોય તો પણ, ઈષત્ દ્વેષ પણ ત્યાં હોય છે, અને તેથી જ '**इदं मे प्रतिकूलम्**' આ મને અનુકૂળ નથી પણ પ્રતિકૂળ છે, એવો દુઃખના સાક્ષાત્કારનો પરિણામ હોય છે. આથી ત્યાં=સુખદુઃખના ભોગમાં, કર્મબંધ અવશ્ય થાય, તેમ પૂર્વપક્ષીનું કહેવું છે. અને આથી જ ભગવાનને રાગ-દ્વેષ નહિ હોવાના કારણે સુખદુઃખનો સાક્ષાત્કાર=અનુભવ, નથી, તેથી તેમનું વેદનીયકર્મ દગ્ધરજ્જુ તુલ્ય છે, એમ પૂર્વપક્ષી માને છે.

અહીં પ્રશ્ન થાય કે પૂર્વમાં બંધાયેલું કર્મ અવશ્ય ભોગવવું પડે અને ભોગને કારણે અવશ્ય નવું કર્મ બંધાય, તો પછી તો કોઇ જીવ કર્મમુક્ત થઇ શકે નહિ. તેથી બધાં કર્મો અવશ્ય ભોગવાય છે તેનું તાત્પર્ય એ છે કે, નિકાચિત બંધાયેલાં કર્મો અવશ્ય વિપાકથી ભોગવાય છે, અને અનિકાચિત કર્મો વિપાકથી પણ ભોગવાય અને પ્રદેશથી પણ ભોગવાય, પણ અવશ્ય ભોગવવાં તો પડે જ છે.

'**अथ**'- '**अथ**'થી પૂર્વપક્ષી વિપાકકાળની પ્રાપ્તિ જ ભોગ છે, એવો ભોગનો અર્થ કરે છે. તેનું કારણ એ છે કે, તેણે પણ કેવલીમાં દગ્ધરજ્જુ જેવું વેદનીયકર્મ માન્યું છે, અને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય તેની પૂર્વમાં વેદનીયકર્મનો ઉદય અભિમત છે. વળી અપ્રમત્ત યતિઓ રાગદ્વેષથી કર્મ બાંધતા નથી એ પૂર્વપક્ષીને પણ માન્ય છે; તેથી ભોગનો અર્થ આસક્તિથી કે દ્વેષથી તેનો સાક્ષાત્કાર થવો તે ભોગ, આ પ્રમાણે કરે તો, અપ્રમત્ત યતિમાં એવો સાક્ષાત્કાર પ્રાપ્ત થાય અને રાગ-દ્વેષકૃત કર્મબંધની પ્રાપ્તિ પણ ત્યાં સ્વીકારવી પડે. તેથી પૂર્વપક્ષીએ ભોગનો અર્થ એ કર્યો કે બંધાયેલું કર્મ વિપાકકાળને પ્રાપ્ત થાય તે જ ભોગ પદાર્થ છે; પણ રાગાદિથી સુખ-દુઃખના સાક્ષાત્કારરૂપ ભોગ પદાર્થ નથી. આનાથી એ પ્રાપ્ત થયું કે અપ્રમત્ત યતિઓને રાગાદિ રહિત વેદનીયકર્મના વિપાકકાળની પ્રાપ્તિ છે, અને તે કર્મના વિપાકથી સુખદુઃખનું સંવેદન હોય છે, અને તેમાં રાગ-દ્વેષનો સંશ્લેષ હોતો નથી;

આથી જ નવું કર્મ બંધાતું નથી. અને આ પ્રમાણે વિપાકકાળની પ્રાપ્તિ જ ભોગ આવો અર્થ પૂર્વપક્ષી કરે તો, કેવલીમાં પણ રાગાદિ રહિત શાતા-અશાતાનો ઉદય માનવામાં કોઈ દોષ પ્રાપ્ત થાય નહિ એમ ગ્રંથકાર કહે છે.

टीका :- एतेन 'न ह्यचेतयतो भोगो नाम, चेतयतश्च मोहाऽविनाभावः' इति परास्तम्, आयुःकर्मादि-भोगवदुपपत्तेः, न च तत्संवेदनमनुकूलत्वाद्यविषयकमपि मोहव्याप्तम्॥९०॥

टीकार्थ :- 'एतेन' - આનાથી અર્થાત્ પૂર્વમાં કહ્યું કે અપ્રમત્ત યતિઓને વિપાકકાળની પ્રાપ્તિ જ ભોગ છે, તેમ કેવલીઓને પણ વિપાકકાળની પ્રાપ્તિરૂપ શાતા-અશાતાનો ભોગ સંગત છે આનાથી, અસંવેદનવાળાને ભોગ નથી અને સંવેદન કરનારને (તે ભોગ) મોહની સાથે અવિનાભાવરૂપ છે, આ પ્રમાણે કથન પરાસ્ત જાણવું. તેમાં હેતુ કહે છે-

'आयुः' - આયુષ્યકર્માદિના ભોગની જેમ ઉપપત્તિ છે. અને તેની પુષ્ટિ કરતાં કહે છે કે, અનુકૂળત્વાદિ અવિષયક પણ તત્સંવેદન=સુખદુઃખનું સંવેદન, મોહ સાથે વ્યાપ્ત નથી.॥૯૦॥

❀ **'अचेतयतः'** પ્રયોગમાં કર્તૃઅર્થક ષષ્ઠી છે તેનો અર્થ સંવેદન નહિ કરનાર એ પ્રમાણે કરવો.

ભાવાર્થ :- 'જે સુખદુઃખનું સંવેદન ન થતું હોય તેને ભોગ કહેવાય નહિ, અને જે સુખદુઃખનું સંવેદન થતું હોય તે મોહની સાથે અવિનાભાવી છે, તેથી કેવલીને સુખદુઃખનું સંવેદન નથી; પરંતુ દગ્ધરજ્જુ જેવું તેમનું વેદનીયકર્મ છે માટે તેમને વેદનીયકર્મકૃત કોઈ વેદન નથી,' એમ પૂર્વપક્ષી કહે છે. તેને ગ્રંથકાર કહે છે કે એ વાત પરાસ્ત જાણવી. કેમ કે વિપાકકાળની પ્રાપ્તિ જ ભોગ છે એમ પૂર્વમાં સ્થાપન કર્યું, એનાથી એ પ્રાપ્ત થયું કે, અપ્રમત્ત યતિઓને જેમ વેદનીયકર્મના વિપાકકાળની પ્રાપ્તિ એ જ ભોગ છે, આથી જ મોહ વગર પણ કર્મના વિપાકને તેઓ અનુભવે છે. તે જ રીતે કેવલી પણ મોહ વગર વિપાકકાળને પ્રાપ્ત એવા વેદનીયકર્મનો અનુભવ કરે છે. અને તેને જ દૃઢ કરવા માટે ગ્રંથકાર કહે છે કે, જેમ કેવલી આયુષ્યકર્માદિનો ભોગ કરે છે છતાં તેમને મોહ નથી, તેમ મોહ વગર જ વેદનીયકર્મનો પણ ભોગ કરે છે. અને મોહ વગર સુખદુઃખનો સંભવ કેમ છે તે બતાવવા માટે જ કહે છે કે, અનુકૂળત્વાદિ અવિષયક એવું સુખદુઃખનું સંવેદન મોહની સાથે વ્યાપ્ત નથી, પરંતુ અનુકૂળત્વાદિ બુદ્ધિવાળું જ વેદન મોહ સાથે વ્યાપ્ત છે.॥૯૦॥

अवतरणिका :- अथाज्ञानजन्यं दुःखमात्मज्ञानात्क्षीयते, तदुक्तं-

'[१]आत्माज्ञानभवं दुःखमात्मज्ञानेन हन्यते' इति, तथा च साक्षात्कृतात्मतत्त्वानां कथं दुःखसंभवः? इति चेत्? न, आत्मज्ञाने सत्यज्ञानजन्यदुःखक्षयेऽपि वेदनीयोदयजन्यक्षुदाद्यविलयादित्याशयवानाह-

अवतरणिकार्थ :- 'अथ'થી પૂર્વપક્ષી કહે છે કે, અજ્ઞાનજન્ય દુઃખ આત્મજ્ઞાનથી નાશ પામે છે. **'तदुक्तं'**થી સાક્ષી આપે છે- "આત્માના અજ્ઞાનથી થયેલું દુઃખ આત્મજ્ઞાનથી નાશ પામે છે."

---

૧. યોગશાસ્ત્ર-૪-૩ અસ્યોત્તરાર્ધઃ- તપસાપ્યાત્મવિજ્ઞાનહીનૈશ્છેત્તું ન શક્યતે ॥

'**इति**'-ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

'**तथा च**' - અને તે પ્રમાણે=અજ્ઞાનજન્ય દુઃખ આત્મજ્ઞાનથી નાશ પામે છે તે પ્રમાણે, સાક્ષાત્કાર કરેલ આત્મતત્ત્વવાળાને કેવી રીતે દુઃખનો સંભવ હોય? આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકાર કહે છે - આત્મજ્ઞાન હોતે છતે, અજ્ઞાનજન્ય દુઃખના ક્ષયમાં પણ વેદનીયકર્મના ઉદયજન્ય ક્ષુધાદિનો અવિલય હોવાથી તારી વાત બરાબર નથી.

ભાવાર્થ :- '**अथ**'થી પૂર્વપક્ષીને કહેવું છે કે કેવલીને કેવલજ્ઞાનને કારણે આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થયેલ છે, તેથી આત્માના અજ્ઞાનથી થનાર દુઃખ કેવલીને હોઈ શકે નહિ. તેને ગ્રંથકાર કહે છે કે દુઃખ બે પ્રકારનું છે. પહેલા પ્રકારનું દુઃખ આત્માના અજ્ઞાનજન્ય છે અને તે આત્મજ્ઞાન થવાથી નાશ પામે છે; અને કેવલીને આત્માનો સાક્ષાત્કાર થયેલ હોવાથી અજ્ઞાનજન્ય દુઃખ સર્વથા નાશ પામે છે. તો પણ બીજા પ્રકારનું વેદનીયકર્મના ઉદયજન્ય ક્ષુધાદિ દુઃખ કેવલીને હોઈ શકે છે. એ પ્રકારના આશયથી ગાથામાં કહે છે-

ગાથા :- **अन्नाणजं तु दुक्खं नाणावरणक्खएण खयमेइ ।**
तत्तो सुहमकलंकिअकेवलनाणाऽपुहब्भूयं ॥९१॥

(अज्ञानजं तु-दुःखं ज्ञानावरणक्षयेण क्षयमेति । ततः सुखमकलङ्कितकेवलज्ञानाऽपृथग्भूतम् ॥९१॥)

ગાથાર્થ :- વળી અજ્ઞાનથી ઉત્પન્ન થયેલું દુઃખ જ્ઞાનાવરણીયના ક્ષયથી ક્ષય પામે છે. તેથી અકલંકિત કેવળજ્ઞાનથી અપૃથગ્ભૂત સુખ થાય છે.

ટીકા :- यः खलु ज्ञानावरणोदयपारवश्यादात्मनः सूक्ष्मार्थाऽनालोचनादिजन्यः खेदो यश्चातस्मिंस्तद्बुद्ध्या प्रत्यर्थपरिणामात् स खलु तद्विलयादेव विलीयमानः स्वभावप्रतिघाताभावादनाकुलत्वाच्च चित्रभित्ति-स्थानीयं स्वत एव सकलज्ञेयाकारपरिणामरूपं केवलज्ञानलक्षणं सुखमादधातु, सकलदुःखक्षये तु किं प्रमाणम्? न हि तस्य दृशिज्ञप्तिस्वभावाप्रतिघातेऽप्यव्याबाधस्वभावाप्रतिघातो नाम, सर्वानिष्टनाश-सर्वाभीष्टलाभौ त्वसिद्धावेव, सिद्धावस्थायामेव तत्संभवात्। एतेनेदं व्याख्यातम्-

[१] 'जादं सयं समत्तं णाणमणंतत्थवित्थडं विमलं ।
रहिदं हु उग्गहादिहि सुहं ति एगंतियं भणियं ॥ (प्रवचनसार १/५९)
[२] जं केवलं ति णाणं तं सोक्खं परिणमं च सो चेव ।
खेदो तस्स ण भणिदो जम्हा घादी खयं जादा ॥ (प्रवचनसार १/६०)
[३] णाणं अत्थंतगदं लोगालोगेसु वित्थडा दिट्ठी ।
णट्ठमणिट्ठं सव्वं इट्ठं पुण जंतु तं लद्धं ॥ ति (प्रवचनसार १/६१) ॥९१॥

---

१. जातं स्वयं समस्तं ज्ञानमनन्तार्थविस्तृतं विमलम् । रहितं त्ववग्रहादिभिः सुखमित्येकान्तिकं भणितम् ॥
२. यत्केवलमिति ज्ञानं तत्सौख्यं परिणामश्च स चैव । खेदस्तस्य न भणितो यस्माद्घातीनि क्षयं जातानि ॥
३. ज्ञानमर्थान्तगतं लोकालोकेषु विस्तृता दृष्टिः । नष्टमनिष्टं सर्वमिष्टं पुनर्यद्धि तल्लब्धम् ॥

ટીકાર્થ :- 'यः खलु' - જે ખરેખર જ્ઞાનાવરણીયના ઉદયના પારવશ્યથી આત્માનો સૂક્ષ્માર્થઅનાલોચનાદિજન્ય ખેદ અને જે અતસ્મિન્ તદ્બુદ્ધિથી=પદાર્થ જે રૂપે નથી તેમાં તે રૂપની બુદ્ધિથી, પ્રત્યર્થ=વિપરીત, પરિણામ થવાથી થતો ખેદ, તે ખરેખર તદ્વિલયથી જ=જ્ઞાનાવરણીયના વિલયથી જ, વિલય પામતો ચિત્રભિત્તિસ્થાનીય સ્વતઃ જ સકલજ્ઞેયાકારના પરિણામરૂપ કેવલજ્ઞાનલક્ષણ સુખને આપે છે. તેમાં હેતુ કહે છે - સ્વભાવના પ્રતિઘાતનો અભાવ છે અને અનાકૂળપણાનો ભાવ છે. આ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે, તેનો સ્વીકાર કરીને ગ્રંથકાર કહે છે-
'सकलदुःखक्षये' - (કેવલીને) વળી સકલ દુઃખના ક્ષયમાં શું પ્રમાણ છે? અર્થાત્ કોઇ પ્રમાણ નથી. જે કારણથી તેમના=કેવલીના, દૃશિ=દર્શન, જ્ઞપ્તિ=જ્ઞાન, સ્વભાવના અપ્રતિઘાતમાં પણ અવ્યાબાધ સ્વભાવનો અપ્રતિઘાત નથી. તેમાં હેતુ કહે છે- વળી સર્વ અનિષ્ટનાશ અને સર્વ અભિષ્ટલાભ અસિદ્ધ જ છે, કેમ કે સિદ્ધાવસ્થામાં જ તેનો =સર્વ અનિષ્ટનાશ અને સર્વ અભિષ્ટલાભનો, સંભવ છે. આના વડે=પૂર્વમાં કહ્યું કે કેવલીને જ્ઞાન-દર્શનસ્વભાવનો અપ્રતિઘાત હોવા છતાં અવ્યાબાધ સ્વભાવનો પ્રતિઘાત છે, આના વડે, આ=વક્ષ્યમાણ પ્રવચનસારનું કથન, વ્યાખ્યાત થઇ ગયું=જેટલા અંશમાં સ્વને સંમત છે તત્સ્વીકૃતિપૂર્વક અન્યનો પરિહાર કરાયો છે. પ્રવચનસારનું કથન આ પ્રમાણે છે -
'जादं' - સ્વયં ઉત્પન્ન થયેલું, પરિપૂર્ણ, અનંતઅર્થવિસ્તૃત, વિમલ, અવગ્રહાદિથી રહિત એવું (કેવળ) જ્ઞાન એકાંતિક સુખ છે, એમ (સર્વજ્ઞે) કહ્યું છે.

❀ અહીં કેવળજ્ઞાન એકાંતે સુખ છે તેમાં હેતુરૂપે 'સ્વયંજાત' આદિ વિશેષણો છે.

'जं केवलं' - જે કેવળ નામનું જ્ઞાન છે તે સુખ છે અને પરિણામ પણ તે જ છે=કેવળજ્ઞાન જીવનો પરિણામ છે. તેને=કેવળજ્ઞાનને, ખેદ કહ્યો નથી જે કારણથી ઘાતીકર્મો ક્ષય પામ્યાં છે.
'नाणं' - જ્ઞાન, પદાર્થોના અંતને પામેલું છે, દૃષ્ટિ=દર્શન, લોકાલોકમાં વિસ્તૃત છે, સર્વ અનિષ્ટ નાશ પામ્યું છે, વળી જે ઈષ્ટ છે તે સર્વ પ્રાપ્ત થયું છે. (તેથી કેવલજ્ઞાન એકાંત સુખસ્વરૂપ છે.)
'त्ति' પ્રવચનસારના ઉદ્ધરણના કથનની સમાપ્તિ સૂચક છે. **॥૯૧॥**

ભાવાર્થ :- 'यः खलु'થી પૂર્વપક્ષીને એ કહેવું છે કે જ્ઞાનાવરણીયના ઉદયને કારણે સૂક્ષ્માર્થ અનાલોચનાદિથી જન્ય ખેદ ઉત્પન્ન થાય છે તે દુઃખરૂપ છે, અને તે પ્રકારનું દુઃખ ૧૨મા ગુણસ્થાનક સુધી સંભવે છે. અને બીજા પ્રકારનું દુઃખ અતદ્માં તદ્બુદ્ધિને કારણે વિપરીત પરિણામરૂપ છે, જે મોહના ઉદયને કારણે ૧૦મા ગુણસ્થાનક સુધી હોય છે. જો કે સમ્યગ્દૃષ્ટિને વિપરીત બુદ્ધિ નથી તો પણ સમતા નહિ હોવાને કારણે વિપરીત પરિણામ થાય છે, અને તે દસમા ગુણસ્થાનક સુધી યત્કિંચિત્ હોઇ શકે છે. આ બન્ને પ્રકારનું દુઃખ કેવલીને હોતું નથી. કેમ કે જીવનો સ્વભાવ જ્ઞાનસ્વરૂપ છે અને અજ્ઞાનનો નાશ થવાથી જ્ઞાનસ્વભાવનો અપ્રતિઘાત થાય છે, તેથી પ્રથમ પ્રકારનું દુઃખ કેવલીને હોતું નથી. અને મોહનો નાશ થયેલો હોવાથી કેવલીને આકુળતા નથી, તેથી બીજા પ્રકારનું દુઃખ પણ કેવલીને હોતું નથી. માટે કેવલીને પૂર્ણ સુખ છે. તેથી કેવલીને ક્ષુધાદિરૂપ અશાતાનું વેદન નથી, આ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. તેને ગ્રંથકાર કહે છે- કેવલીને જ્ઞાન-દર્શનસ્વભાવનો અપ્રતિઘાત હોવા છતાં પણ અવ્યાબાધ સ્વભાવનો અપ્રતિઘાત નથી. આથી જ સર્વ અનિષ્ટનો નાશ અને સર્વ ઈષ્ટનો લાભ તેઓને સિદ્ધ નથી. અને આથી જ અશાતાના ઉદયજન્ય ક્ષુધાદિ દુઃખ તેઓને હોઇ શકે છે. .

અહીં પૂર્વપક્ષીના કથનમાં કેવલજ્ઞાનને ચિત્રભિત્તિસ્થાનીય કહેલ છે. તેનો ભાવ એ છે કે જેમ ભીંતમાં રહેલું ચિત્ર નવા નવા પરિણામને પામતું નથી પરંતુ સદા એક સ્વરૂપે રહે છે, તેવી જ રીતે કેવલજ્ઞાન સદા એકસ્વરૂપવાળું છે, જ્યારે મતિજ્ઞાનનો ઉપયોગ ભિન્ન ભિન્ન કાળમાં ભિન્ન ભિન્ન પ્રકારના પરિણામવાળો છે; તે બતાવવા અર્થે કેવલજ્ઞાનને ચિત્રભિત્તિસ્થાનીય કહેલ છે.

'एतेनेदं व्याख्यातम्' કહીને પ્રવચનસારના શ્લોકો સાક્ષી તરીકે આપ્યા. તેનો ભાવ એ છે કે કેવલજ્ઞાન મતિજ્ઞાન જેવું અવગ્રહાદિવાળું નથી, પાછું અનંત અર્થથી વિસ્તૃત છે, પરિપૂર્ણ છે, અને કર્મના ક્ષયોપશમની અપેક્ષા રાખતું નથી માટે સ્વંયજાત છે. વળી કેવલજ્ઞાન સુખરૂપ છે અને તે જ જીવના પરિણામરૂપ છે. આ પ્રવચનસારની સર્વ વાત શ્વેતાંબરને પણ અભિમત છે. પરંતુ છેલ્લે કહ્યું કે કેવલજ્ઞાનમાં સર્વ અનિષ્ટ નાશ પામ્યું છે અને સર્વ ઈષ્ટ પ્રાપ્ત થયું છે, તે વાત ગ્રંથકારને સંમત નથી. અને આથી જ પૂર્વમાં કહેલ કે અવ્યાબાધ સ્વભાવનો પ્રતિઘાત નથી, તેથી કેવલીને સર્વ અનિષ્ટનો નાશ અને સર્વ અભિષ્ટનો લાભ અસિદ્ધ છે. **॥૯૧॥**

अवतरणिका :- स्यादेतत्-सुखं तावद्द्विविधमैन्द्रियकमतीन्द्रियं च, दुःखं त्वैन्द्रियकमेव। तत्रातीन्द्रियं सुखं तावदमूर्त्ताभिरात्मपरिणामशक्तिभिरुत्पाद्यमानं ज्ञानमेव निराकुलतया व्यवस्थितं, एन्द्रियक-सुखदुःखे त्विष्टानिष्टविषयोपनिपातान् मूर्ताभिः क्षयोपशमशक्तिभिरुत्पाद्यमानं ज्ञानमपेक्ष्य प्रवर्त्तेते, अत एव भगवतां न ते, तदुक्तं-

[१] सुक्खं वा पुण दुःखं केवलनाणिस्स णत्थि देहगदं।
जम्हा अदिंदियत्तं जादं तम्हा दु तं णेयं ॥ ति । (प्रवचनसार- १/२०)

अत्रोच्यते-

अवतरणिकार्थ :- **'स्यादेतत्'**થી ગ્રંથકાર કહે છે કે પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે- સુખ બે પ્રકારનું છે (૧) ઐન્દ્રિયક સુખ અને (૨) અતીન્દ્રિય સુખ. વળી દુઃખ ઐન્દ્રિયક જ છે. ત્યાં=બે પ્રકારનું સુખ કહ્યું ત્યાં, અતીન્દ્રિય સુખ, અમૂર્ત્ત- આત્મપરિણામશક્તિ વડે ઉત્પન્ન થતું જ્ઞાન જ નિરાકુલપણાથી વ્યવસ્થિત છે. વળી ઐન્દ્રિયક સુખ-દુઃખ, ઈષ્ટ-અનિષ્ટ વિષયના ઉપનિપાતથી (આવી પડવાથી) મૂર્ત્ત એવી ક્ષયોપશમશક્તિ વડે ઉત્પન્ન થતા જ્ઞાનની અપેક્ષા રાખીને પ્રવર્ત્તે છે. આથી કરીને જ=મૂર્ત્ત એવી ક્ષયોપશમશક્તિથી ઉત્પન્ન થતા જ્ઞાનની અપેક્ષા રાખીને જ ઐન્દ્રિયક સુખદુઃખ પ્રવર્તે છે આથી કરીને જ, ભગવાનને તે=ઐન્દ્રિયક સુખ-દુઃખ, નથી.

'तदुक्तं'થી પ્રવચનસારની સાક્ષી આપે છે.

'सुक्खं' - કેવળજ્ઞાનીને દેહગત=શરીરસંબંધી, સુખ કે દુઃખ નથી. જે કારણથી અતીન્દ્રિયપણું ઉત્પન્ન થયું છે તે કારણથી વળી તે જાણવું.

'त्ति' પ્રવચનસારની સાક્ષીના ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

❀ અહીં પ્રવચનસારની ગાથા સાક્ષીરૂપે કહી તેમાં કહ્યું કે, જે કારણથી અતીન્દ્રિયપણું ઉત્પન્ન થયું છે તે કારણથી

---

१. सौख्यं वा पुनर्दुःखं केवलज्ञानिनो नास्ति देहगतम्। यस्मादतीन्द्रियत्वं जातं तस्मात्तु तज्ज्ञेयम्॥

વળી તે જાણવું. તેનો ભાવ એ છે કે અતીન્દ્રિયપણું=પાંચે ઇંદ્રિયોના વિષયનું વ્યાપારરહિતપણું થયું, તે કારણથી =અતીન્દ્રિયપણું થયું હોવાથી, તે જ્ઞાન અને સુખ '**तद्**'=અતીન્દ્રિય જાણવું.

'**अत्रोच्यते**' - '**स्यादेतत्**' થી '**त्ति**' સુધી પૂર્વપક્ષીએ જે કથન કર્યું, એ કથનના ઉત્તરરૂપે અહીંયાં=ગાથામાં કહેવાય છે -

ગાથા :-

ण य सुक्खं दुक्खं वा देहगयं इंदिउब्भवं सव्वं ।
अन्नाणमोहकज्जे पमाणसिद्धे हु संकोए ॥९२॥

(न च सुखं दुःखं वा देहगतमिन्द्रियोद्भवं सर्वं । अज्ञानमोहकार्ये प्रमाणसिद्धे खलु सङ्कोचे ॥९२॥)

ગાથાર્થ :- અજ્ઞાન અને મોહના કાર્યમાં પ્રમાણસિદ્ધ સંકોચ થયે છતે દેહગત સર્વ સુખ-દુઃખ ઇન્દ્રિયઉદ્ભવ =ઇન્દ્રિયથી ઉત્પન્ન થયેલું નથી.

ભાવાર્થ :- અજ્ઞાન અને મોહજન્ય અરતિનું દુઃખ અને અજ્ઞાન અને મોહજન્ય રતિનું સુખ, શાતા-અશાતાના સુખ કરતાં જુદું છે, એ પ્રમાણે પ્રમાણસિદ્ધ છે. તેથી સંસારવર્તી જીવોના સુખ-દુઃખમાં અજ્ઞાન અને મોહના કાર્યરૂપ સુખ-દુઃખનો સંકોચ કરીને, જ્યારે શાતા-અશાતાના સુખને જુદું ગ્રહણ કરવામાં આવે ત્યારે, તે સુખ-દુઃખ શરીરને કારણે થતું હોવા છતાં, સર્વ ઇંદ્રિયઉદ્ભવ નથી=સર્વ સુખદુઃખ ઇંદ્રિયસંબંધી મતિજ્ઞાનની અપેક્ષાએ થતાં નથી, પરંતુ છદ્મસ્થને તે મતિજ્ઞાનથી થાય છે; અને કેવલીને તે સુખ-દુઃખનું વેદન કેવલજ્ઞાનથી થાય છે.

ટીકા :- भगवतां हि भावेन्द्रियाभावे रतिरूपं सुखमज्ञानारतिजन्यं च दुःखं मा भूत्, शरीरेण सहानिष्टविषय-संपर्कजन्यस्य औदर्यज्वलनोपतापजन्यस्य च दुःखस्य को विरोधः? परोक्षज्ञानहेत्विन्द्रियमैत्रीप्रवृत्ति-हेतुकतृष्णाव्याधिसात्म्यस्थानीय एव रम्यविषयसंसर्ग इति तज्जन्यसुखाऽसंभवेऽपि तत्संभवात्, न हि दुःखकारणानि द्वेषद्वारैव दुःखं जनयन्ति, अपि त्वाहत्येति।

ટીકાર્થ :- '**भगवतां**' - ભગવાનમાં ભાવેન્દ્રિયના અભાવમાં રતિરૂપ સુખ અને અજ્ઞાન-અરતિજન્ય દુઃખ ન હોય, (પરંતુ) શરીરની સાથે અનિષ્ટવિષયસંપર્કજન્ય અને ઔદર્યજ્વલનઉપતાપજન્ય એવા દુઃખનો શું વિરોધ છે? અર્થાત્ વિરોધ નથી. તેમાં હેતુ કહે છે- પરોક્ષજ્ઞાનના હેતુભૂત ઇંદ્રિયોની સાથે મૈત્રીપ્રવૃત્તિહેતુક તૃષ્ણાવ્યાધિના સાત્મ્યસ્થાનીય જ રમ્યવિષયનો સંસર્ગ છે. એથી કરીને (કેવલીને) તજ્જન્ય=રમ્યવિષયજન્ય, સુખનો અસંભવ હોવા છતાં પણ તત્સંભવ=અનિષ્ટવિષયના સંપર્કજન્ય કે ઔદર્યજ્વલનના ઉપતાપજન્ય દુઃખનો સંભવ, છે.

તેની જ પુષ્ટિ કરતાં કહે છે- દુઃખનાં કારણો દ્વેષ દ્વારા જ દુઃખને પેદા નથી કરતાં, પરંતુ આહત્ય=એકદમ જ=વિલંબ પાડ્યા વિના, દુઃખ પેદા કરે છે. (એથી કરીને તત્સંભવ છે એ પ્રમાણે અન્વય જાણવો.)

❀ '**न हि**' - '**हि**' એવકારાર્થક છે. '**आहत्येति**'- '**इति**' હેતુ અર્થક છે.

ભાવાર્થ :- અહીં ભાવેન્દ્રિય એ મતિજ્ઞાનના ક્ષયોપશમરૂપ છે, અને કેવલજ્ઞાન થાય ત્યારે મતિજ્ઞાનનો અભાવ હોવાથી ભાવેન્દ્રિયનો અભાવ થાય છે; અને જ્યારે ભાવેન્દ્રિયનો અભાવ થાય ત્યારે મોહનો પણ અવશ્ય નાશ થાય છે. તેથી ભગવાનને કેવલજ્ઞાન થયા પછી મોહજન્ય રતિરૂપ સુખ હોતું નથી અને અજ્ઞાનજન્ય દુઃખ જે ૧૨મા ગુણસ્થાનક સુધી હોય છે તે પણ હોતું નથી, તથા અરતિમોહનીયજન્ય દુઃખ જે છઠ્ઠા ગુણસ્થાનક સુધી હોય છે તે પણ ભગવાનને હોતું નથી. પરંતુ શરીરની સાથે જ્યારે અનિષ્ટ વિષયનો સંસર્ગ થાય છે ત્યારે તજ્જન્ય દુઃખ કે જઠરાગ્નિના ઉપપાતજન્ય દુઃખ સ્વીકારવામાં કોઈ વાંધો નથી. કેમ કે પરોક્ષજ્ઞાનના કારણભૂત એવી દ્રવ્યેન્દ્રિયની સાથે જીવને અનાદિકાળની મૈત્રી પ્રવર્તે છે, તેથી તેને અનુકૂળ પદાર્થો પ્રત્યે જીવને તૃષ્ણા વર્તે છે, જે જીવના ભાવરોગ સ્વરૂપ છે. અને તેને કાંઈક શમન કરવાના સ્થાનીય રમ્ય વિષયોનો સંસર્ગ છે, અને તે રમ્ય વિષયોના સંસર્ગથી જીવને જે રતિરૂપ સુખ થાય છે તેવું સુખ ભગવાનને સંભવતું નથી. તો પણ શરીરની સાથે ઉપઘાતક વિષયના સંપર્કજન્ય અથવા ઉદરવર્તી અગ્નિના ઉપતાપજન્ય દુઃખ સંભવી શકે છે. કેમ કે દુઃખનાં કારણો દ્વેષ દ્વારા જ દુઃખ પેદા કરતાં નથી, પરંતુ દુઃખનાં કારણોના સંપર્કમાત્રથી પણ જીવને દુઃખ પેદા થાય છે. અને સંસારી જીવોને મોહ હોવાથી દુઃખનાં કારણો પ્રાપ્ત થાય ત્યારે દ્વેષ પેદા થવાથી અરતિરૂપ દુઃખ ને અશાતાનું દુઃખ પેદા થાય છે. જ્યારે વીતરાગને દુઃખનાં કારણોથી દ્વેષ પેદા થયા વગર જ સંપર્કમાત્રથી અશાતાનું દુઃખ થાય છે.

ઉત્થાન :- પૂર્વમાં સિદ્ધ કર્યું કે કેવલીના શરીરની સાથે અનિષ્ટવિષયના સંપર્કજન્ય કે ઔદર્યજ્વલનના ઉપતાપજન્ય દુઃખનો વિરોધ નથી, ત્યાં પૂર્વપક્ષી ભગવાનને અનિષ્ટવિષયના સંપર્કજન્ય કે ઔદર્યજ્વલનના ઉપતાપજન્ય દુઃખનો વિરોધ બતાવતાં કહે છે-

ટીકા :- 'औदयिकसुखदुःखयोररतिरतितिरोभावेनैव प्रवृत्तिरिति चेत्? हन्त तर्हि रत्यरतिभ्यां तयोरनतिरेके तज्जनककर्मणापि मोहेनैव भूयतां कृतमधिकेन, तथा च वृश्चिकभिया पलायमानस्याशीविषमुखे प्रवेशो न च रतिनाशेनैव दुःखमिति नियमोऽपि, दुःखितदुःखे तथाऽदर्शनात्।

ટીકાર્થ :- 'औदयिक' ઔદયિક સુખ-દુઃખની અરતિ-રતિના તિરોભાવથી જ પ્રવૃત્તિ છે, આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકાર કહે છે કે ખેદની વાત છે કે તો પછી રતિ-અરતિથી તેનો=ઔદયિક સુખદુઃખનો, અનતિરેક હોતે છતે તજ્જનક કર્મ પણ=સુખ-દુઃખજનક કર્મ પણ, મોહ જ હો, અધિકથી=મોહ કરતાં અધિક એવા વેદનીયથી, સર્યું. અને તે રીતે=ઔદયિક સુખ-દુઃખજનક કર્મનો મોહથી અભિન્ન સ્વીકાર કર્યો તે રીતે, વૃશ્ચિકના ભયથી ભાગતાનો આશીવિષના=સર્પના, મુખમાં પ્રવેશ થશે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે પૂર્વપક્ષીને એ કહેવું છે કે, ઔદયિક સુખ અરતિના તિરોભાવથી જ થાય છે અને ઔદયિક દુઃખ રતિના તિરોભાવથી જ થાય છે, અને કેવલીને રતિ કે અરતિ હોઈ શકે નહિ, તેથી અનિષ્ટ વિષયના સંપર્કજન્ય કે ઔદર્યજ્વલનના ઉપતાપજન્ય દુઃખ સંભવી શકે નહિ; તેને ગ્રંથકાર કહે છે કે, જો આવો નિયમ પૂર્વપક્ષી કરે તો એ પ્રાપ્ત થાય કે, અરતિના તિરોધાનથી જે સુખ થાય છે અને રતિના તિરોધાનથી જે દુઃખ

થાય છે તે રતિ-અરતિરૂપ છે, તેથી રતિ-અરતિ અને સુખ-દુઃખનો ભેદ રહે નહિ. માટે સુખ-દુઃખજનક કર્મ પણ મોહને જ સ્વીકારવું પડે. તેથી શાતા-અશાતાવેદનીયકર્મને માનવાની જરૂર રહે નહિ. અને એ રીતે પૂર્વપક્ષી માને તો વીંછીના ભયથી ભાગતાને સાપના મુખમાં પ્રવેશ કરાવવા જેવું ફળ પ્રાપ્ત થાય=ભગવાનમાં અશાતાજન્ય દુઃખના અસ્વીકારને સ્થાપન કરવા જતાં વેદનીયકર્મના અપલાપરૂપ મોટો દોષ પ્રાપ્ત થયો.

ઉત્થાન :- રતિના તિરોભાવથી જ અશાતાનું દુઃખ થાય છે તેથી કેવલીને ક્ષુધારૂપ દુઃખ નથી એમ જે દિગંબર કહે છે, તેને વેદનીયકર્મના અપલાપનો દોષ પૂર્વમાં બતાવ્યો. હવે બીજો પણ દોષ બતાવે છે.

ટીકાર્થ :- 'न च' અને રતિનાશથી જ દુઃખ છે એ પ્રકારનો નિયમ પણ નથી, કેમ કે દુઃખિતના દુઃખમાં તે પ્રકારનું અદર્શન છે.

ભાવાર્થ :- અને રતિના નાશથી જ અશાતાનું દુઃખ છે એવો નિયમ પણ નથી, કેમ કે કોઈ વ્યક્તિને પૂર્વમાં દુઃખ વર્તતું હોય ત્યારે રતિ નથી, ને પાછળથી નવું દુઃખ આવે ત્યારે રતિના નાશથી દુઃખ થયું છે તેમ કહી શકાય નહીં.

ઉત્થાન :- પ્રસ્તુત શ્લોકની અવતરણિકામાં બતાવેલ કે કેવલીને અતીન્દ્રિય સુખ હોય છે, અને તેની સાથે ઐન્દ્રિયક સુખ-દુઃખનો વિરોધ છે, માટે કેવલીને ઐન્દ્રિયક સુખ-દુઃખ હોઈ શકે નહિ; એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. અને તેના જવાબરૂપે પ્રસ્તુત શ્લોકમાં સિદ્ધ કર્યું કે, કેવલીને અનિષ્ટવિષયસંપર્કજન્ય કે ઔદર્યજ્વલનના ઉપતાપજન્ય દુઃખની સાથે વિરોધ નથી. હવે **'तस्मात्'**થી તેનું નિગમન કરતાં કહે છે -

ટીકા :- तस्मात् स्वतन्त्रयोः सुखदुःखयोरेव न तन्नाशकत्वमपि तु तज्जन्यरत्यरत्योरेवेति युक्तमुत्पश्यामः। अपि च सातासातयोरौदयिकयोः केवलिनामनभ्युपगमे तीर्थकरनामकर्मापि विफलं प्रसज्येत।

ટીકાર્થ :- 'तस्मात्' - તે કારણથી=પૂર્વમાં સિદ્ધ કર્યું કે ભગવાનને અનિષ્ટ વિષયના સંપર્કજન્ય અને ઔદર્યજ્વલનના ઉપતાપજન્ય દુઃખનો વિરોધ નથી તે કારણથી, સ્વતંત્ર એવા સુખ-દુઃખનું જ તન્નાશકપણું=આત્મિક સુખનું નાશકપણું નથી, પરંતુ તજ્જન્ય=સ્વતંત્ર એવા સુખ-દુઃખથી જન્ય, રતિ - અરતિનું જ તન્નાશકપણું=આત્મિક સુખનું નાશકપણું છે, એ પ્રમાણે અમે યુક્ત જોઈએ છીએ. અને વળી ઔદયિક એવા શાતા-અશાતાનો કેવલીને અસ્વીકાર કરાયે છતે તીર્થંકરનામકર્મ પણ વિફલ થવાનો પ્રસંગ આવશે.

ભાવાર્થ :- પૂર્વમાં સિદ્ધ કર્યું કે શાતા-અશાતાજન્ય સુખ-દુઃખ રતિના તિરોભાવથી કે અરતિના તિરોભાવથી થતાં નથી તે કારણથી મોહજન્ય સુખ-દુઃખ કરતાં સ્વતંત્ર છે, કેમ કે મોહનીયકર્મ અને વેદનીયકર્મ જુદાં છે. તેથી સ્વતંત્ર એવાં સુખ-દુઃખ કેવલીને ઉત્પન્ન થયેલા આત્મિક સુખનાં નાશક નથી. તેથી કેવલીને કેવલજ્ઞાનથી જન્ય આત્મિક સુખ છે, તેમ શાતા-અશાતાજન્ય સુખ-દુઃખ પણ હોઈ શકે છે. ત્યાં પ્રશ્ન થાય કે આત્મિક સુખના નાશક કોણ છે? તેથી કહે છે - શાતા-અશાતારૂપ સુખદુઃખજન્ય રતિ-અરતિનું જ આત્મિક સુખનું નાશકપણું છે;

અને આથી જ સંસારી જીવોને આત્મિક સુખ નથી, કેમ કે સંસારી જીવોને શાતાથી જન્ય રતિનો અનુભવ અને અશાતાજન્ય અરતિનો અનુભવ હોય છે, તેથી આત્મિક સુખનો અનુભવ નથી. જ્યારે કેવલીને શાતાજન્ય સુખનો અનુભવ હોય કે અશાતાજન્ય દુઃખનો અનુભવ હોય તો પણ, તજ્જન્ય રતિ-અરતિ નહિ હોવાને કારણે, આત્મિક સુખનો અનુભવ હોય છે, એ પ્રમાણે અમે યુક્ત જોઈએ છીએ. અને તેની જ પુષ્ટિ કરતાં કહે છે, ઔદયિક એવા શાતા-અશાતાનો ઉદય જો કેવલીમાં સ્વીકારવામાં ન આવે તો, દિગંબરને તીર્થંકરનામકર્મ પણ વિફલ સ્વીકારવાની આપત્તિ આવશે. કેમ કે કેવલીમાં અઘાતી એવું વેદનીયકર્મ ફળ આપતું નથી તેમ અઘાતી એવું તીર્થંકરનામકર્મ પણ ફળ આપી શકે નહીં.

टीका :- अथ जीवविपाकितया तज्जीवगतमेव सुखं जनयति न तु देहगतमिति चेत्? न, चेतनधर्मत्वेन तस्य देहगतत्वाऽसिद्धेः। 'देहानपेक्षत्वमेव तदर्थ इति चेत्? न तस्यापि भगवद्देहापेक्षत्वात्, 'इन्द्रियविषय-संयोगानपेक्षत्वं तदर्थ' इति चेत्? तदनपेक्षस्य तं विनोत्पत्तिं कः प्रतिषेधति? न चौदयिकत्वमैन्द्रिय-कत्वव्याप्तमस्ति॥९२॥

टीकार्थ :- '**अथ**'થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, જીવવિપાકી હોવાથી **तत्**=તીર્થંકરનામકર્મ, જીવગત જ સુખને પેદા કરે છે, પરંતુ દેહગત (સુખને) નહિ. તેને ગ્રંથકાર કહે છે કે, તારી વાત બરાબર નથી. તેમાં હેતુ કહે છે- ચેતનધર્મપણાથી તેના=સુખના, દેહગતત્વની અસિદ્ધિ છે.

દેહઅનપેક્ષત્વ જ તદર્થ છે='**न तु देहगतत्व**' નો અર્થ છે, એમ પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. તેમાં હેતુ કહે છે - તેનું=તીર્થંકરનામકર્મનું, પણ ભગવદ્દેહઅપેક્ષપણું છે.

ઇંદ્રિયવિષયસંયોગ અનપેક્ષત્વ તદર્થ છે='**न तु देहगतत्व**' નો અર્થ છે, એમ પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર કહે છે કે તદ્ અનપેક્ષની=ઇંદ્રિયવિષયસંયોગઅનપેક્ષ એવા જિનનામકર્મની, તેના વિના=ઇંદ્રિયવિષયસંયોગ વિના, ઉત્પત્તિનો કોણ નિષેધ કરે છે? અર્થાત્ અમે પણ તેનો નિષેધ કરતા નથી, અને ઔદયિકપણું ઐન્દ્રિયકત્વનું=ઇંદ્રિય સંબંધી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનું, વ્યાપ્ત નથી. અર્થાત્ ઔદયિકત્વ હોય ત્યાં ઐન્દ્રિયકત્વ હોય એવી વ્યાપ્તિ નથી=મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની અપેક્ષા રાખીને ઔદયિક સુખદુઃખ થાય એવી વ્યાપ્તિ નથી.॥૯૨॥

भावार्थ :- પૂર્વમાં કહ્યું કે કેવલીને ઔદયિક એવા શાતા-અશાતાનો સ્વીકાર ન કરો તો તીર્થંકરનામકર્મ પણ વિફલ થશે. તેથી પૂર્વપક્ષી '**अथ**'થી કહે છે કે, તીર્થંકરનામકર્મ જીવવિપાકી હોવાને કારણે જીવગત જ સુખને પેદા કરે છે, દેહગત નહિ. તેને ગ્રંથકાર કહે છે કે, સુખ એ ચેતનનો ધર્મ છે, તેથી બધું સુખ જીવગત જ પેદા થાય છે, પરંતુ કોઈપણ સુખ દેહગત પેદા થતું નથી. માટે માત્ર તીર્થંકરનામકર્મજન્ય સુખ દેહગત નથી એમ કહી શકાય નહિ. કેમ કે સુખમાં દેહગતત્વની સિદ્ધિ હોય તો તેની વ્યાવૃત્તિ અર્થે એમ કહી શકાય કે બીજું સુખ દેહગત થાય છે, પરંતુ તીર્થંકરનામકર્મજન્ય સુખ દેહગત થતું નથી; પરંતુ સુખમાત્ર જ્યારે જીવગત થતું હોય ત્યારે, તીર્થંકરનામકર્મજન્ય સુખ જીવગત છે દેહગત નથી એમ કહી શકાય નહિ. એની સામે પૂર્વપક્ષી કહે કે બધું સુખ જીવગત હોવા છતાં શાતા-અશાતાનું સુખ દેહની અપેક્ષાએ થાય છે, જ્યારે તીર્થંકરનામકર્મજન્ય સુખ દેહની

અનપેક્ષાએ થાય છે, તેથી અમે તીર્થંકરનામકર્મજન્ય સુખને દેહગત નથી એમ કહ્યું, એનો અર્થ દેહઅનપેક્ષત્વ છે માટે કોઈ દોષ નથી. તો ગ્રંથકાર કહે છે કે તે બરાબર નથી. કેમ કે તીર્થંકરનામકર્મજન્ય સુખને પણ ભગવાનના દેહની અપેક્ષા છે. કેમ કે પુણ્યપ્રકૃતિરૂપ તીર્થંકરનામકર્મનું કાર્ય તીર્થની રચના કરે છે, જે ભગવાનના દેહની અપેક્ષા રાખે છે. તેથી શાતા-અશાતાજન્ય સુખની જેમ તીર્થંકરનામકર્મજન્ય સુખ દેહની અપેક્ષા રાખે છે. માટે દેહઅનપેક્ષત્વ એ પ્રમાણે તીર્થંકરનામકર્મજન્ય સુખને કહી શકાય નહિ.

અહીં પૂર્વપક્ષી '**न तु देहगतम्**' નો અર્થ બીજી રીતે કરતાં કહે છે કે '**इन्द्रियविषयसंयोगानपेक्षत्वं**' એ '**न तु देहगतं**' નો અર્થ છે. શાતા-અશાતાનું સુખ ઇંદ્રિયવિષયના સંયોગની અપેક્ષાએ થાય છે, જ્યારે તીર્થંકરનામકર્મજન્ય સુખ ઇંદ્રિયવિષયના સંયોગની અપેક્ષા રાખતું નથી. તેને ગ્રંથકાર કહે છે કે, ઇંદ્રિયવિષયસંયોગ અનપેક્ષ એવા તીર્થંકરનામકર્મજન્ય સુખને ઇંદ્રિયવિષયના સંયોગ વગર ઉત્પત્તિનો અમે નિષેધ કરતા નથી; પરંતુ જેમ અઘાતી એવા તીર્થંકરનામકર્મજન્ય સુખ કેવલીને છે, તેમ અઘાતી એવા શાતા-અશાતાજન્ય સુખ-દુઃખ કેવલીને છે તેમ કહીએ છીએ, અને કેવલીને શાતા-અશાતા નથી એમ જો તમે સ્વીકારશો, તો તીર્થંકરનામકર્મ વિફલ છે એમ માનવું પડશે. અહીં પૂર્વપક્ષી કહે કે ઔદયિક સુખ ઇન્દ્રિયથી થતા મતિજ્ઞાનની સાથે વ્યાપ્તિવાળું છે માટે કેવલીને શાતા-અશાતાનું સુખ થઇ શકે નહીં, તેથી ગ્રંથકાર કહે છે ઔદયિક સુખ ઇંદ્રિયોથી થતા મતિજ્ઞાનની સાથે વ્યાપ્તિવાળું નથી, તેથી ઔદયિક એવા શાતા-અશાતાજન્ય સુખનું વેદન પણ કેવલીને કેવલજ્ઞાનથી થઇ શકે છે. આ પ્રકારનો ગ્રંથકારનો આશય છે.

અહીં તીર્થંકરનામકર્મજન્ય સુખ એટલા માટે કહેલ છે કે, તીર્થંકરનામકર્મ અને વેદનીયકર્મ જીવવિપાકી છે અને જેમ શાતાવેદનીયનો ઉદય જીવને સુખ પેદા કરે છે, તેમ તીર્થંકરનામકર્મ પણ એક પ્રકારની પુણ્યપ્રકૃતિ છે, તેથી તેનું વેદન સુખરૂપે જ થાય છે, દુઃખરૂપે થતું નથી. **॥૯૨॥**

अवतरणिका :- एवं चाज्ञानारतिजन्यदुःखाभावादसातवेदनी योदयजन्यमेव भगवंतां दुःखमवशिष्यत इति तदल्पत्वप्रवादः संगच्छत इत्यनुशास्ति-

अवतरणिकार्थ :- અને એ પ્રમાણે=ગાથા ૯૧/૯૨ માં સિદ્ધ કર્યું એ પ્રમાણે, અજ્ઞાન અને અરતિજન્ય દુઃખનો અભાવ હોવાને કારણે અશાતાવેદનીયના ઉદયજન્ય જ દુઃખ ભગવાનને અવશેષ રહે છે; એથી કરીને તદલ્પત્વપ્રવાદ=દુઃખના અલ્પત્વનો પ્રવાદ, સંગત થાય છે. એ પ્રમાણે ગ્રંથકાર ગાથા - ૯૩માં કહે છે-

ગાથા :-

एत्तोच्चिय बहुदुक्खक्खएण तेसिं छुहाइवेअणियं ।
णिंबरसलवु व्व पए अप्पंति भणंति समयविऊ ॥९३॥

(अत एव बहुदुःखक्षयेण तेषां क्षुधादिवेदनीयम् । निम्बरसलव इव पयसि अल्पमिति भणन्ति समयविदः ॥९३॥)

ગાથાર્થ :- એથી કરીને=ગાથા ૯૨માં સિદ્ધ કર્યું કે અજ્ઞાન અને મોહના કાર્યમાં પ્રમાણસિદ્ધ સંકોચ થયે છતે, દેહગત સર્વ સુખ-દુઃખ ઇંદ્રિયથી ઉત્પન્ન થયેલું નથી, એથી કરીને, બહુ દુઃખના ક્ષયથી તેઓનું=કેવલીઓનું, ક્ષુધાદિવેદનીય (જન્ય દુઃખ) પયસ્માં=દૂધમાં, લીમડાના રસના લવ=બિંદુ, જેવું અલ્પ હોય છે. એ પ્રમાણે સમયવિદો=શાસ્ત્રજ્ઞો કહે છે.

ભાવાર્થ :- અહીં બહુ દુઃખના ક્ષયથી અજ્ઞાન અને અરતિજન્ય દુઃખનો ક્ષય ગ્રહણ કરવાનો છે. ક્ષુધાદિવેદનીય કહ્યું ત્યાં 'આદિ'થી અનિષ્ટવિષયસંપર્કજન્ય દુઃખ ગ્રહણ કરવાનું છે. તેથી એ પ્રાપ્ત થાય કે કેવલીઓને આત્મિક સુખ ઘણું હોય છે, તેમાં અશાતાવેદનીયજન્ય દુઃખ દૂધમાં લીંબડાના રસના બિંદુ જેટલું અલ્પ પ્રાપ્ત થાય છે. જો કે ઉપસર્ગાદિકાળમાં બાહ્ય રીતે ઘણું દુઃખ દેખાય છે, તો પણ અજ્ઞાન-અરતિજન્ય દુઃખનો ક્ષય થયો હોવાના કારણે શાસ્ત્રકારે તેને અલ્પરૂપે જ કહેલ છે.

ટીકા :- इत्थं च नासुखदा इत्यत्र नञ् ईषदर्थे 'अलवणा यवागूः' इत्यत्रेव द्रष्टव्यः। अथ क्षुद्वेदनापि महतीति प्रसिद्धं, सुखमपि च तेषां महदिति कथमुभयमुपपद्यते? इति चेत्? 'तटाको महान्, समुद्रश्च महान्' इतिवद्विवक्षाभेदादिति गृहाण, अन्यथा भावितात्मनामपि विशिष्टसुखानुपपत्तेरिति दिग्॥९३॥

ટીકાર્થ :- 'इत्थं च' - અને આ પ્રમાણે=ગાથા/૯૩ માં કહ્યું કે બહુ દુઃખના ક્ષયથી કેવલીઓનું ક્ષુધાદિવેદનીયજન્ય દુઃખ દૂધમાં લીમડાના રસના લવ જેવું અલ્પ છે એ પ્રમાણે, 'અસુખદા' એ પ્રયોગમાં (આવશ્યકનિર્યુક્તિ ગાથા/૫૭૩માં જે કહ્યું કે, તેઓને અશુભ પ્રકૃતિઓ અસુખદા હોતી નથી એમાં) નઞ્ પ્રયોગ **'अलवणा यवागूः'**=મીઠા વગરની રાબની જેમ અલ્પ અર્થમાં જાણવો. અર્થાત્ રાબમાં અલ્પ મીઠું હોય તો કહેવાય છે કે આમાં તો મીઠું જ નથી, એ પ્રમાણે અહીં=અસુખદા પ્રયોગમાં, **'नञ्'** પ્રયોગ અલ્પ અર્થમાં જાણવો.

'अथ'- **'अथ'**થી પૂર્વપક્ષી કહે કે, ક્ષુધાવેદના પણ મોટી છે એ પ્રમાણે પ્રસિદ્ધ છે. અર્થાત્ કહેવાય છે કે "ક્ષુધા સમાન વેદના નથી" એ પ્રમાણે પ્રસિદ્ધ છે. અને સુખ પણ તેઓને=કેવલીઓને, મોટું છે, એ પ્રમાણે ઉભય કેવી રીતે ઘટી શકશે? તેને ગ્રંથકાર કહે છે- તળાવ મહાન છે અને સમુદ્ર મહાન છે, એ પ્રકારે વિવક્ષાનો ભેદ હોવાથી, એ પ્રકારે=ક્ષુધા પણ મોટી છે અને સુખપણ મહાન છે એ પ્રકારે, ગ્રહણ કર.

'अन्यथा'=અન્યથા તળાવ મહાન અને સમુદ્ર મહાન એ પ્રકારે વિવક્ષાના ભેદથી ન સ્વીકારો તો ભાવિત આત્માને પણ વિશિષ્ટ સુખની અનુપપત્તિ થશે, એ પ્રમાણે દિશાસૂચન છે. ॥૯૩॥

ભાવાર્થ :- આવશ્યકનિર્યુક્તિ ગાથા/૫૭૩માં કેવલીને અશાતાવેદનીય **'न असुखदा'** કહી છે, તે અલ્પ દુઃખની અવિવક્ષા કરીને કહેલ છે; અને વ્યવહારમાં ક્ષુધાને મોટી વેદના સ્વીકારવામાં આવેલ છે, કેમ કે અત્યંત ક્ષુધાતુર જીવ ક્ષુધાથી પીડિત હોવાને કારણે બધાં અકાર્યો કરે છે એમ કહેવાય છે. તો પણ કેવલીને આત્મિક સુખ ઘણું હોવાથી તેની આગળ તે દુઃખ અલ્પ છે. તેથી જેમ મોટું પણ તળાવ સમુદ્ર આગળ નાનું છે, તેમ ઘણાં આત્મિક સુખ આગળ ક્ષુધાદિની વેદના કે ઉપસર્ગની વેદના પણ કેવલીને અલ્પ છે. અને આથી જ ભાવિતાત્મા અણગારોને ઉપસર્ગાદિ કાળમાં પણ સર્વાર્થસિદ્ધ કરતાં પણ વિશિષ્ટ સુખ અંતરંગ રીતે હોઈ શકે છે, એ વચન સંગત થઈ શકે.॥૯૩॥

અવતરણિકા :- न चैतादृशमल्पमपि दुःखं भगवतां कवलाहारानौपयिकमित्यनुशास्ति-

અવતરણિકાર્થ :- આવા પ્રકારનું અલ્પ પણ દુઃખ ભગવાનને કવલાહાર માટે અનૌપયિક=ઉપાયભૂત નથી, એમ ન કહેવું, એ પ્રમાણે **ગાથા - ૯૪**માં ગ્રંથકાર કહે છે-

ગાથા :- **ण य तं कवलाजोग्गं वेअणिअं अगणिमंदयाभावा ।**
ण य दड्ढरज्जुकप्पं वेअणिअं हंदि सुअसिद्धं ॥९४॥

(न च तत्कवलायोग्यं वेदनीयं अग्निमन्दताऽभावात् । न च दग्धरज्जुकल्पं वेदनीयं हन्दि श्रुतसिद्धम् ॥९४॥)

ગાથાર્થ :- તે વેદનીયકર્મ=ક્ષુધાવેદનીયકર્મ, કવલ માટે અયોગ્ય નથી, કેમ કે અગ્નિની મંદતાનો અભાવ છે અને દગ્ધરજ્જુ સમાન વેદનીય શ્રુતસિદ્ધ=આગમમાં પ્રસિદ્ધ, નથી.

ટીકા :- न खल्वल्पदुःखदं वेदनीयमिति प्रक्षेपाहाराऽसमर्थम् तत्, तदल्पताया आर्त्तध्यानादि-प्रतिपन्थित्वेऽपि तदप्रतिपन्थित्वात्, न खल्वेषौदर्यज्वलनज्वालां विरुणद्धीति क्वचन सिद्धमस्ति।

ટીકાર્થ :- 'न खलु' - ખરેખર અલ્પ દુઃખને આપનાર વેદનીય છે, એથી કરીને પ્રક્ષેપઆહારને=કવલાહારને, અસમર્થ તે છે એમ ન કહેવું. તેમાં હેતુ કહે છે- તેની=વેદનીયની, અલ્પતાનું આર્ત્તધ્યાનાદિનું પ્રતિપંથીપણું હોતે છતે પણ, તદ્= પ્રક્ષેપઆહારનું અપ્રતિપંથીપણું છે. અને ખરેખર આ=દુઃખની અલ્પતા, ઉદરમાં પેદા થયેલી અગ્નિની જ્વાલાને વિરોધી છે, એ પ્રમાણે ક્યાંય પણ શાસ્ત્રમાં સિદ્ધ નથી.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે ગાથા /૯૩માં સિદ્ધ કર્યું કે, કેવલીને અલ્પ દુઃખ આપનારું વેદનીયકર્મ છે, તેથી પૂર્વપક્ષીને એ કહેવું છે કે, તે અલ્પ દુઃખ આપનાર હોવાથી કવલાહારની આવશ્યકતા કેવલીને નહિ રહે. તેના નિરાકરણરૂપે સિદ્ધાંતકાર કહે છે કે કેવલીને દુઃખની અલ્પતા અજ્ઞાન અને અરતિજન્ય દુઃખના અભાવને કારણે છે, ક્ષુધાજનક અશાતાની અલ્પતાને કારણે નથી. તેથી અજ્ઞાન અને અરતિજન્ય દુઃખના અભાવથી થયેલી દુઃખની અલ્પતાને કારણે આર્ત્તધ્યાનાદિ થઈ શકે નહિ, કેમ કે અજ્ઞાન અને અરતિજંન્ય દુઃખ વર્તતું હોય તો જ આર્ત્તધ્યાન થઈ શકે; તેથી કેવલીને ક્ષુધાજનક અશાતાવેદનીયના ઉદયને કારણે આર્ત્તધ્યાનાદિનો સંભવ નથી, તો પણ કવલાહારની આવશ્યકતા રહે જ છે. અને આ દુઃખની અલ્પતાને ઉદરમાં પેદા થયેલ પ્રબળ જઠરાગ્નિ સાથે વિરોધ છે એવી વાત ક્યાંય પણ શાસ્ત્રમાં સિદ્ધ નથી. વળી કેવલીને દુઃખની અલ્પતા મોહ અને અજ્ઞાનના અભાવકૃત છે, પરંતુ અશાતાવેદનીયની અલ્પતાકૃત અલ્પતા નથી.

ટીકા :- अथ भगवतां वेदनीयं दग्धरज्जुस्थानिकमित्यनादिप्रवादप्रसिद्धमस्ति, न च तादृशमपि जठराग्नि-प्रज्वालनायालमिति कथं कवलाहारयोग्यं? इति चेत्? न, तद्दग्धरज्जुस्थानिकत्वप्रवादस्याऽप्रामाणिक-त्वात्, तदुक्तं सूत्रकृताङ्गवृत्तौ-यदपि दग्धरज्जुस्थानिकत्वमुच्यते वेदनीयस्य तदप्यनागमिकमयौक्तिकं च । आगमे ह्यत्यन्तोदयः सातस्य केवलिन्यभिधीयते। युक्तिरपि घातिकर्मक्षयाद् ज्ञानादयस्तस्याभूवन्, वेदनीयोद्भवायाः क्षुधः किमायातं येनासौ न भवति! न तयोच्छायाऽऽतपयोरिव सहानवस्थानलक्षणो विरोधो, नापि भावाभावयोरिव परस्परपरिहारलक्षणः कश्चिद्विरोधोऽस्तीति, सातासातयोश्चान्तर्मुहूर्त्तपरिवर्त्तमानतया यथा सातोदय

एवमसातोदयोऽपीत्यनन्तवीर्यत्वे सत्यपि शरीरबलापचयः क्षुद्वेदनीयोद्भवा पीडा च भवत्येव, न चाहारग्रहणे किञ्चित्क्षूयते केवलमाहोपुरुषिकामात्रमेवेति।

टीकार्थ :- '**अथ**'थी પૂર્વપક્ષી એ પ્રમાણે કહે કે ભગવાનને વેદનીયકર્મ દગ્ધરજ્જુસ્થાનીય છે, એ પ્રમાણે અનાદિપ્રવાદ પ્રસિદ્ધ છે. અને તેવા પ્રકારનું પણ=દગ્ધરજ્જુસ્થાનીય પણ, વેદનીયકર્મ જઠરાગ્નિના પ્રજ્વાલન માટે સમર્થ નથી. એથી કરીને કેવી રીતે કવલાહારયોગ્ય હોઈ શકે? તેને ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. તેમાં હેતુ કહે છે - તેના=વેદનીયકર્મના, દગ્ધરજ્જુસ્થાનિકત્વના પ્રવાદનું અપ્રામાણિકપણું છે.

સૂત્રકૃતાંગની વૃત્તિમાં તે કહેલું છે-

यदपि જે પણ વેદનીયનું દગ્ધરજ્જુસ્થાનિકત્વ કહેવાય છે, તે પણ અનાગમિક અને અયૌક્તિક=યુક્તિ વગરનું છે.

'**आगमे**' - જે કારણથી આગમમાં કેવલીમાં શાતાનો અત્યંત ઉદય કહ્યો છે.યુક્તિ પણ ઘાતીકર્મના ક્ષયથી તેને=કેવલીને, જ્ઞાનાદિ થયેલ છે. વેદનીયથી ઉદ્ભવેલી ક્ષુધાથી શું પ્રાપ્ત થયું કે જેના વડે આ=ક્ષુધા, ન થાય? અર્થાત્ થાય. તેમાં હેતુ કહે છે-

'**न तयोः**' તે બેનો=ઘાતીકર્મોના ક્ષયથી ઉદ્ભવતા જ્ઞાનાદિ અને વેદનીયના ઉદયથી ઉદ્ભવતી ક્ષુધા તે બેનો, છાયા અને આતપની જેમ સહાનવસ્થાનલક્ષણ વિરોધ નથી અને ભાવાભાવની જેમ પરસ્પરપરિહારલક્ષણ પણ કોઈ વિરોધ નથી.

'**सातासातयोः**' અને શાતા-અશાતાનું અંતર્મુહૂર્તે પરિવર્તમાનપણું હોવાથી (કેવલીને) જેમ શાતાનો ઉદય હોય છે તેમ અશાતાનો ઉદય પણ હોય છે. એથી કરીને અનંતવીર્યપણું હોતે છતે પણ શરીરબલનો અપચય અને ક્ષુધાવેદનીયથી ઉદ્ભવેલી પીડા થાય જ છે. અને આહાર ગ્રહણમાં કાંઈ પણ ક્ષય થતું નથી, કેવલ આ આહોપુરુષિકા=માન્યતા, માત્ર જ છે.

'**इति**' કથનની સમાપ્તિસૂચક છે. '**आगमे हि**'....'**हि**' શબ્દ યસ્માદર્થક છે. '**कश्चिद्विरोधोऽस्तीति**' '**इति**' હેતુ અર્થક છે. '**एवमसातोदयोऽपीति**' '**इति**' હેતુઅર્થક છે.

भावार्थ :- '**आगमे**'- આગમમાં કેવલીને અત્યંત શાતાનો ઉદય કહેલ છે, તેનો ભાવ એ છે કે, સામાન્ય રીતે કેવલજ્ઞાન થયા પછી જીવ બે સમયની સ્થિતિવાળું શાતાવેદનીયકર્મ બાંધે છે, અને તે ઉત્કટ શાતા આપનાર હોય છે. અને ક્ષપકશ્રેણિમાં પણ અત્યંત વિશુદ્ધિ હોવાને કારણે ઉત્કટ શાતાવેદનીયનો બંધ થતો હોય છે, અને અશાતાનો રસ શુભ અધ્યવસાયને કારણે હીન-હીનતર થતો હોય છે; તેથી મોટાભાગના કેવલીઓને કેવલજ્ઞાન પછી અત્યંત શાતાનો ઉદય વર્તતો હોય છે. આમ છતાં, કેટલાક કેવલીઓને પૂર્વભવમાં બંધાયેલા નિરનુબંધ ક્લિષ્ટ કર્મને કારણે, કેવલજ્ઞાન થયા પછી પણ ઉપસર્ગો આદિકૃત તીવ્ર અશાતાનો ઉદય હોઈ શકે છે, કે રોગાદિકૃત પણ તીવ્ર અશાતાનો ઉદય હોઈ શકે છે. આમ છતાં, તેવી અશાતા કોઈક કેવલીઓમાં જ સંભવતી હોય છે; તેથી તેની વિવક્ષા નહિ કરીને કેવલીને અત્યંત શાતાનો ઉદય આગમમાં કહેલ છે.

'**न तयोः**' - '**कश्चिद्विरोधोऽस्तीति**'- અહીં '**इति**' શબ્દ હેતુઅર્થક છે, અને આ બંને હેતુ કેવલીને ક્ષુધા છે તે બતાવવા અર્થે છે, અને તે બંને હેતુમાં રહેલ દૃષ્ટાંતનો પરસ્પર ભેદ આ પ્રમાણે છે-

છાયા અને આતપની જેમ સહાનવસ્થાનલક્ષણ વિરોધ નથી અને ભાવાભાવની જેમ પરસ્પરપરિહારલક્ષણ વિરોધ નથી, એમ કહ્યું ત્યાં આ બંને દૃષ્ટાંતો વ્યતિરેકી છે. અને તે બંનેમાં ભેદ એ છે કે, છાયા અને આતપ એ બંને ભાવાત્મક પદાર્થ છે, આમ છતાં બન્ને એક સાથે રહી શકતા નથી. જેમ ઘટ અને પટ બન્ને ભાવાત્મક પદાર્થ સાથે રહી શકે છે તેમ છાયા અને આતપ બન્ને સાથે રહી શકતા નથી. તથા ભાવ અને અભાવ એ બન્નેનો પરસ્પરપરિહારલક્ષણ વિરોધ છે, જેમ ઘટનો ભાવ ઘટના અભાવનો પરિહાર કરીને જ ભૂતલ ઉપર પ્રાપ્ત થાય છે, અને ઘટાભાવ તે સ્થાનમાં ઘટના પરિહારથી જ પ્રાપ્ત થાય છે. આથી કરીને ઘટાભાવની પ્રાપ્તિ કરવી હોય તો ઘટના પરિહારમાં જ યત્ન કરવો પડે, જ્યારે આતપના પરિહાર માટે યત્ન કરવાથી આતપનો પરિહાર થઈ જાય તો પણ છાયાની પ્રાપ્તિ ન થાય, પરંતુ છાયાની પ્રાપ્તિ માટે છાયાના ઉપાયમાં પ્રવૃત્તિ કરવી પડે અને આતપની પ્રાપ્તિ માટે આતપના ઉપાયમાં પ્રવૃત્તિ કરવી પડે છે.

'**न तयोः**' થી પહેલી યુક્તિ એ બતાવી કે છાયા અને આતપની જેમ કે ભાવાભાવની જેમ ઘાતીકર્મોના ક્ષયથી થતા જ્ઞાનાદિનો અને ક્ષુધાનો કોઇ વિરોધ નથી. એ પ્રમાણે પ્રથમ યુક્તિ બતાવ્યા પછી '**सातासातयोः**' થી બીજી યુક્તિ બતાવે છે-

પૂર્વમાં કહેલ કે આગમમાં કેવલીને અત્યંત શાતાનો ઉદય છે એમ કહ્યું છે એનાથી એ પ્રાપ્ત થાય છે કે, કેવલીને શાતાનો ઉદય છે, અને શાતા-અશાતાનું અંતર્મુહૂર્તે પરાવર્તમાનપણું હોવાથી, જે પ્રમાણે કેવલીને શાતાનો ઉદય છે તે પ્રમાણે અશાતાનો પણ ઉદય છે, તેથી ક્ષુધા તેમને લાગી શકે છે.

અહીં દિગંબર કહે કે કેવલીમાં અંતરાયકર્મરૂપ ઘાતીનો ક્ષય થયેલો હોવાથી અનંતવીર્ય પ્રાદુર્ભાવ થયેલ છે, તેથી તેમનું શરીર આહાર ગ્રહણ કર્યા વગર ટકી શકે. તેથી ગ્રંથકાર કહે છે- કેવલી અનંતવીર્યવાળા હોવા છતાં પણ તેમના શરીરબલનો અપચય અને ક્ષુધાવેદનીયની પીડા તેમને થાય છે. કેમ કે ઘાતીકર્મના ક્ષયની સાથે શરીરબલનો અપચય કે ક્ષુધાવેદનીય સંબંધિત નથી, પરંતુ શરીરબલનો અપચય નામકર્મની પ્રકૃતિ સાથે અને ક્ષુધાવેદનીય અશાતાવેદનીયકર્મ સાથે સંબંધિત છે. માટે કેવલીને શરીરબલનો અપચય અને ક્ષુધાવેદનીયની પીડા થાય જ છે. અને આહાર ગ્રહણ કરવામાં કેવલીનું કાંઇ પણ ક્ષીણ થઈ જતું નથી=કોઇપણ ગુણો નાશ પામી જતા નથી. તેથી દિગંબરનું ઉપરોક્ત કથન કેવલ આહોપુરુષિકામાત્ર જ છે=(દિગંબરની) માન્યતામાત્ર જ છે.

उत्थान :- પૂર્વમાં બતાવ્યું કે વેદનીયકર્મ દગ્ધરજ્જુસ્થાનીય સ્વીકારનાર પ્રવાદ અનાગમિક છે, કેમ કે આગમમાં કેવલીને અત્યંત શાતાનો ઉદય સ્વીકાર્યો છે, એ પ્રમાણે સૂત્રકૃતાંગની વૃત્તિમાં કહેલ છે. ત્યાં પૂર્વપક્ષી શંકા કરે કે, જેમ સૂત્રકૃતાંગની વૃત્તિમાં વેદનીયકર્મનું દગ્ધરજ્જુસ્થાનિકત્વ અનાગમિક અને અયૌક્તિક કહેલ છે, તેમ ગુણસ્થાનકક્રમારોહમાં અને આવશ્યકનિર્યુક્તિમાં વેદનીયકર્મને દગ્ધરજ્જુ અને જરદ્વસ્ત્રપ્રાયઃ કહેનારાં વચનો પણ મળે છે. તેનાથી સિદ્ધ થાય છે કે વેદનીયકર્મ દગ્ધરજ્જુરૂપે માન્ય છે. તેથી કહે છે-

टीका :- यत्तु '[१] पञ्चाशीतिर्जरद्वस्त्रप्रायाः शेषाः सयोगिनि' इति गुणस्थानक्रमारोहे [८२] **निजगदे तदपि क्षिप्रक्षपणयोग्यत्वाद्यभिप्रायेण, सत्ताप्रकृतीनामन्यथात्वासम्भवात्। एतेन 'अत एव** दग्धरज्जुकल्पेन

---

१. अस्य पूर्वार्धः- एवं च क्षीणमोहान्ता त्रिषष्टिप्रकृतिस्थितिः ।

भवोपग्राहिणाल्पेनापि सता केवलिनोऽपि न मुक्तिमासादयेयुः' **इत्यावश्यकवृत्त्युक्तमपि व्याख्यातं, भवोपग्राहित्वाल्पत्वविशेषणाभ्यां तस्योक्तार्थपर्यवसानात्।**

ટીકાર્થ :- '**यत्तु**' - સયોગીગુણસ્થાનકમાં શેષ ૮૫ પ્રકૃતિઓ જરદ્વસ્ત્રપ્રાયઃ છે, એ પ્રમાણે ગુણસ્થાનકક્રમારોહમાં જે વળી કહ્યું છે, તે પણ ક્ષિપ્રક્ષપણયોગ્યત્વાદિ અભિપ્રાયથી (કહેલ છે). તેમાં હેતુ કહે છે- સત્તાપ્રકૃતિઓના અન્યથાપણાનો અસંભવ છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે જે પ્રકૃતિઓ સત્તામાં રહેલી છે તે કરણો દ્વારા રૂપાંતર પામે છે, જેમ અશાતાનું શાતામાં સંક્રમણ થાય છે. વળી અનુકૂળ દ્રવ્ય-ક્ષેત્રાદિ ન મળે તો પ્રદેશોદયથી પણ ભોગવાય છે. તો પણ સત્તામાં રહેલી પ્રકૃતિઓ જ્યારે સંક્રમણ પામી ન હોય અને એમને એમ પડી હોય ત્યારે, તેમાં પોતાનું કાર્ય કરવાની શક્તિરૂપ રસ છે; અને તેને દગ્ધરજ્જુ કહેવાથી એ પ્રાપ્ત થાય કે, તે પ્રકૃતિઓમાં તે કાર્ય કરવાને અનુકૂળ શક્તિ નથી. આ રીતે સત્તાની પ્રકૃતિઓનો અન્યથાભાવ સંભવિત નથી, માટે જેમ જીર્ણવસ્ત્ર અલ્પકાલમાં નાશ પામે છે તેમ આ પ્રકૃતિ પણ આ ભવને અંતે નાશ પામશે, એ બતાવવા માટે જીર્ણવસ્ત્રપ્રાયઃનું કથન છે.

ટીકાર્થ :- '**एतेन**' આનાથી=ક્ષિપ્રક્ષપણયોગ્યત્વાદિ અભિપ્રાયથી ગુણસ્થાનકક્રમારોહમાં સયોગીકેવલીને ૮૫ અઘાતી પ્રકૃતિઓ જીર્ણવસ્ત્રપ્રાયઃ કહેલ છે એનાથી, '**अत एव....मुक्तिमासादयेयुः**' સુધી આવશ્યકવૃત્તિમાં કહેલ કથન પણ વ્યાખ્યાત થઈ ગયું.

તેમાં હેતુ કહે છે- ભવોપગ્રાહિત્વ અને અલ્પત્વ વિશેષણ વડે તેનું=દગ્ધરજ્જુકલ્પનાકથનનું, ઉક્ત અર્થમાં પર્યવસાન છે. = આવશ્યકવૃત્તિના કથનમાં કર્મોના ભવોપગ્રાહિત્વ અને અલ્પત્વ એ બે વિશેષણો કહ્યાં, તેનાથી દગ્ધરજ્જુકલ્પનાકથનનું ઉક્ત અર્થમાં=ક્ષિપ્રક્ષપણયોગ્યત્વાદિ અભિપ્રાયમાં, પર્યવસાન છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે કર્મોનું ભવોપગ્રાહી વિશેષણ કહેવાથી એ પ્રાપ્ત થયું કે, એ ભવને ઉપગ્રહ કરનારાં કર્મો છે; અને અલ્પ કર્મો હોવા છતાં મુક્તિ પ્રાપ્ત થતી નથી એમ કહ્યું તેનાથી એ પ્રાપ્ત થયું કે, આ ભવ પૂરતાં ટકી શકે તેવાં અલ્પ છે. આ બંને વિશેષણોથી ક્ષિપ્રક્ષપણયોગ્યત્વાદિની પ્રાપ્તિ થાય છે=આ ભવના અંતમાં ક્ષપણ થવાને યોગ્ય છે એવો અર્થ પ્રાપ્ત થાય છે. માટે દગ્ધરજ્જુનો અર્થ કાર્ય માટે અસમર્થ એવો થઈ શકે નહિ.

અહીં વિશેષ એ છે કે, આવશ્યકવૃત્તિનું કથન સામાન્યથી વાંચીએ તો એમ લાગે કે, કેવલીને ભવને ઉપગ્રહ કરનારાં અલ્પ પણ દગ્ધરજ્જુ જેવાં કર્મો છે. જેમ દગ્ધરજ્જુ રજ્જુનું કામ કરી શકતી નથી તેમ ભવને ઉપગ્રહ કરનારાં અલ્પકર્મો પણ દગ્ધરજ્જુ જેવાં હોવાને કારણે પોતાનું કાર્ય કરી શકતાં નથી, એવો અર્થ સ્થૂલદૃષ્ટિથી વિચારતાં લાગે. પરંતુ સૂક્ષ્મદૃષ્ટિથી વિચારીએ તો દગ્ધરજ્જુ જેવાં કર્મોને પણ ભવોપગ્રાહી કહ્યાં. તેથી જો કામ કરવા અસમર્થ હોય તો ભવનો ઉપગ્રહ કરી શકે નહિ. અને ભવનો ઉપગ્રહ કરે છે, તે જ વસ્તુ બતાવે છે કે કાર્ય કરવા સમર્થ છે. તેથી દગ્ધરજ્જુકલ્પ અને ભવોપગ્રાહી શબ્દ એ બેનો પરસ્પર વિરોધ દેખાય છે. તેથી દગ્ધરજ્જુકલ્પનો વિશેષ અર્થ ગ્રહણ કરવો જોઈએ. અને તે જ ગ્રંથકારે બતાવ્યો કે, કેવલીનાં તે કર્મો શીઘ્ર ક્ષપણ થઈ શકે તેવાં છે, તે દૃષ્ટિને સામે રાખીને દગ્ધરજ્જુ જેવાં કહ્યાં છે; પરંતુ કાર્ય કરવા અસમર્થ છે એ દૃષ્ટિને સામે રાખીને દગ્ધરજ્જુ જેવાં કહ્યાં નથી.

ટીકા :- यदपि 'पापप्रकृतीनामपूर्वकरणे रसघातादेव केवलिनां न तथाविधोऽसातोदयो, मोहसापेक्ष-प्रकृतीनां स्थितिघातेऽवश्यं रसघातादयो(रसोच्छेदात्)ऽन्यथा पराघातनामकर्मोदयात् केवली पराहननाद्यपि कुर्यात्, पुण्यप्रकृतयस्तु विशुद्धिप्रकर्षात् पीनविपाकाः कृता इति तद्विपाकप्राबल्यमेव तत्र' इति प्रमेयकमलमार्त्तण्डाभिप्रायमनुसृत्य केनचिदूचे तदपि दुराग्रहपारवश्यविजृम्भितं, रसघाताद्रसस्येव स्थितिघातात् स्थितेरप्युच्छेदप्रसङ्गात्। तथाविधस्थितौ च व्यवस्थितायां तथाविधरसः किं त्वत्पाणिपिधेयः?

❀ **'स्थितिघातेऽवश्यं रसघातादयः'** मु.पु.માં પાઠ છે ત્યાં હસ્તલિખિત પ્રતમાં **'रसघातात्'** પાઠ છે, પરંતુ ત્યાં **'रसोच्छेदात्'** પાઠ હોવાની સંભાવના છે. કેમ કે ટીકામાં જ આગળ કહ્યું છે કે **'रसघाताद्रसस्येव स्थितिघातात् स्थितेरप्युच्छेदप्रसङ्गात्।'**

ટીકાર્થ :- 'यदपि' - અપૂર્વકરણમાં પાપપ્રકૃતિઓનો રસઘાત થતો હોવાને કારણે જ કેવલીઓને તથાવિધ =ક્ષુધા પેદા કરે તેવો, અશાતાનો ઉદય હોતો નથી. તેમાં હેતુ કહે છે-
'मोहसापेक्ष' મોહસાપેક્ષ પ્રકૃતિઓનો સ્થિતિઘાત થયે છતે અવશ્ય રસનો ઉચ્છેદ થાય છે. અન્યથા= મોહસાપેક્ષ પ્રકૃતિઓનો સ્થિતિઘાત થયે છતે રસનો ઉચ્છેદ ન માનો તો, પરાઘાતનામકર્મના ઉદયથી કેવલી પરઆહનનાદિ પણ કરે. વળી પુણ્યપ્રકૃતિઓ વિશુદ્ધિના પ્રકર્ષથી પુષ્ટવિપાકવાળી કરાયેલી છે, એથી કરીને તેના =પુણ્યપ્રકૃતિના, વિપાકનું પ્રાબલ્ય જ ત્યાં=કેવલીમાં, છે; એ પ્રમાણે પ્રમેયકમલમાર્તંડ ગ્રંથના અભિપ્રાયને અનુસરીને જે પણ કોઇના વડે કહેવાયું, તે પણ દુરાગ્રહની પરવશતાનું વિજૃંભિત=પ્રલાપમાત્ર છે. તેમાં હેતુ કહે છે- રસઘાતથી રસની જેમ સ્થિતિઘાતથી સ્થિતિના પણ ઉચ્છેદનો પ્રસંગ છે. તથાવિધ સ્થિતિની વ્યવસ્થિતિમાં તથાવિધ રસ શું તારા હાથ વડે ઢંકાયેલો છે?

❀ **यदपि** નો અન્વય **केनचिदूचे** ની પછી **तदपि** સાથે છે.

ભાવાર્થ :- ક્ષપકશ્રેણિમાં અપૂર્વકરણ વખતે પાપપ્રકૃતિઓનો રસઘાત થતો હોવાને કારણે, કેવલીને ક્ષુધા પેદા કરે તેવો અશાતાનો ઉદય હોતો નથી; કેમ કે ક્ષુધાવેદનીય મોહસાપેક્ષ પોતાનો વિપાક બતાવે તેવી પ્રકૃતિ છે, અને મોહસાપેક્ષ પ્રકૃતિઓનો સ્થિતિઘાત થાય ત્યારે અવશ્ય રસનો ઉચ્છેદ થાય છે. તેમ ન માનો તો પરાઘાતનામકર્મની પ્રકૃતિના રસનો ઉચ્છેદ પણ કેવલીને નહીં થયેલો માનવો પડે. તેથી કેવલી કેવલજ્ઞાન થયા પછી બીજાને હણે છે તેમ માનવું પડે. વળી ક્ષપકશ્રેણિમાં પુણ્યપ્રકૃતિઓ તીવ્ર રસવાળી બને છે, કેમ કે ક્ષપકશ્રેણિમાં વિશુદ્ધિનો પ્રકર્ષ હોય છે તેથી કેવલીમાં પુણ્યપ્રકૃતિના વિપાકનું પ્રાબલ્ય હોય છે. તેથી તીવ્ર પુણ્યપ્રકૃતિના ઉદયને કારણે કેવલીને ક્ષુધા લાગતી નથી. આ પ્રમાણે **'प्रमेयकमलमार्तंड'** ગ્રંથના અભિપ્રાયને આશ્રયીને કોઇકના વડે કેવલીને ક્ષુધા નથી તેવું સ્થાપન કરાયેલું છે, તેને ગ્રંથકાર કહે છે કે, તે તેમનો દુરાગ્રહ જ છે. કેમ કે ક્ષપકશ્રેણિમાં રસઘાતથી જો રસનો ઉચ્છેદ થતો હોય તો સ્થિતિઘાતથી સ્થિતિનો પણ ઉચ્છેદ થવો જોઇએ, અને તેમ સ્વીકારીએ તો કેવલીમાં પાપપ્રકૃતિની સત્તાનો અભાવ સ્વીકારવાની આપત્તિ આવે.

અહીં પૂર્વપક્ષી કહે કે કેવલીને ક્ષપકશ્રેણિમાં સ્થિતિઘાત થવા છતાં પોતાના આયુષ્યકાળ સુધી ચાલી શકે તેટલી કે યત્કિંચિત તેનાથી અધિક સ્થિતિ રહે છે, બાકીની સ્થિતિ ક્ષપકશ્રેણિમાં નાશ પામે છે. તેને ગ્રંથકાર કહે છે કે, જેમ આયુષ્ય ટકી શકે તેટલી સ્થિતિ રહે છે તેમ ક્ષુધા પેદા કરે તેટલો રસ રહે છે તેમ સ્વીકારવામાં શું વાંધો છે? અને તેટલા રસને શું તમારા હાથથી અટકાવાયો છે? એ પ્રકારનો કટાક્ષ કરેલ છે.

અહીં વિશેષ એ છે કે, દિગંબરને અભિમત **'પ્રમેયકમલમાર્તંડ'** ગ્રંથમાં પરાઘાતનામકર્મને ઠેકાણે પરઆઘાતનામકર્મ ગ્રહણ કરેલ છે, અને તેનો અર્થ કરેલ છે કે, પરને હનન કરે તેવું કર્મ તે 'પરાઘાતનામકર્મ'. તેથી પરાઘાતનામકર્મવાળો બીજાને યષ્ટિ આદિથી હનન કરે છે; અથવા પર વડે હનન કરાય તે 'પરાઘાતનામકર્મ'. તેથી બીજા પોતાને હનન કરે તે 'પરાઘાતનામકર્મ' કહેવાય. આવી હનનક્રિયા મોહસાપેક્ષ જ હોય છે. તેથી પરાઘાતનામકર્મનું કાર્ય મોહના ઉદયની અપેક્ષા રાખે છે. આથી જ જેઓ મોહવાળા છે તેઓ પોતાનાથી નબળાને પરાઘાતનામકર્મના ઉદયથી હનનાદિ કરે છે, પરંતુ કેવલી મોહ નહિ હોવાને કારણે પરાઘાતનામકર્મ વિદ્યમાન હોવા છતાં બીજાને હનનાદિ ક્રિયા કરતા નથી. તેથી તેઓમાં પરાઘાતનામકર્મનું કાર્ય દેખાતું નથી. તે જ રીતે મોહસાપેક્ષ એવા અશાતાવેદનીયના ઉદયમાં તેઓમાં અશાતાનું કાર્ય ક્ષુધા હોઈ શકે નહિ. કેમ કે ક્ષુધાને તેઓ બુભુક્ષારૂપે સ્વીકારે છે, અને બુભુક્ષા એ ખાવાની ઇચ્છાના પરિણામરૂપ છે, આથી કેવલીને ક્ષુધાનો અભાવ તેઓ માને છે. અને સ્વમત પ્રમાણે પરાઘાતનામકર્મ પુણ્યપ્રકૃતિ હોવા છતાં દિગંબરમત પ્રમાણે પરાઘાતનામકર્મ પાપપ્રકૃતિરૂપ પણ હોઈ શકે. અથવા તો પુણ્યપ્રકૃતિરૂપ હોય તો પણ તે મોહસાપેક્ષ છે તેથી અન્ય પુણ્યપ્રકૃતિ કરતાં વિલક્ષણ છે. જ્યારે પુણ્યપ્રકૃતિઓ ક્ષપકશ્રેણિમાં પુષ્ટ થાય છે અને પરાઘાતનામકર્મ તથા અશાતાવેદનીયનો રસ ક્ષપકશ્રેણિમાં ઉચ્છેદ થાય છે, એ પ્રકારે દિગંબરની માન્યતા છે.

टीका :- अथ क्षुज्जनको रसो हत एव भगवताऽऽकुलतामात्रं त्ववतिष्ठतामिति चेत्? तदिदं निजवाङ्-मात्रसिद्धम्। युक्त्या तु स्थितितुल्यतानुरोधेन क्षुज्जनकस्यैव तस्य सिद्धेः, पराघातोदयेन च स्वकार्यं क्रियत एव, परहननादिकं तु बुभुक्षादिवन्मोहायत्तमिति कथं तं विना भवेत्?

टीकार्थ :- '**अथ**'થી પૂર્વપક્ષી કહે કે, ભગવાન વડે ક્ષુધાને પેદા કરે તેવો રસ હણાયેલો જ છે. વળી આકુલતામાત્ર રહો=વિદ્યમાન અશાતાવેદનીયકર્મથી આકુલતામાત્ર રહો. અર્થાત્ વિદ્યમાન અશાતાવેદનીયજન્ય આકુલતામાત્ર ભગવાનમાં રહો. તેને ગ્રંથકાર કહે છે કે, તે આ નિજવચનમાત્રસિદ્ધ છે=તમારા બોલવામાત્રથી સિદ્ધ છે. તેમાં હેતુ કહે છે-

'**युक्त्या**' - યુક્તિથી તો સ્થિતિની તુલ્યતાના અનુસારે ક્ષુધાજનક જ એવા તેની=રસની, સિદ્ધિ છે. અર્થાત્ યુક્તિથી જેટલી સ્થિતિ શેષ રહી છે, તેને અનુસારે તેવો રસ પણ શેષ રહ્યો છે. એ રસ ક્ષુધાને પેદા કરવા માટે સમર્થ હોય છે.

उत्थान :- અહીં પ્રશ્ન થાય કે તો પછી પરાઘાતનો પણ તેવો રસ માનવો પડશે, અને તેનાથી કેવલીને પરહનનાદિ માનવાની આપત્તિ ઊભી રહેશે તેથી કહે છે-

ટીકાર્થ :- 'पराघात' - (કેવલીને) પરાઘાતનામકર્મના ઉદય વડે સ્વકાર્ય કરાય જ છે. પરહનનાદિક તો બુભુક્ષાની જેમ મોહને આધીન છે, એથી કરીને કેવી રીતે તેના વિના=મોહના વિના, પરહનનાદિ થાય?

ભાવાર્થ :- 'युक्त्या' - યુક્તિથી સ્થિતિની તુલ્યતાના અનુસારે ક્ષુધાજનક એવા અશાતાવેદનીયના રસની સિદ્ધિ છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, કોઇ નાની ઉંમરમાં કેવલજ્ઞાન પામે અને ઉત્કૃષ્ટથી પૂર્વકોડ વર્ષનું આયુષ્ય હોય તો તેટલા કાળની સ્થિતિવાળું વેદનીયકર્મ તે કેવલીને હોય છે. તેથી તે સ્થિતિની તુલ્યતાના અનુસારે ક્ષુધાજનક એવા રસની સિદ્ધિ થશે. કેમ કે આટલા દીર્ઘકાળ સુધી આહાર વગર શરીર ટકી શકે નહિ, અને શરીરધારીને અવશ્ય આટલા કાળમાં ક્ષુધા લાગે જ, માટે અશાતાવેદનીયકર્મની સ્થિતિના અનુસારે ત્યાં ક્ષુધાજનક રસ છે.

'पराघातोदयेन' - **'पराघातोदयेन'**થી **'भवेत्'** સુધી જે કથન કર્યું તેનું તાત્પર્ય એ છે કે, કેવલીનું પરાઘાતનામકર્મ બીજા ઉપર પોતાનો પ્રભાવ અવશ્ય પાડે છે, આ રીતે કેવલીને પરાઘાતનામકર્મનું કાર્ય અવશ્ય થાય છે. પરંતુ મોહસાપેક્ષ પરાઘાતનામકર્મવાળા જીવો જે રીતે પરહનન કરે છે, અર્થાત્ પોતાના પ્રભાવથી પરની પ્રતિભાનું હનન કરે છે તે રીતે કેવલી પરહનન કરતા નથી. જેમ સંસારીજીવોને ક્ષુધા લાગે છે અને સાથે બુભુક્ષા પેદા થાય છે, તે બુભુક્ષા જેમ મોહનીયકર્મને આધીન છે, તેમ પરને હનન કરવું તે પણ મોહને આધીન છે; અને કેવલીમાં મોહ નથી માટે કેવલી પરહનન કરતા નથી.

ટીકા :- केचित्तु-

मस्तकसूचिविनाशात् तालस्य यथा ध्रुवं भवति नाशः ।
तद्वत्कर्मविनाशोऽपि मोहनीये क्षयं नीते ॥ [प्रशमरति- २६६]

इति वाचकवचनमवलम्ब्य जिनकर्मणां हतवीर्यतया कार्याक्षमत्वं कल्पयन्तस्तद्बलेन क्षुत्तृष्णादीनाम-प्यारंभसंरंभसमारम्भवदौपचारिकत्वमात्रमुद्भावयन्ति, ते पुनरुक्तवृद्धवचनमनादृियमाणा दिगम्बरडिम्भा एव भवन्तः कर्मान्तरविपाकवैचित्र्यमपि कथं सहन्ताम्?

ટીકાર્થ :- 'केचित्तु' - કેટલાક વળી મસ્તકની સૂચિના =અગ્રભાગના, વિનાશથી તાડવૃક્ષનો જેમ ધ્રુવ નાશ થાય છે તેની જેમ, મોહનીયકર્મનો ક્ષય પ્રાપ્ત થયે છતે (શેષ) કર્મનો વિનાશ પણ (અવશ્ય થાય છે), આ પ્રમાણે વાચકવચનને અવલંબીને જિનેશ્વરોના કર્મોનું હતવીર્યપણું હોવાના કારણે, કાર્ય અક્ષમપણાની કલ્પના કરતા, તેના બલથી=વાચકવચનના બલથી, ક્ષુધાતૃષાદિનું પણ આરંભ-સંરંભ-સમારંભની જેમ ઔપચારિકપણું માત્ર ઉદ્ભાવન કરે છે. તેઓ વળી ઉક્ત વૃદ્ધવચનનો=પૂર્વમાં બતાવાયેલ સૂત્રકૃતાંગની વૃત્તિના વચનનો, અર્થાત્ સૂત્રકૃતાંગની વૃત્તિમાં ક્ષુધાતૃષા કેવલીને સ્વીકાર્ય છે એ વચનનો, અનાદર કરતાં દિગંબરનાં બચ્ચાં જ થતાં=દિગંબરને અનુસરનારા જ થતાં, કર્માંતરવિપાકવૈચિત્ર્યને=જિનનામાદિકર્માંતરવિપાકવૈચિત્ર્યને કેવી રીતે સહન કરશે? અર્થાત્ કર્માંતરવિપાકવૈચિત્ર્યને પણ તેમણે સ્વીકારવું જોઇએ નહિ.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે વાચકવર ઉમાસ્વાતીજીના વચનના બળથી કેટલાક કહે છે કે, મોહનો ક્ષય થાય એટલે બીજાં કર્મોનો નક્કી વિનાશ થઇ જતો હોવાથી વાસ્તવિક રીતે અશાતાવેદનીય કાર્યક્ષમ નથી, તેથી ભગવાનને ક્ષુધા-તૃષા લાગતી નથી, પરંતુ શ્વેતાંબરમતમાં તેઓ રહેલા છે તેથી શ્વેતાંબરગ્રંથોમાં કેવલીને ક્ષુધાતૃષા લાગે છે એવા પાઠો છે, તેને ઔપચારિક કહે છે; જેમ ભગવાન સમવસરણમાં બેસે છે ત્યારે સમવસરણની સર્વક્રિયા આરંભ, સંરંભ અને સમારંભરૂપ છે, તો પણ ભગવાન એ ક્રિયા પ્રત્યે ઉદાસીન હોવાથી ઉપચારરૂપ છે.યદ્યપિ વ્યવહારથી ભગવાનની દેશના નિમિત્તે દેવો વડે સુરપુષ્પવૃષ્ટિ આદિ કરાયેલ હોવાથી, ત્યાં વર્તતા આરંભ-સંરંભ-સમારંભ જોનારને એમ ભાસે કે, ભગવાનની દેશના નિમિત્તે મહાઆરંભની પ્રવૃત્તિ થયેલી છે; છતાં તે જેમ ઔપચારિક છે, તેમ ક્ષુધા-તૃષા પણ ઔપચારિક છે એમ કહેનારા કેટલાક, પૂર્વમાં કહેલા સૂત્રકૃતાંગવૃત્તિના સાક્ષીપાઠરૂપ વૃદ્ધવચનનો અનાદર કરનારા છે, અને કેવલીમાં ક્ષુધાતૃષાને ઔપચારિક કહીને શ્વેતાંબર હોવા છતાં દિગંબરના બાળકો બની રહ્યા છે. તેમના મતે પ્રશમરતિના સાક્ષીપાઠથી તીર્થંકરનામકર્માદિ અન્યકર્માંતરના વિપાકનું વૈચિત્ર્ય પણ ઔપચારિક માનવું જોઇએ.

टीका :- अपरे तूदीरणां विना प्रचुरपुद्गलोपनिपाताभावाद्भगवदसातवेदनीयस्य दग्धरज्जुस्थानिकत्वमूचुः तद्दूषितमाचार्यैरेव, एवं सति सातवेदनीयस्यापि तथात्वप्रसङ्गात्, सम्यग्दृष्ट्याद्येकादशगुणस्थानेषु गुणश्रेणिसद्भावात्तदधिकपुद्गलोपसंहारादधिकपीडाप्रसङ्गाच्च। तस्मादनुभागविशेषादेव फलविशेष इति ध्येयम्।

टीकार्थ :- '**अपरे**' - બીજા વળી ઉદીરણા વગર પ્રચુર પુદ્ગલના ઉપનિપાતનો અભાવ હોવાથી=પ્રચુર પુદ્ગલની ઉદયપ્રાપ્તિનો અભાવ હોવાથી, ભગવાનના અશાતાવેદનીયનું દગ્ધરજ્જુસ્થાનિકપણું કહે છે, તે આચાર્ય વડે દૂષિત કરાયેલું જ છે. તેમાં હેતુ કહે છે-

'**एवं सति**' - આ પ્રમાણે હોતે છતે=ઉદીરણા વગર પ્રચુર પુદ્ગલનો ઉદય હોતો નથી આ પ્રમાણે હોતે છતે, શાતાવેદનીયનો પણ તથાપણાનો પ્રસંગ આવશે. (કેમ કે શાતાવેદનીયની પણ ભગવાનને ઉદીરણા હોતી નથી) અને સમ્યગ્દૃષ્ટ્યાદિ ૧૧ ગુણસ્થાનકોમાં=૪ થી ૧૪મા ગુણસ્થાનકોમાં, ગુણશ્રેણિનો સદ્ભાવ હોવાને કારણે અધિક પુદ્ગલના ઉપસંહારથી અધિક પીડાનો પ્રસંગ આવશે.

'**तस्मात्**' તે કારણથી=કેવલીને શાતાની ઉદીરણા વગર પણ શાતાનો વિશેષ વિપાક હોય છે, અને સમ્યગ્દૃષ્ટિ આદિ ૧૧ ગુણસ્થાનકોમાં=૪ થી ૧૪મા ગુણસ્થાનકોમાં, ઘણી પાપપ્રકૃતિઓની ઉદીરણા હોવા છતાં અધિક પીડા થતી નથી તે કારણથી, અનુભાગવિશેષને કારણે જ=રસવિશેષને કારણે જ, ફળવિશેષ છે એ પ્રમાણે જાણવું.

ભાવાર્થ :- અપ્રમત્તગુણસ્થાનકથી વેદનીયકર્મની ઉદીરણાનો અભાવ હોય છે, તો પણ તીવ્ર વિપાકવાળી શાતાવેદનીય જેમ ભગવાનને તીવ્ર ફળ આપે છે, અને સમ્યગ્દૃષ્ટિ આદિ ૧૧ ગુણસ્થાનકમાં=૪થી ૧૪મા ગુણસ્થાનકમાં, નવા ગુણની પ્રાપ્તિમાં જ્યારે જીવ યત્ન કરે છે ત્યારે, સ્થિતિઘાત આદિમાં ગુણશ્રેણિની રચનાથી

ઘણી પાપપ્રકૃતિઓ ઉદયાવલિકામાં પ્રાપ્ત થાય છે, તો પણ તે પાપપ્રકૃતિઓ હણાયેલા રસવાળી હોવાથી અધિક પીડા કરતી નથી. આનાથી એ ફલિત થયું કે ઉદયમાન કર્મના જથ્થામાત્રથી ફલવિશેષ નથી, પરંતુ ઉદયમાન કર્મના જથ્થામાં વર્તતા રસવિશેષથી જ ફલવિશેષ થાય છે. તેથી ભગવાનને અશાતાવેદનીયકર્મમાં ક્ષુધાજનક રસ હોવાને કારણે ક્ષુધા લાગે છે, તેમ સ્વીકારવામાં કોઈ દોષ નથી.

ટીકા :- परे पुनः प्रबलपुण्योदयाभिभूतत्वमेव पापप्रकृतीनां दग्धरज्जुस्थानिकत्वमनुमन्यन्ते तदप्यसत्, यतो बलवत्सजातीयसंवलनं ह्यभिभवो, बलवत्त्वं चात्र न स्वविपाकप्रतिपन्थ्यधिकतरविपाकत्वं, चक्रवर्त्यादीनामपि क्षुद्वेदनीयाद्यभिभवप्रसङ्गात्। नापि काष्ठाप्राप्तप्रकर्षविपाकवत्त्वं, पुण्यविपाकात्यन्तोत्कर्षस्य पापविपाकात्यन्तापकर्षाऽव्याप्तत्वात्, अन्यथा पापप्रकृतेरप्यत्यन्तापकर्षप्रसङ्गात्, तादृशाभिभवस्य तत्कार्याऽप्रतिपन्थित्वाच्च।

ટીકાર્થ :- 'परे' - વળી બીજાઓ પાપપ્રકૃતિઓનું પ્રબલ પુણ્યના ઉદયથી અભિભૂતપણું જ દગ્ધરજ્જુસ્થાનિકત્વ માને છે તે પણ અસત્ છે, જે કારણથી બલવાન સજાતીયમાં સંવલન જ અભિભવ છે. અને અહીં='**परे**' કહ્યું કે પાપપ્રકૃતિઓનું પ્રબળ પુણ્યના ઉદયથી અભિભૂતપણું જ દગ્ધરજ્જુસ્થાનિકત્વ છે તેમાં, બલવાનપણું 'સ્વવિપાકપ્રતિપંથી અધિકતરવિપાકપણું' કહી શકાશે નહિ. તેમાં હેતુ કહે છે- ચક્રવર્ત્યાદિઓને પણ ક્ષુદ્વેદનીયાદિના અભિભવનો પ્રસંગ આવશે. ચક્રવર્ત્યાદિના ક્ષુધાવેદનીયના અભિભવના પ્રસંગને કારણે પૂર્વપક્ષી બલવત્ત્વનો બીજો અર્થ ગ્રહણ કરીને કહે, તેથી ગ્રંથકાર કહે છે-

'**नापि**' કાષ્ઠાપ્રાપ્ત પ્રકર્ષવિપાકવત્ત્વરૂપ બલવત્ત્વ પણ (અહીં) ગ્રહણ કરી શકાશે નહિ. તેમાં હેતુ કહે છે-

'**पुण्य**' - પુણ્યવિપાકના અત્યંત ઉત્કર્ષનું પાપવિપાકના અત્યંત અપકર્ષ સાથે અવ્યાપ્તપણું છે. '**अन्यथा**'=આવું ન માનો તો=પુણ્યવિપાકના અત્યંત ઉત્કર્ષની સાથે પાપવિપાકનો અત્યંત અપકર્ષ માનો તો, પાપપ્રકૃતિના પણ અત્યંત અપકર્ષનો પ્રસંગ આવશે. અને તાદૃશઅભિભવનું=પૂર્વમાં કહ્યું કે કાષ્ઠાપ્રાપ્ત પ્રકર્ષવિપાકવત્ત્વરૂપ બલવત્ત્વ છે અને તેવા બલવાન સજાતીય પ્રકૃતિનું સંવલન અભિભવ છે તેવા પ્રકારના અભિભવનું, તત્કાર્યઅપ્રતિપંથીપણું છે=ક્ષુદ્વેદનીયકર્મના કાર્યનું અપ્રતિપંથીપણું છે.

ભાવાર્થ :- બલવત્ સજાતીયનું સંવલન=એકઠા થવું તે, અભિભવ છે તેમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે બલવાન સજાતીય પ્રકૃતિ જે વખતે એકઠી થયેલી હોય ત્યારે તેનાથી નિર્બલ એવી પાપપ્રકૃતિઓ દબાઈ જાય છે તે રૂપ અભિભવ કહી શકાય, અને અહીંયાં '**परे**' - કહ્યું કે પ્રબળ પુણ્યના ઉદયથી અભિભૂતપણું એ જ દગ્ધરજ્જુસ્થાનિકપણું છે, ત્યાં બલવત્ત્વ સ્વવિપાકપ્રતિપંથી અધિકતરવિપાકત્વરૂપ કહી શકાશે નહિ એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, સ્વ=ક્ષુદ્વેદનીય, તેના વિપાકની પ્રતિપંથી એવી શાતાવેદનીય તેના, અધિકતરવિપાકત્વરૂપ બલવત્ત્વ ગ્રહણ કરવામાં આવે તો, ચક્રવર્તી આદિમાં પણ શાતાનો ઘણો વિપાક હોય છે તેથી, તેવા બલવાન સજાતીય પ્રકૃતિના એકઠા થવાથી ક્ષુદ્વેદનીયનો અભિભવ ચક્રવર્તીઆદિમાં પણ માનવો પડે; તેથી તેવું બલવત્ત્વ અહીં ગ્રહણ થાય નહિ.

'नापि' - **'नापि.....अव्याप्तत्वात्'** સુધી જે કથન કર્યું તેનું તાત્પર્ય એ છે કે, તીર્થંકરોમાં કાષ્ઠાપ્રાપ્ત એવી શાતાવેદનીયનો પ્રકર્ષ વિપાક હોય છે; જ્યારે ચક્રવર્તીમાં તેવો કાષ્ઠાપ્રાપ્ત પ્રકર્ષ વિપાક નથી, તેથી તીર્થંકરને ક્ષુધાવેદનીય અભિભૂત છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે, તેથી કહ્યું છે કે, પુણ્યવિપાકના અત્યંત ઉત્કર્ષની સાથે પાપવિપાકના અત્યંત અપકર્ષની વ્યાપ્તિ નથી. અર્થાત્ તીર્થંકરને પુણ્યવિપાકનો અત્યંત ઉત્કર્ષ હોવા છતાં પાપનો વિપાક એવા અપકર્ષવાળો હોય, કે જેથી પાપના વિપાકનો સર્વથા અનુભવ જ ન થાય તેવી વ્યાપ્તિ મળતી નથી.

'अन्यथा' - **'अन्यथा'**થી જે કથન કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, જો પુણ્યપ્રકૃતિના અત્યંત વિપાકમાં પાપપ્રકૃતિ તેવા પ્રકારના અપકર્ષવાળી હોય કે જે પોતાનું કાર્ય જ ન કરે, તો સત્તામાં પણ તે પાપપ્રકૃતિ અત્યંત અપકર્ષરૂપે માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય=સત્તામાં પણ તેનો અભાવ છે તેમ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, જે પૂર્વપક્ષીને પણ માન્ય નથી.

અહીં વિશેષ એ છે કે, જે પ્રકૃતિ સત્તામાં હોય તે પ્રકૃતિને અનુકૂળ દ્રવ્ય-ક્ષેત્રાદિ પ્રાપ્ત થાય તો, તે પ્રકૃતિ બલવાન સજાતીય વિદ્યમાન હોય તો પણ, પોતાની શક્તિને અનુરૂપ કાર્ય અવશ્ય કરે. તીર્થંકરોને પણ ઔદારિક શરીર છે તેથી તે શરીરના સ્વભાવ પ્રમાણે અમુક કાળે ક્ષુધા પેદા કરે તેવા પ્રકારનો પરિણામ થાય છે. તેથી જો પાપપ્રકૃતિનો વિપાક ન હોય તો તેની સત્તા પણ હોવી જોઈએ નહિ. અને જો સત્તા છે તો અવશ્ય અનુકૂળ દ્રવ્ય-ક્ષેત્રાદિ પ્રાપ્ત થાય ત્યારે સ્વસામર્થ્યને અનુરૂપ અલ્પ પણ કાર્ય કરે છે.

'तादृश्' - તેવા પ્રકારના અભિભવનું તત્કાર્યઅપ્રતિપંથીપણું છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, બલવાન એવી સજાતીય શાતાવેદનીય એકઠી થયેલી હોય તે પોતાનું કાર્ય શાતા પેદા કરે તો પણ, જ્યારે ઔદારિક શરીર આદિને કારણે તેવો ક્ષુધાદિનો પરિણામ પેદા થાય છે ત્યારે, ક્ષુદ્વેદનીયના કાર્યને અટકાવવા માટે તે બલવાન સજાતીયનું સંવલન સમર્થ નથી. કેમ કે શાતાવેદનીય સ્વવિપાકકાળમાં પોતાનું ફળ આપે છે, અને ક્ષુદ્વેદનીયના કાળમાં અશાતાને અનુકૂળ સામગ્રી પ્રાપ્ત થવાથી તે પણ પોતાનું ફળ આપી શકે છે. ફક્ત ક્ષુદ્વેદનીયના પ્રતિપક્ષભૂત એવી શાતાવેદનીય વિપાકમાં વર્તતી હોય, તે જ વખતે ક્ષુદ્વેદનીયનું કાર્ય અભિભૂત થાય, એ સિવાય ન થાય. તેથી અન્ય બલવાન સજાતીયનો=શાતાનો, વિપાક વર્તતો હોય તો પણ ક્ષુદ્વેદનીય પોતાનું કાર્ય કરી શકે છે.

टीका :- एतेन 'देवानामपि पुण्याभिभूतं वेदनीयं नास्मदादिसाधारणक्षुधादिजनकं, देवाधिदेवानां तु कैव कथा? इति पामरप्रलपितं परास्तम्, न खलु देवानां वेदनीयमभिभूतमित्येव विचित्रस्वकार्याऽक्षमम्, अपि तु तद्भवौपग्राहिकविचित्रादृष्टवशादौदर्यज्वलनविशेषाद्यनुपष्टम्भहेतुकमिति। एवं च 'तथाविधाहारपर्याप्तिर्वेदनीयं च क्षुत्तृड्जनकं, न त्वनभिभूतमपि तत्र प्रवेशनीयं, गौरवात्' इत्यपि वदन्ति॥९४॥

टीकार्थ :- 'एतेन' - પુણ્યથી અભિભૂત હોવાને કારણે આપણા સમાન ક્ષુધાદિજનક એવું વેદનીયકર્મ દેવોને નથી, તો દેવાધિદેવને તો ક્ષુધાદિજનક વેદનીયકર્મ છે એવી કથા પણ ક્યાંથી હોય? એ પ્રમાણે પામર પ્રલપિત=પામર વડે કહેવાયેલું, આનાથી=તાદશઅભિભવનું તત્કાર્ય-અપ્રતિપંથીપણું છે એમ કહ્યું આનાથી,

પરાસ્ત જાણવું. તેમાં હેતુ કહે છે- ખરેખર દેવોને વેદનીયકર્મ અભિભૂત છે એથી કરીને જ વિચિત્ર-સ્વકાર્ય-અક્ષમ છે એવું નથી, પરંતુ તદ્‌ભવઔપગ્રહિક=તે ભવને ઉપગ્રહ=ઉપકાર કરનાર એવા, વિચિત્ર અદૃષ્ટના વશથી ઔદર્યજ્વલનવિશેષાદિ અનુપપદ્યમાનહેતુક વેદનીયકર્મ દેવોને છે.

❀ **'अनुपपद्यमानहेतुकमिति'** - **'इति'** શબ્દ હેતુઅર્થક છે.

❀ **'पुण्याभिभूतं'** એ હેતુઅર્થક વિશેષણ છે.

'एवं च'- અને પૂર્વમાં કહ્યું એ રીતે=દેવોને વેદનીય અભિભૂત છે એથી કરીને વિચિત્રસ્વકાર્યમાં અક્ષમ છે એવું નથી, પરંતુ તેમને તે ભવને ઉપકાર કરનાર વિચિત્ર અદૃષ્ટના વશથી ઔદર્યજ્વલન વિશેષ ન થાય તેવું વેદનીયકર્મ છે એ રીતે, તથાવિધ આહારપર્યાપ્તિ અને વેદનીયકર્મ ક્ષુધાતૃષાજનક છે, પરંતુ અનભિભૂત વિશેષણનો ત્યાં પ્રવેશ કરાવવો નહિ. અર્થાત્ તથાવિધ આહારપર્યાપ્તિ અને અનભિભૂત વેદનીયકર્મ ક્ષુધાતૃષાજનક છે એમ વેદનીયના વિશેષણ તરીકે પ્રવેશ કરાવવો નહિ, કેમ કે ગૌરવ છે એ પ્રમાણે પણ આચાર્યો કહે છે.**॥૯૪॥**

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે ક્ષુધાતૃષાજનક આહારપર્યાપ્તિ અને વેદનીયકર્મ છે. અને જો વેદનીયકર્મ અભિભૂત અને અનભિભૂત બે પ્રકારનું હોય અને અભિભૂત એવા વેદનીયકર્મને કારણે દેવોને ક્ષુધા પ્રાપ્ત ન થતી હોય, તો ગૌરવ હોવા છતાં અનભિભૂત વિશેષણનો વેદનીયકર્મમાં પ્રવેશ કરાવવો પડે, પરંતુ તેવા પ્રકારના અદૃષ્ટના વશથી કવાલાહાર કરવો પડે તેવું ઔદર્યજ્વલન દેવોને થતું નથી, આમ છતાં કેવલીને ક્ષુધા લાગતી નથી તે સ્વીકારવા અનભિભૂત વિશેષણ મૂકવાથી ગૌરવની પ્રાપ્તિ થાય છે, માટે તેમ સ્વીકારવું ઉચિત નથી. એ પ્રમાણે પણ આચાર્યો કહે છે.

પૂર્વપક્ષી કહે કે કેવલીને વેદનીયકર્મનો ઉદય છે પણ તે અભિભૂત છે તેથી તેમને વેદનીયનો ઉદય હોવા છતાં પણ ક્ષુધા ન લાગે ને છદ્મસ્થને અનભિભૂત વેદનીય છે તેથી ક્ષુધા લાગે છે. તેથી એ પ્રાપ્ત થાય કે તથાવિધ આહારપર્યાપ્તિ અને અનભિભૂત વેદનીય ક્ષુધાનું જનક છે તેથી ક્ષુધાના જનક એવા વેદનીયકર્મમાં વિશેષણરૂપે અભિભૂત સ્વીકારવું પડે. અનભિભૂત વિશેષણથી વિશિષ્ટ વેદનીયને કારણ માનવામાં ગૌરવ દોષ છે એમ પણ આચાર્યો કહે છે.

❀ અભિભૂત = કાર્ય કરવાની શક્તિ જેની હણાયેલી હોય તે. અનભિભૂત = જેની કાર્ય કરવાની શક્તિ હણાયેલી ન હોય તે. **॥૯૪॥**

अवतरणिका :- नन्वास्तामन्यत्, केवलज्ञानमेवौदर्यज्वलनोपतापप्रतिबन्धकमस्त्वित्याशङ्क्यायामाह-

अवतरणिकार्थ :- 'ननु'થી પૂર્વપક્ષી કહે છે કે અન્ય (વાત) દૂર રહો, કેવલજ્ઞાન જ ઔદર્યજ્વલનઉપપાતનું પ્રતિબંધક હો, એ પ્રમાણેની આશંકામાં (ગ્રંથકાર કહે છે-)

ગાથા :- **ण य केवलनाणाई छुहाइपडिबंधगं जिणिंदस्स ।**
दाहस्सिव मंताई इय जुत्तं तंतजुत्तीए ॥९५॥

(न च केवलज्ञानादि क्षुधादिप्रतिबन्धकं जिनेन्द्रस्य । दाहस्येव मन्त्रादीति युक्तं तन्त्रयुक्त्या ॥९५॥)

ગાથાર્થ :- મંત્રાદિ જેમ દાહાદિના પ્રતિબંધક છે તેમ જિનેન્દ્રના કેવલજ્ઞાનાદિ ક્ષુધાદિના પ્રતિબંધક છે એ પ્રમાણે (કહેવું) તન્ત્રયુક્તિથી=આગમવચનથી યુક્ત નથી.

ટીકા :- न खलु करतलानलसंयोगादिसत्त्वेऽपि मन्त्रादिना दाहप्रतिबन्ध इव वेदनीयोदयादिसत्त्वेऽपि केवलज्ञानादिना क्षुदादिप्रतिबन्धो दृष्टोऽस्ति येन मन्त्रादेर्दाहप्रतिबन्धकत्वमिव तस्य तत्प्रतिबन्धकत्वं सिद्धिसौधमध्यासीत। न चादृष्टार्थस्यागमादिपरिग्रहं विना सिद्धिर्नाम।

ટીકાર્થ :- 'न खलु' - કરતલ અગ્નિનો સંયોગાદિ હોવા છતાં પણ મંત્રાદિ વડે દાહનો પ્રતિબંધ થાય છે તેમ વેદનીયકર્મના ઉદયાદિ હોવા છતાં પણ કેવલજ્ઞાનાદિ વડે ક્ષુધાદિનો પ્રતિબંધ જોવાયેલો નથી, જેથી મંત્રાદિ દાહપ્રતિબંધક થાય છે તેમ તેનું=કેવલજ્ઞાનનું, તત્પ્રતિબન્ધકત્વ=ક્ષુધાદિપ્રતિબંધકત્વ, સિદ્ધિમહેલ=સિદ્ધિને પામે. અર્થાત્ કેવલજ્ઞાન ક્ષુધાદિનું પ્રતિબંધક છે એમ સિદ્ધ થાય.

ઉત્થાન :- અહીં પ્રશ્ન થાય કે મંત્રથી અગ્નિના દાહનો જેમ પ્રતિબંધ થાય છે તેમ કેવલજ્ઞાનાદિથી ક્ષુધાનો પ્રતિબંધ માનીએ તો શું વાંધો? તેથી કહે છે -

ટીકાર્થ :- 'न च' - આગમાદિ પરિગ્રહ વિના અદૃષ્ટાર્થની સિદ્ધિ થતી નથી.

ભાવાર્થ :- કેવલજ્ઞાનાદિથી ક્ષુધાનો પ્રતિબંધ થાય છે તેમ દેખાતું નથી, તેથી આગમમાં તેમ કહેલું હોય તો જ તેમ માની શકાય; પરંતુ મંત્રાદિના દૃષ્ટાંતથી કેવલજ્ઞાનાદિને પ્રતિબંધક માની શકાય નહીં. અને આગમમાં ક્યાંય કેવલજ્ઞાનાદિને ક્ષુધાના પ્રતિબંધક માન્યા નથી. આથી જ શ્લોકમાં કહેલ છે કે ક્ષુધાના પ્રતિબંધક કેવલજ્ઞાનાદિને કહેવા તંત્રયુક્તિથી યુક્ત નથી.

ટીકા :- अथौषधिविशेषस्यापि क्षुत्प्रतिबन्धकत्वं दृश्यत इति केवलज्ञानस्य कथं न तथात्वं? इति चेत्? अवधिज्ञानादेरिव गृहाण। कथमेतदेवं? इति चेत्? औषधपुद्गलादीनामौदर्यज्वलनाभिभावकबल-कान्त्याद्यनुकूलपरिणामविशेषनियामकशक्तिमत्त्वात्, ज्ञानादेश्चाऽतथाभावात्, अप्रामाणिक-प्रतिबन्धकत्वकल्पने चानन्तेषु तत्कल्पने गौरवं, मोहक्षयत्वादिना प्रतिबन्धकत्वे च तदभावत्वेन तत्र कारणत्वप्रसङ्गः। एतेन 'अनन्तप्रतिबन्धकानामन्यतमत्वेनैक एवाभावः कारणमित्यपि निरस्तं' अनभ्युपगमात्, उदासीनप्रवेशाऽप्रवेशाभ्यां विनिगमनाविरहप्रसङ्गाच्च।

ટીકાર્થ :- 'अथ'થી પૂર્વપક્ષી કહે કે ઔષધવિશેષનું પણ ક્ષુત્પ્રતિબંધકપણું દેખાય છે. એથી કરીને કેવલજ્ઞાનનું કેમ તથાપણું નથી=ક્ષુત્પ્રતિબંધકપણું નથી? તેને ગ્રંથકાર કહે છે કે, અવધિજ્ઞાનાદિની જેમ ગ્રહણ કર (જાણ), અર્થાત્ જેમ અવધિજ્ઞાનાદિ ક્ષુધાદિના પ્રતિબંધક નથી તેમ કેવલજ્ઞાન પણ ક્ષુધાદિનું પ્રતિબંધક નથી એ પ્રમાણે જાણ. અહીં પૂર્વપક્ષી કહે કે, અવધિજ્ઞાનાદિ ક્ષુધાદિના પ્રતિબંધક કેમ નથી? તો ગ્રંથકાર તેમાં હેતુ કહે છે- ઔષધપુદ્ગલાદિમાં ઔદર્યજ્વલનને અભિભાવક=અભિભવ કરનાર, અને બલ-કાંતિ આદિ અનુકૂળ પરિણામવિશેષનું નિયામક શક્તિમત્ત્વપણું છે, અને જ્ઞાનાદિનું અતથાત્વ છે, અર્થાત્ જ્ઞાનાદિમાં એવી કોઇ શક્તિ નથી કે ઔષધિની જેમ ક્ષુધાદિના પ્રતિબંધક તેને કહી શકાય.
'अप्रामाणिक' અને અપ્રામાણિક પ્રતિબંધકત્વની કલ્પના કરાયે છતે કેવલીમાં વર્તતા અનંતગુણોમાં ક્ષુધાના પ્રતિબંધકરૂપે કલ્પના કરવાની આપત્તિ આવશે, અને તે કલ્પના કરવામાં ગૌરવદોષ છે.

ભાવાર્થ :- 'अप्रामाणिक' - પૂર્વમાં કહ્યું કે જ્ઞાનાદિનો અતથાભાવ છે તેથી ઔષધિવિશેષની જેમ જ્ઞાનાદિ ક્ષુધાદિનાં પ્રતિબંધક થતાં નથી. આમ છતાં, જ્ઞાનાદિને ક્ષુધાદિનાં પ્રતિબંધક માનવામાં આવે તો અપ્રામાણિક પ્રતિબંધકની કલ્પના થાય, અને તે રીતે જીવમાં વર્તતા અનંતગુણોમાં પ્રતિબંધકત્વની કલ્પના કરવી પડે, કેમ કે જ્ઞાનાદિમાં ક્ષુધાદિનું પ્રતિબંધકત્વ દેખાતું નથી. આમ છતાં, જ્ઞાનાદિમાં ક્ષુધાદિના પ્રતિબંધકત્વની કલ્પના કરી શકાય તો કેવળીમાં તેવા જ બીજા અનંતગુણો છે તેમાં પણ પ્રતિબંધકત્વની કલ્પના થઇ શકે, અને તે કલ્પનામાં અનંત પ્રતિબંધક માનવાનું ગૌરવ પ્રાપ્ત થાય.

ઉત્થાન :- આ ગૌરવદોષને દૂર કરવા પૂર્વપક્ષી કહે કે, કેવલીમાં વર્તતા અનંતગુણોને તે તે ગુણરૂપે પ્રતિબંધક માનીએ તો અનંતગુણોને ક્ષુધા પ્રત્યે પ્રતિબંધક માનવામાં ગૌરવ દોષ આવે, પરંતુ કેવલીમાં વર્તતા અનંતગુણોને મોહક્ષયત્વાદિરૂપે પ્રતિબંધક માનીએ તો મોહક્ષયત્વાદિરૂપે તે અનંતગુણોનો સમુચ્ચય થવાથી ગૌરવ દોષ આવશે નહિ. જેમ ઘટ પ્રત્યે રક્તદંડ, શ્વેતદંડ, દીર્ઘદંડ, હ્રસ્વદંડ આદિ અનેક દંડો કારણ હોવા છતાં દંડત્વેન બધા દંડોનો સમુચ્ચય કરવાથી અનંત દંડોને કારણ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થતો નથી, તેમ મોહક્ષય અને કેવલજ્ઞાનાવરણીયના ક્ષયથી થતા બધા ગુણોને મોહક્ષયત્વાદિરૂપે ગ્રહણ કરીને પ્રતિબંધક માનવાથી, ઉપસ્થિતકૃત ગૌરવદોષ આવશે નહિ, આ પ્રકારની પૂર્વપક્ષીની શંકાને સામે રાખીને ગ્રંથકાર કહે છે-

ટીકાર્થ :- 'मोहक्षयत्वादिना'- અને મોહક્ષયત્વાદિરૂપે પ્રતિબંધકપણું હોતે છતે તદભાવપણા વડે કરીને= મોહક્ષયત્વાદિના અભાવપણા વડે કરીને ત્યાં=ક્ષુધામાં, કેવલીમાં વર્તતા અનંતગુણોના કારણત્વનો પ્રસંગ આવશે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે કેવલીમાં વર્તતા અનંત ગુણો મોહક્ષય અને કેવલજ્ઞાનાવરણીય આદિનો ક્ષય થયો હોવાને કારણે પ્રગટ થયા છે, અને તે ગુણો કેવલીને ક્ષુધા પેદા કરવામાં પ્રતિબંધક છે એમ પૂર્વપક્ષી સ્વીકારે તો ગ્રંથકાર કહે છે કે, સંસારી જીવોને મોહનો ક્ષય અને કેવલજ્ઞાનાવરણીયનો ક્ષય થયેલો નથી તેથી સંસારી જીવોમાં તે અનંત ગુણોનો અભાવ છે, અને તે અનંત ગુણોનો અભાવ ક્ષુધા પ્રત્યે કારણ માનવાનો પ્રસંગ આવશે. કેમ કે જે ગુણો ક્ષુધાના પ્રતિબંધક હોય તે ગુણોનો અભાવ પ્રતિબંધકાભાવરૂપે ક્ષુધા પ્રત્યે કારણ છે તેમ

માનવું પડે. તેથી પૂર્વમાં આપેલ ગૌરવદોષ દૂર થવા છતાં ક્ષાયિક ભાવના ગુણો અભાવરૂપે ક્ષુધાના કારણ છે તેમ દિગંબરને માનવું પડે, અને તેમ માનવું ઉચિત નથી. કેમ કે ક્ષુધા પ્રત્યે ક્ષુધાવેદનીયકર્મ જ કારણ છે, પરંતુ ક્ષાયિક ગુણોનો અભાવ કારણ માનવું તે કલ્પનામાત્ર છે, તે પ્રકારનો ગ્રંથકારનો આશય છે.

ટીકાર્થ :- 'एतेन' - પૂર્વમાં કહ્યું કે મોહક્ષયત્વાદિરૂપે કેવલીમાં વર્તતા અનંતગુણોને ક્ષુધા પ્રત્યે પ્રતિબંધક માનશો તો, મોહક્ષયત્વાદિના અભાવરૂપે સંસારી જીવોમાં વર્તતા તે અનંતગુણોના અભાવને ક્ષુધા પ્રત્યે કારણ માનવાનો પ્રસંગ આવશે, એનાથી વક્ષ્યમાણ કથન પણ નિરસ્ત જાણવું. અને વક્ષ્યમાણ કથન આ પ્રમાણે છે-
'अनन्त' - અનંતપ્રતિબંધકોનો અન્યતમત્વેન એક જ અભાવ (ક્ષુધા પ્રત્યે) કારણ છે, એ પણ નિરસ્ત જાણવું. અર્થાત્ કેવલીમાં વર્તતા અનંતગુણો જે ક્ષુધાના પ્રતિબંધક છે, તે અનંતપ્રતિબંધકોનો અન્યતમત્વેન સંગ્રહ કરીને એક જ અભાવ ક્ષુધા પ્રત્યે કારણ માનીશું એમ જે કોઇ કહે છે, તે પણ નિરસ્ત જાણવું; કેમ કે અનભ્યુપગમ છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે દિગંબર મતને અનુસરનાર કોઇક કહે છે કે, કેવલીમાં વર્તતા અનંતગુણો ક્ષુધાના પ્રતિબંધક છે તેથી કેવલીને ક્ષુધા લાગતી નથી. અને કેવલીમાં વર્તતા ક્ષુધાના પ્રતિબંધક એવા અનંત ગુણોનો અન્યતમરૂપે સંગ્રહ કરીને તે બધા ગુણોનો જે અભાવ છે તે ક્ષુધા પ્રત્યે કારણ છે, અને સંસારીજીવોમાં તે સર્વગુણોનો અભાવ વર્તે છે તેથી, ક્ષુધા પ્રત્યે જેમ અસાતાવેદનીયનો ઉદય કારણ છે તેમ, અનંતગુણોનો અભાવ પણ પ્રતિબંધકાભાવરૂપે ક્ષુધા પ્રત્યે કારણ છે અને ક્ષુધાવેદનીયકર્મનો ઉદય પણ ક્ષુધા પ્રત્યે કારણ છે. આ પ્રકારની કાર્ય-કારણભાવની વ્યવસ્થા દિગંબરમતના અનુયાયી કરે છે, તે પૂર્વના કથનથી નિરસ્ત છે. કેમ કે તે પ્રકારનો કાર્ય-કારણભાવ સ્વીકારાયેલ નથી.

ગ્રંથકારને એ કહેવું છે કે જેમ મોહક્ષયત્વાદિના અભાવરૂપે સંસારીજીવામાં વર્તતા અનંતગુણોનો અભાવ ક્ષુધા પ્રત્યે કારણ સ્વીકૃત નથી, તેમ આત્માના અનંતગુણોનો અન્યતમત્વેન અભાવ સ્વીકારીને ક્ષુધાપ્રત્યે કારણ તરીકે સ્વીકારવો, એ પ્રકારનો કાર્ય-કારણભાવ, શાસ્ત્રોને સ્વીકાર્ય નથી. માટે ક્ષુધા પ્રત્યે ક્ષુધાવેદનીયકર્મનો ઉદય કારણ તરીકે સ્વીકારવો ઉચિત છે, પરંતુ અનંતગુણોનો અભાવ કારણ છે એમ માનવું ઉચિત નથી.

ઉત્થાન :- અહીં પૂર્વપક્ષી કહે કે તમારાં (શ્વેતાંબરનાં) શાસ્ત્રો કેવલીમાં ક્ષુધા સ્વીકારે છે, તેથી તમે પૂર્વમાં કહ્યો તેવો કાર્ય-કારણભાવ માનતા નથી. પરંતુ અમારાં (દિગંબરનાં) શાસ્ત્રો તો કેવલીમાં ક્ષુધા સ્વીકારતાં નથી, તેથી કેવલીમાં વર્તતા અનંતગુણોને ક્ષુધા પ્રત્યે પ્રતિબંધક માનીએ, અને તેનો અભાવ ક્ષુધા પ્રત્યે કારણ માનીએ, તો કોઇ દોષ નથી. તેથી ગ્રંથકાર બીજો હેતુ કહે છે-

ટીકાર્થ :- 'उदासीन'- ઉદાસીનના પ્રવેશ-અપ્રવેશ દ્વારા વિનિગમનાના વિરહનો પ્રસંગ છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે જેમ કેવલજ્ઞાન પ્રત્યે કેવલજ્ઞાનાવરણીયનો ક્ષય 'આવરણઅપગમવિધયા' કારણ છે, અને મોહનીયનો ક્ષય 'ઉદાસીનવિધયા' કારણ છે; કેમ કે મોહ કેવલજ્ઞાનનું સાક્ષાત્ આવારક નથી, પરંતુ કેવલજ્ઞાનાવરણ જ આવારક છે; તો પણ મોહક્ષય થયા પછી જ કેવલજ્ઞાનાવરણનો ક્ષય થાય છે, તેથી કેવલજ્ઞાન પ્રત્યે મોહનો ક્ષય 'ઉદાસીનવિધયા' કારણ છે, અને કેવલજ્ઞાનાવરણીયનો ક્ષય 'આવરણઅપગમવિધયા' કારણ

છે. તે જ રીતે પ્રસ્તુતમાં ક્ષુધાદિ લગાડવામાં ક્ષુધાવેદનીયકર્મ 'જનકવિધયા' કારણ છે, અને સંસારીજીવોમાં કેવલીમાં વર્તતા અનંતગુણોનો અભાવ સાક્ષાત્ક્ષુધાને પેદા કરતો નથી, પરંતુ ક્ષુધાવેદનીયકર્મના ઉદયથી ક્ષુધા પેદા થાય છે તે વખતે તે ગુણોનો અભાવ અવશ્ય હોય છે, તેથી (ક્ષુધા પ્રત્યે તે અનંતગુણોનો અભાવ અવશ્ય હોય છે તેથી) ક્ષુધા પ્રત્યે તે અનંતગુણો 'ઉદાસીનવિધયા' કારણ માનવા પડે, અને ક્ષુધાવેદનીયને સાક્ષાત્ જનકરૂપે કારણ તરીકે સ્વીકારવું પડે. તેથી ક્ષુધા પ્રત્યે ઉદાસીનને પ્રવેશ કરાવીને કાર્ય-કારણભાવ સ્વીકારવો કે ઉદાસીનને પ્રવેશ કરાવ્યા વગર કાર્યકારણભાવ સ્વીકારવો, આ રીતે ઉદાસીનના પ્રવેશવાળો કાર્યકારણભાવ અને ઉદાસીનના પ્રવેશ વગરનો કાર્ય-કારણભાવ, આમ બે પ્રકારના કાર્ય-કારણભાવ થાય. એમાં કયો કાર્ય-કારણભાવ સ્વીકારવો તેમાં કોઈ વિનિગમક નથી. તેથી અનુભવને અનુરૂપ ક્ષુધા પ્રત્યે ક્ષુધાવેદનીયનો ઉદય જ કારણરૂપે સ્વીકારવો ઉચિત છે.

અહીં વિશેષ એ છે કે ઉદાસીન કારણને પ્રવેશ કરાવીને કાર્ય-કારણભાવ સ્વીકારીએ તો દિગંબરની માન્યતા સંગત થાય અને ઉદાસીન કારણનો અપ્રવેશ કરાવીને કાર્ય-કારણભાવ સ્વીકારીએ તો શ્વેતાંબરની માન્યતા સંગત થાય. જ્યારે તે બેમાં કોઈ વિનિગમક ન મળે ત્યારે અનુભવને અનુરૂપ કાર્ય-કારણભાવ માનવો જોઈએ, અને અનુભવ એ જ છે કે ક્ષુધાવેદનીયકર્મના ઉદયથી ક્ષુધા પેદા થાય છે પરંતુ કેવલજ્ઞાનાદિ ગુણોનો અભાવ છે તેથી ક્ષુધા પ્રગટે છે તેવો અનુભવ નથી.

ટીકા :- अथ सर्वलब्धिसंपन्नानां भगवतां क्षुदादिप्रतिबन्धकलब्ध्यापि भवितव्यमिति चेत्? न, एतस्य श्रद्धामात्रशरणत्वात्, वस्तुतो वेदनीयकर्मक्षयजन्यलब्धेरेव तादृशत्वादिति दिग्॥९५॥

ટીકાર્થ :- '**अथ**'થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે સર્વલબ્ધિસંપન્ન ભગવાનને ક્ષુધાદિપ્રતિબંધક લબ્ધિ પણ થાઓ. તેને ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે આનું=સર્વલબ્ધિસંપન્ન ભગવાનને ક્ષુધાદિપ્રતિબંધક લબ્ધિ પણ થાય એનું, શ્રદ્ધામાત્રશરણપણું છે. વસ્તુતઃ વેદનીયકર્મક્ષયજન્ય લબ્ધિનું જ તાદૃશપણું=ક્ષુધાદિપ્રતિબંધકપણું છે, એ પ્રમાણે દિશાસૂચન છે. **॥૯૫॥**

ભાવાર્થ :- ભવસ્થ કેવલીને વેદનીયકર્મનો ઉદય હોવાને કારણે વેદનીયકર્મક્ષયજન્ય લબ્ધિ હોતી નથી, માટે ક્ષુધાદિ તેમને લાગે છે. સિદ્ધોને વેદનીયકર્મનો ક્ષય થવાને કારણે ક્ષુધાદિ ન લાગે તેવી લબ્ધિ હોય છે. **॥૯૫॥**

અવતરણિકા :- अथ क्षुदादेर्बलापचायकत्वात् कथमनन्तवीर्याणां तत्संभवः? इत्याशङ्क्याह-

અવતરણિકાર્થ :- '**अथ**'થી પૂર્વપક્ષી કહે કે ક્ષુધાદિનું બલ-અપચાયકપણું હોવાને કારણે અનંતવીર્યવાળા કેવલીઓને તત્સંભવ=ક્ષુધાદિનો સંભવ, કેવી રીતે હોય? એ પ્રમાણે આશંકા કરીને કહે છે-

ગાથા :- **खिज्जइ बलं छुहाए ण य तं जुज्जइ अणंतविरियाणं ।**
इय वुत्तंपि ण सुत्तं बलविरियाणं जओ भेओ ॥९६॥

(क्षीयते बलं क्षुधया न च तद्युज्यतेऽनन्तवीर्याणाम् । इदमुक्तमपि न सूक्तं बलवीर्ययोर्यतो भेदः ॥९६॥)

ગાથાર્થ :- ક્ષુધા વડે બલની હાનિ થાય છે અને અનંતવીર્યવાળા કેવલીઓને તે=ક્ષુધા, ઘટે નહિ. આ ઉક્ત પણ સુ-ઉક્ત નથી. જે કારણથી બળ અને વીર્યનો ભેદ છે.

❀ **'इदमुक्तमपि न सूक्तं** અહીં **'अपि'**થી એ સમુચ્ચય થાય છે કે, કેવલીને ક્ષુધા નથી એ કથન તો સુ-ઉક્ત નથી; પરંતુ આ કહેલું પણ=ક્ષુધા વડે બલ ક્ષય થાય છે અને અનંતવીર્યવાળા કેવલીને ક્ષુધા નહિ ઘટે, આ કહેલું પણ, સુ-ઉક્ત નથી.

ટીકા :- बलं हि शारीरं, वीर्यं चान्तरशक्तिविशेष इति प्रसिद्धम्, तत्र वीर्यान्तरायकर्मक्षयोद्भूतस्य वीर्यस्य ज्ञानस्येव स्वयं (प्रवृत्तस्य) भुवनाभोगलक्षणाभ्यन्तरव्यापाररूपस्यानन्तत्वेऽपि भगवतां शारीरबल-चयापचयौ भवत एव, तयोस्तथाविधपुद्गलचयापचयाधीनत्वात्।

ટીકાર્થ :- 'बलं' - બલ શારીરિક છે=શરીર સંબંધી છે, અને વીર્ય આન્તરશક્તિવિશેષ છે, એ પ્રકારે પ્રસિદ્ધ છે. ત્યાં=ભગવાનમાં, સ્વયં પ્રવૃત્ત અને ભુવનાભોગલક્ષણ આભ્યંતરવ્યાપારરૂપ એવા વીર્યાંતરાયકર્મના ક્ષયથી ઉદ્ભૂત વીર્યનું જ્ઞાનની જેમ અનંતપણું હોવા છતાં પણ,=ચયઅપચય ન થાય તેવું અનંતપણું હોવા છતાં પણ, ભગવાનના શારીરિક બલનો ચય-અપચય થાય જ છે, કેમ કે તે બેનું=શારીરિક બલના ચય-અપચયનું, તથાવિધ પુદ્ગલના ચય-અપચયને આધીનપણું છે.

❀ **'स्वयं'** પછી **'प्रवृत्तस्य'** હોવું જોઈએ અથવા અધ્યાહાર છે તેમ માનવું જોઈએ.

ભાવાર્થ :- બલ, શરીરને અવલંબીને આત્મામાં થતો પરિણામવિશેષ છે, અને વીર્ય, શરીરાદિ નિરપેક્ષ જીવના પરિણામરૂપ અંતરંગ શક્તિવિશેષ છે.

'भुवनाभोग'- તાત્પર્ય એ છે કે, ભુવનનું જ્ઞાન કરવા સ્વરૂપ અભ્યંતર વ્યાપારરૂપ ક્ષાયિકજ્ઞાન જેમ સ્વયં પ્રવર્તે છે=ઇંદ્રિયાદિ નિરપેક્ષ પ્રવર્તે છે, તેમ વીર્યાંતરાયકર્મના ક્ષયથી ઉદ્ભૂતવીર્ય પણ સ્વયં પ્રવર્તે છે=શરીરાદિ નિરપેક્ષ પ્રવર્તે છે, અને જ્ઞાન તથા વીર્યનું અનંતપણું છે. વીર્યનું અનંતપણું હોવા છતાં શરીરસંબંધી બળનો ચય-અપચય કેવલીને થાય છે; કેમ કે શારીરિક બળનો ચય-અપચય જીવની અંતરંગ શક્તિ ઉપર આધારિત નથી, પરંતુ શારીરિક બળના નિયામક તેવા પ્રકારના પુદ્ગલના ચય-અપચયને આધીન છે. તેથી કેવલી આહાર ન કરે તો શારીરિક બળનો અપચય થાય છે, અને આહાર કરે તો શારીરિક બળનો ચય થાય છે.

ટીકા :- एतेन 'ज्ञानस्येव क्षायिकवीर्यस्याविकारित्वात् कथं तद्धानिवृद्धी?' इति परास्तं, योगपरिणाम-रूपस्य बलस्य शरीरनामकर्मपरिणतिविशेषरूपत्वेनाऽक्षायिकत्वात्, उक्तं च प्रज्ञापनावृत्तौ- 'स पुनर्योगः शरीरनामकर्मपरिणतिविशेष इति' **कथमेतदित्थं? इति चेत्? योगनिरोधेन तन्निरोधात् लेश्यावत्, योगो वीर्यं शक्तिरुत्साहः पराक्रम इति पर्यायवचनाच्च।**

ટીકાર્થ :- '**एतेन**'- આના દ્વારા=કેવલીને શારીરિક બળનો ચય-અપચય થાય છે એમ કહ્યું આના દ્વારા, વક્ષ્યમાણ કથન પરાસ્ત છે. અને વક્ષ્યમાણ કથન આ પ્રમાણે છે- '**ज्ञानस्येव**'- ક્ષાયિકજ્ઞાનની જેમ વીર્યનું અવિકારીપણું હોવાથી તેની=વીર્યની, હાનિ-વૃદ્ધિ કેવી રીતે થાય? અર્થાત્ ન થાય. આ કથન પરાસ્ત જાણવું. તેમાં હેતુ કહે છે- યોગપરિણામરૂપ બળનું શરીરનામકર્મપરિણતિવિશેષરૂપપણું હોવાના કારણે અક્ષાયિકપણું છે. તે બલ શરીરનામકર્મની પરિણતિવિશેષરૂપ છે. તેમાં સાક્ષી કહે છે - '**उक्तं च**'- અને પ્રજ્ઞાપનાવૃત્તિમાં કહ્યું છે - તે યોગ, શરીરનામકર્મની પરિણતિવિશેષરૂપ છે. '**इति**' ઉદ્ધરણના કથનની સમાપ્તિસૂચક છે.

ભાવાર્થ :- પૂર્વપક્ષીને એ કહેવું છે કે જેમ ક્ષાયિક એવું કેવળજ્ઞાન જીવના સ્વભાવરૂપ હોવાથી અવિકારી છે, અને મતિ આદિ જ્ઞાનો કર્મનો ઉદય અને જીવના પરિણામ ઉભયથી જન્ય હોવાથી વિકારી છે, તેમ ક્ષયોપશમભાવવાળું વીર્ય, કર્મનો ઉદય અને જીવના પરિણામરૂપ હોવાથી વિકારી છે; જ્યારે ક્ષાયિક એવા કેવલજ્ઞાનની જેમ ક્ષાયિક વીર્ય અવિકારી છે, તેથી તેમાં હાનિવૃદ્ધિ થઈ શકે નહિ. તેને કારણે કેવલીને આહારની આવશ્યકતા રહેતી નથી. કેમ કે જેમ સંસારીજીવોને આહારના અભાવમાં વીર્યની હાનિ થાય છે અને આહાર કરવાથી વીર્યની વૃદ્ધિ થાય છે, તેમ કેવલીને ક્ષાયિક વીર્ય હોવાથી હાનિ-વૃદ્ધિ સંભવિત નથી. તેથી તેમને ક્ષુધા લાગતી નથી. આ રીતે પૂર્વપક્ષીનું કથન છે, તે કેવલીને શારીરિક બળનો ચય-અપચય થાય છે એમ કહ્યું તેનાથી પરાસ્ત જાણવું. અને તેમાં જે હેતુ કહ્યો કે યોગપરિણામરૂપ બળનું શરીરનામકર્મપરિણતિવિશેષરૂપપણું હોવાને કારણે અક્ષાયિકપણું છે; તેનું તાત્પર્ય એ છે કે, પૂર્વેમાં કહ્યું કે બલ અને વીર્ય એ બે જુદાં છે એ પ્રમાણે પ્રસિદ્ધ છે. અને બલ એ શરીરસંબંધી છે અને તે મન-વચન-કાયાના યોગપરિણામરૂપ શરીરનામકર્મની પરિણતિવિશેષરૂપ છે.=શરીરનામકર્મને કારણે શરીરની પ્રાપ્તિ થાય છે અને શરીરના અંગભૂત મન-વચન-કાયાના યોગો છે, તે યોગોને પ્રવર્તાવવાનું શરીરમાં સામર્થ્ય છે, તે સામર્થ્ય તથાવિધ શરીરનામકર્મની પરિણતિને કારણે પેદા થાય છે, તેથી યોગપરિણામરૂપ બળને શરીરનામકર્મની પરિણતિવિશેષરૂપ કહેલ છે. અને તે જીવનો કર્મના ઉદયકૃત થનારો ભાવ છે, તેથી તેને ક્ષાયિકભાવ ન કહેવાય. માટે અક્ષાયિક એવું શારીરિક બળ કર્મના ઉદયની તરતમતાકૃત તરતમતાવાળું કેવલીમાં હોઈ શકે છે. અને તે બળના અપચયને કારણે કેવલીને પણ આહારની આવશ્યકતા રહે છે. આ પ્રકારનો સિદ્ધાંતકારનો આશય છે.

ટીકાર્થ :- '**कथमेतदित्थं**'- અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે આ=યોગપરિણામરૂપ બળ, આ પ્રકારે= શરીરનામકર્મની પરિણતિવિશેષરૂપ, કેમ છે? તેને ગ્રંથકાર કહે છે- '**योगनिरोधेन**'- યોગનિરોધ દ્વારા લેશ્યાની જેમ તેનો=બળનો, નિરોધ થતો હોવાથી (યોગપરિણામરૂપ બળ શરીરનામકર્મની પરિણતિવિશેષરૂપ છે.)

ઉત્થાન :- અહીં શંકા થાય કે, યોગના નિરોધથી જેમ બલનો નિરોધ થાય છે, તેમ વીર્યની પ્રવૃત્તિનો પણ નિરોધ દેખાય છે, તેથી કહે છે-

ટીકાર્થ :- '**योगो**'- યોગ, વીર્ય, શક્તિ, ઉત્સાહ અને પરાક્રમ એ પ્રકારે પર્યાયવચન છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે, કેવલી જે વખતે યોગનિરોધ કરે છે તે વખતે શારીરિક બળનો નિરોધ થાય છે. તેથી તે બળ શરીરનામકર્મની પરિણતિવિશેષરૂપ છે. કેમ કે યોગનિરોધકાળમાં જીવનું વીર્ય પોતાના ભાવોમાં વર્તે છે, પરંતુ યોગને અવલંબીને થનારા બળમાં યત્ન હોતો નથી, તેથી શરીરને અવલંબીને જે બળ પૂર્વમાં દેખાતું હતું તે યોગનિરોધ કર્યા પછી હોતું નથી. કેવલીને વીર્ય પ્રવર્તાવવામાં શરીરાદિ પુદ્ગલો સાથે હવે કોઇ સંબંધ નથી, તેથી શરીરને અવલંબીને થનારો જે પરિણામ તે શરીરનામકર્મની પરિણતિવિશેષરૂપ જ હોઇ શકે.

'લેશ્યાવત્' કહ્યું એ દૃષ્ટાંતનું તાત્પર્ય એ છે કે, જેમ યોગનિરોધ દ્વારા લેશ્યાનો નિરોધ થાય છે તેથી ચૌદમા ગુણસ્થાનકે લેશ્યા હોતી નથી, અને તે લેશ્યા જીવના સ્વાભાવિક પરિણામરૂપ નથી, પરંતુ જીવના ઔપાધિક પરિણામરૂપ છે; તેમ યોગનિરોધ દ્વારા બળનો પણ નિરોધ થાય છે, માટે તે બળ પણ કર્મરૂપ ઉપાધિકૃત જીવનો પરિણામ છે. માટે બળને શરીરનામકર્મની પરિણતિવિશેષરૂપ કહેલ છે.

'योगो' યોગ, વીર્ય, શક્તિ, ઉત્સાહ, પરાક્રમ એ પ્રમાણે પર્યાયવચન છે એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, શરીરધારી જીવોને મન-વચન-કાયાને અવલંબીને જે આત્મપ્રદેશોમાં સ્પંદનાત્મક યોગ પ્રવર્તે છે તે નામકર્મની પરિણતિવિશેષ છે, તેમ આત્મપ્રદેશોમાં સ્પંદનાત્મક વીર્યનું પ્રવર્તન પણ નામકર્મની પરિણતિવિશેષરૂપ છે. આથી જ યોગનિરોધને કારણે વીર્યની પ્રવૃત્તિનો પણ નિરોધ થાય છે. આમ છતાં, વીર્યાંતરાયકર્મના ક્ષયથી થયેલું અંતરંગશક્તિવિશેષરૂપ વીર્ય સંસારીજીવોને વર્તતા પ્રવૃત્ત્યાત્મક વીર્ય કરતાં જુદું છે. તેથી જ યોગનિરોધ પછી પણ ભગવાનને અનંતવીર્ય હોય છે, અને પ્રવૃત્ત્યાત્મક=મન-વચન-કાયાની ચેષ્ટારૂપ, વીર્ય સંસારીજીવોમાં હોય છે તે ૧૩મા ગુણસ્થાનક સુધી હોય છે.

જીવમાં જે ક્ષાયિકવીર્ય પ્રાદુર્ભાવ થાય છે તે આ=પ્રવૃત્ત્યાત્મક વીર્ય કરતાં જુદું છે. ક્ષાયિકવીર્ય જીવની શક્તિરૂપ છે, તેથી ક્ષાયિકવીર્યમાં વીર્ય શબ્દ યોગનો પર્યાયવાચી ન સમજવો; પરંતુ ક્ષુધાને કારણે યોગની જે હાનિ દેખાય છે તેને વીર્યની હાનિ કે પરાક્રમની હાનિ એમ કહેવાય છે. તેથી કેવલીને પણ આહારના અભાવમાં યોગની હાનિરૂપ વીર્યની હાનિ હોઇ શકે છે, પરંતુ કેવલીમાં વર્તતા ક્ષાયિકવીર્યની હાનિ-વૃદ્ધિ થતી નથી. કેમ કે કેવલીને વીર્યાંતરાયકર્મનો સંપૂર્ણ ક્ષય થયેલ છે.

ટીકા :- अथैवं शरीरनामकर्मक्षयात् क्षायिकं बलं स्यादिति चेत्? स्यादेव, प्रयत्ननिरोधात् परमनिश्चलता-रूपचारित्राऽपृथग्भूतमेव तदित्येके। क्षायिकचारित्रस्येव क्षायिकवीर्यस्यापि सादिसान्तत्वं बहिः परिणामित्वं चेति सिद्धान्तः॥९६॥

ટીકાર્થ :- **'अथ'**થી પૂર્વપક્ષી શંકા કરે છે કે, આ રીતે=તમે કહ્યું કે બલ શરીરનામકર્મની પરિણતિવિશેષરૂપ હોવાથી અક્ષાયિક છે એ રીતે, શરીરનામકર્મના ક્ષયથી ક્ષાયિક બલ પણ થાય. તેનો સ્વીકાર કરતાં ગ્રંથકાર કહે છે કે થાય જ, પ્રયત્નના નિરોધથી પરમનિશ્ચલતારૂપ ચારિત્રથી અપૃથગ્ભૂત જ તે=બળ, છે, એ પ્રમાણે એક આચાર્ય કહે છે. ક્ષાયિકચારિત્રની જેમ ક્ષાયિકવીર્યનું પણ સાદિસાંતપણું અને બહિઃપરિણામિપણું (છે), એ પ્રમાણે સિદ્ધાંત છે. **॥૯૬॥**

ભાવાર્થ :- '**अथ**'થી પૂર્વપક્ષીએ શંકા કરી તેનું તાત્પર્ય એ છે કે, યદ્યપિ કર્મના ઉદયકૃત જો બલ પેદા થતું હોય તો કર્મના ઉદયના અભાવને કારણે બલનો અભાવ છે તેમ કહી શકાય. પરંતુ કર્મના ઉદયથી જીવને દુઃખ પેદા થાય છે તો કર્મના ક્ષયથી ક્ષાયિક દુઃખ થવું જોઈએ એમ પ્રશ્ન કરી શકાય નહિ, તેમ શરીરનામકર્મના ક્ષયથી ક્ષાયિક બલ થવું જોઈએ એ પ્રશ્ન જ થઈ શકે નહિ. તો પણ જેમ કર્મના ઉદયથી જીવમાં શાતારૂપ સુખ પેદા થાય છે અને વેદનીયકર્મના ક્ષયથી અવ્યાબાધ સુખરૂપ જીવનો ગુણ પેદા થાય છે, તેમ પુણ્યપ્રકૃતિસ્વરૂપ શરીરનામકર્મની પરિણતિવિશેષરૂપ જે બળ પેદા થાય છે, જે શરીરધારી આત્માના પરિણામરૂપ છે, તે શરીરનામકર્મના ક્ષયથી ક્ષાયિકરૂપે થવું જોઈએ; એ પ્રકારના આશયથી પૂર્વપક્ષી કહે છે, તેનો સ્વીકાર કરતાં ગ્રંથકાર કહે છે કે, થાય જ; પરંતુ યોગનિરોધથી થતા પરમનિશ્ચલતારૂપ ચારિત્રથી અપૃથગ્ભૂત જ તે બલ છે, એમ એક આચાર્ય કહે છે. તેનું તાત્પર્ય એ છે કે, શરીરનામકર્મથી થનારું જે બલ છે તે પ્રયત્નસ્વરૂપ છે, અને ક્ષાયિકબલ છે તે યોગનિરોધથી થનારું છે, અને તે પરમનિશ્ચલતારૂપ ચારિત્રસ્વરૂપ જ છે. જ્યારે સિદ્ધાંતકાર તો સિદ્ધમાં ક્ષાયિકચારિત્રની જેમ ક્ષાયિકવીર્યને પણ સ્વીકારતા નથી, તેથી ક્ષાયિકવીર્યને સાદિસાંત અને બહિઃપરિણામરૂપ કહે છે. તેનું તાત્પર્ય એ છે કે, શરીરનામકર્મના ક્ષયથી પેદા થનારું બળ સિદ્ધાંતકાર માનતા નથી. તેનું કારણ તેમના મતે ચારિત્ર પણ મોક્ષને પ્રાપ્ત કરવામાં અનુકૂળ યત્ન સ્વરૂપ છે, તે જ કેવલી અવસ્થામાં ઉચિત પ્રવૃત્તિ (આચાર) સ્વરૂપ છે; અને ચૌદમે ગુણસ્થાનકે સર્વસંવરરૂપ ચારિત્ર છે તે મોક્ષના કારણસ્વરૂપ છે. મોક્ષમાં ક્ષાયિકચારિત્ર હોતું નથી, કેમ કે ઉચિત આચરણારૂપ કે કૃત્સ્ન કર્મક્ષયને અનુકૂળ યત્નરૂપ સર્વસંવરસ્વરૂપ ચારિત્રની મોક્ષમાં આવશ્યકતા નથી. સિદ્ધના જીવોને કર્મક્ષય કરવાનો બાકી નથી, તેથી તેના કારણભૂત ઉચિતઆચરણાસ્વરૂપ ચારિત્ર સિદ્ધના જીવોમાં નથી. તે જ રીતે ક્ષાયિકવીર્ય પણ સિદ્ધોમાં નથી, પરંતુ જ્ઞાનપરિણામસ્વરૂપ આત્મા સિદ્ધાવસ્થામાં છે. આ પ્રમાણે સિદ્ધાંતકારનો અભિપ્રાય છે. **॥૯૬॥**

अवतरणिका :- अथ योगजन्यापि क्रिया भगवतां न भवतीति शङ्कते-

अवतरणिकार्थ :- '**अथ**' થી યોગજન્ય પણ ક્રિયા ભગવાનને હોતી નથી, એ પ્રકારે પૂર્વપક્ષી શંકા કરે છે-

❀ '**योगजन्यापि**' અહીં '**अपि**'થી એ સમુચ્ચય કરવો છે કે મોહજન્ય ક્રિયા તો ભગવાનને હોતી નથી, પરંતુ યોગજન્ય ક્રિયા પણ ભગવાનને હોતી નથી.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે યોગજન્ય ક્રિયા નહિ હોવાને કારણે ભગવાનને આહાર ગ્રહણ કરવાની ક્રિયા સંભવે નહિ. માટે કેવલીને ભુક્તિ નથી આ પ્રકારની શંકા પ્રસ્તુત ગાથામાં પૂર્વપક્ષીએ કરેલ છે.

ગાથા :- **बंधो परपरिणामा सो पुण नाणा न वीयमोहाणं ।**
जोगकयावि हु किरिया तो तेसिं होइ णिब्बीया ॥९७॥

(बन्धो परपरिणामात् स पुनर्ज्ञानान्न वीतमोहानां । योगकृतापि क्रिया तत्तेषां भवति निर्बीजा ॥९७॥)

ગાથાર્થ :- પરપરિણામથી બંધ થાય છે વળી તે =બંધ, વીતમોહવાળા કેવલીઓને જ્ઞાન હોવાથી થતો નથી. 'तत्'=તે કારણથી, તેઓને=વીતમોહવાળા કેવલીઓને, યોગકૃત પણ ક્રિયા નિર્બીજ હોય છે.

❀ **'योगकृतापि'**- અહીં **'अपि'**થી એ કહેવું છે કે મોહજન્ય ક્રિયા તો ભગવાનને હોતી નથી પરંતુ યોગજન્ય ક્રિયા પણ નિર્બીજ હોય છે.

ભાવાર્થ :- પરપદાર્થમાં કર્તૃત્વ-ભોક્તૃત્વરૂપ પરિણામથી બંધ થાય છે, અને મોહવગરના કેવલીને પોતે પરપદાર્થના કર્તા-ભોક્તા નથી એવું જ્ઞાન હોવાને કારણે બંધ થતો નથી. તે કારણથી તેઓને યોગકૃત ક્રિયા નિર્બીજ હોય છે, અર્થાત્ સ્વપ્રયત્નકૃત હોતી નથી. કેમ કે પરપદાર્થમાં કેવલીને કર્તૃત્વ કે ભોક્તૃત્વબુદ્ધિ નહિ હોવાના કારણે પરપદાર્થમાં પ્રવૃત્તિ કરવાની ઇચ્છારૂપ પરિણામ તેમને થતો નથી. તેથી તેમની યોગકૃત પણ ક્રિયા નિર્બીજ છે એ પ્રમાણે કહેલ છે.

અહીં પ્રશ્ન થાય કે અવતરણિકામાં કહ્યું કે, ભગવાનને યોગજન્ય પણ ક્રિયા હોતી નથી એ પ્રકારે પૂર્વપક્ષી શંકા કરે છે; અને ગાથાર્થમાં કહ્યું કે તેઓને યોગકૃત ક્રિયા પણ નિર્બીજ હોય છે, તેથી ક્રિયાનો સ્વીકાર પ્રાપ્ત થાય. આ કથનનું તાત્પર્ય એ છે કે, પૂર્વપક્ષીને એ કહેવું છે કે જેમ વાદળાંનું સ્વાભાવિક ગમન હોય છે, પોતાની ક્રિયાકૃત ગમન નથી, પંણ પવનાદિકૃત વાદળાંનું ગમન હોય છે; તેમ કેવલીઓને પણ પોતાના પ્રયત્નકૃત ક્રિયા નથી, પરંતુ વાદળાંની જેમ સ્વાભાવિક ક્રિયા થાય છે. તેથી યોગકૃત ક્રિયા પણ કેવલીઓને નિર્બીજ હોય છે તેમ કહ્યું છે. અને અવતરણિકામાં યોગજન્ય પણ ક્રિયા ભગવાનને નથી તેમ કહ્યું, એનો ભાવ એ છે કે, ભગવાનને નિર્બીજ ક્રિયા છે સબીજ ક્રિયા ભગવાનને નથી, એ અર્થમાં યોગજન્ય ક્રિયા ભગવાનને નથી તેમ કહ્યું છે.

टीका :- अथ परिणमनलक्षणा हि क्रिया बन्धस्य बीजं भवति, तदुक्तं-

[१] उदयगदा कम्मंसा जिणवरवसहेण णियदिणा भणिदा ।
तेसु हि मुहिदो रत्तो दुट्ठो वा बंधमणुहवदि ॥ त्ति [प्रवचनसार- १/४३]

सा च ज्ञानादेव केवलिनां न भवति, मोहजन्यत्वात्तस्यां। अत एवोक्तं-

[२] गेण्हदि णेव ण मुंचदि ण परं परिणमदि केवली भगवं ।
पेच्छदि समंतदो सो जाणदि सव्वं णिरवसेसं ॥ ति [प्रवचनसार- १/३२]

तस्मात् काययोगादेरपि ग्रहणमोचनादिक्रिया तेषां निर्बीजैव, न हि स्वेष्टसाधनताज्ञानं विना चिकीर्षा, तां विना च प्रवृत्तिः संभवति, न चेच्छायां सत्यां वीतमोहत्वं नाम।

टीकार्थ :- 'अथ' થી પૂર્વપક્ષી કહે છે કે પરિણમનસ્વરૂપ ક્રિયા બંધનું બીજ છે. અને તે=પરિણમનસ્વરૂપ ક્રિયા, જ્ઞાન હોવાથી જ કેવલીઓને હોતી નથી. કેમ કે તેનું=પરિણમનસ્વરૂપ ક્રિયાનું, મોહજન્યપણું છે.

પરિણમનસ્વરૂપ ક્રિયા બંધનું બીજ છે તેમાં પ્રવચનસારની સાક્ષી આપે છે -

तदुक्तं- 'उदयगदा'- તે કહ્યું છે - જિનવરવૃષભ વડે ઉદયગત કર્માંશો નિયતથી=સ્વભાવથી કહેવાયા છે, અને તેમાં=કર્માંશોમાં, મૂઢ અથવા રાગી અથવા દ્વેષી બંધને અનુભવે છે. **'त्ति'**- પ્રવચનસારના ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

---

१. उदयगताः कर्मांशा जिनवरवृषभेण नियत्या भणिताः । तेषु हि मूढो रक्तो दुष्टो वा बन्धमनुभवति ॥

२. गृह्णाति नैव न मुञ्चति न परं परिणमति केवली भगवान् । पश्यति समन्ततः स जानाति सर्वं निरवशेषम् ।

'अत एव' - આથી કરીને જ=જ્ઞાનને કારણે જ કેવલીને પરિણમનસ્વરૂપ ક્રિયા હોતી નથી આથી કરીને જ, પ્રવચનસારમાં કહેલું છે -

'गेण्हदि' - કેવલી એવા ભગવાન ગ્રહણ કરતા નથી જ, મૂકતા નથી અને પરરૂપે પરિણમન પામતા નથી. તો પ્રશ્ન થાય કે કેવલી ભગવાન શું કરે છે? તેથી કહે છે કે તે=કેવલી, ચારેબાજુથી જુએ છે (અને) નિરવશેષ સર્વને જાણે છે, નિરવશેષ=પરિપૂર્ણ, સર્વપર્યાયોને જાણે છે.

ભાવાર્થ :- **'अथ'**થી પૂર્વપક્ષીએ કહ્યું કે પરિણમનસ્વરૂપ ક્રિયા બંધનું બીજ છે, અને તે ક્રિયા જ્ઞાન હોવાથી જ કેવલીને હોતી નથી. અને તેમાં હેતુ કહ્યો કે, તે ક્રિયાનું મોહજન્યપણું છે. તેનું તાત્પર્ય એ છે કે, ગ્રહણ-મોચનાદિ ક્રિયામાં જીવ નવા નવા ભાવમાં પરિણમન પામે છે, અને તે પરિણમનસ્વરૂપ ક્રિયા બંધનું કારણ બને છે. કેમ કે વાસ્તવિક રીતે શુદ્ધ એવો આત્મા, એક જ જ્ઞાનસ્વભાવવાળો છે, તે નવા નવા પરિણામોને પામતો નથી.

યદ્યપિ દરેક પદાર્થ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યરૂપ છે, તેથી સિદ્ધના જીવો પણ ઉત્પાદ-વ્યયરૂપ હોવાથી નવા નવા પરિણમનને પામે છે; પરંતુ સિદ્ધના જીવોમાં તે પરિણમન જ્ઞેયના પરિણામને આશ્રયીને થતા જ્ઞાનના પરિણામ સ્વરૂપ છે=જ્ઞેયની પરિણતિ પ્રતિક્ષણ પરાવર્તન પામે છે, તેથી જ્ઞાન પરિણામાંતર પામ્યું તેમ કહેવાય છે, પરંતુ જ્ઞાનસ્વભાવરૂપે જીવ સદા એક જ પરિણામવાળો છે. જ્યારે ગ્રહણ-મોચન ક્રિયામાં જીવ ક્ષણભર ગ્રહણ પરિણામવાળો થાય છે, અન્યક્ષણમાં મોચન પરિણામવાળો થાય છે. આ રીતે ગ્રહણ-મોચનાદિ ક્રિયામાં જીવ એક પરિણામ સ્વરૂપ નથી, અને તે પરિણમનસ્વરૂપ ક્રિયા બંધનું કારણ બને છે. કેવલીને એકસ્વભાવવાળું જ્ઞાન હોવાથી પરિણમનસ્વરૂપ ક્રિયા હોતી નથી..કેમ કે આવી ગ્રહણ-મોચનની ક્રિયારૂપ પરિણતિ મોહથી જન્ય છે. અને પદાર્થ પ્રત્યે રાગ કે દ્વેષ કે મોહ વર્તતો હોય તો જ ગ્રહણનો પરિણામ અને મોચનનો પરિણામ થાય છે. કેવલીને રાગ-દ્વેષ-મોહ હોતા નથી, માટે પરિણમનલક્ષણ ક્રિયા પણ હોતી નથી.

અહીં પરિણમનલક્ષણ ક્રિયા બંધનું બીજ છે તેમાં પ્રવચનસાર ૧/૪૩ની સાક્ષી આપી છે, તેનું તાત્પર્ય એ છે કે, સંસારીજીવોને ઉદયગત કર્માંશો નિયતથી હોય છે, અને ઉદયગત કર્માંશો જ પદાર્થમાં પરિણમનલક્ષણ ક્રિયા જીવને કરાવે છે. તે ક્રિયામાં જીવ કાં તો મોહથી પ્રવર્તે છે કાં તો રાગથી પ્રવર્તે છે કાં તો દ્વેષથી પ્રવર્તે છે. આ રીતે રાગ-દ્વેષ અને મોહથી જીવ ક્રિયામાં પ્રવર્તે છે અને તેનાથી અવશ્ય બંધને પામે છે. આનાથી એ પ્રાપ્ત થયું કે રાગ, દ્વેષ કે મોહ વગર પરિણમનલક્ષણ ક્રિયા થતી નથી. તેથી પરિણમનલક્ષણ ક્રિયાને બંધનું બીજ કહ્યું છે.

ટીકાર્થ :- **'तस्मात्'**- તે કારણથી=પૂર્વમાં કહ્યું કે કેવલીને જ્ઞાનને કારણે ક્રિયા નથી તે કારણથી, કાયયોગ આદિથી પણ ગ્રહણ-મોચનાદિ ક્રિયા તેઓને=ભગવાનને, નિર્બીજ હોય છે. કેમ કે સ્વ-ઈષ્ટસાધનતાજ્ઞાન વિના ચિકીર્ષા હોતી નથી, અને તેના વિના=ચિકીર્ષા વિના, પ્રવૃત્તિ હોતી નથી, અને ઇચ્છા હોતે છતે વીતમોહપણું સંભવતું નથી.

❀ **'न हि'** - **'हि'** यस्मादर्थक छे.

ભાવાર્થ :- પૂર્વમાં કહ્યું કે, કેવલીને જ્ઞાનને કારણે ક્રિયા હોતી નથી. અને પ્રવચનસારના સાક્ષીપાઠમાં પણ કહ્યું કે, કેવલી ગ્રહણ-મોચનાદિ ક્રિયા કરતા નથી. જ્યારે **'तस्मात्'**થી નિગમન કરતાં કહ્યું કે, કાયયોગાદિથી પણ

ગ્રહણ-મોચનાદિક્રિયા તેઓને નિર્બીજ હોય છે. તેથી બન્ને વચનોનો પરસ્પર વિરોધ ભાસે. કેમ કે પરિણમનલક્ષણ ક્રિયા તેઓને નથી એમ કહીને '**तस्मात्**'થી નિગમન કરતાં કહ્યું કે, કાયયોગાદિથી ગ્રહણ-મોચનક્રિયા નિર્બીજ છે. આમ સ્થૂલદૃષ્ટિથી તે પરસ્પર વિરોધી દેખાય. વસ્તુતઃ તે બેનો એક જ અર્થ છે. કેમ કે દિગંબરમત પ્રમાણે પણ કેવલી વિહારાદિ કરે છે અને ઉપદેશાદિ પણ આપે છે. આમ છતાં, મારે વિહાર કરવો છે, આ દિશામાં જવું છે વગેરે પરિણામ તેઓને થતા નથી. મારે ઉપદેશ આપવો છે તેવો પણ પરિણામ કેવલીને હોતો નથી. પરંતુ ઉદયમાન કર્મને કારણે તેઓના મસ્તકમાંથી સહજ ધ્વનિ નીકળે છે તે ઉપદેશની ક્રિયા છે. અને જેમ વાદળાંની ગતિ સ્વપ્રયત્ન વિના છે, તેમ તેઓની વિહારાદિની પ્રવૃત્તિ છે, આ બંને પ્રવૃત્તિઓ કેવલીને ઇચ્છારૂપ બીજ વગરની છે, તેથી નિર્બીજ છે. પરંતુ તે સિવાય વસ્ત્રાદિગ્રહણની પ્રવૃત્તિ કે અન્ય કોઇ વસ્તુના ગ્રહણ-મોચનાદિની પ્રવૃત્તિ કેવલીને હોતી નથી. કેમ કે કેવલીને મોહ નહિ હોવાથી કોઇ પ્રવૃત્તિ કરવાની ઇચ્છા નથી. તેથી દિગંબર મત પ્રમાણે કેવલીને કાયયોગાદિના ગ્રહણ-મોચનની ક્રિયા ઇચ્છારૂપ બીજ વગરની છે તેમ કહેલ છે. અને તેની પુષ્ટિ માટે કહે છે કે, સ્વ-ઇષ્ટસાધનતાના જ્ઞાન વગર પ્રવૃત્તિ કરવાની ઇચ્છા થતી નથી અને ઇચ્છા વગર પ્રવૃત્તિ થાય નહિ, ઇચ્છા રાગાત્મક છે, અને તે પ્રવૃત્તિનું બીજ છે. વીતરાગને ઇચ્છા હોય નહિ માટે પ્રવૃત્તિના બીજભૂત ઇચ્છા નહિ હોવાથી વીતરાગની પ્રવૃત્તિ નિર્બીજ છે.

टीका :- नन्वेवं स्थाननिषद्याविहारधर्मोपदेशादयोऽपि तिष्ठासाद्यभावात्तेषामुच्छिद्येरन्निति चेत्? सत्यं, प्रयत्नमन्तरेण स्वभावादेव तेषां संभवोपदेशात्, तदुक्तं-

[1]ठाणणिसेज्जविहारा धम्मुवदेसो अ णियदिओ तेसिं ।
अरहंताणं काले मायाचारो व्व इत्थीणं ॥ ति [प्रवचनसार १-४४]

"यथा हि महिलानां प्रयत्नमन्तरेणापि तथाविधयोग्यतासद्भावात् स्वभावभूत एव मायोपगुण्ठनावगुण्ठितो व्यवहारः प्रवर्त्तते, तथा हि केवलिनां प्रयत्नमन्तरेणापि तथाविधयोग्यतासद्भावात् स्थानं आसनं विहरणं धर्मदेशना च स्वभावभूता एव प्रवर्त्तन्ते" इत्यमरचन्द्रीयं व्याख्यानम्। न च प्रयत्नानपेक्षायां कालनियमाद्यनुपपत्तिः, अम्भोधराणां गमनावस्थानगर्जनवर्षणनियमवदुपपत्तेः।

टीकार्थ :- '**ननु**'થી શ્વેતાંબર કહે છે કે, આ પ્રમાણે=પૂર્વમાં પૂર્વપક્ષીએ કહ્યું કે ઇષ્ટસાધનતાના જ્ઞાનથી ઇચ્છા અને ઇચ્છાથી પ્રવૃત્તિ થાય છે અને વીતરાગને ઇચ્છા હોતી નથી માટે કેવલીની ક્રિયા નિર્બીજ છે આ પ્રમાણે, તિષ્ઠાસાદિના અભાવથી તેઓનાં=કેવલીઓનાં સ્થાન, નિષદ્યા, વિહાર, ધર્મોપદેશાદિ પણ ઉચ્છેદ થશે. તો પૂર્વપક્ષી કહે છે કે '**सत्यं**'- તમારી વાત સાચી છે. કેમ કે કેવલીને ઇચ્છાના અભાવને કારણે સ્થાનાદિમાં પ્રયત્ન નથી, પરંતુ પ્રયત્ન વગર સ્વભાવથી જ તેઓને=કેવલીઓને, (સ્થાન, નિષદ્યા આદિ પ્રવૃત્તિના) સંભવનો ઉપદેશ છે=સંભવનું કથન શાસ્ત્રમાં છે.

તે '**तदुक्तं**'થી બતાવે છે - જેમ સ્ત્રીઓને માયાચાર, (સ્વભાવભૂત હોય છે) તેમ કાલમાં=અર્હદાદિ અવસ્થામાં, તે અરિહંતોને સ્થાન, નિષદ્યા, વિહાર અને ધર્મોપદેશ સ્વભાવથી હોય છે.

---

१. स्थाननिषद्याविहारा धर्मोपदेशश्च नियतितः तेषाम् । अर्हतां काले मायाचार इव स्त्रीणाम् ॥

પ્રવચનસારગાથા ૧-૪૪નો ટીકાર્થ બતાવતાં કહે છે- જે પ્રમાણે મહિલાઓને પ્રયત્ન વગર પણ તથાવિધ યોગ્યતાના સદ્‌ભાવથી સ્વભાવભૂત જ માયાના ઉપગુંઠનથી અવગુંઠિત=માયાચારથી યુક્ત, વ્યવહાર પ્રવર્તે છે, તે પ્રમાણે કેવલીઓને પ્રયત્ન વગર પણ તથાવિધ યોગ્યતાના સદ્‌ભાવથી સ્થાન, આસન, વિહરણ અને ધર્મદેશના સ્વભાવભૂત જ પ્રવર્તે છે. એ પ્રકારે અમરચંદ્રે કરેલું વ્યાખ્યાન છે.

ભાવાર્થ :- ગ્રંથકારે કહ્યું કે સ્થાન, નિષદ્યા, વિહાર, ધર્મોપદેશ આદિ તિષ્ઠાસાદિ વગર સંભવે નહિ. તેનો ભાવ એ છે કે સ્થાન=ઊભા રહેવું, ચાલવાની પ્રવૃત્તિ કર્યા પછી ઊભા રહેવાની પ્રવૃત્તિરૂપ સ્થાન, ઈચ્છા વગર સંભવે નહિ, નિષદ્યા=બેસવું, ઊભા થયા પછી બેસવાની ક્રિયા, ઈચ્છા વગર સંભવે નહિ અને ઊભા હોય ત્યારપછી ચાલવાની ક્રિયારૂપ વિહાર પણ ઈચ્છા વગર સંભવે નહિ; તે રીતે ધર્મોપદેશ પણ ઈચ્છા વગર સંભવે નહિ. તેથી તિષ્ઠાસાદિ=ઊભા રહેવાની ઈચ્છા વગેરેનો, અભાવ હોવાથી કેવલીઓને સ્થાન-નિષદ્યા-વિહાર-ધર્મોપદેશાદિનો ઉચ્છેદ થઈ જશે. તેનો ઉત્તર દિગંબર આપે છે કે, તમારી વાત સાચી છે પરંતુ કેવલીઓને ઈચ્છાનો અભાવ હોવાથી સ્થાનાદિમાં પ્રયત્ન હોતો નથી. તેથી પ્રયત્ન વગર સ્વભાવથી જ કેવલીઓને સ્થાન, નિષદ્યાદિ પ્રવૃત્તિ હોય છે, એવું શાસ્ત્રમાં કહ્યું છે.

ઉત્થાન :- અહીં શ્વેતાંબર કહે કે પ્રયત્નની અપેક્ષા ન હોય તો કાલનિયમાદિની અનુપપત્તિ થશે. (અહીં કાલનિયમાદિમાં આદિથી દેશનિયમ ગ્રહણ કરવો.) અર્થાત્ એ સ્થાનાદિ અમુકકાળે અને અમુકદેશમાં થવારૂપ કાળનિયમ અને દેશનિયમ અનુપપન્ન થઈ જશે. તેથી દિગંબર કહે છે-

ટીકાર્થ :- **'न च'**- પ્રયત્નની અનપેક્ષામાં કાલનિયમાદિની અનુપપત્તિ થશે એમ ન કહેવું. તેમાં હેતુ કહે છે- અંભોધરના= વાદળાંના ગમન, અવસ્થાન, ગર્જન, વર્ષણના નિયમની જેમ (કાલનિયમાદિની) ઉપપત્તિ થઈ શકશે.

ભાવાર્થ :- ચોક્કસ કાળે ઊભા રહેવું, ચોક્કસ કાળે ચાલવું વગેરે કેવલીના પ્રયત્નથી જ થઈ શકે, ને તેમ દિગંબર સ્વીકારે તો ચોક્કસ પ્રયત્ન ચોક્કસ ઈચ્છાથી થાય છે તેમ માનવું પડે, અને તેમ સ્વીકારે તો કેવલીની ક્રિયા નિર્બીજ છે તેમ કહી શકે નહીં. તેથી દિગંબર કહે છે કે જેમ વાદળાં વગેરેને પોતાનો કોઈ પ્રયત્ન ન હોવા છતાં અમુક જ કાળે ગમન, અવસ્થાન, ગર્જન, વૃષ્ટિ આદિ થવા રૂપ નિયમ હોય છે, તેમ કેવલીમાં પણ સ્થાનાદિનો દેશનિયમ અને કાલનિયમ ઘટી શકશે.

ટીકા :- नन्वेवं तेषां पुण्यविपाकोऽकिञ्चित्करः स्यादिति चेत्? स्यादेवौदयिक्या अपि तत्क्रियायाः कार्याकार्यभूतयोर्बन्धमोक्षयोरकारणकारणत्वाभ्यां क्षायिकीत्वेन परिभाषणात्। तदुक्तं-

[१] पुण्णफला अरहंता, तेसिं किरिया पुणो हि ओदयिगी ।
मोहादीहिं विरहिदा, तम्हा सा खाइगित्ति मदा ॥ [प्रवचनसार १-४५] ॥९७॥

---

१. पुण्यफला अर्हन्तस्तेषां क्रिया पुनर्हि औदयिकी । मोहादिभिः विरहिता तस्मात्सा क्षायिकीति मता ॥

ટીકાર્થ :- '**ननु**'થી શ્વેતાંબર શંકા કરતાં કહે છે કે, આ રીતે=પૂર્વપક્ષીના જણાવ્યા મુજબ ભગવાનની ધર્મોપદેશનાદિ પ્રવૃત્તિ સ્વભાવથી થાય છે એ પ્રમાણે માની લઈએ તો, તેઓનો=ભગવાનનો, પુણ્યવિપાક અકિંચિત્કર થશે એમ કોઈ આપત્તિ આપે, તેના સમાધાનરૂપે પૂર્વપક્ષી કહે છે કે થાય જ. (એ આપત્તિ અમને ઈષ્ટ છે). તેમાં હેતુ કહે છે- ઔદયિકી પણ તેઓની ક્રિયાનું=અરિહંતાદિની સ્થાનાદિ ક્રિયાનું, કાર્યભૂત બંધનું અકારણપણું અને અકાર્યભૂત મોક્ષનું કારણપણું હોવાથી ક્ષાયિકીપણાથી પરિભાષા કરેલ છે.

'**तदुक्तं**'થી તેમાં પ્રવચનસારની સાક્ષી આપે છે-

'**पुण्णफला**'- અરિહંતો પુણ્યફલવાળા હોય છે. વળી તેઓની=અરિહંતોની, ક્રિયા ઔદયિકી હોય છે, (પરંતુ) મોહાદિથી રહિત છે, તે કારણથી ક્ષાયિકી એ પ્રમાણે કહેવાયેલી છે. ॥૯૭॥

ભાવાર્થ :- '**नन्वेवं**'થી જે કથન કર્યું તેનું તાત્પર્ય એ છે કે, પૂર્વપક્ષીના કહેવા મુજબ ભગવાનને સ્વભાવથી ધર્મદેશનાદિની પ્રવૃત્તિ સ્વીકારીએ તો, તેઓનો પુણ્યવિપાક અકિંચિત્કર થાય, તે આ પ્રમાણે- જેમ ચક્રવર્તી એવા પણ તીર્થંકરો તેવા પ્રકારના પુણ્યને કારણે ષટ્‌ખંડને સાધવામાં યત્ન કરે છે, તેથી તેઓ ઉદાસીન હોવા છતાં પણ પુણ્યવિપાકનો અનુભવ કરે છે, કેમ કે ચક્રવર્તીને અનુકૂળ કર્મ ષટ્‌ખંડ સાધવા માટેના પ્રયત્નરૂપ છે. તે પ્રમાણે ભગવાનને તીર્થંકરનામકર્મ પણ તીર્થ સ્થાપવાને અનુકૂળ યત્નસ્વરૂપ છે, તેથી પુણ્યવિપાકનો અનુભવ તેમને થાય. પરંતુ ભગવાનમાં તેવો કોઈ યત્ન નથી, ફક્ત સ્વભાવથી તેઓ ધર્મોપદેશાદિ ક્રિયા કરે છે એમ માનવામાં આવે તો, તે પુણ્યનો વિપાક તેને અનુકૂળ યત્ન ન કરવાથી અકિંચિત્કર થઈ જશે, એવી કોઈ આપત્તિ દિગંબરને આપે તો, તેને સ્વીકારતાં દિગંબરો કહે કે તે આપત્તિ અમને ઇષ્ટાપત્તિ છે. કેમ કે ઔદયિકી પણ કેવલીની ધર્મોપદેશાદિ ક્રિયાઓ પરિભાષાથી ક્ષાયિકી કહેવાયેલ છે. (આ પ્રમાણે દિગંબરો કહે છે) તેમાં હેતુ આપે છે કે, ક્રિયાના કાર્યભૂત જે બંધ અને અકાર્યભૂત જે મોક્ષ છે તેના પ્રત્યે ભગવાનની ક્રિયા વિપરીત રીતે હોય છે=બંધનું અકારણ છે અને મોક્ષનું કારણ છે. જેમ ક્ષાયિકભાવરૂપ ચારિત્ર બંધનું અકારણ છે અને મોક્ષનું કારણ છે, તેમ ભગવાન પણ ધર્મોપદેશાદિ તે ક્રિયામાં યત્ન કરતા ન હોવાથી તે ક્રિયાકૃત બંધ તેમને થતો નથી, અને તે ક્રિયાને કરાવનારું કર્મ ઉદય દ્વારા (ભોગવી લેવાથી) નાશ થાય છે. તેથી પોતાના યત્ન વગર કરાયેલી તે ક્રિયા મોક્ષ પ્રતિ કારણ બને છે. માટે ઔદયિકી તે ક્રિયા ક્ષાયિક જેવું કાર્ય કરનાર હોવાથી ક્ષાયિકી તરીકે તેની પરિભાષા કરેલ છે. ॥૯૭॥

अवतरणिका :- एवं प्राप्तेऽभिधीयते-

अवतरणिकार्थ :- આ પ્રમાણે પ્રાપ્ત થયે છતે=ગાથા-૯૭માં કહ્યું એ પ્રકારે પૂર્વપક્ષીનું કથન પ્રાપ્ત થયે છતે, કહેવાય છે -

ગાથા :-

जोगं विणा वि किरिया सहावओ जइ कहण्ण तह सो वि ।
तुल्लं किर वेचित्तं तह तुल्लमबुद्धिपुव्वत्तं ॥९८॥

(योगं विनापि क्रिया स्वभावतो यदि कथं न तथा सोऽपि । तुल्यं किल वैचित्र्यं तथा तुल्यमबुद्धिपूर्वत्वम् ॥९८॥)

ગાથાર્થ :- યોગ વિના પણ જો ક્રિયા સ્વભાવથી હોય તો તે જ પ્રકારે તે પણ=પ્રયત્નરૂપ યોગપણ, કેમ સ્વભાવથી નથી? અર્થાત્ સ્વભાવથી છે. તેને પુષ્ટ કરતાં હેતુ કહે છે કે, ખરેખર ક્રિયામાં અને પ્રયત્નમાં તુલ્ય વૈચિત્ર્ય છે તથા તુલ્ય અબુદ્ધિપૂર્વત્વ છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે સ્થાન-નિષદ્યાદિક્રિયામાં જેવું વૈચિત્ર્ય દિગંબર માને છે તેવું જ તેને અનુરૂપ યોગનું વૈચિત્ર્ય છે. તથા જેવું સ્થાન-નિષદ્યાદિક્રિયાનું અબુદ્ધિપૂર્વત્વ દિગંબર સ્વીકારે છે, તેવું જ સ્વભાવથી યોગને માનવાને કારણે યોગમાં અબુદ્ધિપૂર્વત્વ છે.

અહીં વિશેષ એ છે કે, સામાન્યથી સર્વત્ર યોગથી ક્રિયા દેખાય છે. જો કેવલીમાં યોગથી ક્રિયા ન માનવામાં આવે તો (૧) સ્વભાવકૃત ક્રિયા, (૨) યોગકૃત ક્રિયા. આ રીતે બે જાતની ક્રિયા માનવાનો પ્રસંગ આવે. તેથી ક્રિયાને જો સ્વભાવથી દિગંબર કહે છે, તો તુલ્ય વૈચિત્ર્ય અને તુલ્ય અબુદ્ધિપૂર્વત્વ હોવાના કારણે યોગને પણ તે સ્વભાવથી કહી શકે છે. તેથી સર્વત્ર યોગપૂર્વક ક્રિયા હોય છે એ પ્રકારની વ્યાપ્તિ અવસ્થિત રહે છે.

અહીં યોગ અને ક્રિયા એ બેમાં ભેદ એ છે કે, સામાન્ય રીતે પહેલાં સ્વ-ઈષ્ટસાધનતાનું જ્ઞાન થાય પછી ઈચ્છા થાય છે, ત્યારપછી અંતરંગ યત્ન પેદા થાય છે જે યોગસ્વરૂપ છે, અને તે પ્રયત્નથી સ્થાન-નિષદ્યારૂપ ક્રિયા થાય છે.

દિગંબર, કેવલીની સ્થાનનિષદ્યાદિ ક્રિયાઓ અબુદ્ધિપૂર્વક માને છે, કેમ કે સ્થાનાદિમાં પ્રયત્ન કરવાથી ઇચ્છા થાય તો રાગ સ્વીકારવો પડે. તેને ગ્રંથકાર કહે છે કે જેમ અબુદ્ધિપૂર્વક તું કેવલીની ક્રિયા સ્વીકારે છે, તેમ કેવલીનો અબુદ્ધિપૂર્વક પ્રયત્ન સ્વીકારી લે, તો રાગાત્મક ઇચ્છા નહીં હોવા છતાં કેવલીને ઉચિત પ્રવૃત્તિનું જ્ઞાન છે તેનાથી જ ઉચિત પ્રયત્ન કરે છે, અને તેનાથી જ સ્થાનાદિની ઉચિત ક્રિયાઓ થાય છે તેમ માની શકાશે. તેથી સ્વભાવથી જ કેવલીની ક્રિયામાં વૈચિત્ર્ય જેમ તું સ્વીકારે છે તેમ સ્વભાવથી જ પ્રયત્નનું વૈચિત્ર્ય પણ સ્વીકારી શકાય.

અહીં તુલ્ય-અબુદ્ધિપૂર્વત્વ એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, સામાન્ય રીતે જીવો ઈષ્ટસાધનતાનું જ્ઞાન થાય પછી "હું આ કરું" એ પ્રકારની રાગાત્મક બુદ્ધિ કરે છે, અને તત્પૂર્વક પ્રયત્ન હોય છે. માટે 'હું કરું' એવું બુદ્ધિપૂર્વત્વ તેમના પ્રયત્નમાં દેખાય છે. પરંતુ કેવલીને રાગાદિ નહિ હોવાને કારણે તેવી ઇચ્છા થતી નથી. તેથી દિગંબર કેવલીને સ્વભાવથી ક્રિયા માને છે. તેના નિરાકરણરૂપે ગ્રંથકાર કહે છે કે સ્વભાવથી ક્રિયા માનવામાં જેમ તે ક્રિયા અબુદ્ધિપૂર્વક છે, તેમ સ્વભાવથી પ્રયત્ન માનવામાં તે પ્રયત્ન પણ અબુદ્ધિપૂર્વક કહી શકાશે.

ટીકા :- 'कायप्रयत्नादिकं विनैव स्थाननिषद्यादिकं भगवतां स्वभावत एव भवेत्' इत्यत्र 'स्वभावतः' इत्यस्य कोऽर्थः? किं कारणमन्तरैव वा, दृष्टजातीयकारणमन्तरा वा? नाद्यः, बौद्धमतप्रवेशात्। न च सामान्यतस्तन्निबन्धनयोग्यताभ्युपगमेऽपि तिष्ठासाद्यभावाद्देशकालविशेषनियमः स्वभावादेवेति वक्तुं युक्तं, विना कारणक्रमं देशकालक्रमानुविधायककार्यस्याकस्मिकत्वप्रसङ्गात्।

ટીકાર્થ :- 'काय' - કાયપ્રયત્નાદિક વિના જ સ્થાનનિષદ્યાદિક ભગવાનને સ્વભાવથી જ હોય છે, એ પ્રમાણે (કહ્યું). એમાં સ્વભાવથી એ પ્રમાણે (કહ્યું) એનો અર્થ શું? (૧) કારણ વિના જ? કે (૨) દૃષ્ટજાતીય કારણ વિના?

'नाद्यः' સ્વભાવનો અર્થ કારણ વિના જ, એ પ્રમાણે પ્રથમ વિકલ્પ બરાબર નથી, કેમ કે (એ પ્રમાણે માનવામાં) બૌદ્ધમતમાં પ્રવેશ થશે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે કેવલ સ્વભાવથી જ ભગવાનને સ્થાન-નિષદ્યાદિ થાય છે પરંતુ પ્રયત્નાદિ અન્ય કોઇ કારણ નથી, એ પ્રમાણે માનવામાં સ્વભાવવાદી બૌદ્ધમતમાં પ્રવેશ થશે. કેમ કે બૌદ્ધના મત પ્રમાણે કુર્વદ્રૂપત્વવાળું ઉપાદાન જ કાર્ય પેદા કરે છે, અન્ય કારણો અવજર્યસંનિધિરૂપે હોય છે.

અહીં પૂર્વપક્ષીને એકાંતસ્વભાવવાદરૂપ બૌદ્ધમત માન્ય નહિ હોવાથી સમાધાન કરે છે- બૌદ્ધમતની જેમ અમે સ્વભાવને વિશેષરૂપે કારણ માનતા નથી, પરંતુ સામાન્યથી કારણ માનીએ છીએ. માટે બૌદ્ધમતમાં પ્રવેશ થવાનો પ્રસંગ અમને નહિ આવે.

તાત્પર્ય એ છે કે, બૌદ્ધમત પ્રમાણે સ્થાનાદિરૂપ જે કાર્ય થાય છે તેની પૂર્વક્ષણમાં જ તે તે કાર્યને અનુરૂપ કુર્વદ્રૂપત્વ હોય છે. અન્ય કાર્યોનું કુર્વદ્રૂપત્વ તે ક્ષણમાં નથી તે રૂપ વિશેષ યોગ્યતા બૌદ્ધ માને છે. જ્યારે દિગંબર કહે છે કે અમે તો પદાર્થને ક્ષણસ્થાયી માનતા નથી, પરંતુ અવસ્થિત એવા પરમાત્મારૂપ જીવમાં સ્થાન-નિષદ્યાદિના કારણભૂત સામાન્યથી યોગ્યતા સ્વીકારીએ છીએ, માટે અમારે બૌદ્ધમતમાં પ્રવેશ નહિ થાય. તે આ રીતે- બૌદ્ધમતમાં પદાર્થ ક્ષણિક છે. તેથી જે ક્ષણમાં સ્થાનાદિ કાર્ય થાય છે તેની પૂર્વક્ષણમાં તે કાર્યનું કુર્વદ્રૂપત્વ છે, નિષદ્યારૂપ અન્ય કાર્ય થાય છે તેની પૂર્વક્ષણમાં તે કાર્યનું કુર્વદ્રૂપત્વ છે. આ રીતે એક અવસ્થિત કોઇ પદાર્થ નથી કે જેમાં સ્થાન-નિષદ્યાદિ સામાન્ય બધા સ્વભાવ હોય. બૌદ્ધમતે સ્થાનના કારણભૂત સ્વભાવવાળી વ્યક્તિ જુદી છે, અને નિષદ્યાના કારણભૂત સ્વભાવવાળી વ્યક્તિ જુદી છે, કેવલ તે એક સંતાની હોઇ શકે.

સામાન્યથી સ્થાન-નિષદ્યાદિની યોગ્યતા સ્વીકારીએ ત્યારે અનેકક્ષણ અવસ્થિત એવા પરમાત્મારૂપ જીવમાં સ્થાન-નિષદ્યાદિની યોગ્યતા પ્રાપ્ત થાય છે, તેથી દિગંબર કહે છે કે અમારે ક્ષણિકવાદમાં પ્રવેશ નહિ થાય. સ્યાદ્વાદ પ્રમાણે કથંચિત્ અવસ્થિત સ્થાનાદિનિબંધનયોગ્યતાવાળી વ્યક્તિ તે તે ક્ષણમાં તે તે ભાવોને પામે છે. તેથી સ્યાદ્વાદ અવસ્થિત રહેશે.

તેના નિરાકરણરૂપે ગ્રંથકાર કહે છે-

ટીકાર્થ :- 'न च'- અને સામાન્યથી તન્નિબંધન=સ્થાનાદિનિબંધન, યોગ્યતાનો સ્વીકાર કરાયે છતે પણ, તિષ્ઠાસાદિનો અભાવ હોવાથી, દેશ-કાલવિશેષનો નિયમ સ્વભાવથી જ છે એ પ્રમાણે કહેવું યુક્ત નથી. તેમાં હેતુ કહે છે- કારણક્રમ વગર દેશ-કાલ-ક્રમઅનુવિધાયક એવા કાર્યના આકસ્મિકપણાનો પ્રસંગ આવશે.

ભાવાર્થ :- **'न च'**થી કહ્યું તેનું તાત્પર્ય એ છે કે સામાન્યથી સ્થાનાદિની યોગ્યતા માનવામાં અમુક દેશમાં અને અમુક કાલમાં સ્થાન=ઊભા રહેવાની ક્રિયા, થાય છે તે સ્વભાવથી જ છે, એમ કહી શકાય નહિ. કેમ કે કેવલીને તિષ્ઠાસા=ઊભા રહેવાની ઇચ્છા, નથી. જો તિષ્ઠાસા હોય તો, સામાન્યથી સ્વભાવ હોય તો પણ, જે ક્ષણમાં

તિષ્ઠાસા પ્રાદુર્ભાવ પામે છે તે ક્ષણમાં કેવલી ઊભા રહેવા માટે યત્ન કરે, તો દેશ-કાલનું નિયમન તિષ્ઠાસાથી થઈ શકે, પરંતુ તિષ્ઠાસા નહિ હોવાના કારણે દેશ-કાલનિયમ માટે સ્વભાવ નિયામક બની શકે નહિ, કેમ કે તિષ્ઠાસાદિરૂપ કારણક્રમ વગર દેશ અને કાલક્રમના અનુવિધાયક=અનુસરનાર, એવા કાર્યને આકસ્મિક માનવાનો પ્રસંગ આવશે. એ પ્રમાણે કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, જીવમાં સ્વભાવ સર્વદા છે, છતાં આ દેશ અને આ કાળમાં સ્થાનરૂપ કાર્ય થયું, ભિન્ન દેશ અને ભિન્ન કાળમાં નિષદ્યારૂપ કાર્ય થયું, તે રૂપ કાર્યને નિયમન કરનાર કોઈક કારણક્રમ જોઈએ, જેથી જે ક્રમથી કારણની ઉપસ્થિતિ થાય તે જ ક્રમથી કાર્યનો ક્રમ પ્રાપ્ત થાય. પરંતુ કેવલ સ્વભાવ કારણ હોવાથી અને તે સ્વભાવ સ્થાનાદિ બધાનો સર્વદા હોવાથી, સર્વકાલે સર્વકાર્યો પેદા થવાં જોઈએ. પરંતુ અમુક ક્રમથી કાર્ય પેદા થાય છે, તેથી તે કાર્ય આકસ્મિક પેદા થાય છે એમ માનવાનો પ્રસંગ આવશે.

टीका :- अथ केवलिना यथा दृष्टं तथैव तद्भवतीति स्वभावार्थ इति चेत्? नन्वेवं तत्तदुपादेयावच्छिन्न-विशेष्यतया तत्तदुत्पत्त्यवच्छिन्नविशेष्यतया च केवलज्ञानेनैव कार्यमात्रस्य देशकालनियमोपपत्तौ तद-तिरिक्तकारणमात्रोच्छेदप्रसङ्गः, एवं च घटार्थितया दण्डादावपि प्रवृत्तिर्दुर्घटा स्यात्।

टीकार्थ :- '**अथ**'- '**अथ**'થી દિગંબર આ પ્રમાણે કહે કે કેવલી વડે જે પ્રમાણે જોવાયું છે તે પ્રમાણે જ તે થાય છે, એ પ્રકારે સ્વભાવનો અર્થ છે.

भावार्थ :- '**अथ**'થી દિગંબર આ પ્રમાણે કહે કે કેવલી વડે જે પ્રમાણે જોવાયું છે તે પ્રમાણે જ તે થાય છે, એ પ્રકારે સ્વભાવનો અર્થ થાય. તેથી દેશ-કાલક્રમના અનુવિધાયક એવા કાર્યને આકસ્મિક માનવાનો પ્રસંગ નહિ આવે. તે આ રીતે - સ્થાનનિષદ્યા જે ક્રમથી થાય છે તે જ ક્રમથી કેવલીએ કેવલજ્ઞાનમાં જોયા છે, અને તેવો જ તેનો સ્વભાવ છે=તે કાલના ક્રમથી સ્થાન-નિષદ્યાદિ કાર્ય કરવાનો તેનો સ્વભાવ છે. એ જ રીતે દેશના ક્રમથી પણ સમજી લેવું. માટે કેવલ સ્વભાવથી કાર્ય માનીએ તો પણ કાર્યને આકસ્મિક થવાનો પ્રસંગ નહિ આવે.

टीकार्थ :- '**नन्वेवं**'-'**ननु**'થી ગ્રંથકાર કહે છે કે આ પ્રમાણે=કેવલીના કેવલજ્ઞાનને અનુરૂપ પદાર્થમાં કાર્ય કરવાનો સ્વભાવ છે એવો સ્વભાવનો અર્થ કરીએ તો, તત્ તત્ ઉપાદેય અવચ્છિન્ન વિશેષ્યતા અને તત્ તત્ ઉત્પત્તિ અવચ્છિન્ન વિશેષ્યતા હોવાને કારણે, કેવલજ્ઞાનથી જ કાર્યમાત્રના દેશ-કાલનિયમની ઉપપત્તિ થયે છતે, તદ્ અતિરિક્ત= સ્વભાવથી અતિરિક્ત, કારણમાત્રના ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થશે, અને એ જ રીતે ઘટના અર્થીપણાથી દંડાદિમાં પણ પ્રવૃત્તિ દુર્ઘટ થશે.

भावार्थ :- વ્યવહારનય એમ માને છે કે, અમુક દેશમાં અને અમુક કાલમાં જ માટીમાંથી ઘટ થાય છે તેનું નિયમન ઘટની કારણસામગ્રી કરે છે. માટીમાં ઘટને અનુકૂળ સ્વભાવ હોવા છતાં જ્યાં સુધી અન્ય સામગ્રી પ્રાપ્ત થતી નથી, ત્યાં સુધી કાર્ય પેદા થતું નથી. અને પૂર્વપક્ષીએ સ્વભાવનો અર્થ એ કર્યો કે કેવલજ્ઞાનમાં જેવું દેખાયું છે તેવો જ વસ્તુનો સ્વભાવ છે અને તે સ્વભાવથી જ કાર્ય થાય છે. માટે તે સ્વભાવથી અતિરિક્ત કારણમાત્રના ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થશે. તે આ રીતે -

પદાર્થનો કેવલજ્ઞાનમાં જેવો પ્રતિભાસ છે, તેને અનુરૂપ જ સ્વભાવ છે, એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે, અમુક દેશમાં અને અમુક કાળમાં નિયત કાર્ય ઉત્પન્ન થયું, તેનું કારણ અન્ય કોઈ નથી પરંતુ કેવલજ્ઞાનથી નિયંત્રિત એવો પદાર્થની અંદરમાં રહેલો સ્વભાવ જ છે. તેથી કેવલજ્ઞાનથી જ કાર્યમાત્રના દેશ-કાલના નિયમની ઉપપત્તિ થઈ જશે. માટે સ્વભાવથી અતિરિક્ત કારણમાત્રના ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થશે.

અહીં વિશેષ એ છે કે જગતમાં કાર્ય બે પ્રકારનાં છે. (૧) એક ઉપાદેયમાં પ્રવૃત્તિ કરવાથી ઉપાદેયની પ્રાપ્તિરૂપ કાર્ય છે, અને (૨) બીજું કારણસામગ્રીથી કાર્યની ઉત્પત્તિ થવારૂપ કાર્ય છે. આ બંને પ્રકારનાં કાર્યો જે રીતે કેવલીએ જોયાં છે તે જ રીતે સર્વત્ર થાય છે, તેથી (૧) કેવલીના કેવલજ્ઞાનમાં તે તે ઉપાદેય પદાર્થો=જે જે વ્યક્તિ જે જે વસ્તુ ગ્રહણ કરવા માટે યત્ન કરે છે, તેનાથી તે તે દેશમાં અને તે તે કાલમાં જે ઉપાદેયનું ગ્રહણ થાય છે, તે સર્વ ઉપાદેય પદાર્થો; કેવલજ્ઞાનમાં તે રૂપે જ પ્રતિભાસિત થાય છે; તેથી તે તે ઉપાદેયથી અવચ્છિન્ન વિશેષ્યતા કેવલજ્ઞાનમાં છે. કેમ કે 'સ્વવિષયિતા' સંબંધથી તે ઉપાદેય બધા પદાર્થો કેવલજ્ઞાનમાં રહે છે, તેથી તે તે ઉપાદેયથી અવચ્છિન્ન વિશેષ્યતા કેવલજ્ઞાનમાં પ્રાપ્ત થશે. તેથી, તે તે ઉપાદેયથી વિશિષ્ટ એવું કેવલજ્ઞાન છે. માટે કેવલજ્ઞાનમાં વિશેષ્યતા છે અને તે વિશેષ્યતા તે તે ઉપાદેયથી અવચ્છિન્ન છે, એમ કહેવાથી એ પ્રાપ્ત થયું કે, જે જે ઉપાદેય જે જે દેશમાં અને જે જે કાલમાં ગ્રહણ થવાના છે, તે રૂપ કાર્ય કેવલજ્ઞાનનો વિષય તે રીતે જ બને છે. માટે કેવલજ્ઞાનથી જ તે ગ્રહણરૂપ સર્વ કાર્યોના દેશ-કાલનો નિયમ ઉપપન્ન થઈ જશે. (૨) કુલાલાદિના પ્રયત્નથી ઘટાદિની ઉત્પત્તિ દેખાય છે તે રૂપ સર્વ કાર્ય પણ તે જ રીતે કેવલજ્ઞાનમાં પ્રતિભાસ થાય છે=આ દેશમાં અને આ કાળમાં આ ઘટાદિ કાર્યો પેદા થશે તે રૂપે જ પ્રતિભાસ થાય છે. તેથી 'સ્વવિષયિતા' સંબંધથી તે તે પદાર્થની ઉત્પત્તિ પણ કેવલજ્ઞાનમાં રહે છે. તે તે ઉત્પત્તિથી અવચ્છિન્ન વિશેષ્યતા કેવલજ્ઞાનમાં છે તેને કારણે, તે ઉત્પત્તિરૂપ સર્વ કાર્ય અમુક દેશમાં અને અમુક કાલમાં થાય છે તેના નિયમનની ઉપપતિ કેવલજ્ઞાનથી જ થઈ જશે. વળી જો સ્વભાવમાત્રથી જ દેશ-કાલનો નિયમ ભગવાનમાં તમે કેવલજ્ઞાનને અનુરૂપ કરી શકો છો, તે જ રીતે અન્યત્ર પણ થઈ જવાથી અન્ય કારણમાત્રના ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થશે, અને એ પ્રમાણે ઘટાર્થી દંડાદિમાં જ પ્રવૃત્તિ કરે છે એ વાત અનુપપન્ન થઈ જશે.

ઉત્થાન :- પૂર્વમાં કહ્યું કે કેવલીએ "જે પ્રમાણે જોયું છે તે પ્રમાણે તે થાય છે" એવો સ્વભાવનો અર્થ છે, એમ કહેવાથી કેવલજ્ઞાનથી જ કાર્યમાત્રના દેશકાલના નિયમની ઉપપત્તિ થયે છતે તદતિરિક્ત=તેનાથી અન્ય, કારણમાત્રના ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થશે, તેનું નિવારણ કરતાં '**अथ**'થી પૂર્વપક્ષી કહે છે-

टीका :- अथ दण्डाद्यपेक्षयैव घटोत्पत्तेः केवलिना दर्शनात् तत्तत्र कारणमिति चेत्? तर्हि 'तस्य तदपेक्षायां सिद्धायां तथा ज्ञानविषयिता, तस्यां च सिद्धायां तदपेक्षे'ति परस्पराश्रयप्रसङ्गः। तस्माद् न ज्ञानविषयतान्तर्भावेन कारणता, अपि त्वन्वयव्यतिरेकाभ्यां, तथा ज्ञानविषयतायाः स्वभावत्वं तु न वारयामः, न च स्वभाव एव कारणत्वमिति किमज्ञप्रलापनिरासप्रयासेन! एतेन 'यदा यत् क्षेत्रं स्प्रष्टव्यं तदा तत्स्पर्शनं स्वभावादेव इत्यपि व्याख्यातम्।

टीकार्थ :- '**अथ**' - સ્વભાવનો અર્થ તો તે જ છે કે જે કેવલીએ જોયું છે, પરંતુ કેવલીએ તે પણ જોયું છે કે દંડાદિની અપેક્ષાથી જ ઘટની ઉત્પત્તિ થાય છે, તેથી ત્યાં=ઘટની ઉત્પત્તિમાં (દંડાદિ) કારણ છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે જેમ કેવલીની પ્રવૃત્તિ સ્વભાવથી થાય છે, તેમ ઘટની ઉત્પત્તિ પણ ઘટનો તેવો સ્વભાવ હોવાથી થાય છે, જે કેવલીએ જ્ઞાનમાં જોયો છે. તેથી ઘટના દેશ અને કાલનો નિયમ યદ્યપિ કેવલજ્ઞાનથી થઇ જશે, પરંતુ કેવલીએ એ પણ જોયું છે કે ઘટની ઉત્પત્તિ દંડાદિથી જ થવાની છે તેથી ઘટોત્પત્તિમાં દંડાદિ પણ કારણ છે, માટે ઘટના અર્થીની દંડાદિમાં પ્રવૃત્તિ અનુપપન્ન નહિ થાય.
'अथ' થી પૂર્વપક્ષીએ જે કથન કર્યું તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે-

ટીકાર્થ :- 'तर्हि' - તો પછી તેને=ઘટને, તેની અપેક્ષા=દંડની અપેક્ષા, સિદ્ધ થયે છતે તે પ્રકારે=દંડથી ઘટ પેદા થાય છે તે પ્રકારે, (કેવલજ્ઞાનમાં) જ્ઞાનવિષયિતા છે, અને તે સિદ્ધ થયે છતે=(કેવલજ્ઞાનમાં) જ્ઞાનવિષયિતા સિદ્ધ થયે છતે, તદ્-અપેક્ષા=ઘટને દંડની અપેક્ષા, છે, આ પ્રકારનો પરસ્પર આશ્રય પ્રસંગ આવશે=અન્યોન્યાશ્રયદોષ આવશે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે ઘટને દંડની અપેક્ષા છે એવું સિદ્ધ થયે છતે જ કેવલજ્ઞાનમાં તે પ્રકારની વિષયિતા પ્રાપ્ત થાય, એટલે કે કેવલીને તેવું જ્ઞાન થાય કે દંડથી જ ઘટ ઉત્પન્ન થશે, અને કેવલીના જ્ઞાનમાં તેવો નિર્ણય થાય તો જ એમ કહી શકાય કે ઘટ પ્રતિ દંડ કારણ છે, કેમ કે પૂર્વપક્ષીએ કહ્યું કે જે પ્રમાણે કેવલીએ જોયું છે તે પ્રમાણે વસ્તુ થાય તેવા પ્રકારનો સ્વભાવવાદ છે. કેવલીએ દંડાદિની અપેક્ષાએ જ ઘટાદિની ઉત્પત્તિ જોઈ છે માટે તે દંડાદિ ઘટાદિ પ્રત્યે કારણ છે, તેથી કેવલીના જ્ઞાનથી ઘટાદિ પ્રત્યે દંડાદિ કારણ છે એવો નિર્ણય થાય, તો જ તેમાં કારણતા સિદ્ધ થાય, અને તેવી કારણતા સિદ્ધ થાય તો જ કેવલીને તેવું જ્ઞાન થાય, આ પ્રમાણે અન્યોન્યાશ્રયદોષ પ્રાપ્ત થાય છે.

ટીકાર્થ :- 'तस्मात्'=તે કારણથી=પૂર્વપક્ષીની પૂર્વોક્ત માન્યતાથી જે અન્યોન્યાશ્રયદોષ આવે છે તે કારણથી, જ્ઞાનવિષયતાના અંતર્ભાવવડે ઘટ પ્રત્યે દંડની કારણતા નથી, પરંતુ અન્વય-વ્યતિરેક દ્વારા કારણતા છે.

ઉત્થાન :- અહીં પ્રશ્ન થાય કે તો પછી જગતમાં કેવલીએ જોયું છે તે પ્રમાણે વસ્તુ થાય એવો નિયમ રહેશે નહિ, તેથી કહે છે-

ટીકાર્થ :- 'तथा' - તે પ્રકારે જ્ઞાનવિષયતાના સ્વભાવપણાને અમે વારતા નથી.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે કેવલીના કેવલજ્ઞાનનો તે રીતે વિષય થવાથી ઘટ પ્રતિ દંડ કારણ છે તેવું નથી, પરંતુ ઘટની ઉત્પત્તિ પ્રત્યે દંડનો અન્વય-વ્યતિરેક છે, તેથી ઘટ પ્રતિ દંડ કારણ છે. આનાથી એ પ્રાપ્ત થયું કે કાર્ય પ્રત્યે કેવલીનું કેવલજ્ઞાન કારણ નથી, પરંતુ જે કાર્ય અને કારણની વચમાં અન્વય-વ્યતિરેક છે તે કાર્ય પ્રત્યે કારણ છે.

'तथा' જ્ઞાનવિષયતાના સ્વભાવપણાને અમે વારતા નથી એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, વસ્તુમાં કાર્ય-કારણભાવ અન્વય-વ્યતિરેકને કારણે છે, અને તે જ પ્રકારે કેવલજ્ઞાનની વિષયતાનું સ્વભાવપણું દંડ અને ઘટમાં છે એમ અમે પણ માનીએ છીએ, એ પ્રમાણે શ્વેતાંબરો કહે છે. અર્થાત્ દંડાદિ સામગ્રીથી ઘટ ઉત્પન્ન થાય છે તે જ પ્રકારે

કેવલી જુએ છે એ વસ્તુ શ્વેતાંબરોને પણ માન્ય છે; માત્ર કેવલી જેમ જુએ છે તેમ કાર્ય થાય છે, તેથી કેવલીનું કેવલજ્ઞાન તે કાર્યનો નિયંતા છે એમ જે પૂર્વપક્ષી કહે છે તે શ્વેતાંબરોને માન્ય નથી. પરંતુ કારણસામગ્રીને આધીન કાર્ય થાય છે અને કેવલી પણ જે પ્રકારે જે કારણથી કાર્ય થાય છે તે જ પ્રકારે તે જુએ છે એ શ્વેતાંબરોને માન્ય છે.

ઉત્થાન :- પૂર્વપક્ષીએ કહ્યું કે ભગવાનની સ્વભાવથી જ સ્થાન-નિષદ્યાદિમાં પ્રવૃત્તિ થાય છે, તેના નિરાકરણરૂપે ગ્રંથકાર કહે છે-

ટીકાર્થ :- '**न च**' (માત્ર) સ્વભાવમાં જ કારણપણું નથી, એથી કરીને અજ્ઞપ્રલાપના નિરાસના પ્રયાસ વડે સર્યું. '**एतेन**' - આનાથી=પૂર્વમાં કહ્યું કે સ્વભાવમાં જ કારણપણું નથી આનાથી, વક્ષ્યમાણ કથન પણ વ્યાખ્યાત થયું. તે કથન આ પ્રમાણે છે- કેવલીને જ્યારે જે ક્ષેત્ર સ્પર્શ કરવા યોગ્ય છે ત્યારે તેનું સ્પર્શન સ્વભાવથી જ થાય છે, આ પ્રકારે (પૂર્વપક્ષીનું) કથન પણ વ્યાખ્યાત=નિરાકરણ, કરાયું.

❀ '**स्वभाव एव**'માં '**एव**'કારથી અન્યમાં કારણપણાનો વ્યવચ્છેદ પૂર્વપક્ષી કરે છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે માત્ર સ્વભાવમાં જ કારણપણું નથી, પરંતુ જેમ સ્વભાવમાં કારણપણું છે, તેમ અન્ય કારણોમાં પણ કારણપણું છે. તેથી ભગવાનની સ્થાન-નિષદ્યાદિની પ્રવૃત્તિ છે તેના પ્રતિ તેવા પ્રકારનો તેમનો સ્વભાવ છે તેમ તેમના પ્રયત્ન આદિ પણ કારણ છે. તેથી સ્વભાવમાત્રને કારણરૂપે કહેનાર દિગંબરવચન અજ્ઞપ્રલાપરૂપ છે તેથી તેના નિરાસના પ્રયત્નથી સર્યું.

ઉત્થાન :- પૂર્વમાં કહ્યું કે કાયપ્રયત્નાદિક વિના જ ભગવાનને સ્થાન-નિષદ્યાદિક સ્વભાવથી થાય છે, ત્યાં 'સ્વભાવથી' થાય છે તેના બે અર્થ કર્યા. તેમાં પ્રથમ વિકલ્પ કારણ વિના જ, એવો પાડ્યો. તેનાથી એ પ્રાપ્ત થયું કે કારણ વગર જ અઘાતીકર્મવાળા કેવલીઓનો એવો સ્વભાવ છે કે તેનાથી જ સ્થાન-નિષદ્યાદિ ક્રિયા નિયતદેશમાં અને નિયતકાળમાં થાય છે. તે અર્થ પ્રમાણે દિગંબરોને બૌદ્ધમતમાં પ્રવેશ થવાનો પ્રસંગ આવવાથી તેના નિરાકરણરૂપે દિગંબરે સ્વભાવનો વિશેષ અર્થ કર્યો કે, જે પ્રમાણે કેવલીએ જોયું છે તે જ પ્રમાણે કાર્ય થાય છે એવો જ તેમનો સ્વભાવ છે. પરંતુ સ્વભાવનો આવો વિશેષ અર્થ કરવા જતાં કેવલીમાં દેશકાલના નિયમની સંગતિ થાય તો પણ સર્વત્ર તે પ્રમાણે જ માની લેવાનો પ્રસંગ આવે. તેથી સ્વભાવથી અતિરિક્ત કારણમાત્રના ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થાય. તેથી પ્રથમ વિકલ્પને છોડીને પૂર્વપક્ષી દિગંબર 'સ્વભાવ'થી નો બીજો અર્થ કરે છે કે, દૃષ્ટજાતીય કારણ વગર સ્વભાવથી જ કેવલીને સ્થાન-નિષદ્યાદિ ક્રિયા થાય છે.=કેવલીનો તેવો સ્વભાવ છે માટે સ્થાન-નિષદ્યાદિ ક્રિયા થાય છે. દૃષ્ટજાતીય એવી ઇચ્છા-પ્રવૃત્તિરૂપ કોઇ કારણ કેવલીની ક્રિયામાં નથી, પરંતુ અદૃષ્ટ એવું કર્મરૂપ કારણ છે, તેથી જે પ્રકારનું અદૃષ્ટરૂપ કારણ છે તે પ્રકારની જ સ્થાનાદિની પ્રવૃત્તિ થાય છે. તેથી કેવલીમાં સ્થાનાદિને અનુકૂળ કોઇ પ્રયત્ન કે ઇચ્છા નથી, આથી જ કેવલીને કર્મબંધ થતો નથી. આ પ્રકારના દિગંબરના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે-

ટીકા :- નાપિ દ્વિતીયપક્ષઃ સુન્દરો, દૃષ્ટજાતીયં પ્રયત્નં વિના સ્થાનાદેરિવ દૃષ્ટજાતીયામિચ્છાં વિનાપિ પ્રયત્નસંભવાત્। 'પ્રયત્નસામાન્યં પ્રતીચ્છાયા હેતુત્વમવધૃતમિ'તિ ચેત્? ચેષ્ટામાત્રં પ્રત્યપિ પ્રવૃત્તેર્હેતુત્વં કિન્નાવધૃતમ્? 'પ્રયત્નજન્યતાવચ્છેદકં વૈજાત્યં ન કેવલિક્રિયાયામિ'તિ ચેત્? ઇચ્છાજન્યતાવચ્છેદકં વૈજાત્યમપિ ન તત્પ્રયત્ન ઇતિ તુલ્યમ્। અત એવ વિનૈવેચ્છં સુષુપ્તાદ્યવસ્થાયાં શ્વાસપ્રશ્વાસસન્તાનાદ્યનુકૂલો જીવનયોનિપ્રયત્નઃ। 'આભોગપૂર્વકપ્રયત્નં પ્રતીચ્છાયા હેતુત્વમિ'તિ ચેત્? 'આભોગપૂર્વકક્રિયાં પ્રત્યપિ પ્રયત્નહેતુત્વં કુતો ન રોચયેઃ? છદ્મસ્થિકાભોગપૂર્વકત્વમાદાય સમાધાનમપ્યુભયત્ર તુલ્યમ્।
અત એવેચ્છં વિનૈવ કેવલજ્ઞાનાભોગેન કેવલિસમુદ્ઘાતાદૌ પ્રવૃત્તિઃ । યદાગમઃ

[૧] નાઊણ વેઅણિજ્જં અઇબહુયં આઉઅં ચ થોવાગં ।
કમ્મં પડિલેહેઉં વચ્ચંતિ જિણા સમુગ્ઘાયં ॥ [આવ. નિ. ૯૫૪]

તથા,

[૨] ન કિર સમુગ્ઘાયગઓ મણવયજોગપ્પઉંજણં કુણઇ ।
ઓરાલિઅજોગં પુણ જુંજઇ પઢમટ્ઠમે સમએ ॥ [વિ. ભા. ૩૦૫૪-૫૫]
[૩] ઉભયવ્વાવારાઉ તમ્મીસં બીઅછટ્ઠસત્તમએ ।
તિચઉત્થપંચમે કમ્મયં તુ તમ્મત્તચેટ્ઠાઓ ॥

ટીકાર્થ :- 'નાપિ' - બીજો પક્ષ પણ સુંદર નથી તેમાં હેતુ કહે છે- દૃષ્ટજાતીય પ્રયત્ન વિના સ્થાનાદિની જેમ દૃષ્ટજાતીય ઇચ્છા વિના પણ પ્રયત્નનો સંભવ છે. દિગંબર દૃષ્ટજાતીય પ્રયત્ન વિના સ્થાનાદિ ક્રિયા કેવલીમાં સ્વીકારે છે, તે પ્રમાણે શ્વેતાંબર કહે છે કે દૃષ્ટજાતીય ઇચ્છા વિના પ્રયત્ન પણ સંભવિત છે જ.
'પ્રયત્નસામાન્યં' - અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે પ્રયત્નસામાન્ય પ્રત્યે ઇચ્છાનું હેતુપણું અવધૃત=નિર્ણીત કરાયેલું છે (તેથી દૃષ્ટજાતીય ઇચ્છા વિના પ્રયત્ન ઉત્પન્ન થાય છે એવું કેવી રીતે કહી શકાય?). ગ્રંથકાર તેનો ઉત્તર આપતાં કહે છે-
'ચેષ્ટામાત્રં' - ચેષ્ટામાત્ર પ્રતિ પણ પ્રવૃત્તિનું હેતુપણું કેમ તારા વડે ગ્રહણ નથી કરાયું? અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે ચેષ્ટા બે પ્રકારની છે (૧) પ્રયત્નજન્ય અને (૨) પ્રયત્નઅજન્ય. પ્રયત્નજન્ય ક્રિયામાં રહેલ પ્રયત્ન-જન્યતાવચ્છેદક વૈજાત્ય=જાતિવિશેષ, કેવલીની ક્રિયામાં નથી (માટે પ્રયત્ન વગર પણ કેવલીને ક્રિયા હોય છે.). ગ્રંથકાર તેનો ઉત્તર આપતાં કહે છે- પ્રયત્ન પણ (૧) ઇચ્છાજન્ય અને (૨) ઇચ્છાઅજન્ય એમ બે પ્રકારનો છે. ઇચ્છાજન્ય ક્રિયામાં રહેલ ઇચ્છાજન્યતાવચ્છેદક વૈજાત્ય=જાતિવિશેષ, તેમના પ્રયત્નમાં= કેવલીના પ્રયત્નમાં નથી, તેથી ઇચ્છા વિના પણ કેવલીને પ્રયત્ન થઇ શકે છે, એ પ્રમાણે તુલ્ય=સમાન છે.
ઇચ્છા વિના પ્રયત્ન થઇ શકે છે, તેની પુષ્ટિ કરતાં કહે છે-
'અત એવ'=આથી કરીને જ=ઇચ્છા વિના પણ પ્રયત્ન થઇ શકે છે આથી કરીને જ, ઇચ્છા વિના જ સુષુપ્તાદિ અવસ્થામાં શ્વાસ-પ્રશ્વાસ સંતાનાદિ- અનુકૂળ જીવનયોનિ પ્રયત્ન છે.

---

૧. જ્ઞાત્વા વેદનીયમતિબહુકમાયુષ્કં ચ સ્તોકમ્। કર્મ પ્રતિલેખયિતું વ્રજન્તિ જિનાઃ સમુદ્ઘાતમ્ ॥
૨. ન કિલ સમુદ્ઘાતગતો મનોવચનયોગપ્રયોજનં કરોતિ। ઔદારિકયૌગં પુનર્યુનક્તિ પ્રથમાષ્ટમે સમયે ॥
૩. ઉભયવ્યાપારાત્તન્મિશ્રં દ્વિતીય-ષષ્ઠ-સપ્તમેષુ। તૃતીય-ચતુર્થ-પઞ્ચમેષુ કાર્મણં તુ તન્માત્રચેષ્ટાતઃ ॥

ભાવાર્થ :- કહેવાનું તાત્પર્ય એ છે કે નિદ્રાદિ અવસ્થામાં જ્યારે તે તે પ્રયત્ન કરવાની કોઈ ઇચ્છા હોતી નથી ત્યારે પણ, શ્વાસોચ્છ્વાસાદિની પરંપરા ચાલુ રહે છે, એ જીવવાનું કારણ એવો જીવનયોનિ પ્રયત્ન છે.

ટીકાર્થ :-'આભોગ' - અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે (નિદ્રાદિ અવસ્થામાં આભોગ વગર શ્વાસોચ્છ્વાસનો પ્રયત્ન હોય છે, જ્યારે અમે તો) આભોગપૂર્વકના પ્રયત્ન પ્રતિ ઇચ્છાનું હેતુપણું છે તેમ કહીએ છીએ. ગ્રંથકાર તેનો ઉત્તર આપતાં કહે છે-

'આભોગ' - આભોગપૂર્વકની ક્રિયા પ્રત્યે પણ પ્રયત્નનું હેતુપણું કેમ તને રુચતું નથી? (તેથી કેવલીની ક્રિયા આભોગપૂર્વકની હોવાથી પ્રયત્નપૂર્વક જ થાય છે.)

ઉત્થાન :- અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે છાદ્મસ્થિક આભોગપૂર્વકની ક્રિયા પ્રત્યે જ પ્રયત્નનું હેતુપણું હોવાથી કેવલીને કેવલાભોગપૂર્વકની ક્રિયા પ્રયત્ન વિના પણ થાય છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે-

ટીકાર્થ :- 'છાદ્મસ્થિક' - છાદ્મસ્થિક આભોગપૂર્વકત્વને ગ્રહણ કરીને સમાધાન ઉભયસ્થાને તુલ્ય છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે-કે પૂર્વપક્ષીનું એ કહેવું છે કે, છાદ્મસ્થિક આભોગપૂર્વકની ક્રિયા પ્રત્યે પ્રયત્ન હેતુ છે માટે કેવલીની ક્રિયા પ્રયત્ન વગર સંભવે છે. તેનો ઉત્તર ગ્રંથકાર આપે છે કે, છાદ્મસ્થિક આભોગપૂર્વકનો પ્રયત્ન ઇચ્છાપૂર્વકનો હોય છે, તેથી કેવલીને ઇચ્છા વગર પણ પ્રયત્ન સંભવે છે, આ રીતે સમાધાન બંને સ્થાને તુલ્ય છે.

'नापि द्वितीयपक्षः सुन्दरो....समाधानमप्युभयत्र तुल्यम्।' સુધીના કથનથી એ ફલિત થયું કે પૂર્વપક્ષીને અદૃષ્ટ એવા કર્મના કારણે ભગવાનમાં પ્રયત્ન વગર સ્થાન-નિષદ્યાદિ પ્રવૃત્તિ અભિમત છે, કેમ કે દિગંબરના મત પ્રમાણે પ્રયત્ન મોહથી થાય છે. તેને ગ્રંથકાર કહે છે કે જેમ સ્થાન-નિષદ્યાદિની ક્રિયા પ્રયત્ન વગર થઇ શકે છે એમ તું માને છે, તેમ ઇચ્છા વગર પ્રયત્ન સ્વીકારી લેવામાં કોઇ ફરક પડતો નથી, પરંતુ અનુભવને અનુરૂપ પ્રવૃત્તિ પ્રત્યે પ્રયત્નની સંગતિ થાય છે. એ જ વાતની પુષ્ટિ કરતાં **'अत एव'**થી ગ્રંથકાર કહે છે-

ટીકાર્થ :- 'अत एव' - આથી કરીને જ=ઇચ્છા વગર પણ કેવલીને પ્રયત્ન સંભવે છે, આથી કરીને જ , ઇચ્છા વિના જ કેવલજ્ઞાનના આભોગથી (કેવલીની) કેવલીસમુદ્‌ઘાતાદિમાં પ્રવૃત્તિ છે. જે કારણથી આગમ છે.

'नाऊण' - વેદનીયકર્મને દીર્ઘસ્થિતિક અને આયુષ્યકર્મને અલ્પસ્થિતિક જાણીને કર્મની પ્રતિલેખના કરવા માટે=સમાન કરવા માટે, જિનો=કેવલી મહાત્માઓ, સમુદ્‌ઘાત કરે છે.

'तथा'- 'न किर' - અને સમુદ્‌ઘાતમાં રહેલ કેવલી મન-વચનયોગને પ્રવર્તાવતા નથી. વળી પહેલા અને આઠમા સમયે ઔદારિક કાયયોગને પ્રવર્તાવે છે. બીજા, છઠ્ઠા અને સાતમા સમયે ઉભય વ્યાપારથી=ઔદારિક અને કાર્મણ બંનેનો વ્યાપાર હોવાથી, તન્મિશ્ર=ઔદારિકમિશ્રકાયયોગને (પ્રવર્તાવે છે). વળી ત્રીજા, ચોથા અને પાંચમા સમયે તન્માત્ર ચેષ્ટા હોવાથી=માત્ર કાર્મણશરીરની ચેષ્ટા હોવાથી, કાર્મણકાયયોગને પ્રયુંજે છે=પ્રવર્તાવે છે.

ટીકા :- यस्तु ब्रुते पुद्गलस्कन्धविशेषस्येव भगवतोऽपि लोकव्याप्तिः स्वभावत एवेति स एवं प्रतिबोधनीयो यत्तत्कार्यानुकूलपरिणाम एव जीवस्य प्रयत्न इति। अत एव कर्मबन्धः प्रायोगिकोऽभ्रादिबन्धस्तु वैश्रसिक इति व्यवस्था॥९८॥

ટીકાર્થ :- 'यस्तु' - જે વળી કહે છે કે પુદ્ગલસ્કંધવિશેષની જેમ=અચિત્ત મહાસ્કંધની જેમ, ભગવાનની પણ લોકવ્યાપ્તિ સ્વભાવથી જ છે. તે આ પ્રકારે=પૂર્વમાં કહ્યું કે કેવલાભોગ દ્વારા=કેવલજ્ઞાનના ઉપયોગ દ્વારા, ઇચ્છા વગર પણ કેવલીને સમુદ્ઘાતાદિમાં પ્રવૃત્તિ છે એ પ્રકારે, પ્રતિબોધ કરવા યોગ્ય છે. જે કારણથી જીવનો તત્કાર્યઅનુકૂળ પરિણામ જ=(પ્રસ્તુતમાં) લોકવ્યાપ્તિરૂપ કાર્યાનુકૂળ પરિણામ જ, પ્રયત્ન પદાર્થ છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે પૂર્વપક્ષીને એ કહેવું છે કે, પ્રવૃત્તિ મોહથી જ થાય છે તેથી પ્રવૃત્તિથી અવશ્ય કર્મબંધ થાય છે. માટે કેવલીને સમુદ્ઘાતમાં પણ પ્રયત્ન નથી પરંતુ સ્વભાવથી જ તેઓ સમુદ્ઘાત કરે છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે જીવનો તે કાર્યને અનુકૂળ પરિણામ જ પ્રયત્ન પદાર્થ છે, તેથી કેવળીને પણ સમુદ્ઘાતને અનુકૂળ એવો જે પરિણામ છે, તે યત્નસ્વરૂપ છે માટે પ્રયત્નથી જ કેવલી સમુદ્ઘાત કરે છે.

ટીકાર્થ :- 'अत एव' - આથી કરીને જ='આ કાર્ય હું કરું' એવી ઇચ્છાપૂર્વકનો કાર્યને અનુકૂળ પરિણામ એટલો જ માત્ર પ્રયત્ન પદાર્થ નથી, પરંતુ 'આ કાર્ય હું કરું' એવી ઇચ્છા વગર પણ તે કાર્યને અનુકૂળ એવો પરિણામ પણ પ્રયત્ન પદાર્થ છે. આથી કરીને જ, કર્મબંધ પ્રાયોગિક છે અને અભ્રાદિબંધ વૈશ્રસિક છે એ પ્રમાણે વ્યવસ્થા છે. ॥૯૮॥

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે "હું કર્મ બાંધું" એવી ઇચ્છાપૂર્વક કર્મબંધને અનુકૂળ પરિણામ જીવ કરતો નથી. આમ છતાં, કર્મબંધને અનુકૂળ પરિણામ જીવમાં વર્તે છે અને તે પ્રયત્ન પદાર્થ છે. આથી કરીને જ કર્મબંધને પ્રાયોગિક કહેવાય છે, જ્યારે અભ્રાદિમાં તે કાર્યને અનુકૂળ એવો કોઇ પરિણામ નથી=અભ્રાદિ જીવોના શરીરરૂપ પુદ્ગલોમાં તે કાર્યને અનુકૂળ પરિણામ છે, પરંતુ અભ્રાદિના જીવોમાં તે કાર્યને અનુકૂળ પરિણામ નથી; તેથી અભ્રાદિબંધ વૈશ્રસિક છે. જેમ અચિત્ત મહાસ્કંધમાં તે કાર્યને અનુકૂળ તેવો પરિણામ છે તે વૈશ્રસિક છે, તેમ અભ્રાદિબંધ જાણવો.

અહીં વિશેષ એ છે કે કર્મબંધ કરવાની ઇચ્છા નહીં હોવા છતાં કર્મબંધને અનુકૂળ એવો જીવમાં યત્ન છે તેથી કર્મબંધને પ્રાયોગિક કહેલ છે, તેમ કેવલીને મોક્ષમાં જવાની ઇચ્છા નહીં હોવાને કારણે યોગનિરોધ કરવાની ઇચ્છા ન હોવા છતાં યોગનિરોધને અનુકૂળ યત્ન કરે છે તેથી જ યોગનિરોધ થાય છે તેમ માનવું ઉચિત છે.

કોઇ પણ કાર્યને અનુકૂળ જીવમાં જે પરિણામ છે તે પ્રયત્નરૂપ છે, તેથી ઘટરૂપ કાર્યને અનુકૂળ કુંભારમાં પરિણામ છે માટે ઘટરૂપ કાર્ય પ્રયત્નજન્ય કહેવાય છે. જ્યારે વાદળાં બંધાવાને અનુકૂળ વાતાવરણમાં પુદ્ગલનો પરિણામ છે તે જીવનો પરિણામ નહિ હોવાથી વૈશ્રસિક કહેવાય છે. આથી જ બે પરમાણુમાં સ્કંધ બનવાને અનુકૂળ પરિણામ થાય ત્યારે જ દ્વયણુક બનતો હોવા છતાં દ્વયણુકસ્કંધને વૈશ્રસિક પરિણામ કહેવાય છે. ॥૯૮॥

अवतरणिका :- यत्पुनरुक्तं- 'परपरिणामोऽवन्ध्यबन्धनिदानं' इति तन्न, तदुपहितमिथ्यात्वादिभिरेव बन्धसंभवे तदुपक्षयात्। अत एव 'श्रोतृणां घटादिज्ञानस्य स्वेष्टसाधनताज्ञानात्तत्र प्रयोक्तुरिच्छा, तत इष्टघटादिज्ञानसाधनतया घटादिपदे तत्साधनतया च कण्ठताल्वाद्यभिघातादाविच्छा, ततः प्रवृत्त्यादिक्रमेण घटादिपदप्रयोगः, इत्येतादृशपरिपाट्याः केवलिनामभावान्न ते शब्दप्रयोक्तारः किन्तु विस्रसात एव मूर्ध्नो निरित्वरा ध्वनयः श्रोतृणां स्वस्वभाषात्वेन परिणमय्यार्थविशेषं बोधयन्ती'ति प्रत्युक्तमित्याह-

અવતરણિકાર્થ :- જે વળી ગાથા-૯૭માં પરપરિણામ અવંધ્ય બંધનું કારણ છે એ પ્રમાણે કહ્યું તે બરાબર નથી. તેમાં હેતુ કહે છે - તદુપહિત=પરપરિણામથી ઉપહિત, મિથ્યાત્વાદિથી જ બંધના સંભવમાં તેનો=પરપરિણામનો ઉપક્ષય છે.

❀ પરદ્રવ્યના પરિણામથી આત્મામાં જે પરિણામ થાય તે પરપરિણામથી ઉપહિત કહેવાય.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે પૂર્વપક્ષીનું એ કહેવું છે કે, કેવલીને પ્રયત્ન માનવામાં આવે તો તે પ્રયત્ન પુદ્ગલવિષયક હોવાથી પરપરિણામરૂપ છે, અને તે અવશ્ય બંધનું કારણ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે, તે વાત બરાબર નથી, અને તેમાં હેતુ કહ્યો કે પરમાં પ્રવૃત્તિરૂપ પરપરિણામથી ઉપહિત એવા મિથ્યાત્વાદિથી બંધનો સંભવ છે. તેનો ભાવ એ છે કે જ્યારે વ્યક્તિ પરપદાર્થમાં પ્રયત્ન કરે છે ત્યારે, તેના કારણે મિથ્યાત્વાદિ કોઈ પરિણામ જીવમાં પેદા થાય તો તેનાથી કર્મબંધ થાય છે, પરંતુ મિથ્યાત્વાદિ કોઈ પરિણામ જીવમાં પેદા ન થાય તો કર્મબંધ ન થાય. તેથી પરપરિણામ મિથ્યાત્વાદિને પેદા કરીને ઉપક્ષય પામે છે .

અહીં વિશેષ એ છે કે જેમ જપાકુસુમથી સ્ફટિકમાં રક્તપણું આરોપિત થાય છે તેમ પરપદાર્થમાં પ્રવૃત્તિ કરવાથી જીવમાં મિથ્યાત્વાદિનો પ્રાદુર્ભાવ થાય છે, તે મિથ્યાત્વાદિથી જ કર્મબંધ છે. તેથી પરમાં પ્રવૃત્તિરૂપ પરપરિણામ મિથ્યાત્વાદિને પેદા કરીને ચરિતાર્થ થઈ જાય છે, માટે કર્મબંધનું કારણ પરપરિણામ નથી પણ મિથ્યાત્વાદિ છે. ફક્ત જે જીવને પરપરિણામ દ્વારા મિથ્યાત્વાદિ પેદા થતાં નથી તેને કર્મબંધ થતો નથી. પરપરિણામ કોઈકને મિથ્યાત્વનું કારણ બને છે તો કોઈકને મિથ્યાત્વનું કારણ ન બનતાં અવિરતિનું કારણ બને છે, તો કોઈકને ફક્ત કષાયનું કારણ બને છે; પરંતુ કેવલીને તે પરપરિણામ મિથ્યાત્વાદિમાંથી કોઈનું કારણ બનતો નથી, તેથી પરપરિણામ કર્મબંધનું કારણ નથી.

❀ અહીં '**तदुपहितमिथ्यात्वादिभिः**' કહ્યું એમાં આદિથી અવિરતિ અને કષાયને લેવાનાં છે, યોગને ગ્રહણ કરવાનો નથી. જો કે યોગકૃત કર્મબંધ કેવલીને પણ છે અને તે પરપરિણામકૃત જ છે, પરંતુ સ્થિતિનિબંધન તે કર્મબંધ નથી, તેથી અહીં યોગકૃત બંધની વિવક્ષા કરેલ નથી.

અવતરણિકાર્થ ચાલુ :- 'अत एव' આથી કરીને જ=પરપરિણામ અવંધ્ય બંધનું કારણ છે એ પ્રમાણે કહ્યું તે વાત બરાબર નથી આથી કરીને જ, વક્ષ્યમાણ પૂર્વપક્ષીની માન્યતા પ્રત્યુક્ત છે. તે વક્ષ્યમાણ માન્યતા આ પ્રમાણે છે- શ્રોતાના ઘટાદિજ્ઞાનમાં સ્વ-ઈષ્ટસાધનતાનું જ્ઞાન થવાથી ત્યાં=શ્રોતાને ઘટાદિજ્ઞાન કરાવવામાં, પ્રયોક્તાની ઇચ્છા થાય છે. ત્યારપછી ઈષ્ટઘટાદિજ્ઞાનના સાધનપણાથી ઘટાદિપદમાં (ઇચ્છા થાય છે). અને તત્

સાધનપણાથી=ઘટાદિ પદના સાધનપણાથી કંઠ-તાલુ આદિ અભિઘાતાદિમાં ઇચ્છા થાય છે. ત્યારપછી પ્રવૃત્તિ થાય છે ઇત્યાદિ ક્રમથી ઘટાદિપદપ્રયોગ થાય છે. એથી કરીને આવા પ્રકારની પરિપાટીનો કેવલીમાં અભાવ હોવાથી તેઓ=કેવલીઓ, શબ્દપ્રયોક્તા=શબ્દ પ્રયોગ કરનાર, નથી; પરંતુ વિસ્રસાથી જ મસ્તકમાંથી નીકળતી નિરંતર ધ્વનિઓ શ્રોતાઓને સ્વ-સ્વભાષાપણા વડે પરિણમન પામીને અર્થવિશેષનો બોધ કરાવે છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે તે પ્રત્યુક્ત છે એ પ્રકારે ગાથામાં કહે છે-

❀ '**अत एव श्रोतृणाम्**' કહ્યું ત્યાં '**श्रोतृणाम्**' એ કર્માર્થક ષષ્ઠી છે. તેથી શ્રોતૃકર્મક ઘટાદિજ્ઞાનની સ્વ-ઇષ્ટસાધનતા છે, સ્વ=પ્રયોક્તૃ તેને ઇષ્ટ છે કે શ્રોતાને સમ્યક્ પ્રવૃત્તિ કરાવવી અને તે પ્રવૃત્તિનું સાધન શ્રોતાને ઘટાદિનું જ્ઞાન થવું તે છે. અને શ્રોતાને ઘટાદિ જ્ઞાન કરાવવા માટે વક્તાને ઇચ્છા થાય છે. તેથી તે વચનપ્રયોગ કરે છે.

❀ '**ततः प्रवृत्त्यादिक्रमेण**' કહ્યું ત્યાં '**ततः प्रवृत्तिः, इत्यादि क्रमेण**' એ પ્રમાણે પાઠ હોવાની સંભાવના છે.

❀ '**कण्ठताल्वाद्यभिघातादौ**' અહીં કંઠતાલુ આદિમાં '**आदि**'પદથી ઓષ્ઠના અભિઘાતને ગ્રહણ કરવાનું છે અને અભિઘાતાદિમાં '**आदि**'પદથી અભિઘાતને અનુકૂળ પ્રયત્નથી ઇચ્છા થાય છે તે ગ્રહણ કરવાની છે.

ભાવાર્થ :- '**अत एव**'થી પૂર્વપક્ષીનું કથન આ રીતે પ્રત્યુક્ત છે- પૂર્વમાં કહ્યું કે પરપરિણામ અવંધ્ય બંધનું કારણ છે તે વાત બરાબર નથી. તેનાથી એ પ્રાપ્ત થાય છે કે પરપરિણામ હોવા છતાં બંધ ન પણ થાય. તેથી ઇચ્છા વગર પણ પરપરિણામ થઇ શકે છે, કેમ કે ઇચ્છાપૂર્વક જ પરપરિણામ થાય તો અવશ્ય બંધ થવો જોઇએ; કારણ કે ઇચ્છા મોહરૂપ છે. માટે કેવલીને મોહ નહિ હોવાથી ઇચ્છા નથી તેથી પરને ઉપદેશ આપવારૂપ પરપરિણામ કેવલીઓ કરે છે તો પણ તેમને કર્મબંધની આપત્તિ નથી. તેથી પૂર્વપક્ષીએ કેવલીને વિશ્રસાથી જ ધ્વનિ નીકળે છે તેમ કહ્યું તેમ માનવાની કોઇ આવશ્યકતા નથી. ઉપદેશમાં કેવલીની પ્રવૃત્તિ હોવા છતાં પણ કેવલીને તેનાથી લેપાવાની આપત્તિ નથી માટે પૂર્વપક્ષીનું કથન પ્રત્યુક્ત છે.

ગાથા :- **एवं सहाववाणी कह जुत्ता जेण तेसि वयजोगो ।**
हेऊ दव्वसुअस्सा पओअणं कम्मखवणा य ॥९९॥

(एवं स्वभाववाणी कथं युक्ता येन तेषां वाग्योगः । हेतुर्द्रव्यश्रुतस्य प्रयोजनं कर्मक्षपणा च ॥९९॥)

ગાથાર્થ :- આ રીતે=પૂર્વશ્લોકમાં સિદ્ધ કર્યું કે કેવલીને ક્રિયા સ્વભાવથી નથી પરંતુ પ્રયત્નથી છે એ રીતે, સ્વભાવવાણી કેવી રીતે યુક્ત છે? અર્થાત્ યુક્ત નથી. જે કારણથી દ્રવ્યશ્રુતનો હેતુ=કારણ, એવો વાક્યોગ કેવલીને છે અને કર્મક્ષપણા પ્રયોજન છે.

ટીકા :- श्रोतृणां भावश्रुतकारणतया द्रव्यश्रुतत्वमास्कन्दन्ती वाग्योगजन्या हि भगवद्भाषा कथमनक्षरमयी?! नह्यत्र हेत्वभावो बाधको, भाषापर्याप्त्याहितवाग्योगादेर्जागरूकत्वात्। न चाभिलापजनकश्रुतज्ञानाभावो बाधकः, अभिलापसमानाकारज्ञानमात्रस्यैवाभिलापप्रयोजकत्वात्। अत एवोक्तं-

[આવ. નિ. ૭૮]

[१] केवलनाणेणत्थे णाउं जे तत्थ पन्नवणजोग्गे ।
ते भासइ तित्थयरो वयजोग सुअं हवइ सेसं ॥ ति

ટીકાર્થ :- 'श्रोतॄणां' - શ્રોતાઓને ભાવશ્રુતનું કારણ હોવાથી દ્રવ્યશ્રુતપણાને આસ્કંદન કરતી=પામતી, વાગ્યોગથી જન્ય જ ભગવાનની ભાષા અનક્ષરમયી કેવી રીતે હોઇ શકે? અર્થાત્ અનક્ષરમયી ન હોય. ('**हि**' '**एव**'કારાર્થક છે.) અહીં પૂર્વપક્ષી કહે છે કે ભાષા પ્રતિ વાગ્યોગરૂપ હેતુનો અભાવ છે=વાગ્યોગ ભગવાનને નથી, તેનું કારણ ભગવાનને મોહ નહિ હોવાથી ઇચ્છા નથી. તેથી ગ્રંથકાર કહે છે-
'**नह्यत्र**'- અહીં હેતુનો અભાવ બાધક નથી જ, તેમાં હેતુ કહે છે- (ભગવાનને) ભાષાપર્યાપ્તિથી આહિત વાગ્યોગાદિનું જાગરૂકપણું છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે અક્ષરમયી ભાષા પ્રત્યે કાયયોગ દ્વારા ભાષાવર્ગણાને ગ્રહણ કરીને, ભાષાપર્યાપ્તિના અવલંબનથી ભાષારૂપે પરિણમન કરવાનો યત્ન જીવ કરે છે. તદુત્તરમાં ભાષારૂપે પરિણમન પામેલા તે પુદ્ગલોનું અવલંબન લઈને, જે વીર્ય પ્રવર્તે છે તે વચનયોગ છે. ભગવાનને પણ ભાષાપર્યાપ્તિ છે, તેથી તેનાથી આહિત એવો વચનયોગ ભગવાનને પણ હોઇ શકે છે. તેમાં કેવલજ્ઞાન પ્રતિબંધક બનતું નથી, તેથી ભગવાન અક્ષરમયી ભાષા બોલે છે.

❀ અહીં 'વાગ્યોગાદિ'માં 'આદિ'પદથી જિનનામકર્મનો ઉદય ગ્રહણ કરવો, કેમ કે જિનનામકર્મ પણ દેશનાદિ દ્વારા જ ક્ષયને પામે છે. તેથી વાગ્યોગ અને તીર્થંકરનામકર્મનું જાગરૂકપણું હોવાથી હેતુનો અભાવ ભગવાનને નથી.

ઉત્થાન :- અહીં પૂર્વપક્ષી કહે છે કે, અભિલાપજનક શ્રુતજ્ઞાનનો ભગવાનને અભાવ હોવાથી તે બાધક બને છે. તેથી કહે છે-

ટીકાર્થ :-'न च' અને અભિલાપજનક શ્રુતજ્ઞાનનો અભાવ બાધક નથી. તેમાં હેતુ કહે છે- અભિલાપ સમાનાકાર જ્ઞાનમાત્રનું જ અભિલાપનું પ્રયોજકપણું છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે દિગંબર શ્રુતજ્ઞાનને અભિલાપમાં કારણ કહે છે, અને તેમનું એ કહેવું છે કે ભગવાનને શ્રુતજ્ઞાન ન હોવાથી અભિલાપ કેવી રીતે હોઇ શકે? તેનો ઉત્તર ગ્રંથકાર આપે છે કે અભિલાપની સમાન આકારવાળું કોઇપણ જ્ઞાન અભિલાપનું પ્રયોજક બની શકે છે. ભગવાનને શ્રુતજ્ઞાન નથી પરંતુ કેવલજ્ઞાન છે, તેથી અભિલાપની સમાન આકારવાળા કેવલજ્ઞાનથી પણ તેવો અભિલાપ થઇ શકે છે.
એ જ વાતને પુષ્ટ કરતાં '**अत एव**'થી કહે છે-

---

१. केवलज्ञानेनार्थान् ज्ञात्वा ये तत्र प्रज्ञापनयोग्याः । तान् भाषते तीर्थंकरो वाग्योगः श्रुतं भवति शेषम् ॥

ટીકાર્થ :- 'अत एव' આથી કરીને જ=અભિલાપ સમાનાકાર જ્ઞાનમાત્રનું જ અભિલાપનું પ્રયોજકપણું છે, આથી કરીને જ, કહેલું છે -

'केवलनाणेण' કેવલજ્ઞાન વડે અર્થોને જાણીને જે અર્થો ત્યાં=ઉપદેશમાં, પ્રજ્ઞાપનને યોગ્ય છે=પ્રજ્ઞાપનીય છે=શ્રોતાને લાભ કરવા માટે યોગ્ય છે, તેને તીર્થંકર બોલે છે, તે ભગવાનનો વચનયોગ છે; અને તે શેષ=અપ્રધાન =દ્રવ્યશ્રુત છે (=પ્રધાન દ્રવ્યશ્રુત છે.)

ભાવાર્થ :- અહીં પ્રજ્ઞાપનને યોગ્ય ભગવાન કહે છે એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, પ્રજ્ઞાપન કરવું તે પ્રજ્ઞાપના અને તેને યોગ્ય તે પ્રજ્ઞાપનાયોગ્ય અને ભગવાન તેને જ કહે છે, અપ્રજ્ઞાપનીય કહેતા નથી. પ્રજ્ઞાપનીય પણ સર્વ નથી કહેતા, પરંતુ ગ્રહણ કરનારની શક્તિની અપેક્ષાએ જે યોગ્ય હોય તે કહે છે. અને તે ભગવાનનો વચનયોગ જ છે અને તે શેષ શ્રુત થાય છે. તેનું તાત્પર્ય એ છે કે ભાવશ્રુતજ્ઞાનનું કારણ હોવાથી શેષ=અપ્રધાન, કહેલ છે. અપ્રધાન=દ્રવ્યશ્રુત છે એમ જાણવું. દ્રવ્યશ્રુત ભાવશ્રુતનું કારણ છે તેથી ભાવશ્રુત પ્રધાન છે. શેષ અપ્રધાન છે=દ્રવ્યશ્રુત છે. અપ્રધાનનો અર્થ 'દ્રવ્યશ્રુત' કરેલ છે, બાકી તે પ્રધાન દ્રવ્યશ્રુત છે.

टीका :- अथ प्रज्ञापनीयानां ग्रहीतुर्ग्रहणयोग्यानामेव चार्थानां भाषणे किं नियामकं? इति चेत्? अमूढलक्षस्य भगवतस्तथास्वाभाव्यमेवेति गृहाण। एतेन रागद्वेषरूपहेत्वभावोऽपि निरस्तः, एतयोरनृतभाषायामेव हेतुत्वात्।

ટીકાર્થ :- 'अथ'થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે ભગવાનને પ્રજ્ઞાપનીય અને ગ્રહણ કરનાર જીવના ગ્રહણ યોગ્ય જ અર્થના ભાષણમાં નિયામક શું છે?

ગ્રંથકાર તેનો ઉત્તર આપે છે-

'अमूढ' અમૂઢલક્ષવાળા ભગવાનનું તથાસ્વાભાવ્ય જ (છે) એ પ્રમાણે જાણ.

'एतेन'- આનાથી=અમૂઢલક્ષવાળા ભગવાન તથાસ્વભાવથી જ પ્રજ્ઞાપનીય અને ગ્રહીતુને ગ્રહણયોગ્ય એવા અર્થોનું ભાષણ કરે છે આનાથી, કેવલીમાં રાગદ્વેષરૂપ હેતુનો અભાવ છે એથી કેવલી બોલવાનો પ્રયત્ન કરતાં નથી એ પણ નિરસ્ત જાણવું, કેમ કે આ બેનું=રાગ-દ્વેષનું, અનૃતભાષામાં હેતુપણું છે.

ભાવાર્થ :- 'अथ'થી પૂર્વપક્ષીને એ કહેવું છે કે, તમારા ભગવાન શ્રોતાને પ્રજ્ઞાપનીય અને ગ્રહણયોગ્ય જ ચોક્કસ બોલે છે, માટે ભગવાનને રાગ છે. વીતરાગ એવા ભગવાનને પક્ષપાત ન હોવાથી ચોક્કસ બોલવું ન સંભવે, અને તમારા ભગવાન ચોક્કસ બોલે છે, તેમાં નિયામક કોણ છે? તેનો ઉત્તર ગ્રંથકાર આપે છે કે અમૂઢલક્ષવાળા ભગવાનનો તેવો સ્વભાવ જ છે. તેનું તાત્પર્ય એ છે કે પ્રજ્ઞાપનીય અને ગ્રહણ કરનારને ગ્રહણયોગ્ય જ અર્થોને બોલે તેવો ભગવાનનો સ્વભાવ જ છે. ભગવાનનો તેવો સ્વભાવ કેમ છે? એ બતાવવા માટે અમૂઢલક્ષવાળા એવું વિશેષણ ભગવાનનું કહ્યું છે. તેનો ભાવ એ છે કે સામી વ્યક્તિને ઉપકાર કરવાનું જે લક્ષ છે તે ક્યારેય નિષ્ફલ ન જાય તેવા અમૂઢલક્ષવાળા ભગવાન છે ભગવાન લક્ષમાં મોહ પામેલા નથી માટે

અમૂઢલક્ષવાળા છે. અને અમૂઢલક્ષવાળા ભગવાન છે, એ ત્યારે જ સંભવે કે પ્રજ્ઞાપનીય અને ગ્રહણ કરનારને ગ્રહણયોગ્ય એવા જ અર્થોનું ભાષણ કરે.

'**एतेन**'થી કહ્યું કે આનાથી રાગદ્વેષરૂપ હેતુનો અભાવ હોવાથી કેવલીની ઉપદેશમાં પ્રવૃત્તિ નથી, એ પણ નિરસ્ત જાણવું. અને તેમાં હેતુ કહ્યો કે રાગ-દ્વેષ અનૃતભાષામાં જ હેતુ છે. તેનું તાત્પર્ય એ છે કે ભાષાસામાન્ય પ્રત્યે રાગ-દ્વેષનું હેતુપણું નથી, પરંતુ અનૃતભાષામાં જ રાગ-દ્વેષનું હેતુપણું છે.

અહીં વિશેષ એ છે કે યદ્યપિ સત્યભાષા પણ કોઈના પ્રત્યે રાગ હોવાથી તેના હિતને માટે થાય છે, પરંતુ અનૃતભાષા તો નિયમા રાગ-દ્વેષથી જ થાય છે; અને સત્યભાષા ક્વચિત્ રાગાદિપૂર્વક પણ થાય, અને ક્વચિત્ રાગાદિ વગર પણ થાય. તેથી રાગ-દ્વેષ હોય તો જ ભાષા બોલાય એવી વ્યાપ્તિ નથી.

ટીકા :- अथानृतभाषायां विप्रलिप्सेव सत्यभाषायामप्यनुजिघृक्षैव हेतुर्भविष्यतीति चेत्? न, अनुग्रहार्थि-प्रवृत्तावेव तद्धेतुत्वात्। अत एव '[१] तो मुअइ नाणवुट्ठिं भविअजणविबोहणट्ठाए'- इत्यत्रार्थपदं प्रयोजनार्थकं नत्विच्छार्थकमित्याहुः।

ટીકાર્થ :- '**अथ**'થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, અનૃતભાષામાં વિપ્રલિપ્સા=સામાને ઠગવાની ઇચ્છા, જેમ હેતુ બને છે, તેમ સત્યભાષામાં પણ અનુજિઘૃક્ષા=અનુગ્રહ કરવાની ઇચ્છા, હેતુ બનશે. તેનો ગ્રંથકાર ઉત્તર આપે છે કે એમ ન કહેવું. તેમાં હેતુ કહે છે અનુગ્રહાર્થીની પ્રવૃત્તિમાં જ તેનું=અનુજિઘૃક્ષાનું, હેતુપણું છે.

ભાવાર્થ :- અનુગ્રહાર્થીની પ્રવૃત્તિમાં જ અનુગ્રહ કરવાની ઇચ્છા હેતુ છે, એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, અનુગ્રહની ઇચ્છા વગર પણ પ્રવૃત્તિ થઇ શકે છે, તેથી કેવલી અનુગ્રહ કરવાની ઇચ્છાથી દેશના વગેરે પ્રવૃત્તિ કરતા નથી, પરંતુ ભવ્યજીવોને અનુગ્રહ કરવા માટે દેશના વગેરેમાં યત્ન કરે છે તેમ માનવામાં દોષ નથી.

'**अत एव**'થી તે જ વાતની પુષ્ટિ કરતાં કહે છે-

ટીકાર્થ :- '**अत एव**' - આથી કરીને જ=અનુગ્રહાર્થીની પ્રવૃત્તિમાં જ અનુગ્રહ કરવાની ઇચ્છાનું હેતુપણું છે આથી કરીને જ, '**तो मुअइ नाणवुट्ठिं भविअजणविबोहणट्ठाए**' એ પ્રમાણેના શાસ્ત્રવચનમાં, અર્થપદ પ્રયોજનાર્થક છે પરંતુ ઇચ્છાર્થક નથી, એવું પૂર્વાચાર્યો કહે છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે "ભવ્યજનોને બોધ માટે" એ કથનમાં ભવ્યજનોને અનુગ્રહ કરવાની ઇચ્છાથી ભગવાનની ઉપદેશમાં પ્રવૃત્તિ નથી, પરંતુ ભવ્યજનોને બોધના પ્રયોજન માટે ભગવાનની ઉપદેશની પ્રવૃત્તિ છે; એ બતાવવા માટે જ અર્થપદ પ્રયોજનાર્થક છે પરંતુ ઇચ્છાર્થક નથી, એમ પૂર્વાચાર્યો કહે છે.

અહીં વિશેષ એ છે કે અર્થપદ પ્રયોજનાર્થક છે પરંતુ ઇચ્છાર્થક નથી એમ કહેવાથી એ પ્રાપ્ત થાય છે કે,

---

૧. अस्य पूर्वार्धः - त्वनियमनाणरुक्खं आरूढो केवली अमियनाणी। (आव. नि. ८९)
तंपोनियमज्ञानवृक्षमारूढः केवल्यमितज्ञानी। ततो मुञ्चति ज्ञानवृष्टिं भव्यजनविबोधनार्थाय ॥

રાગાદિરહિત અર્થાત્ અનુગ્રહના પરિણામ વગર ભવ્યજનોના બોધના પ્રયોજનથી ભગવાન ઉપદેશ આપે છે, અને તેમાં કારણ તરીકે ભગવાનનો તેવો સ્વભાવ જ છે કે ભવ્યજનોના હિત માટે પ્રયત્ન કરવો.

ટીકા :- ननु कृतकृत्यस्य भगवतः प्रयोजनमपि नास्तीति चेत्? न, एकान्ततः कृतकृत्यत्वासिद्धेः, धर्मदेशनादिनैव तेनोदीर्णतीर्थङ्करनामकर्मणः क्षपणीयत्वात्। यदागमः-

'[१] तं च कहं वेइज्जइ? अगिलाइ धम्मदेसणाइहिं'ति **अत एवोक्तं भाष्यकृतापि-[वि. भा. ११०३]**

[२] णेगंतेण कयत्थो जेणोदिन्नं जिणिंदणामं से ।
तदवंझफलं तस्स य खवणोवाओयमेव जओ ॥ त्ति

न चातीर्थकरकेवलिनां देशनाद्यनुपपत्तिः, ज्ञानदानाभ्यासादिनिकाचितपुण्यप्रकृतिविशेषादेव तदुत्पत्तेः।

ટીકાર્થ :- '**ननु**'થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે કૃતકૃત્ય એવા ભગવાનને પ્રયોજન પણ નથી. તેનો ઉત્તર ગ્રંથકાર આપે છે કે એમ ન કહેવું. તેમાં હેતુ કહે છે- એકાંતથી કૃતકૃત્યત્વની અસિદ્ધિ છે.

ઉત્થાન :- અહીં કહ્યું કે એકાંતથી કૃતકૃત્યત્વની અસિદ્ધિ છે તેથી દેશનાનું પ્રયોજન છે એમ નક્કી થાય છે. તેથી દેશનાનું શું પ્રયોજન છે તે બતાવતાં કહે છે-

ટીકાર્થ :- '**धर्मदेशनादिना**' - ધર્મદેશનાદિ દ્વારા જ તેમના વડે=ભગવાન વડે, ઉદીર્ણ તીર્થંકરનામકર્મનું ક્ષપણીયપણું છે. તેમાં હેતુ કહે છે -

'**यदागमः**' જે કારણથી આગમ છે- તેને=તીર્થંકરનામકર્મને, (ભગવાન) કેવી રીતે વેદે છે? તેનો ઉત્તર આપે છે કે અગ્લાનિપૂર્વક ધર્મદેશના દ્વારા (વેદે છે.). આથી કરીને જ=અગ્લાનિપૂર્વક ધર્મદેશના આપવા દ્વારા ભગવાન તીર્થંકરનામકર્મને વેદે છે આથી કરીને જ, ભાષ્યકાર વડે પણ કહેવાયું છે- ભગવાન એકાંતથી કૃતાર્થ નથી, જે કારણથી તેમનું ઉદયમાં આવેલું જિનનામકર્મ છે. તે=જિનનામકર્મ અવંધ્યફલવાળું છે. અને જે કારણથી તેના=ઉદીર્ણજિનનામકર્મના, ખપાવવાનો ઉપાય આ જ છે=દેશનાદાન આદિ જ છે.

'**त्ति**' ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

ભાવાર્થ :- '**धर्मदेशनादिना**' અહીં કૃતકૃત્યત્વની અસિદ્ધિમાં ભગવાનને દેશના આપવાનું પ્રયોજન બતાવ્યું કે, ભગવાનને પણ ઉદયમાં આવેલ તીર્થંકરનામકર્મની ક્ષપણા કરવી એ પ્રયોજન છે, જ્યારે પૂર્વમાં ભવ્યજનના બોધ માટે દેશના આપે છે તેમ કહ્યું. બંને સ્થાનમાં પ્રયોજન ભિન્ન ભિન્ન છે. તેનું તાત્પર્ય એ છે કે, ભગવાનને

---

१. अस्योत्तरार्धः-बज्झइ तंतु भगवओ तइअभवोसक्कइत्ताणं ॥ (आ. नि. १८३)
तच्च कथं वेद्यते ? अग्लान्या धर्मदेशनादिभिः । बध्यते तत्तु भगवतस्तृतीयं भवमवसर्प्य ॥

२. नैकान्तेन कृतार्थो येनोदीर्णं जिनेन्द्रनाम तस्य । तदवन्ध्यफलं तस्य च क्षपणोपायोऽयमेव यतः ॥

ભવ્યજન ઉપર ઉપકાર કરવાનો સ્વભાવ છે, તેથી ભવ્યજનને બોધના પ્રયોજનથી ભગવાન ઉપદેશ આપે છે ત્યાં પણ તેમને અનુગ્રહ કરવાની ઇચ્છા નથી, તેમ પોતાનાં કર્મ ખપાવવા યોગ્ય છે ત્યાં પણ ક્ષપણા કરવાની ઇચ્છા હોતી નથી; પરંતુ ધર્મદેશનાદિ દ્વારા જ ઉદયમાં આવેલ તીર્થંકરનામકર્મ વિપાકમાં આવીને નાશ પામવાનું છે. ભગવાન સ્વયં રાગાદિ રહિત હોવાથી ઉદયમાન કર્મને અનુરૂપ તે ઉચિત પ્રવૃત્તિ કરીને કર્મની ક્ષપણા કરવાના પ્રયોજનથી ઉપદેશ આદિમાં પ્રવૃત્તિ કરે છે.

ઉત્થાન :- અહીં પૂર્વપક્ષી કહે છે કે જેમને જિનનામકર્મ નથી તેવા સામાન્ય કેવલીને તો, જિનનામકર્મ ખપાવવાનું નહિ હોવાથી દેશનાદિની અનુપપત્તિ થશે. તેથી કહે છે-

ટીકાર્થ :- 'न च' - અને અતીર્થંકર કેવલીઓને દેશનાદિની અનુપપત્તિ છે એમ ન કહેવું, તેમાં હેતુ કહે છે- જ્ઞાનદાન અભ્યાસાદિથી બાંધેલ નિકાચિત પુણ્યપ્રકૃતિવિશેષથી જ તેની=દેશનાદિની, ઉપપત્તિ છે.

ભાવાર્થ :- 'જ્ઞાનદાન' કેવલી પૂર્વભવમાં કે તદ્ભવમાં જ્ઞાનદાનનો જે અભ્યાસ કરે છે=જ્ઞાનદાનની જે પુનઃ પુનઃ ક્રિયા કરે છે, તેનાથી નિકાચિત થયેલી એવી પુણ્યપ્રકૃતિવિશેષથી જ દેશનાદિની ક્રિયા તેમને ઘટી શકે છે.

❀ **'ज्ञानदानाभ्यासादि'** થી કહ્યું અહીં **'आदि'**પદથી પરોપકાર કરવાની બુદ્ધિને ગ્રહણ કરવી.

પુણ્યપ્રકૃતિવિશેષ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે દેશનાને અનુકૂળ પુણ્યપ્રકૃતિવિશેષને અહીં ગ્રહણ કરવાની છે.

टीका :- एतेन 'तीर्थंकरनामकर्मणो जीवविपाकितया तत्रैव विपाकप्रदर्शनमुचितं न तु कण्ठताल्वाद्यभिघातक्रमेण देशनादिना पुद्गलेऽपि' इति परास्तम्, जीवविपाकिनोऽपि क्रोधस्य भ्रूभङ्गत्रिवलीतरङ्गादिना पुद्गले विपाकदर्शनात्। रागद्वेषराहित्यलक्षणं तु कृतकृत्यत्वं भगवति निराबाधमेव, क्लिनैव तौ भगवतः परमहितोपदेशकत्वस्य योग्यानां च ततः प्रतिबोधस्य स्वभावादेव निर्वाहाद्।'

यदाहुः [वि. भा. ११०४-१०]

[१] जं च कयत्थस्स वि से अणुवगयपरोवगारिसाभव्वं ।
परमहियदेसयत्तं भासयसाभव्वमिव रविणो ।।
[२] किंच कमलेसु राओ रविणो बोहेइ जेण सो ताइं ।
कुमुएसु य से दासो जं ण विबुज्झंति से ताइं ।।
[३] जं बोहमउलणाई सूरकरामरिसओ समाणा उ ।
कमलकुमुआण तो तं साभव्वं तस्स तेसिं च ।।

---

१. यच्च कृतार्थस्यापि तस्यानुपकृतपरोपकारिस्वाभाव्यम् । परमहितदेशकत्वं भासकस्वाभाव्यमिव रवेः ।।
२. किं च कमलेषु रागो रवेर्बोधयति येन स तानि । कुमुदेषु वा तस्य द्वेषो यत्न विबुध्यन्ते तस्य तानि ।।
३. यद्बोधमुकुलने सूरकरामर्शतः समानात् । कमलकुमुदानां ततस्तत् स्वाभाव्यं तस्य तेषां च ।।

[૪] જહ વોલૂગાઈણં પગાસધમ્માવિ સેસદોસેણં ।
ઉઇઓ વિ તમોરૂવો એવમભવ્વાણ જિણસૂરો ॥
[૫] સજ્ઝં તિગિચ્છમાણો રોગં રાગી ણ ભણ્ણએ વિજ્જો ।
મુણમાણો અ અસજ્ઝં સેહયંતો જહ અદોસો॥
[૬] તહ ભવ્વકમ્મરોગં નાસંતો રાગવં ન જિણવિજ્જો ।
ણ ય દોસી અભવ્વાસજ્ઝકમ્મરોગં ણિસેહંતો ॥
[૭] મોત્તુમજોગ્ગં જોગ્ગે દલિએ રૂવં કરેઇ રૂઆરો ।
ણ ય રાગદ્દોસિલ્લો તહેવ જોગ્ગે વિબોહંતો ॥ ત્તિ।

ટીકાર્થ :- 'એતેન'-આનાથી=ધર્મદેશનાદિ દ્વારા જિનનામકર્મ ક્ષપણીય છે આનાથી, તીર્થંકરનામકર્મનું જીવવિપાકીપણું હોવાને કારણે ત્યાં જ=જીવમાં જ, વિપાકપ્રદર્શન ઉચિત છે, પરંતુ કંઠ-તાલુઆદિના અભિઘાતના ક્રમથી દેશનાદિ દ્વારા પુદ્ગલમાં પણ વિપાકપ્રદર્શન ઉચિત નથી. એ પ્રમાણે કથન પરાસ્ત જાણવું. તેમાં હેતુ કહે છે - જીવવિપાકી પણ ક્રોધનું ભ્રૂભંગ, ત્રિવલીતરંગાદિ દ્વારા પુદ્ગલમાં વિપાકદર્શન થાય છે.

ભાવાર્થ :- 'એતેન'થી **'પરાસ્તમ્'** સુધી કહ્યું તેનું તાત્પર્ય એ છે કે જિનનામકર્મ જીવવિપાકી હોવાથી એની અસર જીવ ઉપર જ થાય છે, અર્થાત્ જીવમાં જ તેવા પરિણામો બતાવીને એ ખપી જાય છે, પરંતુ કંઠ-તાલુઅભિઘાતાદિરૂપ પુદ્ગલપરિણામો દ્વારા દેશનાદિ પ્રવૃત્તિ કરાવતું નથી. આ પ્રમાણે પૂર્વપક્ષીનું વચન છે તે, પૂર્વમાં કહ્યું કે ધર્મદેશનાદિ દ્વારા જિનનામકર્મ ક્ષપણીય છે એ કથનથી પરાસ્ત જાણવું. કારણ કે જીવવિપાકી એવી ક્રોધમોહનીયાદિ પ્રકૃતિઓ ભ્રૂભંગ ત્રિવલીતરંગાદિરૂપ પરિણામો શારીરિક પુદ્ગલોમાં પણ કરે જ છે.

ઉત્થાન :- અહીં પૂર્વપક્ષી કહે કે, તીર્થંકરનામકર્મ ખપાવવાનું પ્રયોજન છે માટે ધર્મદેશના દ્વારા તે ખપાવે છે એમ તમે કહો છો, તો શું કેવલી ભગવાન કૃતકૃત્ય થયા જ નથી? તેથી કહે છે-

ટીકાર્થ :- 'રાગદ્વેષ' - વળી રાગ-દ્વેષરહિતપણારૂપ કૃતકૃત્યત્વ ભગવાનમાં નિરાબાધ જ છે. તેમાં હેતુ કહે છે- તે બે વિના જ=રાગદ્વેષ વિના જ, ભગવાનનું પરમહિતોપદેશકપણાનું અને તેનાથી=પરમહિતોપદેશકપણાથી, યોગ્યોને પ્રતિબોધનો સ્વભાવથી જ નિર્વાહ છે.

ભાવાર્થ :- કેવલી ભગવાને રાગ-દ્વેષનો ક્ષય કર્યો છે માટે રાગ-દ્વેષરહિત હોવારૂપ કૃતકૃત્યત્વ તેઓમાં હોય જ છે, અને રાગ-દ્વેષ ન હોવા છતાં પણ સ્વભાવથી જ તેઓ (ભવ્ય જીવોને) પરમહિતનો ઉપદેશ આપે છે, તેમ જ યોગ્ય શ્રોતાના સ્વભાવને કારણે જ તે ઉપદેશથી પ્રતિબોધ સંગત થાય છે.
'પરમહિતોપદેશકત્વસ્ય'- અહીં વિશેષ એ છે કે પૂર્વમાં કહ્યું કે, દેશનાની ઉત્પત્તિ પુણ્યપ્રકૃતિ વિશેષથી જ છે

૪. યથા વોલૂકાદીનાં પ્રકાશધર્માઽપિ સ સ્વદોષેણ । ઉદિતોઽપિ તમોરૂપ એવમભવ્યાનાં જિનસૂરઃ ॥
૫. સાધ્યં ચિકિત્સન્ રોગં રાગી ન ભણ્યતે વૈદ્યઃ । જાનંશ્ચાસાધ્યં નિષેધન્ યથાઽદોષઃ ॥
૬. તથા ભવ્યકર્મરોગં નાશયન્ રાગવાન્ન જિનવૈદ્યઃ । ન ચ દ્વેષ્યભવ્યાસાધ્યકર્મરોગં નિષેધન્ ॥
૭. મોક્તુમયોગ્યં યોગ્યે દલિકે રૂપં કરોતિ રૂપકારઃ । ન ચ રાગદ્વેષવાંસ્તથૈવ યોગ્યાન્ વિબોધન્ ॥

અને અહીં કહ્યું કે પરમહિતઉપદેશકત્વપણું સ્વભાવથી છે. તેનું તાત્પર્ય એ છે કે દેશનારૂપ ક્રિયા તથાવિધકર્મના ઉદયથી થાય છે, જ્યારે ભગવાનને તથાભવ્યત્વના પરિપાકથી તેવો સ્વભાવ આવિર્ભાવ થયેલ છે કે જે પરમહિતના ઉપદેશની ક્રિયામાં યત્ન કરાવે, તેથી પરમહિતઉપદેશકત્વ તેમને સ્વભાવથી છે એમ કહેલ છે.

ટીકાર્થ :- જે કારણથી કહ્યું છે- '**जं च**' જે કારણથી સૂર્યના ભાસક સ્વભાવની જેમ કૃતાર્થ એવા પણ **से=तस्स** =તેમનું=ભગવાનનું, પરમહિતદેશકપણું અનુપકૃત પરોપકારી સ્વભાવરૂપ છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે જેમ સૂર્યનો લોકો ઉપર ઉપકાર કરવાનો પ્રકાશસ્વભાવ છે, તેમ કેવલીનો પણ પરમહિતદેશકત્વરૂપ અનુપકારી એવા પણ પરને ઉપકાર કરવાનો સ્વભાવ છે.

ઉત્થાન :- અહીં પ્રશ્ન થાય કે જો ભગવાનનો ઉપકાર કરવાનો સ્વભાવ છે તો બધાનો જ ઉપકાર કરવો જોઈએ કેવલ ભવ્યોનો નહિ, અને જો ભવ્યોને જ ઉપકાર કરે છે તેમ કહેશો તો ભગવાનને ભવ્ય પ્રત્યે પક્ષપાત છે તેમ પ્રાપ્ત થશે. તેથી ભવ્યોને જ પ્રતિબોધ કરતાં છતાં ભગવાનને રાગ-દ્વેષ નથી એ દૃષ્ટાંતથી દેખાડે છે-

ટીકાર્થ :- '**किं च**' સૂર્યને કમલોને વિશે શું રાગ છે? કે જે કારણથી કમલોને વિકસ્વર કરે છે? અથવા કુમુદોને વિષે તેને દ્વેષ છે? કે જે કારણથી '**तस्य**'=તેના વડે=પ્રતિબોધ કરતા પણ સૂર્ય વડે, તેઓ=કુમુદો, વિબુધ કરાતાં નથી? (અહીં '**तस्य**'નો અર્થ તેના વડે=પ્રતિબોધ કરતા રવિ વડે એમ કર્યો છે, કારણ કે કર્તૃ-અર્થક કર્મણિપ્રયોગમાં ષષ્ઠીનું ગ્રહણ છે.)
'**जं बोहमउलणाई**'- જે કારણથી સમાન પણ સૂર્યના કિરણના સ્પર્શથી કમલ અને કુમુદોનું બોધ અને મુકુલન છે, '**ततः**'=તે કારણથી '**तस्य**'=તેનો =રવિનો, અને '**तेषां**'=તેમનો=કમલ-કુમુદોનો, તે સ્વાભાવ્ય છે=સ્વભાવપણું છે.

❀ અહીં '**समानात्**' પછી **अपि** અધ્યાહાર છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે સૂર્યના કિરણના સ્પર્શથી કમલો જ વિકસિત થાય છે અને કુમુદો તો બીડાય જ છે, અને આ બધો સૂર્યનો તેમજ કમલ-કુમુદોનો સ્વભાવ જ છે. તેમ જિનેશ્વરદેવરૂપી સૂર્યથી ભવ્યજીવો જ બોધ પામે છે, બીજા નથી પામતા; તે પણ શ્રી જિનેશ્વરદેવ તેમજ તે તે જીવોનો તેવો તેવો સ્વભાવ જ જાણવો. શ્રી જિનેશ્વરોને ભવ્ય ઉપર રાગ અને અભવ્ય ઉપર દ્વેષ છે એવું નથી.

ઉત્થાન :- સૂર્યની જેમ બીજાં પણ દૃષ્ટાંતોથી ભગવાનની ભવ્ય જીવોને ઉપકારિતાનું અને અભવ્ય જીવોને અનુપકારિતાનું ભાવન કરે છે-

ટીકાર્થ :- '**जह**' અથવા જેમ પ્રકાશધર્મવાળો પણ, ઉદય પામેલો પણ તે =સૂર્ય, ઘુવડ આદિને સ્વદોષથી અંધકારરૂપે જ (પરિણમે છે), એ પ્રમાણે અભવ્યોને જિનેશ્વરરૂપી સૂર્ય (સ્વદોષથી અંધકારરૂપે જ પરિણમે છે, અર્થાત્ તત્ત્વનો પ્રકાશ અભવ્યોને થતો નથી).

'सज्झं' - જેમ સાધ્ય એવા રોગની ચિકિત્સા કરતો વૈદ્ય રાગી કહેવાતો નથી, તેમ અસાધ્યને જાણતો અને નિષેધ કરતો અદોષવાળો છે.

'तह' - તેમ ભવ્ય જીવોના કર્મરોગને નાશ કરતા જિનેશ્વરરૂપી વૈદ્ય રાગવાળા નથી, અને અભવ્ય જીવોના અસાધ્ય કર્મરોગને નિષેધ કરતા દ્વેષી નથી.

'मोत्तुं' - જેમ રૂપકાર=શિલ્પી, અયોગ્યને છોડીને યોગ્ય દલિકોને રૂપ આપે છે(છતાં) રાગ-દ્વેષવાળો નથી, તેમ જ (અયોગ્યને છોડીને) યોગ્યને વિબોધ કરતા જિનેશ્વરદેવ રાગ-દ્વેષવાળા નથી.

ટીકા :- इदमत्ररहस्यं- किमिति भगवान् भाषते? इति पृच्छतामिदमुत्तरं- यत्किमयं हेतुप्रश्नः प्रयोजनप्रश्नो वा? नाद्यः, क्षायिकत्वादेव तद्वीर्यस्य वाग्वर्गणाऽऽदानस्य च स्वहेतुकाययोगादिलाभाधीनत्वात्। द्वितीये पुनरुक्तमेव कर्मक्षपणं प्रयोजनमिति किमपरमनुशासितुमवशिष्यते? 'सति प्रयोजने तदिच्छापेक्षयैव प्रवृत्त्या भवितव्यमि'ति चेत्? भवनशीलायां तस्यामिदमित्थमेव, न त्वन्यत्रापि। न च भवन्त्यपि सा तदिच्छामपेक्षत एवाप्रमत्तप्रवृत्तेस्तदनपेक्षित्वात्, सामायिकस्यैवोचितप्रवृत्तिहेतुत्वात्। तदुक्तं-

[1] समभावो सामाइअं तणकंचणसत्तुमित्तविसओत्ति ।
णिरभिस्संगं चित्तं उचियपवित्तिप्पहाणं च ॥ त्ति । [पञ्चाशक ११-५]

ટીકાર્થ :- 'इदमत्र'- અહીં=ગાથાર્થમાં, આ=વક્ષ્યમાણ રહસ્ય છે. શેનાથી ભગવાન બોલે છે? એ પ્રમાણે પૂછતાને આ ઉત્તર છે- જે કારણથી આ હેતુ પ્રશ્ન છે? કે પ્રયોજન પ્રશ્ન છે?

❀ અહીં **'किमिति'**- **'कस्मात्'** અર્થક છે. એનાથી એ પ્રાપ્ત થાય છે કે શેનાથી ભગવાન બોલે છે=કયા હેતુથી કે કયા પ્રયોજનથી ભગવાન બોલે છે? તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે આ તમારો હેતુ પ્રશ્ન છે? કે પ્રયોજન પ્રશ્ન છે?

'नाद्यः' - આદ્ય=હેતુ પ્રશ્ન છે(એમ કહો તો) બરાબર નથી, તેમાં હેતુ કહે છે- તેમના=ભગવાનના, વીર્યનું ક્ષાયિકપણું હોવાથી જ અને વાગ્વર્ગણાના ગ્રહણનું સ્વહેતુ=વાગ્વર્ગણાના ગ્રહણના હેતુ, કાયયોગ-આદિ લાભને આધીનપણું છે, તેથી પ્રથમ વિકલ્પ બરાબર નથી.

ભાવાર્થ :- ભગવાનને ક્ષાયિકવીર્ય હોવાથી વીર્યપ્રવર્તનમાં પ્રતિબંધક કર્મ નથી, અને વાગ્વર્ગણાને ગ્રહણ કરવામાં ગ્રહણના કારણભૂત કાયયોગાદિના લાભને આધીનપણું છે. ભગવાનને પણ કાયા=શરીર, છે માટે કાયાને તે પ્રવર્તાવી શકે છે તેથી વાગ્વર્ગણા ગ્રહણ થઈ શકે છે, અને **'काययोगादि'**માં આદિપદથી પ્રાપ્ત એવી ભાષાપર્યાપ્તિ દ્વારા ભગવાન વાગ્વર્ગણાને ગ્રહણ કરી શકે છે, તેથી ભગવાન દેશનાદિ આપે છે. માટે ભગવાનને બોલવામાં સામગ્રીરૂપ હેતુ નથી તેમ કહી શકાય નહીં.

---

૧. समभावः सामायिकं तृणकंचनशत्रुमित्रविषय इति । निरभिष्वंगं चित्तमुचितप्रवृत्तिप्रधानं च ॥

ટીકાર્થ :- '**द्वितीये**' - બીજામાં=તમારો પ્રયોજન પ્રશ્ન છે એ વિકલ્પમાં, વળી કર્મક્ષપણ પ્રયોજન કહેલું જ છે, એથી કરીને બીજું કહેવા માટે શું બાકી રહે છે?

'**सति**' - અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, પ્રયોજન હોતે છતે તેની =પ્રયોજનને સાધવાની, ઇચ્છાની અપેક્ષાએ જ પ્રવૃત્તિ થવી જોઇએ. તેનો ઉત્તર ગ્રંથકાર આપે છે કે, ભવનશીલ એવી તેમાં=પ્રવૃત્તિમાં, આ આમ જ છે પરંતુ અન્યત્ર પણ નહિ.

'**न च**' - ભવન્તિ=થતી પણ, તે=ક્રિયા, તદિચ્છાની=પ્રયોજનને સાધવાની ઇચ્છાની, અપેક્ષા રાખે જ છે એમ નથી. તેમાં હેતુ કહે છે - અપ્રમત્તપ્રવૃત્તિનું તદ્અનપેક્ષપણું=ઇચ્છાઅનપેક્ષપણું, છે.

ઉત્થાન :- અહીં પ્રશ્ન થાય કે ઇચ્છા વગર અપ્રમત્ત મુનિની પ્રવૃત્તિ શાનાથી થાય છે? તેથી કહે છે-

ટીકાર્થ :- '**सामायिकस्य**' - સામાયિકની ઉચિતપ્રવૃત્તિનું હેતુપણું છે.

તેમાં '**तदुक्तं**'થી પંચાશકની સાક્ષી આપે છે-

'**समभावो**' - તૃણ-કંચન તેમ જ શત્રુ-મિત્રના વિષયમાં સમભાવ સામાયિક છે અને નિરભિષ્વંગ, ઉચિતપ્રવૃત્તિપ્રધાન ચિત્ત સામાયિક છે. '**त्ति**' પંચાશકના ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

ભાવાર્થ :- પૂર્વપક્ષીએ કહ્યું કે પ્રયોજન સાધવાની ઇચ્છાની અપેક્ષાએ જ પ્રવૃત્તિ થવી જોઇએ. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારે કહ્યું કે ભવનશીલ પ્રવૃત્તિમાં આ આમ જ છે અન્યત્ર નહિ. તેનું તાત્પર્ય એ છે કે નિર્જરાનું પ્રયોજન હોતે છતે જ્યાં સુધી નિર્જરાને અનુકૂળ યત્ન પ્રારંભ કર્યો નથી, પરંતુ પ્રારંભ કરવાને અભિમુખ જીવ બને છે ત્યારે, અને પ્રારંભ કર્યા પછી વેગ તીવ્ર ન હોય તો, ઉત્તર ઉત્તરમાં તે પ્રવૃત્તિની શિથિલતા પ્રાપ્ત થાય તેવી કક્ષામાં 'ભવનશીલ' પ્રવૃત્તિ હોય છે; જ્યારે નિર્જરાને અનુકૂળ સ્વાભાવિક સુદૃઢ પ્રવૃત્તિ હોય છે ત્યારે, 'ભવન્તિ' પ્રવૃત્તિ હોય છે; કેમ કે ત્યારે પ્રવૃત્તિ યથાવત્ થઇ રહી છે. ભવનશીલ અવસ્થામાં યદ્યપિ પ્રવૃત્તિ ક્વચિત્ હોય તો પણ યથાવત્ સ્વભાવરૂપે સુદૃઢ રીતે તે પ્રવૃત્તિ પ્રવર્તતી નથી, તેથી સ્વભાવભૂત સુદૃઢ પ્રવૃત્તિ થવાનો ત્યાં સ્વભાવ છે, માટે તે ભવનશીલ પ્રવૃત્તિ છે. જેમ દંડથી ચક્રભ્રમણ થતું હોય તો પણ અતિશયિત વેગ કરવા માટે યત્ન કરવો પડે છે ત્યારે તે ચક્રમાં ભવનશીલ એવી ક્રિયા છે; અથવા તો ચક્રભ્રમણ ન થતું હોય તો પણ દંડથી ભ્રમણ થઇ શકે તેવા ચક્રમાં પણ ભવનશીલ ક્રિયા છે; જ્યારે ચક્ર અતિવેગને પ્રાપ્ત કરે છે ત્યારે તેને દંડની અપેક્ષા રહેતી નથી, તેથી તેમાં 'ભવન્તિ' ક્રિયા છે. જેમ વેગને માટે દંડની અપેક્ષા તીવ્રવેગવાળી અવસ્થામાં નથી, તેમ અપ્રમત્તદશામાં ઉચિત પ્રવૃત્તિ 'ભવન્તિ' છે, તેથી ત્યાં ઇચ્છાની અપેક્ષા રહેતી નથી. માટે પ્રયોજન હોતે છતે ભવનશીલ પ્રવૃત્તિમાં જ ઇચ્છાની અપેક્ષા છે, અન્યત્ર નહિ.=ભવન્તિ પ્રવૃત્તિમાં ઇચ્છાની અપેક્ષા હોતી નથી, એ પ્રમાણે કહેલ છે.

અહીં પ્રશ્ન થાય કે અપ્રમત્ત મુનિઓને ઇચ્છા નહિ હોવા છતાં પ્રવૃત્તિ કેમ થાય છે? પ્રશ્ન કરનારનો આશય એ છે કે સામાન્યથી ઇચ્છાપૂર્વક જ પ્રવૃત્તિ દેખાય છે, તેથી અપ્રમત્ત મુનિઓને કોઇ ફળની ઇચ્છા નથી તો તેઓ પ્રવૃત્તિ કેમ કરે છે? તેથી કહે છે કે સામાયિકનું જ ઉચિત પ્રવૃત્તિનું હેતુપણું છે.

તાત્પર્ય એ છે કે સિદ્ધાવસ્થામાં સામાયિકનો પરિણામ પરમસ્થૈર્યરૂપ છે, જ્યારે અપ્રમત્તમુનિથી માંડીને કેવલી સુધી સંસારવર્તી બધા જીવોને જે સામાયિકનો પરિણામ છે, તે કર્મવાળા જીવની અવસ્થાકાળવર્તી જીવના

પરિણામરૂપ છે. અને તે કાળમાં કર્મ-નિર્જરાને અનુકૂળ એવી ઉચિત પ્રવૃત્તિ કરાવે તત્સ્વરૂપ જ સામાયિકનો પરિણામ છે. કેમ કે કર્મથી વિરુદ્ધ મારે પ્રયત્ન કરવો છે એવો તેમને પક્ષપાત નથી. તેથી ઉચિત પ્રવૃત્તિ કરાવનારાં એવાં જે કર્મો છે તે ઉપદેશ-આદિની પ્રવૃત્તિ પ્રત્યે કારણ છે, અને પોતાને તે કર્મોથી વિરુદ્ધ પ્રવૃત્તિ કરવી છે તેવો પરિણામ સામાયિકમાં નથી, પરંતુ જગતના ઉપકારને કરનારાં ઉચિત કર્મો જ ઉચિત પ્રવૃત્તિ કરાવે તેવો તેમનો પરિણામ છે. તેથી જ તે સામાયિક કર્મનિર્જરાનું કારણ બને છે. જ્યારે સિદ્ધાવસ્થામાં સામાયિક કર્મનિર્જરાનું કારણ બનતું નથી પરંતુ જીવની પ્રકૃતિરૂપ છે.

ટીકા :- नन्वेवमुचितप्रवृत्तावभिष्वङ्गाभावप्रशस्तरागयोः पृथक्कारणताद्वयकल्पने गौरवम्, अन्यथा व्यभिचारो; मम तु तत्र प्रशस्तरागस्यैकस्यैव हेतुत्वमिति लाघवमिति चेत्? न, अप्रमत्तप्रवृत्त्यनुरोधेनाऽप्रशस्तरागद्वेषापूर्वकत्वप्रमादापूर्वकत्वलक्षणौचित्यद्वयान्तर्भावेनोक्तकारणताद्वयकल्पनायाः प्रामाणिकत्वात्। अस्तु वोचितप्रवृत्तित्वावच्छेदेनाप्रशस्तरागाद्यभावस्यैव हेतुत्वं, न चानुचितप्रवृत्तित्वावच्छिन्नं प्रति प्रशस्तरागाद्यभावस्य हेतुतायां विनिगमनाविरहः, अप्रमत्तप्रवृत्तौ व्यभिचारात्। न चाप्रमत्तानां प्रवृत्तिरेव नास्तीति सांप्रतं, योगदुष्प्रणिधानरूपप्रमादत्यागेऽपि तैस्तत्सुप्रणिधानाऽत्यागात्, सर्वथा योगनिरोधस्य शैलेश्यवस्थाभावित्वात्, इति किमित्याग्रेडितविस्मरणशीलताऽऽयुष्मतः॥९९॥

ટીકાર્થ :- 'ननु'થી પૂર્વપક્ષી કહે કે આ રીતે=પૂર્વમાં કહ્યું કે 'ભવનશીલ' પ્રવૃત્તિ પ્રત્યે ઇચ્છા હેતુ છે, અને 'ભવન્તિ' પ્રવૃત્તિ પ્રત્યે ઇચ્છા હેતુ નથી પરંતુ સામાયિક જ હેતુ છે એ રીતે, ઉચિત પ્રવૃત્તિમાં અભિષ્વંગાભાવ અને પ્રશસ્તરાગની પૃથક્કારણતાદ્વયની કલ્પનામાં ગૌરવ પ્રાપ્ત થશે=પૃથક્કાર્યતાનિરૂપિત કારણતાદ્વયની કલ્પનામાં ગૌરવ પ્રાપ્ત થશે. અન્યથા વ્યભિચાર થશે=પૃથક્કાર્યતાનિરૂપિત કારણતાદ્વય ન માનવામાં આવે તો વ્યભિચાર દોષ પ્રાપ્ત થશે.

ભાવાર્થ :- પૃથક્કારણતાદ્વયની કલ્પનામાં ગૌરવ છે એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, ઉચિત પ્રવૃત્તિરૂપ જે કાર્ય છે તેના બે વિભાગ કરીને એક પ્રકારની ઉચિત પ્રવૃત્તિ પ્રતિ અભિષ્વંગાભાવ કારણ છે, અને અન્ય પ્રકારની ઉચિત પ્રવૃત્તિ પ્રતિ પ્રશસ્તરાગ કારણ છે, એમ માનવાને કારણે, બંને પ્રકારની ઉચિત પ્રવૃત્તિમાં રહેલી કાર્યતાના અવચ્છેદક એવા નવા ધર્મની કલ્પનારૂપ ગૌરવદોષ પ્રાપ્ત થશે; અને કાર્યતાનિરૂપિત કારણતાદ્વયની પણ કલ્પના કરવી પડશે તે રૂપ ગૌરવ દોષ પ્રાપ્ત થશે.

અન્યથા વ્યભિચાર છે એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, પૃથક્ કાર્યતાનિરૂપિત કારણતાદ્વય ન માનવામાં આવે તો, જે સ્થાનમાં પ્રશસ્ત રાગ છે ત્યાં અભિષ્વંગાભાવ હોવા છતાં કાર્ય થઈ ગયું, અને જ્યાં અભિષ્વંગાભાવ છે ત્યાં પ્રશસ્તરાગનો અભાવ હોવા છતાં કાર્ય થઈ ગયું. તેથી વ્યભિચારદોષ પ્રાપ્ત થશે.

ટીકાર્થ :- 'मम तु' વળી મને ત્યાં=ઉચિત પ્રવૃત્તિમાં, એક એવા પ્રશસ્ત રાગનું જ હેતુપણું છે એથી કરીને લાઘવ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે એ પ્રમાણે ન કહેવું.

'अप्रमत्त' કેમ કે અપ્રમત્ત પ્રવૃત્તિના અનુરોધથી અપ્રશસ્ત રાગ-દ્વેષ અપૂર્વકત્વ અને પ્રમાદ અપૂર્વકત્વલક્ષણ ઔચિત્યદ્વયના અંતર્ભાવ વડે ઉક્ત કારણતાદ્વયની કલ્પનાનું પ્રામાણિકપણું છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે અપ્રમત્ત મુનિની પ્રવૃત્તિ ઉચિત પ્રવૃત્તિરૂપ છે. તેનાથી એ નક્કી થાય છે કે પ્રમાદઅપૂર્વકત્વ એ પણ ઉચિત પ્રવૃત્તિરૂપ છે, અને પ્રમત્તસંયત સુધીની ઉચિત પ્રવૃત્તિમાં અપ્રશસ્ત રાગદ્વેષ અપૂર્વકત્વ છે, તેથી ઉભય અપૂર્વકત્વલક્ષણ ઔચિત્યદ્વય સિદ્ધ જ છે. તેથી તેના અંતર્ભાવ દ્વારા અર્થાત્ બે પ્રકારના ઔચિત્યને ગ્રહણ કરીને બે પ્રકારના કારણોની કલ્પના પ્રામાણિક જ છે. તેવી કલ્પના ન કરવામાં આવે તો અપ્રમત્ત મુનિઓને પણ રાગથી જ પ્રવૃત્તિ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. રાગથી તેમને પ્રવૃત્તિ છે તેમ સ્વીકારીએ તો અપ્રમત્તભાવનો વ્યાઘાત થાય. તેથી ઉક્ત કારણતાદ્વયની કલ્પનાનું પ્રામાણિકપણું છે.

ઉત્થાન :- પૂર્વમાં યુક્તિથી બતાવ્યું કે કારણતાદ્વયની કલ્પનામાં ગૌરવ હોવા છતાં વસ્તુની સંગતિ કારણતાદ્વયથી થઇ શકે છે, તેથી તે ગૌરવ ફલમુખ ગૌરવ છે; જ્યારે એક જ પ્રશસ્ત રાગને કારણ માનવાથી લાઘવ હોવા છતાં વસ્તુની સંગતિ થતી નથી. હવે સ્વપક્ષમાં પણ ગૌરવના પરિહાર માટે એક કાર્ય-કારણભાવથી વ્યવસ્થા સંગત થાય છે, તે બતાવતાં કહે છે-

ટીકાર્થ :- '**अस्तु वा**' - અથવા ઉચિત પ્રવૃત્તિત્વ-અવચ્છેદેન અપ્રશસ્તરાગાદિના અભાવનું જ હેતુપણું હો. '**न च**' - અહીં પૂર્વપક્ષી કહે કે આ રીતે તો અનુચિત પ્રવૃત્તિત્વાવચ્છિન્ન પ્રતિ પ્રશસ્ત રાગાદિના અભાવની હેતુતામાં વિનિગમનાવિરહ છે. તેનો ઉત્તર ગ્રંથકાર આપે છે કે એમ ન કહેવું, કેમ કે અપ્રમત્તની પ્રવૃત્તિમાં વ્યભિચાર આવે છે.

ભાવાર્થ :- કોઇ પણ ઉચિત પ્રવૃત્તિ પ્રત્યે એક જ કારણ માનવું હોય તો અપ્રશસ્ત રાગાદિના અભાવને જ માની લેવામાં કોઇ દોષ નથી. પ્રમત્ત-અપ્રમત્ત દરેકની ઉચિત પ્રવૃત્તિ પ્રત્યે અપ્રશસ્ત રાગાદિનો અભાવ હોય જ છે. અહીં પૂર્વપક્ષી કહે છે કે આ રીતે તો કોઇ પણ અનુચિત પ્રવૃત્તિ પ્રત્યે પ્રશસ્ત રાગાદિનો અભાવ હેતુ છે એવો કાર્ય- કારણભાવ માની લેવાથી, તેવા હેતુના અભાવમાં ઉચિત પ્રવૃત્તિ થાય એવું પણ અર્થથી પ્રાપ્ત થાય છે. તેથી બેમાંથી કયો કાર્ય-કારણભાવ માનવો એમાં કોઇ વિનિગમક ન હોવાના કારણે વિનિગમનાવિરહની આપત્તિ આવશે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારે કહ્યું કે એવી આપત્તિ આવશે નહિ, કારણ કે અપ્રમત્ત યતિને પ્રશસ્ત રાગાદિનો અભાવ હોવા છતાં અનુચિત પ્રવૃત્તિ નહિ હોવાથી, તમે કહેલ કાર્ય-કારણભાવમાં આવતો વ્યભિચારદોષ જ વિનિગમક હોવાથી અમે કહેલ કાર્ય-કારણભાવ સિદ્ધ થાય છે.

ઉત્થાન :- અહીં પૂર્વપક્ષી કહે કે અપ્રમત્ત યતિઓને તો પ્રવૃત્તિ જ ન હોવાથી ઉચિત પ્રવૃત્તિ પણ હોતી નથી, તેથી તમે કહેલ કાર્ય-કારણભાવ સિદ્ધ થશે નહિ. તેથી કહે છે-

ટીકાર્થ :- '**न च**' અને અપ્રમત્ત મુનિઓને પ્રવૃત્તિ જ નથી એ પ્રમાણે સાંપ્રત નથી=યુક્ત નથી, કારણ કે યોગદુષ્પ્રણિધાનરૂપ પ્રમાદના ત્યાગમાં પણ તેઓ વડે તત્સુપ્રણિધાનનો=યોગના સુપ્રણિધાનનો અત્યાગ છે, સર્વથા યોગનિરોધનું શૈલેશીઅવસ્થાભાવિપણું છે અર્થાત્ સર્વથા યોગનિરોધ તો શૈલેશી અવસ્થામાં હોય છે, એથી કરીને વારંવાર કહેવા છતાં (આયુષ્યમાનની) કેમ વિસ્મરણશીલતા છે? અર્થાત્ વારંવાર કહેવા છતાં તમે કેમ ભૂલી જાઓ છો? ('**किमिति**' શબ્દ '**कस्मात्**' અર્થમાં છે.) **॥૯૯॥**

ભાવાર્થ :- પૂર્વપક્ષીને એ કહેવું છે કે અપ્રમત્ત મુનિઓને પ્રવૃત્તિ હોતી નથી. તેમના મત પ્રમાણે પ્રવૃત્તિ પ્રમાદથી

જ થાય છે, તેથી અપ્રમત્તદશામાં જીવ માત્ર આત્મભાવમાં જ રહે છે બાહ્ય પ્રવૃત્તિ કરતો નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે, મન-વચન અને કાયાના યોગોને ઉચિત પ્રવૃત્તિ છોડીને જેમ તેમ પ્રવર્તાવવા, તે રૂપ યોગનું દુષ્પ્રણિધાન એ જ પ્રમાદભાવ છે; અને તે પ્રમાદની અંદર સર્વ પ્રમાદના ભેદોનો અંતર્ભાવ થઇ જાય છે, તેથી અપ્રમત્ત મુનિઓ યોગદુષ્પ્રણિધાનરૂપ પ્રમાદનો ત્યાગ કરે છે. આમ છતાં, તેઓએ ઉચિત પ્રવૃત્તિ કરવાના સુપ્રણિધાનનો ત્યાગ કરેલ નથી, તેથી તેઓ ઉચિત પ્રવૃત્તિઓને કરે છે; અર્થાત્ પ્રશસ્ત રાગદશામાં જીવને ભગવાનના વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવાનું સુપ્રણિધાન હોય છે, તેથી જ વચનના સ્મરણપૂર્વક તેઓ ઉચિત પ્રવૃત્તિ કરે છે. અને અપ્રમત્તદશામાં વચનના સ્મરણ વગર પૂર્વે કરાયેલા સુપ્રણિધાનના બળથી ઉચિત પ્રવૃત્તિઓ ચાલતી હોય છે, અને તે ઉચિત પ્રવૃત્તિ યોગનિરોધના પૂર્વકાળ સુધી કેવલીઓને પણ હોય છે. કેમ કે જ્યાં સુધી યોગનિરોધ કરવામાં ન આવે ત્યાં સુધી તે યોગો કાં ઉચિત પ્રવૃત્તિરૂપે કાં અનુચિત પ્રવૃત્તિરૂપે પ્રવર્તી શકે પરંતુ અપ્રમાદભાવ હોવાને કારણે તે યોગો હંમેશાં ઉચિત પ્રવૃત્તિરૂપે પ્રવર્તતા હોય છે, યોગનિરોધ કર્યા પછી ઉચિત પ્રવૃત્તિનો અભાવ પ્રાપ્ત થાય છે. ॥૯૯॥

अवतरणिका :- अथ वाग्निर्गमप्रयत्नाद्भगवतां खेदोदीरणप्रसङ्गमाशङ्क्याह-

અવતરણિકાર્થ :- ભગવાનને વચનનિર્ગમપ્રયત્નથી=ભાષા બોલવાના પ્રયત્નથી, ખેદની ઉદીરણાનો પ્રસંગ આવશે, (એવી) પૂર્વપક્ષી તરફથી આશંકા કરીને ગ્રંથકાર ગાથામાં કહે છે-

ગાથા :-

ण य वयणपयत्तेणं खेअस्सोदीरणं जिणिंदस्स ।
इहरा सुहस्स पावइ तं ण वा अण्णपयडीणं ॥१००॥

(न च वचनप्रयत्नेन खेदस्योदीरणं जिनेन्द्रस्य । इतरथा सुखस्य प्राप्नोति तन्न वेतरप्रकृतीनाम् ॥१००॥)

ગાથાર્થ :- વચનપ્રયત્નથી ખેદનું ઉદીરણ જિનેન્દ્રને નથી. 'इतरथा'=જો ખેદનું ઉદીરણ માનવામાં આવે તો, સુખનું તે=ઉદીરણ, પ્રાપ્ત થશે; અથવા=સુખની ઉદીરણા ન માનીએ તો, ઈતરપ્રકૃતિઓનું=તીર્થંકરનામકર્માદિરૂપ ઈતરપ્રકૃતિઓનું, ઉદીરણ પ્રાપ્ત થશે નહિ.

टीका :- 'वाक्प्रयत्नजन्यः खेदलेश' इति यदि स उदीरित एव स्यात्तर्हि सुखमपि तेषां काययोगाद्युदीरणीयमेव प्रसज्येत। अथ मोहाभावादप्रवृत्तिमतां भगवतां सुखमपि काययोगाद्यनपेक्षं क्षायिकमेवाभ्युपेम इति चेत्? हन्त तर्हि तीर्थकरनामकर्माद्युदीरणमपि तेषां न स्यात्। 'उदयावलिकातो बहिर्वर्त्तिनीनां स्थितीनां दलिकं कषायसहितेनासहितेन वा योगसंज्ञकेन वीर्यविशेषेणाकृष्योदयावलिकायां प्रक्षेपणमुदीरणा' इति हि तल्लक्षणमामनन्ति, न चैतद्विना प्रयत्नं संभवीति॥१००॥

टीकार्थ :- 'वाक्प्रयत्नजन्यः' - વાક્પ્રયત્નજન્ય ખેદલેશ છે, એથી કરીને જો તે=ખેદલેશ, ભગવાનને ઉદીરિત જ છે તો સુખ પણ તેઓને=ભગવાનને, કાયયોગાદિથી ઉદીરણીય જ=ઉદીરણા કરવા યોગ્ય જ, પ્રાપ્ત થશે. **'अथ'** સુખના ઉદીરણના પ્રસંગનું નિવારણ કરતાં **'अथ'**થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે મોહનો અભાવ હોવાથી અપ્રવૃત્તિવાળા ભગવાનને સુખ પણ કાયયોગાદિનિરપેક્ષ ક્ષાયિક જ અમે સ્વીકારીએ છીએ. તેનો ઉત્તર આપતાં

ગ્રંથકાર કહે છે કે, ખેદની વાત છે કે તો પછી તીર્થંકરનામકર્માદિનું ઉદીરણ પણ તેઓને=ભગવાનને, નહિ થાય.

ઉત્થાન :- પૂર્વમાં પૂર્વપક્ષીએ ભગવાનને અશાતાની ઉદીરણાના અભાવને કારણે વાક્પ્રયત્નના અભાવને સ્થાપન કરવા યત્ન કર્યો. તેનું નિરાકરણ કરીને હવે ઉદીરણાનું લક્ષણ બતાવીને ભગવાનને તીર્થંકરનામકર્માદિની ઉદીરણાના બળથી પ્રયત્નના સંભવની યુક્તિ બતાવે છે-

ટીકાર્થ :- 'उदयावलिकातः' ઉદયાવલિકાની બહિર્વર્તિની સ્થિતિનાં દલિકોને કષાયસહિત અથવા કષાયરહિત એવા યોગસંજ્ઞાવાળા વીર્યવિશેષથી આકર્ષણ કરીને=ખેંચીને, ઉદયાવલિકામાં પ્રક્ષેપણ કરવું તે ઉદીરણા છે. એ પ્રમાણે જ તેનું =ઉદીરણાનું, લક્ષણ (શાસ્ત્રકારો) માને છે, અને આ=ઉદીરણા, પ્રયત્ન વિના સંભવે નહિ. **'इति'** કથનની સમાપ્તિસૂચક છે.**॥૧૦૦॥**

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે ભગવાનને વાક્પ્રયત્નજન્ય ખેદલેશ છે, પરંતુ વેદનીયકર્મની ઉદીરણા અપ્રમત્ત ગુણસ્થાનકથી બંધ થવાથી ભગવાનને નથી, એ પ્રમાણે સિદ્ધાંત છે.

અહીં પૂર્વપક્ષી એમ કહેવા માંગે છે કે, ભગવાનને અશાતાની ઉદીરણા નથી એમ જો તમે માનો છો તો ભગવાનને વાક્પ્રયત્ન પણ માનવો જોઈએ નહિ. તેને સિદ્ધાંતકાર કહે છે કે વાક્પ્રયત્નને કારણે ખેદની ઉદીરણા થતી હોય તો સુખની પણ ઉદીરણા થવી જોઈએ. પૂર્વપક્ષીને પણ કેવલીને સુખનો અનુભવ છે તે સંમત છે, પરંતુ સુખની ઉદીરણા સંમત નથી.. તેથી દિગંબરોને સુખની ઉદીરણા માનવાનો પ્રસંગ પ્રાપ્ત થશે.

સુખની ઉદીરણાના પ્રસંગનું નિવારણ કરતાં **'अथ'**થી **'अभ्युपमः'** સુધીનું કથન પૂર્વપક્ષીએ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, યદ્યપિ શાતાવેદનીયના ઉદયથી સુખ પેદા થાય છે, પરંતુ મોહનો અભાવ હોવાથી કેવલીને સર્વથા પ્રવૃત્તિ હોતી નથી. તેથી કર્મના ઉદયથી પેદા થયેલા સુખને પણ દિગંબરોએ ક્ષાયિક તરીકે પરિભાષા કરે છે. કેમ કે તે સુખનો અનુભવ કર્મબંધનું કારણ બનતો નથી પરંતુ મોક્ષનું જ કારણ બને છે. જો કર્મના ઉદયકૃત તે ભાવ હોય તો કર્મબંધનું કારણ થવું જોઈએ, પરંતુ મોહના અભાવને કારણે સુખનો અનુભવ કર્મબંધનું કારણ બનતું નથી. તેથી ઔદયિક એવા સુખની ક્ષાયિક તરીકે પરિભાષા કરેલ છે, એમ તે કહે છે. તેથી જ પૂર્વપક્ષી કહે છે કે કેવલીને કોઈ પ્રયત્ન નથી માટે ક્ષાયિક સુખનો અનુભવ હોવા છતાં શાતાવેદનીયની ઉદીરણા માનવાનો પ્રસંગ અમને પ્રાપ્ત થશે નહિ.

તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે, તો પછી મોહનો અભાવ હોવાથી તીર્થંકરનામકર્માદિની ઉદીરણા પણ ભગવાનને થવી જોઈએ નહિ. અને તીર્થંકરનામકર્માદિની ઉદીરણા પૂર્વપક્ષીને અભિમત છે.

માટે કેવલીનો બોલવામાં યત્ન હોવા છતાં, અપ્રમત્તભાવને કારણે જેમ સુખની ઉદીરણા થતી નથી તેમ, ખેદની પણ ઉદીરણા થતી નથી તેમ માનવામાં કોઈ દોષ નથી.

ઉદયાવલિકાની ઉપરની સ્થિતિઓમાં રહેલાં દલિકોને યોગસંજ્ઞક સકષાય કે અકષાય વીર્યવિશેષથી ખેંચીને ઉદયાવલિકામાં નાંખવાં તે ઉદીરણા કહેવાય છે. આવી ઉદીરણા પ્રયત્ન વગર અસંભવિત છે. તીર્થંકરનામકર્માદિની ઉદીરણા પૂર્વપક્ષીને પણ સંમત છે, અને ઉદીરણા પ્રયત્ન વિના સંભવતી નથી; તેથી પૂર્વપક્ષીને પ્રયત્ન માનવો પડે. અને કેવલીને જો ઉદીરણાને અનુકૂળ પ્રયત્ન માની શકાય, તો ઉપદેશમાં પ્રયત્ન માનવામાં કોઈ દોષ નથી. **॥૧૦૦॥**

ઉત્થાન :- પૂર્વમાં ઉદીરણાનું લક્ષણ ગ્રંથકારે બતાવ્યું અને તેનાથી એ સિદ્ધ કર્યું કે, પ્રયત્ન વગર આવી ઉદીરણા સંભવે નહિ તેથી કેવલીને પ્રયત્ન અવશ્ય હોય છે. તેથી પૂર્વપક્ષી ઉદીરણાનું લક્ષણ બીજી રીતે કરતાં '**अथ**'થી કહે છે-

अवतरणिका :- अथोदयोचितकालपरिपाकात् प्रागेवोदयावलिकायां कर्मनयनं तथाविधस्थितिबन्धाधीनमुदीरणमिति व्यपदिश्यत इति चेत्? अत्रोच्यते-

अवतरणिकार्थ :- ઉદયને ઉચિત કાળના પરિપાકથી પૂર્વમાં જ તથાવિધ સ્થિતિબંધને આધીન ઉદયાવલિકામાં કર્મનું નયન જ ઉદીરણા છે; એ પ્રમાણે વ્યપદેશ કરાય છે. આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો અહીં=આ શંકાના ઉત્તરમાં, ગ્રંથકાર વડે ગાથામાં કહેવાય છે -

ભાવાર્થ :- જીવ જ્યારે કર્મ બાંધે છે તે વખતે તેવા અધ્યવસાયોને આશ્રયીને તે તે દલિકોનો સ્થિતિબંધ જ એવો થયો હોય છે કે, ઉદય-ઉચિતકાળના પરિપાકથી પૂર્વે જ તે તે દલિકો ઉદયાવલિકામાં આવી ઉદીર્ણ થઈ જાય છે. તેથી તે તે દલિકોની ઉદીરણા પોત પોતાના તેવા સ્થિતિબંધને જ આધીન હોય છે. તે ઉદીરણા માટે કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. તેથી કેવલીને પ્રયત્નાભાવ હોવા છતાં જિનનામકર્મની ઉદીરણા માનવામાં કોઈ વાંધો નથી. અર્થાત્ તીર્થંકરનામકર્મની ઉદીરણા કેવલીને થાય છે, છતાં ત્યાં પ્રયત્ન માનવાનો પ્રસંગ આવતો નથી. આ પ્રકારની પૂર્વપક્ષીની શંકાની સામે ગ્રંથકાર ગાથામાં કહે છે.

અહીં વિશેષ એ છે કે પૂર્વપક્ષીના મત પ્રમાણે કર્મ જ્યારે બંધાય છે ત્યારે, તેમાં બે પ્રકારની સ્થિતિ પ્રાપ્ત થાય છે. (૧) અમુક પ્રકારનાં કર્મોમાં તેવો સ્થિતિબંધ થાય છે કે કર્મો ક્રમસર ઉદયમાં આવે છે અને (૨) અમુક પ્રકારનાં કર્મોમાં તેવો સ્થિતિબંધ થાય છે કે બંધાયા પછી અમુક કાળ રહીને ઉદયોચિતકાળના પરિપાકથી પૂર્વમાં ઉદયાવલિકામાં પ્રવેશ પામે છે. તે જ કર્મની ઉદીરણા થઈ કહેવાય છે. તેના માટે કોઈ પ્રયત્નવિશેષ કરવો પડતો નથી. આ પ્રમાણે પૂર્વપક્ષીના કથનનું તાત્પર્ય છે. દિગંબરની શંકાનો ઉત્તર આપતાં ગ્રંથકાર ગાથામાં કહે છે-

ગાથા :- **ण य तं विरियविरहियं जायइ अपवत्तणव्व करणंति ।**
केवलसहावपक्खे सुगयस्स मयं अणुण्णायं ॥१०१॥

(न च तद्वीर्यविरहितं जायतेऽपवर्त्तनेव करणमिति । केवलस्वभावपक्षे सुगतस्य मतमनुज्ञातम् ॥१०१॥)

ગાથાર્થ :- અપવર્તનાની જેમ કરણ હોવાથી તે=ઉદીરણા, વીર્યરહિત થતી નથી અને કેવલસ્વભાવપક્ષમાં સુગતનો મત અનુજ્ઞાત થશે. અર્થાત્ જો વીર્ય વગર ઉદીરણા માનો તો કેવલ સ્વભાવથી થાય છે તેમ માનવું પડે, અને તે માનવામાં સ્વભાવવાદી બૌદ્ધનો મત સ્વીકારવો પડે.

❀ **'करणमिति' અહીં 'इति' શબ્દ હેતુ અર્થક છે.**

ભાવાર્થ :- ગાથામાં કહેલ કથનનું તાત્પર્ય એ છે કે જેમ અપવર્તના કરણરૂપ હોવાથી વીર્ય વિના થતી નથી, તેમ કર્મોની ઉદીરણા પણ કરણરૂપ હોવાથી વીર્ય વિના થતી નથી. કર્મદલિકોને એક નિષેકમાંથી બીજા નિષેકમાં સ્થાનાંતર કરવારૂપ કાર્યના કારણભૂત હોવાથી વીર્યાત્મક તે કરણને પ્રયત્નરૂપ માનવું પડે છે. અને પ્રયત્ન વિના પણ કાર્ય થાય એવું માનવામાં સ્વભાવથી જ કાર્ય થાય છે એવું ફલિત થતું હોવાથી બૌદ્ધમતને સ્વીકારવાની આપત્તિ આવશે.

ટીકા :- न हि कर्मोदीरणं वीर्यं विना प्रवर्त्तते, करणत्वात् अपवर्त्तनावत्।

ટીકાર્થ :- 'न हि' સિદ્ધાંતકાર અનુમાન કરે છે કે **कर्मोदीरणं वीर्यं विना न प्रवर्त्तते, करणत्वात् अपवर्त्तनावत्।** જેમ અપવર્તના કરણરૂપ હોવાથી વીર્ય વિના થતી નથી, તેમ કર્મોની ઉદીરણા પણ કરણરૂપ હોવાથી વીર્ય વિના પ્રવર્તતી નથી.

ભાવાર્થ :- આ રીતે અનુમાન કરવાથી વીર્યથી ઉદીરણા થાય છે તેમ નક્કી થાય છે. તેથી તીર્થંકરને તીર્થંકરનામકર્મની ઉદીરણા પૂર્વપક્ષીને માન્ય છે. તેથી તેને અનુકૂળ વીર્યનું પ્રવર્તન પણ પૂર્વપક્ષીએ માન્ય કરવું પડે. તેથી ભગવાનની ઉપદેશાદિમાં પ્રવૃત્તિ થતી નથી તેમ પૂર્વપક્ષી કહી શકે નહિ.

ટીકા :- अथापवर्त्तनमप्यपवर्त्तनीयकर्मणस्तथास्वाभाव्यादेवेति चेत्? किं तर्हि तत्स्वभावकर्महेतुरेव तदपवर्त्तनहेतुरुत स्वहेतूचिततत्कर्मणोऽपवर्त्तनं स्वभावादेव? नाद्यः, उत्पत्तिसमनन्तरमेव तदपवर्त्तन-प्रसङ्गात्। न द्वितीयः, कारणं विना कार्योत्पत्तिप्रसङ्गात्।

ટીકાર્થ :- 'अथ'થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, અપવર્તના પણ અપવર્તનીય કર્મના તેવા સ્વભાવથી જ થાય છે પણ વીર્યથી નહિ, તેથી તેની જેમ ઉદીરણાને પણ સ્વભાવથી જ થતી હોવી માનવી જોઈએ.

ભાવાર્થ :- કર્મબંધ (૧) અપવર્તનીય થાય (૨) અનપવર્તનીય થાય, બંનેના સ્વભાવનો ભેદ હોય છે. અર્થાત્ અપવર્તનીયકર્મ અને અનપવર્તનીયકર્મ જ્યારે બંધાય છે ત્યારે જ તેના સ્વભાવનો ભેદ હોય છે. અપવર્તનીયકર્મનો તેવો જ સ્વભાવ છે કે અપવર્તન પામીને ઉદયમાં આવે, તેથી ત્યાં વીર્યની જરૂર પડે નહિ. તેથી સિદ્ધાંતકારના અનુમાનમાં દૃષ્ટાંતની અસંગતિ છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે, તેને સિદ્ધાંતકાર **'किं तर्हि'**થી પૂછે છે -

ટીકાર્થ :- 'किं तर्हि ' અપવર્તનીયકર્મના તેવા સ્વભાવથી જ અપવર્તના થાય છે આવું કહેવામાં તારો આશય શું છે? તત્સ્વભાવકર્મહેતુ જ તદ્-અપવર્તનાનો હેતુ છે=તેવા સ્વભાવવાળા કર્મના જે (યોગાદિ) હેતુઓ છે, તે જ અપવર્તનાના હેતુ છે? કે પોતાના હેતુથી ઉપચિત થયેલા તે કર્મની અપવર્તના સ્વભાવથી જ થાય છે?

'नाद्यः'- પહેલો વિકલ્પ =તત્સ્વભાવકર્મહેતુ જ તદ્અપવર્તનાનો હેતુ છે એવું કહી શકાશે નહિ, કારણ કે ઉત્પત્તિ સમનંતર જ તદ્અપવર્તનાનો પ્રસંગ આવશે. અર્થાત્ કર્મના હેતુઓથી કર્મોત્પત્તિ પછી તરત જ તેઓની અપવર્તના થઇ જવાની આપત્તિ આવશે. **'न द्वितीयः'**- બીજો વિકલ્પ=સ્વહેતુ ઉપચિત થયેલા તે કર્મોની અપવર્તના સ્વભાવથી જ થાય છે એવું પણ કહી શકાશે નહિ, કારણ કે કારણ વિના જ (સ્વભાવથી જ) કાર્યની ઉત્પત્તિનો પ્રસંગ આવશે.

❀ **स्वहेतुचिततत्कर्मणो** મુ.પુ. પાઠ છે ત્યાં હસ્તલિખિત પ્રતમાં **'स्वहेतूचिततत्कर्मणो'** પાઠ છે પરંતુ ત્યાં **'स्वहेतूपचिततत्कर्मणो'** પાઠ હોવાની સંભાવના છે.

ભાવાર્થ :- પૂર્વપક્ષીનું કહેવું એ છે કે જીવના અધ્યવસાયથી કર્મ બંધાય છે, અને તે બંધાયેલાં કર્મો કેટલાંક અપવર્તનીય હોય છે અને કેટલાંક અનપવર્તનીય હોય છે, અને જે અપવર્તનીય છે તેની અપવર્તના પણ સ્વભાવથી જ થાય છે પણ જીવના પ્રયત્નથી નહીં. તેને સિદ્ધાંતકાર કહે છે કે, જે હેતુથી અપવર્તનીયકર્મ બંધાયું તે હેતુ જ તે કર્મના અપવર્તનનું કારણ છે એમ કહેવારૂપ પ્રથમ વિકલ્પ બરાબર નથી, કેમ કે અપવર્તનીય કર્મબંધનો અધ્યવસાય જે ક્ષણમાં છે, તે જ ક્ષણમાં અપવર્તનીય કર્મો બંધાય છે અને તે બંધાવાની સાથે જ અપવર્તનનો પ્રસંગ પ્રાપ્ત થાય. (અહીં ઉત્પત્તિ સમનંતરનો અર્થ ઉત્પત્તિની સાથે જ ગ્રહણ કરવાનો છે, પરંતુ ઉત્પત્તિ અનંતર ગ્રહણ કરવાનો નથી.)

આ રીતે પ્રથમ વિકલ્પમાં દોષ આવવાથી પૂર્વપક્ષી કહે કે, અપવર્તનીયકર્મ પોતાના હેતુરૂપ અધ્યવસાયથી બંધાય છે, અને બંધાયા પછી જીવના પ્રયત્ન વગર સ્વભાવથી જ અપવર્તન પામે છે. આ બીજા વિકલ્પનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે - આ રીતે માનવામાં કારણ વગર જ કાર્યની ઉત્પત્તિનો પ્રસંગ આવશે. અર્થાત્ *માટીમાં ઘટ બનવાનો સ્વભાવ છે એમ સ્વીકારીને કુંભારાદિના પ્રયત્ન વગર જ ઘટોત્પત્તિ* સ્વીકારવી જેમ અનુચિત છે, તેમ અપવર્તનાના પ્રયત્ન વગર સ્વભાવથી જ અપવર્તન થયું તેમ સ્વીકારવું અનુચિત છે. અને એ જ વાતને ગાથામાં બૌદ્ધમતના પ્રવેશની આપત્તિરૂપે કહેલ છે. કેમ કે બૌદ્ધમત ઘટાદિ કાર્યને પણ સ્વભાવથી જ સ્વીકારે છે, દંડાદિ સામગ્રીને તે અવજર્યસંનિધિરૂપે સ્વીકારે છે; તેમ પૂર્વપક્ષીને પણ પ્રયત્ન વગર પ્રસ્તુત સ્થાનમાં સ્વભાવથી જ કર્મનું અપવર્તન સ્વીકારવામાં, બૌદ્ધમતમાં પ્રવેશ થવાનો પ્રસંગ આવે, તેમ ગ્રંથકાર કહે છે.

टीका :- अथ किमिदमपवर्त्तनं नाम? नूनं ध्वंस एव सः, केवलं प्रायश्चित्ताद्यभावे भोगादेव तन्नाशः, अन्यथा तु प्रायश्चित्तादिनैवेत्येव विशेषः। न च दीर्घस्थितिकस्य ह्रस्वस्थितिकापादनमपवर्त्तनं नाम, कालसंबन्धरूपायाः स्थितेरनपवर्त्तनीयत्वादिति चेत्? न, प्रायश्चित्तादिना कर्मणः स्थितेरेव नाशात् भस्मकेनेव बहुकालभोग्यधान्यस्थितेः, कर्मणः पुनरन्ततो धान्यराशेरिव प्रदेशानुभवरूपोऽपि भोग आवश्यक एव, अत एव न कृतनाशाऽकृतागमादिप्रसङ्गः। यदाह भाष्यकारः-

[१] कम्मोववक्कामिज्जइ अपत्तकालंपि जइ तओ पत्ता ।
अकयागमकयनासा मोक्खाणासासणा दोसा ॥

---

१. कर्मोपक्रम्यतेऽप्राप्तकालमपि यदि ततः प्राप्ताः । अकृतागमकृतनाशौ मोक्षानाश्वासता दोषाः ॥

[1]ण हि दीहकालिअस्स वि णासो तस्साणुभूइओखिप्पं ।
बहुकालाहारस्स व्व दुयमग्गिअरोगिणो भोगो ॥त्ति॥ [વિ. ભા. ૨૦૪૭/૪૮]

ટીકાર્થ :- 'अथ'થી પૂર્વપક્ષી સિદ્ધાંતકારને કહે છે કે, આ અપવર્તન શું પદાર્થ છે? (તમે કહો છો તેવો પદાર્થ નથી,) પરંતુ ધ્વંસ જ તે=અપવર્તન, છે. કેવલ પ્રાયશ્ચિત્તાદિના અભાવમાં ભોગથી જ તેનો=કર્મનો, નાશ છે. વળી અન્યથા =પ્રાયશ્ચિત્તના અભાવના અભાવમાં અર્થાત્ પ્રાયશ્ચિત્તના સદ્ભાવમાં પ્રાયશ્ચિત્તાદિથી જ તેનો=કર્મનો, નાશ છે. એ પ્રમાણે જ વિશેષ છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે સિદ્ધાંતકાર કર્મની સ્થિતિ અને રસના અપવર્તનને=હ્રસ્વીકરણને, અપવર્તન કહે છે. અને પૂર્વપક્ષીને કહેવું છે કે એ બરાબર નથી, પરંતુ કર્મનું આત્માથી અપવર્તન કરવું તે અપવર્તન પદાર્થ છે. તેથી જ પૂર્વપક્ષી કહે છે કે કર્મનો ધ્વંસ છે તે જ અપવર્તન પદાર્થ છે. તે અપવર્તનરૂપ ધ્વંસ બે પ્રકારનો છે. (૧) પ્રાયશ્ચિત્તાદિના અભાવમાં ભોગથી કર્મનો નાશ થવા સ્વરૂપ છે અને (૨) પ્રાયશ્ચિત્તાદિના સદ્ભાવમાં પ્રાયશ્ચિત્તાદિથી કર્મનો નાશ થવા સ્વરૂપ છે.

❀ અહીં **'अन्यथा'**નો અર્થ પ્રાયશ્ચિત્તાદિના અભાવનો અભાવ અર્થાત્ પ્રાયશ્ચિત્તના સદ્ભાવ સમજવો.

આ પ્રમાણે અપવર્તન પદાર્થ છે એમ કહેવાથી પૂર્વપક્ષીને એ કહેવું છે કે, અપવર્તન પદાર્થ કરણરૂપ છે માટે વીર્યથી જ થાય છે એવો નિયમ નથી. કેમ કે પ્રાયશ્ચિત્તાદિના અભાવમાં ભોગથી કર્મોનો જ્યાં નાશ થાય છે તે રૂપ અપવર્તન વીર્ય વગર થાય છે, અને પ્રાયશ્ચિત્તાદિના સદ્ભાવમાં પ્રાયશ્ચિત્તથી કર્મોનો નાશ થાય છે ત્યાં વીર્યથી અપવર્તના થાય છે. માટે વીર્યની સાથે અપવર્તનાની વ્યાપ્તિ નહિ હોવાને કારણે **'कर्मोदीरणं वीर्यं विना न प्रवर्त्तते, करणत्वात्, अपवर्त्तनावत्'** આ અનુમાનમાં **'अपवर्त्तनावत्'** એ પ્રકારના દૃષ્ટાંતની અસંગતિ છે.

ઉત્થાન :- 'अथ'થી પૂર્વપક્ષીએ કહ્યું કે અપવર્તન શું પદાર્થ છે? અર્થાત્ તમે કર્મની સ્થિતિને હ્રસ્વ કરવારૂપ અપવર્તન પદાર્થ માનો છો તે નથી. તેને બતાવવા અર્થે કહે છે-

ટીકાર્થ :- 'न च' અને દીર્ઘસ્થિતિવાળાં કર્મને હ્રસ્વસ્થિતિક આપાદન કરવું, અર્થાત્ હ્રસ્વસ્થિતિવાળાં કરવાં એ રૂપ અપવર્તન પદાર્થ નથી, કેમ કે કાલસંબંધરૂપ સ્થિતિનું અનપવર્તનીયપણું છે. આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર કહે છે કે એ પ્રમાણે ન કહેવું. તેમાં હેતુ કહે છે- જે પ્રમાણે બહુકાલભોગ્ય ધાન્યરાશિની સ્થિતિનો ભસ્મકરોગ વડે નાશ થાય છે, તેમ પ્રાયશ્ચિત્તાદિથી કર્મની સ્થિતિનો નાશ થાય છે. વળી કર્મનો અંતે=છેવટે, ધાન્યરાશિની જેમ પ્રદેશાનુભવરૂપ પણ ભોગ આવશ્યક જ છે. આથી કરીને જ=અંતતઃ કર્મનો પ્રદેશાનુભવરૂપ પણ ભોગ આવશ્યક જ છે આથી કરીને જ, કૃતનાશ અને અકૃતઆગમાદિ પ્રસંગ નથી.

---

૧. न हि दीर्घकालिकस्यापि नाशस्तस्यानुभूतितः क्षिप्रम् । बहुकालाहारस्येव द्रुतमग्निकरोगिणो भोगः ॥

જે કારણથી ભાષ્યકાર કહે છે-

'यदाह' જો અપ્રાપ્તકાલવાળું પણ કર્મ અર્થાત્ જેનો કાળ પ્રાપ્ત થયો નથી એવાં કર્મ ઉપક્રમ પામે છે, તો કૃતનાશ, અકૃતાગમ અને મોક્ષઅનાશ્વાસતારૂપ દોષો પ્રાપ્ત થશે.

ઉત્થાન :- કૃતનાશાદિ દોષો અહીં નથી એ પ્રમાણે પ્રકરણથી પ્રાપ્ત થાય છે અર્થાત્ અધ્યાહાર છે અને તેમાં હેતુ તરીકે વિશેષાવશ્યક ભાષ્યની ૨૦૪૮મી ગાથા કહે છે-

ટીકાર્થ :- 'ण हि' દીર્ઘકાલિક એવા તેનો=આયુષ્યાદિકર્મનો, ભોગવ્યા વગર નાશ નથી કેમ કે શીઘ્ર જ તેની અનુભૂતિ થાય છે; જેમ અગ્નિક રોગીઓને=ભસ્મક રોગીઓને, બહુકાલભોગ્ય અનાજનો ભોગ શીઘ્ર થાય છે. માટે કૃતનાશાદિ દોષો આવતા નથી.

ભાવાર્થ :- પૂર્વપક્ષીનું કહેવાનું તાત્પર્ય એ છે કે, પુરોવર્તી ઘટપદાર્થને તેના નાશની સામગ્રીથી જેમ નાશ કરી શકાય છે, તેમ આત્મામાં લાગેલાં કર્મોને તેના નાશના ઉપાયથી નાશ કરી શકાય છે. તેથી જ પ્રાયશ્ચિત્તાદિથી કર્મોનું અપવર્તન તેને માન્ય છે. પરંતુ કર્મમાં રહેલી જે દીર્ઘસ્થિતિ છે, તે તો કાલની સાથે સંબંધિત છે. તેથી કર્મનો નાશ કર્યા વગર આત્મામાં કર્મ હોતે છતે તેની સ્થિતિ ટૂંકી કરવી તે અશક્ય છે. અર્થાત્ કાળની સાથે કર્મદલિકોના સંબંધરૂપ સ્થિતિ ઘટાડી ન શકાય એવી હોવાથી, દીર્ઘસ્થિતિવાળાં કર્મદલિકોને અલ્પસ્થિતિવાળાં કરવાં તે અપવર્તના પદાર્થ માની શકાય નહિ.

અહીં વિશેષ એ છે કે, વ્યવહારને અભિમત એવું જે કાલદ્રવ્ય છે તેના ક્ષણ-આવલિકાદિ પર્યાયો છે, અને કર્મની દીર્ઘસ્થિતિ એ છે કે આટલી ક્ષણ સુધી વર્તમાનમાં બંધાયેલું કર્મ અવસ્થિત રહે. આનાથી એ પ્રાપ્ત થયું કે કર્મની સ્થિતિનો વ્યવહારનયને અભિમત એવી અમુક ક્ષણો સાથે સંબંધ છે. તેથી કાલસંબંધરૂપ એવી તે સ્થિતિનું અપવર્તન થઈ શકે નહિ, પરંતુ પ્રયત્નનો વિષય કર્મ જ બની શકે તેથી પ્રયત્નથી કર્મનો નાશ થઈ શકે, અને તે જ અપવર્તન પદાર્થ છે. એ પ્રમાણે પૂર્વપક્ષીનું કહેવું છે.

આ પ્રમાણે પૂર્વપક્ષીએ અપવર્તના ધ્વંસરૂપ છે પણ સ્થિતિના હ્રસ્વીકરણરૂપ નથી એમ જે સ્થાપન કર્યું, તેનું નિરાકણ કરતાં ગ્રંથકાર કહે છે - આ વાત બરાબર નથી, કેમ કે બહુકાલભોગ્ય ધાન્યરાશિને જેમ ભસ્મક રોગી શીઘ્ર ભોગવી લે છે, તેમ પ્રાયશ્ચિત્તાદિથી કર્મની સ્થિતિનો જ નાશ થાય છે. અને જેમ ભસ્મક રોગી ધાન્યને ખાધા વગર ધાન્યની સમાપ્તિ કરી શકતો નથી, તેમ બંધાયેલાં કર્મોનો વિપાકોદયથી ભોગ કરવો પડે; અને તેવા દ્રવ્ય-ક્ષેત્રાદિની પ્રાપ્તિ ન થાય તો અવશ્ય પ્રદેશથી પણ અનુભવ કરવો પડે છે, પરંતુ પ્રદેશથી અનુભવ કર્યા વગર કોઈ કર્મનો નાશ શક્ય નથી. તેથી પ્રાયશ્ચિત્તાદિથી કર્મનો નાશ માની શકાય નહિ. અને પ્રદેશથી અનુભવ સ્વીકારીએ તો લાંબા સમય પછી ભોગવવા યોગ્ય કર્મોની સ્થિતિ ટૂંકી થઈ તેમ જ સ્વીકારવું પડે. અને પ્રદેશાનુભવથી ભોગ આવશ્યક જ છે. આથી કરીને જ કૃતનાશ-અકૃતાગમાદિ દોષ પણ નથી. તે આ રીતે-

અહીં પૂર્વપક્ષીને એ કહેવું છે કે, જો કર્મની સ્થિતિનો નાશ સ્વીકારવામાં આવે તો લાંબા કાળે ભોગવવું પડે એવું જે કર્મ પોતે કર્યું હતું, તે ભોગવવું ન પડવાથી કૃતનાશ દોષ પ્રાપ્ત થશે. અને જેનો કાળ પ્રાપ્ત થયો નથી એવા કર્મનો પણ જો ઉપક્રમ થઈ જતો હોય તો, એ વખતે ઉદયમાં આવે એવું કર્મ પોતે ન કર્યું હોવા છતાં ઉદયમાં

આવતું હોવાથી, અકૃતાગમદોષ પ્રાપ્ત થશે. અર્થાત્ પ્રાયશ્ચિત્તાદિથી હ્રસ્વ થયેલી કર્મની સ્થિતિ કર્મ બાંધતી વખતે જીવે નહિ બાંધી હોવાથી, તે સ્થિતિનો અનુભવ અકૃતાગમરૂપ છે.

પૂર્વપક્ષીના આ કથનનો જવાબ આપતાં ગ્રંથકાર કહે છે કે, લાંબા સમયથી ભોગવવાનું તે કર્મ ભોગવ્યા વગર જ નાશ થતું હોત તો ઉક્ત દોષ આવી શકે, પરંતુ તેવું નથી; માત્ર ઉપક્રમ દ્વારા દીર્ઘસ્થિતિવાળું તે જ કર્મ અધ્યવસાયવિશેષથી જલદી ભોગવાય છે, જેમ ધાન્યનો મોટો રાશિ લાંબો કાળ ચાલે તેવો હોવા છતાં ભસ્મક રોગી વડે થોડા કાળમાં ભોગવાય છે. માટે કૃતનાશ-અકૃતાગમાદિ દોષો આવતા નથી.

અહીં વિશેષ એ છે કે, બહુકાલવેદ્ય કર્મ અલ્પસ્થિતિ-રસથી વેદન થાય છે તે પૂર્વમાં જે કર્મ બંધાયેલું હતું તેનાથી જુદું નથી, પરંતુ દીર્ઘસ્થિતિરૂપે બંધાયેલું કર્મ જ અધ્યવસાયથી અલ્પસ્થિતિવાળું થઈને વેદન થાય છે, અન્ય નહિ. માટે કરાયેલાં કર્મનો નાશ નથી અને જીવે પોતે જે કર્મો પૂર્વમાં બાંધેલ, તેનાથી કોઈ અન્ય કર્મનું વેદન થતું નથી. કેમ કે પૂર્વમાં કરાયેલાં કર્મોને જ અલ્પસ્થિતિરૂપે વેદન કરે છે. માટે અકૃતાગમદોષ પણ આવતો નથી.

ઉત્થાન :- પૂર્વમાં સિદ્ધાંતકારે કહ્યું કે ધાન્યરાશિની જેમ પ્રાયશ્ચિત્તથી કર્મની સ્થિતિનો જ નાશ થાય છે, પણ કર્મોનો નહિ. ત્યાં '**अथ**'થી પૂર્વપક્ષી કહે છે-

टीका :- अथाहारस्य भोगो भक्षणादिकं, कर्मणस्तु स्वजन्यसुखदुःखान्यतरसाक्षात्कार इत्यस्ति विशेष इति चेत्? न, कर्मद्रव्यस्येव नोकर्मद्रव्यस्याप्यात्मसात्परिणामस्यैव प्रदेशभोगत्वात्, सुखदुःखयोस्तु विपाकफलत्वात्। अत एव धान्यप्रदेशा इव कर्मप्रदेशा अपि भुक्ता एव सन्तो धान्यपरिणाममिव कर्मपरिणामं त्यजन्तः क्षीणा इति भण्यन्ते, रसस्तु कर्मणामध्यवसायविशेषेण हन्यत एव, भस्मकजनित-जाठरानलोद्भूतस्पर्शे भुज्यमानरस इव अत एव न प्रसन्नचन्द्रादीनां सप्तमनरकयोग्याऽसातवेदनीयप्रदेशा-नुभवेऽपि तथाविधदुःखप्रसङ्गः। अत एव च 'सर्वस्व कर्मणः प्रदेशतो भोगनियमः, अनुभागतस्तु तद्भजनैव' इति भगवन्तोऽभ्यधुः। यदागमः- "[१] तत्थ णं जं तं अणुभागकम्मं तं अत्थेगइअं वेएइ अत्थेगइअं णो वेएइ, तत्थ णं जं तं पदेसकम्मं तं णियमा वेएइ" त्ति । **भाष्यकारोऽप्यभ्यधात्-**

[२] सव्वं च पएसतया भुज्जइ कम्ममणुभावओ भइअं ।
तेणावस्साणुभवे के कयणासादओ तस्स ॥ त्ति । [वि. भा. २०४९]

❀ '**अथ**'થી આહારના ભોગની અને કર્મના ભોગની વિલક્ષણતા બતાવીને પૂર્વપક્ષીએ ભસ્મકરોગના દૃષ્ટાંતથી અસંગતિ સ્થાપી, તેનું નિરાકરણ '**इति चेत् न**'થી માંડીને ...'**विपाकफलत्वात्**' સુધી ગ્રંથકારે કર્મનો ભોગ અને આહારનો ભોગ કઈ અપેક્ષાએ સમાન છે તે ગ્રહણ કરીને દૃષ્ટાંત આપેલ છે તે બતાવ્યું, અને ત્યારપછી '**अत एव...भण्यन्ते । अत एव .... तथाविधदुःखप्रसङ्ग। अत एव ..... अभ्यधुः।**' આ રીતે

---

१. तत्र यत्तदनुभागकर्म तदस्त्येककं वेदयति, अस्त्येककं न वेदयति, तत्र यत्तत्प्रदेशकर्म तन्नियमाद् वेदयति ।

२. सर्वं च प्रदेशतया भुज्यते कर्मानुभावतो भाज्यम् । तेनावश्यमनुभवे के कृतनाशादयस्तस्य ॥

તેની જ પુષ્ટિ ત્રણ વાર બતાવીને કરેલ છે.

ટીકાર્થ :- 'अथाहारस्य' આહારનો ભોગ ભક્ષણાદિક છે, વળી કર્મનો સ્વજન્ય=કર્મજન્ય, સુખ-દુઃખમાંથી અન્યતરનો સાક્ષાત્કાર કરવો એ ભોગ પદાર્થ છે, એથી કરીને બેમાં વિશેષ છે=ભેદ છે. આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર તેનો ઉત્તર આપે છે કે એ પ્રમાણે ન કહેવું. કેમ કે કર્મદ્રવ્યની જેમ નોકર્મદ્રવ્યનું પણ અર્થાત્ આહારન પુદ્ગલોનું પણ, આત્મસાત્ પરિણામનું જ પ્રદેશભોગપણું છે અને સુખદુઃખનું વિપાકફલપણું છે.

ભાવાર્થ :- આહારના ભોગમાં આહારને ગ્રહણ કરવા રૂપ ભોગ છે; જ્યારે કર્મના ભોગમાં કર્મનું ગ્રહણ કરવું એ ભોગ નથી, પરંતુ કર્મ પોતાના ફળને આપીને આત્માથી છૂટું થાય તે રૂપ ભોગ છે. તેથી તમારા મત પ્રમાણે દૃષ્ટાંતની વિષમતા છે. આ પ્રમાણે પૂર્વપક્ષીને કહેવું છે.

અહીં પૂર્વપક્ષીના કથનનું વિશેષ તાત્પર્ય એ છે કે, પૂર્વમાં સિદ્ધાંતકારે કહેલ કે, ધાન્યરાશિના ભોગની જેમ પ્રદેશાનુભવરૂપ પણ કર્મનો ભોગ આવશ્યક છે, ત્યાં પૂર્વપક્ષીનું એ કહેવું છે કે, આહારના ભોગમાં અને કર્મના ભોગમાં ઘણો તફાવત છે, તેથી આહારના ભોગનું દૃષ્ટાંત આપીને કર્મનો પ્રદેશાનુભવરૂપ ભોગ આવશ્યક છે એ વચન સંગત નથી. તેને ગ્રંથકાર કહે છે કે એ પ્રમાણે કહેવું બરાબર નથી. તેમાં '**कर्मद्रव्यस्येव .... विपाकफलत्वात्**' હેતુ કહ્યો. તેનું તાત્પર્ય એ છે કે, નોકર્મદ્રવ્યરૂપ આહારપુદ્ગલોને ગ્રહણ કર્યા પછી તેનું જે ધાતુરૂપે રૂપાંતર થાય છે, તે શરીરની સાથે આત્મસાત્ પરિણામ છે; અને તે જ તેનો પ્રદેશભોગ છે. અને કર્મદ્રવ્યનો આત્મસાત્ પરિણામ એ છે કે, જીવ કર્મ બાંધે છે ત્યારપછી અબાધાકાળ પૂર્ણ થયા પછી જે રૂપાંતર અવસ્થાને અર્થાત્ ઉદયપર્યાયને પામે છે, કે જે આત્માને પોતાનું ફલ બતાવવા અભિમુખ છે, તે જ કર્મનો પ્રદેશભોગ છે; અને તેનાથી જન્ય સુખદુઃખરૂપ ફળ આત્મામાં થાય છે તે કર્મનું વિપાકફળ છે. અને નોકર્મદ્રવ્યનો પણ આહારાદિ ગ્રહણ કર્યા પછી તે પુદ્ગલોકૃત અનુગ્રહ કે ઉપઘાત થવાને કારણે જે સુખ-દુઃખનો અનુભવ થાય છે, તે વિપાકફળ છે. તેથી કર્મદ્રવ્ય અને નોકર્મદ્રવ્ય તે બંનેમાં સમાનતા છે, માટે દૃષ્ટાંતની સંગતિ થાય છે.

ટીકાર્થ :- 'अत एव' આથી કરીને જ=કર્મદ્રવ્યની જેમ નોકર્મદ્રવ્યનું પણ આત્મસાત્ પરિણામનું જ પ્રદેશભોગપણું છે આથી કરીને જ, ધાન્યપ્રદેશની જેમ કર્મપ્રદેશો પણ ભોગવાયાં છતાં જ ધાન્યપરિણામની જેમ કર્મપરિણામનો ત્યાગ કરાતાં છતાં ક્ષીણ થયાં એ પ્રમાણે કહેવાય છે. વળી જેમ ભસ્મકરોગથી જનિત જઠરમાં પેદા થયેલા અગ્નિના ઉદ્ભૂત સ્પર્શમાં=ધાન્યને બાળી નાંખે તેવા પ્રકારના આવિર્ભાવ થયેલા જઠરાગ્નિના દાહરૂપ સ્પર્શમાં, ભુજ્યમાન આહારના રસનો જેમ નાશ થાય તેમ કર્મોનો રસ અધ્યવસાયવિશેષથી હણાય જ છે.
'**अत एव न**' આથી કરીને જ=અધ્યવસાયવિશેષથી કર્મોનો રસ હણાય જ છે આથી કરીને જ, પ્રસન્નચંદ્રાદિને સાતમી નરક યોગ્ય અશાતાવેદનીયના પ્રદેશાનુભવમાં પણ તથાવિધ દુઃખનો પ્રસંગ નથી.

ભાવાર્થ :- 'अत एव' જેમ ધાન્યપ્રદેશો ખાવાથી ધાન્યપરિણામનો ત્યાગ થાય છે, માટે જ ધાન્ય નાશ પામ્યું એમ કહેવાય છે; તે જ રીતે કર્મપ્રદેશો પણ જ્યારે કર્મપરિણામનો ત્યાગ કરે છે ત્યારે ક્ષીણ થાય એમ કહેવાય છે. અને તે કર્મપરિણામનો ત્યાગ કર્મના ભોગથી જ થાય છે. તે ભોગ કેવલ પ્રદેશભોગરૂપ હોય કે ફલસહિત પ્રદેશભોગરૂપ

હોય, પરંતુ ભોગ વગર કર્મો ક્ષીણ થતાં નથી. અને જ્યારે પ્રાયશ્ચિત્તથી સ્થિતિ અને રસની અપવર્તના થાય છે, ત્યારે અધ્યવસાયવિશેષથી કર્મનો રસ હણાય જ છે. તેમાં દૃષ્ટાંત બતાવે છે કે, જેમ ભસ્મકરોગીને જઠરાગ્નિ તીવ્ર હોવાને કારણે તેમાં આહારરૂપે ગ્રહણ કરાતાં પુદ્ગલોનો રસ બળીને ભસ્મ થાય છે, તેમ પ્રાયશ્ચિત્ત આદિના અધ્યવસાયથી કર્મોનો રસ હણાય છે. આથી જ પ્રસન્નચંદ્રાદિએ બાંધેલાં સાતમી નરક પ્રાયોગ્ય અશાતા વેદનીય કર્મ તે જ ભવમાં પ્રદેશોદયરૂપે ભોગવવાથી, સાતમી નરક પ્રાયોગ્ય ભયંકર દુઃખના વેદનનો પ્રસંગ પ્રાપ્ત ન થયો.

ટીકાર્થ :- '**अत एव च**' અને આથી કરીને જ=પૂર્વમાં કહ્યું કે કર્મોનો વળી છેવટે ધાન્યરાશિની જેમ પ્રદેશાનુભવરૂપ પણ ભોગ આવશ્યક જ છે, ત્યાંથી માંડીને **तथाविधदुःखप्रसङ्गः।** સુધીના કથનનો નિર્દેશ કરતાં કહે છે કે, આથી કરીને જ, સર્વકર્મનો પ્રદેશથી ભોગનિયમ છે, અને અનુભાગથી તેની ભજના જ છે; એ પ્રમાણે ભગવાન કહે છે. જે કારણથી આગમ આ પ્રમાણે છે-

'**तत्थ**' ત્યાં=કર્મમાં, જે અનુભાગ કર્મ હોય છે, તે કેટલુંક (જીવ) ભોગવે છે અને કેટલુંક ભોગવતો નથી; ત્યાં=કર્મમાં, જે પ્રદેશકર્મ હોય છે તેને (જીવ) નિયમથી ભોગવે છે. ભાષ્યકારે પણ કહ્યું છે-

'**सव्वं**'- સર્વકર્મ પ્રદેશપણા વડે ભોગવાય છે, અનુભાગથી ભાજ્ય છે=ભજના છે. તે કારણથી તેના=કર્મના, અવશ્ય અનુભવમાં કૃતનાશાદિ દોષો ક્યાં? અર્થાત્ કૃતનાશાદિ દોષો નથી.

टीका :- यत्पुनरुक्तं- 'कालसंबन्धरूपायाः स्थितेरपवर्त्तनमयुक्तं' इति- तदसत्, कश्चिद्भोगो वर्षशतेन, कश्चिच्च वर्षसहस्त्रेणेत्यत्र तथाविधस्थितिबन्धाध्यवसायप्रसूतस्थितिविशेषस्यैव नियामकत्वात्, स्थिति(तेः)कर्मणोऽतिरिक्तत्वात्। एतेन 'दीर्घस्थितिकस्य प्रायश्चित्तादिव्यतिरेकप्रयुक्ताग्रिमकालिक-संबन्धशालिनो ह्रस्वीकरणं तद्ध्वंसजननप्रायश्चित्ताद्याचरणमप्रसिद्धं' इत्यपास्तम्, दीर्घस्थितेरन्तराच्छेद-स्यैव ह्रस्वीकरणपदार्थत्वात्।' अपवर्त्तनीयायाः स्थितेर्दीर्घत्वे एव किं प्रमाणम्?' इति चेत्? तथाविधाध्य-वसायप्रसूतत्वमिति गृहाण।

❀ '**स्थिति**' પાઠ છે તે ત્યાં કાઉંસનો પાઠ '**स्थितेः**' ઉચિત જણાય છે અને તે મુજબ અર્થ કરેલ છે.

ટીકાર્થ :- '**यत्**' જે પૂર્વમાં કહ્યું કે, કાલસંબંધસ્વરૂપ સ્થિતિનું અપવર્તન અયુક્ત છે તે વાત અસત્ છે; અર્થાત્ બરાબર નથી. કેમ કે કોઇક કર્મનો ભોગ સો વર્ષથી અને કોઇક કર્મનો ભોગ હજાર વર્ષથી થાય છે. એથી કરીને અહીંયાં=કર્મના ભોગમાં તેવા પ્રકારના સ્થિતિબંધના અધ્યવસાયથી પ્રસૂત=ઉત્પન્ન થયેલ, સ્થિતિવિશેષનું જ નિયામકપણું હોવાને કારણે સ્થિતિનું કર્મથી અતિરિક્તપણું છે=ભિન્નપણું છે.

'**एतेन**' આનાથી=કર્મથી સ્થિતિનું અતિરિક્તપણું છે આનાથી, વક્ષ્યમાણ કથન અપાસ્ત છે. વક્ષ્યમાણ કથન આ પ્રમાણે છે- પ્રાયશ્ચિત્તાદિ વ્યતિરેક પ્રયુક્ત=અભાવ પ્રયુક્ત, અગ્રિમકાલિક સંબંધશાલી એવી દીર્ઘસ્થિતિનું તદ્ધ્વંસજનક એવા પ્રાયશ્ચિત્તાદિના આચરણરૂપ હ્રસ્વીકરણ એ અપ્રસિદ્ધ છે. એ પ્રમાણે પણ અપાસ્ત જાણવું, કેમ કે દીર્ઘસ્થિતિના **अन्तरा**=વચમાં, છેદનું જ હ્રસ્વીકરણ પદાર્થપણું છે.

ભાવાર્થ :- પૂર્વપક્ષીને એ કહેવું છે કે, આત્માની સાથે કર્મનો સંબંધ થાય છે અને પ્રાયશ્ચિત્તાદિથી તે કર્મનો નાશ થઈ શકે છે, જેમ દંડાદિથી ઘટનો નાશ થઈ શકે છે, પરંતુ સ્થિતિ નામનો કોઈ પદાર્થ નથી કે જેનો નાશ કરી શકાય. જેમ ઘટ નામનો પદાર્થ અમુક કાળ સુધી પોતાનું અસ્તિત્વ ધરાવે છે, તેમ કર્મરૂપ પદાર્થ અમુક સમય સુધી પોતાનું ફળ બતાવે છે, તે રૂપ કાળની સાથે સંબંધિત સ્થિતિ નામનો પદાર્થ છે. તેથી પ્રાયશ્ચિત્તથી તે સ્થિતિનું અપવર્તન સંભવે નહિ, પરંતુ કર્મનું અપવર્તન=નાશ, થઈ શકે. પૂર્વપક્ષીના આ કથનના નિરાકરણરૂપે સિદ્ધાંતકાર કહે છે- કોઈક કર્મનો ભોગ સો વરસનો તો કોઈકનો હજાર વર્ષનો ભોગ હોય છે, તેથી એ નક્કી થાય છે કે જેમ આત્મા અધ્યવસાયથી કર્મ બાંધે છે, તેમ અધ્યવસાયવિશેષથી તે કર્મમાં તેટલા કાળ સુધી વિપાક આપવાને અનુકૂળ કોઈ પરિણામવિશેષ પેદા કરે છે, તે જ સ્થિતિવિશેષ છે. અને તે સ્થિતિવિશેષ જ કાળમર્યાદાનું નિયામક છે. તેથી તે સ્થિતિનું કર્મથી અતિરિક્તપણું છે. માટે પ્રાયશ્ચિત્તથી સ્થિતિનો નાશ થઈ શકે છે. તેથી સ્થિતિનું અપવર્તન ન થઈ શકે એ પૂર્વપક્ષીનું કથન અયુક્ત છે.

અહીં વિશેષ એ છે કે, પૂર્વપક્ષીના કથન પ્રમાણે જગતમાં પ્રસિદ્ધ એવો દિવસ-રાત્રિરૂપ કાળ છે, તેની સાથે સંબંધરૂપ જ સ્થિતિ છે; પરંતુ સ્થિતિ નામનો કોઈ અતિરિક્ત પદાર્થ નથી. માટે સ્થિતિનું અપવર્તન ન થાય, પણ પ્રાયશ્ચિત્તથી કર્મનો નાશ થઈ શકે. એવો તેનો આશય છે.

જ્યારે સિદ્ધાંતકારે એ કહ્યું કે, કર્મદલિકની અંદર જેમ કર્મદલિકથી અતિરિક્ત રસ નામનો પર્યાય પેદા થાય છે, તેમ સ્થિતિ નામનો પણ પર્યાય પેદા થાય છે, અને પ્રાયશ્ચિત્તના અધ્યવસાયથી તે સ્થિતિપર્યાયને ઘટાડી શકાય છે. તેથી પ્રાયશ્ચિત્તથી સ્થિતિનું અપવર્તન માનવામાં કોઈ દોષ નથી.

'एतेन'થી વક્ષ્યમાણ કથન અપાસ્ત છે, અને પૂર્વપક્ષીનું વક્ષ્યમાણ કથન આ પ્રમાણે છે.

જો પ્રાયશ્ચિત્ત ન કરવામાં આવે તો જે સ્થિતિ પોતાની નિષેકરચનાથી એ રીતે જ ગોઠવાયેલ હતી કે જે આગળના કાળમાં ઉદયમાં આવવાની હતી, તેવી દીર્ઘસ્થિતિનો નાશ કરે તેવું પ્રાયશ્ચિત્તનું આચરણ કરવું તે જ દીર્ઘસ્થિતિનું હ્રસ્વીકરણ છે એમ કોઈ કહે છે તે અપ્રસિદ્ધ છે. તેને ગ્રંથકાર કહે છે કે પૂર્વના કથનથી આ પૂર્વપક્ષીનું કથન અપાસ્ત છે. તેમાં હેતુ કહે છે કે અમે પ્રાયશ્ચિત્તના આચરણને હ્રસ્વીકરણ કહેતા નથી પરંતુ લાંબી કર્મની સ્થિતિને વચમાંથી છેદી નાખવી તે હ્રસ્વીકરણ છે. અને તે સ્થિતિ કર્મથી અતિરિક્ત છે તેથી જ તેનો છેદ થઈ શકે છે.

ટીકાર્થ :- **'अपवर्तनीयायाः'** - અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, અપવર્તનીય સ્થિતિના દીર્ઘત્વમાં શું પ્રમાણ છે? અર્થાત્ કોઈ પ્રમાણ નથી. તો ગ્રંથકાર કહે છે કે તથાવિધ અધ્યવસાયથી પ્રસૂતપણું =ઉત્પન્નપણું, હોવાથી અપવર્તનીય સ્થિતિનું દીર્ઘપણું છે એ પ્રમાણે જાણ.

ભાવાર્થ :- કોઈ વ્યક્તિએ પાપનું આચરણ કર્યું અને તેનાથી તેણે અશુભકર્મની દીર્ઘ સ્થિતિ બાંધી હોય, ત્યારપછી પ્રાયશ્ચિત્તથી તેનું અપવર્તન કર્યું હોય તેવા સ્થળમાં તે કર્મનો અનુભવ અલ્પસ્થિતિરૂપે થાય છે. તેથી પૂર્વપક્ષી કહે છે કે, અપવર્તનીય સ્થિતિનું દીર્ઘપણું છે=દીર્ઘ બાંધી છે, તેમાં કોઈ પ્રમાણ નથી. કેમ કે સ્થિતિનો જેવો અનુભવ થાય છે, તેવી સ્થિતિ પૂર્વે બાંધી હતી તેમ કેમ ન કહી શકાય? આ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે તેના

જવાબરૂપ ગ્રંથકાર કહે છે - તેવા પ્રકારના અધ્યવસાયથી ઉત્પન્ન થયેલ હોવાથી અપવર્તનીય સ્થિતિનું દીર્ઘપણું છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, પાપના આચરણકાળમાં તેવા પ્રકારનો અધ્યવસાય હતો કે જો પ્રાયશ્ચિત્તાદિ ન કરે તો તેનો અનુભવ દીર્ઘકાળ સુધી અનર્થરૂપે થાય, પરંતુ પ્રાયશ્ચિત્ત કરવાના કારણે દીર્ઘસ્થિતિનું હ્રસ્વીકરણ થઇ જવાથી અને તે જ રીતે અશુભ રસમાં પણ અપવર્તન થવાના કારણે તે કર્મદલિકોનો અલ્પકાળ સુધી નહિવત્ ફળ કે સર્વથા ફળના અભાવરૂપે અનુભવ થાય છે. તેથી કર્મબંધકાળમાં તેવા પ્રકારના અધ્યવસાયથી અર્થાત્ દીર્ઘસ્થિતિને પેદા કરે તેવા પ્રકારના અધ્યવસાયથી ઉત્પન્ન થયેલ હોવાથી અપવર્તનીય સ્થિતિનું દીર્ઘપણું છે.

ઉત્થાન :- આ રીતે પૂર્વમાં સ્થિતિનું કર્મથી અતિરિક્તપણું બતાવ્યું અને તેનાથી કર્મના અપવર્તનની સંગતિ કરી તેનું નિરાકરણ કરતાં '**अथ**'થી પૂર્વપક્ષી કહે છે -

टीका :- अथ कर्महेतुना कर्मैव जननीयं, विपाककालस्य फलहेतुता तु तत्क्षणविशिष्टकार्यत्वावच्छिन्नं प्रति तत्क्षणत्वेनैवेति चेत्? न, एवं सति जन्यतदात्मसमवेतत्वावच्छिन्नं प्रति तदात्मत्वेन हेतुतया प्रागभावस्य विशेष्य हेतुतया वा दैशिकातिप्रसङ्गभङ्गे कर्मण एवोच्छेदप्रसङ्गात्।

टीकार्थ :- 'अथ' કર્મના હેતુ વડે કર્મ જ જનનીય છે (પણ કર્મથી અતિરિક્ત સ્થિતિ નહિ). તેમાં હેતુ કહે છે કે વિપાકકાલની ફળહેતુતા વળી તત્ક્ષણવિશિષ્ટ કાર્યત્વાવચ્છિન્ન પ્રતિ તત્ક્ષણત્વેન જ છે. આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે આમ હોતે છતે, અર્થાત્ કાળકૃત અતિપ્રસંગનું નિરાકરણ તત્ક્ષણવિશિષ્ટકાર્યત્વાવચ્છિન્ન પ્રતિ તત્ક્ષણત્વેન કારણ સ્વીકારીને કરાયે છતે, જન્યતદાત્મસમવેતત્વાવચ્છિન્ન પ્રતિ તદાત્મત્વેન હેતુપણું હોવાના કારણે, અથવા વિશેષ કરીને પ્રાગભાવનું હેતુપણું હોવાના કારણે, દૈશિક અતિપ્રસંગનો ભંગ થયે છતે કર્મના જ ઉચ્છેદનો પ્રસંગ આવશે.

भावार्थ :- અધ્યવસાયથી કર્મ બંધાય છે અને તેની નિષેકરચના થાય છે અને તેના નિયામક તરીકે તે કર્મમાં સ્થિતિને અનુકૂળ કોઇ પરિણામ સિદ્ધાંતકારને અભિમત છે. તેથી જ તે તે ક્ષણમાં તે તે દલિકો ફળ આપે છે, અન્ય ક્ષણમાં ફળ આપતા નથી.

અહીં પૂર્વપક્ષીનું એ કહેવું છે કે, બંધાયેલાં દલિકો ભિન્ન ભિન્ન કાળમાં પોતાનું ફળ આપે છે તેનું કારણ, કર્મથી અતિરિક્ત સ્થિતિને અનુકૂળ કોઇ પરિણામ કર્મમાં નથી, પરંતુ જેમ કાર્ય પ્રતિ કર્મ હેતુ છે તેમ તત્ક્ષણવિશિષ્ટ કાર્ય પ્રતિ તત્ક્ષણ પણ કારણ છે. માટે જે ક્ષણમાં કર્મ કાર્ય કરે છે તે જ ક્ષણમાં તે ક્ષણનું અસ્તિત્વ છે અન્ય ક્ષણમાં તે ક્ષણનું અસ્તિત્વ નથી, માટે કાર્ય થતું નથી. તેથી સ્થિતિ નામના પદાર્થને માનવાની કોઇ આવશ્યકતા જણાતી નથી, પરંતુ કાર્ય પ્રતિ કર્મ અને તે તે ક્ષણો કારણ છે. આ રીતે કાર્ય-કારણભાવની સંગતિ થવાથી અન્યકાળમાં કાર્ય થવાની અતિપ્રસંગની પ્રાપ્તિ થતી નથી અને અતિરિક્ત સ્થિતિ માનવાની કોઇ આવશ્યકતા નથી, કેમ કે અતિરિક્ત સ્થિતિ માનવાનું પ્રયોજન અતિપ્રસંગના નિવારણ અર્થક છે. પૂર્વપક્ષીના ઉપરોક્ત કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકારે '**न, एवं सति**'થી જે કહ્યું, અને તેમાં '**जन्य ...**'થી હેતુ કહ્યો, તેનું તાત્પર્ય એ છે કે, જેમ કાલિક અતિપ્રસંગના નિવારણ માટે તે તે ક્ષણમાં પેદા થનારા કાર્ય પ્રતિ તે તે ક્ષણને કારણ માની સ્થિતિવિશેષની

અસિદ્ધિ કરી, તે જ રીતે તે તે આત્મામાં થનારાં જે જન્ય કાર્યો છે તેના પ્રતિ યદ્યપિ કર્મ કારણ છે તો પણ, તેને કારણ ન માનતાં તે તે આત્માને કારણ માની લઈએ, અથવા તો વિશેષ કરીને=તે આત્મામાં વર્તતા પ્રાગભાવને કારણ માની લઈએ, તો દૈશિક અતિપ્રસંગ પ્રાપ્ત થાય નહિ; અને કાર્ય-કારણભાવની સંગતિ થઈ જાય, તેથી કર્મને માનવાની આવશ્યકતા રહે નહિ, આ રીતે કર્મના જ ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થાય.

અહીં વિશેષ એ છે કે, કર્મને નહિ માનવા પ્રત્યે જે કાર્ય-કારણભાવ બતાવેલ છે, ત્યાં **'जन्यतदात्मसमवेतत्वावच्छिन्नं प्रति'** કહ્યું એમાં, **'जन्य'** વિશેષણ એટલા માટે જરૂરી છે કે જેમ આત્મામાં સમવાય સંબંધથી સુખ-દુઃખાદિ કાર્ય પેદા થાય છે, તેમ આત્મામાં સમવાય સંબંધથી નિત્ય જ્ઞાનાદિ અન્ય પરિણામ પણ હોય છે. તેની વ્યાવૃત્તિ માટે **'जन्य'** પદનું ગ્રહણ કરેલ છે.

'जन्यसमवेतत्वावच्छिन्नं प्रति' એટલું જ ગ્રહણ કરીએ અને **'तदात्म'** ગ્રહણ ન કરીએ તો, સર્વ સંસારી જીવોનાં કાર્ય ગ્રહણ થાય. તેથી **'तदात्म'** વૃત્તિ કહેલ છે, અર્થાત્ 'જન્ય તદાત્મવૃત્તિ સમવેત' કાર્યોનું ગ્રહણ કરેલ છે. તેનાથી એક જ વ્યક્તિમાં સમવાય સંબંધથી પેદા થતાં સુખદુઃખાદિ કાર્યોનું ગ્રહણ થાય છે.

આ રીતે જન્યતદાત્મવૃત્તિસમવેતત્વાવચ્છિન્ન કાર્ય પ્રતિ અર્થાત્ જન્ય સુખદુઃખાદિ કાર્ય પ્રતિ તે આત્માને હેતુ માનવાથી, દૈશિક અતિપ્રસંગનો ભંગ થાય છે. તે આ રીતે- જે આત્મામાં સુખ-દુઃખાદિ કાર્ય પેદા થાય છે તે જ આત્મા તદાત્મત્વેન કારણ છે એમ કહેવાથી, અન્ય આત્મારૂપ દેશમાં અતિપ્રસંગ આવતો નથી.

અહીં **जन्यतदात्मसमवेतत्वावच्छिन्नं प्रति तदात्मत्वेन** હેતુ કહેલ છે તે દ્રવ્યાસ્તિકનયની દૃષ્ટિથી કહેલ છે, અને **जन्यतदात्मसमवेतत्वावच्छिन्नं प्रति** વિશેષ કરીને પ્રાગભાવને હેતુ કહેલ છે તે પર્યાયાસ્તિકનયને સામે રાખીને કહેલ છે. કેમ કે પ્રાગભાવ એ કાર્યને અનુકૂળ જીવની યોગ્યતા છે, જે ભાવસ્વરૂપ છે અર્થાત્ આત્માના પર્યાયસ્વરૂપ છે. **'विशेष्य प्रागभावस्य हेतुतया'** એમ કહ્યું, અર્થાત્ વિશેષ કરીને પ્રાગભાવની હેતુતા છે એમ કહેવાથી, જે વ્યક્તિમાં સુખ-દુઃખાદિ કાર્ય પેદા થાય છે તે વ્યક્તિનો પ્રાગભાવ ગ્રહણ થશે, અન્ય વ્યક્તિનો પ્રાગભાવ ગ્રહણ નહિ થાય, તેથી દૈશિક અતિપ્રસંગ નહિ આવે અને કાર્ય-કારણભાવ સંગત થશે.

આ રીતે જન્યતદાત્મવૃત્તિસમવેત કાર્યો પ્રતિ તદાત્મત્વેન કારણ કહેવાથી અથવા વિશેષ કરીને પ્રાગભાવને કારણ કહેવાથી, દૈશિક અતિપ્રસંગનો ભંગ થવાને કારણે કર્મના જ ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થશે.

તે આ રીતે - તે આત્મામાં પેદા થતા સુખ-દુઃખ પ્રતિ તે આત્મા અથવા તે આત્મામાં રહેલો પ્રાગભાવ કારણ છે તેથી સુખ-દુઃખના કારણ તરીકે કર્મને માનવાની જરૂર રહેતી નથી.

વસ્તુતઃ જેમ આત્મામાં પેદા થતાં સુખ-દુઃખ પ્રત્યે તે આત્મા કારણ છે, તેમ જ્યારે તે સુખદુઃખ પેદા થાય છે ત્યારે તે કર્મનો ઉદય પણ કારણ છે; તેથી જ કાલનિયમ થાય છે. છતાં પૂર્વપક્ષી જેમ બંધાયેલાં કર્મમાં સ્થિતિનો અપલાપ કરીને તત્ક્ષણથી જ સગતિ કરે છે, તેમ જીવમાં થતાં સુખદુઃખની પણ સંગતિ જે ક્ષણમાં સુખ-દુઃખ થાય છે તે ક્ષણને જ નિયામક માનવાથી થઈ શકે છે. તેથી કર્મને માનવાની જરૂર રહેતી નથી.

टीका :- स्यादेतत्-दृढस्य वस्तुनो दीर्घा स्थितिः, अदृढस्य त्वल्पीयसीति दार्ढ्यादार्ढ्ये एव दीर्घाल्पस्थितिहेतू इति चेत्? सत्यं, तथापि दार्ढ्यादार्ढ्ययोरेव विशेषाधीनत्वात्। दार्ढ्यादार्ढ्ये स्थितिविशेषरूपे एवेत्यन्ये।

ટીકાર્થ :- 'स्यादेतत्' સિદ્ધાંતકાર કહે છે કે પૂર્વપક્ષી આમ કહે કે, દઢ વસ્તુની દીર્ઘસ્થિતિ હોય છે અને અદઢની=અદઢવસ્તુની, અલ્પ સ્થિતિ હોય છે એથી કરીને, પદાર્થમાં રહેલી દઢતા અને અદઢતા જ દીર્ઘ અને અલ્પ=હ્રસ્વ, સ્થિતિની હેતુ છે. તેને સિદ્ધાંતકાર કહે છે કે તારી વાત સાચી છે, અર્થાત્ દીર્ઘ અને અલ્પ સ્થિતિ પ્રત્યે દઢતા અને અદઢતા હેતુ છે, તો પણ દઢતા અને અદઢતાનું વિશેષ આધીનપણું છે; અર્થાત્ દઢતા અને અદઢતાને અનુકૂળ વિશેષ પ્રકારના અધ્યવસાયને આધીનપણું છે.

ભાવાર્થ :- 'स्यादेतत्-'થી કથન કર્યું તેમાં પૂર્વપક્ષીનું તાત્પર્ય એ છે કે, કર્મથી અતિરિક્ત સ્થિતિ નામનો પદાર્થ નથી પરંતુ બંધાયેલા કર્મમાં જે દઢતા અને અદઢતા છે તે કર્મની સ્થિતિના દીર્ઘતા અને અલ્પતાના હેતુ છે, તેથી કર્મથી અતિરિક્ત સ્થિતિ માનવાની જરૂર નથી. આ પ્રમાણે પૂર્વપક્ષીના કથનને **'सत्यं'**થી સ્વીકારતાં સિદ્ધાંતકાર કહે છે કે, તારી વાત સાચી છે તો પણ દઢતા અદઢતાને અનુકૂળ એવા વિશેષ પ્રકારના અધ્યવસાયને આધીન દઢતા અને અદઢતા છે.

સિદ્ધાંતકારના આ કથનથી એ પ્રાપ્ત થાય છે કે, અધ્યવસાયથી કર્મમાં દઢતા અને અદઢતા પેદા થાય છે, અને તે કર્મની દીર્ઘ અને હ્રસ્વ સ્થિતિના હેતુ છે. તેનાથી કર્મ દીર્ઘકાળ સુધી કે અલ્પકાળ સુધી ટકે છે. આ કથનથી એ ફલિત થાય છે કે વિશેષ પ્રકારના અધ્યવસાયથી કર્મમાં દઢતા-અદઢતા થાય છે, અને તેના કારણે કર્મમાં દીર્ઘસ્થિતિ પ્રાપ્ત થાય છે, જે અપવર્તનનો વિષય બની શકે છે. માટે કોઇ દોષ આવતો નથી.

ટીકાર્થ :- 'दार्ढ्यं' વળી કોઇ બીજા એમ કહે છે કે દઢતા-અદઢતા સ્થિતિવિશેષરૂપ જ છે. તેમની માન્યતા પ્રમાણે અધ્યવસાયવિશેષથી કર્મમાં દઢતા-અદઢતા પેદા થાય છે, અને તે દઢતા-અદઢતા સ્થિતિવિશેષરૂપ જ છે. તેનાથી કર્મ દીર્ઘ કાળ કે અલ્પ કાળ ટકે છે.

ટીકા :- 'कर्मस्थितिविशेषे को हेतुः?' इति चेत्? कषायविशेष एवेत्यवेहि '[1] **ठिइअणुभागं कसायओ कुणइ' त्ति वचनात्। ननु तथापि दीर्घकर्मस्थितेः प्रायश्चित्तादिना नाश एव, किमपरमपवर्त्तनं? इति चेत्? अखण्डायाः कर्मस्थितेर्हेतुविशेषेण खण्डसात्संपादनमेवापवर्त्तनं, इदमेव चान्तराच्छेदपदेन प्रत्यपादयमिति किमिति नावबुध्यसे? पर्यायविपरिणामस्तु पर्यायिण एव विपरिणामादिति किमसङ्गतम्?**

ટીકાર્થ :- 'कर्मस्थिति' અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે છે કે, કર્મની સ્થિતિવિશેષ બંધાવામાં કોણ હેતુ છે? તેનો ઉત્તર ગ્રંથકાર આપે છે કે, કષાયવિશેષ જ સ્થિતિવિશેષનો હેતુ છે એ પ્રમાણે જાણ. કેમ કે સ્થિતિ અને અનુભાગ=રસ કષાયથી થાય છે એ પ્રમાણે વચન છે.

'ननु'થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, તો પણ પ્રાયશ્ચિત્તાદિથી દીર્ઘકર્મસ્થિતિનો નાશ જ થાય છે, બીજુ શું અપવર્તન હોઇ શકે? તેનો ઉત્તર ગ્રંથકાર આપે છે કે, હેતુવિશેષથી અખંડ એવી કર્મસ્થિતિનું ખંડસાત્ સંપાદન જ અપવર્તન છે. અર્થાત્ અખંડ એવી કર્મસ્થિતિને હેતુવિશેષથી નાના ટૂકડારૂપે કરવી એ જ અપવર્તન પદાર્થ છે, અને આ જ વાત 'अन्तराछेद'પદથી અમે જણાવી ગયા છીએ, એ પ્રમાણે કેમ તું સમજતો નથી?

---

૧. स्थित्यनुभागं कषायतः करोति।

ઉત્થાન :- પૂર્વમાં કહ્યું કે પ્રાયશ્ચિત્તથી દીર્ઘકર્મસ્થિતિનું અપવર્તન થાય છે, અને તેને જ 'अन्तराछेद'શબ્દથી પ્રતિપાદન કરેલ છે. ત્યાં પૂર્વપક્ષી કહે કે પ્રાયશ્ચિત્તથી કર્મનાશ પ્રસિદ્ધ છે, અને તમારા કથન પ્રમાણે પ્રાયશ્ચિત્તથી કર્મનો નાશ થતો નથી પરંતુ દીર્ઘસ્થિતિનો નાશ થાય છે, તેથી તેની સંગતિ થશે નહિ. તેના નિરાકરણરૂપે ગ્રંથકાર કહે છે-

ટીકાર્થ :- 'पर्यायविपरिणामस्तु' વળી પર્યાયનો વિપરિણામ પર્યાયીનો જ વિપરિણામ હોવાથી (કર્મની સ્થિતિનો નાશ કર્મના નાશ તરીકે વ્યપદેશ પામે છે), એથી કરીને શું અસંગત છે? અર્થાત્ કાંઇ અસંગત નથી.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે, દીર્ઘસ્થિતિરૂપ કર્મના પર્યાયનો અલ્પસ્થિતિરૂપ જે વિપરિણામ છે, અર્થાત્ દીર્ઘસ્થિતિના નાશરૂપ જે વિપરિણામ છે, તે દીર્ઘસ્થિતિવાળા કર્મરૂપ પર્યાયીનો જ નાશરૂપ વિપરિણામ છે. તેથી પ્રાયશ્ચિત્તથી કર્મનાશ થાય છે એમ કહેલ છે. માટે કોઇ અસંગત નથી.

ટીકા :- अथ खण्डरज्जुः पूर्वावयवविभागादन्यावयवसंयोगविशेषेणोपपद्यतां, खण्डस्थितिस्तु कथं? इति चेत्? बहुकालभोग्यपुद्गलानामध्यवसायविशेषेण तत्कालमेवाहरणादिति गृहाण। सेयं कर्मणाम-पवर्त्तनाऽनिकाचितानामेव भवति, तीव्रेण तपसा पुनर्निकाचितानामपीति स्थितिः। यदाह भाष्यकारः-
[वि. आ. भा. २०४६]

[1] सव्वपगईणमेवं परिणामवसादुवकमो होज्जा ।
पायमनिकाइआणं तवसा उ निकाइआणं पि ॥ त्ति ।

ટીકાર્થ :- 'अथ'થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, પૂર્વ અવયવનો વિભાગ થવાથી અન્ય અવયવના સંયોગવિશેષથી (દીર્ઘરજ્જુ) ખંડરજ્જુ બની શકે, પરંતુ ખંડસ્થિતિ કેવી રીતે થઇ શકે? ગ્રંથકાર તેનો ઉત્તર આપે છે કે, બહુકાલભોગ્ય કર્મપુદ્ગલોનો અધ્યવસાયવિશેષથી તત્કાલ જ આહરણ થવાથી=ભોગવી શકાતા હોવાથી, (કર્મની ખંડસ્થિતિ થવામાં કોઇ અનુપપત્તિ નથી,) એ પ્રમાણે જાણ.

सेयं - તે આ=બહુકાલભોગ્ય કર્મપુદ્ગલોને અધ્યવસાયવિશેષથી તત્કાલભોગ થવા રૂપ, કર્મની અપવર્તના અનિકાચિત કર્મોની જ થાય છે. વળી તીવ્ર તપથી નિકાચિતકર્મની પણ થાય છે. એ પ્રમાણે સ્થિતિ છે અર્થાત્ શાસ્ત્રીય મર્યાદા છે.

જે કારણથી ભાષ્યકાર કહે છે- આ રીતે પરિણામવશથી અનિકાચિત સર્વ કર્મપ્રકૃતિઓનો પ્રાયઃ કરીને ઉપક્રમ થાય છે, વળી તપથી નિકાચિત કર્મોનો પણ (ઉપક્રમ) થાય છે.

ટીકા :- ननु निकाचितं नाम भोगं विना क्षपणाऽयोग्यं, तस्य कथं तपसा क्षयः? इति चेत्? न, उपशमनादिकरणान्तराविषयस्यैव नितरां बद्धस्य निकाचितार्थत्वात्, तादृशस्य च कर्मणो दृढतर-प्रायश्चित्तपरिशीलनोदिताध्यवसायातिरेकप्रसूतैकश्रेण्यारोहौपयिकापूर्वकरणगुणस्थानजनितापूर्वाध्यवसायैः स्थितिघातादिभिरेव परिक्षयसंभव इति।

---

१. सर्वप्रकृतीनामेवं परिणामवशादुपक्रमो भवेत्। प्रायोऽनिकाचितानां तपसा तु निकाचितानामपि ॥

तदुक्तं प्रायश्चित्तविधिपञ्चाशके- (३३-३४-३५)

[१]एएण पगारेणं संवेगाइसयजोगओ चेव ।
अहिगयविसिट्ठभावो तहा तहा होइ णियमेणं ॥३३॥
[२]तत्तो तव्विगमो खलु अणुबंधावणयणं व होज्जाहि ।
जं इय अपुव्वकरणं जायइ सेढीय विहियफला ॥३४॥
[३]एवं निकाइआण वि कम्माणं भणियमेत्थ खवणंति ।
तंपि य जुज्जइ एवं तु भावियव्वं अओ एयं ॥३५॥ त्ति।

अत्र- "एवं अनेनैव न्यायेनापूर्वकरणश्रेणिजननरूपेण निकाचितानामपि=उपशमनादिकरणान्तरा-विषयत्वेन नितरां बद्धानामप्यास्तामनिकाचितानां कर्मणां ज्ञानावरणादीनां भणितं=उक्तमागमे '[४]तवसा उ निकाइआणंपि' इति वचनात्, अत्र=प्रायश्चित्तरूपशुभभावे क्षपणं=सर्वथा क्षयो भवतीति यत् तदपि च, अनिकाचितक्षपणं तु निर्विचारमिति 'अपि च' शब्दार्थः, युज्यते=सङ्गच्छते, ततश्च एवं तु=एवमेव कर्मविगमकर्मानुबन्धापनयनहेतुत्वेनैव भावनीयं=पर्यालोचनीयं, अतः=निकाचितकर्मबन्धक्षपणहेतुत्वात्, एतत्=शुभभावरूपं प्रायश्चित्तं" **इति व्याख्यानादुन्नीयते यत् तादृशाध्यवसायद्वारा तीव्रतपसो निकाचितकर्मक्षयहेतुत्वं, इति नातस्तदृतेप्यपूर्वकरणे संभवाद् व्यभिचारः, न वा तद्धेतुत्वप्रतिपादकागमविरोध इति बोध्यम्।**

टीकार्थ :- 'ननु'थी પૂર્વપક્ષી શંકા કરતાં આ પ્રમાણે કહે કે, ભોગ વિના ક્ષપણઅયોગ્ય હોય તે કર્મ નિકાચિત કહેવાય છે. તેનો=નિકાચિતકર્મનો, તપ વડે કેવી રીતે ક્ષય થાય? તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, એ પ્રમાણે ન કહેવું. કેમ કે ઉપશમાદિ કરણાંતરના અવિષય જ નિતરાં બદ્ધનું=ગાઢ બંધાયેલાનું, નિકાચિત અર્થપણું છે. (તમે કહ્યું કે ભોગ વિના ક્ષપણને અયોગ્ય તે નિકાચિત છે એવો અર્થ નથી.) તેવા પ્રકારના કર્મનો=ગાઢ રીતે બંધાયેલા કર્મનો, દૃઢતર પ્રાયશ્ચિત્તના પરિશીલનથી ઉદિત થયેલા અધ્યવસાયના અતિરેકથી પ્રસૂત એવી એક શ્રેણીનું આરોહણ છે ઉપાયરૂપે જેમાં, એવા અપૂર્વકરણ ગુણસ્થાનકથી જનિત એવા અપૂર્વ અધ્યવસાયવડે સ્થિતિઘાતાદિ દ્વારા જ પરિક્ષયનો સંભવ છે.

❀ **'इति'** કથનની સમાપ્તિ સૂચક છે.

ભાવાર્થ :- 'ननु'થી પૂર્વપક્ષીએ શંકા કરી તેનું તાત્પર્ય એ છે કે, સિદ્ધાંતકારે પહેલાં કથન કર્યું કે કર્મોની અપવર્તના અનિકાચિતની જ થાય છે અને તીવ્ર તપથી નિકાચિતની પણ અપવર્તના થાય છે. ત્યાં પૂર્વપક્ષીનું એ કહેવું છે કે નિકાચિતનો અર્થ અવશ્ય ભોગથી ક્ષય થાય તે નિકાચિત છે. તેથી તપથી નિકાચિતની અપવર્તના થઈ શકે નહિ. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે, ઉપશમનાદિ ચાર કરણોને અયોગ્ય નિતરાં બદ્ધ એ નિકાચિત કર્મ છે, તેથી પૂર્વપક્ષીએ કહ્યું તે બરાબર નથી.

---

१. एतेन प्रकारेण संवेगातिशययोगतश्चैव । अधिकृतविशिष्टभावः तथा तथा भवति नियमेन ॥
२. ततस्तद्विगमः खलु अनुबंधापनयनं वा भविष्यति । यदित्यपूर्वकरणं जायते श्रेणिश्च विहितफला ॥
३. एवं निकाचितानामपि कर्मणां भणितमत्र क्षपणमिति । तदपि च युज्यत एवंतु भावयितव्यमत एतद् ॥
४. वि. आ. भा. २०४६ - तपसा तु निकाचितानामपि ।

અહીં સામાન્યથી વિચારીએ તો ઉપશમનાદિ ચાર કરણોને અયોગ્ય જે કર્મ હોય તે નાશ પામે નહિ, કેમ કે બંધાયેલું કર્મ અપવર્તનાકરણ કે ઉદીરણાકરણ દ્વારા જ ફલ આપ્યા વગર નાશ પામે છે. જે કર્મ તે કરણોને અયોગ્ય છે તે ઉદયમાં આવીને નાશ પામે છે. તેથી નિકાચનાનો અર્થ ઉપશમનાદિ ચાર કરણોને અયોગ્ય નિતરાં બદ્ધ એવો કરો, છતાં પૂર્વપક્ષીની વાત જ સિદ્ધ થાય કે તપ દ્વારા નિકાચિત કર્મનો ક્ષય થઈ શકે નહિ. આમ છતાં, ગ્રંથકારનો કહેવાનો આશય એ છે કે, પૂર્વપક્ષી નિકાચિતનો જે અર્થ કરે છે તે અર્થ બરાબર નથી, કેમ કે નિકાચિતની વ્યુત્પત્તિને આશ્રયીને વિચારીએ તો ઉપશમનાદિ ચાર કરણોનો અવિષય નિતરાં બદ્ધ જ નિકાચિત કર્મ છે. આમ છતાં, ચાર કરણોની અવિષયતા કહી તે બહુલતાએ વ્યાપ્તિ છે, અર્થાત્ સર્વત્ર વ્યાપ્તિ નથી. અને તે જ બતાવવા માટે કહ્યું કે તેવાં નિકાચિતકર્મો પણ અપૂર્વકરણના અધ્યવસાયથી સ્થિતિઘાતાદિ દ્વારા પરિક્ષયને પામે છે.

અહીં તાદૃશકર્મનો ક્ષપકશ્રેણિમાં પરિક્ષય થાય છે એમ જે કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, દૃઢત્તર પ્રાયશ્ચિત્તરૂપ નિરતિચાર ચારિત્રના પાલનનું સમ્યક્ પ્રકારે પુનઃ પુનઃ સેવન, તે રૂપ પરિશીલનથી ઉદિત થયેલો એવો જે અધ્યવસાય તે નિરતિચાર ચારિત્રવાળાને વર્તતો હોય છે, અને તેનો જે અતિરેક તે શ્રેણિના સન્મુખભાવરૂપ છે, અને તેનાથી એક=કેવલ, શ્રેણિ ઉપર જ આરોહણ થાય છે તે અપ્રમત્તસંયતમુનિ શ્રેણિના પ્રારંભરૂપ યથાપ્રવૃત્તિકરણ કરે છે તદ્રૂપ છે. અને તે આરોહણ=યથાપ્રવૃત્તકરણ, ઉપાયભૂત છે જેને એવા અપૂર્વકરણ ગુણસ્થાનકનો ત્યારપછી પ્રાદુર્ભાવ થાય છે. અને અપૂર્વકરણ ગુણસ્થાનકની પ્રાપ્તિ થવાથી પેદા થયેલા અધ્યવસાયો દ્વારા અપૂર્વ સ્થિતિઘાત અને અપૂર્વ રસઘાત થાય છે, અને તે સ્થિતિઘાતાદિથી નિકાચિત કર્મનો પણ પરિક્ષય થાય છે.

અહીં દૃઢતર પ્રાયશ્ચિત્તના પરિશીલનનો અર્થ નિરતિચાર ચારિત્ર એટલા માટે કરેલ છે કે, સર્વ પાપના પ્રાયશ્ચિત્તરૂપ ચારિત્ર છે, કેમ કે પાપના વિરુદ્ધભાવસ્વરૂપ ચારિત્રનો પરિણામ છે, અને તે જ પ્રાયશ્ચિત્ત પદાર્થ છે. તેથી જ જે મુનિ દૃઢતર ચારિત્રમાં યત્ન કરે છે, તેનાં અચારિત્રથી બંધાયેલાં સર્વપાપોનો ધ્વંસ ચારિત્રમાં થાય છે, અને કર્મના દૃઢતર પ્રાયશ્ચિત્તના પરિશીલનથી ઉદિત જે અધ્યવસાયનો અતિરેક છે, તે નિર્વિકલ્પદશારૂપ શુક્લધ્યાનનો અંશ છે.

ટીકાર્થ :- **'तदुक्तं'** તે પ્રાયશ્ચિત્તવિધિપંચાશકમાં કહ્યું છે- ગાથા-૩૩ **'एएण'** - આ પ્રકારથી=પંચાશકમાં પૂર્વ ગાથા-૩૨માં કહેલા પ્રકારથી, અર્થાત્ અપ્રમત્તતા અને સ્મૃતિબલયોગલક્ષણ પ્રકારથી, અને સંવેગઅતિશયના યોગથી જ (જીવવીર્યના અતિશયને કારણે) અધિકૃત વિશિષ્ટભાવ=વિશુદ્ધિના હેતુભૂત પ્રસ્તુતમાં પ્રકૃષ્ટ શુભઅધ્યવસાય નિયમથી થાય છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે સ્થૂલ અને સૂક્ષ્મ અતિચારના સ્મરણરૂપ સ્મૃતિબલના યોગથી અને સંયમમાં સુદૃઢ યત્નરૂપ અપ્રમાદભાવથી અને ભવભયના અતિશયરૂપ સંવેગવિશેષના યોગથી જ્યારે મુનિ પ્રવર્તે છે ત્યારે જીવવીર્યનો અતિશય થાય છે. તેનાથી તે તે પ્રકારે અવશ્ય જીવની વિશુદ્ધિના હેતુભૂત પ્રસ્તુતમાં પ્રકૃષ્ટ એવો શુભ અધ્યવસાય, જીવમાં પેદા થાય છે. અને તેનાથી શું થાય છે તે ગાથા-૩૪માં બતાવે છે -

ટીકાર્થ :- ગાથા - ૩૪ 'तत्तो' - તેનાથી=વિશિષ્ટ શુભભાવથી, તેનો=અશુભ અધ્યવસાયથી પેદા થયેલા કર્મનો, વિગમ=વિનાશ, જ થાય છે અથવા તો અનુબંધનું અપનયન થાય છે. અર્થાત્ અશુભ અધ્યવસાયથી પેદા થયેલા કર્મના અનુબંધનો વ્યવચ્છેદ થાય છે. પૂર્વમાં કહ્યું કે તેનાથી કર્મનો વિગમ થાય છે, ત્યાં પ્રશ્ન થાય કે કેવી રીતે કર્મનો વિગમ થાય છે? તેમાં હેતુ કહે છે- **'जं'='यत्'**=જે કારણથી, **'इय'='इति'**=આ પ્રકારે= વિશિષ્ટશુભભાવ લક્ષણથી અપૂર્વકરણ અને વિહિતફળવાળી શ્રેણિ થાય છે, અર્થાત્ સિદ્ધાંતમાં કહેલ પ્રયોજનવાળી અનુત્તરસુખરૂપ ફલવાળી ઉપશમશ્રેણિ અને નિર્વાણફલરૂપ ક્ષપકશ્રેણિ થાય છે.

❀ અહીં ગાથામાં 'વા' કાર છે તે વિકલ્પ અર્થક છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે, જો કર્મનો સર્વથા વિગમ ન થાય તો અનુબંધનો વિગમ થાય છે. અર્થાત્ સંસારનું પરિમિતકરણ થાય છે.

एवं - પ્રાયશ્ચિત્તરૂપ શુભભાવની વળી પણ મહાન અર્થતા બતાવતાં કહે છે-

ગાથા-૩૫ અન્વયઃ- **'एवं निकाचितानामपि कर्मणां अत्र क्षपण इति (यत्) भणितं तदपि च युज्यते (ततः) एवं तु = एवमेव भावयितव्यं, अतः एतत्'**

ગાથાર્થ :- આ જ ન્યાયથી નિકાચિત પણ કર્મોનું અહીં=પ્રાયશ્ચિત્તાદિ શુભભાવમાં, ક્ષપણ થાય છે, એ પ્રમાણે (જે) કહ્યું છે તે પણ ઘટે છે. (તે કારણથી) આ પ્રમાણે જ ભાવન કરવા યોગ્ય છે, આથી કરીને આ છે.

ગાથા-૩૫નો વિશેષ અર્થ ગ્રંથકાર સ્વયં જ પંચાશકની ટીકા દ્વારા બતાવે છે, તે આ પ્રમાણે છે- **'अत्र इति व्याख्यानाद् उन्नीयते'** આ પ્રમાણે અન્વય છે. અહીં આ પ્રમાણેના વ્યાખ્યાનથી જણાય છે. શું જણાય છે તે **'यत्.....इति बोध्यम्'** સુધીના કથન દ્વારા બતાવશે. **'इति व्याख्यानाद्'**થી કહ્યું તે વ્યાખ્યાન આ પ્રમાણે-

ટીકાર્થ :- 'एवं'=આ જ ન્યાયથી=પૂર્વગાથા ૩૪માં કહ્યું એ રૂપ અપૂર્વકરણ અને શ્રેણિજનન ન્યાયથી, નિકાચિત પણ =ઉપશમનાદિ કરણાંતરના અવિષયપણાથી નિતરાં બદ્ધ=ગાઢ બદ્ધ, એવા જ્ઞાનાવરણીયાદિ કર્મોનો અહીં =પ્રાયશ્ચિત્તાદિ શુભભાવમાં, ક્ષપણ=સર્વથા ક્ષય, થાય છે, એ પ્રમાણે જે (આગમમાં) કહ્યું છે, તે પણ ઘટે છે.

❀ **'निकाचितानामपि'** અહીં **'अपि'**થી એ સમુચ્ચય થાય છે કે અનિકાચિતકર્મનો તો ક્ષય થાય છે પણ નિકાચિત એવા કર્મનો પણ ક્ષય થાય છે.

તેમાં હેતુ કહે છે - આગમમાં કહ્યું છે કે તપથી નિકાચિત પણ કર્મનો ક્ષય થાય છે, એ પ્રમાણે વચન છે.
'तदपि च' અહીં **'अपि च'**થી એ કહેવું છે કે અનિકાચિતનું ક્ષપણ તો નિર્વિચાર છે અર્થાત્ અવશ્ય થાય છે પરંતુ નિકાચિતનું પણ ક્ષપણ થાય છે, તે ઘટે છે.
'ततः' તેથી કરીને, આ જ રીતે=કર્મ વિગમ અને કર્મઅનુબંધના અપનયન હેતુપણા વડે જ, પ્રાયશ્ચિત્તરૂપ શુભભાવનું, ભાવન કરવું જોઈએ.
'अतः' આથી કરીને =નિકાચિતકર્મબંધના ક્ષપણનો હેતુ હોવાથી આ=શુભભાવરૂપ, પ્રાયશ્ચિત્ત છે. આ પ્રમાણે વ્યાખ્યાન હોવાથી જણાય છે કે, જે તેવા પ્રકારના અધ્યવસાય દ્વારા તીવ્ર તપનું નિકાચિતકર્મના ક્ષયનું હેતુપણું

છે એથી કરીને, આનાથી=તાદેશ અધ્યવસાયથી, તેના વિના પણ=તીવ્ર તપ વિના પણ, અપૂર્વકરણમાં (નિકાચિતકર્મના ક્ષયનો) સંભવ હોવાથી વ્યભિચાર નથી. અથવા તેના હેતુત્વના પ્રતિપાદક એવા આગમનો વિરોધ નથી. અર્થાત્ તીવ્ર તપનું નિકાચિતકર્મના ક્ષયમાં હેતુત્વના પ્રતિપાદક આગમવચનનો વિરોધ નથી, એ પ્રમાણે જાણવું.

ભાવાર્થ :- '**इति व्याख्यानाद्**' પંચાશકગ્રંથના ઉક્ત વ્યાખ્યાનથી જણાય છે કે, તીવ્ર તપ પણ તેવા પ્રકારના અધ્યવસાય દ્વારા જ નિકાચિત કર્મક્ષયમાં હેતુ બને છે. તેથી અપૂર્વકરણ ગુણસ્થાનકે તીવ્ર તપ વગર પણ નિકાચિતકર્મનો ક્ષય થવામાં કોઈ વ્યભિચાર નથી. કેમ કે અપૂર્વકરણ એ સંયમનો જ વિશેષ પરિણામ છે અને તે શુભભાવરૂપ છે. તેથી ત્યાં તીવ્ર તપ નહિ હોવા છતાં તેવો અધ્યવસાય ત્યાં હોવાથી ફલથી ત્યાં તીવ્ર તપ છે, તેથી કોઈ વ્યભિચાર નથી. જેમ ક્વચિત્ દંડ વગર પણ હસ્તાદિથી ચક્રભ્રમણ થાય તો પણ દંડ ઘટ પ્રતિ વ્યભિચારી છે તેમ ન કહેવાય, કેમ કે વ્યવહારમાં સામાન્યથી ઘટ પ્રત્યે દંડની કારણતા પ્રસિદ્ધ છે; તેમ પ્રસ્તુતમાં તીવ્ર તપ વગર પણ નિકાચિત કર્મક્ષયના કારણભૂત શુભ અધ્યવસાયો જાગ્રત થઈ શકે છે. તેમ છતાં પણ તેવા શુંભ અધ્યવસાયો મુખ્યત્વે તીવ્ર તપથી જ ઉત્પન્ન થતા હોવાથી તે દ્વારા થતા કર્મક્ષય પ્રત્યે તીવ્ર તપની કારણતાનો વ્યભિચાર નથી, અથવા '**तवसा उ निकाइआणं पि**' એ આગમવચનનો વિરોધ નથી. વ્યવહારનયને સામે રાખીને આ આગમવચન છે, તપથી તાદેશ અધ્યવસાયો દ્વારા નિકાચિત કર્મનો ક્ષય થાય છે. પરંતુ કોઈકને તપ વિના તાદેશ અધ્યવસાય પ્રગટ થઈ જાય તો પણ ઉક્ત પંચાશકના વ્યાખ્યાનથી આગમવચનનો વિરોધ આવતો નથી.

ટીકા :- नन्वेवमिदानीन्तनप्रायश्चित्तानामपूर्वकरणमकुर्वतां कथं निकाचितकर्मक्षपकत्वं? इति चेत्? इदानीन्तनचारित्रस्य मोक्षजनकत्वमिव साक्षान्न कथंचित्, परंपरया तु तद्वदेव संभवीति संभावय। प्रवृत्तिस्तु तत्र कर्मबन्धकर्मानुबन्धापनयनार्थितयैवेति नानुपपत्तिः। एतेन "तद्भवयोग्यनिकाचितकर्मणो भोगादेव क्षये किमर्थं तत्र प्रवृत्तिः?" इत्यपास्तं, निकाचितानामपि बहुकालस्थितिनां ज्ञानावरणीयादीनां क्षयाय तत्र प्रवृत्तेः।

ટીકાર્થ :- '**ननु**'થી પૂર્વપક્ષી કહે કે આ પ્રકારે=પ્રાયશ્ચિત્તાદિ અપૂર્વકરણ દ્વારા જ નિકાચિત કર્મનો ક્ષય કરે છે આ પ્રકારે, અપૂર્વકરણને નહિ કરતા એવા ઈદાનીંતન પ્રાયશ્ચિત્તનું=વર્તમાનમાં કરાતા પ્રાયશ્ચિત્તનું, કેવી રીતે નિકાચિતકર્મનું ક્ષપકપણું ઘટી શકશે? તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, જેમ **इदानीन्तन**=વર્તમાનકાલીન, ચારિત્રનું સાક્ષાત્ કોઈ રીતે મોક્ષજનકપણું નથી તેમ (જાણ.). વળી પરંપરાએ તેની જેમ જ=ચારિત્રની જેમ જ, પ્રાયશ્ચિત્તનું સંભવપણું છે, એ પ્રમાણે સમ્યગ્ જાણ.

ઉત્થાન :- ગ્રંથકારે કહ્યું કે હમણાંનું ચારિત્ર સાક્ષાત્ મોક્ષજનક નથી પરંતુ પરંપરાએ મોક્ષજનક છે, તેમ પ્રાયશ્ચિત્ત પણ સાક્ષાત્ મોક્ષજનક નથી. ત્યાં પ્રશ્ન થાય કે જો હમણાંનું ચારિત્ર સાક્ષાત્ મોક્ષજનક નથી તો ચારિત્રમાં પ્રવૃત્તિ કેમ થાય છે? તેથી કહે છે-

ટીકાર્થ :- **'प्रवृत्तिस्तु'** વળી ત્યાં=ચારિત્રમાં, પ્રવૃત્તિ કર્મબંધના અપનયન અને કર્મઅનુબંધના અપનયનના અર્થીપણાથી જ છે. એથી કરીને ચારિત્રની પ્રવૃત્તિની અનુપપત્તિ નથી.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે વર્તમાનનું ચારિત્ર સાક્ષાત્ મોક્ષજનક નહિ હોવા છતાં ચારિત્ર ગ્રહણ કરવાથી નવા કર્મનું અપનયન થાય છે, અને પૂર્વના બંધાયેલા કર્મની અનુબંધશક્તિનું અપનયન થાય છે. તેથી ભવિષ્યમાં મોક્ષ માટેની પ્રવૃત્તિ કરવી સુગમ બને છે, માટે વિવેકીજનો સાક્ષાત્ મોક્ષજનક વર્તમાનનું ચારિત્ર નહિ હોવા છતાં ચારિત્રમાં પ્રવૃત્તિ કરે છે.

ટીકાર્થ :- **'एतेन'** આના દ્વારા=પૂર્વમાં કહ્યું કે ચારિત્રમાં પ્રવૃત્તિ કરવાથી કર્મબંધ અને કર્મના અનુબંધનું અપનયન થાય છે એના દ્વારા, વક્ષ્યમાણ કથન અપાસ્ત જાણવું. તે વક્ષ્યમાણ કથન આ પ્રમાણે-
'तद्भव' =તદ્ભવયોગ્ય, નિકાચિતકર્મનો ભોગથી જ ક્ષય થયે છતે ત્યાં=ચારિત્રમાં, કેમ પ્રવૃત્તિ છે? અર્થાત્ ચારિત્રમાં પ્રવૃત્તિ ઉચિત નથી, તે કથન અપાસ્ત થયું. તેમાં હેતુ કહે છે-
'निकाचितानाम्' નિકાચિત પણ બહુકાળસ્થિતિવાળા જ્ઞાનાવરણીયાદિ કર્મના ક્ષય માટે ત્યાં=ચારિત્રમાં, પ્રવૃત્તિ છે.

ભાવાર્થ :- પૂર્વપક્ષીનું કહેવાનું તાત્પર્ય એ છે કે, વર્તમાનકાળમાં મોક્ષ સંભવતો નથી, તેથી આ ભવ યોગ્ય જ્ઞાનાવરણીયાદિ કર્મો આપણાં નિકાચિત છે. આથી જ આ ભવમાં ગમે તેટલો ચારિત્રમાં ઉદ્યમ કરીએ તો પણ તેનો નાશ ભોગથી જ થશે. માટે ક્ષપકશ્રેણિમાં પ્રતિબંધક એવાં જ્ઞાનાવરણીયાદિ તોડવા માટે ચારિત્રમાં પ્રવૃત્તિ કરવી એ ઉચિત નથી, એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય **'एतेन'**થી અપાસ્ત છે. કેમ કે આ ભવ યોગ્ય નિકાચિત કર્મો ભોગથી જ નાશ થવા છતાં ચારિત્ર ગ્રહણ કરવાને કારણે નવાં કર્મો બંધાતાં નથી, અને ભૂતકાળમાં બંધાયેલાં કર્મોનો અનુબંધ તૂટે છે; તેથી ચારિત્રમાં પ્રવૃત્તિ કરવી ઉચિત છે. અને તેને જ દૃઢ કરવા માટે હેતુ કહ્યો કે, નિકાચિત પણ બહુકાળસ્થિતિવાળાં જ્ઞાનાવરણીયાદિ કર્મના ક્ષય માટે ચારિત્રમાં પ્રવૃત્તિ છે. તેનો ભાવ એ છે કે, જેમ આ ભવ યોગ્ય નિકાચિતકર્મ ભોગથી ક્ષય કરવાં પડે છે, તેમ આગળ આગળના ભવમાં પણ નિકાચિતકર્મો વિદ્યમાન રહે તો કેવલજ્ઞાન થઈ શકે નહિ. અને વર્તમાનમાં ચારિત્રપાલન કરવાથી પૂર્વમાં બંધાયેલાં કર્મોની અનુબંધશક્તિ તૂટે છે તેથી નિકાચિતકર્મો અનુબંધરૂપે આવતાં અટકે, અને અન્યભવમાં વચલા કાળમાં નિકાચિત કર્મના ઉદયની અપ્રાપ્તિ હોય અને ચારિત્ર માટેના વીર્યનો પ્રકર્ષ થાય તો, ભાવીમાં આવનારાં નિકાચિત કર્મો પણ ક્ષપકશ્રેણિ દ્વારા નાશ કરી શકાય છે. તેથી તેને અનુકૂળ ભૂમિકા ઉત્પન્ન કરવા અર્થે વર્તમાનમાં ચારિત્રની પ્રવૃત્તિ છે.

ઉત્થાન :- પૂર્વમાં કહ્યું કે દૃઢતર પ્રાયશ્ચિત્તના પરિશીલનથી નિકાચિતકર્મનો પણ ક્ષય થાય છે, તેની સામે શંકા કરતાં કોઈ કહે છે-

टीका :- न च जनकताविशेषसंबन्धेन चरमभोगस्यैव प्रतियोगितयाऽदृष्टनाशकत्वान्नान्यस्य तन्नाशकत्वमिति वाच्यं, परेषां कर्मनाशापारगमादेरिवास्माकमपिद्रव्यादिपञ्चकस्य तत्क्षयहेतुत्वात्, द्रव्यादिपञ्चकं प्रतीत्य कर्मणामुदयक्षयक्षयोपशमोपशमाभिधानात्। यदाह-

[१] उदयखयखओवसमोवसमा जं च कम्मुणो भणिया ।
दव्वाइपंचयं पइ जुत्तमुवक्कामणओ वि ॥ त्ति। [वि. आ. भा. २०५०]

मिथ्यात्वमोहनीयस्य हि द्रव्यं कुतीर्थ्यादिकं, क्षेत्रं कुरुक्षेत्रादिकं, कालं दुष्षमादिकं, भवं तेजोवाय्वेकेन्द्रियादिकमनार्यमनुजकुलजन्मरूपं वा, भाव तु कुसमयदेशनादिकं वा प्राप्योदयो भवति। एवं क्षयक्षयोपशमोपशमा अपि अस्य द्रव्यं तीर्थकरादिकं, क्षेत्रं महाविदेहादिकं, कालं सुषमदुष्षमादिकं भवं सुमनुजकुलजन्मादिकं, भावं तु सम्यग्ज्ञानचरणादिकं प्राप्य भवतीत्येवमन्यत्राप्यूह्यम्। तथा च शस्त्रादिद्रव्यादिकं प्राप्यायुरादीनामपि युक्त उपक्रम इत्याहुः। अत्र कुतीर्थ्यादीनां मिथ्यात्वादौ स्वप्रयोज्याज्ञानद्वाराऽऽत्मनिष्ठतया हेतुता। भवभावयोस्तु कर्मोदयजीवपरिणामरूपयोः साक्षादेव। सातोदयादौ स्त्रक्चन्दनादिद्रव्यस्य शरीर निष्ठतयेत्यादि यथाऽनुभवमूहनीयम्। अत्रैव दृष्टान्तयन्ति [वि. भा. २०५१]

[२] पुण्णापुण्णकयंपि हु सायासायं जहोदयाईए ।
बज्झबलाहाणाउ देइ तहा पुण्णपावंपि ॥

यदि नाम पुण्यपापजन्ययोरपि सातासातयोरुदयादौ द्रव्याद्यपेक्षानुभविकी तदा तयोरपि कार्योदयाद्युत्पादनाय तदपेक्षाऽऽवश्यकी, कार्यस्य कारणतयाऽपेक्षितस्य कारणेन सहाकारितयापेक्षणादिति परमार्थः।

टीकार्थ :- '**न च**' જનકતાવિશેષસંબંધથી ચરમભોગનું જ પ્રતિયોગિતાસંબંધથી અદૃષ્ટનાશકપણું હોવાથી અન્યનું અદૃષ્ટનાશકપણું નથી. આ પ્રમાણે કોઇ કહે તો, ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે બીજાઓને જેમ કર્મનાશા નામની નદીને પાર કરવા આદિનું કર્મના ક્ષયનું હેતુપણું છે, તેમ અમને પણ દ્રવ્યાદિ પાંચનું તત્ક્ષય= કર્મના ક્ષયનું, હેતુપણું છે. તેમાં હેતુ કહે છે - દ્રવ્યાદિ પાંચને આશ્રયીને કર્મના ઉદય, ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમનું અભિધાન છે.

ભાવાર્થ :- કોઇ માને છે કે ચરમભોગ અને અદૃષ્ટનાશ એ બંને વચ્ચે જ કાર્યકારણભાવ છે. તેથી ચરમભોગ જ અદૃષ્ટનું નાશક હોવાથી પ્રાયશ્ચિત્તાદિ અદૃષ્ટના નાશક કહી શકાશે નહિ, તેથી પ્રાયશ્ચિત્તમાં યત્ન કરવો વ્યર્થ જશે. અને ચરમભોગ અને અદૃષ્ટનાશના કાર્ય-કારણભાવને એકાધિકરણ આ રીતે કહે છે- ચરમભોગ જનકતાવિશેષસંબંધથી અદૃષ્ટમાં રહે છે, ચરમભોગનિરૂપિતજનકતા અદૃષ્ટમાં છે, કેમ કે ચરમભોગનો જનક તેનું અદૃષ્ટ છે; અને જનકતા ન કહેતાં જનકતાવિશેષ કહ્યું, તે એટલા માટે કે બાહ્ય કારણો પણ ભોગનાં જનક

---

૧. उदयक्षयक्षयोपशमोपशमा यच्च कर्मणो भणिताः । द्रव्यादिपञ्चकं प्रति युक्तमुपक्रमणमतोऽपि ॥

૨. पुण्यापुण्यकृतमपि खलु सातासातं यथोदयादीन् । बाह्यबलाधानाद् ददाति तथा पुण्यपापमिति ॥

છે પરંતુ વિશેષ કારણ અદૃષ્ટ છે, તેથી અદૃષ્ટમાં જનકતાવિશેષ છે, અને જનકતાવિશેષસંબંધથી ચરમભોગ અદૃષ્ટમાં રહે છે. વળી અદૃષ્ટના નાશ પ્રત્યે અદૃષ્ટ કારણ છે, અદૃષ્ટના નાશનો પ્રતિયોગી અદૃષ્ટ છે, પ્રતિયોગિતા અદૃષ્ટમાં છે, તેથી પ્રતિયોગિતાસંબંધથી અદૃષ્ટનો નાશ અદૃષ્ટમાં રહે છે, આ રીતે અદૃષ્ટનાશરૂપ કાર્ય પ્રતિ ચરમભોગનું હેતુપણું છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારે **'परेषां..'**થી જે કહ્યું તેનું તાત્પર્ય આ પ્રમાણે છે -

'परेषां..' નૈયાયિકાદિ જેમ કર્મનાશ પ્રતિ કર્મનાશા નદીને પાર કરવી તેને કારણ કહે છે, તેમ અમે દ્રવ્યાદિ પાંચને કર્મના ક્ષય પ્રત્યે કારણ કહીએ છીએ. કર્મનો ક્ષય કેવલ ભોગથી જ થાય છે તેવો નિયમ નથી, પરંતુ દ્રવ્યાદિ પાંચને આશ્રયીને થાય છે; અને પ્રાયશ્ચિત્ત એ શુભઅધ્યવસાયરૂપ હોવાથી દ્રવ્યાદિ પાંચમાં ભાવસ્થાનીય છે, તેથી તેને આશ્રયીને પણ કર્મનો નાશ થઈ શકે છે. તેથી ચરમભોગ જ અદૃષ્ટનો નાશક છે એવો એકાંતે નિયમ નથી. એ પ્રમાણે ગ્રંથકારનું કહેવું છે.

ટીકાર્થ :- **'यदाह'**- જે કારણથી કહે છે-

'उदय' જે કારણોથી કર્મના ઉદય, ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ દ્રવ્યાદિ પાંચને આશ્રયીને કહ્યા છે એ કારણથી (આયુષ્યાદિ કર્મોનો) ઉપક્રમણ યુક્ત છે. **'त्ति'** વિશેષાવશ્યકના ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

કુતીર્થિકાદિ દ્રવ્ય, કુરુક્ષેત્રાદિ ક્ષેત્ર, દુષમાદિ કાળ, તેઉકાય-વાયુકાય એકેન્દ્રિયાદિ અનાર્યમનુષ્યકુલજન્મરૂપ ભવ તેમજ કુશાસ્ત્રોની દેશનાદિરૂપ ભાવને પામીને, મિથ્યાત્વમોહનીયનો ઉદય થાય છે. એમ તીર્થંકરાદિ દ્રવ્ય, મહાવિદેહાદિ ક્ષેત્ર, સુષમદુષમાદિ કાળ, સુમનુષ્યકુલજન્માદિ ભવ તેમજ સમ્યગ્જ્ઞાનચરણાદિ ભાવને પામીને, મિથ્યાત્વમોહનીયના ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ પણ થાય છે. આ રીતે અન્યત્ર=બીજાં કર્મોમાં પણ, જાણવું, અને તે પ્રમાણે શસ્ત્રાદિ દ્રવ્યાદિને પામીને આયુષ્ય વગેરેનો પણ ઉપક્રમ યુક્ત છે, એ પ્રમાણે શાસ્ત્રકારો કહે છે.

ઉત્થાન :- દ્રવ્યાદિ પાંચને આશ્રયીને મિથ્યાત્વમોહનીયનો ઉદય થાય છે તે બતાવ્યું. એમાં કાર્ય-કારણભાવની એકાધિકરણતા બતાવતાં કહે છે-

ટીકાર્થ :- **'अत्र'** અહીંયાં=દ્રવ્યાદિપંચકમાં, કુતીર્થિકાદિની મિથ્યાત્વાદિમાં સ્વપ્રયોજ્ય અજ્ઞાન દ્વારા આત્મનિષ્ઠતયા હેતુતા છે, અને આયુષ્યકર્મના ઉદયરૂપ ભવ અને જીવપરિણામરૂપ ભાવની સાક્ષાત્ જ હેતુતા છે. અને શાતાવેદનીયાદિ કર્મના ઉદયાદિમાં માલા, ચંદનાદિ દ્રવ્યની શરીરનિષ્ઠપણાથી હેતુતા છે, ઇત્યાદિ અનુભવ પ્રમાણે વિચારવું.

ભાવાર્થ :- જીવને થયેલા મિથ્યાત્વના ઉદયમાં કુતીર્થિકાદિ દ્રવ્ય સ્વપ્રયોજ્ય-અજ્ઞાન સંબંધથી હેતુ બને છે, અને એ હેતુતા આત્મનિષ્ઠપણાથી છે. અર્થાત્ કાર્ય અને કારણ પોતપોતાના સંબંધથી આત્મારૂપ એક અધિકરણમાં રહેલાં છે. તે આ રીતે- કુતીર્થિકાદિ દ્રવ્ય જીવમાં અજ્ઞાન ફેલાવે છે. તેનાથી મિથ્યાત્વનો ઉદય થાય છે. ત્યાં કુતીર્થિકાદિની હેતુતા સ્વ=કુતીર્થિક, તેનાથી પ્રયોજ્ય શ્રોતામાં પેદા થનાર અજ્ઞાન, તે અજ્ઞાન દ્વારા કુતીર્થિક શ્રોતાના આત્મામાં પ્રાપ્ત થાય છે. માટે તે અજ્ઞાન શ્રોતાના આત્મનિષ્ઠ હોવાને કારણે મિથ્યાત્વરૂપ કાર્ય પ્રત્યે હેતુ બને છે. આ રીતે કાર્ય-કારણ એકાધિકરણ બને છે.

આયુષ્યકર્મના ઉદયરૂપ ભવ અને જીવપરિણામરૂપ ભાવની સાક્ષાત્ હેતુતા છે. તેનું તાત્પર્ય એ છે કે આયુષ્યકર્મના ઉદયથી ભવોની પ્રાપ્તિ જીવને થાય છે, અને ત્યાં જ મિથ્યાત્વનો ઉદય જીવને થાય છે. તેથી કર્મથી અભિન્ન એવા જીવમાં ભવ અને મિથ્યાત્વભાવ બંને વર્તે છે. તેમાં ભવ તે મિથ્યાત્વ પ્રતિ કારણ છે અને મિથ્યાત્વ કાર્ય છે; પરંતુ તે બેની એકાધિકરણતા સાક્ષાત્ છે, પરંપરાસંબંધથી નથી. તે જ રીતે કુસમયદેશનાદિક ભાવ યદ્યપિ કર્તૃત્વસંબંધથી ઉપદેશકમાં છે, તો પણ પરિણતિસંબંધથી શ્રોતામાં છે; અને તે પરિણતિસંબંધરૂપ ભાવ જે જીવદ્રવ્યમાં છે, ત્યાં જ મિથ્યાત્વનો ઉદય થાય છે. તેથી જીવપરિણામરૂપ કુસમયદેશનાદિરૂપ ભાવ અને મિથ્યાત્વની વચ્ચે કાર્યકારણભાવ સાક્ષાત્ છે.

શાતા-અશાતાના ઉદયમાં માલાચંદનાદિ દ્રવ્યની શરીરનિષ્ઠપણાથી હેતુતા છે. અર્થાત્ માલાચંદનાદિદ્રવ્ય શરીરનિષ્ઠ છે, અને શરીરથી અભિન્ન એવા આત્મામાં શાતા-અશાતાનો ઉદય થાય છે; તેથી કાર્યકારણભાવ એકાધિકરણ છે. ઇત્યાદિ અનુભવ પ્રમાણે સર્વત્ર ઊહ કરવો.

અહીં કુતીર્થિકાદિમાં 'આદિ'પદથી ક્ષેત્ર-કાલનું ગ્રહણ કરવું, મિથ્યાત્વાદિમાં 'આદિ'પદથી અજ્ઞાન-અવિરતિ આદિનું ગ્રહણ કરવું, કુતીર્થિકાદિના ઉપલક્ષણથી તીર્થંકરઆદિનું ગ્રહણ કરવું અને મિથ્યાત્વના ઉદયાદિના ઉપલક્ષણથી ક્ષય, ક્ષયોપશમ, ઉપશમનું ગ્રહણ કરવું અને તે વખતે કાર્ય-કારણને એકાધિકરણ બનાવવા સ્વપ્રયોજ્ય અજ્ઞાનને બદલે સ્વપ્રયોજ્ય જ્ઞાન દ્વારા આત્મનિષ્ઠતયા હેતુતા જાણવી.

ટીકાર્થ :- 'अत्रैव' - અહીંયાં જ=દ્રવ્યાદિ પાંચને આશ્રયીને કર્મનાં ઉદયાદિ થાય છે તેમાં દૃષ્ટાંત આપતાં શાસ્ત્રકારો કહે છે-

'पुण्णापुण्ण' જેમ પુણ્યપાપજનિત પણ સુખદુઃખાદિ બાહ્ય બળના આધાનથી ઉદયાદિ આપે છે અર્થાત્ બાહ્ય દ્રવ્યાદિને આશ્રયીને જ ઉદયાદિ પામે છે, તેમ પુણ્ય-પાપ કર્મ પણ બાહ્ય દ્રવ્યાદિને આશ્રયીને જ ઉદયાદિ પામે છે અને તેનાથી સુખદુઃખાદિ થાય છે.

વિશેષાવશ્યક ગાથા-૨૦૫૦નું તાત્પર્ય ટીકામાં બતાવતાં કહે છે-

'यदि नाम' જો પુણ્યપાપજન્ય એવા પણ શાતા-અશાતાદિના ઉદયાદિમાં દ્રવ્યાદિની અપેક્ષા અનુભવિકી છે, તો તે બંનેના પણ=પુણ્ય-પાપના પણ, કાર્ય એવા ઉદયાદિના ઉત્પાદન માટે તેની=દ્રવ્યાદિની, અપેક્ષા આવશ્યક છે. કેમ કે કાર્યના કારણપણાથી અપેક્ષિતની ઇતર કારણ સાથે સહકારીપણાથી અપેક્ષા છે એ પરમાર્થ છે.

ભાવાર્થ :- કંટકાદિ દ્રવ્યની અપેક્ષાથી અશાતાનો ઉદય થાય છે અને ચંદનાદિ દ્રવ્યની અપેક્ષાથી શાતાનો ઉદય થાય છે એ જાતનો સર્વજનને અનુભવ છે. અને તે શાતા-અશાતાનું અંતરંગ કારણ પુણ્ય-પાપ છે. તેથી અંતરંગકારણરૂપ પુણ્ય-પાપથી જન્ય શાતા-અશાતારૂપ ફળમાં કંટક-સર્પ, માલા-ચંદનાદિ દ્રવ્યની અપેક્ષા રહે છે, તો પુણ્યપાપને પણ=પુણ્યપાપકર્મના ઉદયને પણ, પોતાનું કાર્ય જે સુખ-દુઃખ પેદા કરવું, તેમાં કંટક-સર્પ, માલા-ચંદનાદિ દ્રવ્યની અપેક્ષા રહે છે તે અર્થથી સિદ્ધ છે. અને આ જ વાતને **'कार्यस्य.....अपेक्षणात्'** હેતુ દ્વારા બતાવે છે કે, કાર્યને સહકારીકારણ તરીકે જેની અપેક્ષા હોય, તેની તે જ કાર્યના (ઇતર) કારણને સહકારી તરીકે અપેક્ષા હોય છે. તેનું સ્પષ્ટીકરણ આ રીતે છે - સુખદુઃખાદિરૂપ કાર્યને ઉત્પન્ન થવામાં ચંદન-કંટકાદિ દ્રવ્યની કારણ તરીકે અપેક્ષા છે, તો સુખદુઃખાદિના કારણભૂત પુણ્ય-પાપને પણ ઉદયમાં આવી તે કાર્ય કરવા

માટે=સુખદુઃખાદિ આપવા માટે, ચંદનકંટકાદિની સહકારીકારણ તરીકે અપેક્ષા હોય છે. અર્થાત્ સહકારી એવા દ્રવ્યાદિને પામીને જ પુણ્ય-પાપાદિ ઉદયમાં આવે છે અને સુખ-દુઃખાદિ આપે છે.

ઉત્થાન :- પૂર્વમાં પૂર્વપક્ષીએ કહ્યું કે, ચરમભોગનું જ અદૃષ્ટનું નાશકપણું છે અન્યનું નહિ; તેનું નિરાકરણ કરીને ગ્રંથકારે કહ્યું કે, કર્મક્ષયના પ્રતિ દ્રવ્યાદિ પાંચનું હેતુપણું છે, તેથી કેવલ ભોગથી જ કર્મનો નાશ થાય છે એવો નિયમ નથી. માટે દ્રવ્યાદિ પાંચમાં અંતર્ભૂત એવો જે અધ્યવસાય છે તેનાથી પણ કર્મનો નાશ થાય છે. અને દ્રવ્યાદિ પંચકથી કર્મના ઉદય-ક્ષયાદિ થાય છે તેની પુષ્ટિ દૃષ્ટાંતથી કરી. હવે કહે છે કે જો એ પ્રમાણે ન માનીએ તો મોક્ષાભાવનો પ્રસંગ પ્રાપ્ત થાય, તે બતાવતાં કહે છે-

ટીકા :- यथाबद्धस्यैव पुनः कर्मणो वेदने मोक्षाभावप्रसङ्गः, तद्भवसिद्धिकस्यापि सत्तायामसंख्येयभवार्जितकर्मणः सद्भावात्, तस्य च नानाध्यवसायबद्धत्वेन नरकादिनानागतिकारणत्वात्, तस्य च विपाकत एवानुभवने एकस्मिन्नपि चरमभवे विरुद्धनानाभवानुभवप्रसङ्गात् क्रमशस्तदनुभवे पुनः संसारसन्ततिबन्धावश्यकत्वात्। यदाह- [वि. आ. भा. २०५२/५३]

[1] जइ ताणुभूइओ च्चिय खविज्जए कम्ममन्नहा न मयं ।
तेणासंखभवज्जियनाणागइकारणत्तणओ ॥
[2] नाणाभवाणुभवणाभावादेक्कम्मि पज्जएणं वा ।
अणुभवओ बंधाओ मोक्खाभावो स चाणिट्ठो ॥ त्ति।

ટીકાર્થ :- 'यथा' વળી યથાબદ્ધ કર્મના જ વેદનમાં મોક્ષાભાવનો પ્રસંગ પ્રાપ્ત થાય, અર્થાત્ જે પ્રકારે કર્મ બંધાયેલું તે જ પ્રકારે વેદન થાય છે તેમ માનવામાં આવે તો મોક્ષાભાવનો પ્રસંગ પ્રાપ્ત થાય. (૧) કેમ કે તદ્ભવ સિદ્ધિ પામવાવાળા જીવને પણ સત્તામાં અસંખ્ય ભવથી અર્જિત કર્મોનો સદ્ભાવ છે. (તેથી મોક્ષાભાવનો પ્રસંગ પ્રાપ્ત થાય.)

ઉત્થાન :- અહીં શંકા થાય કે અસંખ્ય ભવનું અર્જિત કર્મ સત્તામાં ભલે હોય તો પણ, તદ્ભવસિદ્ધિક જીવ તે ભવમાં તે સઘળાં કર્મને ભોગવીને નાશ કરી શકે છે, માટે મોક્ષાભાવનો પ્રસંગ પ્રાપ્ત થાય નહિ. તેથી બીજો હેતુ કહે છે-

ટીકાર્થ :- 'तस्य' (૨) અને તેનું=અસંખ્યભવઅર્જિત કર્મનું, નાના=વિવિધ, અધ્યવસાય વડે બદ્ધપણું હોવાના કારણે નરકાદિ નાના=વિવિધ, ગતિનું કારણપણું છે. (તેથી અસંખ્યભવઅર્જિત કર્મ એક ભવમાં વેદન થઇ શકે નહિ, માટે મોક્ષાભાવ પ્રાપ્ત થશે.)

---

૧. यदि तावदनुभूतित एव क्षप्यते कर्मान्यथा न मतम्। तेनासंख्यभवार्जितनानागतिकारणत्वतः ॥
૨. नानाभवानुभवनाभावादेकस्मिन् पर्ययेण वा। अनुभवतो बन्धाद् मोक्षाभावः स चानिष्टः ॥

ભાવાર્થ :- અહીં વિશેષ એ છે કે, અસંખ્યભવઅર્જિત કર્મ જુદા જુદા ભવમાં જીવ જુદા જુદા અધ્યવસાયથી બાંધે છે, તેથી તે કર્મો ચારે ગતિના કારણરૂપ બને છે. તેનો એક ભવમાં અનુભવ સંભવે નહિ, માટે મોક્ષાભાવનો પ્રસંગ પ્રાપ્ત થશે.

ઉત્થાન :- અહીં શંકા થાય કે, અનેક ગતિનાં કારણભૂત કર્મો પણ એક ભવમાં વેદન થઈ શકે તો શું વાંધો આવે? તેથી ત્રીજો હેતુ કહે છે-

ટીકાર્થ :- '**तस्य च**' (૩) તેનો=કર્મોનો, વિપાકથી જ અનુભવ થયે છતે એક પણ ચરમ ભવમાં વિરુદ્ધ એવા વિવિધ ભવના અનુભવનો પ્રસંગ પ્રાપ્ત થશે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે, જે ચરમ ભવ મનુષ્યરૂપ છે તેનાથી વિરુદ્ધ એવા નરકાદિ વિવિધ ભવના અનુભવનો પ્રસંગ પ્રાપ્ત થશે. અને વિવિધ ભવના અનુભવ વગર તે કર્મનો અભાવ થઈ શકે નહિ અને તેવો અનુભવ સંગત નથી માટે મોક્ષાભાવનો પ્રસંગ પ્રાપ્ત થશે.

ઉત્થાન :- અહીં શંકા થાય કે, વિવિધ એવા ભવોને અનુકૂળ કર્મો ક્રમસર અનુભવીને તે કર્મોથી મુક્ત થઈ શકશે, માટે મોક્ષાભાવનો પ્રસંગ પ્રાપ્ત થશે નહિ. તેથી ચોથો હેતુ કહે છે-

ટીકાર્થ :- '**क्रमशः**'- (૪) વળી ક્રમશઃ તેના અનુભવમાં સંસારની સંતતિના=પરંપરાના, કારણભૂત બંધનું આવશ્યકપણું છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે, જીવ ક્રમસર વિવિધ ભવોનો અનુભવ કરે તો તે નાના ભવની સાથે અવિનાભાવી એવા અવિરતિ આદિના પરિણામો પણ તે તે ભવમાં થવાના, અને તે અવિરતિ આદિથી નવો નવો કર્મબંધ પણ ચાલુ રહેવાનો, તેથી ફરીથી જન્મમરણની પરંપરારૂપ સંસાર ઊભો જ રહેવાનો, તેથી મોક્ષાભાવનો પ્રસંગ પ્રાપ્ત થશે.

ટીકાર્થ :-'**यदाह**'થી વિશેષાવશ્યકની સાક્ષી આપતાં કહે છે-
'**जइ**' જો કર્મ અનુભૂતિથી જ ક્ષય પામે છે અન્યથા નહિ, એ પ્રમાણે તારો મત છે તે કારણથી, અસંખ્યભવઅર્જિત વિવિધ ગતિના કારણપણાથી, એક ભવમાં વિવિધ ભવના અનુભવનો અભાવ હોવાથી અને પર્યાયથી અનુભવના કારણે બંધ થતો હોવાથી મોક્ષાભાવ પ્રાપ્ત થશે અને તે=મોક્ષાભાવ, અનિષ્ટ છે.

❀ અહીં શ્લોકાન્વય આ પ્રમાણે છે- '**तावत्**' શબ્દ વાક્યાલંકારમાં છે. જો કર્મ અનુભૂતિથી જ ક્ષય પામે છે અન્યથા નહિ (એ પ્રમાણે તારો) મત છે, તે કારણથી મોક્ષાભાવ પ્રાપ્ત થશે, અને તે =મોક્ષાભાવ, અનિષ્ટ છે. મોક્ષાભાવ પ્રાપ્ત થશે તેમાં હેતુ કહે છે-
❀ અસંખ્યભવમાં અર્જિત એવાં કર્મોનું વિવિધગતિનું કારણપણું છે.

અહીં શંકા થાય કે અસંખ્યભવઅર્જિત એવાં વિવિધ ગતિનાં કારણભૂત એવાં કર્મોનો ચરમભવમાં અનુભવ થાય તો મોક્ષ થઈ શકે. તેથી કહે છે-

❀ એક ભવમાં વિવિધ ભવના અનુભવનો અભાવ છે.

અહીં શંકા થાય કે એક ભવમાં વિવિધ ભવના અનુભવનો અભાવ હોય તો, પર્યાયથી=ક્રમથી, નાના ભવનો અનુભવ કરીને કર્મનો નાશ સંભવે. તેથી કહે છે-

❀ પર્યાયથી વિવિધ ભવના અનુભવને કારણે નવા કર્મનો બંધ થતો હોવાથી મોક્ષાભાવ પ્રાપ્ત થશે.

ટીકા :- स्यादेतत्-एकत्र भवे नानाभवानुभवो न विरुद्धः, तत्त्वज्ञानबलाहितकायव्यूहस्य योगिन एकदापि शूकरादिनानाशरीरावच्छेदेन शूकरादिशरीरोपभोग्यस्यानुभवसंभवात्, विभिन्नावच्छेदेन सजातीयात्मगुणानां यौगपद्यस्वीकारात्, कथमन्यथा युगपद्विंशत्यङ्गुलीचालनानुकूलप्रयत्नोपपत्तिः? न च मिथ्याज्ञानवासनाऽभावाद्योगिनः परदारगमनादिनाऽदृष्टोत्पत्तिरिति। मैवं, मनुष्यशरीरस्य मनुष्येतरशरीरविरोधित्वात्, अन्यथा स्वर्गजनकादृष्टवतो यज्वनस्तदानीमेव स्वर्गिशरीरोपग्रहप्रसङ्गात्। 'तददृष्टस्य तदानीमलब्धवृत्तिकत्वान्नैवमि'ति चेत्? तर्हि तत्त्वज्ञानिनो नानाविधादृष्टानां कथं युगपद्वृत्तिलाभः?। 'कारणसाम्राज्यात् युगपद्वृत्तिलाभोऽपि नानुपपन्नः' इति चेत्? ननु तथापि 'तत्त्वज्ञानादेव तावददृष्टानां युगपद्वृत्तिलाभः' इति देवानांप्रियस्याभिमतं, तदेव च कथं तत्प्रतिबन्धकादृष्टक्षयं विना? न च तत्क्षयोऽपि भोगादेव, तत्त्वज्ञभोगस्य तदर्जकत्वात्, अपि चाध्यवसायविशेषादेव विचित्रादृष्टक्षयोपपत्तौ कायव्यूहादिकल्पनमप्रामाणिकमिति दिग्।

ટીકાર્થ :- 'स्यादेतत्' 'स्यादेतत्'થી ગ્રંથકાર કહે છે કે પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, એક ભવમાં અનેક ભવોનો અનુભવ વિરુદ્ધ નથી, કારણ કે યોગીઓને તત્ત્વજ્ઞાનના બળથી આહિત કાયવ્યૂહનું એકી સાથે પણ શૂકરાદિના ભિન્ન ભિન્ન શરીરાવચ્છેદેન=શરીર દ્વારા, શૂકરાદિશરીરથી ઉપભોગ્ય=ભોગવવા યોગ્ય, કર્મોના અનુભવનો સંભવ છે.

ભાવાર્થ :- એક જ ભવમાં અનેક ભવોનો એક સાથે અનુભવ વિરુદ્ધ નથી, તેમાં **'तत्त्वज्ञान .. संभवात्,'** હેતુ કહ્યો. તેનું તાત્પર્ય એ છે કે, યોગીઓ તત્ત્વજ્ઞાનના બળથી કાળવ્યૂહ કરી શકે છે. અર્થાત્ એકી સાથે શૂકરાદિનાં ભિન્ન ભિન્ન શરીરો પણ બનાવી શકે છે. તેથી ભિન્ન ભિન્ન શરીર દ્વારા શૂકરાદિના શરીરથી ભોગવવા યોગ્ય કર્મોનો પણ એક સાથે અનુભવ સંભવી શકે છે. આ પ્રમાણે પૂર્વપક્ષીનો કહેવાનો ભાવ છે.

ઉત્થાન :- યોગીઓને તત્ત્વજ્ઞાન થવાના કારણે શૂકરાદિના શરીરથી ઉપભોગ્ય એવા કર્મના અનુભવનો સંભવ છે, તેથી અનેક ભવયોગ્ય કર્મોને ભોગવીને મોક્ષની પ્રાપ્તિ તેમને થઈ શકે છે. ત્યાં શંકા થાય કે, સજાતીય એવા આત્મગુણોનો એકી સાથે કેવી રીતે અનુભવ થઈ શકે? અર્થાત્ નરકભવમાં જે દુઃખનું વેદન કરવાનું છે તેનાથી સજાતીય એવા અલ્પદુઃખનું વેદન તિર્યંચભવમાં કરવાનું છે ,અને તે દુઃખનું સજાતીય એવું મનુષ્યભવનું જે સુખ છે તેનું મનુષ્યશરીરથી વેદન કરવાનું છે, અને તે સુખના સજાતીય એવા અતિશય સુખનો અનુભવ દેવગતિમાં

કરવાનો છે. (અહીં વેદનીયકર્મરૂપે સુખદુઃખને સજાતીય કહેલ છે) તેથી સજાતીય એવા સુખદુઃખરૂપ આત્મગુણોનું એક સાથે વેદન કેવી રીતે થઈ શકે? અર્થાત્ ન થઈ શકે, કેમ કે પ્રત્યક્ષથી વિરોધ છે. તે આ રીતે- જ્યારે મનુષ્યભવમાં સુખનું વેદન છે ત્યારે તેનાથી અતિશયિત સ્વર્ગના સુખનો કે નરકના દુઃખનો અનુભવ સંભવી શકે નહિ, તેથી બીજો હેતુ કહે છે-

ટીકાર્થ :- **'विभिन्न'** વિભિન્નાવચ્છેદેન=ભિન્ન ભિન્ન શરીરાવચ્છેદેન=ભિન્ન ભિન્ન શરીર દ્વારા, સજાતીય આત્મગુણોનો યુગપદ્=એકીસાથે, સ્વીકાર છે.
'कथं'- અન્યથા=સજાતીય આત્મગુણોનો યુગપદ્ સ્વીકાર ન હોય તો, યુગપદ્ =એકી સાથે, વીશ આંગળી ચલાવવાને અનુકૂળ પ્રયત્નની ઉપપત્તિ કઇ રીતે થઇ શકે? અર્થાત્ ન થઇ શકે.

ભાવાર્થ :- પૂર્વમાં જે પ્રત્યક્ષથી વિરોધ કહ્યો તે એક શરીરમાં જ્યારે મનુષ્યભવના સુખનો અનુભવ થાય છે ત્યારે, તે શરીરથી તેનાથી અતિશયિત એવા સ્વર્ગના સુખનો અનુભવ ન થઇ શકે; પરંતુ યોગીને તત્ત્વજ્ઞાનના બળથી એકી સાથે અનેક શરીરોની પ્રાપ્તિ થઇ શકે છે, તેથી જુદા જુદા શરીરો દ્વારા વેદનરૂપે સજાતીય એવા સર્વ પ્રકારના સુખ કે દુઃખનો અનુભવ એકી સાથે થઇ શકે છે. જેમ હાથ-પગની વીસે ય આંગળીઓમાં એકી સાથે ચાલનને અનુકૂળ પ્રયત્ન પ્રાપ્ત થઇ શકે છે, તેથી ભિન્ન ભિન્ન આંગળીઓમાં જેમ સજાતીય યત્ન દેખાય છે, તેમ ભિન્ન ભિન્ન શરીરોમાં એકી સાથે સજાતીય આત્મગુણોનો અનુભવ થઇ શકે છે.

ઉત્થાન :- અહીં કોઇ પ્રશ્ન કરે કે આ રીતે તો યોગીને પરદારાગમન આદિ પાપ કરાવનાર કર્મોને ભોગવવા માટે પણ પ્રયત્ન કરવો પડશે, ને તેમ કરવાથી ફરી કર્મબંધ થશે ને તેથી સંસારનો ઉચ્છેદ થશે નહીં, તેથી કહે છે-

ટીકાર્થ :- **'न च'** અને યોગીઓને મિથ્યાજ્ઞાનની વાસનાનો અભાવ હોવાથી પરદારાગમનાદિ દ્વારા અદૃષ્ટની ઉત્પત્તિ નથી. **'इति'** શબ્દ **'स्यादेतत्'**ના કથનની સમાપ્તિ સૂચક છે.

ભાવાર્થ :- જે કર્મ પરદારાગમનાદિ કરવા દ્વારા જ ભોગવાય એવું હોય, તેને તે રીતે જ ભોગવવા માટે કરવા પડતાં પરદારાગમનાદિ પણ, યોગીઓને મિથ્યાજ્ઞાનની વાસનાનો અભાવ હોવાને કારણે ફરીથી કર્મબંધ કરાવતાં નથી. આ રીતે બધાં કર્મો એકી સાથે ભોગવાઇ જતાં હોવાથી અને નવો કર્મબંધ થતો ન હોવાથી મોક્ષાભાવની આપત્તિ રહેતી નથી. તેથી ભોગવીને જ કર્મોનો ક્ષય થાય છે એવું માનવામાં કોઇ દોષ પ્રાપ્ત થતો નથી, આ પ્રમાણે પૂર્વપક્ષીને કહેવું છે.

'मैवं'થી ગ્રંથકાર તેનો ઉત્તર આપતાં કહે છે-
ટીકાર્થ :- **'मैवं'** એ પ્રમાણે ન કહેવું, કેમ કે મનુષ્યના શરીરનું મનુષ્યથી ઇતર શરીર સાથે વિરોધીપણું છે. અન્યથા=મનુષ્યશરીરની સાથે શૂકરાદિ ભિન્ન શરીરો પણ સંભવતાં હોય તો સ્વર્ગજનક અદૃષ્ટવાળા યજ્ઞ કરનારને ત્યારે જ=મનુષ્યભવમાં જ સ્વર્ગીય શરીરના ઉપગ્રહનો પ્રસંગ આવે. અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે ત્યારે=મનુષ્યભવમાં તદદૃષ્ટનું=સ્વર્ગાદિસંબંધી અદૃષ્ટનું, અલબ્ધવૃત્તિકપણું હોવાથી, એ પ્રમાણે=મનુષ્યભવમાં સ્વર્ગીય શરીરના ઉપગ્રહનો, પ્રસંગ આવતો નથી.

ભાવાર્થ :- એ વખતે મનુષ્યભવમાં મનુષ્યભવોપભોગ્ય કર્મ લબ્ધવૃત્તિક હોય છે, પણ સ્વર્ગીય સંબંધી અદૃષ્ટ લબ્ધવૃત્તિક હોતું નથી. તેથી તે વખતે સ્વર્ગીય શરીરના ઉપગ્રહનો પ્રસંગ નહિ આવે.

'**तर्हि**'થી ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :- '**तर्हि**' - તો પછી તત્ત્વજ્ઞાનીઓને વિવિધ અદૃષ્ટોનો કેવી રીતે એકી સાથે વૃત્તિલાભ સંભવે?

ભાવાર્થ :- તત્ત્વજ્ઞાનીને પણ મનુષ્યસંબંધી કર્મો જ લબ્ધવૃત્તિક હોવાથી ઈતર કર્મોનો એક સાથે વૃત્તિલાભ કેવી રીતે સંભવે? અર્થાત્ ન સંભવે, આ પ્રમાણે કહેવાનો ગ્રંથકારનો આશય છે.

ટીકાર્થ :- '**कारण**' અહીં પૂર્વપક્ષી કહે કે, કારણના સામ્રાજ્યથી એકીસાથે વૃત્તિલાભ પણ અનુપપન્ન નથી.

ભાવાર્થ :- તત્ત્વજ્ઞાનીને એકી સાથે અનેક ભવોના વૃત્તિલાભની સામગ્રી છે, તેથી તત્ત્વજ્ઞાનીને કાયવ્યૂહ દ્વારા ભિન્ન ભિન્ન શરીરાવચ્છેદેન ભોગવવા યોગ્ય કર્મોનો એક સાથે વૃત્તિલાભ સંભવે છે, જ્યારે યજ્ઞ કરનારને કારણ સામગ્રી નહિ હોવાને કારણે એકી સાથે મનુષ્યભવનું શરીર અને સ્વર્ગીય શરીર પ્રાપ્ત થઈ શકતું નથી.

ટીકાર્થ :- '**ननु**'થી ગ્રંથકાર કહે છે કે, તો પણ તત્ત્વજ્ઞાનથી જ તેટલા અદૃષ્ટોનો એકસાથે વૃત્તિલાભ છે એ પ્રમાણે દેવાનાંપ્રિય એવા તમને અભિમત છે, (પરંતુ) તે જ=તત્ત્વજ્ઞાન જ, તત્પ્રતિબંધક=તત્ત્વજ્ઞાનના પ્રતિબંધક, અદૃષ્ટના ક્ષય વિના કેવી રીતે સંભવે? અને તેનો ક્ષય પણ=તત્ત્વજ્ઞાનના પ્રતિબંધક અદૃષ્ટનો ક્ષય પણ, ભોગથી જ છે, એવું કહી શકાતું નથી. કેમ કે તત્ત્વજ્ઞના ભોગનું તદર્જકપણું=તત્ત્વજ્ઞાનના પ્રતિબંધક અદૃષ્ટના ક્ષયનું અર્જકપણું, છે.

ભાવાર્થ :- પૂર્વપક્ષીએ કારણસામ્રાજ્યથી અનેક ભવોના અદૃષ્ટોનો એકી સાથે વૃત્તિલાભ થઈ શકે એમ કહ્યું; એનાથી એ અભિમત થયું કે, પૂર્વપક્ષીને તત્ત્વજ્ઞાનથી જ તેટલા ભવનાં જનક અદૃષ્ટોનો યુગપદ્ વૃત્તિલાભ થઈ શકે; અને તેમ સ્વીકારે તો તેને દોષ પ્રાપ્ત થાય છે. તે બતાવતાં ગ્રંથકારે '**तदेव**'થી કહ્યું તેનો ભાવ એ છે કે, પૂર્વપક્ષીએ એક ભવની અંદર અનેક ભવોના કર્મનું વેદન તત્ત્વજ્ઞાની વિવિધ શરીર દ્વારા કરી શકે છે તેમ સ્થાપન કર્યું. તેનાથી એ પ્રાપ્ત થયું કે, તત્ત્વજ્ઞાનથી અનેક ભવયોગ્ય એવા કર્મનો એકી સાથે વૃત્તિલાભ થઈ શકે છે; પરંતુ તત્ત્વજ્ઞાનનું પ્રતિબંધક એવું અદૃષ્ટ પણ અનેક ભવમાં વેદન થાય તેવું જીવે પૂર્વમાં બાંધેલું છે, કેમ કે અનેકભવઅર્જિતકર્મ જેમ વિવિધ ગતિનું કારણ છે, તેમ વિવિધ ગતિમાં તત્ત્વજ્ઞાન થવાના પ્રતિબંધક એવા કર્મનું પણ અર્જન છે. તેથી અનેક ભવ સુધી વેદન થાય તેવા તત્ત્વજ્ઞાનના પ્રતિબંધક કર્મનો ક્ષય ભોગથી તમારા મત મુજબ થઈ શકશે નહિ, કેમ કે અનેકભવવેદનયોગ્ય કર્મનો ભોગથી નાશ કરવા તત્ત્વજ્ઞાનની આવશ્યકતા છે, અને તત્ત્વજ્ઞાનના પ્રતિબંધક કર્મના નાશ વગર તત્ત્વજ્ઞાનનો પ્રાદુર્ભાવ થઈ શકે નહિ, તત્ત્વજ્ઞાનના પ્રાદુર્ભાવ વગર અનેકભવવેદનયોગ્ય એવા તત્ત્વજ્ઞાનના પ્રતિબંધક કર્મનો નાશ સંભવે નહિ.

ઉત્થાન :- '**ननु**'થી માંડીને સિદ્ધાંતકારે પૂર્વપક્ષીની માન્યતામાં તત્ત્વજ્ઞાનના પ્રતિબંધક કર્મના ક્ષયનો અસંભવ બતાવી અસંગતિ બતાવી, તો પછી મોક્ષને માટે કર્મનો નાશ કઈ રીતે માનવો યુક્ત છે, તે '**अपि च**'થી ગ્રંથકાર બતાવે છે-

ટીકાર્થ :- '**अपि च**'- અને વળી અધ્યવસાયવિશેષથી જ વિચિત્ર=અનેકભવવેદનયોગ્ય, અદૃષ્ટના ક્ષયની ઉપપત્તિ થયે છતે કાયવ્યૂહાદિની કલ્પના અપ્રામાણિક છે, એ પ્રમાણે દિશાસૂચન છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે, તત્ત્વજ્ઞાનના પ્રતિબંધક કર્મોનો ભોગ વગર પણ તેવા તેવા અધ્યવસાયથી ક્ષય થઈ જાય છે એવું માનવામાં તો, અધ્યવસાયવિશેષથી સર્વ વિચિત્ર અદૃષ્ટનો ક્ષય પણ થઈ જાય છે. માટે કાયવ્યૂહાદિની કલ્પના અપ્રામાણિક છે. એ પ્રમાણે ગ્રંથકારનો કહેવાનો આશય છે.

ઉત્થાન :- પૂર્વમાં ગ્રંથકારે સિદ્ધ કર્યું કે, જે કર્મ બાંધ્યું છે તે જ કર્મ વેદન થાય છે, તેથી અપવર્તનાદિ કરણ લાગવા છતાં પણ કૃતનાશાદિ દોષો આવતા નથી. ત્યાં પૂર્વપક્ષી કૃતનાશાદિ દોષો બતાવતાં કહે છે-

ટીકા :- ननु दीर्घस्थितिकं कर्म बद्धं, वेद्यते पुनरल्पस्थितिकं, इति कथं नाकृतागमादयः? न चोपक्रान्तस्यानुभवान्न दोषः, तथापि बन्धाननुरूपत्वाद्भोगस्येति चेत्? न, साध्यरोगवदुपक्रमणीयस्वभावस्यैव तस्य बद्धत्वात्, तदुक्तं- [वि. आ. भा. २०५४]

[१] नणु तन्न जहोवचियं तहाणुभवओ कयागमाईआ ।
तप्पाउग्गं चिय तं, तेण चियं सज्झरोग व्व ॥

ननु साध्योऽसाध्यो वा रोग इत्येव कथं विवेचनीयं? इति चेत्? अत्र वदन्ति-

[२] अणुवक्कमओ णासइ कालेणोवक्कमेण खिप्पंति ।
कालेणेवासज्झो, सज्झासज्झं तहा कम्मं ॥ [वि. आ. भा. २०५५]

यथा हि साध्यो रोग उपक्रमसामग्र्यभावान्निजभुक्तिच्छेदनकालेनैव नश्यति, तत्सामग्र्यां पुनरर्वागपि, असाध्यस्तु नोपक्रमशतेनापि, तथा कर्मणोप्युपक्रमयोग्यतया बद्धस्य तत्सामग्रीसमवधानासमवधानाभ्यां कालेनार्वाक् च नाशः, अतादृशस्तु भोगेनैवेति साध्याऽसाध्यता भाव्या।

ટીકાર્થ :- '**ननु**'થી પૂર્વપક્ષી કહે છે કે, કર્મોની અપવર્તના માનવામાં આપત્તિ એ આવે છે કે, દીર્ઘસ્થિતિવાળું કર્મ બાંધ્યું અને અલ્પસ્થિતિવાળું વેદાય છે, એથી કેવી રીતે અકૃતાગમાદિ દોષો નહિ આવે? અર્થાત્ આવશે.

---

૧. ननु तन्न यथोपचितं तथानुभवतोऽकृतागमादिकाः । तत्प्रायोग्यं तदेव तेन चितं साध्यरोग इव ॥

૨. अनुपक्रमतो नश्यति कालेनोपक्रमेण क्षिप्रमिति । कालेनैवासाध्यः साध्यासाध्यं तथा कर्म ॥

ભાવાર્થ :- પૂર્વપક્ષીના કથનનું તાત્પર્ય એ છે કે, જે દીર્ઘસ્થિતિવાળું કર્મ બાંધ્યું હતું તે અપવર્તના દ્વારા અલ્પસ્થિતિવાળું થઈને ઉદયમાં આવે છે, તેથી દીર્ઘસ્થિતિવાળું કર્મ બાંધ્યું હતું તે ભોગવવું પડતું નથી અને નહિ બાંધેલું અલ્પસ્થિતિવાળું કર્મ ભોગવવું પડે છે, માટે અપવર્તનાદિ માનવામાં કૃતનાશ-અકૃતાગમ આદિ દોષો આવે છે.

ટીકાર્થ :- **'न च'**- ઉપકાંતનો જ અનુભવ થતો હોવાથી કૃતનાશાદિ દોષ નથી એમ પણ તમે કહી શકશો નહિ, કેમ કે તો પણ ભોગનું બંધને અનનુરૂપપણું છે. આ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે.

ભાવાર્થ :- પૂર્વપક્ષીનો કહેવાનો ભાવ એ છે કે ઉત્તરપક્ષ આ પ્રમાણે કહે કે, ઉપકાંત કર્મનો અનુભવ થતો હોવાથી કૃતનાશ દોષ નથી, અને જે કર્મને પોતે ભોગવે છે તે પોતાનું બાંધેલું હોવાથી અકૃતાગમ દોષ પણ નથી. એના નિરાકરણરૂપે પૂર્વપક્ષી કહે છે કે, તો પણ જેવાં બાંધ્યાં હોય તેવા જ સ્વભાવવાળાં કર્મદલિકોનો ભોગ ન હોવાથી કૃતનાશ-અકૃતાગમ આદિ દોષો આવશે જ.

તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. તેમાં હેતુ કહે છે -

ટીકાર્થ :- **'साध्य'**- સાધ્ય રોગની જેમ ઉપક્રમણીય સ્વભાવવાળા જ તેનું=કર્મનું, બદ્ધપણું છે.

ભાવાર્થ :- જેમ સાધ્ય રોગ ઉત્પન્ન થાય ત્યારથી જ સાધ્ય હોય છે, પહેલાં અસાધ્ય હોય અને ઉત્પન્ન થયા પછી એ સાધ્ય બની જાય એવું હોતું નથી; તેમ ઉપક્રમણીય કર્મ પણ જ્યારે બંધાયું હોય ત્યારે જ ઉપક્રમણીય સ્વભાવવાળું બંધાયું હોય છે, અને એ રીતે ઉપક્રમ દ્વારા એ ભોગવાતું હોય તો કોઈ દોષ નથી.

'तदुक्तं'થી વિશેષાવશ્યકની સાક્ષી આપે છે. તેનો અર્થ આ પ્રમાણે છે-

ટીકાર્થ :- **'नणु'** **'ननु'**થી પૂર્વપક્ષી કહે છે કે, જે પ્રકારે ઉપચિત છે તે પ્રકારે તે=આયુષ્ય કર્મ, નથી. અહીં શંકા થાય કે કર્મ જેવું બાંધ્યું છે તેવું ન અનુભવાય તો શું વાંધો છે? તેથી કહે છે- તેવા પ્રકારનો અનુભવ હોવાથી અર્થાત્ બંધાયા કરતાં વિલક્ષણ પ્રકારનો અનુભવ થતો હોવાથી, અકૃતાગમાદિ દોષો આવશે. પૂર્વપક્ષીના આ કથનના સમાધાનરૂપે સિદ્ધાંતકાર કહે છે- જીવ વડે તે જ =આયુષ્યકર્મ, સાધ્ય રોગની જેમ તત્પ્રાયોગ્ય =ઉપક્રમને પ્રાયોગ્ય, અર્થાત્ ઉપક્રમ થવા યોગ્ય સ્વભાવવાળું જ **चित**=બંધાયું હોય છે, (માટે કૃતનાશાદિ દોષો આવતા નથી.)

'ननु'થી પૂર્વપક્ષી કહે કે, (આ) રોગ સાધ્ય છે કે અસાધ્ય છે એ પ્રમાણે વિભાગ કેવી રીતે કરવો?

અહીંયાં=પૂર્વપક્ષીની શંકામાં, વિશેષાવશ્યકની સાક્ષી આપતાં ગ્રંથકાર કહે છે-વિશેષાવશ્યકની સાક્ષીનો અર્થ આ પ્રમાણે છે-

'अणुवक्कमओ' (સાધ્ય રોગ) અનુપક્રમથી કાળે કરીને નાશ પામે છે અને ઉપક્રમ દ્વારા શીઘ્ર નાશ પામે છે. અસાધ્ય રોગ કાળે કરીને જ નાશ પામે છે, તે પ્રકારે સાધ્ય-અસાધ્ય કર્મમાં સમજવું.

એ જ વાતનું સ્પષ્ટીકરણ ગ્રંથકાર સ્વયં ટીકામાં કરતાં કહે છે-

'यथा' જે પ્રમાણે સાધ્ય રોગ ઉપક્રમની સામગ્રીના અભાવથી નિજભુક્તિછેદન કાળથી જ નાશ પામે છે, અને તે સામગ્રી પ્રાપ્ત થયે છતે=ઉપક્રમની સામગ્રી પ્રાપ્ત થયે છતે, વળી પહેલાં પણ નાશ પામે છે; વળી અસાધ્ય રોગ સેંકડો ઉપક્રમથી પણ નાશ પામતો નથી; તે પ્રમાણે ઉપક્રમને યોગ્યપણાથી બંધાયેલા કર્મનો તત્સામગ્રીના=ઉપક્રમની સામગ્રીના, સમવધાન-અસમવધાન દ્વારા કાલથી અને પહેલાં પણ નાશ પામે છે, વળી અતાદૃશનું=અનુપક્રમણીયનું, ભોગથી જ (નાશ થાય છે.) એ પ્રમાણે સાધ્યતા-અસાધ્યતા વિચારવી.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે જે રોગને ચિકિત્સાદિરૂપ ઉપક્રમ ન લાગે તો લાંબા કાળે ભોગવવા વડે નાશ પામે, અને ઉપક્રમ લાગે તો અલ્પ કાળમાં ક્ષીણ થઈ જાય તે સાધ્ય રોગ સમજવો; પરંતુ જે રોગ કાળથી જ નાશ પામે, ગમે તેટલા ઉપાયો કરવા છતાં કાળપૂર્વે નાશ ન પામે તે અસાધ્ય રોગ જાણવો. એ રીતે જે કર્મ સાધ્ય હોય છે તે બંધકાળે ઉપક્રમણીય જ બંધાયું હોય છે; પણ જો ઉપક્રમ સામગ્રી ન મળે તો પોતાના કાળે જ ભુક્તિથી નાશ પામે, અને ઉપક્રમ સામગ્રી મળે તો એ પહેલાં પણ નાશ પામી શકે છે. અને જે અસાધ્ય કર્મ હોય છે તે બંધકાળે જ અનુપક્રમણીય =નિકાચિત, બંધાયું હોય છે, તેથી સેંકડો ઉપક્રમ લાગવા છતાં પણ પોતાના ભોગના પરિપૂર્ણ કાળપૂર્વે નાશ પામતું નથી.

टीका :- न चानुपक्रान्तस्य नोपक्रमणीयत्वमेवेति वाच्यं, स्वरूपयोग्यतायाः सहकारियोग्यताऽव्याप्यत्वात्, अध्यवसायविशेषजन्यतावच्छेदकतयैवोपक्रमणीयत्वसिद्धेः। इममेवार्थं साधयन्ति-

[१] सज्झासज्झं कम्मं किरियाए दोसओ जहा रोगो ।
सज्झमुवक्कामिज्जइ एत्तोच्चिय सज्झरोगं व ॥ [वि. आ. भा. २०५६]

क्रियायाः- उपक्रमलक्षणायाः, **उपक्रम्यते वर्त्तमानयत्नजन्योपक्रमविषयः (·?क्रियते) कर्मण उपक्रमणीयत्वात्, तदुपक्रमाय यतितव्यमिति भावः। प्रकारान्तरेण साधयन्ति- [वि. आ. भा. २०५७]**

[२] सज्झामयहेऊओ सज्झनिआणासओऽहवा सज्झं ।
सोवक्कमणमयं पिव देहो देहाइभावाओ ॥

उपक्रमविषयः कर्म साध्यं, साध्यामयहेतुत्वात्, देहवृत्तित्वाद्वा देहहेतुत्वाद्देहवत्। साध्यनिदानत्वं च यद्यपि कर्मणः साध्यत्वसिद्धौ सिध्यति तथापि तत्संसाध्यैवायं प्रपञ्चः, निदानीभूताध्यवसायवैचित्र्याद्वा तत्साध्यमित्याहुः।

टीकार्थ :- 'न च' પૂર્વપક્ષી કહે છે કે, અનુપક્રાંતનું ઉપક્રમણીયપણું નથી જ.

ભાવાર્થ :- પૂર્વપક્ષીના કથનનું તાત્પર્ય એ છે કે, અનુપક્રાંત રહીને જે વિપાકકાળે ભોગવાય છે તે કર્મ બંધકાળે ઉપક્રમણીય બંધાયું છે એવું કહી શકાય નહિ.

---

१. साध्यासाध्यं कर्म क्रियाया दोषतो यथा रोगः । साध्यमुपक्रम्यत एतस्मादेव साध्यरोग इव ॥

२. साध्यामयहेतुतः साध्यानिदानाश्रयतोऽथवा साध्यम् । सोपक्रमणमयम् देह इव देहादिभावात् ॥

ટીકાર્થ :- તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કારણ કે સ્વરૂપયોગ્યતાનું સહકારીયોગ્યતા સાથે અવ્યાપ્યપણું છે.

ભાવાર્થ :- જેઓમાં સ્વરૂપયોગ્યતા હોય તેઓમાં સહકારીયોગ્યતા હોય જ એવી વ્યાપ્તિ નથી, અર્થાત્ સ્વરૂપયોગ્ય કારણને સહકારીઓનું સંનિધાન મળે અને તે ફળ આપે એવી વ્યાપ્તિ નથી. તેથી સાધ્યકર્મમાં ઉપક્રમ સામગ્રી ન મળવાના કારણે ઉપક્રમ ન થાય તો કોઈ દોષ નથી.

ઉત્થાન :- અહીં પ્રશ્ન થાય કે, જે કર્મ ઉપક્રાંત થયા વિના જ ભોગવાય છે તેમાં ઉપક્રમણીયત્વ છે તે કેવી રીતે કહી શકાય? તેથી બીજો હેતુ કહે છે -

ટીકાર્થ :- '**अध्यवसाय**' અધ્યવસાયવિશેષજન્યતાવચ્છેદકપણાથી જ ઉપક્રમણીયત્વની સિદ્ધિ છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે, જે અધ્યવસાયોથી ઉપક્રમયોગ્ય કર્મ બંધાય છે, તેવા જ અધ્યવસાયવિશેષથી બંધાયેલું હોવું ઉપક્રમણીય માનવામાં પ્રમાણ છે.

આ જ અર્થને સિદ્ધ કરતાં વિશેષાવશ્યકની સાક્ષી આપતાં કહે છે - તે વિશેષાવશ્યકની સાક્ષીનો અર્થ આ પ્રમાણે છે-

ટીકાર્થ :- '**सज्झासज्झं**'- ક્રિયાથી=ઉપક્રમલક્ષણક્રિયાથી, કર્મ સાધ્ય અને અસાધ્ય છે. કારણ કે કર્મ દોષરૂપ છે જેમ કે રોગ. આનાથી જ=સાધ્ય હોવાથી જ, સાધ્ય કર્મનો સાધ્ય રોગની જેમ ઉપક્રમ કરાય છે અર્થાત્ ઉપક્રાંત થઈ શકે છે.

'**क्रियायाः**' વિશેષાવશ્યકભાષ્ય ગાથા-૨૦૫૬નો અર્થ ટીકામાં કરેલ નથી, પરંતુ ટીકામાં જે કહ્યું છે તે મૂળ ગાથામાં '**क्रियायाः**' કહ્યું તેનો અર્થ 'ઉપક્રમલક્ષણ ક્રિયા'નો એ પ્રમાણે સમજવો, અને ગાથાના ઉત્તરાર્દ્ધમાં '**उपक्रम्यते**' ક્રિયાપદ છે અને '**साध्य**' એ પ્રકારનો શબ્દ છે અને '**एत्तोच्चिय**' શબ્દ છે, આ ત્રણેયને ગ્રહણ કરીને ગ્રંથકારે અર્થ કર્યો કે, સાધ્ય એવું કર્મ વર્તમાનના યત્નજન્ય ઉપક્રમનો વિષય કરાય છે. કેમ કે, કર્મનું ઉપક્રમણીયપણું છે. અને તેનું જ તાત્પર્ય ખોલ્યું કે કર્મના ઉપક્રમ માટે યત્ન કરવો જોઈએ એ પ્રકારનો ભાવ છે.

'**प्रकारान्तरेण**'- આ જ વાતને બીજી રીતે સિદ્ધ કરતાં ભાષ્યકાર કહે છે -

'**सज्झामय**' (પક્ષ) કર્મ અથવા આ=સોપક્રમણમય એ, સાધ્ય છે કારણ કે (૧) સાધ્યરોગનો હેતુભૂત છે. (૨) સાધ્યનિદાનાશ્રય છે=સાધ્ય એવા નિદાન=કારણથી જન્ય છે (૩) દેહાદિમાં ભાવ છે= રહેલ છે. જેમ કે આ દેહ (દેહની જેમ એ દૃષ્ટાંત છે.) (**वि. आ. भा. २०५७**)નો આ અર્થ છે.

❀ '**उपक्रमविषयः .. देहवत्**' સુધીનો પાઠ છે તે અશુદ્ધ હોવાની સંભાવના છે. ત્યાં **कर्म सोपक्रमणं साध्यं च, साध्यामयहेतुत्वात् साध्यनिदानाश्रयत्वात्, देहादिभावात् देहवत्।**' આવો પાઠ શુદ્ધ હોવાની સંભાવના છે.

ટીકાર્થ :- **'उपक्रमविषयः'** અહીં અનુમાનનો આકાર આ પ્રમાણે છે. (૧) (પક્ષ) સોપક્રમણ કર્મ, (સાધ્ય) સાધ્ય છે=ઉપક્રમનો વિષય છે, (હેતુ) કારણ કે સાધ્યરોગનો હેતુભૂત છે, (દૃષ્ટાંત) જેમ કે દેહ. (૨) (પક્ષ) સોપક્રમણ કર્મ, (સાધ્ય) સાધ્ય છે=ઉપક્રમનો વિષય છે. (હેતુ) કારણ કે સાધ્યનિદાનાશ્રય છે=સાધ્ય એવા કારણથી જન્ય છે, (દૃષ્ટાંત) જેમ કે દેહ. (૩) (પક્ષ) સોપક્રમણ કર્મ, (સાધ્ય) સાધ્ય છે, (હેતુ) કારણ કે દેહાદિમાં ભાવ છે=રહેલ છે, (દૃષ્ટાંત) જેમ કે દેહ.

ભાવાર્થ :- કર્મ સોપક્રમ=ઉપક્રમની સામગ્રીથી યુક્ત, અને સાધ્ય=ઉપક્રમણીય અર્થાત્ ઉપક્રમની સામગ્રીથી ઉપક્રમ પામી શકે તેવું છે. ઉક્ત અનુમાનમાં કર્મ પક્ષ છે, સોપક્રમ અને સાધ્ય એ બંને સાધ્ય છે, અને તેમાં પ્રથમ હેતુ સાધ્ય એવા રોગનો હેતુ છે. તેનું તાત્પર્ય એ છે કે સાધ્ય એવા રોગનો હેતુ કર્મ છે, તેથી જો કર્મ સાધ્ય ન હોય તો સાધ્ય એવા રોગનો હેતુ બની શકે નહિ, માટે કર્મ સાધ્ય છે. જ્યારે કર્મસાધ્ય છે એમ સિદ્ધ થાય, તો ઉપક્રમની સામગ્રીવાળું પણ કોઈક સ્થાને તે અવશ્ય પ્રાપ્ત થાય છે, માટે સોપક્રમ છે.

અહીં બીજો હેતુ એ છે કે, સાધ્ય નિદાનનો આશ્રય છે. તેનું તાત્પર્ય એ છે કે, સાધ્ય એવા કર્મનું જનક=કારણ, હોય તેને પણ ઉપચારથી સાધ્ય કહેવાય. તે નિયમ પ્રમાણે સાધ્ય એવું નિદાન=કારણ, અર્થાત્ કર્મબંધના કારણરૂપ જે અધ્યવસાય તેનો આશ્રય હોવાથી, અર્થાત્ તેનાથી જન્ય હોવાથી કર્મ સાધ્ય છે.

અહીં ત્રીજો હેતુ છે 'દેહાદિભાવાત્'. ત્યાં 'આદિ'થી જીવનું ગ્રહણ કરવાનું છે. તેથી એ અનુમાન પ્રાપ્ત થાય કે કર્મ સોપક્રમ છે અને દેહ અને જીવમાં રહેલ છે, અને કર્મ દેહમાં ને જીવમાં આ રીતે રહે છે -

કર્મ જીવમાં કથંચિત્ તાદાત્મ્યસંબંધથી રહેલ છે અને જીવ દેહમાં કથંચિત્ તાદાત્મ્યસંબંધથી રહે છે, તેથી કર્મ જીવ દ્વારા દેહમાં રહે છે; અને કર્મ જીવમાં પણ કથંચિત્ તાદાત્મ્યસંબંધથી રહે છે. તેથી એ પ્રાપ્ત થાય કે કર્મ દેહ અને જીવમાં રહે છે તેથી ઉપક્રમ સ્વભાવવાળું છે. જેમ દેહ જીવમાં અને દેહમાં તાદાત્મ્યસંબંધથી રહે છે અને દેહને શસ્ત્રાદિ દ્વારા ઉપક્રમ લાગે છે, તેમ કર્મ પણ જીવમાં અને દેહમાં રહે છે તેથી કર્મને ઉપક્રમ લાગે છે.

(સ્વમાં સ્વનો તાદાત્મ્ય સંબંધ છે તેથી દેહ દેહમાં તાદાત્મ્યથી રહે છે.)

ઉત્થાન :- વિશેષાવશ્યકભાષ્ય ગાથા-૨૦૫૭માં સાધ્યનિદાનનો આશ્રય છે એ રૂપ બીજો હેતુ છે, ત્યાં સાધ્યનિદાનનો અર્થ કર્યો કે સાધ્ય એવા કર્મનો જનક હોવાથી નિદાન=કારણ=કર્મબંધનો અધ્યવસાય, પણ સાધ્ય કહેવાય છે, અર્થાત્ સાધ્ય એવા કર્મનું જનક કારણ પણ સાધ્ય કહેવાય છે. આનાથી એ પ્રાપ્ત થયું કે, કર્મ સાધ્ય તરીકે સિદ્ધ હોય તો જ તજ્જનક કારણ પણ સાધ્યનિદાન તરીકે સિધ્ધ થાય, અને તજ્જનક કારણ સાધ્યનિદાન તરીકે સિદ્ધ થાય તો જ તે હેતુ દ્વારા કર્મની સાધ્ય તરીકે સિદ્ધિ થાય. અર્થાત્ કર્મ સાધ્ય છે એમ સિદ્ધ થાય ત્યારે, કર્મના કારણભૂત એવા અધ્યવસાયો સાધ્ય છે એમ સિદ્ધ થાય; અને અધ્યવસાયો સાધ્ય છે એમ સિદ્ધ થાય તો કર્મની સાધ્ય તરીકે સિદ્ધિ થાય. આ રીતે અન્યોન્યાશ્રયદોષ પ્રાપ્ત થાય છે તેને સામે રાખીને ગ્રંથકાર ટીકામાં કહે છે-

ટીકાર્થ :- 'साध्यनिदानत्वं'- સાધ્યનિદાનપણું જો કે કર્મની સાધ્યપણાની સિદ્ધિ થયે છતે સિદ્ધ થાય, તો પણ તેને=કર્મને, સાધીને જ અર્થાત્ પૂર્વમાં વિશેષાવશ્યકભાષ્યની ગાથા-૨૦૫૨માં તેને સિદ્ધ કરીને જ આ પ્રસ્તુત ગાથાનો પ્રપંચ છે, માટે અન્યોન્યાશ્રય દોષ આવતો નથી. અથવા તો નિદાનભૂત=કારણભૂત, અધ્યવસાયનું વૈચિત્ર્યપણું હોવાથી તે=કર્મ, સાધ્ય છે એમ કેટલાક કહે છે.

ભાવાર્થ :- 'साध्यनिदानत्वं'થી કહ્યું તેનું તાત્પર્ય એ છે કે ભાષ્યકારે પહેલાં '**जइ ताणुभूइओ..**' ગાથા ૨૦૫૨માં યુક્તિઓ દ્વારા કર્મમાં સોપક્રમત્વ સિદ્ધ કર્યું હોવાથી પછી સાધ્યત્વ સિદ્ધ થાય છે, અને કર્મ સાધ્ય તરીકે સિદ્ધ થવાથી તજ્જનક કારણ પણ સાધ્ય તરીકે સિદ્ધ થાય છે, એટલે કોઈ દોષ નથી.

અહીં પ્રશ્ન થાય કે, તો પછી પૂર્વની ગાથા દ્વારા જ કર્મનું સોપક્રમત્વ અને સાધ્યત્વ સિદ્ધ થઈ જતાં હોવાથી પુનઃ સિદ્ધિ કરવી વ્યર્થ છે; તો તેનો ઉત્તર વિશેષાવશ્યકભાષ્યની ટીકામાં આપેલ છે કે, વિસ્તારપ્રિય શિષ્યજનના વિનોદ માટે એ સિદ્ધિ હોવાથી એમાં કોઈ દોષ નથી.

અથવા કર્મબંધના કારણભૂત અધ્યવસાયોના વૈચિત્ર્યથી નિદાનનું સાધ્યત્વ સિદ્ધ કરી સાધ્યનિદાનજન્યત્વ હેતુથી કર્મનું સાધ્યત્વ સિદ્ધ કરવું, એમ કેટલાક કહે છે. તેનું તાત્પર્ય એ છે કે, કર્મબંધના કારણભૂત અધ્યવસાયો વિચિત્ર પ્રકારના છે, એ પ્રમાણે શાસ્ત્રને સંમત છે. તેથી કર્મ સાધ્ય છે અર્થાત્ ઉપક્રમણીય છે એમ નક્કી થાય છે. કેમ કે અધ્યવસાયનું વૈચિત્ર્ય અન્યથા અનુપપન્ન છે. અર્થાત્ કર્મ સાધ્ય અને અસાધ્ય ભેદવાળાં ન હોય તો શાસ્ત્રસંમત કર્મબંધના કારણભૂત અધ્યવસાયનું વૈચિત્ર્ય ઘટે નહિ. માટે કર્મ સાધ્ય છે તે સિદ્ધ થાય છે.

ટીકા :- अत्रैव वैशद्यायोपपत्त्यन्तरं प्रकटयन्ति- [वि. भा. २०५८-६२]

[१] किञ्चिदकाले वि फलं पाइज्जइ पच्चए य कालेणं ।
तह कम्मं पाइज्जइ कालेण विपच्चए वण्णं ॥
[२] भिण्णो जहेह कालो तुल्ले वि पहम्मि गइविसेसाओ ।
सत्थे व गहणकालो मइमेहाभेयओ भिन्नो ॥
[३] तह तुल्लम्मि वि कम्मे परिणामाइकिरियाविसेसाओ ।
भिण्णोणुभवणकालो जेट्ठो मज्झो जहण्णो अ ॥
[४] जह वा दीहा रज्जू डज्झइ कालेण पुंजिया खिप्पं ।
वियओ पडो व सुस्सइ पिंडीभूओ य कालेणं ॥
[५] भागो य निरोवट्टो हीरइ कमसो जहण्णहा खिप्पं ।
किरियाविसेसओ वा समे वि रोगे चिगिच्छाए ॥

---

१. किञ्चिदकालेऽपि फलं पाच्यते पच्यते च कालेन । तथा कर्म पाच्यते कालेन विपच्यते चान्यत् ॥
२. भिन्नो यथेह कालस्तुल्येऽपि पथि गतिविशेषात् । शास्त्रे वा ग्रहणकालो मतिमेधाभेदतो भिन्नः ॥
३. तथा तुल्येऽपि कर्मणि परिणामादिक्रियाविशेषात् । भिन्नोऽनुभवनकालो ज्येष्ठो मध्यो जघन्यश्च ॥
४. यथा वा दीर्घा रज्जुर्दह्यते कालेन पुञ्जिता क्षिप्रम् । विततः पटो वा शुष्यति पिण्डीभूतश्च कालेन ॥
५. भागश्च निरपवर्त्तो ह्रियते क्रमशो यथान्यथा क्षिप्रम् । क्रियाविशेषतो वा समेऽपि रोगे चिकित्सया ॥

यथा ह्याम्रादि फलं वृक्षस्थं यावता कालेन पच्यते, तदर्वागेव गर्त्ताप्रक्षेपपलालस्थगनाद्युपायेन पाच्यते, तथा दीर्घस्थितिकतया बद्धं कर्माप्यध्यवसानादिभिरर्वागेव पाच्यते। अथवा यथा तुल्येऽपि पथि त्रयाणां पुरुषाणां प्रहरैकद्वित्र्यादिलक्षणो गतिविशेषाद्भिन्नः कालो दृश्यते, एवं तुल्यस्थितिकस्यापि कर्मणस्तीव्रमन्दमध्यमाध्यवसायविशेषाज्जघन्यमध्यमोत्कृष्टलक्षणस्त्रिविधोऽनुभवकालो भवति। यथा वा तुल्येऽपि शास्त्रेऽध्येतॄणां गतिभेदात्कालभेदस्तथात्रापि। 'तह' त्ति योजनगाथा स्पष्टा, नवरं परिणामा अध्यवसानादयः, क्रिया च चारित्रादिलक्षणेति। यथा वा दीर्घा रज्जुश्चिरेण दह्यते पुञ्जीकृता तु क्षिप्रं तथा कर्मापि। यथा वा जलार्द्रो वितताकृतः पटः क्षिप्रं शुष्यति पिण्डीभूतस्तु चिरेण तथा कर्मापि। यथा वा लक्षप्रमाणस्य दशभिर्भागो हरणीयः स च यद्यपवर्त्तनां विनैव ह्रियेत तदा महान् भागहारकालः स्यादपवर्त्तनायां तु नैवं, लक्षस्य हि पञ्चभिर्भागहारे विंशतिसहस्राणि लभ्येरन् दशानां तु द्वौ, ताभ्यां च विंशतिसाहस्रिकस्य लघुराशेर्भागे हृते झटित्येव दशसहस्राण्यागच्छेयुरिति, एवमायुषोऽप्यनपवर्त्तितस्य दीर्घःकालोऽपवर्त्तितस्य लघुरिति। यथा वा समेऽपि कुष्ठादिके रोगे क्रियाविशेषाच्चिकित्साया: कालभेदस्तथेति भाष्याम्भोधिसंप्लवपरिचितः पन्थाः।

टीकार्थ :- '**अत्रैव**' આ વિષયમાં જ =કર્મ સોપક્રમ સાધ્ય છે એની સિદ્ધિના વિષયમાં જ, વિશદપણા માટે=સ્પષ્ટતા માટે, અન્ય ઉપપત્તિને=અન્ય યુક્તિને પ્રગટ કરે છે. તે આ પ્રમાણે (વિશેષાવશ્યક ભાષ્ય - ગાથા - ૨૦૫૮-૬૨નો અર્થ છે.) -

'**किञ्चिद्**' - કોઈક ફળ અકાળે પણ (પાકવાના કાળ પૂર્વે પણ) પાકે છે અને કોઈક ફળ કાળથી પાકે છે. તેમ કોઈક કર્મ અકાલે (ઉદયમાં આવવાના કાળ પૂર્વે પાકે છે) અને કોઈક કર્મ કાળથી પણ પાકે છે, અર્થાત્ ફળ આપે છે.

'**भिण्णो**' ગતિવિશેષથી, તુલ્ય પણ પથમાં અર્થાત્ તુલ્ય પણ અંતર કાપતાં જેમ ભિન્ન ભિન્ન કાળ લાગે છે, અને મતિમેધાદિના ભેદથી શાસ્ત્રના ગ્રહણકાળમાં ભિન્ન ભિન્ન કાળ લાગે છે,

'**तह**' તેમ તુલ્યસ્થિતિક કર્મમાં પણ પરિણામાદિ અને ક્રિયાના વિશેષથી ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એમ ભિન્ન અનુભવકાળ હોય છે.

'**जह वा**' અથવા જેમ દીર્ઘ રજ્જુ કાલથી બળે છે અને પુંજીકૃત=ગૂંચળું વાળેલી, ક્ષીપ્ર બળે છે અથવા પહોળું કરેલું કપડું જલદી સુકાય છે અને પિંડીભૂત=સંકેલેલું, હોય તો કાળથી સુકાય છે,

'**भागो व**' જેમ નિરપવર્તન ભાગ (ભાગાકાર) ક્રમશઃ હરાય છે અને અન્યથા=અપવર્તન કરેલો ભાગ, ક્ષીપ્ર હરાય છે અથવા ક્રિયાવિશેષથી સમાન પણ રોગની ચિકિત્સામાં કાલભેદ છે.

ભાષ્યની ગાથાઓનું તાત્પર્ય ટીકામાં ખોલતાં કહે છે-

'**यथा**' જેમ વૃક્ષ ઉપર રહેલું આમ્રાદિફળ જેટલા કાળે પાકે તેનાથી પૂર્વે જ ખાડામાં પ્રક્ષેપ કરાયેલ, ઘાસાદિથી ઢંકાયેલ, ઉપાય દ્વારા પાકે છે; તે પ્રમાણે દીર્ઘસ્થિતિપણાથી બંધાયેલું કર્મ પણ અધ્યવસાય આદિ દ્વારા કાળપૂર્વે જ પાકે છે. અથવા જેમ તુલ્ય પણ પથમાં ગતિવિશેષથી ત્રણ પુરુષોને એક પ્રહર, બે પ્રહર અને ત્રણ પ્રહરરૂપ કાળ દેખાય છે; એ પ્રમાણે તુલ્યસ્થિતિવાળા પણ કર્મનો, કર્મથી વિરુદ્ધ એવા તીવ્ર અધ્યવસાયથી જઘન્ય અનુભવકાળ,

મધ્યમ અધ્યવસાયથી મધ્યમ અનુભવકાળ અને મંદ અધ્યવસાયથી ઉત્કૃષ્ટ અનુભવકાળ હોય છે. અથવા જેમ તુલ્ય પણ શાસ્ત્ર ભણનારાઓને મતિના=બુદ્ધિના, ભેદથી કાલભેદ લાગે છે તે પ્રમાણે અહીં પણ=કર્મમાં પણ, કાળભેદ જાણવો. **'तह तुल्लम्मि'** - યોજન ગાથા છે, તેનો અર્થ સ્પષ્ટ છે. ફક્ત ગાથામાં **'परिणामादिक्रिया-विशेषतः'** કહ્યું ત્યાં પરિણામો=અધ્યવસાયો, અને ક્રિયા=ચારિત્રાદિરૂપ ક્રિયા, સમજવી. અથવા જેમ દીર્ઘરજ્જુ=લાંબું દોરડું, લાંબા કાળે બળે છે અને ગૂંચળું કરાયેલ જલદી બળે છે તેમ કર્મ વિશે પણ જાણવું. અથવા જેમ જલથી આર્દ્ર=ભીનું થયેલું, પહોળું કરેલું કપડું શીઘ્ર સુકાય છે વળી પીંડીભૂત થયેલું લાંબાકાળે સુકાય છે તે પ્રમાણે કર્મ વિશે પણ જાણવું. અથવા જેમ એક લાખ સંખ્યાને દશથી ભાગવાની હોય અને તે જો અપવર્તના વગર જ ભાગ કરીએ તો ભાગાકારનો મોટો કાળ લાગે; પરંતુ અપવર્તના કરાયે છતે એ પ્રમાણે=મોટો કાળ ન લાગે. જેમ લાખને પાંચથી ભાગવામાં વીશ હજાર પ્રાપ્ત થાય અને દશને પાંચથી ભાગવામાં બે પ્રાપ્ત થાય અને તે બે વડે વીશહજાર લઘુરાશિનો ભાગાકાર કરાયે છતે જલદી દસ હજાર પ્રાપ્ત થાય, એ પ્રમાણે અનપવર્તિત આયુષ્યનો દીર્ઘકાળ અને અપવર્તિત આયુષ્યનો અલ્પ કાળ જાણવો.

તે આ રીતે -

જેમ એક લાખ વગેરે મોટી સંખ્યાને બીજી દશ વગેરે રૂપ મોટી ભાજક સંખ્યાથી ભાગવાની હોય ત્યારે સીધે સીધો ભાગાકાર કરવો હોય તો અઘરો પડે છે, પણ ભાજ્ય અને ભાજક બન્નેને સમાન નાની સંખ્યાથી (પાંચથી) અપવર્તિત કરીને (ભાગીને) આવતાં જવાબો (વીસ હજાર અને બે)ને ફરી ભાજ્ય-ભાજક બનાવી ભાગાકાર કરવામાં આવે તો સરળતા થવાથી અલ્પકાળ લાગે છે, તેમ અનપવર્તિત આયુષ્યનો પણ દીર્ઘ અનુભવકાળ હોય છે જ્યારે અપવર્તિત થયેલા તેનો અનુભવકાળ અલ્પ હોય છે.

વધારે સ્પષ્ટતા માટે બીજો દાખલો લઈએ - ૭૮૩ને ૨૭ વડે ભાગવા વગેરે રૂપ અત્યંત સરળ ન હોય એવા ભાજ્ય-ભાજક હોય ત્યારે પહેલાં બન્નેને ૯ વડે અપવર્તિત કરી (ભાંગીને) આવેલા જવાબો (૮૭ અને ૩) ને ભાજ્ય-ભાજક બનાવવામાં આવે તો સરળતાનો સ્પષ્ટ ખ્યાલ આવે.

'इति' સમાપ્તિ સૂચક છે. અથવા જેમ સમાન પણ કુષ્ઠ=કોઢ આદિ રોગમાં ક્રિયાવિશેષથી ચિકિત્સાનો કાલભેદ છે તે પ્રમાણે કર્મમાં પણ જાણવું. એ પ્રમાણે ભાષ્યરૂપી સમુદ્રમાં ડૂબકી મારવાથી પરિચિત થયેલો આ પંથ=માર્ગ, છે.

ઉત્થાન :- પૂર્વમાં સોપક્રમ કર્મની સિદ્ધિ કરી તેનાથી કર્મના સોપક્રમ અને નિરુપક્રમ એવા બે સ્વરૂપની પ્રાપ્તિ થઈ. તેની સામે શંકા કરતાં પૂર્વપક્ષી કહે છે કે -

ટીકા :- अथांशतः प्रतिक्षणं विनश्वरस्वभावमायुः कदाचित् स्वभावादेव कात्स्न्र्येन क्षीयत इति कोऽयं सोपक्रमनिरूपक्रमविभाग इति चेत्? हन्त तर्हि कारणानपेक्षायामंशतः क्षयसमय एव कुतो न कात्स्न्र्येन क्षयः? तदपेक्षायां तु कथं न भोगतदितरकारणवैलक्षण्यादुक्तविभागव्यवस्था?! 'तावत्कालमंशतः क्षयमासाद्यैवायुषः कात्स्न्र्येन क्षयस्वाभाव्यमि'ति चेत्? नूनमेवं सौगतमतावलम्बिनो भवतस्तावत्कालं तत्तदवस्थितेरपि स्वभावादेवोपपत्तौ किमायुःकर्मचर्चया?! किञ्च स्वभाववैलक्षण्यमेवास्य कुतः? न चायं प्रयोजनप्रश्नो हेतुप्रश्नो वा? नाद्यः, प्रयोजनभेदव्यवस्थितेः प्रसिद्धत्वात्, न द्वितीयः, स्वभावस्या-

ऽकार्यत्वादिति वाच्यम्, प्रमाणप्रश्नत्वादस्य। न च विना कार्यकारणभावं तथास्वाभाव्यग्राहकं प्रमाणमस्ति, अन्यथा दण्डे घटजनकत्वमगृहीत्वापि 'दण्डादेव घटो भवती'ति स्वाभाव्यग्रहप्रसङ्गात्, जलं शीतमित्यादावपि शीतसमवायस्वभाव एव कारणत्वग्रहाधीनग्रहो न तु जलस्यैव शैत्यमिति स्वभाव इति।

अथ कार्यकारणभावग्राहकादेव तथास्वाभाव्यग्रहोऽस्तु किमन्तरा कार्यकारणभावग्रहेण? इति चेत्? सत्यं, नियतपूर्वावधिमत्त्वस्वभावस्यैव कारणत्वादित्यन्यत्र विस्तरः।

ટીકાર્થ :- '**अथ**' અંશથી પ્રતિક્ષણ નાશ પામવાના સ્વભાવવાળું આયુષ્ય કર્મ ક્યારેક સ્વભાવથી જ સંપૂર્ણપણાથી નાશ પામે છે, એથી કરીને આ સોપક્રમ અને નિરુપક્રમ વિભાગ એ શું?

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે, ક્ષણે ક્ષણે આયુષ્યકર્મનાં દલિકો ખપ્યા કરે છે, અર્થાત્ પ્રતિક્ષણ આયુષ્યકર્મનાં દલિકો ભોગવાઈને નાશ પામે છે; અને કોઈક વ્યક્તિને એના વિદ્યમાન આયુષ્યના ક્ષય પૂર્વે મૃત્યુની પ્રાપ્તિ દેખાય છે, તેનું કારણ તે આયુષ્યકર્મનો સ્વભાવ જ તેવો હતો કે પ્રતિક્ષણ વિનાશ પામતાં પામતાં મૃત્યુકાળમાં વિદ્યમાન આખી કર્મલતાનો એક સાથે નાશ થાય છે. તેથી કોઈક આયુષ્યકર્મ ઉપક્રમ લાગવાથી સંપૂર્ણ ખપી જાય છે અને બીજું ઉપક્રમ વગર જ ક્રમશઃ નાશ પામે છે, એવો સોપક્રમ-નિરુપક્રમ વિભાગ નથી એમ પૂર્વપક્ષી કહે છે.

ટીકાર્થ :- '**हन्त**' તેના નિરાકરણરૂપે '**हन्त**'થી ગ્રંથકાર કહે છે કે, તો પછી કારણની અનપેક્ષામાં=કર્મના શીઘ્ર નાશવિષયક કારણની અનપેક્ષામાં, આયુષ્યકર્મનો અંશથી ક્ષયના સમયમાં જ સર્વથા ક્ષય કેમ ન થયો? વળી સર્વથા ક્ષયમાં તેની=કારણસામગ્રીની, અપેક્ષા હોતે છતે ભોગરૂપ કારણ અને તદિતર કારણોના=શસ્ત્રઘાતાદ્યાત્મક કારણોના વૈલક્ષણ્યથી, ઉક્ત વિભાગવ્યવસ્થા=નિરુપક્રમ-સોપક્રમ વિભાગવ્યવસ્થા, શા માટે ન થઈ શકે ? અર્થાત્ થઈ શકે.

ભાવાર્થ :- પૂર્વપક્ષીને ગ્રંથકાર કહે છે કે, પ્રતિક્ષણ અંશથી ક્ષય પામવાના સ્વભાવવાળું કર્મ ક્યારેક સ્વભાવથી જ સંપૂર્ણ નાશ પામી જાય છે; તો તેના પૂર્વમાં તે કર્મ સ્વભાવથી સંપૂર્ણ નાશ કેમ ન પામ્યું? અર્થાત્ નાશ પામવું જોઈએ. કેમ કે કર્મક્ષયના કારણરૂપે ઉપક્રમની સામગ્રીને તમે સ્વીકારતા નથી, અને જો તમે ઉપક્રમ સામગ્રીની અપેક્ષાએ થયો છે તેમ કહેશો તો, જે આયુષ્યનો ભોગથી ક્ષય થાય છે અને જે આયુષ્યનો ભોગથી ઈતર એવી સામગ્રીના કારણે ક્ષય થાય છે તે વૈલક્ષણ્યથી, સોપક્રમ અને નિરુપક્રમનો વિભાગ સંગત થશે.

ટીકાર્થ :- '**तावत्कालम्**' અહીં પૂર્વપક્ષી પોતાની વાતનું સમર્થન કરતાં આ પ્રમાણે કહે કે, સામગ્રીને આશ્રયીને કર્મનો નાશ થતો નથી પરંતુ તેટલો કાળ અંશથી ક્ષય પામીને જ પછી આયુષ્યનો સર્વથા ક્ષય થવાનો સ્વભાવ છે, (તેથી પૂર્વે એનો સર્વથા ક્ષય થતો નથી). તેને ગ્રંથકાર કહે છે કે, આ રીતે બૌદ્ધમતને સ્વીકારતા એવા તમને તેટલા કાળ સુધી તે તે ભવની અવસ્થિતિની પણ સ્વભાવથી જ ઉપપત્તિ હોતે છતે આયુષ્યકર્મની ચર્ચાથી સર્યું.

ભાવાર્થ :- '**तावत्कालम्**' થી પૂર્વપક્ષીએ સ્વકથનનું સમર્થન કરતાં કહ્યું કે, સામગ્રીને આશ્રયીને તેટલા કાળ સુધી અંશથી ક્ષય પામીને આયુષ્યના સંપૂર્ણપણે ક્ષય પામવાનો સ્વભાવ છે તેથી, જ્યારે તમને બાહ્યસામગ્રીથી આયુષ્યનો નાશ થતો દેખાય છે ત્યારે, વસ્તુતઃ સામગ્રીથી તેનો નાશ થતો નથી; પરંતુ બંધાયેલા આયુષ્યકર્મનો તેવો સ્વભાવ જ છે કે, કેટલાક કાળ સુધી અંશથી ક્ષય પામે અને પછી સંપૂર્ણપણે ક્ષય પામે; માટે સોપક્રમ-નિરૂપક્રમ એવો વિભાગ નથી. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારે જે '**नूनं**'થી કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, જેમ બાહ્ય કારણોનો અપલાપ કરીને પૂર્વપક્ષી આયુષ્યકર્મનો તેવો સ્વભાવ સ્વીકારે છે, તો અંતરંગ કારણરૂપ કર્મનો પણ અસ્વીકાર કરીને જીવનો તેવો સ્વભાવ માનવાથી તે તે ભવમાં અવસ્થિતિ પણ સંગત થઈ જશે. માટે સૌગતમતને અનુસરનારા એવા તમને અંતરંગકારણરૂપ કર્મ માનવાની જરૂર નહિ રહે.

સિદ્ધાંતકાર પૂર્વપક્ષીને અન્ય દોષ આપતાં કહે છે-

ટીકાર્થ :- '**किञ्च**'= વળી આનું=આયુષ્યકર્મનું, (શરૂઆતમાં અંશથી નાશ પામવું, અને પછી સર્વથા નાશ પામવું, આવું) સ્વભાવવૈલક્ષણ્ય શાનાથી ઘટશે?

ભાવાર્થ :- '**किञ्च**'થી સિદ્ધાંતકારે અન્ય દોષ આપ્યો તેનું તાત્પર્ય એ છે કે, પૂર્વપક્ષીએ કર્મનો સોપક્રમ-નિરુપક્રમ વિભાગ સ્વીકાર્યો નથી, અને જ્યાં શીઘ્ર આયુષ્ય ક્ષય પામે છે ત્યાં અન્ય કરતાં તેના આયુષ્યનું સ્વભાવવૈલક્ષણ્ય સ્વીકારે છે, તેને ગ્રંથકાર પૂછે છે કે તે કર્મનું સ્વભાવવૈલક્ષણ્ય શાનાથી છે?

ટીકાર્થ :- '**न च**'- પૂર્વપક્ષી કહે છે કે આ પ્રયોજન પ્રશ્ન છે કે હેતુ પ્રશ્ન છે? જો તમે પ્રયોજન પ્રશ્ન કહેતા હો તો બરાબર નથી, કેમ કે પ્રયોજનભેદની વ્યવસ્થિતિનું પ્રસિદ્ધપણું છે. અને હેતુ પ્રશ્ન કહેતા હો તો તે પણ અસંગત છે, કેમ કે સ્વભાવનું અકાર્યપણું છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, એ પ્રમાણે ન કહેવું, કેમ કે આનું=અમે પૂછેલા પ્રશ્નનું, પ્રમાણપ્રશ્નપણું છે.

ભાવાર્થ :- પૂર્વપક્ષીએ '**नाद्यः**'માં હેતુ કહ્યો કે, પ્રયોજનભેદની વ્યવસ્થિતિનું પ્રસિદ્ધપણું છે, તેનું તાત્પર્ય એ છે કે, એક વ્યક્તિનું આયુષ્ય ક્રમસર નાશ પામે છે અને અન્ય વ્યક્તિનું આયુષ્ય પ્રતિક્ષણ નાશ પામતાં પામતાં પછી એકી સાથે સંપૂર્ણ નાશ પામે છે; આ બે પ્રકારની વસ્તુસ્થિતિને માનવાની વ્યવસ્થા કરવારૂપ પ્રયોજન પ્રસિદ્ધ જ છે. તેથી સ્વભાવવૈલક્ષણ્ય કેમ છે? એવો પ્રશ્ન થઈ શકતો નથી.

'**न द्वितीयः**'માં પૂર્વપક્ષીએ હેતુ કહ્યો કે, સ્વભાવનું અકાર્યપણું છે. તેનું તાત્પર્ય એ છે કે, સ્વભાવ કાર્યાત્મક ન હોવાથી તેના હેતુઓ હોતા જ નથી, અર્થાત્ સ્વભાવવૈલક્ષણ્ય કેમ છે એમાં કોઈ હેતુ હોઈ શકે નહિ, જેમ જીવ અને અજીવનો સ્વભાવ વિલક્ષણ કેમ છે તેમાં કોઈ હેતુ નથી. તો પછી હેતુ પ્રશ્ન પણ શી રીતે હોઈ શકે?

'**न च वाच्यं**'થી સિદ્ધાંતકારે તેનો ઉત્તર આપ્યો કે, અમારો પ્રશ્ન પ્રયોજન પ્રશ્ન નથી કે હેતુ પ્રશ્ન નથી પરંતુ પ્રમાણપ્રશ્ન છે. તેનું તાત્પર્ય એ છે કે, સ્વભાવવૈલક્ષણ્ય માનવા માટે પ્રમાણ શું છે? તે અમે પૂછીએ છીએ, અર્થાત્ કોઈ પ્રમાણ નથી એમ અમે કહીએ છીએ.

ઉત્થાન :- સિદ્ધાંતકારે પૂર્વમાં પૂર્વપક્ષીને કહ્યું કે, આયુષ્યનો સ્વભાવ બે પ્રકારનો છે, તેમાં કાર્ય-કારણભાવ વગર તેવા પ્રકારના સ્વભાવને ગ્રહણ કરવામાં કોઈ પ્રમાણ નથી. તેની જ પુષ્ટિ કરતાં કહે છે-

ટીકાર્થ :- 'न च विना' કાર્ય-કારણભાવ વગર તથાસ્વાભાવ્યગ્રાહક=તેવા પ્રકારના સ્વભાવનો ગ્રાહક, પ્રમાણ કોઈ નથી. અન્યથા=કાર્ય-કારણભાવના ગ્રહણ કર્યા વગર પણ કોઈ અન્ય પ્રમાણથી સ્વભાવનું ગ્રહણ થઈ શકતું હોય તો, દંડમાં ઘટકારણતાને ગ્રહણ કર્યા વિના પણ 'દંડથી જ ઘડો બને છે' એ પ્રમાણે સ્વભાવગ્રહનો પ્રસંગ આવશે.

ઉત્થાન :- અહીં પૂર્વપક્ષી કહે છે કે, કાર્ય-કારણભાવ જ સ્વભાવગ્રાહક પ્રમાણ છે, એવી તમારી વાત યુક્ત નથી; કેમ કે જલ શીત છે એ જાતની પ્રતીતિ કાર્ય-કારણભાવના ગ્રહ વગર થાય છે, તેમ તેવા પ્રકારના સ્વભાવથી જ આયુષ્યકર્મનું સ્વભાવવૈલક્ષણ્ય ઘટી શકે છે. આ કહેવાનું તાત્પર્ય એ છે કે, જલ કારણ છે અને જલનું શૈત્ય કાર્ય છે એવો નિર્ણય જેમને થયો નથી તેમને પણ, જલ શીત છે એ જાતની પ્રતીતિ થઈ શકે છે; તેમ આયુષ્યકર્મના સ્વભાવવૈલક્ષણ્યનો ગ્રહ પણ, કાર્ય-કારણભાવ વગર થઈ શકે છે. તેથી ગ્રંથકાર કહે છે-

ટીકાર્થ :-'जलं' - જલ શીત છે ઈત્યાદિમાં પણ કારણત્વગ્રહઆધીન ગ્રહવાળો શીતસમવાયસ્વભાવ જ પ્રતીતિનો વિષય છે, પરંતુ જલનો જ શૈત્ય એ પ્રકારનો સ્વભાવ પ્રતીતિનો વિષય નથી. **'इति'** કથનની સમાપ્તિસૂચક છે.

ભાવાર્થ :- પૂર્વમાં કહ્યું કે આયુષ્યના સ્વભાવનું વૈલક્ષણ્ય કેમ છે? ત્યાં ગ્રંથકારે કહ્યું કે, અમારો આ પ્રશ્ન પ્રમાણપ્રશ્ન છે. તેનાથી એ પ્રાપ્ત થયું કે, આયુષ્યના સ્વભાવનું વૈલક્ષણ્ય સ્વીકારવામાં પ્રમાણ શું છે? અર્થાત્ કાર્ય-કારણભાવના સ્વીકાર વગર આયુષ્યના સ્વભાવવૈલક્ષણ્યમાં પ્રમાણ કોઈ નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે, બે જીવોનું આયુષ્ય સમાન સ્થિતિવાળું છે. આમ છતાં, એક વ્યક્તિ ક્રમસર ભોગવીને પૂર્ણ આયુષ્ય ક્ષય કરે છે અને બીજી વ્યક્તિ ક્રમસર અડધું આયુષ્ય ભોગવ્યા પછી બાકીનું એકી સાથે ભોગવી લે છે.તેમ સ્વીકારવામાં પ્રમાણ શું? અર્થાત્ કોઈ પ્રમાણ નથી.

અહીં પૂર્વપક્ષીનું કહેવું એ છે કે, બે જીવોએ સરખી સ્થિતિનું આયુષ્ય બાંધ્યું હોવા છતાં પણ, તે બંને વ્યક્તિના આયુષ્યમાં સ્વભાવનું વૈલક્ષણ્ય છે. આ પ્રમાણેના પૂર્વપક્ષીના કથન સામે ગ્રંથકાર તેને કહે છે કે, બંને વ્યક્તિના આયુષ્યના સ્વભાવમાં વૈલક્ષણ્ય છે તેમાં પ્રમાણ શું છે? અર્થાત્ કાર્ય-કારણભાવના ગ્રહ વગર તેવા પ્રકારનો વિલક્ષણ સ્વભાવનો ગ્રાહક=ગ્રહણ કરનાર, કોઈ પ્રમાણ નથી. અને કાર્ય-કારણભાવને તથાસ્વાભાવ્યગ્રાહક તરીકે પૂર્વપક્ષી સ્વીકારે તો એ પ્રાપ્ત થાય કે, સરખા આયુષ્યવાળા બંને જીવોમાંથી એકને બાહ્ય ઉપક્રમણની સામગ્રી મળી, તેથી તેનું આયુષ્ય પૂર્વે ક્રમસર ભોગવાતું હતું પરંતુ જે અવશિષ્ટ હતું તે શીઘ્ર ભોગવાઈ ગયું; અને જેને ઉપક્રમણની સામગ્રી નથી મળી, તેને ક્રમસર પૂર્ણ આયુષ્ય ભોગવાયું; તે પ્રકારનું બંને વ્યક્તિના આયુષ્યના સ્વભાવનું વૈલક્ષણ્ય કાર્ય-કારણભાવના ગ્રહને કારણે થઈ શકે. અને તે પ્રમાણે પૂર્વપક્ષી સ્વીકારે તો, તેને આયુષ્યના સોપક્રમ અને નિરુપક્રમ વિભાગ સ્વીકારની પ્રાપ્તિનો પ્રસંગ પ્રાપ્ત થાય.

કાર્ય-કારણભાવને માન્યા વગર તેવા સ્વભાવનું ગ્રાહક કોઈ પ્રમાણ નથી, તેની જ પુષ્ટિ કરતાં ગ્રંથકાર

કહે છે કે, જો એવું ન માનો તો દંડમાં ઘટની કારણતાને ગ્રહણ કર્યા વગર દંડથી જ ઘટ થાય છે એ પ્રકારના સ્વભાવગ્રહનો પ્રસંગ પ્રાપ્ત થશે. વસ્તુતઃ દંડને જોવાથી માત્ર દંડનું જ્ઞાન થાય છે, પરંતુ દંડથી જ ઘટ થાય છે એવા પ્રકારના દંડના સ્વભાવનો બોધ થતો નથી; પરંતુ જે વ્યક્તિને દંડમાં ઘટજનકત્વનું જ્ઞાન થાય છે, તે વ્યક્તિને 'દંડથી ઘટ થાય છે' એ પ્રકારના સ્વભાવનું જ્ઞાન થાય છે. આનાથી એ નક્કી થાય છે કે, કાર્ય-કારણભાવના ગ્રહથી જ તેવા પ્રકારના સ્વભાવનું જ્ઞાન થઈ શકે છે.

અહીં પૂર્વપક્ષી કહે કે, દંડને જોવાથી દંડથી ઘટ થાય છે તેવું જ્ઞાન થતું નથી તેથી, તેવા સ્થાનમાં ભલે કાર્ય-કારણભાવના ગ્રહથી=બોધથી, જ તેવા પ્રકારના સ્વભાવનો ગ્રહ=બોધ, થઈ જાય; પરંતુ પાણીને જોતાંની સાથે પાણી શીત હોય છે એ પ્રકારનો બોધ થઈ થાય છે, ત્યાં કાર્ય-કારણભાવના જ્ઞાનની આવશ્યકતા નથી; તે પ્રમાણે આયુષ્યમાં પણ કાર્ય-કારણભાવના બોધ વગર સ્વભાવવૈલક્ષણ્ય સ્વીકારી શકાશે. આ પ્રમાણે પૂર્વપક્ષીના કથનને સામે રાખીને ગ્રંથકાર કહે છે કે, ત્યાં પણ જળ અને શીતતા વચ્ચે કાર્ય-કારણભાવના ગ્રહ =જ્ઞાન, પછી જ **'जलम् शीतम्'** એ પ્રકારનો બોધ થાય છે. તે આ રીતે -

કોઈ વ્યક્તિને એક પાત્રમાં ઠંડુ જળ આપવામાં આવે અને એક પાત્રમાં ઉષ્ણ જળ આપવામાં આવે ત્યારે, ચક્ષુથી તે જુએ તો બંને પાત્રમાં ફક્ત જળનું ગ્રહણ થાય છે, અને આંગળીથી સ્પર્શ કરીને જુએ તો એક પાત્રના જળમાં શીતતાનો અનુભવ થાય છે, જ્યારે અન્ય પાત્રના જળમાં ઉષ્ણતાનો અનુભવ થાય છે; તેથી તેનાથી નિર્ણય થઈ શકે નહિ કે જળ હંમેશાં શીત હોય છે, અને ઉષ્ણ જળમાં જે ઉષ્ણતા છે તે આગંતુક છે; પરંતુ જેને એવું જ્ઞાન હોય કે જળ હંમેશાં શીત જ હોય છે તેને નિર્ણય થઈ શકે કે ઉષ્ણ જળમાં ઉષ્ણતા આગંતુક છે. તે વ્યક્તિને જળ અને શીતતા વચ્ચે કાર્ય-કારણભાવનું જ્ઞાન છે જ. તે આ રીતે -

જળ દ્રવ્ય છે અને તેમાં રહેલી શીતતા એ પર્યાય છે; અને શીતતા પર્યાય પ્રત્યે જળ દ્રવ્ય કારણ છે, પરંતુ ઉષ્ણતા પર્યાય પ્રત્યે જળ દ્રવ્ય કારણ નથી; માટે ઉષ્ણ જળ છે તેમાં ઉષ્ણતા આગંતુક છે, તેથી જ તે વ્યક્તિ કહી શકે કે જળ શીત છે. અને તેને કહેનાર પંક્તિનો ભાવ આ પ્રમાણે છે-

"જળ શીત છે" ઈત્યાદિ પ્રતીતિમાં શીત સમવાય (સંબંધ) સ્વભાવ=(કથંચિત્ તાદાત્મ્યસ્વભાવ) જળમાં છે તેવો બોધ થાય છે. અને તે બોધ જળમાં કારણત્વગ્રહને આધીન થનારો બોધ છે. આથી જ ઉષ્ણ જળમાં શીતસમવાયસ્વભાવ ન હોવાથી જળ શીત છે એવી પ્રતીતિ થતી નથી.

'न तु जलस्यैव शैत्यमिति स्वभावः'=પરંતુ જલનું જ શૈત્ય એ પ્રકારે સ્વભાવનો બોધ થતો નથી એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, જળને જોવામાત્રથી જળના જલત્વ સ્વભાવનો જેમ અનુભવ થાય છે, તેમ શીતતાના સ્વભાવનો અનુભવ થતો હોય તો જળ ક્યારે પણ ઉષ્ણ પ્રાપ્ત થાય નહિ. જેમ જળમાં હંમેશાં જલત્વસ્વભાવનું ગ્રહણ થાય છે, તેમ જળમાં શીતસ્વભાવનું ગ્રહણ તે રીતે થતું નથી, પરંતુ જળમાં શીતના સંબંધના સ્વભાવનો ગ્રહ થાય છે; તેથી જ્યારે આગંતુક ઉષ્ણતા જળમાં પ્રતીત થતી હોય ત્યારે પણ, કાર્ય-કારણભાવના બોધના બળથી તે વ્યક્તિ કહી શકે કે પ્રસ્તુત જળનો પણ શીતસમવાયસ્વભાવ છે, આમ છતાં, આગંતુક ઉષ્ણતાને કારણે જલમાં શીતતાની પ્રતીતિ પ્રતિબંધિત થાય છે.

❀ **'जलस्य'** માં ષષ્ઠી વિભક્તિ છે તેનો સંબંધ **'स्वभाव'** સાથે છે, અને તે સ્વભાવનું સ્વરૂપ **'शैत्यम्'**= શીતળતા છે. અર્થાત્ જલનો શૈત્ય એ પ્રકારનો સ્વભાવ છે.

ઉત્થાન :- પૂર્વમાં જળના શીત સ્વભાવના બોધમાં પણ કાર્ય-કારણભાવના બોધની આવશ્યકતા સ્થાપી તેથી એ સિદ્ધ થયું કે, કાર્ય-કારણભાવના ગ્રહણથી જ તથાસ્વભાવનું ગ્રહણ થઇ શકે છે. તેના નિરાકરણરૂપે '**अथ**'થી પૂર્વપક્ષી કહે છે -

ટીકાર્થ :- '**अथ**' કાર્ય-કારણભાવના ગ્રાહકથી જ તથાસ્વભાવનો ગ્રહ હો, પરંતુ વચમાં કાર્ય-કારણભાવના ગ્રહની શું જરૂર છે? આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર તેનો ઉત્તર આપતાં કહે છે- તારી વાત સાચી છે(પરંતુ) નિયતપૂર્વઅવધિમત્ત્વ સ્વભાવનું જ કારણપણું છે, એ પ્રમાણે અન્યત્ર વિસ્તાર કરેલ છે.

ભાવાર્થ :- '**अथ**'થી પૂર્વપક્ષીનો કહેવાનો આશય એ છે કે, દંડને જોવાથી દંડમાત્રનું જ્ઞાન થાય છે; પરંતુ જેને ઘટની સાથે નિયતપૂર્વઅવધિમત્ત્વસ્વભાવરૂપે દંડનું જ્ઞાન થાય છે, તે જ્ઞાન પોતે જ કાર્ય-કારણભાવનું ગ્રાહક છે; અને તેનાથી દંડ અને ઘટની વચમાં કાર્ય-કારણભાવનું ગ્રહણ થાય છે, અને તે કાર્ય-કારણભાવના ગ્રહણથી જ દંડમાં ઘટજનકત્વસ્વભાવનું ગ્રહણ થઇ જાય છે; એમ તમે માનો છો. પરંતુ તે ત્રણ સ્થાનો માનવાને બદલે દંડમાં નિયતપૂર્વઅવધિમત્ત્વસ્વભાવરૂપ કાર્ય-કારણભાવના ગ્રાહકથી જ દંડમાં ઘટજનકત્વ સ્વભાવનું ગ્રહણ થઇ જાય છે, આ રીતે સ્વીકારી લેવાથી, કાર્ય-કારણભાવના ગ્રહણ વગર પણ દંડમાં સ્વભાવવૈલક્ષણ્યનું જ્ઞાન થઇ જશે. અર્થાત્ જલ આદિમાં ઘટજનકત્વસ્વભાવ નથી અને દંડમાં ઘટજનકત્વસ્વભાવ છે એ રૂપ સ્વભાવવૈલક્ષણ્યનો બોધ દંડમાં થઇ જશે.

પૂર્વપક્ષીને ગ્રંથકાર કહે છે કે તારી વાત સાચી છે, એમ કહીને ગ્રંથકારને એ કહેવું છે કે, આ રીતે પૂર્વપક્ષી ત્રણ સ્થાનોને બતાવીને કાર્ય-કારણભાવના બોધ વગર તથાસ્વભાવના બોધને સ્થાપન કરે છે તે તેની વાત સાચી છે, પરંતુ વસ્તુતઃ કાર્ય-કારણભાવના ગ્રાહકથી જ તથાસ્વભાવનું ગ્રહણ પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું છે તે આ રીતે- કાર્ય-કારણભાવના ગ્રાહક તરીતે દંડમાં રહેલ ઘટનિયતપૂર્વાવધિમત્ત્વ સ્વભાવને તે ગ્રહણ કરે છે, અને તે કારણરૂપે જ છે. તેથી એ પ્રાપ્ત થાય કે, દંડમાં ઘટની કારણતાના જ્ઞાનથી જ જલાદિ કરતાં ઘટના વિલક્ષણ સ્વભાવને તે ગ્રહણ કરે છે. તેથી એ જ સિદ્ધ થાય છે કે, કાર્ય-કારણભાવના જ્ઞાનથી જ તથાસ્વભાવનો બોધ થાય છે, અને તેમ સ્વીકારવાથી એ પ્રાપ્ત થાય કે સ્વભાવથી કાર્ય થતું નથી, પણ કારણની અપેક્ષાએ જ કાર્ય થાય છે. અને તેમ માનવાથી સમાન આયુષ્યવાળા બે જીવોમાંથી એકને ઉપક્રમ સામગ્રી મળવાને કારણે આયુષ્યનું અપવર્તન થયું, અને અન્યને ઉપક્રમ સામગ્રી ન મળવાને કારણે અપવર્તન થયું નહીં. તેથી કર્મ સોપક્રમ અને નિરુપક્રમરૂપે સિદ્ધ થાય છે.

ટીકા :- तस्मादपवर्त्तनावदुदीरणाकरणमपि वीर्यजन्यमेवेति व्यवस्थितं, एवं च तन्मात्रादुखोदीरणप्रसङ्गे सुखोदीरणप्रसङ्गोऽपि भगवतां दुर्निवारः॥१०१॥

ટીકાર્થ :- '**तस्मात्**' તે કારણથી=પૂર્વમાં કહ્યું કે કર્મનું ઉદીરણ વીર્ય વિના થતું નથી, કેમ કે ઉદીરણા એ કરણ છે અપવર્તનાની જેમ. ત્યાં પૂર્વપક્ષીએ કહ્યું કે, અપવર્તના પણ કર્મના તથાસ્વભાવથી થાય છે વીર્યથી નહિ. તેનું

નિરાકરણ કરીને ગ્રંથકારે સિદ્ધ કર્યું કે, અપવર્તના વીર્યથી થાય છે, તે કારણથી, અપવર્તનાની જેમ ઉદીરણાકરણ પણ વીર્યજન્ય જ છે, એ પ્રકારે વ્યવસ્થિત છે.

ઉત્થાન :- પૂર્વમાં કહ્યું એનાથી એ પ્રાપ્ત થયું કે, ઉદીરણા વીર્યથી થાય છે અને કેવલીને પણ તીર્થંકરનામકર્મની ઉદીરણા થાય છે તે દિગંબરને પણ અભિમત છે, તેથી કેવલીને વીર્યની પ્રવૃત્તિ છે; તે જ રીતે વીર્યની પ્રવૃત્તિ હોવાને કારણે ભગવાનને વચનમાં ઉપદેશને અનુકૂળ પ્રયત્ન છે તેની સિદ્ધિ થશે, તે પૂર્વપક્ષીને માન્ય નથી. તેથી તે કહે કે, પ્રયત્ન ઈચ્છાથી થાય છે. કેવલીને વાક્પ્રયત્ન માનશો તો વાક્પ્રયત્નજન્ય ખેદલેશ થશે, તેથી તેની ઉદીરણા પ્રાપ્ત થશે. પરંતુ ભગવાનમાં ખેદરૂપ અશાતાની ઉદીરણા સિદ્ધાંતકારને સંમત નથી. તેથી પૂર્વપક્ષી કહે છે કે, જો તમને અશાતાની ઉદીરણા સંમત ન હોય તો, વાક્પ્રયત્ન પણ કેવલીમાં માનવો જોઈએ નહિ. તેથી ગ્રંથકાર કહે છે-

ટીકાર્થ :- 'एवं च' આ રીતે અર્થાત્ ઉદારણા વીર્યજન્ય છે એ રીતે તન્માત્રથી=ઉપદેશને અનુકૂળ વાક્પ્રયત્નરૂપ વીર્ય પ્રવર્તનમાત્રથી, દુઃખની ઉદીરણાના પ્રસંગમાં સુખની ઉદીરણાનો પ્રસંગ પણ ભગવાનને દુર્નિવાર છે.**॥૧૦૧॥**

ભાવાર્થ :- જો પૂર્વપક્ષી કહે કે કેવલીને વચનપ્રયત્ન સ્વીકારશો તો બોલવાના શ્રમરૂપ દુઃખનો ઉદય માનવો પડશે તેથી દુઃખની ઉદીરણાનો પ્રસંગ પ્રાપ્ત થશે, તો પૂર્વપક્ષીને સુખનો ઉદય કેવલીમાં અભિમત છે, તેથી પૂર્વપક્ષીને પણ કેવલીમાં સુખની ઉદીરણા માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. અને પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે સુખનો ઉદય હોવા છતાં પ્રમાદ નહિ હોવાને કારણે સુખની ઉદીરણા કેવલીમાં નથી, તો વાક્પ્રયત્નને કારણે દુઃખનો ઉદય હોવા છતાં દુઃખની ઉદીરણા કેવલીમાં નથી, એ પ્રકારે સિદ્ધાંતકારનું કહેવું છે. **॥૧૦૧॥**

ઉત્થાન :- પૂર્વમાં કહ્યું કે, વચનપ્રયત્નના વીર્યમાત્રથી જ કેવળીઓને અશાતાવેદનીયની ઉદીરણા થવાનું જો માનીએ, તો શાતાવેદનીયની ઉદીરણા પણ માનવાની આપત્તિ દુર્નિવાર જ રહેશે. તેના ઉત્તરરૂપે પૂર્વપક્ષી કહે છે -

અવતરણિકા :- अथ प्रमादरूपहेत्वन्तराभावान्न यत्किञ्चित्कारणमात्रात् सुखोदीरणमिति चेत्? तर्हि तत एव न वाग्निर्गमाद्दुखोदीरणमपि, साताऽसातमनुजायुषां हि प्रमादसहितेनैव योगेनोदीरणमिति वचनादित्याशयवानाह-

અવતરણિકાર્થ :- પ્રમાદરૂપ હેત્વંતરનો અભાવ હોવાના કારણે યત્કિંચિત્કારણમાત્રથી સુખની ઉદીરણા નહિ થાય, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો, ગ્રંથકાર **'तर्हि'**થી ઉત્તર આપતાં કહે છે કે, તો પછી તેનાથી જ=પ્રમાદરૂપ હેત્વંતરના અભાવથી જ, વચનનિર્ગમથી=વચનપ્રયત્નથી દુઃખની ઉદીરણા પણ નહિ થાય; કેમ કે શાતા-અશાતા અને મનુષ્યાયુની પ્રમાદ સહિત જ યોગ વડે ઉદીરણા થાય છે એ પ્રમાણે વચન છે, એ પ્રકારે આશયવાળા ગ્રંથકાર કહે છે-

ભાવાર્થ :- પૂર્વપક્ષીનું એ કહેવું છે કે, સુખની ઉદીરણા પ્રત્યે સુખનો ઉદય જેમ કારણ છે તેમ સુખથી અન્ય હેતુ પ્રમાદ પણ કારણ છે. તેથી પ્રમાદરૂપ હેત્વંતરના અભાવને કારણે બે કારણોમાંથી સુખના ઉદયરૂપ યત્કિંચિત્ કારણમાત્રથી ભગવાનને સુખની ઉદીરણા થઈ શકે નહિ. તેને ગ્રંથકાર કહે છે કે, તો પછી પ્રમાદરૂપ હેત્વંતરના અભાવથી જ વચનપ્રયોગને કારણે દુઃખની ઉદીરણા પણ ભગવાનને થશે નહિ. કહેવાનો આશય એ છે કે, દુઃખની ઉદીરણા પ્રત્યે પણ દુઃખનો ઉદય, વચનપ્રયોગની ક્રિયા અને પ્રમાદ એ ત્રણ હેતુઓ છે. તેથી તે ત્રણમાંથી ભગવાનને વચનનો પ્રયોગ અને દુઃખનો ઉદય હોવા છતાં, પ્રમાદરૂપ હેતુ નહિ હોવાથી દુઃખની ઉદીરણા થશે નહિ. કેમ કે શાસ્ત્રમાં કહ્યું છે કે પ્રમાદસહિત જ યોગ દ્વારા શાતા-અશાતા અને મનુષ્ય-આયુષ્યની ઉદીરણા થાય છે.

ગાથા :- **खेओ णोईरिज्जइ केवलिजोगेहि तो विणु पमायं ।**
तुल्लुदयहेउपभवो दीसइ पुण सोवि तत्तुल्लो ॥१०२॥

(खेदो नोदीर्यते केवलियोगैस्तद्विना प्रमादम् । तुल्योदयहेतुप्रभवो दृश्यते पुनः सोऽपि तत्तुल्यः ॥१०२॥)

ગાથાર્થ :- પ્રમાદ વગર કેવલીના યોગો વડે ખેદ ઉદીરિત થતો નથી=ઉદીરણાને પ્રાપ્ત થતો નથી. તે કારણથી તુલ્ય ઉદયહેતુથી પ્રભવવાળો તે પણ=ખેદનો ઉદય પણ, તત્ તુલ્ય=ઉદીરિત તુલ્ય દેખાય છે.

☞ મૂળ ગાથામાં **'तत् विना प्रमादम्'** અહીં **'तत्'** છે તે **'तस्मात्'** અર્થક છે.

ટીકા :- केवलिनां योगाः खलूदीरणां प्रति सामान्यहेतूभवन्तोऽपि प्रमादघटितविशेषसामग्रीं विना न खेदमुदीरयितुं प्रभवेयुः। यस्तु 'खेदविनोदो भगवतोऽपि भवति' इत्यादिना वाग्निर्गमजन्यः खेदो भगवतां प्रतिपाद्यते स तु वस्तुत उदयार्जितोऽपि तुल्यहेतुबललब्धजन्मतयोदीरित इव लक्ष्यते न तु परमार्थ-तस्तथाविध इति।

ટીકાર્થ :- 'केवलिनां' કેવલીના યોગો ઉદીરણા પ્રત્યે સામાન્ય હેતુ હોવા છતાં પણ પ્રમાદઘટિત વિશેષ સામગ્રી વગર ખેદને ઉદીરવા માટે સમર્થ નથી. જે વળી "ભગવાનને પણ ખેદનો પરિહાર હોય છે" ઇત્યાદિથી ભગવાનને વચનનિર્ગમજન્ય =વચનપ્રયત્નજન્ય, ખેદ પ્રતિપાદન કરાય છે, તે પણ વસ્તુતઃ ઉદયથી અર્જિત હોવા છતાં પણ અર્થાત્ અશાતાના ઉદયથી થયેલ હોવા છતાં પણ, તુલ્યહેતુબળથી પ્રાપ્ત જન્મપણાથી ઉદીરિત જ જણાય છે, પરંતુ પરમાર્થથી તેવા પ્રકારનો નથી અર્થાત્ ઉદીરિત નથી.

ભાવાર્થ :- ઉદીરણાના સામાન્યથી કારણભૂત એવા કાયયોગાદિ, પ્રમાદઘટિત વિશેષ સામગ્રી સંપન્ન ન હોવાના કારણે કેવલીઓને ખેદોદીરણા કરવામાં સમર્થ થતા નથી. "ભગવાનને પણ ખેદનો વિનોદ= અનુભવ હોય છે" એવા વચનથી ભગવાનને જે વચનપ્રયત્નજન્ય ખેદ કહ્યો છે તે પણ વાસ્તવિક રીતે તો અશાતાના ઉદયથી

જ થયેલો હોય છે; છતાં ઉદયના જે હેતુઓ છે તેના તુલ્ય જ ઉદીરણાના પ્રાયઃ હેતુ છે તેથી, તુલ્યહેતુના બળથી લબ્ધજન્મવાળો ભગવાનનો ખેદ હોવાને કારણે ઉદીરિત જેવો જણાય છે, પરંતુ ભગવાનને પ્રમાદ નહિ હોવાને કારણે પરમાર્થથી ઉદીરિત નથી.

'उदीरणां प्रति' ઉદીરણા પ્રત્યે યોગ સામાન્ય હેતુ છે, અને ખેદ પ્રત્યે=ખેદની ઉદીરણા પ્રત્યે, પ્રમાદઘટિત યોગ હેતુ છે. જેમ કાર્યમાત્ર પ્રત્યે આકાશ સામાન્ય કારણ છે અને ઘટરૂપ કાર્ય પ્રત્યે દંડ વિશેષ કારણ છે, તેમ ઉદીરણારૂપ કાર્ય પ્રત્યે યોગ સામાન્ય હેતુ છે અને ખેદની ઉદીરણા પ્રત્યે પ્રમાદઘટિત યોગ હેતુ છે, તેથી કેવલીને ખેદનો ઉદય હોવા છતાં ઉદીરણા નથી. અહીં પ્રમાદઘટિત વિશેષ સામગ્રી કહી તે જીવના અધ્યવસાયરૂપ ગ્રહણ કરવાની છે. કેવલીને પ્રમાદઘટિત અધ્યવસાયરૂપ વિશેષ સામગ્રી નહિ હોવાના કારણે ખેદની ઉદીરણા થતી નથી.

'तुल्यहेतुबल...' અહીં તુલ્યહેતુબલલબ્ધ જન્મપણું હોવાને કારણે ખેદ ઉદીરિત જેવો જણાય છે એમ કહ્યું, તેનો ભાવ એ છે કે, સામાન્ય રીતે જ્યાં જ્યાં બોલવાની ક્રિયા થાય છે ત્યાં ત્યાં અશાતાનો ઉદય થાય છે, અને અશાતાની ઉદીરણા પણ થાય છે. તેથી અશાતાના ઉદયના જે હેતુ છે તે જ હેતુ અશાતાની ઉદીરણાના પણ છે, તેથી અશાતાની ઉદીરણાનો હેતુ એવો વાણીનો પ્રયોગ છે. તેના બળથી જ ભગવાનને ખેદ ઉત્પન્ન થયેલો છે. કેમ કે બોલવાની ક્રિયા એ ખેદના ઉદયનું કારણ છે, તેમ સામાન્યથી ખેદની ઉદીરણાનું પણ કારણ છે. આમ છતાં, પ્રમાદરહિત અવસ્થામાં તે બોલવાની ક્રિયા ખેદના ઉદયરૂપ હોવા છતાં ઉદીરણાનો હેતુ બનતી નથી. માટે ભગવાનને બોલવાની ક્રિયાથી ખેદની ઉદીરણા થતી નથી. જ્યારે સામાન્યથી અન્ય જીવોને બોલવાની ક્રિયાથી ખેદનાં ઉદય અને ઉદીરણા બન્ને હોય છે.

❀ **'तुल्यहेतुबल'**માં તુલ્ય મૂકવાનું પ્રયોજન એ છે કે પ્રમત્ત જીવોને પ્રયત્નથી અશાતાની ઉદીરણા થાય છે તે પ્રયત્નરૂપ તુલ્ય હેતુથી કેવલીને ખેદનો ઉદય થયો છે, તેથી ઉદીરિત જેવો જણાય છે તે બતાવવું છે.

ઉત્થાન :- પૂર્વમાં ગ્રંથકારે સિદ્ધ કર્યું કે, ભગવાનને ખેદનો ઉદય હોવા છતાં ખેદની ઉદીરણા નથી, ત્યાં **'अथ'**થી પૂર્વપક્ષી કહે છે-

ટીકા :- अथ वाक्प्रयोगेण प्रमादमापाद्यैव ततः खेदोदीरणापादनमभिप्रेतमिति चेत्? न, वाक्प्रयोगस्य रागयोगदुष्प्रणिधानादिरूपप्रमादाऽव्याप्यत्वाद् वीतरागप्रवृत्तेर्व्युत्पादितत्वात्॥१०२॥

ટીકાર્થ :- 'अथ' વાક્પ્રયોગ દ્વારા પ્રમાદનું આપાદન કરીને જ, તેનાથી=તમે ભગવાનને ખેદ છે તેમ કહેનારાં જે જે વચનો કહો છો તેનાથી, ખેદની ઉદીરણાનું આપાદન અભિપ્રેત છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. કેમ કે વાક્પ્રયોગનું રાગસ્વરૂપ યોગદુષ્પ્રણિધાનાદિરૂપ પ્રમાદની સાથે અવ્યાપ્યપણું હોવાને કારણે વીતરાગની (વાગ્યોગની) પ્રવૃત્તિનું શાસ્ત્રમાં વ્યુત્પાદિતપણું છે.**॥૧૦૨॥**

❀ **'इति चेत् न'**માં **'वाक्प्रयोगस्य ...व्युत्पादितत्वात्'**હેતુ છે અને **'वीतरागप्रवृत्तेर्व्युत्पादितत्वात्'**માં **वाक्प्रयोगस्य....ऽव्याप्यत्वाद्'** હેતુ છે.

ભાવાર્થ :- પૂર્વપક્ષીનું કહેવાનું તાત્પર્ય એ છે કે, જ્યાં જ્યાં વાક્પ્રયોગ હોય ત્યાં ત્યાં પ્રમાદ છે. તમે ભગવાનને વાગ્યોગ સ્વીકારો છો તેથી તમારા ભગવાનમાં પ્રમાદનું અમે આપાદન કરીએ છીએ. અને તે આપાદન કરીને જ તમે જે જે ભગવાનને ખેદ છે તેમ કહેનારાં શાસ્ત્રવચનો કહો છો, તેનાથી ભગવાનને ખેદની ઉદીરણાનું આપાદન અમને અભિપ્રેત છે. તેથી તમારા ભગવાનને ખેદની ઉદીરણાની આપત્તિ આવશે. આ પ્રકારના પૂર્વપક્ષીના કથન સામે ગ્રંથકાર કહે છે કે, આ તારી વાત બરાબર નથી, કેમ કે રાગ એ યોગના દુષ્પ્રણિધાનાદિરૂપ પ્રમાદ પદાર્થ છે. તેવો પ્રમાદ વાગ્યોગની સાથે અવિનાભાવી નથી, તેથી જ શાસ્ત્રમાં વાગ્યોગમાં વીતરાગની પ્રવૃત્તિ કહેલ છે. જો વચનપ્રયોગ સાથે પ્રમાદ અવિનાભાવી હોત, તો વચનપ્રયોગમાં ભગવાનની પ્રવૃત્તિ શાસ્ત્ર કહેત નહિ. પરંતુ તેવી વ્યાપ્તિ નહિ હોવાને કારણે જ શાસ્ત્રકારો વીતરાગની પ્રવૃત્તિ વચનયોગમાં સ્વીકારે છે.**॥૧૦૨॥**

અવતરણિકા :- અથૈવં ભગવતાં વાક્પ્રયોગાત્ કથંચિત્ ખેદોત્પત્તાવપિ તદનુદીરણોક્તેર્ભુક્ત્યાપિ ક્ષુન્નિવૃત્તિજન્યસુખોત્પત્તાવપિ તદનુદીરણસૂચનક્ષમાયાઃ ફલમાહ-

અવતરણિકાર્થ :- 'અથ'થી ગ્રંથકાર કહે છે - આ પ્રમાણે ભગવાનને વચનપ્રયોગથી કથંચિત્ ખેદની ઉત્પત્તિ હોવા છતાં પણ, તેની=ખેદની, અનુદીરણાની ઉક્તિ હોવાને કારણે, ભુક્તિથી=ભોજનથી, પણ ક્ષુધાની નિવૃત્તિજન્ય સુખની ઉત્પત્તિ હોવા છતાં પણ, તેની=સુખની, અનુદીરણાના સૂચનરૂપ ફળને કહે છે -

❀ **'તદનુદીરણોક્તેઃ'**, ષષ્ઠી વિભક્તિ છે, તેનો અન્વય **'તદનુદીરણસૂચનફલમાહ'**ની સાથે છે. મુ.પુ.માં **'તદનુદીરણસૂચનક્ષમાયાઃ ફલમાહ'** પાઠ છે ત્યાં **'તદનુદીરણસૂચનફલમાહ'** પાઠ સંગત લાગે છે. **'ક્ષમાયાઃ'** પદનો પ્રયોગ વધારે ભાસે છે. **"તદનુદીરણસૂચન"** એ ફલનું વિશેષણ છે અને ફલના સ્વરૂપને બતાવે છે.

ભાવાર્થ :- ભોજન કરવાથી ક્ષુધાના દુઃખની નિવૃત્તિ થાય છે, તેનાથી સુખની ઉત્પત્તિ થાય છે, તેનાથી સુખની ઉદીરણા થાય છે; માટે કેવલીને ભોજન સ્વીકારીએ તો કેવલીને સુખની ઉત્પત્તિ હોવા છતાં પણ તેની=સુખની, અનુદીરણાના સૂચનરૂપ ફળને કહે છે -

ગાથા :- **भुत्तीइ सुहुप्पत्ती तं पुण जोगादुदीरियं होज्जा ।**
एसा परजुत्तिलया एएण पकंपिया णेया ॥१०३॥

(भुक्त्या सुखोत्पत्तिस्तत्पुनर्योगादुदीरितं भवेत् । एषा परयुक्तिलता एतेन प्रकम्पिता ज्ञेया ॥१०३॥)

ગાથાર્થ :- ભુક્તિથી=ભોજનથી, સુખની ઉત્પત્તિ થાય છે. તે વળી યોગથી ઉદીરિત થાય. આ પરની=વાદીની, યુક્તિરૂપી લતા આનાથી=પ્રમાદ વિના કેવલીના યોગો વડે ખેદની ઉદીરણા થતી નથી આનાથી, પ્રકંપિત જાણવી.

ટીકા :- સ્પષ્ટા ॥૧૦૩॥

ટીકાર્થ :- સ્પષ્ટ છે.**॥૧૦૩॥**

ભાવાર્થ :- ભોજન કરવાથી ક્ષુધાના દુઃખની નિવૃત્તિ થાય છે, તેનાથી સુખની ઉત્પત્તિ થાય છે, તેનાથી સુખની ઉદીરણા થાય છે; માટે કેવલીને ભોજન સ્વીકારીએ તો કેવલીને સુખની ઉદીરણાની આપત્તિ આવે. આ પ્રકારની દિગંબરની યુક્તિરૂપી લતા છે. તે યુક્તિરૂપી લતાથી દિગંબરો સ્થાપન કરે છે કે કેવલી કવલાહાર કરતા નથી. આ યુક્તિલતા પૂર્વ ગાથા-૧૦૨ના કથનથી પ્રકંપિત થાય છે. તે આ રીતે -

પ્રમાદ નહિ હોવાને કારણે વાક્પ્રયોગની જેમ ખેદની ઉદીરણા કેવલીને થતી નથી, તેમ ભોજનથી સુખોત્પત્તિ હોવા છતાં પ્રમાદ નહિ હોવાને કારણે સુખોદીરણાની પ્રાપ્તિ થતી નથી. **॥૧૦૩॥**

અવતરણિકા :- ननु भुक्तिव्यापारेण दुष्प्रणिहिता योगाः प्रमादरूपतामास्कन्दन्तः कथमिव न वेदनीयमुदीरयेयुः? अत एव न तदनुदीरकाणां सप्तमगुणस्थानवर्त्तिनामपि कवलाहारक्रीडाव्रीडावगुण्ठनमिति कुतस्तरामुत्तरोत्तरगुणस्थानप्रणयिनां तदित्याशङ्क्यायामाह-

અવતરણિકાર્થ :- '**ननु**'થી પૂર્વપક્ષી કહે છે કે, ભુક્તિવ્યાપારથી દુષ્પ્રણિહિતયોગો પ્રમાદરૂપતાને પામતાં કેમ વેદનીયની ઉદીરણા ન કરે? આથી કરીને જ=ભોજનવ્યાપારથી દુષ્પ્રણિહિત યોગો પ્રમાદરૂપતાને પામે છે આથી કરીને જ, તદનુદીરક=વેદનીયના અનુદીરક, સાતમા ગુણસ્થાનકે રહેલાઓને પણ કવલાહારની ક્રીડા કરવાથી થતી લજ્જાનું અવગુંઠન હોતું નથી.=કવલાહારની ક્રિયા હોતી નથી. એથી કરીને ઉત્તરોત્તર ગુણસ્થાનકવાળાને ક્યાંથી '**तत्**=તે=કવલાહાર, હોઈ શકે? એ પ્રમાણે આશંકામાં કહે છે-

ગાથા :- **ण य दुप्पणिहाणंपि हु केवलिजोगाण होइ भुत्तीए ।**
तं रागद्दोसकयं ते पुण तेसिं विलीणेति ॥१०४॥

(न च दुष्प्रणिधानमपि केवलियोगानां भवति भुक्त्या । तद्रागद्वेषकृतं तौ पुनस्तेषां विलीनाविति ॥१०४॥)

ગાથા :- **इय सत्तमाइफासगकोडिन्नाईण कवलभोईणं ।**
णेव य दुप्पणिहाणं सुप्पणिहाणस्स माहप्पा ॥१०५॥

(इति सप्तमादिस्पर्शककौडिन्यादीनां कवलभोजिनां । नैव च दुष्प्रणिधानं सुप्रणिधानस्य माहात्म्यात् ॥१०५॥)

ગાથાર્થ :- તે=દુષ્પ્રણિધાન, રાગ-દ્વેષ કૃત છે. વળી તેઓના=કેવલીઓના, તે=રાગ-દ્વેષ, વિલય પામ્યા છે. એથી કરીને ભુક્તિથી કેવલીના યોગોનું દુષ્પ્રણિધાન પણ થતું નથી. **॥૧૦૪॥**

ગાથાર્થ :- એથી કરીને કવલભોજી એવા સાતમા વગેરે ગુણસ્થાનકોને સ્પર્શ કરનારા કૌડિન્યાદિ તાપસોને સુપ્રણિધાનના માહાત્મ્યથી દુષ્પ્રણિધાન હોતું નથી. ॥૧૦૫॥

ટીકા :- न खलु कवलाहारव्यापारमात्रेण योगानां दुष्प्रणिधानं, अपि तु तदभिष्वङ्गपरिणामेन, अत एव दुष्प्रणिधानदुष्प्रयुक्तयोर्भेदः, इति कथं निरभिष्वङ्गाणां भुक्तिमात्रादेव प्रमादः?! न खलु शुभयोग-मुदीरयन्तः प्रमत्तगुणस्थानवर्त्तिनोऽपि दुष्प्रयुञ्जते किं पुनर्वीतरागाः?! इति। न चैवं शुभयोगोदीरणदशायां योगदुष्प्रणिधानरूपप्रमत्तत्वहानिप्रसङ्गः, योगदुष्प्रणिधानलिङ्गकान्तर्मुहूर्त्तकपरिणामविशेषस्यैव प्रमत्त-गुणस्थानपदप्रवृत्तिनिमित्तत्वात्।

ટીકાર્થ :- '**न खलु**' કવલાહારના વ્યાપારમાત્રથી યોગોનું દુષ્પ્રણિધાન હોતું નથી, પરંતુ તદ્-અભિષ્વંગપરિણામથી =આહારના અભિષ્વંગપરિણામથી=રાગપરિણામથી, યોગોનું દુષ્પ્રણિધાન થાય છે. આથી કરીને જ=આહારના અભિષ્વંગ પરિણામથી જ યોગોનું દુષ્પ્રણિધાન થાય છે આથી કરીને જ, દુષ્પ્રણિધાન અને દુષ્પ્રયુક્તનો ભેદ છે. એથી કરીને નિરભિષ્વંગ એવા કેવલીઓને ભુક્તિમાત્રથી જ પ્રમાદ કેવી રીતે હોય?

ભાવાર્થ :- અહીં યોગદુષ્પ્રણિધાન એટલે ભગવાનના વચનાનુસાર સાધુઓ યતના કરતા હોય ત્યારે, યતનામાં કોઈ સ્ખલના થાય કે વચનસ્મરણમાં સ્ખલના થાય તે છદ્મસ્થગુણસ્થાનકે રહેલા જીવોનું યોગદુષ્પ્રણિધાન છે.

યોગદુષ્પ્રયુક્ત એટલે સાધુની યતનાપૂર્વકની પ્રવૃત્તિ હોવા છતાં મન-વચન-કાયાના યોગોની વિપરીત પ્રવૃત્તિ તે યોગદુષ્પ્રયુક્ત છે. તે યોગદુષ્પ્રયુક્ત ૧૩મા ગુણસ્થાનક સુધી હોય છે. આથી જ કેવલીથી પણ અશક્યપરિહાર હોય તેવા સ્થાને હિંસા થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે પૂર્ણ યતના કરતા મુનિને પ્રમાદ આપાદક રાગનો પરિણામ નથી, તેથી યોગનું દુષ્પ્રણિધાન નથી. આમ છતાં કોઈ જીવની હિંસા થઈ જાય ત્યારે દુષ્પ્રયુક્ત યોગ હોય છે. એથી કરીને રાગ વગરનાને ભોજનમાત્રથી જ પ્રમાદ કેમ થાય?

ટીકાર્થ :- '**न खलु**' શુભયોગની ઉદીરણા કરતા પ્રમત્તગુણસ્થાનકવર્તી જીવો પણ દુષ્પ્રણિધાન કરતા નથી,તો વીતરાગ કેમ કરે? (અહીં '**दुष्प्रयुञ्जते**' ક્રિયાપદ દુષ્પ્રણિધાન અર્થક છે. '**इति**' કથનની સમાપ્તિ સૂચક છે.) '**न चैवं**' આ રીતે=પ્રમત્તગુણસ્થાનકવર્તી જીવો પણ શુભયોગની ઉદીરણા કરતા દુષ્પ્રણિધાન કરતા નથી, તો વીતરાગ કેમ કરે? એમ કહ્યું એ રીતે, શુભયોગની ઉદીરણદશામાં (પ્રમત્તગુણસ્થાનકવર્તી મુનિઓને) યોગદુષ્પ્રણિધાનરૂપ પ્રમત્તત્વની હાનિનો પ્રસંગ આવશે એમ ન કહેવું, કેમ કે યોગદુષ્પ્રણિધાનલિંગક અન્તર્મુહૂર્તક પરિણામવિશેષનું જ પ્રમત્તગુણસ્થાનકપદપ્રવૃત્તિનિમિત્તપણું છે.

ભાવાર્થ :- જ્યાં જ્યાં પ્રમત્તગુણસ્થાનક હોય ત્યાં ત્યાં યોગદુષ્પ્રણિધાન હોય તેવી વ્યાપ્તિ નથી, પરંતુ જ્યાં જ્યાં યોગદુષ્પ્રણિધાન હોય ત્યાં ત્યાં પ્રમત્તગુણસ્થાનક છે તેવી વ્યાપ્તિ છે. તેથી યોગદુષ્પ્રણિધાન એ પ્રમત્તગુણસ્થાનકનું લિંગ છે. પરંતુ શુભયોગઉદીરણદશામાં મુનિને યોગદુષ્પ્રણિધાન નહિ હોવા છતાં યોગદુષ્પ્રણિધાનથી જણાતો

અંતર્મુહૂર્ત કાલમાનવાળો પરિણામવિશેષ હોય છે. તેથી પ્રમત્તગુણસ્થાનકપદની પ્રવૃત્તિ થઇ શકે છે.

ટીકા :- 'प्रमत्तानां शुभाशुभयोगव्यवस्थाऽसिद्धा' इति पुनरसैद्धान्तिकप्रलपितं''[१] तत्थ णं जे ते पमत्तसंजया ते सुहं जोगं पडुच्च णो आयारंभा जाव अणारंभा, असुहं जोगं पडुच्च आयारंभावि जाव णोअणारंभा'' **त्ति प्रज्ञप्तौ प्रज्ञप्तत्वात्।**

ટીકાર્થ :- 'प्रमत्तानां' પ્રમત્તોને શુભાશુભયોગવ્યવસ્થા અસિદ્ધ છે, એ પ્રમાણે વળી અસૈદ્ધાંતિક પ્રલપિત જાણવું. કેમ કે ત્યાં જેઓ પ્રમત્ત સંયત હોય છે તેઓ શુભયોગને આશ્રયીને આત્મારંભી હોતા નથી, યાવત્ અણારંભી હોય છે, અશુભયોગને આશ્રયીને આત્મારંભી પણ હોય છે, યાવત્ અણારંભી હોતા નથી, એ પ્રમાણે પ્રજ્ઞપ્તિમાં કહ્યું છે.

ભાવાર્થ :- પ્રજ્ઞપ્તિસૂત્રનો સંપૂર્ણ પાઠનો અર્થ આ પ્રમાણે છે- ત્યાં જેઓ પ્રમત્ત સંયત હોય છે તેઓ શુભયોગવાળા હોય ત્યારે આત્મારંભી હોતા નથી, પરારંભી હોતા નથી, ઉભયારંભી હોતા નથી પણ અનારંભી હોય છે. જ્યારે અશુભયોગવાળા હોય છે ત્યારે આત્મારંભી હોય છે, પરારંભી હોય છે, ઉભયારંભી હોય છે પણ અનારંભી હોતા નથી. આ રીતે પ્રજ્ઞપ્તિના પાઠથી પ્રમત્તગુણસ્થાનકવર્તીને શુભાશુભયોગની વ્યવસ્થા પ્રસિદ્ધ છે.

ટીકા :- ननु तथापि माऽस्तु कवलाहारेण योगदुष्प्रणिधानं परंतु शुभयोगरूपस्यापि तस्याऽऽवश्यकादि-व्यापाराणामिवास्तु प्रमत्तगुणस्थानमात्रविश्रान्तत्वमिति चेत्? छद्मस्थानामारम्भं प्रत्यनुमतमेतत्, न तु निष्ठां प्रति, अत एव कौण्डिन्यादयः क्षपकश्रेणिं प्रतिपद्यमानाः सप्तमादिगुणस्थानस्पर्शनां कारङ्कारमेवारब्धं कवलाहारं परिनिष्ठितवन्तः, न च तत्परिनिष्ठया तेषां दुष्प्रणिधानं, सुप्रणिधानस्य बलवत्त्वात्।

ટીકાર્થ :- 'ननु'થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, તો પણ કવલાહારથી યોગનું દુષ્પ્રણિધાન ન થાઓ, પરંતુ આવશ્યકાદિવ્યાપારોની જેમ=શુભયોગરૂપ પણ તેનું પ્રમત્તગુણસ્થાનમાત્ર વિશ્રાંત હો. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે-

'छद्मस्थानाम्'- છદ્મસ્થ જીવોના કવલાહારના આરંભ પ્રત્યે આ=પ્રમત્ત ગુણસ્થાનક, અનુમત છે, પરંતુ આહારક્રિયાની સમાપ્તિ પ્રત્યે નહિ. આથી કરીને જ=આહારનું પ્રમત્તગુણસ્થાનકમાત્રમાં વિશ્રાંતપણું પ્રારંભને આશ્રયીને છે પરંતુ નિષ્ઠાને આશ્રયીને વિશ્રાંતપણું નથી. આથી કરીને જ, ક્ષપકશ્રેણિને સ્વીકાર કરતા કૌડિન્યાદિ તાપસો સપ્તમાદિ ગુણસ્થાનકની સ્પર્શનાને કરતાં કરતાં જ પૂર્વમાં આરબ્ધ એવા કવલાહારની નિષ્ઠાવાળા થયા=સમાપ્તિ કરી, અને તે પરિનિષ્ઠાથી=કવલાહારની ક્રિયાથી, તેઓને દુષ્પ્રણિધાન ન હતું, કેમ કે સુપ્રણિધાનનું બળવાનપણું છે.

---

૧. व्याख्याप्रज्ञप्ति (१-१-१७) तत्र णं ये ते प्रमत्तसंयताः ते शुभं योगं प्रतीत्य नो आत्मारंभाः यावदनारंभाः, अशुभं योगं प्रतीत्य आत्मारंभाऽपि यावत् नोऽनारंभाः।

વિશેષાર્થ :- પૂર્વપક્ષીને એ કહેવું છે કે, સાતમાદિ ગુણસ્થાનકમાં આહારગ્રહણ ક્રિયા માનશો તો પુદ્ગલમાં તે પ્રવૃત્તિ હોવાના કારણે યોગોનું દુષ્પ્રણિધાન ત્યાં પ્રાપ્ત થશે. તેને ગ્રંથકાર કહે છે કે તે બરાબર નથી, કેમ કે આહારગ્રહણકાળમાં સુપ્રણિધાનનું બળવાનપણું છે. અર્થાત્ શાસ્ત્રાનુસારી ક્રિયામાં કોઈ સ્ખલાના ન થાય તેવા પ્રકારના કોઈક સુપ્રણિધાનનું બળવાનપણું હોવાના કારણે, પુદ્ગલમાં પ્રવૃત્તિ હોવા છતાં ત્યાં દુષ્પ્રણિધાન નથી. તેથી કૌડિન્યાદિ તાપસોએ સાતમાદિ ગુણસ્થાનકને સ્પર્શ કરતાં કરતાં જ આહારની ક્રિયા પૂરી કરી હતી.

ટીકા :- ननु तथापि सप्तमादिकगुणस्थान इव त्रयोदश गुणस्थानेप्यारब्धकवलाहारः परिनिष्ठीयतां, न तु पुनः प्रारभ्यतामविशेषादिति चेत्? न, सप्तमादिगुणस्थानानां ध्यानप्रधानानां पूर्वप्रवृत्तव्यापारमात्रावधानव्यग्रत्वेन व्यापारान्तरारम्भे ध्यानधाराविच्छेदप्रसङ्गात्, अन्यत्र च तदभावात्। एतेन स्वल्पकालत्वेन सप्तमगुणस्थाने भोजनाभावे षष्ठगुणस्थानेऽपि तदापत्तिरित्यपास्तम्।

ટીકાર્થ :- 'ननु'થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, તો પણ સપ્તમાદિ ગુણસ્થાનકની જેમ તેરમા ગુણસ્થાનકે પણ પ્રારબ્ધ કવલાહાર સમાપ્ત થાઓ, પરંતુ પ્રારંભ ન જ થાઓ, કેમ કે અવિશેષ છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એ પ્રમાણે ન કહેવું , કેમ કે ધ્યાનપ્રધાન એવા સપ્તમાદિ ગુણસ્થાનકોનું પૂર્વપ્રવૃત્તવ્યાપારમાત્રના અવધાનમાં વ્યગ્રપણું હોવાને કારણે, વ્યાપારાંતરના આરંભમાં=અન્ય વ્યાપારના આરંભમાં, ધ્યાનધારાના વિચ્છેદનો પ્રસંગ આવશે, અને અન્યત્ર=કેવલીમાં, તેનો=ધ્યાનધારાનો, અભાવ છે.

ભાવાર્થ :- ધ્યાનપ્રધાન એવા સાતમા આદિ ગુણસ્થાનકમાં પૂર્વમાં પ્રવૃત્ત જે વ્યાપાર છે તે વ્યાપારમાત્રમાં અવધાન કરવા માટે મુનિ વ્યગ્ર હોય છે, અર્થાત્ તે વ્યાપારમાત્રમાં શાસ્ત્રાનુસારી પરિણામને અતિશય કરવા માટે વ્યગ્ર હોય છે. તેથી તે વ્યાપારને છોડીને અન્ય વ્યાપારનો પ્રારંભ કરે તો ધ્યાનધારાનો વિચ્છેદ પ્રાપ્ત થાય. તેથી સાતમાદિ ગુણસ્થાનકોમાં પૂર્વની પ્રારબ્ધ ક્રિયા હોઈ શકે, પરંતુ નવી ક્રિયાનો પ્રારંભ ત્યાં ન થાય. અને કેવલીમાં ધ્યાનધારાનો અભાવ હોવાથી નવી ક્રિયાનો પ્રારંભ કરવામાં કોઈ આપત્તિ નથી. તેથી તેરમા ગુણસ્થાનકે આહાર ગ્રહણ કરવાની ક્રિયાનો પ્રારંભ થઈ શકે છે.

ટીકાર્થ :- 'एतेन' આનાથી=પૂર્વમાં કહ્યું કે સાતમાદિ ગુણસ્થાનકમાં ધ્યાનની પ્રધાનતા હોવાના કારણે ભોજનક્રિયાનો પ્રારંભ થતો નથી એનાથી, વક્ષ્યમાણ કથન અપાસ્ત છે. તે કથન આ પ્રમાણે- પૂર્વપક્ષી કહે છે કે, સાતમા ગુણસ્થાનકમાં સ્વલ્પકાલ હોવાથી ત્યાં ભોજનના અભાવમાં છઠ્ઠા ગુણસ્થાનકે પણ (અંતર્મુહૂર્તકાળ હોવાથી) તેની=ભોજનના અભાવની, આપત્તિ આવશે. આ કથન **'एतेन'** થી અપાસ્ત જાણવું.

ભાવાર્થ :- સ્વલ્પકાળ=અંતર્મુહૂર્તકાળ, હોવાને કારણે સાતમાદિ ગુણસ્થાનકે ભોજનનો અભાવ માન્ય નથી, પરંતુ ધ્યાનપ્રધાનતાના કારણે ભોજનની આરંભક્રિયાનો ત્યાં અભાવ છે. તેથી પૂર્વપક્ષીનું કથન અપાસ્ત છે.

ટીકા :- स्यादेतत्-बाह्यव्यापारनिवृत्तावेवाध्यात्मध्यानधवलसप्तमादिगुणस्थानलाभ इति कथं भोजनाद्यन्तरैव क्षपकश्रेणीसंभव इति? मैवं, शुभयोगप्रवृत्त्याऽऽहितकायिकध्यानस्य तदप्रतिपन्थित्वात्, प्रत्युत तदनुगुणत्वादन्तरा सूक्ष्मात्मलयसंभवात्॥१०४-१०५॥

ટીકાર્થ :- '**स्यादेतत्**'થી ગ્રંથકાર કહે છે કે, પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, બાહ્ય વ્યાપારની નિવૃત્તિથી જ અધ્યાત્મધ્યાનથી ઉજ્જ્વલ એવા સપ્તમાદિગુણસ્થાનકનો લાભ છે, એથી કરીને ભોજનાદિની વચમાં જ ક્ષપકશ્રેણિનો સંભવ કેવી રીતે હોય? '**इति**' શબ્દ '**स्यादेतत्**'થી કરેલ કથનની સમાપ્તિસૂચક છે.
'**मैवं**'- તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એ પ્રમાણે ન કહેવું, કેમ કે શુભયોગની પ્રવૃત્તિથી આહિત કાયિકધ્યાનનું તદ્ અપ્રતિપંથીપણું છે=ક્ષપકશ્રેણિનું અપ્રતિપંથીપણું છે. ઊલટું, તેને=ક્ષપકશ્રેણિને, અનુગુણ=અનુકૂળ, હોવાથી વચ્ચે સૂક્ષ્મ આત્મલયનો સંભવ છે.**॥૧૦૪/૧૦૫॥**

ભાવાર્થ :- '**मैवं**'થી ગ્રંથકારે ઉત્તર આપ્યો તેનું તાત્પર્ય એ છે કે, ભોજનાદિ વ્યાપાર વચનથી નિયંત્રિત હોવાથી શુભયોગની પ્રવૃત્તિથી સહિત કાયિકધ્યાનરૂપ છે, તેથી ભોજનાદિ વ્યાપાર ક્ષપકશ્રેણિને અટકાવતો નથી; પરંતુ ભોજનાદિ ચાલુ હોય ત્યારે તે કાયિક ક્રિયાથી જ સૂક્ષ્મ આત્મલય જગાડવામાં સહાયક બને છે. સૂક્ષ્મ આત્મલય ક્ષપકશ્રેણિરૂપ છે. **॥૧૦૪-૧૦૫॥**

અવતરણિકા :- अथ 'आहारकथा चेत् प्रमादजननी तर्ह्याहारः सुतरां तज्जनकः' इति प्रभाचन्द्रवचो मुद्रयितुमाह-

અવતરણિકાર્થ :- '**अथ**'થી પૂર્વપક્ષી કહે છે કે, આહારકથા જો પ્રમાદની જનની છે તો આહાર સુતરાં તજ્જનક=પ્રમાદનો જનક, છે, એ પ્રમાણે પ્રભાચંદ્રનું વચન નિરાકરણ કરવા માટે ગ્રંથકાર કહે છે-

ગાથા :-

हेऊ पमत्तयाए आहारकहेव णेव आहारो ।
होज्ज जईणईआरो अण्णह तीए व तेणावि ॥१०६॥

(हेतुः प्रमत्तताया आहारकथैव नैवाहारः । भवेद् यतीनामतिचारोऽन्यथा तयेव तेनापि ॥१०६॥)

ગાથાર્થ :- આહારકથાની જેમ આહાર પ્રમત્તતાનો હેતુ નથી જ, અન્યથા=આહારકથાની જેમ આહાર પ્રમત્તભાવનો હેતુ માનીએ તો, તેના વડે=આહારકથા વડે,જેમ યતિઓને અતિચાર લાગે છે, તેમ તેનાથી પણ=આહારથી પણ, યતિને અતિચાર થાય. અર્થાત્ અતિચાર લાગવાની આપત્તિ પ્રાપ્ત થાય.

ટીકા :- न खलु यत्कथा प्रमादजननी तदपि प्रमादजनकमिति व्याप्तिरस्ति, मानाभावात्, अन्यथा देशकथायाः प्रमादहेतुत्वेन देशे निवसन्तो यतयः प्रमादिन एव प्रसजेयुः। अथ तादृगभिष्वङ्गजननानुकूलत-

त्तद्देशगुणवर्णनात्मिकैव देशकथा तथा, नतूदासीनो देशोऽपि। हन्तैवमाहारकथाप्याहारविषयाभिलाषजनकतयैव तथा, नत्वनीदृश आहारोपीति किमिति न चेतयसे?! न चेदेवं तर्ह्याहारकथया यतीनामतिचारो न त्वाहारेणेति कुतो वैषम्यम्? तस्माच्चारित्रपालनार्थतया निरभिष्वङ्गपरिणामेन गृह्यमाण आहारो न प्रमादहेतुः, आहारकथा तु सरागपरिणामेनैव क्रियमाणत्वात् प्रमादहेतुरित्यवश्यं प्रतिपत्तव्यम्।

ટીકાર્થ :- **'न खलु'** જેની કથા પ્રમાદજનની હોય તે વસ્તુ પણ પ્રમાદજનક હોય એ પ્રમાણે વ્યાપ્તિ નથી, કેમ કે પ્રમાણાભાવ છે. અન્યથા=જેની કથા પ્રમાદજનની હોય તે વસ્તુ પણ પ્રમાદજનક હોય એમ સ્વીકારીએ તો, દેશકથાનું પ્રમાદહેતુપણું હોવાને કારણે દેશમાં વસતા યતિઓ પ્રમાદી જ હોવાનો પ્રસંગ પ્રાપ્ત થશે.

'अथ'- 'અથ'થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, તેવા પ્રકારના અભિષ્વંગજનનને અનુકૂળ તે તે દેશના ગુણની વર્ણનાત્મિકા જ દેશકથા તેવી છે, અર્થાત્ પ્રમાદજનની છે; પરંતુ ઉદાસીન દેશ પણ નહિ. (તેથી દેશમાં રહેવા માત્રથી કંઇ યતિને પ્રમાદી કહેવાની આપત્તિ આવતી નથી.)

'हन्त' **'हन्त'**થી તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, એ પ્રમાણે આહારકથા પણ આહારવિષયઅભિલાષના જનકપણાથી જ તથા=પ્રમાદજનની, છે; પરંતુ અનીદશ=અભિષ્વંગ ન કરાવે તેવો, આહાર પણ (પ્રમાદજનક) નથી, એ પ્રમાણે કેમ તું વિચારતો નથી?

'न चेत्' જો એવું ન હોય તો, આહારકથાથી યતિઓને અતિચાર લાગે અને આહારથી નથી લાગતો એવું વૈષમ્ય કેવી રીતે સંભવે?

'तस्मात्' તે કારણથી=જેની કથા પ્રમાદજનની છે તે વસ્તુ પણ પ્રમાદજનક હોય એવું નથી તે કારણથી, ચારિત્રપાલન માટે નિરભિષ્વંગપરિણામથી ગ્રહણ કરાતો આહાર પ્રમાદનો હેતુ નથી. વળી આહારકથા સરાગપરિણામથી જ કરાતી હોવાથી પ્રમાદનો હેતુ છે, એ પ્રમાણે અવશ્ય સ્વીકારવું જોઈએ.

ટીકા :- न च 'रागं विनैवाहार इवाहारकथापि किं न?' इति पर्यनुयोज्यं, विना प्रयोजनं तदभावात्, न चावितथाहारकथापि तथा, अपि तु तद्विकथेति तत्त्वम्॥१०६॥

ટીકાર્થ :- **'न च'** પૂર્વપક્ષી કહે છે કે, રાગપરિણામ વિના જ આહારની જેમ આહારકથા પણ કેમ ન થઈ શકે? તેનો ઉત્તર ગ્રંથકાર આપે છે કે, એ પ્રમાણે પ્રશ્ન ન કરવો, કેમ કે પ્રયોજન વિના તેનો=રાગના અભાવનો, અભાવ છે=રાગનો સદ્ભાવ છે. અને અવિતથ એવી આહારકથા પણ તથા=પ્રમાદજનક, નથી, પરંતુ તેની=આહારની, વિકથા પ્રમાદજનક છે, એ પ્રમાણે તત્ત્વ છે.**॥૧૦૬॥**

ભાવાર્થ :- આહારકથામાં સંયમની વૃદ્ધિરૂપ કોઇ પ્રયોજન નથી, તેથી જ્યારે આહારકથા કરાય છે ત્યારે રાગના અભાવનો અભાવ છે, અર્થાત્ રાગનો સદ્ભાવ છે. અને અવિતથ એવી આહારકથા પણ અર્થાત્ માત્ર સ્વરૂપદર્શક એવી આહારકથા પણ, રાગપરિણામ વિના શક્ય હોવાથી પ્રમાદજનક બનતી નથી; એ સિવાયની આહારકથા તો રાગથી જ થતી હોવાથી વિકથારૂપ છે, અને પ્રમાદજનક બને છે. **॥૧૦૬॥**

અવતરણિકા :- અથ 'નિદ્રાજનકતયાઽઽહારસ્ય પ્રમાદહેતુત્વં' ઇતિ નિરાકર્ત્તુમાહ-

અવતરણિકાર્થ :- '**અથ**'થી પૂર્વપક્ષી કહે કે નિદ્રાજનકપણાથી આહારનું પ્રમાદહેતુપણું છે. એ પ્રમાણે આશંકાનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે-

ગાથા :- **णिद्दाए वि ण हेऊ भुत्ती सहयारमेत्तओ तीसे ।**
जेण सुए णिद्दिट्ठा पयडी सा दंसणावरणी ॥१०७॥

(निद्राया अपि न हेतुर्भुक्तिः सहचारमात्रात्तस्याः । येन श्रुते निर्दिष्टा प्रकृतिः सा दर्शनावरणी ॥१०७॥)

ગાથાર્થ :- તેનો=નિદ્રાનો, સહચારમાત્ર હોવાથી ભોજન નિદ્રાનો પણ હેતુ નથી, જે કારણથી શ્રુતમાં=શાસ્ત્રમાં, તે=નિદ્રા, દર્શનાવરણીયની પ્રકૃતિ કહેવાઈ છે.

❀ '**निद्राया अपि**' અહીં '**अपि**'થી પ્રમાદનો હેતુ નથી એ સમુચ્ચય કરેલ છે.

ટીકા :- न खलु क्वचन भुक्तिनिद्रयोः पौर्वापर्यं दृष्टमिति तां प्रति तस्या हेतुत्वमेव कल्पयितुमुचितं, अन्यथा क्वचिद्रासभादेरपि घटपूर्वभावदर्शनेन तं प्रति तस्यापि हेतुत्वप्रसङ्गात्, तस्माद्दर्शनावरणप्रकृतिरूपा निद्रैवेन्द्रियवृत्तिनिरोधरूपनिद्रां प्रति हेतुः, बह्वाहारादिकं च कदाचित्तद्वृत्त्युद्बोधकतयैवोपयुज्यते, नत्वाहारत्वेन तद्धेतुताऽस्ति, तथा च हतदर्शनावरणानां भगवतामाहारमात्रेण निद्रापादनप्रलापो दिगम्बराणामरण्यरुदितमेव॥१०७॥

ટીકાર્થ :- '**न खलु**' ક્યાંક ભોજન અને નિદ્રાનો પૂર્વાપરભાવ જોવાયો, એથી કરીને તેના=નિદ્રાના, પ્રતિ તેનું=આહારનું, હેતુપણું જ કલ્પવું ઉચિત નથી. અન્યથા=ક્યાંક ભોજન અને નિદ્રાનો પૂર્વાપરભાવ જોવામાત્રથી નિદ્રા પ્રતિ આહારનું હેતુપણું કલ્પવામાં આવે તો, ક્યાંક રાસભાદિને પણ ઘટકાર્યની પૂર્વે જોવામાત્રથી તેના=ઘટના, પ્રતિ તેનો=રાસભાદિનો, પણ હેતુત્વનો પ્રસંગ પ્રાપ્ત થશે. તે કારણથી દર્શનાવરણપ્રકૃતિરૂપ નિદ્રા જ ઇંદ્રિયવૃત્તિનિરોધરૂપ નિદ્રા પ્રત્યે હેતુ છે; અને અતિ આહારાદિક ક્યારેક તદ્વૃત્તિઉદ્બોધકપણાથી જ ઉપયોગી બને છે, પરંતુ આહારત્વેન (આહારની) તદ્ધેતુતા=નિદ્રાની હેતુતા, નથી. અને તે પ્રમાણે=આહારત્વેન આહાર નિદ્રાનો હેતુ નથી તે પ્રમાણે, નિર્મૂળદર્શનાવરણીયકર્મવાળા ભગવાનને આહારમાત્રથી જ દિગંબરોનો નિદ્રાઆપાદાનનો પ્રલાપ જંગલમાં રુદન કરવા જેવો જ છે.**॥૧૦૭॥**

ભાવાર્થ :- '**तद्वृत्त्युद्बोधकतया**' અહીં દર્શનાવરણીયકર્મની પ્રકૃતિરૂપ નિદ્રાના ઉદ્બોધકપણાથી ન કહેતાં નિદ્રાની વૃત્તિના ઉદ્બોધકપણાથી એમ કહ્યું. તેનું તાત્પર્ય એ છે કે, આહારથી નિદ્રાને અનુકૂળ જીવમાં વૃત્તિ પેદા થાય છે

અને તે કર્મના ઉદયમાં દ્રવ્યક્ષેત્રાદિના અંતર્ગત ભાવ સામગ્રીરૂપ છે; તેને પામીને નિદ્રારૂપ કર્મપ્રકૃતિ વિપાકને પામે છે.

❀ અહીં દર્શનાવરણીયકર્મની પ્રકૃતિરૂપ નિદ્રા કહી, તે જીવ સાથે લાગેલા કર્મના પરિણામરૂપ નિદ્રા છે. અને ઇંદ્રિયવૃત્તિનિરોધરૂપ નિદ્રા કહી, તે કર્મના ઉદયથી થતા જીવના પરિણામસ્વરૂપ છે. **॥૧૦૭॥**

અવતરણિકા :- અથ સ્તોકતાનુજ્ઞાનાદેવ તસ્ય પ્રમાદત્વમિત્યાશઙ્કાં નિરાચિકીર્ષુરાહ-

અવતરણિકાર્થ :- 'અથ'થી પૂર્વપક્ષી કહે છે કે, સ્તોકપણાના અનુજ્ઞાનથી જ અર્થાત્ શાસ્ત્રમાં અલ્પ=પરિમિત, આહારના વિધાનથી જ, તેનું=આહારનું, પ્રમાદપણું છે. એ પ્રમાણે આશંકાને નિરાકરણ કરવાના ઈચ્છુક ગ્રંથકાર કહે છે-

ગાથા :-

ण य तस्स थोवयाए जेण अणुण्णा तओ तओ दुट्ठो ।
णिद्दव्व दुट्ठया जं णिद्दाइ पसंगओ तस्स ॥१०८॥

(न च तस्य स्तोकताया येनानुज्ञा ततस्तको दुष्टः । निद्रेव दुष्टता यन्निद्राप्रसङ्गतस्तस्य ॥१०८॥)

ગાથાર્થ :- જે કારણથી તેની=આહારની, સ્તોકતાની=પરિમિતતાની, અનુજ્ઞા છે, તે કારણથી તકः=તે=આહાર નિદ્રાની જેમ દુષ્ટ છે એમ ન કહેવું. જે કારણથી તેની=આહારની, નિદ્રાના પ્રસંગથી દુષ્ટતા છે.

ટીકા :- परे ह्यनुमिन्वते- 'आहारः प्रमादः, स्तोकतया तदनुज्ञानात्, निद्रावत' न चेदमसिद्धं,

[1] थोवाहारो थोवभणिओ अ जो होइ थोवनिद्दो अ ।
थोवोवहि उवगरणो तस्स हु देवावि पणमंति ॥[आव. नि. १२६८]

इत्याद्यर्थवादशतसिद्धत्वात्। न चोपकरणे व्यभिचारः, तस्यापि प्रमादरूपत्वात्। न च विपक्षबाधकतर्कविरहः, प्रमादत्वविरहे विहितस्य तस्य बाहुल्येन ग्रहणप्रसङ्गादिति चेत्? न, न ह्ययं स्वतो दोषो गुणो वा, निद्रादिजनकतया ब्रह्मचर्यगुप्तिविघटकतया च दोषो भूयस्त्वस्निग्धत्वाभीक्ष्णप्रवृत्त्यादिविशिष्टः, तदुक्तं- [आव. नि. १२६६]

[2] अच्चाहारं ण सहे अइणिद्धेण विसया उइज्जंति ।
जायामायाहारो तंपि पकामं ण इच्छामि ॥

ટીકાર્થ :- 'परे' ૫૨=પૂર્વપક્ષી, અનુમાન કરે છે - 'આહાર પ્રમાદ છે, કારણ કે સ્તોકપણાથી=અલ્પપણાથી, તેનું=આહારનું અનુજ્ઞાન છે. જેમ કે નિદ્રા, અહીં અલ્પતયા અનુજ્ઞા હોવારૂપ હેતુ અસિદ્ધ છે એમ ન કહેવું, કેમ

---

૧. स्तोकाहारः स्तोकभणितश्च यो भवति स्तोकनिद्रश्च । स्तोकोपध्युपकरणस्तस्य खलु देवा अपि प्रणमन्ति ॥

૨. अत्याहारं न सहेऽतिस्निग्धेन विषया उदीर्यन्ते । यात्रामात्राहारस्तदपि प्रकामं नेच्छामि ॥

કે '**थोवाहारो....इत्याद्यर्थवाद**'થી સેંકડોવાર સિદ્ધ છે.

આવશ્યકનિર્યુક્તિ (ગાથા - ૧૨૬૮) '**थोवाहारो...**'નો અર્થ આ પ્રમાણે છે -

અલ્પાહારી, અલ્પબોલનારો, અલ્પનિદ્રાવાળો અને અલ્પઉપધિ-ઉપકરણવાળો જે હોય છે, તેને ખરેખર દેવો પણ નમસ્કાર કરે છે.

ઉત્થાન :- પૂર્વપક્ષીએ પૂર્વમાં અનુમાન કર્યું કે આહાર પ્રમાદરૂપ છે. ત્યાં, 'સ્તોકત્વના અનુજ્ઞાનના બળથી' આહારમાં પ્રમાદને સ્થાપન કરવા માટે પ્રયત્ન કર્યો, ત્યાં હેતુ અને સાધ્ય વચ્ચેની વ્યાપ્તિ ઉભયપક્ષને માન્ય હોય તેવા નિદ્રાના સ્થાનને દૃષ્ટાંત તરીકે કહીને, પૂર્વપક્ષીએ કહ્યું કે, નિદ્રામાં સ્તોકત્વની અનુજ્ઞા છે. નિદ્રાને પ્રમાદરૂપે શ્વેતાંબર પણ સ્વીકારે છે તેથી ત્યાં વ્યાપ્તિ બતાવીને આહારમાં પ્રમાદને સ્થાપન કરવા તેણે પ્રયત્ન કર્યો. ત્યાં કોઈને શંકા થાય કે ઉપકરણમાં પણ થોડાની અનુજ્ઞા છે, પરંતુ સાધુ સંયમને ઉપયોગી શાસ્ત્રની અનુજ્ઞા પ્રમાણે થોડાં વસ્ત્રો ગ્રહણ કરે ત્યાં પ્રમાદ નથી, આ રીતે વ્યભિચાર પ્રાપ્ત થાય. તેથી ઉપકરણરૂપ દૃષ્ટાંતને લઈને હેતુની સાધ્ય સાથે વ્યાપ્તિ અપ્રાપ્ત થાય. તેથી ઉપકરણમાં વ્યાપ્તિ બતાવવા પૂર્વપક્ષી કહે છે -

ટીકાર્થ :- 'न चोपकरणे' ઉપકરણમાં વ્યભિચાર નથી અર્થાત્ પૂર્વોક્ત હેતુ ઉપકરણમાં વ્યભિચારી નથી, કેમ કે તેનું=ઉપકરણનું, પણ પ્રમાદરૂપપણું છે.

ઉત્થાન :- અહીં સિદ્ધાંતકાર તરફથી વિપક્ષ કરવામાં આવે કે ઉપકરણ પ્રમાદરૂપ નથી, કેમ કે શાસ્ત્રવિહિત છે. આ પ્રમાણેના વિપક્ષને સામે રાખીને પૂર્વપક્ષી કહે છે -

ટીકાર્થ :- 'न च' અહીં વિપક્ષબાધક તર્કનો વિરહ નથી, કેમ કે વિહિત એવા તેનું=ઉપકરણનું, પ્રમાદપણાના વિરહમાં બાહુલ્યથી ગ્રહણનો પ્રસંગ આવે.

ઉત્થાન :- અહીં પૂર્વપક્ષી કહે છે કે, શાસ્ત્રમાં ઉપકરણ વિહિત છે એટલામાત્રથી એ પ્રમાદરૂપ નથી એમ કહેવામાં આવે તો, ઘણાં ઉપકરણો ગ્રહણ કરવાં તે વધારે લાભરૂપ બને એમ તમારે કહેવું પડે; જેમ વિહિત એવા તપાદિ વધારે કરે તો વધુ લાભપ્રદ છે તેમ માનવાનો પ્રસંગ આવે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :- 'न, न ह्ययं' એ પ્રમાણે ન કહેવું, કારણ કે આ=આહાર, સ્વતઃ દોષરૂપ નથી કે ગુણરૂપ નથી. અતિ આહાર, સ્નિગ્ધ આહાર, વારંવાર પ્રવૃત્ત્યાદિથી વિશિષ્ટ અર્થાત્ વારંવાર લેવાતો આહાર, નિદ્રાદિજનકપણાથી અને બ્રહ્મચર્યની ગુપ્તિના વિઘટકપણાથી દોષરૂપ છે. '**तदुक्तं**'થી આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૨૬૬ની સાક્ષી આપેલ છે. તેનો અર્થ આ પ્રમાણે-

'**अच्चाहारं**' અતિ આહારને મુનિ સહન કરતો નથી. અહીં શંકા થાય કે અતિ આહાર મુનિ સહન ન કરે તો પણ અલ્પ એવા સ્નિગ્ધ આહારને ગ્રહણ કરે તો વાંધો નહિ, તેથી કહે છે- અતિસ્નિગ્ધ આહારથી=પ્રણીત આહારથી, વિષયો ઉદીરણા પામે છે. તેથી યાત્રામાત્રઆહારને ગ્રહણ કરનારો હું થાઉં, તેને પણ= યાત્રામાત્રઆહારને પણ, પ્રકામ ઈચ્છું નહિ. (એ પ્રમાણે મુનિ વિચારે).

❀ અહીં **'सहे'** એ પ્રયોગ પ્રાકૃતશૈલી હોવાથી **'सहते'**ના અર્થમાં છે. **'सहते'** ક્રિયાપદનો કર્તા ત્રીજા પુરુષરૂપ 'મુનિ' અધ્યાહાર છે.

❀ **'अतिस्निग्धेन विषया उदीर्यन्ते'** પછી **'ततः'** અધ્યાહાર છે.

ટીકા :- तथा च क्षीणमोहनिद्राऽब्रह्मणां तद्वार्तैव का? संयमोपकारकतया निद्राद्यजनकतया च स्तोकाहार एव गुण इति स्तोकत्वेनैव तस्य विधिः, आहारस्य रागप्राप्तत्वेन स्तोकत्वांश एव तस्य विधिव्यापारविश्रामात्, 'अदग्धदहनन्यायेन' हि यावदप्राप्तं तावदेव विधेयं, अत एव 'लोहितोष्णीषा ऋत्विजः प्रचरन्ति' इत्यत्र ऋत्विक्प्रचरणस्य प्रत्यक्षसिद्धत्वेन लोहितोष्णीषत्वमात्रं विधेयं, 'दध्ना जुहोति' इत्यादौ च दध्नः प्रत्यक्षसिद्धत्वे करणत्वमात्रं विधेयं, लक्ष्यलक्षणयोश्चान्यतरसिद्ध्यसिद्ध्यनुरोधेनोभयत्रैवोद्देश्यविधेयभावव्यवस्थाऽऽकरे प्रपञ्चिता।

ટીકાર્થ :- 'तथा च' તે પ્રકારે=પૂર્વમાં કહ્યું કે આહાર સ્વતઃ ગુણ કે દોષરૂપ નથી, પરંતુ નિદ્રાદિજનકપણાથી કે બ્રહ્મચર્યની ગુપ્તિના વિઘટકપણાથી અર્થાત્ શુદ્ધાત્મામાં ચરવારૂપ બ્રહ્મચર્યની ગુપ્તિના વિઘટકપણાથી દોષરૂપ છે તે પ્રકારે, જેઓને મોહ-નિદ્રા અને અબ્રહ્મ ક્ષીણ થઈ ગયાં છે તેવા કેવલીઓને તેની વાર્તા જ અર્થાત્ આહારદોષરૂપ છે તેની વાર્તા જ, ક્યાંથી હોય? અર્થાત્ ન જ હોય.

ઉત્થાન :- જો આહાર સ્વતઃ ગુણરૂપ કે દોષરૂપ નથી, તો શાસ્ત્રમાં મુનિને સ્તોક =થોડો, આહાર ગ્રહણ કરવાનું વિધાન કેમ છે? એવો પ્રશ્ન પૂર્વપક્ષી કરે તો ગ્રંથકાર કહે છે-

ટીકાર્થ :- 'संयमोपकारकतया' સંયમને ઉપકારકપણાથી અને નિદ્રાદિઅજનકપણાથી અલ્પ આહાર જ ગુણરૂપ છે. એથી કરીને અલ્પપણાથી જ અર્થાત્ બહુપણાથી નહિ પરંતુ અલ્પપણાથી જ, તેની=આહારની, વિધિ છે.

ઉત્થાન :- અહીં પ્રશ્ન થાય કે શાસ્ત્રમાં અલ્પ આહાર ગ્રહણનું વિધાન છે, તે અલ્પ આહારત્વેન વિધિ હોઈ શકે, પણ અલ્પત્વેન નહિ, તેથી કહે છે.

ટીકાર્થ :- 'आहारस्य' આહારનું રાગપ્રાપ્તપણું હોવાને કારણે અલ્પત્વ અંશમાં જ તેનો=સ્તોક આહારના કથનનો, વિધિવ્યાપારમાં વિશ્રામ છે.

ભાવાર્થ :- સામાન્ય રીતે સંસારી જીવો આહારનાં પુદ્ગલો પ્રત્યેના રાગથી કે શાતાદિ સુખના રાગથી આહારમાં પ્રવૃત્તિ કરે છે. તેથી આહારની પ્રવૃત્તિ રાગથી પ્રાપ્ત છે, માટે આહારનું વિધાન કરવાનું કોઈ પ્રયોજન નથી. પરંતુ

અલ્પ આહાર સંયમમાં ઉપકારી છે તેથી 'સ્તોકત્વ' અંશમાં જ સ્તોકાહાર ગ્રહણ કરવામાં શાસ્ત્રીય વચનો વિશ્રાંત પામે છે.

ઉક્ત કથનની જ પુષ્ટિ કરતાં ગ્રંથકાર કહે છે-

ટીકાર્થ :- '**अदग्ध**' ઉદ્દેશ્ય અને વિધેય વાક્યોમાં 'અદગ્ધદહનન્યાય'થી જેટલું અપ્રાપ્ત હોય તેટલું જ વિધેય બને છે.

ભાવાર્થ :- અહીં 'અદગ્ધદહનન્યાય' એ છે કે જેમ અગ્નિ નહિ બળેલાં ઈંધનાદિને જ બાળે છે, બળેલા ઈંધનાદિને નહિ, તેમ કોઇ પણ વિધિવાક્યથી જેટલું પ્રાપ્ત ન હોય તેટલાનું જ વિધાન હોય છે, પ્રાપ્તનું નહિ.

ટીકાર્થ :- '**अत एव**'- આથી કરીને જ '**लोहितोष्णीषा ऋत्विजः प्रचरन्ति**।' આ પ્રકારના વેદવાક્યમાં યાજ્ઞિકોના પ્રચરણનું પ્રત્યક્ષસિદ્ધપણું હોવાને કારણે લોહિતોષ્ણીષત્વમાત્રનું જ (સંચરણ કરતી વખતે રાખવાની લાલ પાઘડી માત્રનું જ) વિધાન છે, એમ '**दध्ना जुहोति**' ઈત્યાદિમાં દહીંનું પ્રત્યક્ષસિદ્ધપણું હોતે છતે કરણત્વમાત્રનું અર્થાત્ દહીંમાં રહેલ હોમની કરણતાનું જ વિધાન છે.

ભાવાર્થ :- યજ્ઞ કરનાર યાજ્ઞિક તે 'ઋત્વિજ' કહેવાય છે, અને અગ્નિમાં હોમ કરવાની વસ્તુનો જે પ્રક્ષેપ કરે છે તે 'પ્રચરણ'ક્રિયા છે તે જોનારને પ્રત્યક્ષસિદ્ધ છે; તેથી '**लोहितोष्णीषा ऋत्विजः प्रचरन्ति**' એ પ્રસ્તુત વાક્યથી તેનું વિધાન નથી, પરંતુ યાજ્ઞિકગોર લાલરંગની પાઘડી સંચરણ કરતી વખતે રાખે છે તેવું જોનારને જ્ઞાન નહિ હોવાને કારણે ખબર હોતી નથી, તેથી '**लोहितोष्णीत्व**' માત્રનું તે વાક્યથી વિધાન છે. તે વેદવાક્ય સાંભળીને શ્રોતાને જ્ઞાન થાય છે કે લાલ રંગવાળી માથે પાઘડી રાખ્યા પછી લાલરંગની પાઘડી પહેરેલ ઋત્વિક ગોરથી પ્રચરણક્રિયા થાય છે.

ઉત્થાન :- '**अत एव**'થી પૂર્વમાં બે પ્રકારનાં વેદવાક્યોની વિધેયતા બતાવી, હવે સ્વસિદ્ધાંતની સંમતિ દર્શાવતાં કહે છે. અહીં પણ ઉપરના '**अत एव**'નો અન્વય છે.

ટીકાર્થ :- '**लक्ष्य**' આથી કરીને જ લક્ષ્ય અને લક્ષણમાં અન્યતરની સિદ્ધિ અને અસિદ્ધિના અનુરોધથી બંનેમાં ઉદ્દેશ્ય-વિધેયભાવની વ્યવસ્થા આકરમાં કહેવાઇ છે.

ભાવાર્થ :- '**यावदप्राप्तं तावद्विधेयं**'='જેટલું અપ્રાપ્ત છે તેટલું જ વિધેય છે' આથી કરીને જ, લક્ષ્ય અને લક્ષણમાં જે વ્યક્તિને તે બંનેમાંથી જેની સિદ્ધિ હોય તેને ઉદ્દેશીને, જેની અસિદ્ધિ હોય તેનું વિધાન કરવામાં આવે છે. (આ પ્રમાણે '**स्वपरव्यवसायिज्ञानं प्रमाणं**' એ લક્ષણ સૂત્રની સ્યાદ્વાદરત્નાકર નામની ટીકામાં વિવેચન કરતાં કહ્યું છે.) આનાથી એ પ્રાપ્ત થાય કે જેને લક્ષ્યનું જ્ઞાન છે તેના માટે અપ્રાપ્ત એવા લક્ષણનું વિધાન છે અને જેને લક્ષણનું જ્ઞાન છે તેના માટે અપ્રાપ્ત એવા લક્ષ્યનું વિધાન છે.

ટીકા :- एवं च तस्य विहितत्वं भूयो ग्रहणेऽप्रयोजकं, स्तोकतया विधानमपि न प्रमादत्वप्रयोजकं, भणितस्यापि स्तोकस्यैव विधानेन प्रमादत्वाप्रसङ्गात्, प्रमादानुबन्धितां तु तस्य न वारयामः, प्रमादहेतूनां जगदालम्बनत्वात्। 'यदपकर्षो गुणस्तदुत्कर्षो दोषः' इत्यपि नात्रानुकूलं, आहारोत्कर्षापकर्षयोः स्वतो दोषगुणभावाभावात्, तत्तत्परिणामजननद्वारैव तयोस्तथात्वाच्च, अत एव स्निग्धाहारादिग्रहणेऽपि स्थूलभद्रादीनां न दोषो, न वा स्वल्पाहारग्रहणेऽपि बाह्यतपस्विनां पारमार्थिको गुण इति। तस्मादभिष्वङ्गानभिष्वङ्गाभ्यां प्रमादोऽप्रमादो वाऽऽहारः न तु प्रमाद एवेति निश्चयो ग्राह्यः॥१०८॥

ટીકાર્થ :- 'एवं च' અને આ રીતે='**स्तोकाहारत्वेन**' વિધિ નથી, પરંતુ '**स्तोकत्वेन**' જ આહારની વિધિ છે એ રીતે, આહારનું વિહિતપણું ભૂયોગ્રહણમાં અપ્રયોજક છે. સ્તોકપણા વડે વિધાન પણ પ્રમાદત્વનું પ્રયોજક નથી. કેમ કે ભણિત પણ આહારના સ્તોકનું જ=શાસ્ત્રમાં વિહિત પણ આહારના સ્તોકનું જ, વિધાન હોવાના કારણે પ્રમાદત્વનો અપ્રસંગ છે.

ભાવાર્થ :- પૂર્વમાં પૂર્વપક્ષીએ કહ્યું કે વિહિત એવા આહારના પ્રમાદપણાના વિરહમાં આહાર ઘણો ગ્રહણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારે કહ્યું કે, આ રીતે આહારનું વિહિતપણું ભૂયોગ્રહણમાં અપ્રયોજક છે. અને પૂર્વમાં '**परे**' અનુમાન કરતાં કહ્યું કે, આહાર પ્રમાદરૂપ છે. કેમ કે સ્તોકપણાથી તેનું અનુજ્ઞાન છે. તે અનુમાનમાં હેતુના નિરાકરણરૂપે કહે છે કે સ્તોકપણાથી વિધાન પણ પ્રમાદત્વનું પ્રયોજક નથી. ત્યાં '**अपि** 'થી એ કહેવું છે કે જો આહારનું સ્તોકપણા વડે વિધાન ન હોત તો જેમ તપનું સ્તોક વિધાન નથી તેથી તપ ક્રિયા પ્રમાદની પ્રયોજક નથી તેમ આહારની પણ ક્રિયા પ્રમાદની પ્રયોજક ન બને, પરંતુ આહારનું સ્તોકપણાથી વિધાન છે તો પણ પ્રમાદનું પ્રયોજક નથી.

તેમાં હેતુ કહે છે — શાસ્ત્રમાં વિહિત પણ આહારના અલ્પનું જ વિધાન હોવાથી એમાં પ્રમાદપણું માનવાનો પ્રસંગ આવતો નથી. તાત્પર્ય એ છે કે '**यावदप्राप्तं तावद्विधेयम्**' આ ન્યાયથી શાસ્ત્રમાં વિહિત પણ આહારનું વિધાન અલ્પપણામાં જ વિશ્રાંત પામે છે, તેથી અલ્પના વિધાન વડે પ્રમાદ પ્રાપ્ત થતો નથી. માટે અલ્પપણા વડે કરીને વિધાન પણ પ્રમાદપણાનો પ્રયોજક નથી.

ઉત્થાન :- અહીં પ્રશ્ન થાય કે આહાર એ પ્રમાદનું કારણ છે એ જાતનો પ્રવાદ સંભળાય છે, તેની સંગતિ કઇ રીતે થઇ શકે? તેથી કહે છે -

ટીકાર્થ :- 'प्रमादानुबन्धितां' - તેની=આહારની, પ્રમાદાનુબંધિતાને અમે વારતા નથી, કેમ કે પ્રમાદહેતુવાળી વ્યક્તિને જગતનું આલંબનપણું છે.

ભાવાર્થ :- પૂર્વપક્ષીએ કહ્યું કે આહાર એ પ્રમાદનું કારણ છે એવો જનપ્રવાદ છે. તેની સામે ગ્રંથકારે કહ્યું કે આહારનું પ્રમાદઅનુબંધીપણું=પ્રમાદફલપણું, નથી એવું અમે કહેતા નથી, કારણ કે પ્રમાદરૂપ અંતરંગ યત્નવાળી

વ્યક્તિને જગતની કોઈપણ વસ્તુ અર્થાત્ જગતના બધા પદાર્થો પ્રમાદના આલંબનભૂત બની શકે છે. તેથી આહાર પણ પ્રમાદના આલંબનભૂત પ્રાપ્ત થાય છે. તેથી આહાર પ્રમાદફલવાળો છે એ પ્રકારનો પ્રવાદ છે.

❀ અહીં '**प्रमादहेतूनां** ' પ્રમાદ હેતુ છે જેને એવી વ્યક્તિ ગ્રહણ કરવાની છે.

ઉત્થાન :- અહીં પૂર્વપક્ષી કહે છે કે જેનો અપકર્ષ ગુણરૂપ હોય તેનો ઉત્કર્ષ દોષરૂપ હોય છે, તેથી આહારની અલ્પતા ગુણરૂપ છે તો એનો ઉત્કર્ષ દોષરૂપ માનવો જોઈએ. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :- 'यदपकर्षो' — જેનો અપકર્ષ ગુણરૂપ છે તેનો ઉત્કર્ષ દોષરૂપ છે એ પ્રમાણે (કથન) પણ અહીં=આહારના વિષયમાં, અનુકૂળ નથી; કેમ કે આહારના ઉત્કર્ષ અને અપકર્ષમાં સ્વતઃ ગુણદોષભાવનો અભાવ છે. અર્થાત્ આહારનો અપકર્ષ કે ઉત્કર્ષ સ્વતઃ ગુણરૂપ કે દોષરૂપ નથી.

ભાવાર્થ :- પૂર્વમાં પૂર્વપક્ષીએ કહેલું કે વિહિતઆહારનું પ્રમાદપણું ન હોય તો ઘણો આહાર ગ્રહણ કરવો જોઈએ. તેના નિરાકરણરૂપે સ્વપક્ષ અંતર્ગત કોઈ કહે કે જેનો અપકર્ષ ગુણરૂપ છે તેનો ઉત્કર્ષ દોષરૂપ હોય છે. તેથી આહારનો અપકર્ષ ગુણરૂપ હોવાના કારણે તેનો ઉત્કર્ષ દોષરૂપ છે, માટે આહાર ભૂયોગ્રહણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય નહિ. આ પ્રકારના કોઈકના કથનને સામે રાખીને સિદ્ધાંતકાર કહે છે કે '**यदपकर्षो गुणस्तदुत्कर्षो दोषः**' ''જેનો અપકર્ષ ગુણરૂપ તેનો ઉત્કર્ષ દોષરૂપ'' આ પણ આહારના વિષયમાં અનુકૂળ નથી, કેમ કે આહારનો અપકર્ષ કે ઉત્કર્ષ સ્વતઃ ગુણરૂપ કે દોષરૂપ નથી. તેથી જેનો અપકર્ષ ગુણરૂપ છે તેનો ઉત્કર્ષ દોષરૂપ હોય તે યુક્તિ આહારના વિષયમાં બરાબર નથી.

ઉત્થાન :- અહીં પ્રશ્ન થાય કે જો અલ્પ આહાર ગુણરૂપ ન હોય તો અલ્પ આહારનું વિધાન અને આહારનો ઉત્કર્ષ દોષરૂપ ન હોય તો અધિક આહારનો નિષેધ શાસ્ત્રમાં કેમ બતાવેલ છે? તેથી બીજો હેતુ કહે છે -

ટીકાર્થ :- 'तत् तत्' — તે તે પરિણામજનન દ્વારા જ તે બેનું=અલ્પ અને અધિક આહારનું, તથાપણું=ગુણ-દોષપણું છે. આથી કરીને જ અર્થાત્ તે તે પરિણામજનન દ્વારા જ અલ્પ અને અધિક આહારનું ગુણદોષપણું છે આથી કરીને જ, સ્નિગ્ધ આહારાદિના ગ્રહણમાં પણ સ્થૂલભદ્રાદિને દોષ નથી, અથવા સ્વલ્પ આહારના ગ્રહણમાં પણ બાહ્ય તપસ્વીઓને પારમાર્થિક ગુણ નથી. '**इति**' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે.

ભાવાર્થ :- પૂર્વમાં કહ્યું કે આહારનો અપકર્ષ કે ઉત્કર્ષ સ્વતઃ ગુણરૂપ કે દોષરૂપ નથી, પરંતુ સંયમાદિ કે નિદ્રાદિ પરિણામ પેદા કરવા દ્વારા જ ગુણરૂપ કે દોષરૂપ છે; આથી કરીને જ સ્થૂલભદ્રાદિએ ષટરસભોજન આદિનું ગ્રહણ કર્યું હોવા છતાં તેઓને તે ગ્રહણ વિકારાદિ દોષો ઉત્પન્ન કરનાર ન બન્યું, અને બાહ્ય તપસ્વીઓનું સ્વલ્પ આહારગ્રહણ પણ પારમાર્થિક ગુણોને પેદા કરનાર બનતું નથી.

અહીં વિશેષ એ છે કે મોક્ષને અનુકૂળ ગુણ પ્રગટાવી ન શકે તે બાહ્ય તપ ગણાય. મોક્ષને અનુકૂળ ગુણ તે

પારમાર્થિક ગુણ છે. બાહ્ય તપ મોક્ષને અનુકૂળ ગુણ પ્રગટાવી શકતો નથી, તેથી બાહ્ય તપસ્વીઓનું સ્વલ્પ આહારગ્રહણ પણ પારમાર્થિક ગુણને પેદા કરનાર બનતું નથી.

ઉત્થાન :- '**तस्मात्**'થી નિગમન કરતાં કહે છે -

ટીકાર્થ :- '**तस्मात्**' તે કારણથી=પૂર્વમાં સિદ્ધ કર્યું કે આહારનો ઉત્કર્ષ કે અપકર્ષ સ્વતઃ દોષરૂપ કે ગુણરૂપ નથી, પરંતુ તે તે પરિણામજનન દ્વારા જ આહારનો ઉત્કર્ષ કે અપકર્ષ દોષરૂપ કે ગુણરૂપ છે, તે કારણથી, અભિષ્વંગ કે અનભિષ્વંગ દ્વારા આહાર પ્રમાદરૂપ કે અપ્રમાદરૂપ છે; પરંતુ પ્રમાદ જ છે એ પ્રમાણે નિશ્ચય ગ્રાહ્ય નથી. અર્થાત્ આહાર એકાંતે પ્રમાદરૂપ જ છે એવું નથી. **॥૧૦૮॥**

अवतरणिका :- अथापवादिकत्वादाहारः प्रमाद इति पराचिकीर्षुराह-

अवतरणिकार्थ :- '**अथ**'થી પૂર્વપક્ષી કહે છે કે આહારમાં અપવાદિકપણાથી આહાર પ્રમાદરૂપ છે. એને નિરાકરણ કરવાના ઇચ્છુક ગ્રંથકાર કહે છે -

ગાથા :-

आहारो ण पमाओ भण्णइ अववाइओ त्ति काऊणं ।
अववाया वोलीणा वीयभयाणं जिणाण जओ ॥१०९॥

(आहारो न प्रमादो भण्यते अपवादिक इति कृत्वा । अपवादा विलीना वीतभयानां जिनानां यतः ॥१०९॥)

ગાથાર્થ :- અપવાદિક છે એથી કરીને આહાર પ્રમાદ કહેવાતો નથી, જે કારણથી ભય ચાલ્યો ગયો છે એવા જિનોને=કેવલીઓને, અપવાદો વિલીન થઈ ગયેલા છે=રહ્યા નથી.

ટીકા :- न खलूत्सर्गमार्गपालनाऽक्षमस्यानाचाराद्बिभ्यतो मृदुमार्गपालनरूपोऽपवादः केवलिनां संभवति, भयमोहनीयसत्ताया अप्यभावात्। न च कारणिकत्वलक्षणमापवादिकत्वं प्रामादिकत्वव्याप्तमस्ति।

ટીકાર્થ :- '**न खलु**' ઉત્સર્ગમાર્ગનું પાલન કરવામાં અક્ષમ અને અનાચારથી ભય પામેલાનો મૃદુમાર્ગના પાલનરૂપ અપવાદ હોય છે, તે અપવાદ કેવલીઓને સંભવતો નથી. કેમ કે (તેઓને) ભયમોહનીયની સત્તાનો પણ અભાવ છે.

❀ '**अपि**'થી એ સમુચ્ચય થાય છે કે ભયમોહનીયનો ઉદય તો શું? સત્તા પણ ન હોવાથી ભય જ હોતો નથી.

ઉત્થાન :- અહીં પૂર્વપક્ષી કહે કે કેવલીને ભય નહિ હોવાને કારણે અપવાદ નથી તો કેવલી અપવાદિક આહાર કેમ ગ્રહણ કરે છે? પૂર્વપક્ષીના આ પ્રશ્ન સામે ગ્રંથકાર કહે છે કે, આહાર ગ્રહણ કરવો એ કારણિક અપવાદ છે.

તે અપવાદ કેવલીમાં હોય છે. ત્યાં પૂર્વપક્ષી કહે કે અપવાદની પ્રમાદ સાથે વ્યાપ્તિ છે, તેથી કારણિક અપવાદ સ્વીકારવામાં તો કેવલીને પ્રમાદ સ્વીકારવાની આપત્તિ આવશે. તેથી ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :- **'न च'** કારણિકત્વલક્ષણઅપવાદિકપણું પ્રામાદિકત્વની સાથે વ્યાપ્ત નથી.

ભાવાર્થ :- અપવાદ બે પ્રકારના છે. ૧. મૃદુમાર્ગના પાલનરૂપ અપવાદ અને ૨. કારણિક અપવાદ. તેમાં મૃદુમાર્ગના પાલનરૂપ પ્રથમ અપવાદ ઉત્સર્ગમાર્ગના પાલનમાં અસમર્થ અને અનાચારથી ભય પામેલી એવી વ્યક્તિને અસંયમના ભયરૂપ જે પ્રશસ્ત ભયમોહનીય છે તેના ઉદયથી પ્રાપ્ત થાય છે. અને બીજો અપવાદ કારણિકત્વરૂપ છે, જે અપવાદમાં કથંચિત્ પ્રમાદ હોઈ શકે પરંતુ પ્રમાદથી જ કારણિકત્વરૂપ અપવાદ સેવાય છે તેવો નિયમ=વ્યાપ્તિ નથી. તેથી કારણિક આહારગ્રહણ હોવાના કારણે કેવલીનું આહારગ્રહણ અપવાદિક છે એમ કહી શકાય તો પણ કેવલીને પ્રમાદ નથી, માટે કોઈ દોષ નથી.

અહીં વિશેષ એ છે કે સંયતને આહારગ્રહણ કારણિક છે, તેથી આહારગ્રહણમાં કારણિકત્વધર્મ છે અને સંયતને કારણ હોય તો જ અપવાદસેવન હોય છે. તેથી સંયતને આહાર ગ્રહણ કરવો તે અપવાદિક છે તેથી આહારગ્રહણની ક્રિયામાં અપવાદિકત્વ છે અને તે અપવાદિકત્વ કારણિકત્વ સ્વરૂપ જ છે. જો આહાર ગ્રહણ હંમેશાં પ્રમાદથી થતો હોય તો આહારગ્રહણ પ્રામાદિક બને અને આહારગ્રહણમાં પ્રામાદિકત્વ પ્રાપ્ત થાય; અને તેવી વ્યાપ્તિ હોય તો આહારમાં અપવાદિકત્વ અને પ્રામાદિકત્વની પ્રાપ્તિ થાય. પરંતુ પ્રમાદ વગરના મુનિ અપવાદથી આહાર ગ્રહણ કરે છે, તેથી આહારમાં અપવાદિકત્વ હોવા છતાં અપ્રમાદી મુનિના આહારગ્રહણમાં પ્રામાદિકત્વ પ્રાપ્ત થતું નથી. તેથી કહ્યું કે કારણિકત્વલક્ષણઅપવાદિકત્વની પ્રામાદિકત્વની સાથે વ્યાપ્તિ નથી.

ટીકા :- स्यादेतद्वैयावृत्त्यवेदनादीनां कारणानां प्रवर्त्ततां निवर्त्ततामित्याद्याकारकेच्छाविषयतयैवाहार-प्रवृत्तिहेतुत्वात् कथं न कारणिकाहारग्रहणे केवलिनां सरागत्वप्रसङ्गः? न च क्षुद्वेदनायाः स्वरूपत एव तत्र हेतुत्वान्नोक्तदोष इति वाच्यम्, दुःखनिवृत्त्युपायप्रवृत्तौ दुःखस्य स्वतोऽनुपयोगित्वात् विद्यमानस्येवा-विद्यमानस्यापि दुःखस्य निवृत्त्यर्थितयैव प्रवृत्तेश्च। मैवम्, दुःखनिवृत्त्यर्थिप्रवृत्तौ दुःखनिवृत्तीच्छाया हेतुत्वेऽपि विद्यमानदुःखनाशोपाये वीतरागप्रवृत्तौ विद्यमानदुःखस्य विनैवेच्छामनौचित्यवर्जकत्वे-नोपयोगात्। वस्तुतः सर्वत्र क्षुदेवाहारप्रवृत्तिहेतुर्बुभुक्षा तु क्वाचित्की, सत्यामपि तस्यां मन्दाग्नेर्विना क्षुधं तदभावात्। एतेन 'बुभुक्षैव तद्धेतुः, न तु क्षुत्, मानाभावात्' इति परास्तम्॥१०९॥

ટીકાર્થ :- **'स्यादेतत्'**થી ગ્રંથકાર કહે છે કે, પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે વૈયાવચ્ચ, વેદના આદિ કારણોનું પ્રવર્તન થાઓ, નિવર્તન થાઓ ઇત્યાદિ આકારક ઇચ્છાના વિષયપણાથી જ આહારપ્રવૃત્તિનું હેતુપણું હોવાથી, કારણિક આહારગ્રહણમાં કેવલીઓને સરાગપણાનો પ્રસંગ કેમ નથી? અને ક્ષુદ્વેદનાનું સ્વરૂપથી જ ત્યાં = આહારગ્રહણની પ્રવૃત્તિમાં, હેતુપણું હોવાથી ઉક્ત દોષ નથી એમ પણ ન કહેવું, કેમ કે દુઃખની નિવૃત્તિના ઉપાયમાં પ્રવૃત્ત થવામાં દુઃખનું સ્વતઃ અનુપયોગીપણું છે, અને વિદ્યમાન દુઃખની જેમ અવિદ્યમાન એવા દુઃખના નિવૃત્તિના અર્થીપણાથી જ=ઇચ્છાથી જ, પ્રવૃત્તિ થાય છે.

'मैवम्'='मा एवम्'થી પૂર્વપક્ષીના નિરાકરણરૂપે ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે દુઃખનિવૃત્તિના અર્થીની પ્રવૃત્તિમાં દુઃખનિવૃત્તિની ઇચ્છાનું હેતુપણું હોવા છતાં પણ, વિદ્યમાન દુઃખના નાશના ઉપાયમાં અર્થાત્ વિદ્યમાન એવા ક્ષુદ્વેદનીયના ઉદયથી પેદા થયેલા દુઃખના નાશના ઉપાયમાં, વીતરાગની પ્રવૃત્તિ થાય છે તેમાં ઇચ્છા વિના જ અનૌચિત્યવર્જકપણાથી વિદ્યમાન દુઃખનો ઉપયોગ છે.

❀ **'वीतरागप्रवृत्तौ इच्छाम् विना एव विद्यमानदुःखस्य उपयोगात्।'** એ પ્રમાણે અન્વય છે, અને તેમાં **'अनौचित्यवर्जकत्वेन'** હેતુ તરીકે છે.

ભાવાર્થ :- 'स्यादेतत्'થી પૂર્વપક્ષીએ જે કથન કર્યું તેનું તાત્પર્ય એ છે કે, વૈયાવચ્ચાદિ અને વેદનાદિ કારણો પણ "મારાથી વૈયાવચ્ચ થાઓ" અથવા "મારી ક્ષુધાવેદના દૂર થાઓ" ઇત્યાદિ આકારક ઇચ્છા કરાવવા દ્વારા જ આહારમાં પ્રવૃત્તિ કરાવે છે. તેથી કારણિક આહારગ્રહણમાં કેવલીઓને સરાગી બનવાની આપત્તિ કેમ નહિ આવે? અર્થાત્ આવશે. ભૂખની વેદના સ્વરૂપથી આહારગ્રહણપ્રવૃત્તિમાં હેતુભૂત છે, ઇચ્છા દ્વારા નહીં, તેથી સરાગીપણાનો પ્રસંગ નહિ આવે, એવું પણ કહી નહિ શકાય. કારણ કે દુઃખની નિવૃત્તિના ઉપાયની પ્રવૃત્તિમાં દુઃખ સ્વતઃ અનુપયોગી છે, કારણ કે વિદ્યમાન દુઃખની નિવૃત્તિના અર્થીપણાની જેમ અવિદ્યમાન પણ દુઃખની નિવૃત્તિની ઇચ્છાથી જ પ્રવૃત્તિ થાય છે. તેથી દુઃખ સ્વતઃ નિવૃત્તિના ઉપાયમાં પ્રવૃત્તિ કરાવતું નથી પણ દુઃખનિવૃત્તિની ઇચ્છા જ દુઃખની નિવૃત્તિના ઉપાયમાં પ્રવૃત્તિ કરાવે છે. તેથી પૂર્વપક્ષીને એ કહેવું છે કે કેવલી જો ક્ષુધારૂપ દુઃખની નિવૃત્તિ માટે પ્રયત્ન કરે છે તો તે ઇચ્છા વગર થઇ શકે નહીં તેથી કેવલીની જો આહારમાં પ્રવૃત્તિ માનશો તો કેવલીને સરાગી માનવા પડશે.

मैवम्થી તેનો ઉત્તર આપતાં ગ્રંથકારે **'दुःखनिवृत्ति..... उपयोगात्।** સુધીનું કથન કર્યું તેનું તાત્પર્ય એ છે કે, વીતરાગને સુખ અને દુઃખ બંને પ્રત્યે સમાન પરિણામ હોય છે, તેથી દુઃખની નિવૃત્તિની ઇચ્છા તેમને હોતી નથી. આમ છતાં, ક્ષુદ્વેદનીયના ઉદયથી ક્ષુધારૂપ દુઃખ પેદા થાય છે ત્યાં, તે ક્ષુધારૂપ દુઃખના નિવર્તનના ઉપાયભૂત વીતરાગની આહારની પ્રવૃત્તિ અનુચિત પ્રવૃત્તિના વર્જનના હેતુથી થાય છે; કેમ કે વીતરાગ સમભાવવાળા હોય છે અને સમભાવ ઉચિતપ્રવૃત્તિપ્રધાન હોય છે. વીતરાગને જેમ ક્ષુદ્વેદનીયકર્મના ઉદયથી ક્ષુધા પેદા થાય છે, તેમ ક્ષુધાના નિવર્તનના કારણીભૂત એવા કર્મનું વિદ્યમાનપણું હોવાને કારણે જ ક્ષુધા નિવર્તનના ઉપાયભૂત આહારમાં તેઓ પ્રવૃત્તિ કરે છે. તે કર્મના કારણે આહાર ગ્રહણ કરે તો જ તેમનું જે દીર્ઘ આયુષ્યાદિ કર્મ ભોગવવાનું છે તેનો ભોગ સંભવી શકે, પરંતુ જો આહાર ગ્રહણ ન કરે તો દેહના ઉપષ્ટંભક એવા આહારના અભાવને કારણે દીર્ઘ આયુષ્ય વિદ્યમાન હોવા છતાં દેહનો પાત થાય, તે અનુચિત પ્રવૃત્તિરૂપ છે. તેથી અનુચિત પ્રવૃત્તિના વર્જનના હેતુથી વીતરાગને દુઃખનિવૃત્તિની ઇચ્છા નહીં હોવા છતાં આહારમાં પ્રવૃત્તિ થાય છે.

ટીકાર્થ :- 'वस्तुतः' પરમાર્થથી સર્વત્ર ક્ષુધા જ આહારપ્રવૃત્તિનો હેતુ છે. વળી બુભુક્ષા=ખાવાની ઇચ્છા, ક્યારેક હેતુ બને છે, કેમ કે મંદાગ્નિવાળાને બુભુક્ષા હોવા છતાં પણ ક્ષુધા વિના તેનો=આહારગ્રહણની પ્રવૃત્તિનો, અભાવ છે. આનાથી =સર્વત્ર ક્ષુધા જ આહારપ્રવૃત્તિનો હેતુ છે બુભુક્ષા ક્યારેક હેતુ બને છે આનાથી, બુભુક્ષા જ તેનો=આહાર ગ્રહણની પ્રવૃત્તિનો, હેતુ છે, પરંતુ ક્ષુધા નહિ; કેમ કે પ્રમાણાભાવ છે. આવું કથન પણ અપાસ્ત જાણવું. ॥૧૦૯॥

ભાવાર્થ :- અહીં વિશેષ એ છે કે કેટલીક વાર ક્ષુધા નહીં હોવા છતાં વિષયોની લાલસાથી આહારમાં પ્રવૃત્તિ દેખાય છે, કોઈ જીવોમાં ક્ષુધા હોવા છતાં તપ-સંયમાદિની રુચિ હોવાના કારણે આહારમાં પ્રવૃત્તિ થતી નથી તેવું દેખાય છે. આમ છતાં, આહારપ્રવૃત્તિનો હેતુ ક્ષુધા જ છે તેમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, વિચારક વ્યક્તિને આહારમાં પ્રવૃત્તિ પ્રત્યે ક્ષુધા જ હેતુ છે. જ્યારે નિર્વિચારકને તો વિષયોની આસક્તિ પણ આહારપ્રવૃત્તિ પ્રત્યે હેતુ બની શકે છે. ક્ષુધા હોવા છતાં તીવ્રતપની રુચિ આહારની પ્રવૃત્તિની પ્રતિબંધક બને છે, તેથી ક્ષુધા હોવા છતાં તપસ્વીની આહારમાં પ્રવૃત્તિ હોતી નથી.

ક્વચિત્ ખાવાની ઇચ્છાથી આહારની પ્રવૃત્તિનો હેતુ ક્ષુધા બને છે, ક્વચિત્ ક્ષુધારૂપ દુઃખના દોષથી તેના નિવર્તનના ઉપાયભૂત આહારમાં ક્ષુધા પ્રવૃત્તિ કરાવે છે, ક્વચિત્ સંયમના રાગના કારણે સંયમના પ્રતિબંધક ક્ષુદ્વેદનીયને શમાવવામાં ઇચ્છા પેદા કરીને ક્ષુધા આહારપ્રવૃત્તિનો હેતુ બને છે, ક્વચિત્ ઉચિત પ્રવૃત્તિ કરવાના પરિણામને કારણે પણ ક્ષુધા આહારમાં પ્રવૃત્તિ કરાવે છે. તે આ રીતે - વીતરાગને ક્ષુધાનું નિવર્તન કરાવીને પોતાના આયુષ્યકાળ સુધી દેહને ટકાવવારૂપ ઉચિત પ્રવૃત્તિમાં ક્ષુધા જ આહારમાં પ્રવર્તન કરાવે છે. **॥૧૦૯॥**

અવતરણિકા :- **અથ 'पात्राभावात् केवलिनामाहारो न भवति' इत्याशङ्कां परिहर्त्तुमाह-**

અવતરણિકાર્થ :- '**અથ**'થી પૂર્વપક્ષી કહે છે કે પાત્રના અભાવથી કેવલીઓને આહાર હોતો નથી એવી આશંકાને દૂર કરવા માટે ગ્રંથકાર કહે છે —

ગાથા :-

पत्तं ममत्तहेऊ जुत्तं वोत्तुं पुणो ण देहु व्व ।
इहरा णिम्ममभावो जिणाण कह पाणिपत्ताणं ॥११०॥

(पात्रं ममत्वहेतुर्युक्तं वक्तुं पुनर्न देह इव । इतरथा निर्ममभावो जिनानां कथं पाणिपात्राणाम्? ॥११०॥)

ગાથાર્થ :- **દેહની જેમ પાત્ર મમત્વનો હેતુ છે એ પ્રમાણે કહેવું યુક્ત નથી. ઇતરથા=દેહ મમત્વનો હેતુ નથી અને પાત્ર મમત્વનો હેતુ છે એવું માનો તો, છદ્મસ્થાવસ્થામાં કરપાત્રવાળા જિનોને નિર્મમભાવ કેવી રીતે હોય?**

❀ અહીં '**पत्तं**' અને '**ममत्तहेऊ**' પ્રથમાંત છે અને ત્યાર પછી '**इति**' શબ્દ અધ્યાહાર છે.

❀ દેહની જેમ એ અન્વયી દૃષ્ટાંત છે. જેમ દેહ મમત્વનો હેતુ છે એમ કહેવું યુક્ત નથી, તેમ પાત્ર મમત્વનો હેતુ છે એમ કહેવું યુક્ત નથી. યદ્યપિ વ્યવહારમાં દેહ અને પાત્ર મમત્વનો હેતુ કહેવાય છે, પણ વસ્તુતઃ દેહ અને પાત્ર મમત્વના પ્રયોજક છે, કેમ કે જ્યાં જ્યાં પાત્ર હોય ત્યાં ત્યાં મમત્વ થાય જ અને નિર્મમને પાત્ર ન જ હોય એવી વ્યાપ્તિ નથી, તેમ દેહમાં પણ વ્યાપ્તિ નથી. આથી કરીને નિર્મમભાવવાળા પણ દેહધારી હોય છે. તેથી દેહ અને પાત્ર મમત્વનાં જનક નથી, પરંતુ જીવ સ્વયં મમત્વ કરે છે તેમાં પાત્ર અને દેહ નિમિત્તરૂપે કારણ છે.

ટીકા :- भगवतां हि निर्म्मोहित्वेन ममकाराभावात् कवलाहारोपहारहेतुपात्रधारणमनौचित्यवर्ज्जिततया दुरवधीरणम्। न च स्वरूपत एव पात्रस्य ममत्वहेतुत्वमस्ति, पाणिपात्राणामर्हतां केवलज्ञानानुत्पत्तिप्रसङ्गात्।

ટીકાર્થ :- 'भगवतां' ભગવાનનું નિર્મોહીપણું હોવાને કારણે મમકારનો અભાવ છે તેથી અનુચિત પ્રવૃત્તિથી વર્જિત છે. તેને કારણે કવલાહારના ઉપહારના=ગ્રહણના, હેતુભૂત એવા પાત્રનું ધારણ દુરવધીરણ છે અર્થાત્ પાત્રધારણની અવધીરણા ન કરે.

ભાવાર્થ :- ભગવાનને નિર્મોહીપણું હોવાને કારણે ભગવાનમાં મમકારનો અભાવ છે. મમકારનો અભાવ હોવાથી તેઓ અનુચિત પ્રવૃત્તિ કરતા નથી, તેથી કવલાહારના ગ્રહણના હેતુભૂત એવા પાત્રના ધારણની અવગણના કરી શકે નહીં. કેમ કે જો પાત્રનો ત્યાગ કરવામાં આવે તો બાહ્ય રીતે અહિંસાનું પાલન શક્ય નથી, તેથી બાહ્ય અનુચિત પ્રવૃત્તિ પ્રાપ્ત થાય. કેવલી મમકાર નહિ હોવાથી અનુચિત પ્રવૃત્તિ કરતા નથી; તેથી પાત્રના ત્યાગમાં અનૌચિત્યના કારણે વર્જિતપણું છે. તે કારણથી પાત્રનું ધારણ કેવલીને દુરવધીરણ છે.

અહીં વિશેષ એ છે એ કે કેવલી પાત્ર ગ્રહણ ન કરે તો અનુચિત પ્રવૃત્તિ પ્રાપ્ત થાય, તેથી પાત્રત્યાગ કેવલીને વર્જિત બને છે, માટે પાત્રત્યાગમાં વર્જિતતા છે. કેમ કે કેવલી કોઇ દિવસ અનુચિત પ્રવૃત્તિ કરે નહિ એ પ્રકારનો ભાવ છે.

ઉત્થાન :- અહીં પ્રશ્ન થાય કે વાસ્તવિક રીતે પાત્ર મમકારનો હેતુ છે, તેથી નિર્મોહીને તો પાત્રગ્રહણનું વિધાન ઉચિત પ્રવૃત્તિરૂપે કહી શકાય નહિ. તેથી ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :- 'न च' સ્વરૂપથી જ પાત્રનું મમત્વહેતુપણું નથી, કેમ કે (સ્વરૂપથી પાત્રને મમત્વનો હેતુ કહીએ તો) કરપાત્રવાળા એવા ભગવાનને કેવલજ્ઞાનની અનુત્પત્તિનો પ્રસંગ આવશે.

ભાવાર્થ :- તીર્થંકર કરપાત્રવાળા હોય છે. તેથી બાહ્ય પાત્રનો કદાચ ત્યાગ કરી શકાય, પરંતુ કરરૂપ પાત્રનો ત્યાગ થઇ શકે નહીં. તેથી કરરૂપ પાત્ર સદા તેમની પાસે હોવાથી તીર્થંકરોને કેવલજ્ઞાનની અનુત્પત્તિનો પ્રસંગ પ્રાપ્ત થશે.

ટીકા :- 'बाह्यपात्रत्वेनैव तथात्वमिति चेत्? बाह्यत्वं [१]किमात्मभिन्नत्वं [२]आत्मोपगृहीतान्यत्वं [३]शरीरान्यत्वं वा [४]अशक्यपरिहारभिन्नत्वं वा? नाद्यः, पाणिपात्रस्यापि तथात्वात्। न द्वितीयः, बाह्यत्वेनाभिमतस्याप्यतथात्वात्। न तृतीयः, शरीरस्यापि ममताहेतुत्वेन व्यभिचारेण शरीरान्यत्वेन ममताहेतुत्वाभावात् 'इदं मदीयं' इति धीद्वारा जगत एव तद्धेतुत्वात्, पात्रविषयकमदीयत्वधीद्वारापि पाण्यपाणिसाधारणपात्रत्वेनैव तथात्वात्। नापि चतुर्थः, शरीरस्येव पात्रस्याप्यशक्यपरिहारत्वात्। 'शरीरं नामकर्मस्थितेर्दीर्घतयाऽशक्यपरिहारमि'ति चेत्? तदिदमपि वेदनीयकर्मस्थितेर्दीर्घतया तथा।

ટીકાર્થ :- 'બાહ્યપાત્ર' અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે બાહ્યપાત્રપણાથી જ તે પ્રમાણે છે, અર્થાત્ મમત્વનું કારણ છે (માટે કરપાત્રવાળા એવા ભગવાનને કેવલજ્ઞાનની અનુત્પત્તિનો પ્રસંગ નહિ આવે.) તેના નિરાકરણરૂપે સિદ્ધાંતકાર કહે છે કે, પાત્રમાં બાહ્યત્વ એ કયો ધર્મ છે? અર્થાત્ પાત્રવિષયક બાહ્યત્વના ચાર વિકલ્પો પાડે છે, અને તેનું નિરાકરણ કરે છે. તે આ પ્રમાણે —

બાહ્યત્વં - બાહ્યત્વ શું છે? ૧. આત્મભિન્નત્વ, ૨. આત્મોપગૃહીતાન્યત્વ, ૩. શરીરાન્યત્વ કે ૪. અશક્યપરિહારભિન્નત્વ?

'नाद्यः' - આ ચાર વિકલ્પોમાંથી પ્રથમ વિકલ્પ 'બાહ્યત્વ' આત્મભિન્નત્વરૂપ છે તે માની શકાય નહિ, કેમ કે કરપાત્રનું પણ તથાપણું છે.

ભાવાર્થ :- 'બાહ્યત્વ' 'આત્મભિન્નપણું' કહીએ તો કરપાત્રમાં પણ આત્મભિન્નપણું હોવાથી કરપાત્ર પણ મૂર્ચ્છા દ્વારા કેવલજ્ઞાનની ઉત્પત્તિમાં પ્રતિબંધક બની જશે, તેથી કેવલજ્ઞાનની અનુત્પત્તિનો પ્રસંગ ઊભો જ રહેશે.

ઉત્થાન :- ઉપરોક્ત પ્રથમ વિકલ્પમાં કરપાત્ર મમત્વનો હેતુ પ્રાપ્ત થવાથી પૂર્વપક્ષી બીજો વિકલ્પ કરે છે કે **'बाह्यत्वं' 'आत्मोपगृहीतान्यत्वं'** છે અને તે રૂપ પાત્ર મમત્વનો હેતુ છે.

આત્માથી ઉપગૃહીત=ગ્રહણ કરાયેલ, જે શરીર તેનાથી અન્ય એવું કાષ્ઠાદિ પાત્ર છે, તેમાં રહેલું અન્યત્વ તે જ બાહ્યત્વ છે, અને તે રૂપે પાત્ર મમત્વનો હેતુ છે. તેથી કરપાત્રમાં તથાત્વ પ્રાપ્ત થશે નહીં. તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતકાર કહે છે —

ટીકાર્થ :- 'न द्वितीयः' - **'बाह्यत्वं' 'आत्मोपगृहीतान्यत्वं'** રૂપ છે આ બીજો વિકલ્પ પણ બરાબર નથી, કેમ કે બાહ્યત્વેન અભિમત એવા કાષ્ઠાદિ પાત્રનું પણ અતથાપણું છે, અર્થાત્ આત્મોપગૃહીતાન્યત્વરૂપ તથાપણું નથી.

ભાવાર્થ :- આત્મા વડે જેમ શરીર ઉપગૃહીત છે તેમ આત્મા વડે બાહ્ય કાષ્ઠાદિ પાત્ર ઉપગૃહીત છે, પણ શરીરાદિ વડે બાહ્ય કાષ્ઠાદિ પાત્ર ઉપગૃહીત નથી. તેથી કાષ્ઠપાત્રમાં આત્માથી ઉપગૃહીતત્વ છે પણ આત્મોપગૃહીતાન્યત્વ નથી. તે આ રીતે - શુદ્ધ આત્માથી શરીર ઉપગૃહીત થતું નથી, પરંતુ કાર્મણશરીરયુક્ત આત્માથી જ શરીર ઉપગૃહીત થાય છે. તે જ રીતે ઔદારિકાદિ શરીરધારી એવા આત્માથી જ કાષ્ઠાદિપાત્ર ઉપગૃહીત થાય છે, પણ આત્માથી રહિત એવા મૃત શરીરથી ઉપગૃહીત થતું નથી. માટે આત્મોપગૃહીતાન્યત્વ જેમ કરપાત્રમાં નથી તેમ કાષ્ઠાદિ પાત્રમાં પણ નથી. માટે ત્યાં પણ બાહ્યત્વ નહીં હોવાને કારણે તે મમત્વનો હેતુ સિદ્ધ થશે નહિ, તેથી કેવલીને પાત્ર હોવામાં કોઈ બાધક રહેશે નહિ.

ઉત્થાન :- અહીં પૂર્વપક્ષી કહે કે **'बाह्यत्वं' 'शरीरान्यत्वं'** રૂપ કહીશું. તેથી 'આત્મોપગૃહીતાન્યત્વ' કરપાત્રની જેમ કાષ્ઠપાત્રમાં ભલે નથી પણ 'શરીરાન્યત્વરૂપ બાહ્યત્વ' કાષ્ઠાદિ પાત્રમાં છે; તેથી 'શરીરાન્યત્વરૂપ બાહ્યત્વ'

કાષ્ઠાદિ પાત્રમાં હોવાથી કાષ્ઠાદિપાત્ર મમત્વના હેતુ બનવા દ્વારા કેવલજ્ઞાનની અનુત્પત્તિનો પ્રસંગ આવશે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે -

ટીકાર્થ :- '**न तृतीयः**' - '**बाह्यत्वं**' '**शरीरान्यत्वं**' રૂપ છે એ ત્રીજો વિકલ્પ પણ માની શકાશે નહિ, કેમ કે શરીરનું પણ મમતાહેતુપણાથી વ્યભિચાર હોવાને કારણે શરીરાન્યત્વથી મમતાહેતુત્વનો અભાવ છે.

ઉત્થાન :- અહીં પ્રશ્ન થાય કે આ રીતે શરીર અને અન્ય ઉભયસાધારણ મમતા હેતુ સ્વીકારીએ તો કોઈને કેવલજ્ઞાન થઈ શકે નહિ, તેથી કહે છે-

ટીકાર્થ :- '**इदं मदीयं**' આ મારું છે એવી બુદ્ધિ કરાવવા દ્વારા જગતનું જ તદ્ધેતુપણું =મમતાહેતુપણું, છે.

ઉત્થાન :- અહીં પૂર્વપક્ષી કહે કે, આ રીતે શરીરથી ભિન્ન બાહ્ય પાત્રમાં પણ '**इदं मदीयं**' એ પ્રકારની બુદ્ધિથી જ મમત્વ અમે સ્વીકારીશું, તેથી 'શરીરાન્યત્વેન' બાહ્યપાત્રનું ગ્રહણ કરીને તેને મમત્વનું કારણ કહીશું, તો શું વાંધો છે? તેથી કહે છે-

ટીકાર્થ :- '**पात्रविषयक**' પાત્રવિષયક મદીયત્વની બુદ્ધિ દ્વારા પણ કરપાત્ર અને કાષ્ઠપાત્ર સાધારણપાત્રપણાથી જ તથાપણું છે.

ભાવાર્થ :- '**बाह्यत्वं**' '**शरीरान्यत्वं**' રૂપ છે એમ કહેવાથી અર્થાત્ 'શરીરાન્યત્વેન' મમતાનો હેતુ કહેવાથી, 'શરીરાન્યત્વ' શરીરમાં નહિ હોવાને કારણે વ્યભિચાર છે. માટે 'શરીરાન્યત્વેન' મમતાના હેતુત્વનો અભાવ છે, તેથી ત્રીજો વિકલ્પ બરાબર નથી, એમ ગ્રંથકારનું કહેવું છે. અર્થાત્ 'શરીરાન્યત્વેન' મમતાનું હેતુપણું નથી, પરંતુ 'પુદ્ગલત્વેન પુદ્ગલ'નું મમતા હેતુપણું છે, તેથી શરીર અને શરીરથી અન્ય સર્વ પુદ્ગલો મમતાના હેતુ છે. માટે ત્રીજો વિકલ્પ બરાબર નથી.

પુદ્ગલત્વેન પુદ્ગલનું મમતાહેતુપણું કહેવાથી જ્યાં સુધી લેશ પણ પુદ્ગલનો સંગ છે ત્યાં સુધી મમતા અવશ્ય રહેશે, તેને કારણે કોઈને કેવલજ્ઞાન થઈ શકશે નહિ; કેમ કે શરીરધારીને પણ શરીરનો સંગ છે તે પુદ્ગલરૂપ છે, તેથી શરીરધારીને અવશ્ય મમતા રહેશે; માટે કેવલજ્ઞાનના અભાવની જ પ્રાપ્તિ થશે. તેથી કહે છે કે 'આ મારું છે' એ પ્રકારની બુદ્ધિ દ્વારા જગતનું જ મમતા હેતુપણું છે, તેથી જેમને શરીરાદિનો સંગ હોવા છતાં 'આ મારું છે' એવી બુદ્ધિ નથી તેઓને મમતા થતી નથી. માટે શરીરધારી હોવા છતાં કેવલજ્ઞાન થવામાં કોઈ દોષ નથી.

'**पात्रविषयक**' અહીં પૂર્વપક્ષી કહે કે 'મારાપણાની બુદ્ધિ દ્વારા' જગતનું મમતાહેતુપણું છે એ રીતે, કાષ્ઠપાત્ર પણ સાક્ષાત્ મમતાનો હેતુ ન હોય તો પણ 'મારાપણાની બુદ્ધિ દ્વારા' મમતાનો હેતુ છે, માટે કેવલી પાત્ર ગ્રહણ કરતા નથી. તેથી કહે છે કે પાત્રવિષયક 'મારાપણાની બુદ્ધિ દ્વારા' પણ કરપાત્ર, કાષ્ઠપાત્ર સાધારણ એવા પાત્રત્વેન જ પાત્રનું મમતાહેતુપણું છે, પણ નહિ કે કરથી ભિન્ન એવા 'પાત્રત્વેન' પાત્રનું મમતાહેતુપણું છે. આથી શરીરાન્યત્વ કરપાત્રમાં નહિ હોવાથી ત્રીજો વિકલ્પ બરાબર નથી.

ઉત્થાન :- આ રીતે ત્રીજા વિકલ્પમાં 'શરીરાન્યત્વરૂપ' બાહ્યપાત્ર ગ્રહણ કરવાનો વ્યભિચાર આવવાથી, પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે શરીરનો પરિહાર અશક્ય છે, તેથી શરીરમાં અશક્ય પરિહારત્વ છે, અને બાહ્યપાત્રનો પરિહાર શક્ય છે તેથી બાહ્યપાત્રમાં અશક્યપરિહારભિન્નત્વ છે, એ રીતે બાહ્યપાત્રને અમે મમતાનો હેતુ સ્વીકારીશું તેથી વ્યભિચાર નહિ આવે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :- **'नापि चतुर्थं' 'बाह्यत्वं' 'अशक्यपरिहारभिन्नत्वं'** રૂપ છે એ ચોથો વિકલ્પ પણ બરાબર નથી, કેમ કે શરીરની જેમ પાત્રનું પણ અશક્યપરિહારપણું છે.

'शरीर' અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે શરીરનું નામકર્મની સ્થિતિનું દીર્ઘપણું હોવાથી અશક્યપરિહાર છે, તો ગ્રંથકાર કહે છે કે તે આ=આહાર, પણ વેદનીયકર્મસ્થિતિનું દીર્ઘપણું હોવાથી તે પ્રમાણે છે=અશક્યપરિહાર છે.

ભાવાર્થ :- **'नापि चतुर्थं'** પૂર્વપક્ષીનું કહેવું છે કે શરીરનો પરિહાર અશક્ય છે, તેથી જેનો પરિહાર શક્ય હોય અને પરિહાર ન કરવામાં આવે તો તે મમતાનો હેતુ થાય; જ્યારે શરીરનો પરિહાર તો શક્ય નથી માટે શરીર મમતાનો હેતુ નહિ થાય. તેને સિદ્ધાંતકાર કહે છે કે જેમ શરીરનો પરિહાર અશક્ય છે તેમ પાત્રનો પરિહાર અશક્ય છે, કેમ કે પાત્રનો પરિહાર કરવામાં આવે તો સંયમનું પાલન સંભવે નહીં.

અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, કેવલીને શરીરનામકર્મની સ્થિતિનું દીર્ઘપણું હોવાને કારણે શરીરનો પરિહાર અશક્ય છે, પરંતુ પાત્રને ગ્રહણ કરવાનો યત્ન તો ઇચ્છાથી જ થાય છે માટે પાત્ર મમત્વનો હેતુ બનશે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, જેમ શરીરનામકર્મની દીર્ઘસ્થિતિને કારણે કેવલી માટે શરીરનો પરિહાર અશક્ય છે, તેમ શાતા-અશાતાસાધારણ એવા વેદનીયકર્મનું દીર્ઘસ્થિતિપણું હોવાને કારણે આહારનો પરિહાર અશક્ય છે, તેથી પાત્રનો પરિહાર પણ અશક્ય છે.

તાત્પર્ય એ છે કે કેવલીને ક્ષુધાવેદનીયકર્મને કારણે જેમ ક્ષુધા લાગે છે, તેમ ક્ષુધાને શમાવવાને અનુરૂપ આહારપુદ્ગલો ગ્રહણ કરાવનાર કર્મ પણ છે. તે કર્મના ઉદયથી આહારગ્રહણમાં કેવલીની પ્રવૃત્તિ છે. તે આહાર ગ્રહણ કરવાને કારણે જ શરીરની અવસ્થિતિ સંભવે છે અને શરીરની અવસ્થિતિ રહે તો જ દીર્ઘસ્થિતિવાળું વેદનીયકર્મ ભોગવી શકાય. માટે આહારના પુદ્ગલને ગ્રહણ કરવા અર્થક કેવલીને પાત્રની આવશ્યકતા છે, તેથી કેવલી માટે શરીરની જેમ પાત્રનું પણ અશક્યપરિહારપણું છે.

ઉત્થાન :- પૂર્વમાં સિદ્ધ કર્યું કે કેવલીને પાત્રનો પરિહાર અશક્ય છે, ત્યાં વળી કોઇ કહે છે -

ટીકા :- **यत्तु**[૧] **'खीणम्मि अंतराए णो से अ असक्कपरिहारो' त्ति केनचिदुक्तं तद्बहुविचारणीयम्, अन्तरायक्षयेण शक्त्या सर्वविषयकवीर्योत्पत्तावपि तस्य व्यक्त्या सर्वविषयकत्वाभावात्, परिहारहेतोर्वीर्यस्य सत्त्वेऽपि हेत्वन्ताभावादपरिहारसंभवात्, योगादिहेतुसाम्राज्याद्वीर्यप्रयोगे सति विघ्नाभावस्यैवान्तरायक्षयप्रयोजन-**

---

૧. सर्वज्ञशतक-२६ अस्य पूर्वार्धः - खीणम्मि मोहणिज्जे णावज्जं हुज्ज सव्वहा सव्वं ।
क्षीणे मोहनीये नावद्यं भवेत् सर्वथा सर्वम् । क्षीणेऽन्तराये न तस्य चाशक्यपरिहारः ॥

त्वात्, तथा च क्षमाश्रमणाः

[1]दिंतस्स लभंतस्स व भुंजंतस्स व जिणस्स एस गुणो ।
खीणंतराइअत्ते जं से विग्घं ण संहवइ ॥ त्ति । [**धर्मसंग्रहणी- १३४४**]

तस्मादनन्तवीर्यस्यापि भगवतः शरीरबलापचयोपदेशाद्भवेदेवाशक्यपरिहारः, अन्यथा शक्यपरिहारप्राप्तं वस्त्रादिकमपि परिहृत्य दिगम्बरा एव केवलिनो भवेयुः, इत्यहो सिताम्बरार्भकस्य वचनचातुरी! 'पात्रादिसत्त्वे केवलिनां तत्प्रतिलेखनादिप्रसङ्गः' इति चेत्? न, संसक्तिकाल इष्टत्वात्,

[2]सव्वत्थ वि (? पाणेहि) संसत्ता पडिलेहा होइ केवलीणं तु ।
संसत्तमसंसत्ता छउमत्थाणं तु पडिलेहा ॥ [**ओघनि. २५७**]

इति विभज्योपदेशात्॥११०॥

टीकार्थ :- '**यत्तु**' જે વળી અંતરાય ક્ષીણ થયે છતે તેમને=કેવલીને અશક્યપરિહાર કાંઇ નથી, અર્થાત્ આહારનો ત્યાગ કે પાત્રનો ત્યાગ તેમને માટે અશક્યપરિહાર નથી, એ પ્રમાણે કોઇના વડે કહેવાયું, તે કથન બહુ વિચારણીય છે, અર્થાત્ અસમંજસ છે. કેમ કે અંતરાયના ક્ષય દ્વારા શક્તિથી સર્વવિષયક વીર્યની ઉત્પત્તિ હોવા છતાં પણ તેનું=વીર્યનું, વ્યક્તિથી સર્વવિષયપણાનો અભાવ છે.

તેમાં હેતુ કહે છે-

परिहार- પરિહારના હેતુભૂત વીર્યનું સત્ત્વ હોવા છતાં પણ હેત્વંતરના અભાવથી અપરિહારનો સંભવ છે.

❀ '**खीणम्मि....तद्बहुविचारणीयम्**', એમાં '**अन्तरायक्षयेण ....सर्वविषयकत्वाभावात्**' હેતુ છે અને તેમાં **परिहारहेतो....अपरिहारसंभवात्**' હેતુ છે.

ભાવાર્થ :- અંતરાયકર્મનો ક્ષય થવાને કારણે શક્તિથી બાહ્ય સર્વવિષયક વીર્ય તેમને હોય છે પરંતુ વ્યક્તિથી બાહ્ય સર્વવિષયક વીર્ય હોતું નથી. અને તેમાં હેતુ '**परिहार .. संभवात्**' કહ્યો તેનું તાત્પર્ય એ છે કે, ક્ષાયિકભાવનું વીર્ય હોવાને કારણે પાત્રાદિનો પરિહાર કે આહારાદિનો પરિહાર કે સર્વથી બાહ્ય રીતે કોઇ જીવનો વધ ન થાય તદર્થક યોગના ચાંચલ્યનો પરિહાર કરવો, તેને માટે આવશ્યક એવી ક્ષાયિક વીર્ય શક્તિ કેવલીમાં છે. તેથી પરિહારના હેતુભૂત વીર્ય તેમનામાં છે. પરંતુ આહારાદિના પરિહાર માટે આહાર વગર આયુષ્યકાળ સુધી ટકી શકે તેવા પ્રકારના સ્વભાવવાળો જે દેહ તે રૂપ હેત્વંતરનો અભાવ હોવાને કારણે આહારાદિનો પરિહાર કેવલીને હોતો નથી. તેથી જ શક્તિથી સર્વવિષયક વીર્યની ઉત્પત્તિ હોવા છતાં વ્યક્તિથી સર્વવિષયક વીર્ય કેવલીને નથી.

उत्थान :- અહીં પ્રશ્ન થાય કે શક્તિથી સર્વવિષયક વીર્યની ઉત્પત્તિ હોવા છતાં વ્યક્તિથી સર્વવિષયક વીર્ય કેવલીને નથી, તો પછી તેમને ક્ષાયિકવીર્ય માનવાનું પ્રયોજન શું? તેથી કહે છે-

---

૧. ददतो लभमानस्य वा भुञ्जानस्य वा जिनस्यैष गुणः । क्षीणान्तरायत्वे यत् तस्य विघ्नो न संभवति ॥

૨. सर्वत्रापि (?प्राणैः) संसक्ता प्रतिलेखना भवति केवलिनां तु । संसक्तमसंसक्ता छद्मस्थानां तु प्रतिलेखना ॥

ટીકાર્થ :- 'योगादि' - યોગાદિ હેતુના સામ્રાજ્યથી વીર્યપ્રયોગ થયે છતે વિઘ્નાભાવનું જ અંતરાયક્ષયનું પ્રયોજનપણું છે=કાર્યપણું છે.

ભાવાર્થ :- બાહ્યવિષયક વીર્ય પ્રવર્તાવવામાં યોગાદિ હેતુ છે. 'યોગાદિ'માં 'આદિ'પદથી તથાવિધ કર્મનું ગ્રહણ કરવું અર્થાત્ બાહ્યવિષયક વીર્ય પ્રવર્તાવવાને અનુકૂળ એવું કર્મ ગ્રહણ કરવું.

યોગાદિહેતુનું સામ્રાજ્ય હોવાથી કેવલીનું વીર્ય બાહ્યવિષયક પ્રવૃત્ત થાય છે, યદ્વિષયક કેવલીનું વીર્ય પ્રવર્તે છે તદ્વિષયક કાર્યની નિષ્પત્તિમાં વિઘ્નાભાવ છે તે જ અંતરાયક્ષયનું પ્રયોજન=કાર્ય છે. તેથી કેવલીને બાહ્યપ્રવૃત્તિવિષયક વિઘ્ન ક્યારે પણ આવતું નથી.

અહીં વિશેષ એ છે કે કેવલીને ક્ષાયિકભાવનું વીર્ય હોવાને કારણે શક્તિથી સર્વવિષયક વીર્યની ઉત્પત્તિ થાય છે, તેથી કેવલજ્ઞાન થાય ત્યારથી જ કેવલીમાં યોગનિરોધ કરવાનું સામર્થ્ય હોય છે. આમ છતાં, તેઓ ઉચિતકાળે જ =જ્યારે આયુષ્યની સમાપ્તિનો કાળ પ્રાપ્ત થાય ત્યારે જ, યોગનિરોધનો યત્ન કરે છે. કેમ કે સંસાર અને મોક્ષ બંને પ્રત્યે તેઓ ઉદાસીન હોવાને કારણે શીઘ્ર મોક્ષપ્રાપ્તિ માટે કેવલીને અભિલાષા હોતી નથી, પરંતુ સમભાવ =સામાયિકનો પરિણામ, હોવાને કારણે ઉચિતકાળમાં ઉચિતપ્રવૃત્તિ કરવારૂપ તેમની સર્વ પ્રવૃત્તિ હોય છે. આથી જ યોગનિરોધના પૂર્વકાળમાં તેઓ ગમનાદિ કરતા હોય ત્યારે યોગના ચાંચલ્યને કારણે હિંસાનો પણ અશક્યપરિહાર તેમના માટે છે. યદ્યપિ જ્યાં તેમને શક્ય છે ત્યાં તેમને હિંસાના પરિહાર માટે અવશ્ય યત્ન હોય છે. આથી સંસક્તકાળમાં વસ્ત્ર-પાત્રપડિલેહણ પણ તેઓ કરે છે, પરંતુ યોગનિરોધ વિના જેનો પરિહાર શક્ય નથી તેવી હિંસા કવચિત્ તેમનાથી થતી હોવાથી અશક્યપરિહાર છે.

ટીકાર્થ :- 'तथा च' અને તે પ્રકારે=પૂર્વમાં કહ્યું કે વિઘ્નાભાવ જ અંતરાયક્ષયનું પ્રયોજન છે તે પ્રકારે, ક્ષમાશ્રમણ કહે છે- કોઈપણ વસ્તુને આપતા, મેળવતા કે ભોગવતા એવા જિનનો આ ગુણ છે, જે કારણથી અંતરાયકર્મ ક્ષીણ થયે છતે તેમને =કેવલીને વિઘ્ન સંભવતું નથી. **'त्ति'** ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

ભાવાર્થ :- અહીં જિનના **'दिंतस्स '** વિશેષણથી દાનાંતરાયક્ષયનું ગ્રહણ કરેલ છે, **'लभंतस्स'** વિશેષણથી લાભાંતરાયના ક્ષયનું ગ્રહણ કરેલ છે અને **'भुंजंतस्स'** વિશેષણથી ભોગાંતરાય અને ઉપભોગાંતરાયના ક્ષયનું ગ્રહણ કરેલ છે અને વીર્યાંતરાયનો ક્ષય વીર્યના પ્રવર્તનથી પ્રાપ્ત થાય છે. આ દાન-લાભ અને ભોગરૂપ ત્રણ ક્રિયાવિષયક પ્રવૃત્તિ કેવલીને હોય છે, તેથી આ ત્રણમાં કરાતો યત્ન વીર્યાંતરાયના ક્ષયથી કેવલીને હોય છે અને આ ત્રણે પ્રકારની ક્રિયા કરતાં જિનને કોઈ અંતરાય આવતા નથી તે અંતરાયક્ષયનું કાર્ય છે.

ટીકાર્થ :- 'तस्मात्' તે કારણથી =પૂર્વમાં કહ્યું કે કેવલીને અશક્યપરિહાર નથી એમ જે કહે છે તે કથન વિચારણીય છે. તેનાથી એ પ્રાપ્ત થયું કે કેવલીને અશક્યપરિહાર છે. તે કારણથી, અનંતવીર્યવાળા પણ ભગવાનને શરીરબળના અપચયના ઉપદેશથી =કથનથી, અશક્યપરિહાર થાય, અર્થાત્ પાત્રાદિ કે આહારાદિનો અશક્યપરિહાર હોઈ શકે. અન્યથા=કેવલી અનંતવીર્યવાળા હોવાને કારણે આહારાદિનો પરિહાર તેમને શક્ય છે તેમ માનો તો,

શક્યપરિહારપ્રાપ્ત એવા વસ્ત્રાદિકને પણ છોડીને કેવલીઓ દિગંબર જ થવા જોઈએ, એથી કરીને આશ્ચર્યકારી (આ) શ્વેતાંબર બાળકની વચનચાતુરી છે કે જે કેવલીને આહારાદિનો પરિહાર શક્યપરિહારરૂપ કહે છે.

સારાંશ એ છે કે અશક્યપરિહારભિન્નત્વરૂપ બાહ્યત્વ પાત્રાદિમાં ન હોવાથી કેવલીને પાત્ર વગેરે મમતાના હેતુ બનતા નથી.

'पात्रादि' અહીં પૂર્વપક્ષી કહે કે, પાત્રાદિ હોવામાં કેવલીઓને તેની=પાત્રાદિની, પ્રતિલેખનાદિનો પ્રસંગ આવશે. તો ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે સંસક્તિકાલે ઈષ્ટપણું છે. અર્થાત્ પાત્રાદિ જીવસંસક્ત હોય ત્યારે કેવલી પણ તેનું પ્રતિલેખન કરે છે. તેમાં હેતુ કહે છે- **'पाणेहि'** પ્રાણી વડે=જીવો વડે, સંસક્ત= સંસક્તદ્રવ્યવિષયવાળી પ્રતિલેખના કેવલીઓને હોય છે. વળી છદ્મસ્થોને સંસક્ત-અસંસક્ત=સંસક્ત દ્રવ્યવિષયવાળી અને અસંક્ત દ્રવ્યવિષયવાળી પ્રતિલેખના હોય છે. એ પ્રમાણે વિભાગ કરીને (શાસ્ત્રમાં) ઉપદેશ છે.

❀ અહીં મુ.પુ. માં **'सव्वत्थ वि'** પાઠ છે ત્યાં ઓઘનિર્યુક્તિ ગા.૨૫૭ માં **'पाणेहि उ'** પાઠ છે. અને તે પાઠ સંગત લાગે છે તે મુજબ પ્રસ્તુત અર્થ કરેલ છે. **॥૧૧૦॥**

અવતરણિકા :- अथाहारेण भगवतां ध्यानतपोव्याघात इत्याशङ्कापङ्कं परिमार्ष्टि-

અવતરણિકાર્થ :- **'अथ'**થી પૂર્વપક્ષી કહે છે કે આહાર વડે ભગવાનને ધ્યાન અને તપનો વ્યાઘાત થશે એવી આશંકાના કાદવને સાફ કરતાં ગ્રંથકારશ્રી કહે છે-

ગાથા :- **झाणतवोवाघाओ आहारेणं ति ते मई मिच्छा ।**
झाणं सेलेसीए तवो अ ण विसिस्सते सिं ति ॥१११॥

(ध्यानतपोव्याघातः आहारेणेति ते मतिर्मिथ्या । ध्यानं शैलेश्यां तपश्च न विशिष्यते एषामिति ॥१११॥)

ગાથાર્થ :- એઓને=કેવલીઓને, ધ્યાન શૈલેશીઅવસ્થામાં, હોય છે અને તપવિશેષ કરવાનો હોતો નથી, એથી કરીને આહાર વડે ધ્યાન અને તપનો વ્યાઘાત થશે, એ પ્રમાણે તારી મતિ મિથ્યા છે.

❀ મૂળ ગાથામાં **'इति'** શબ્દ હેતુ અર્થક છે.

ટીકા :- केवलिनो हि शैलेश्यवस्थायामेव ध्यानमारभन्ते, तत्र च कवलाहारानभ्युपगमान्न तेन तत्प्रतिबन्धः। यदि च स्वभावसमवस्थानमेवात्मनो ध्यानमिष्यते शश्वदेव तथापि न तेन तत्प्रतिबन्धः, बहिष्क्रियाया अन्तर्भावाऽप्रतिबन्धकत्वात्, योगनिश्चलतारूपध्यान एव योगचञ्चलताऽऽधायक बहिष्क्रियायाः प्रतिबन्धकत्वात्। उक्तं च रत्नाकरावतारिकायां-

"न द्वितीयः, केवलिनः शैलेशीकरणप्रारंभात् प्राक् ध्यानानभ्युपगमात्, तत्र कवलाहाराऽस्वीकारात्, तद्ध्यानस्य शाश्वतत्वात्, अन्यथा गच्छतोऽपि कथं नैतद्विघ्नः स्यात्?" **इति मदुक्तव्याख्यापद्धत्यैव सुघटमेतत्। तपोऽपि च न तेषां विशेषतः संभवति, तादृश निर्जरणीयकर्माभावात्।** 'अणुत्तरे तवे०' **इति सूत्रं तु शैलेश्यवस्थाभाविध्यानरूपस्याभ्यन्तरतपसः पारम्यमावेदयति, तथैव स्थानाङ्गवृत्तौ व्याख्यानात्।**

टीकार्थ :- केवलिनो કેવલીભગવંતો શૈલેશીઅવસ્થામાં જ ધ્યાનનો આરંભ કરે છે અને ત્યાં=શૈલેશીઅવસ્થામાં, કવલાહારનો અનભ્યુપગમ=અસ્વીકાર, હોવાથી તેના વડે=કવલાહાર વડે, તેનો=ધ્યાનનો, પ્રતિબંધ થતો નથી; અને જો આત્માના સ્વભાવસમવસ્થાનને જ શાશ્વત જ=હંમેશાં જ, ધ્યાન તરીકે ઇચ્છતા હો તો પણ તેનાથી=કવલાહારથી, તેનો=ધ્યાનનો, પ્રતિબંધ થવાનો પ્રસંગ આવશે નહિ; કેમ કે બાહ્યક્રિયાનું અંતર્ભાવનું=આંતરિકભાવનું અપ્રતિબંધકપણું છે, અર્થાત્ સ્વભાવસમવસ્થાનરૂપ આંતરિકભાવનું અપ્રતિબંધકપણું છે.

અહીં પ્રશ્ન થાય કે બાહ્યક્રિયા આત્માના કયા ભાવની પ્રતિબંધક છે? તેથી કહે છે-

'योगनिश्चलता' યોગનિશ્ચલતારૂપ ધ્યાનમાં જ યોગચંચળતાઆધાયક બાહ્યક્રિયાનું પ્રતિબંધકપણું છે.

ભાવાર્થ :- અહીં વિશેષ એ છે કે 'સ્વભાવસમવસ્થાન' એ જીવના જ્ઞાતા-દૃષ્ટાભાવસ્વરૂપ છે. કેવલીને મોહનો સર્વથા ક્ષય થવાને કારણે તે ભાવ ક્ષાયિકરૂપે સદા છે જ. સામાન્ય રીતે બાહ્ય પુદ્ગલવિષયક ક્રિયા જ્ઞાતાદૃષ્ટાભાવમાં પ્રતિબંધ કરનાર દેખાય છે, આમ છતાં, વસ્તુતઃ બાહ્ય ક્રિયાની પ્રવૃત્તિ બાહ્ય પદાર્થવિષયક કર્તૃત્વ-ભોક્તૃત્વરૂપ અંતરંગભાવ પેદા કરીને 'સ્વભાવસમવસ્થાનરૂપ' અંતરંગભાવની પ્રતિબંધક બને છે. પરંતુ કેવલીને મોહનો સર્વથા ક્ષય થવાને કારણે કર્તૃત્વ-ભોક્તૃત્વરૂપ અંતરંગભાવ પેદા થતો નથી, તેથી આહારવિષયક બાહ્યક્રિયા સ્વભાવસમવસ્થાનરૂપ અંતરંગભાવની પ્રતિબંધક થતી નથી, પરંતુ યોગનિશ્ચલતારૂપ ધ્યાનમાં જ યોગચંચળતાઆધાયક એવી બાહ્યક્રિયાનું પ્રતિબંધકપણું છે.

ટીકાર્થ :- उक्तं च रत्नाकरावतारिकायां - અને રત્નાકરાવતારિકામાં કહ્યું છે- બીજો વિકલ્પ બરાબર નથી અર્થાત્ કેવલીને આહાર ગ્રહણ કરવાને કારણે ધ્યાનનો વ્યાઘાત થશે એ પ્રકારનો બીજો વિકલ્પ બરાબર નથી, કેમ કે કેવલીને શૈલેશીકરણના પ્રારંભની પૂર્વમાં ધ્યાનનો સ્વીકાર નથી, તેથી આહાર દ્વારા ધ્યાનના વ્યાઘાતનો પ્રસંગ તેમને નથી.

ઉત્થાન :- અહીં શંકા થાય કે શૈલેશીકરણના પ્રારંભની પૂર્વમાં ધ્યાનનો સ્વીકાર ન હોવાથી આહાર દ્વારા ધ્યાનના વ્યાઘાતનો પ્રસંગ ભલે ન હોય, પરંતુ શૈલેશીકરણકાળમાં આહારથી ધ્યાનનો વ્યાઘાત થશે. તેથી બીજો હેતુ કહે છે-

ટીકાર્થ :- 'तत्र' ત્યાં=શૈલેશીકરણકાળમાં, કવલાહારનો અસ્વીકાર છે, (માટે આહારથી ધ્યાનના વ્યાઘાતનો સંભવ નથી.).

ઉત્થાન :- અહીં શંકા થાય કે કેવલીને આહાર ગ્રહણ કરવાથી સ્વભાવસમવસ્થાનરૂપ ધ્યાનનો વ્યાઘાત થશે, કેમ કે આહારગ્રહણની ક્રિયા એ પુદ્ગલમાં પ્રવૃત્તિ સ્વરૂપ છે. આ પ્રકારની પૂર્વપક્ષીની શંકાને સામે રાખીને ત્રીજો હેતુ કહે છે-

ટીકાર્થ :- **'तद्ध्यानस्य'** તેમના=કેવલીના, ધ્યાનનું શાશ્વતપણું છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે કેવલીના સ્વભાવસમવસ્થાનરૂપ ધ્યાનનું શાશ્વતપણું હોવાના કારણે આહારગ્રહણરૂપ પુદ્ગલની ક્રિયા હોવા છતાં પણ તે ધ્યાનનો વ્યાઘાત થતો નથી, કેમ કે સ્વભાવસમવસ્થાનની નિષ્પત્તિ થયા પછી તે શાશ્વત હોવાને કારણે ધ્યાનનો વ્યાઘાત સંભવે નહિ. તે કથનની જ પુષ્ટિ કરતાં કહે છે-

ટીકાર્થ :- **'अन्यथा'** અન્યથા અર્થાત્ આહારગ્રહણથી સ્વભાવસમવસ્થાનરૂપ ધ્યાનનો વ્યાઘાત થાય છે તેમ માનો તો, જતા એવા પણ અર્થાત્ ગમનક્રિયા=વિહાર, કરતા એવા પણ કેવલીને આમાં= સ્વભાવસમવસ્થાનધ્યાનમાં, કેવી રીતે વિઘ્ન ઊભું ન થાય? એથી કરીને=રત્નાકરાવતારિકાનું આવું કથન છે એથી કરીને, મારાથી કહેવાયેલી વ્યાખ્યાન પદ્ધતિથી જ અર્થાત્ ગ્રંથકારથી કહેવાયેલી વ્યાખ્યાન પદ્ધતિથી જ આ=રત્નાકરાવતારિકાનું કથન, સંગત છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે પૂર્વમાં ગ્રંથકારે કરેલું વ્યાખ્યાન એ છે કે, આહારગ્રહણરૂપ બાહ્યક્રિયા સ્વભાવસમવસ્થાનરૂપ ધ્યાનની પ્રતિબંધક નથી, પરંતુ યોગનિશ્ચલતારૂપ ધ્યાનની જ પ્રતિબંધક છે. એ રૂપ ગ્રંથકારની કહેવાયેલ વ્યાખ્યાન પદ્ધતિથી જ રત્નાકરાવતારિકાનું કથન સુઘટ છે.

ટીકાર્થ :- **'तपोऽपि'** અને તપ પણ તેઓને વિશેષથી અર્થાત્ એકાસણાથી અધિક તપરૂપ વિશેષથી, સંભવતો નથી, કેમ કે તેવા પ્રકારના નિર્જરા કરવા યોગ્ય કર્મનો અભાવ છે.

ભાવાર્થ :- તાદૃશ મુનિઓ તપને વિશેષ પ્રકારના મોહના ક્ષય અર્થક કરે છે તેથી જ ક્ષપકશ્રેણિની પૂર્વમાં ઋષિઓ તપમાં વિશેષથી યત્ન કરે છે. પરંતુ કેવલીને મોહ સર્વથા ચાલ્યો ગયો હોવાને કારણે તપથી નિર્જરણીય એવા મોહનીયકર્મનો અભાવ હોવાને કારણે વિશેષથી તપ હોતો નથી.

ઉત્થાન :- પૂર્વમાં કહ્યું કે કેવલીને વિશેષ તપ નથી ત્યાં કોઈને શંકા થાય કે, **'अणुत्तरे तवे'** એ સૂત્ર કેવલીમાં વિશેષ તપને સ્વીકારનાર છે, એ સૂત્રની સાથે વિરોધ આવશે તેનું શું ? તેથી કહે છે-

ટીકાર્થ :- **'अणुत्तरे'** **'अणुत्तरे तवे'** એ સૂત્ર વળી શૈલેશી અવસ્થાભાવી ધ્યાનરૂપ અભ્યંતરતપના પરમપણાને =ઉચ્ચપણાને, જણાવે છે; કેમ કે તે પ્રમાણે જ સ્થાનાંગસૂત્રની વૃત્તિમાં=ટીકામાં, વ્યાખ્યાન છે.

ઉત્થાન :- પૂર્વમાં કહ્યું કે કેવલીને એકાસણથી વિશેષ તપ નથી, ત્યાં પ્રશ્ન થાય કે પર્યંતે સંલેખના વખતે કોઈ તીર્થંકર છ ઉપવાસ કરે છે, કોઈ માસક્ષમણ કરે છે, કોઈ છઠ્ઠ કરે છે, તેથી કેવલીને વિશેષ તપ નથી એમ કઈ રીતે કહી શકાય? તેથી કહે છે-

ટીકા :- यदपि शरीरव्युच्छित्तये पार्यन्तिकसंलेखनादिकं तपस्तदपि कादाचित्कमिति न तेन तत्प्रतिबन्धः। न च तपोऽकालेऽपि क्षुदादिकारणे कुतः केवलिनो न भुञ्जत इति वाच्यम्, तदानीं भोजने कर्मबन्धाभावेऽप्युचितप्रवृत्तेरभावात्। न चानौचित्येन प्रवर्त्तन्ते भगवन्तः न चास्मदादिवद्विशिष्टतपोऽप्युचितमिति तेषां तत्प्रसङ्गः, अस्मदादिसाधारणव्यवहाराऽप्रतिपन्थित्वरूपौचित्यात् केवलिव्यवहाराऽप्रतिपन्थित्वरूपौचित्यस्य भिन्नत्वात्।

☞ મુ.પુ.માં **तपोऽकालेऽपि** પાઠ છે ત્યાં હસ્તલિખિત પ્રતમાં **तपकालेऽपि** પાઠ મળે છે, પણ ત્યાં વિસર્ગ છૂટી ગયો લાગે છે તેથી **तपःकालेऽपि** પાઠ ઉચિત લાગે છે. અને તે મુજબ ટીકાર્થ કરેલ છે.

ટીકાર્થ :- '**यदपि**' શરીરનો વિચ્છેદ કરવા માટે જે પણ પાર્યંતિક સંલેખનાદિ તપ હોય છે તે પણ કાદાચિત્ક હોય છે, એથી કરીને તેનાથી=કવલાહારથી, તેનો=તપનો, પ્રતિબંધક નથી.

ભાવાર્થ :- '**कादाचित्कं**' અહીં વિશેષ એ છે કે કેવલીને પાર્યન્તિક સંલેખનાદિરૂપ જે તપવિશેષ છે, તે જો સદા હોય તો આહારગ્રહણથી તેનો=તપવિશેષનો, વ્યાઘાત થાય; પરંતુ તે તપવિશેષ કેવલ અંતકાળે જ હોય છે તેથી તે કાદાચિત્ક છે; અને અંતકાળે સંલેખનામાં આહાર ગ્રહણ કરવાનો હોતો નથી અને તેના પૂર્વકાળમાં કેવલીને તે તપવિશેષ કરવાનો હોતો નથી, તેથી આહાર દ્વારા તે તપવિશેષનો પ્રતિબંધ થાય તેમ કહી શકાય નહિ.

ટીકાર્થ :- '**न च**' અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, જો કેવલીને આહાર ગ્રહણ કરવાનું ઈષ્ટ છે તો તપના કાળમાં પણ અર્થાત્ પાર્યન્તિક સંલેખનાદિરૂપ તપના કાળમાં પણ, ક્ષુધાદિ કારણ હોતે છતે કેવલી કેમ આહાર કરતા નથી? તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એ પ્રમાણે ન કહેવું.
'**तदानीं**' કેમ કે ત્યારે=પાર્યન્તિક સંલેખનાકાળમાં, ભોજન કરવામાં આવે તો કેવલીને કર્મબંધનો અભાવ હોવા છતાં પણ ઉચિત પ્રવૃત્તિનો અભાવ છે. (માટે કેવલી ભોજનમાં યત્ન કરતા નથી.).
'**न च**' - અને ભગવાન અનુચિતપણારૂપે પ્રવર્તતા નથી તેની સામે કોઈ કહે છે કે, શેષ કાળમાં પણ કેવલીઓને છદ્મસ્થાદિની જેમ વિશિષ્ટ તપ પણ ઉચિત છે, એથી કરીને તેઓને=કેવલીઓને, તેનો=વિશિષ્ટતપનો, પ્રસંગ આવશે. તેને ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે છદ્મસ્થાદિસાધારણવ્યવહારના અપ્રતિપંથીપણારૂપ ઔચિત્યથી કેવલીવ્યવહારના અપ્રતિપંથીપણારૂપ ઔચિત્યનું ભિન્નપણું છે.

ભાવાર્થ :- પાર્યન્તિક સંલેખનાકાળમાં ક્ષુધાદિને કારણે કેવલી ભોજન કરે તો પણ વીતરાગભાવ હોવાને કારણે તેમને રાગાદિનો સંભવ નથી, તેથી તેમને કર્મબંધ થાય નહિ; તો પણ પર્યંતકાળે સંલેખના કરવી એ જ તેમને

ઉચિત છે. તેથી તે વખતે ભોજન કરવું તે ઉચિત પ્રવૃત્તિ નહિ હોવાને કારણે તેઓ કરતા નથી. અને તેને જ પુષ્ટ કરતાં કહે છે કે કેવલી ભગવાન અનુચિત પ્રવૃત્તિ કરતા નથી. તેની સામે કોઈ કહે છે કે છદ્મસ્થ એવા આપણા બધાની જેમ શેષકાળમાં પણ વિશિષ્ટ તપ કેવલીને ઉચિત છે તેમ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે તેમ ન કહેવું, કેમ કે છદ્મસ્થ એવા આપણા બધાના સાધારણ વ્યવહારના અવિરોધીરૂપ ઔચિત્ય કરતાં કેવલીના વ્યવહારનું અવિરોધીરૂપ ઔચિત્ય જુદા પ્રકારનું છે. તેથી કેવલીને અંતકાળમાં જ વિશિષ્ટ તપ કરવો ઉચિત છે, શેષકાળમાં નહિ; જ્યારે છદ્મસ્થને શેષકાળમાં પણ મોહના નાશ માટે વિશિષ્ટ તપ કરવો ઉચિત છે.

टीका :- अथ मासादिरूपे तपःकालेऽपि क्षुधादिरूपदुःखोदीरणप्रसङ्ग इति चेत्? न, प्रतिकूलवेदनादिरूप-प्रमादेनैव तदुदीरणात्, अन्यथाऽप्रमत्ता अपि तपस्विनस्तदुदीरयेयुः। तथापि तावत्कालोपहतदुःखं सोढारो जिनाः सर्वदैव कुतो न तत्सहन्ते, अनन्तवीर्याणां तत्तितिक्षाक्षमत्वादिति चेत्? न, दीर्घकालमशनपरिहारे औदारिकशरीरस्थितिविलयप्रसङ्गेन तीर्थप्रवृत्त्याद्युच्छेदप्रसङ्गात्, सर्वदा दुःखसहनस्य तद्व्यवहारबाह्य-त्वात् ॥१११॥

टीकार्थ :- '**अथ**'થી પૂર્વપક્ષી કહે કે (પાર્યન્તિક સંલેખના વખતે) માસાદિરૂપ=માસક્ષમણ આદિરૂપ તપના કાળમાં પણ ક્ષુધાદિરૂપ દુઃખની ઉદીરણાનો પ્રસંગ આવશે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એ પ્રમાણે ન કહેવું, કેમ કે પ્રતિકૂળ વેદનાદિરૂપ પ્રમાદરૂપ દ્વારા જ તેની =અશાતાની, ઉદીરણા થાય છે. અન્યથા=પ્રતિકૂળ વેદનાદિરૂપ પ્રમાદ વડે જ અશાતાની ઉદીરણા થાય છે એવું ન માનો તો, અપ્રમત્ત તપસ્વીઓ પણ તેને=અશાતાને, ઉદીરે અર્થાત્ અપ્રમત્ત મુનિઓને પણ અશાતાની ઉદીરણા માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય.

'**तथापि**' તો પણ તાવત્કાલમાં=છદ્મસ્થકાળમાં, પ્રાપ્ત થયેલા દુઃખને સહન કરનારા જિનો સર્વદા જ=હંમેશાં જ, કેમ તેને=દુઃખને (ક્ષુધાદિ દુઃખને), સહન કરતા નથી? કારણ કે અનંતવીર્યવાળા જિનોને તેને=દુઃખને, સહન કરવા માટે ક્ષમપણું છે અર્થાત્ અનંતવીર્યવાળા જિનો ક્ષુધાદિ પરિષહ સહન કરવા સમર્થ છે. આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેનો ઉત્તર ગ્રંથકાર આપે છે કે એમ ન કહેવું. '**दीर्घकाल**' કેમ કે દીર્ઘકાળ સુધી અશનના પરિહારમાં ઔદારિકશરીરની સ્થિતિના વિલયના=નાશના, પ્રસંગથી તીર્થપ્રવૃત્ત્યાદિ ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થવાના કારણે સર્વદા=સર્વકાળ, દુઃખ સહનનું તદ્વ્યવહાર=કેવલીવ્યવહાર, બાહ્યપણું છે. **॥१११॥**

भावार्थ :- '**अथ**'થી પૂર્વપક્ષી કહે કે કેવલી સંલેખના વખતે જે માસક્ષમણાદિ કરે છે તે વખતે ક્ષુધાદિરૂપ દુઃખની ઉદીરણાની પ્રાપ્તિ થશે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે, મોહને કારણે જીવને જ્યારે 'આ ક્ષુધા મને પ્રતિકૂળ છે' એ પ્રકારની બુદ્ધિ થાય છે ત્યારે સમતાપરિણામના અભાવરૂપ પ્રમાદપરિણામ હોય છે; જે પ્રતિકૂળ વેદનાદિરૂપ પ્રમાદ છે, અને તેનાથી ક્ષુધાદિ દુઃખની ઉદીરણા થાય. અને તેવો પ્રમાદ કેવલીમાં નથી માટે ક્ષુધાદિ દુઃખની ઉદીરણા થશે નહિ.

અહીં પૂર્વપક્ષી કહે કે, તો પછી જેમ સંલેખનાકાળમાં કેવલી વિશેષ તપ કરે છે અને ક્ષુધાનું દુઃખ સહન કરે છે, તેમ સર્વકાળમાં સહન કરે તો શું વાંધો છે? કેમ કે અનંતવીર્યવાળા તેઓને તે સહન કરવામાં કોઈ બાધ નથી.

તેના જવાબરૂપે ગ્રંથકાર કહે છે કે, દીર્ઘકાળ સુધી આહાર ગ્રહણ કરવામાં ન આવે તો કેવલીનું ઔદારિકશરીર નાશ પામે, તેથી તેમના દ્વારા ઉપદેશાદિથી જે તીર્થની પ્રવૃત્તિ ચાલે છે તેના ઉચ્છેદનો પ્રસંગ આવે. તેથી સર્વદા દુઃખ સહન કરવું તે કેવલીનો વ્યવહાર નથી. **॥૧૧૧॥**

અવતરણિકા :- इदमेव व्यनक्ति-

અવતરણિકાર્થ :- આને જ=આ વાતને જ, વ્યક્ત કરે છે, અર્થાત્ પૂર્વમાં કહ્યું કે દીર્ઘકાળ અશનના પરિહારમાં ઔદારિક શરીરની સ્થિતિના વિલયનો પ્રસંગ હોવાને કારણે તીર્થપ્રવૃત્ત્યાદિ વ્યુચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થશે. ત્યાં કહેલ ઔદારિક શરીરની સ્થિતિના વિલયને જ વ્યક્ત કરે છે -

ગાથા :- **ओरालिअदेहस्स य ठिई अ वुड्ढी य णो विणाहारं ।**
तेणावि य केवलिणो कवलाहारित्तणं जुत्तं ॥११२॥

(औदारिकदेहस्य च स्थितिश्च वृद्धिश्च नो विनाऽऽहारम् । तेनापि च केवलिनः कवलाहारित्वं युक्तम् ॥११२॥)

ગાથાર્થ :- ઔદારિક શરીરની સ્થિતિ અને વૃદ્ધિ આહાર વિના થતી નથી, તેથી પણ કેવલીને કવલાહારીપણું યુક્ત છે.

ટીકા :- औदारिकशरीरस्थितिः खल्वाहारकर्मण इवाऽऽहारपुद्गलानामप्यन्वयव्यतिरेकावनुविधत्ते, तथा च कवलाहाराभावे केवलिनां शरीरं कथमुत्कर्षतः पूर्वकोटिकालमवतिष्ठताम्? एवमौदारिकशरीरवृद्धिरप्याहारपुद्गलैरेव 'पुद्गलैः पुद्गलोपचयः' इति वचनात्, जलसेकासेकाभ्यां लतादीनां वृद्ध्यवृद्धिदर्शनाच्च। एवं च कवलाऽभोजित्वे केवलिनः पूर्वकोट्यायुषो नवमवर्षोत्पन्नकेवलज्ञानस्याऽऽकालं बाललीलाविलासप्रसङ्ग इति महदनुचितमेतत्॥११२॥

ટીકાર્થ :- 'औदारिक' ઔદારિકશરીરની સ્થિતિ આહારકર્મની જેમ=આહાર ગ્રહણ કરવાને અનુકૂળ ઔદારિકશરીરનામકર્મની જેમ, આહારપુદ્ગલોના પણ અન્વયવ્યતિરેકને અનુસરે છે.

ભાવાર્થ :- જ્યાં જ્યાં ઔદારિકશરીરની સ્થિતિ હોય છે, ત્યાં ત્યાં જેમ આહાર ગ્રહણ કરવાને અનુકૂળ એવું કર્મ અવશ્ય હોય છે, તેમ આહારપુદ્ગલોનું ગ્રહણ પણ અવશ્ય હોય છે. તેથી જ લોમાહારરૂપે પણ આહારપુદ્ગલોનું ગ્રહણ સર્વ ઔદારિકશરીરવાળાને હોય છે.

ટીકાર્થ :- 'तथा च' અને તે રીતે=ઔદારિકશરીરની સ્થિતિની સાથે આહારપુદ્ગલોનું અવશ્ય ગ્રહણ છે તે રીતે, કવલાહારના અભાવમાં અર્થાત્ લોમાહાર હોવા છતાં કવલાહારના અભાવમાં, કેવલીઓનું શરીર ઉત્કર્ષથી પૂર્વકોટિકાલ સુધી કેવી રીતે રહી શકે? અર્થાત્ ન રહી શકે.

ભાવાર્થ :- લોમાહારથી યદ્યપિ પુદ્ગલોનું સતત ગ્રહણ હોવા છતાં શરીરની સ્થિતિને દીર્ઘકાળ રાખવા માટે કવલાહાર જ આવશ્યક છે, એ અનુભવસિદ્ધ છે.

ટીકાર્થ :- 'एवम्' એ જ રીતે=જે રીતે ઔદારિકશરીરની સ્થિતિ કવલાહારથી છે એ જ રીતે, ઔદારિકશરીરની વૃદ્ધિ પણ આહારપુદ્ગલોથી જ છે=કવલાહાર દ્વારા પ્રાપ્ત આહારપુદ્ગલોથી જ છે, કેમ કે 'પુદ્ગલોથી પુદ્ગલોનો ઉપચય' છે એ પ્રમાણે વચન છે, અને જલના સિંચન અને અસિંચન દ્વારા લતાદિની વૃદ્ધિ અને અવૃદ્ધિનું દર્શન છે.

❀ અહીં **'पुद्गलैः .....इति वचनात्'** એ પ્રથમ હેતુથી આગમની સાક્ષી આપીને **'जलसेकासेकाभ्यां .. दर्शनाच्च।'** એ બીજો હેતુ તેની પુષ્ટિ માટે પ્રત્યક્ષ અનુભવસિદ્ધ વસ્તુને જણાવે છે.

ટીકાર્થ :- 'एवं च'- અને આ પ્રમાણે=ઔદારિકશરીરની વૃદ્ધિ માટે કવલાહાર આવશ્યક છે એ પ્રમાણે, કેવલીઓને કવલઅભોજીપણું માનવામાં જેમને નવમા વર્ષે કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે એવા પૂર્વકોટિવર્ષના આયુષ્યવાળા કેવલીને, આકાલ બાલલીલાવિલાસનો પ્રસંગ પ્રાપ્ત થશે. એથી કરીને આ=કેવલીને આકાલ બાલવિલાસનો પ્રસંગ એ, અત્યંત અનુચિત છે. **॥૧૧૨॥**

અવતરણિકા :- ननु सर्वमिदं भगवतां पूर्वावस्थाऽनतिशयितौदारिकदेहाभ्युपगमे दूषणमापतेत, न तु परमौदारिकाभ्युपगम इति शङ्कते -

અવતરણિકાર્થ :- ભગવાનને પૂર્વાવસ્થાથી અનતિશયિત ઔદારિકશરીરના અભ્યુપગમમાં=સ્વીકારમાં, આ બધાં દૂષણ આવે છે, પરંતુ પરમઔદારિકશરીરના સ્વીકારમાં દૂષણ નહિ આવે, એ પ્રમાણે **'ननु'**થી પૂર્વપક્ષી શંકા કરે છે-

ગાથા :- **परमोरालिअदेहो केवलिणं णणु हवेज्ज मोहखए ।**
रुहिराइधाउरहिओ तेअमओ अब्भपडलं व ॥११३॥

(परमौदारिकदेहः केवलिनां ननु भवेन्मोहक्षये । रुधिरादिधातुरहितो तेजोमयोऽभ्रपटलमिव ॥११३॥)

ગાથાર્થ :- મોહનો ક્ષય હોતે છતે કેવલીઓને રુધિરાદિ ધાતુરહિત અભ્રપટલ જેવું તેજોમય પરમઔદારિકશરીર હોય છે.

ટીકા :- कवलाहारो हि धातूपचयाद्याधायकतयौदारिकशरीरस्थितिवृद्ध्योः प्रभवतु, न तु वैक्रियादेरिव रुधिरादिधातुरहितस्य परमौदारिकस्य स्थितौ तदपेक्षाऽस्ति, प्रत्युत मूत्रपुरीषादिमलाधायिनस्तस्य सत्त्वे परमौदारिकमेव न भवेदिति॥११३॥

ટીકાર્થ :- '**कवलाहार**'કવલાહાર ધાતુઓના ઉપચયાદિ આધાયકપણાથી=પુષ્ટિ આદિ આધાયકપણાથી ઔદારિકશરીરની સ્થિતિ-વૃદ્ધિને કરો, પરંતુ વૈક્રિયાદિ શરીરની જેમ રુધિરાદિધાતુરહિત એવા પરમૌદારિકશરીરની સ્થિતિમાં તેની=કવલાહારની, અપેક્ષા હોતી નથી; બલ્કે, મૂત્ર-પુરિષાદિ કરાવનાર તેના=કવલાહારના, સત્ત્વમાં પરમઔદારિકશરીર જ ન હોઈ શકે, એથી કરીને કેવલીઓને કવલાહાર માની શકાતો નથી. **॥૧૧૩॥**

અવતરણિકા :- अत्रोच्यते-

અવતરણિકાર્થ :- આ કથનમાં=ગાથા-૧૧૩માં કહેલ વાદીના શંકારૂપ કથનમાં, જવાબ આપતાં ગ્રંથકાર કહે છે-

ગાથા :- **संघयणणामपगइ केवलिदेहस्स धाउरहिअत्ते ।**
पोग्गलविवागिणी कह अतारिसे पोग्गले होउ ॥११४॥

(संहनननामप्रकृतिः केवलिदेहस्य धातुरहितत्वे । पुद्गलविपाकिनी कथमतादृशे पुद्गले भवतु ॥११४॥)

ગાથાર્થ :- કેવલીના દેહનું ધાતુરહિતપણું હોતે છતે અતાદૃશ એવા પુદ્ગલમાં =સાત ધાતુમાં અંતર્ભૂત એવા અસ્થિરહિત પુદ્ગલમાં, પુદ્ગલવિપાકી એવી સંઘયણનામકર્મપ્રકૃતિ કેવી રીતે હોય?

ભાવાર્થ :- સંઘયણ એ અસ્થિનિચય=હાડકાનાં બાંધારૂપ, છે, અને સંહનનનામકર્મની પ્રકૃતિ અસ્થિનિચયરૂપ પુદ્ગલોમાં વિપાકને બતાવનારી પ્રકૃતિ છે, અને કેવલીનો દેહ ધાતુરહિત હોવાને કારણે અસ્થિરૂપ ધાતુથી પણ રહિત છે. તેથી અતાદૃશ એવા પુદ્ગલોમાં પુદ્ગલવિપાકી એવી સંઘયણનામકર્મની પ્રકૃતિ કેવલીને કેવી રીતે હોય? અર્થાત્ ન હોય. કહેવાનો ભાવ એ છે કે દિગંબર પણ કેવલીને સંઘયણનામકર્મનો ઉદય માને છે, તેથી તે કેવલીના દેહને ધાતુરહિત સ્વીકારી શકે નહિ.

ટીકા :- केवलिनां शरीरस्य सप्तधातुरहितत्वे हि अस्थिरहितत्वमप्यावश्यकं, तथा च तेषां वज्रर्षभनाराच-संहननप्रकृतिविपाकोदयः कथं स्यात्? पुद्गलविपाकिन्यास्तस्या अस्थिपुद्गलेष्वेव विपाकदर्शनात्, '[1]'संहयणमट्ठिणिचउ' त्ति वचनात्। **अथास्थिपुद्गलेषु (शरीरपुद्गलेषु) दृढतररचनाविशेष एव तत्प्रकृतिजन्य इति नियमो न तु तेष्वेवेति चेत्? न, दृढावयवशरीराणां देवानामपि तत्प्रसङ्गात्। 'पूर्वमस्थिपर्यायपरिणतानां परमौदारिकावयवानां न संस्थानत्वव्यभिचार (तत्प्रकृतिजन्यत्वेन न संघयणत्वव्यभिचार)' इति चेत्? न, कदाचित् तत्पर्यायपरिणतेषु पुद्गलान्तरेष्वपि तत्प्रसङ्गात्॥११४॥**

---

१. संहणयमट्ठिनिचओ तं छद्धा वज्जरिसहनारायं । तह रिसहनारायं नारायं अद्धनारायं ॥ प्रथमकर्मग्रंथः-३८ ॥
संहननमस्थिनिचयस्तत् षोढा वज्रऋषभनाराचं । तथा ऋषभनाराचं नाराचमर्धनाराचम् ॥

❀ ટીકામાં '**अस्थिपुद्गलेषु**' પાઠ છે ત્યાં '**शरीरपुद्गलेषु**' પાઠ ભાસે છે, અને '**संस्थानत्वव्यभिचार**' પાઠ છે ત્યાં '**तत्प्रकृतिजन्यत्वेन न संघयणत्वव्यभिचार**' પાઠ ભાસે છે તે મુજબ અર્થ કરેલ છે.

ટીકાર્થ :- '**केवलिनां**' કેવલીના શરીરનું સાતધાતુરહિતપણું હોતે છતે અસ્થિરહિતત્વ=હાડકાંરહિતપણું, પણ આવશ્યક છે, અને તે પ્રમાણે તેઓને =કેવલીઓને, વજ્રઋષભનારાચસંઘયણપ્રકૃતિનો વિપાકોદય કેવી રીતે હોય? કેમ કે પુદ્ગલવિપાકી એવી તેનું =વજ્રઋષભનારાચસંઘયણપ્રકૃતિનું, અસ્થિપુદ્ગલોમાં જ વિપાક દેખાય છે. એની જ પુષ્ટિ કરતાં કહે છે - '**संहयणमट्ठिणिचउ**' (સંઘયણ એ હાડકાંનો બાંધો) એ પ્રમાણે વચન છે.
'**अथ**' - '**अथ**'થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે છે કે શરીરપુદ્ગલોમાં દૃઢતર રચનાવિશેષ જ તત્પ્રકૃતિનું = વજ્રઋષભનારાચપ્રકૃતિનું, જન્ય=કાર્ય છે, એ પ્રમાણે નિયમ છે. પરંતુ તેમાં=અસ્થિપુદ્ગલોમાં, જ વિપાક હોય એવો નિયમ નથી.
'**न**' તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એ પ્રમાણે ન કહેવું. તેમાં હેતુ કહે છે -
'**दृढ**' કેમ કે, દૃઢ અવયવશરીરવાળા દેવોને પણ તેનો=સંઘયણનામકર્મના વિપાકોદયનો, પ્રસંગ પ્રાપ્ત થશે.
'**पूर्वमस्थि**' અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, પૂર્વે અસ્થિપર્યાયપરિણત પરમૌદારિક અવયવોનું તત્પ્રકૃતિજન્યપણું હોવાને કારણે અર્થાત્ સંઘયણનામકર્મપ્રકૃતિજન્યપણું હોવાને કારણે સંઘયણપણારૂપે વ્યભિચાર નહિ આવે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. કેમ કે ક્યારેક તત્ પર્યાયપરિણત એવા પુદ્ગલાંતરમાં પણ સંઘયણત્વનો પ્રસંગ પ્રાપ્ત થશે. **॥૧૧૪॥**

ભાવાર્થ :- ગાથા/૧૧૩માં પૂર્વપક્ષીએ કેવલીને ધાતુરહિત પરમૌદારિકશરીર છે એમ સ્થાપન કર્યું, તેને ગ્રંથકાર કહે છે કે, જો કેવલીને ધાતુરહિત શરીર સ્વીકારીએ તો સંઘયણનામકર્મનો ઉદય કેવલીને ઘટે નહિ, અને સંઘણનામકર્મનો ઉદય કેવલીમાં દિગંબરને પણ માન્ય છે. તેના સમાધાનરૂપે દિગંબર કહે કે શરીરપુદ્ગલોમાં દૃઢરચનાવિશેષ છે તે જ સંઘયણનામકર્મનું કાર્ય છે, પરંતુ અસ્થિપુદ્ગલોમાં દૃઢરચનાવિશેષ નહિ, તેથી કેવલીનું સાતધાતુરહિત શરીર સ્વીકારી શકાશે. તેના નિરાકરણરૂપે ગ્રંથકાર કહે છે કે દૃઢ અવયવશરીરવાળા દેવોને પણ સંઘયણનામકર્મ સ્વીકારવાનો પ્રસંગ પ્રાપ્ત થશે.

વસ્તુતઃ દેવોને સંઘયણનામકર્મનો ઉદય શાસ્ત્રકારોએ સ્વીકારેલ નથી, આમ છતાં, તેમના શરીરના અવયવો પણ દૃઢ છે. આથી જ તેઓ ગૂંચળાની જેમ પડી જતા નથી. અને સંઘયણનામકર્મના વિપાકથી દૃઢ અવયવવાળા શરીરની પ્રાપ્તિ સ્વીકારવામાં આવે તો દેવોને સંઘયણનામકર્મનો ઉદય માનવો પડે.

તેના સમાધાનરૂપે પૂર્વપક્ષી કહે છે કે, કેવલીનું શરીર પણ કેવલજ્ઞાન પૂર્વે હાડકાંના પર્યાયરૂપે પરિણત હતું અને તે જ કેવલજ્ઞાન પામ્યા પછી પરમૌદારિકરૂપ બને છે ત્યારે ધાતુરહિત બને છે, અને ધાતુરહિત હોવાંથી અસ્થિ=હાડકાં, રહિત પણ છે; તો પણ પૂર્વમાં હાડકાંવાળું શરીર હતું તે શરીર જ વર્તમાનમાં હાડકાંરહિત છે, અને તેની અંદર જે દૃઢરચનાવિશેષ છે તે સંઘયણનામકર્મની પ્રકૃતિથી જન્ય છે તેમ સ્વીકારીશું, અને દેવોને પ્રથમથી હાડકાંરહિત શરીર છે તેથી સંઘયણનામકર્મ વગર જ દેવોનું શરીર દૃઢ રચનાવાળું છે. તેના નિરાકરણરૂપે ગ્રંથકાર કહે છે કે એ પ્રમાણે ન કહેવું, કેમ કે ક્યારેક તત્પર્યાયપરિણત એવા પુદ્ગલાંતરમાં પણ સંઘયણત્વનો

પ્રસંગ પ્રાપ્ત થશે. તેનું તાત્પર્ય એ છે કે પૂર્વમાં અસ્થિપર્યાય પરિણત હોય અને પછી અસ્થિપર્યાય વગરના શરીરમાં સંઘયણત્વનો સ્વીકાર કરવામાં આવે તો, આપણા દેહવર્તી લોહી આદિ પુદ્ગલાંતરમાં પણ સંઘયણનામકર્મનો વિપાક માનવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. કેમ કે તે પુદ્ગલો પણ પૂર્વમાં અસ્થિપર્યાય પરિણત હોઈ શકે અને પાછળથી લોહી આદિના પરિણામાંતરને પ્રાપ્ત થયેલાં પણ હોય, તેથી ત્યાં સંઘયણત્વ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. **॥૧૧૪॥**

અવતરણિકા :- અપિ च મોહક્ષયાત્તત્કાર્યરાગદ્વેષવિલયાદ્ જ્ઞાનોત્પત્તિરસ્તુ, ઔદારિકશરીરાતિશયસ્તુ નામકર્માતિશયાદેવેત્યનુશાસ્તિ-

અવતરણિકાર્થ :- અને વળી મોહના ક્ષયથી તત્કાર્ય=મોહના કાર્યભૂત, રાગદ્વેષનો વિલય થવાના કારણે જ્ઞાનોત્પત્તિ હો, અર્થાત્ કેવલજ્ઞાન ઉત્પન્ન થાઓ, અર્થાત્ જ્ઞાન સંબંધી અતિશય થાઓ. વળી ઔદારિકશરીરઅતિશય નામકર્મના અતિશયથી જ થઈ શકે, એ પ્રમાણે ગ્રંથકાર અનુશાસન કરતાં કહે છે-

ભાવાર્થ :- ગાથા-૧૧૩માં પૂર્વપક્ષીએ કહ્યું કે મોહના ક્ષયમાં કેવલીને પરમૌદારિક દેહ છે જે ધાતુરહિત છે. એ કથનની સામે સિદ્ધાંતકારે ગાથા-૧૧૪માં કહ્યું કે પરમૌદારિક શરીરને ધાતુરહિત માનવામાં સંહનનનામકર્મપ્રકૃતિ તે શરીરમાં ઘટશે નહિ, અને '**अपि च**'થી ગાથા-૧૧૩માં કહેલ મોહના ક્ષયથી પરમૌદારિક શરીર કેવલીને થાય છે એ કથનનું નિરાકરણ ગ્રંથકાર કરે છે.

ગાથા :- **मोहविलएण नाणं णामुदया चेव तस्स पारम्मं ।**
तो वण्णाइविसेसो तं होउ ण धाउरहिअत्तं ॥११५॥

(मोहविलयेन ज्ञानं नामोदयाच्चैव तस्य पारम्यम् । तद्वर्णादिविशेषः तद्भवतु न धातुरहितत्वम् ॥११५॥)

ગાથાર્થ :- મોહના વિલયથી જ્ઞાન થાય છે, અર્થાત્ ક્ષાયિક એવું કેવલજ્ઞાન થાય છે. અને નામના ઉદયથી=નામકર્મના ઉદયથી, તેનો=ઔદારિકદેહનો, પારમ્ય=પરમતા=શ્રેષ્ઠતા, થાય છે, અર્થાત્ પરમૌદારિક દેહ થાય છે. તે કારણથી =દેહની પરમતા છે તે કારણથી, વર્ણાદિવિશેષ થાય છે, (પરંતુ) ધાતુરહિતપણારૂપે તે=પારમ્ય=પરમતા, ન થાઓ.

ટીકા :-

[1] संघयणरूवसंठाणवण्णगइसत्तसारऊसासा ।
एमाइणुत्तराइं हवंति णामोदया तस्स ॥ [**આ. નિ. ૫૭૧**]

इति वचनाद्भगवतां देहे नामकर्मोदयातिशयाद्वर्णाद्यतिशय एव पारम्यं,न तु सर्वथा धातुरहितत्वं, मोहक्षयस्य तत्राऽतन्त्रत्वात्, नामकर्मातिशयस्य वर्णाद्यतिशय एवोपयोगित्वात्, तथैवोपदेशात्,

१. संहननरूपसंस्थानवर्णगतिसत्त्वसारोच्छ्वासाः । एतान्यनुत्तराणि भवन्ति नामोदयात्तस्य ॥

तदतिशयकारिणीनां लब्धीनामपि वर्णाद्यतिशायकत्वस्यैव भणनात्। तदुक्तं- [योगशास्त्र. १-८-१]

तथा हि योगमाहात्म्याद्योगिनां कफबिन्दवः ।
सनत्कुमारादेरिव जायन्ते सर्वरुक्छिदः ॥१॥

तथा-

योगिनां योगमाहात्म्यात् पुरीषमपि कल्पते ।
रोगिणां रोगनाशाय कुमुदामोदशालि च ॥२॥
मलः किल समाम्नातो द्विविधः सर्वदेहिनाम् ।
कर्णनेत्रादिजन्मैको द्वितीयस्तु वपुर्भवः ॥३॥
योगिनां योगसंपत्तिमाहात्म्याद्द्विविधोऽपि सः ।
कस्तूरिकापरिमलो रोगहा सर्वरोगिणाम् ॥४॥
योगिनां कायसंस्पर्शः सिञ्चन्निव सुधारसैः ।
क्षिणोति तत्क्षणं सर्वानामयानामयाविनाम् ॥५॥
नखाः केशा रदाश्चान्यदपि योगशरीरजम् ।
भजते भैषजीभावमिति सर्वौषधिः स्मृता ॥६॥
तथा हि (एव) तीर्थनाथानां योगिनां (योगभृच्) चक्रवर्त्तिनाम् ।
देहास्थिसकलस्तोमः सर्वस्वर्गेषु पूज्यते ॥७॥ **इति ।**

(योगशास्त्र-१/८ अंतर्गाथा-६२-६७)।

☞ યોગશાસ્ત્ર ગાથા - ૭માં '**तथा हि**' છે ત્યાં યોગશાસ્ત્ર ગ્રંથ મૂળ પ્રતમાં '**तथा एंव**' પાઠ છે અને **योगिनां** પાઠ છે ત્યાં '**योगभृच्**' પાઠ છે તે મુજબ અહીં અર્થ કરેલ છે.

ટીકાર્થ :- '**संघयण**' તેમને=જિનને, નામકર્મોદયથી સંઘયણ, રૂપ, સંસ્થાન, વર્ણ, ગતિ, સત્ત્વ, સાર અને ઉચ્છ્વાસાદિ અનુત્તર હોય છે, આ પ્રમાણે આવશ્યકનિર્યુક્તિના વચનથી ભગવાનના દેહમાં નામકર્મના ઉદયના અતિશયથી વર્ણાદિ અતિશયરૂપ જ પારમ્ય=પરમતા, છે; અર્થાત્ સામાન્ય જીવોને નામકર્મનો ઉદય છે તેના કરતાં વિશિષ્ટ કોટિના નામકર્મનો ઉદય ભગવાનને છે, તે રૂપ નામકર્મના ઉદયના અતિશયથી વર્ણાદિ અતિશયરૂપ જ પરમતા પેદા થાય છે, પણ નહીં કે સર્વથા ધાતુરહિતત્વરૂપ પારમ્ય=પરમતા, (પેદા થાય છે,), કેમ કે મોહક્ષયનું ત્યાં=ધાતુરહિતત્વમાં, અતંત્રપણું છે.

ભાવાર્થ :- પૂર્વપક્ષીએ કહ્યું કે મોહના ક્ષયથી રુધિરાદિધાતુરહિત પરમઔદારિકદેહ કેવલીને હોય છે, તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતકાર કહે છે કે, કેવલીને સર્વથા ધાતુરહિત દેહ નથી, પરંતુ પૂર્વમાં જેવી ધાતુ હતી એવી ધાતુઓનો અભાવ છે તેથી સર્વથા ધાતુરહિત દેહ નથી એમ કહેલ છે; તેનું કારણ એ છે કે શરીરને ધાતુરહિત બનાવવામાં મોહક્ષય હેતુભૂત નથી.

ઉત્થાન :- અહીં પૂર્વપક્ષી કહે કે મોહક્ષયથી કેવલીનો દેહ ધાતુરહિત ન થાય તેમ માનીએ તો પણ, મોહના ક્ષયને કારણે નામકર્મના અતિશયથી કેવલીનો દેહ ધાતુરહિત થાય છે. કેમ કે પૂર્વમાં એવા પ્રકારનું નામકર્મ હતું કે જેનાથી ધાતુસહિત તેમનું શરીર હતું, અને મોહનો ક્ષય થયા પછી પૂર્વ કરતાં અતિશયવાળા નામકર્મનો ઉદય થાય છે તેનાથી ધાતુરહિત તેમનું શરીર હોય છે. તેથી બીજો હેતુ કહે છે-

ટીકાર્થ :- '**नामकर्म**' નામકર્મના અતિશયનું વર્ણાદિઅતિશયમાં જ ઉપયોગીપણું છે.

❀ '**एव**'કાર ધાતુરહિત દેહમાં ઉપયોગીપણાનો વ્યવચ્છેદ કરે છે.

ઉત્થાન :- અહીં શંકા થાય કે નામકર્મના અતિશયથી ધાતુરહિત કેવલીનો દેહ નથી તેમ કહેવામાં પ્રમાણ શું? તેથી અન્ય હેતુ કહે છે-

ટીકાર્થ :- '**तथा**'- તે જ પ્રકારનો ઉપદેશ છે. અર્થાત્ નામકર્મના અતિશયનું વર્ણાદિવિશેષમાં જ ઉપયોગીપણું છે તે જ પ્રકારે શાસ્ત્રમાં ઉપદેશ છે. તે જ વાતને પુષ્ટ કરતાં કહે છે-
'**तदतिशयकारिणीनां**'-તદતિશયકારી એવી લબ્ધિઓનું પણ વર્ણાદિઅતિશાયકત્વનું જ ભણન છે. અર્થાત્ નામકર્મના અતિશયને કરનારી એવી લબ્ધિઓનું પણ વર્ણાદિઅતિશાયકત્વનું ભણન શાસ્ત્રમાં છે.

❀ '**लब्धीनामपि**' '**अपि**'થી એ કહેવું છે કે નામકર્મના અતિશયનું તો વર્ણાદિના અતિશયમાં ઉપયોગીપણું છે એ પ્રકારનું શાસ્ત્રમાં કથન છે, પરંતુ લબ્ધિઓનું પણ વર્ણાદિઅતિશાયકત્વનું ભણન છે.

ભાવાર્થ :- યોગીઓને નામકર્મના અતિશયને કરનારી જે લબ્ધિ થાય છે, તે યોગીના દેહના વર્ણાદિના અતિશયને જ કરનારી છે. માટે નામકર્મનો અતિશય એ વર્ણાદિના અતિશયને જ કરનાર છે, પણ દેહને ધાતુરહિત કરનાર નથી.

ટીકાર્થ :- '**तदुक्तं**'થી યોગશાસ્ત્રની વૃત્તિ અંતર્ગત શ્લોકોની સાક્ષી આપે છે, તેનો અર્થ આ પ્રમાણે છે.
'**तथाहि**' (યોગશાસ્ત્રના મૂળ કથન સાથે સંબંધ છે તેનો અર્થ) "તે આ પ્રમાણે" **योग** - યોગમાહાત્મ્યથી સનત્કુમારચક્રવર્તી આદિની જેમ યોગીઓના કફબિંદુઓ સર્વરોગોને છેદવામાં સમર્થ બને છે. **तथा** -
'**योगिनां**'- યોગમાહાત્મ્યથી યોગીઓની વિષ્ઠા પણ રોગીઓના રોગ નાશ કરવા માટે સમર્થ હોય છે અને કુમુદની આમોદ=સુગંધવાળી, હોય છે.
'**मलः**'- સર્વજીવોને બે પ્રકારે મેલ કહ્યો છે. (૧) કાન-આંખ વગેરેમાં થતો, (૨) વળી બીજો શરીરમાં પેદા થાય છે.
'**योगिनां**'- યોગીઓને યોગસંપત્તિના માહાત્મ્યથી આ બન્ને પ્રકારનો તે મેલ કસ્તૂરીના પરિમલવાળો=સુગંધવાળો, સર્વ રોગીઓના રોગને હણનારો હોય છે.

'योगिनां' સુધારસ વડે જાણે સિંચન કરાતો ન હોય એવો યોગીઓનો કાયસ્પર્શ રોગીઓના સર્વરોગોને તત્ક્ષણ નાશ કરે છે.

'नखाः'- નખ, કેશ, દાંત તેમજ યોગીના શરીરમાં થયેલ અન્ય વસ્તુઓ પણ ભૈષજ=ઔષધ, જેવું કાર્ય કરે છે, એથી કરીને સર્વૌષધિ કહેવાય છે.

'तथा एव' - તે જ રીતે યોગીઓમાં ચક્રવર્તી એવા તીર્થનાથના=તીર્થંકરોના, દેહના બધા અસ્થિઓનો સ્તોમ= સમુદાય, સર્વ સ્વર્ગોમાં પૂજાય છે. **'इति'** શબ્દ યોગશાસ્ત્રના અંતશ્લોકના ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

❀ **योगभृच्चक्रवर्तिनाम्**=યોગીઓમાં ચક્રવર્તી એ **तीर्थनाथानां** નું વિશેષણ છે.

ટીકા :- एवं च भगवतां कवलाहारस्वीकारे न किञ्चित्क्षूयते, तेन क्षुद्वेदनानाशात्, तज्जन्यमलस्य च लब्धिविशेषेण सुरभीकरणात्। न च भगवतां जाठरानलनाश एव युक्तः, मोहक्षयस्य तदनाशकत्वात्, लब्धिविशेषस्य तन्नाशकत्वे च तत्कारणीभूततैजसशरीरविघटनप्रसङ्गात्, लब्धीनां कारणघटनविघटनद्वारैव कार्यघटनविघटनयोस्तन्त्रत्वात्॥११५॥

ટીકાર્થ :- 'एवं च'....આ રીતે અર્થાત્ પૂર્વમાં કહ્યું કે ભગવાનને વર્ણાતિશયરૂપ જ પારમ્ય=પરમતા, છે એ રીતે, ભગવાનને કવલાહારના સ્વીકારમાં કાંઇ હાનિ થતી નથી, કેમ કે તેના વડે=કવલાહાર વડે, ક્ષુદ્વેદનાનો નાશ થાય છે અને તજ્જન્ય મલનું=આહારજન્યમલનું, લબ્ધિવિશેષથી સુરભીકરણ થાય છે.

ભાવાર્થ :- ગાથા-૧૧૩માં પૂર્વપક્ષીએ કહ્યું કે, કવલાહાર સ્વીકારવાથી મૂત્રપુરિષાદિમળના આધાયી એવા કવલાહાર વડે પરમૌદારિક દેહ ન કહી શકાય, તેના નિરાકરણરૂપે કહે છે કે આ રીતે કવલાહાર સ્વીકારવાથી કાંઇ નુકસાન થતું નથી, પરંતુ ક્ષુધાનો નાશ થાય છે અને મળ લબ્ધિવિશેષને કારણે સુરભિરૂપે થાય છે, આવું જ પરમૌદારિકત્વ સંગત જ છે.

ઉત્થાન :- પૂર્વમાં સિદ્ધ કર્યું કે ભગવાનને નામકર્મના ઉદયથી શરીરના વર્ણાદિવિશેષરૂપ પરમૌદારિક હો, પરંતુ ધાતુરહિત પરમૌદારિક હોઇ શકે નહિ, તેની જ પુષ્ટિ કરતાં કહે છે-

ટીકાર્થ :- 'न च' ભગવાનને જઠરસંબંધી અનલનો=જઠરાગ્નિનો, નાશ જ યુક્ત નથી, કેમ કે મોહક્ષયનું તદનાશકપણું=જઠરાનલનું અનાશકપણું છે. અને લબ્ધિવિશેષનું તન્નાશકપણું=જઠરાગ્નિનું નાશકપણું, માને છતે તત્કારણીભૂત=જઠરાગ્નિના કારણીભૂત, તૈજસશરીરના વિઘટનનો પ્રસંગ (કેવલીને) પ્રાપ્ત થાય.

ઉત્થાન :- લબ્ધિવિશેષને જઠરાગ્નિનો નાશક માનવાથી જઠરાગ્નિના કારણીભૂત તૈજસશરીરના વિઘટનનો પ્રસંગ કેમ પ્રાપ્ત થાય? તેમાં હેતુ કહે છે -

ટીકાર્થ :- 'लब्धीनां' - લબ્ધિઓનું કારણના ઘટન અને વિઘટન દ્વારા જ કાર્યના ઘટન અને વિઘટનમાં તંત્રપણું =કારણપણું, છે. **॥૧૧૫॥**

ભાવાર્થ :- કેટલાંક કાર્યો લબ્ધિથી નિષ્પન્ન થાય છે અને કેટલાંક કાર્યો અન્ય સામગ્રીથી નિષ્પન્ન થાય છે; અને તે જ રીતે કેટલાંક કાર્યોનું વિઘટન સામગ્રીના વિઘટનથી થાય છે અને કેટલાંક કાર્યોનું વિઘટન લબ્ધિથી થાય છે; પરંતુ લબ્ધિથી જે કાર્ય નિષ્પન્ન થાય છે ત્યાં પણ કારણસામગ્રીના સંચય વગર કેવલ લબ્ધિથી કાર્ય થતું નથી, અને લબ્ધિથી કાર્ય વિઘટન થાય છે ત્યાં પણ કારણસામગ્રીના વિઘટન વગર કેવલ લબ્ધિ કાર્યનું વિઘટન કરી શકતી નથી. તે જ રીતે જઠરાગ્નિના કારણભૂત તૈજસશરીરના નાશ વગર જઠરાગ્નિનો નાશ લબ્ધિ કરી શકતી નથી.

જ્યાં લબ્ધિ દ્વારા એક ઘટમાંથી સહસ્ર ઘટની નિષ્પત્તિ થાય છે, ત્યાં પણ ઘટના કારણીભૂત મૃદાદિદ્રવ્યોનો સંચય લબ્ધિ દ્વારા થાય છે, અને તેનાથી જ સહસ્ર ઘટોની નિષ્પત્તિ થાય છે; પરંતુ સર્વથા મૃદાદિ પુદ્ગલોનો અભાવ હોય ત્યાં અકસ્માત્ સહસ્ર ઘટોનો પ્રાદુર્ભાવ થતો નથી.

અહીં વિશેષ એ છે કે લબ્ધિ વગરના જીવો મૃદાદિદ્રવ્યોના સંચય માટે યત્ન કરતા દેખાય છે અને તેનાથી ઘટ નિષ્પન્ન થાય છે, જ્યારે લબ્ધિધારીને લબ્ધિના બળથી અતિશીઘ્ર કારણસામગ્રીની પ્રાપ્તિથી કાર્યની નિષ્પત્તિ થાય છે, તેથી સહસા કાર્ય પેદા થયું છે તેવો પ્રતિભાસ પેદા થાય છે. **॥૧૧૫॥**

અવતરણિકા :- अपि च परमौदारिकाभ्युपगमेऽपि तत्स्थितिवृद्धी आहारपुद्गलापेक्षे एवेति प्रमाणयति-

અવતરણિકાર્થ :- અને વળી પરમૌદારિકના અભ્યુપગમમાં પણ=સ્વીકારમાં પણ, તેની સ્થિતિ-વૃદ્ધિ આહારપુદ્ગલ સાપેક્ષ જ છે. એ રીતે જણાવતાં ગ્રંથકાર કહે છે-

ગાથા :-

ओरालिअत्तणेणं तह परमोरालिअंपि केवलिणो ।
कवलाहारावेक्खं ठिइं च वुड्ढिं च पाउणइ ॥११६॥

(औदारिकत्वेन तथापरमौदारिकमपि केवलिनः । कवलाहारापेक्षां स्थितिं च वृद्धिं च प्राप्नोति ॥११६॥)

ગાથાર્થ :- (કેવલીના દેહમાં) ઔદારિકપણું હોવાને કારણે કેવલીનું પરમૌદારિક પણ કવલાહારની અપેક્ષા રાખીને સ્થિતિ અને વૃદ્ધિને પામે છે.

ટીકા ગાથા-૧૧૬માં કહેલ **'तथा'** શબ્દ ગાથા-૧૧૫માં કહેલ કથનના સમુચ્ચયરૂપ છે.

ટીકા :- परमौदारिकस्थितिः खल्वौदारिकस्थितित्वेन कवलाहारापेक्षिणी, न च तदनपेक्षिण्यां वनस्पत्यादि-शरीरस्थितौ व्यभिचारः, क्षुज्जनितकार्श्यादिपरिहारेण धातूपचयादिद्वारा धातुमच्छरीरस्यैव तज्जन्यत्वात् स्थितौ तज्जन्यत्वस्योपचारात्, धातुमत्वस्य चोपलक्षणत्वात् न परमौदारिकस्य तथात्वं

विशेषणत्वेऽपि संहननोपष्टब्धस्य तस्य परेणापि धातुमत्त्वाभ्युपगमात् तत्पर्यायपरित्यागेन पर्यायान्तरापत्तेरेव केवलमभ्युपगमात्।

ટીકાર્થ :- '**परमौदारिक**' પરમૌદારિકની સ્થિતિ કવલાહારને સાપેક્ષ હોય છે, કારણ કે ઔદારિકશરીરની સ્થિતિ છે.

❀ અહીં અનુમાનમાં '**परमौदारिकस्थितिः**' એ પક્ષ છે. '**कवलाहारापेक्षिणी**' એ સાધ્ય છે અને '**औदारिकस्थितित्वेन**' એ હેતુ છે. પરમૌદારિકમાં ઔદારિકત્વરૂપ હેતુ પૂર્વપક્ષીને પણ સંમત છે.

ઉત્થાન :- અહીં વનસ્પત્યાદિ શરીરની સ્થિતિમાં હેતુ વ્યભિચારી પ્રાપ્ત થાય છે, કેમ કે વનસ્પતિનું શરીર પણ ઔદારિક છે, તેથી વનસ્પતિના શરીરની સ્થિતિમાં ઔદારિકસ્થિતિત્વરૂપ હેતુ છે અને કવલાહાર અપેક્ષિત્વરૂપ સાધ્ય નથી. તેથી કહે છે-

ટીકાર્થ :- '**न च**' तदनपेक्षिणी=કવલાહારની અનપેક્ષિણી, એવી વનસ્પતિ આદિ શરીરની સ્થિતિમાં વ્યભિચાર છે એમ ન કહેવું, કેમ કે क्षुधाजनित कार्श्यादि=કૃશતા આદિના, પરિહાર વડે धातुउपचयादि દ્વારા धातुमत् शरीरनुं ज तज्जन्यपणुं=કવલાહારજન્યપણું, હોવાને કારણે સ્થિતિમાં અર્થાત્ धातुमत् शरीरनी स्थितिमां, तज्जन्यत्वनो=કવલાહારજન્યત્વનો, ઉપચાર છે.=વ્યવહાર છે.

ભાવાર્થ :- धातुमत् शरीरनी स्थिति કવલાહારની અપેક્ષાવાળી છે, આ પ્રકારની વ્યાપ્તિ પ્રાપ્ત થાય છે તેથી, પરમૌદારિકની સ્થિતિ પણ धातुमत् शरीरनी स्थितिરૂપ હોવાને કારણે કવલાહારની અપેક્ષાવાળી છે. તેથી અનુમાનનો આકાર આ પ્રમાણે થશે - પરમૌદારિકની સ્થિતિ કવલાહારની અપેક્ષાવાળી છે, કેમ કે धातुमत् शरीरनी स्थितिરૂપ છે. અહીં સાધ્ય અને હેતુની વ્યાપ્તિ આ પ્રમાણે છે- જે જે धातुमत् शरीरनी स्थिति होय ते ते કવલાહારની અપેક્ષાવાળી છે. આ પ્રકારની વ્યાપ્તિ હોવાથી વનસ્પતિના શરીરની સ્થિતિમાં વ્યભિચાર નહિ આવે, કેમ કે વનસ્પતિનું શરીર સાત ધાતુઓથી બનેલું નથી, તેથી તેને કવલાહારની અપેક્ષા નથી.

અહીં વિશેષ એ છે કે, કવલાહારથી क्षुधाजनित कार्श्यादिनो परिहार थाय छे. अहीं 'आदि'पदथी क्षुधाजनित रोगादिनुं ग्रहण करवुं. अने कवलाहार द्वारा धातुनो उपचयादि थाय छे એમ કહ્યું, ત્યાં 'आदि'पदथी કવલાહાર દ્વારા શરીરમાં રહેલા પ્રયોજન વગરના મલાદિનો અપચય પણ થાય છે તે ગ્રહણ કરવું. આ રીતે કવલાહાર कार्श्यादिनो=કૃશતાआदिनो, परिहार करीने अने धातुनो उपचयादि करीने, પૂર્વ કરતાં વિશેષ કોટિના धातुमत् शरीरने निष्पन्न करे छे. यद्यपि धातुमत् शरीर सौ प्रथम लोमाहार द्वारा पेदा थाय छे, परंतु त्यारपछी કવલાહાર દ્વારા વૃદ્ધિવાળું બને છે તે રૂપ શરીર કવલાહારથી જન્ય છે. આ રીતે કવલાહાર દ્વારા धातुमत् शरीर पेदा थाय छे, परंतु तेनी स्थिति કવલાહારને કારણે હોતી નથી પણ આયુષ્યના કારણે હોય છે; તો પણ धातुमत् शरीरनी दीर्घस्थितिमां निमित्तकारण કવલાહાર દ્વારા નિષ્પન્ન થતું નવું નવું धातुमत् शरीर छे, तेथी ते शरीरनी स्थितिमां કવલાહારજન્યત્વનો ઉપચાર=વ્યવહાર, કરીને વનસ્પતિआदिना शरीरनी स्थितिमां व्यभिचार नथी

તેમ કહેલ છે. આ રીતે વનસ્પતિઆદિ શરીરની સ્થિતિમાં વ્યભિચાર નથી એમ સિદ્ધ કરવાથી એ પ્રાપ્ત થયું કે, *વનસ્પતિઆદિનું શરીર ધાતુરહિત હોવાના કારણે તેને કવલાહારની અપેક્ષા નથી, પરંતુ જે જે ધાતુવાળાં શરીર* છે તે બધાને કવલાહારની અપેક્ષા છે, અને તે જ રીતે ધાતુવાળા એવા પરમૌદારિકની સ્થિતિને પણ કવલાહારની અપેક્ષા છે. તેથી કેવલી કવલાહારી છે એમ સિદ્ધ થાય.

ઉત્થાન :- અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, જેમ વનસ્પત્યાદિ શરીર ધાતુરહિત છે, તેમ પરમૌદારિકશરીર પણ ધાતુરહિત છે, માટે પરમૌદારિકશરીરને કવલાહારની અપેક્ષા નથી, તેથી તમે કહેલ અનુમાન થઇ શકશે નહિ; કેમ કે પરમૌદારિકશરીરમાં ઔદારિકની સ્થિતિ હોવા છતાં પણ ધાતુમત્ શરીરરૂપ ઔદારિકશરીરની સ્થિતિ નથી; માટે હેતુનો અભાવ હોવાને કારણે કવલાહાર અપેક્ષિત્વરૂપ સાધ્યનો અભાવ છે. તેથી કહે છે-

ટીકાર્થ :- **'ધાતુમત્વસ્ય'**- ધાતુમત્વનું ઉપલક્ષણપણું હોવાને કારણે પરમૌદારિકનું તથાપણું નથી અર્થાત્ વનસ્પતિ આદિ શરીર સદશત્વ નથી.

ઉત્થાન :- ધાતુમત્ત્વને ઉપલક્ષણરૂપે સ્વીકાર્યા વગર વિશેષણરૂપે સ્વીકારીને પણ પરમૌદારિકનું તથાપણું નથી, તે બતાવતાં કહે છે-

ટીકાર્થ :- **'વિશેષણત્વે'** વિશેષણપણું હોવા છતાં પણ સંહનન ઉપષ્ટબ્ધ એવા તેનું=પરમૌદારિકનું, પર વડે પણ ધાતુમત્ત્વનો સ્વીકાર કરેલ હોવાને કારણે, તત્પર્યાયના=કેવલજ્ઞાનના પૂર્વમાં રહેલા ઔદારિકશરીરમાં વર્તતા પર્યાયના, પરિત્યાગ દ્વારા પર્યાયાંતરની આપત્તિનો જ=પ્રાપ્તિનો જ, કેવલ અભ્યુપગમ છે.

ભાવાર્થ :- પૂર્વપક્ષી પરમૌદારિકમાં કવલાહાર અપેક્ષીપણાના વિચ્છેદ માટે પરમૌદારિકને પણ ધાતુરહિત માને, અને કહે કે પરમૌદારિક શરીર કવલાહારની અપેક્ષાવાળું નથી; તેને સામે રાખીને ગ્રંથકાર કહે છે કે, અમારા હેતુમાં ધાતુમત્ત્વ એ વિશેષણરૂપ નથી પરંતુ ઉપલક્ષણરૂપ છે, તેથી ધાતુમત્ત્વથી ઉપલક્ષિત એવું ઔદારિક શરીર *કેવલીને* પણ છે. કેમ કે કેવલજ્ઞાન પૂર્વે તે શરીર ધાતુવાળું હતું, અને તે જ શરીર વર્તમાનમાં પરમૌદારિકરૂપે થયેલ છે, તેથી ધાતુમત્ત્વથી ઉપલક્ષિત એવો કેવલીનો દેહ છે. જ્યારે વનસ્પતિનું શરીર ક્યારેય ધાતુવાળું હતું નહિ, તેથી ધાતુમત્ત્વથી ઉપલક્ષિત નથી; જ્યારે પરમૌદારિકશરીરને ધાતુરહિત માનો તો પણ ધાતુમત્ત્વથી ઉપલક્ષિત એવું પરમૌદારિકશરીર છે, માટે ઔદારિકશરીરની સ્થિતિ કવલાહાર સાપેક્ષ છે; તેથી પરમૌદારિકનું વનસ્પત્યાદિ શરીરની સદશપણું નથી.

ધાતુમત્ત્વને ઉપલક્ષણરૂપે સ્વીકાર્યા વગર વિશેષણરૂપે સ્વીકારીને પણ પરમૌદારિકશરીર વનસ્પતિઆદિ શરીરની સદશ નથી તે બતાવતાં કહે છે- ધાતુમત્ત્વને ઉપલક્ષણરૂપે ન માનીએ પરંતુ વિશેષણરૂપે માનીએ તો પણ, સંહનનથી ઉપષ્ટબ્ધ એવા તેનું=પરમૌદારિકનું, પર વડે પણ ધાતુમત્ત્વરૂપે સ્વીકાર કરાયેલ છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, ઉપલક્ષણ માનવાથી તો હેતુ સાધ્યનો ગમક છે, પરંતુ વિશેષણપણું માનીએ તો પણ પૂર્વપક્ષી પરમૌદારિકવાળા એવા કેવલીમાં જે સંહનનનો સ્વીકાર કરે છે તે અસ્થિનિચયરૂપ છે, અને તે અસ્થિ

સાત ધાતુ અંતર્ગત પદાર્થ છે, તેથી પૂર્વપક્ષી વડે પણ પરમૌદારિકશરીર ધાતુવાળું સ્વીકૃત થાય છે. તેથી પૂર્વપક્ષીના મત પ્રમાણે પરમૌદારિકશરીર પૂર્વના ઔદારિકપર્યાયના ત્યાગ દ્વારા પર્યાયાંતરની પ્રાપ્તિના કેવલ સ્વીકારરૂપ થાય છે, પણ નહિ કે ધાતુરહિતરૂપે. તેથી પરમૌદારિકનું વનસ્પતિ સદશપણું નથી. તેથી પરમ ઔદારિકશરીરને પણ કવલાહારની અપેક્ષા રહે છે.

અહીં વિશેષ એ છે કે, પૂર્વપક્ષી (દિગંબર) પરમૌદારિકશરીરને ધાતુરહિત છે એમ પણ કહેતો નથી અને ધાતુવાળું છે એમ પણ કહેતો નથી; પરંતુ તેમના સિદ્ધાંત પ્રમાણે પરમૌદારિકશરીરને આહારની અપેક્ષા નથી, જ્યારે સિદ્ધાંતકારે અનુમાન દ્વારા આહારની અપેક્ષા સિદ્ધ કરી. ત્યાં પૂર્વપક્ષીએ કહ્યું કે, જેમ વનસ્પતિમાં કવલાહારની અપેક્ષા નથી તેમ પરમૌદારિકમાં પણ કવલાહારની અપેક્ષા નથી. ત્યાં સિદ્ધાંતકારે કહ્યું કે, ધાતુવાળાં બધાં શરીરોને કવલાહારની અપેક્ષા છે. ત્યારે પૂર્વપક્ષી કહે છે કે, પરમૌદારિકશરીર ધાતુરહિત છે તેમ માની લો, તેથી વનસ્પતિની જેમ પરમૌદારિકશરીરને કવલાહારની અપેક્ષા નથી. તેથી ધાતુમત્ત્વને ઉપલક્ષણ કહીને સિદ્ધાંતકારે હેતુને સાધ્યનો ગમક બનાવ્યો, અને ત્યારપછી વિશેષણરૂપે સ્વીકારીને પણ કહ્યું કે, પૂર્વપક્ષી(દિગંબર) પણ કેવલીમાં સંઘયણ માને છે, તેથી સંઘયણ ઉપષ્ટબ્ધ એવું પરમૌદારિકશરીર ધાતુવાળું જ છે તેમ અર્થથી તેમને અભિમત જ છે. તેથી દિગંબરના સિદ્ધાંત પ્રમાણે પરમૌદારિકશરીર પૂર્વના ઔદારિક પર્યાયના ત્યાગથી પર્યાયાન્તરની પ્રાપ્તિરૂપ બને છે પણ ધાતુરહિતરૂપે નહિ, તેથી પરમૌદારિકશરીર વનસ્પતિ જેવું છે એમ કહી શકાય નહિ. માટે પરમૌદારિકશરીરને કવલાહારની અપેક્ષા છે એ પ્રમાણે પૂર્વમાં કહેલું અનુમાન સંગત જ છે.

ઉત્થાન :- અહીં પૂર્વપક્ષી કહે છે કે, ઔદારિકત્વાવચ્છિન્ન કાર્ય પ્રત્યે આહારપુદ્ગલત્વેન આહારપુદ્ગલની હેતુતા છે, અને તે રીતે પરમૌદારિકશરીર પણ ઔદારિકરૂપ છે, તેથી પરમૌદારિકને આહારપુદ્ગલની આવશ્યકતા રહે; પરંતુ જેમ વનસ્પતિ આદિ આહારપુદ્ગલો લોમાહારથી ગ્રહણ કરે છે, તેમ કેવલીને પણ કેવલ લોમાહાર છે પણ કવલાહાર નથી; આ રીતે માનવામાં લાઘવ છે. કેમ કે ઔદારિકત્વાવચ્છિન્ન કાર્ય પ્રત્યે આહાર પુદ્ગલત્વેન હેતુતા માનવામાં કાર્યતાવચ્છેદક અને કારણતાવચ્છેદક લઘુ થાય છે, જ્યારે ધાતુમત્ ઔદારિકશરીરત્વાવચ્છિન્ન કાર્ય પ્રત્યે કવલાહારપુદ્ગલત્વેન હેતુતા માનવાથી ગૌરવ થાય છે. તેથી ગ્રંથકાર કહે છે-

ટીકા :- अस्तु वौदारिकत्वावच्छिन्नं प्रत्येवाहारपुद्गलत्वेन हेतुता लाघवात्तथापि परमौदारिकं कवलाहारापेक्षस्थितिकमेवेति सिद्धम्॥११६॥

ટીકાર્થ :- 'अस्तु वा' અથવા તો ઔદારિકત્વાવચ્છિન્ન કાર્ય પ્રતિ લાઘવથી આહારપુદ્ગલત્વેન હેતુતા હો, તો પણ પરમૌદારિકશરીર કવલાહારસાપેક્ષસ્થિતિવાળું છે, એ પ્રમાણે સિદ્ધ છે. **॥૧૧૬॥**

ભાવાર્થ :- પરમ ઔદારિકશરીર પણ ધાતુમત્ શરીરવાળું છે અને જે જે ધાતુમત્ શરીર હોય છે તે તે કવલાહારસાપેક્ષ છે, એ પ્રકારની વ્યાપ્તિ પ્રત્યક્ષથી દૃષ્ટ છે. તેથી પરમ ઔદારિકશરીર પણ તેવું જ છે, એ પ્રમાણે સિદ્ધ છે.**॥૧૧૬॥**

અવતરણિકા :- अथ कवलाहारस्वीकारे केवलिनां तज्जन्यमतिज्ञानोत्पत्तिं परिहरति-

અવતરણિકાર્થ :- '**अथ**'થી પૂર્વપક્ષી કહે છે કે, કવલાહારના સ્વીકારમાં કેવલીને 'तज्जन्य'=કવલાહારજન્ય, મતિજ્ઞાનની ઉત્પત્તિનો પ્રસંગ આવશે, તે શંકાનો પરિહાર કરતાં ગ્રંથકાર કહે છે-

ગાથા :- **ण य मइणाणपसत्ती कवलाहारेण होइ केवलिणो ।**
पुप्फाईअं विसयं अण्णह घाणाइ गिण्हिज्जा ॥११७॥

(न च मतिज्ञानप्रसक्तिः कवलाहारेण भवति केवलिनः। पुष्पादिकं विषयं अन्यथा घ्राणादि गृह्णीयात् ॥११७॥)

ગાથાર્થ :- કવલાહાર વડે કેવલીઓને મતિજ્ઞાનની પ્રસક્તિ આવતી નથી, અન્યથા=કેવલીને મતિજ્ઞાનની પ્રસક્તિ માનો તો, કેવલીની ઘ્રાણેન્દ્રિયાદિ પુષ્પાદિક વિષયને ગ્રહણ કરે.

ટીકા :- न खलु कवलाहारमात्रेण भगवतां रसनेन्द्रियजन्यज्ञानोत्पत्तिप्रसङ्गः, विषयसत्त्वेऽपि मतिज्ञानावरणक्षयोपशमरूपतत्कारणीभूतलब्धीन्द्रियाभावात्, अन्यथा सभाभूमौ सुरविकीर्णबहलकुसुमपरिमलादपि घ्राणेन्द्रियोद्भवमतिज्ञानप्रसङ्गात्। उक्तं च-'नाद्यःपक्षः, तावन्मात्रेण रसनेन्द्रियज्ञानाऽसंभवात्, अन्यथाऽमरनिकरनिरन्तरनिर्मुक्तकुसुमपरिमलादिसंबन्धात् घ्राणेन्द्रियज्ञानमपि भवेद्' **इति।**

ટીકાર્થ :- 'न खलु' ખરેખર કવલાહારમાત્રથી ભગવાનને રસનેન્દ્રિયજન્ય જ્ઞાનની ઉત્પત્તિનો પ્રસંગ આવતો નથી, કેમ કે વિષય હોવા છતાં પણ મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમરૂપ તત્કારણીભૂત=મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમના કારણીભૂત, લબ્ધિઇંદ્રિયનો અભાવ છે. અન્યથા=લબ્ધિઇંદ્રિયના અભાવમાં પણ મતિજ્ઞાનાત્મક કાર્ય થઇ જતું હોય તો, સભાભૂમિમાં=સમવસરણમાં, દેવતા વડે વિકીર્ણ=વરસાવેલ, ઘણા કુસુમની *પરિમલથી=સુંગંધથી, પણ ઘ્રાણેન્દ્રિયથી ઉદ્ભવ=જન્ય, મતિજ્ઞાનનો પ્રસંગ આવશે.*

'उक्तं च'- રત્નાકરાવતારિકાની સાક્ષી આપતાં કહે છે-

અને કહ્યું છે-આદ્ય પક્ષ=પ્રથમ વિકલ્પ, યુક્ત નથી, કેમ કે તેટલા માત્રથી=વિષયસંપર્કમાત્રથી, રસનેન્દ્રિયના જ્ઞાનનો અસંભવ છે. અન્યથા=વિષયસંપર્કમાત્રથી રસનેન્દ્રિયના જ્ઞાનનો સંભવ હોય તો, દેવોના સમૂહથી નિરંતર મુકાયેલ કુસુમની પરિમલના સંબંધથી ઘ્રાણેન્દ્રિયનું જ્ઞાન પણ (કેવલીને) થવું જોઇએ. **इति**-ઉદ્ધરણના કથનની સમાપ્તિસૂચક છે.

ટીકા :- स्यादेतत्-कवलाहारो हि न स्वरूपतः सुखं दुःखं वा जनयति, अपि तु रसनेन्द्रियजन्यमधुरतिक्तादिरसोद्बोधद्वारा, अत एव पित्तद्रव्येण तिक्तरसोद्बोधाच्छर्कराभक्षणादपि दुःखोद्भवः, इति भगवतां तज्जन्यसुखस्वीकारे तज्जनकमधुरादिरसरासनप्रसङ्ग इति चेत्? न, भगवतां कवलाहाररसास्वादजन्यसुखदुःखानुत्पत्तावपि ततः क्षुदादिदुःखनिवृत्तेस्तज्जन्यसुखोत्पत्तेर्वा संभवात्, तिक्ताद्यौषधादेरिव धातुसाम्यद्वारैव तस्य तद्धेतुत्वात्। अत एव रसास्वादं वर्जयित्वैव भुञ्जतामप्रमत्ततयतीनां न तत्फलानुपपत्तिः।

ટીકાર્થ :- 'स्यादेतत्' પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, કવલાહાર સ્વરૂપથી સુખ કે દુઃખ પેદા કરતો નથી, પરંતુ રસનેન્દ્રિયજન્ય મધુરતિક્તાદિ રસના ઉદ્‌બોધ દ્વારા, સુખદુઃખને પેદા કરે છે. એથી કરીને ભગવાનને તજજન્ય =કવલાહારજન્ય, સુખના સ્વીકારમાં તજજનક=સુખજનક, મધુરાદિ રસનો જીભ દ્વારા અનુભવ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. (તેથી કેવલીને કવલાહાર નથી).

ઉત્થાન :- કવલાહાર મધુર અને તિક્તરસના ઉદ્‌બોધ દ્વારા સુખ-દુઃખને પેદા કરે છે તેની જ પુષ્ટિ કરતાં કહે છે-

ટીકાર્થ :- 'अत एव' આ જ કારણથી અર્થાત્ રસનેન્દ્રિયજન્ય મધુરતિક્તાદિરસના ઉદ્‌બોધ દ્વારા કવલાહાર સુખદુઃખને પેદા કરે છે આ જ કારણથી, પિત્તદ્રવ્યથી તિક્તરસનો ઉદ્‌બોધ થવાથી શર્કરાભક્ષણથી પણ દુઃખનો ઉદ્‌ભવ થાય છે અર્થાત્ જે વ્યક્તિના શરીરમાં પિત્તદ્રવ્યનો અતિરેક થાય છે, તેના કારણે તિક્તરસનો ઉદ્‌બોધ થાય છે અને તે ઉદ્‌બોધકાળમાં શર્કરાભક્ષણથી પણ દુઃખનો ઉદ્‌ભવ થાય છે.

❀ અહીં **रसनेन्द्रियजन्यमधुरतिक्तादिरसोद्बोधद्वारा...**નો અન્વય **'इति भगवतां'** સાથે છે અને **'अत एव....दुःखोद्भवः'** સુધીનું કથન તે જ વાતની પુષ્ટિ માટે છે.

ભાવાર્થ :- અહીં વિશેષ એ છે કે કવલાહાર સાક્ષાત્ સુખદુઃખને પેદા કરતો નથી એમ ન કહેતાં, સ્વરૂપથી પેદા કરતો નથી તેમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, કવલાહારનું સ્વરૂપ સુખદુઃખજનકત્વરૂપ નથી પરંતુ અતિશય એવા પિત્તાદિદ્રવ્યના સાન્નિધ્યના કારણે તિક્તમધુરાદિરસનું ઉદ્‌બોધન કરવાનું સ્વરૂપ કવલાહારનું છે. આથી કરીને જ જે વ્યક્તિમાં અતિશય પિત્તદ્રવ્ય છે તે વ્યક્તિ શર્કરાભક્ષણ કરે તો પણ મધુરરસના બદલે તિક્તરસનો ઉદ્‌બોધ થાય છે, તેથી દુઃખનો ઉદ્‌ભવ થાય છે.

ટીકાર્થ :- 'इति चेत् न' આ રીતે પૂર્વપક્ષીએ કેવલીને રસનેન્દ્રિયજન્ય મતિજ્ઞાનનો પ્રસંગ આપ્યો તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે તારી વાત બરાબર નથી, કેમ કે ભગવાનને કવલાહારના રસના આસ્વાદજન્ય સુખદુઃખની અનુત્પત્તિ હોવા છતાં પણ, તેનાથી=કવલાહારથી, ક્ષુધાદિ દુઃખની નિવૃત્તિ અથવા તો ક્ષુધાદિદુઃખની નિવૃત્તિજન્ય સુખની ઉત્પત્તિનો સંભવ છે, કેમ કે તિક્તાદિ ઔષધની જેમ તેનું=કવલાહારનું, ધાતુસામ્ય દ્વારા જ તદ્‌હેતુપણું=ક્ષુધાદિ દુઃખની નિવૃત્તિનું હેતુપણું, છે, અથવા તો ક્ષુધાદિદુઃખની નિવૃત્તિજન્ય સુખનું હેતુપણું છે.

ભાવાર્થ :- અહીં વિશેષ એ છે કે, ક્ષુધાદિદુઃખની નિવૃત્તિ અથવા તો ક્ષુધાદિદુઃખની નિવૃત્તિજન્ય સુખની ઉત્પત્તિ થાય છે, એમ કહ્યું તેનો ભાવ એ છે કે, કેવલીને કવલાહારના રસાસ્વાદજન્ય સુખ-દુઃખ ન હોવા છતાં કવલાહાર દ્વારા ક્ષુધાદિરૂપ અશાતાવેદનીયના દુઃખની નિવૃત્તિ થાય છે, અને અશાતાનો અનુભવ ન હોવાને કારણે શાતાનો અનુભવ થાય છે; તેથી તજજન્ય સુખની ઉત્પત્તિ થાય છે તેમ કહ્યું છે, પરંતુ દુઃખની નિવૃત્તિ અને સુખની અનુભૂતિસ્વરૂપ બે જુદા અનુભવ થતા નથી. એક કાળમાં શાતાનો અનુભવ છે તે જ વખતે પૂર્વમાં વર્તતા અશાતાની નિવૃત્તિનો અનુભવ છે. આ રીતે એક જ અનુભવ થાય છે.

વળી રસાસ્વાદજન્ય સુખદુઃખ કેવલીમાં સ્વીકારીએ તો પૂર્વપક્ષીએ આપેલ મતિજ્ઞાનનો પ્રસંગ આવે. પરંતુ કવલાહારથી કેવલીને ક્ષુધાની નિવૃત્તિથી શાતાનું સુખ માનવાથી મતિજ્ઞાનનો પ્રસંગ આવતો નથી.

ઉત્થાન :- પૂર્વમાં કહ્યું કે ભગવાનને કવલાહારના રસાસ્વાદજન્ય સુખ-દુઃખની અનુત્પત્તિ હોવા છતાં પણ કવલાહારથી ક્ષુધાદિ દુઃખની નિવૃત્તિ અથવા તો ક્ષુધાદિ દુઃખની નિવૃત્તિજન્ય સુખની ઉત્પત્તિનો સંભવ છે, તેની જ પુષ્ટિ કરતાં કહે છે-

ટીકાર્થ :- 'अत एव' -આથી કરીને જ રસાસ્વાદનો ત્યાગ કરીને જ ભોજનાદિ કરતા અપ્રમત્તયતિઓને તત્ફળની =આહારજન્ય સુખદુઃખરૂપ ફળની, અનુપપત્તિ નથી.

ઉત્થાન :- પૂર્વમાં કહ્યું કે ભગવાનને રસનેન્દ્રિયજન્ય મધુરતિક્તાદિરસના ઉદ્બોધ દ્વારા સુખદુઃખની અનુત્પત્તિ હોવા છતાં પણ કવલાહાર દ્વારા ક્ષુધાદિદુઃખની નિવૃત્તિ અથવા તજ્જન્ય સુખની ઉત્પત્તિ થાય છે, એ પ્રમાણે સિદ્ધાંતકારે સમાધાન કરીને કેવલીમાં કવલાહારનું સ્થાપન કર્યું. અને એ રીતે કેવલીમાં કવલાહાર સંગત થાય, ત્યાં પૂર્વપક્ષી **'ननु'**થી શંકા કરતાં કહે છે-

ટીકા :- ननु तथापि रसनेन्द्रियेणाहाररसग्रहणे ततस्तद्व्यञ्जनावग्रहप्रसङ्गः, द्रव्य-इन्द्रिय-तदुभयसंसर्गरूप-व्यञ्जनपूरणात्तदुत्पत्तेः, तदापूरणं चासंख्येयैः, प्रतिबोधकमल्लकोदाहरणाभ्यां नन्द्यध्ययनादवसेयम्। तथाहि-

''[१]वंजणोग्गहस्स परूवणं करिस्सामि पडिबोहगदिट्ठंतेणं मल्लगदिट्ठंतेण य । से किं तं पडिबोहगदिट्ठंतेण? पडिबोहगदिट्ठंतेण से जहाणामए केई पुरिसे कंचि पुरिसं सुत्तं पडिबोहिज्जा-'अमुग' 'अमुग' त्ति, तत्थ चोअए पन्नवगं एवं वयासी-किं एगसमयपविट्ठा पोग्गला गहणमागच्छंति....जाव णो संखेज्जसमयपविट्ठा पोग्गला गहणमागच्छंति, असंखेज्जसमयपविट्ठा पोग्गला गहणमागच्छंति । से तं पडिबोहगदिट्ठंतेणं । से किं तं मल्लगदिट्ठंतेणं? मल्लगदिट्ठंतेणं से जहाणामए केई पुरिसे आवागसीसाउ मल्लगं गहाय तत्थेगं उदगबिंदुं पक्खिवेज्जा से नट्ठे, अन्ने वि पक्खित्ते से वि नट्ठे, एवं पक्खिप्पमाणेसु पक्खिप्पमाणेसु होही से उदगबिंदू जेणं तं मल्लगं राविहिति, होही से उदगबिंदू जेण तंसि मल्लगंसि ठाहिति, होही से उदगबिंदू जेण तं मल्लगं भरेहिइ, होही से उदगबिंदू जेण तंसि मल्लगंसि न ठाहिति, होही से उदगबिंदू जेण तं मल्लगं पवाहेहिति, एवमेव पक्खिप्पमाणेहिं अणंतेहिं पोग्गलेहिं जाहे तं वंजणं पूरिअं होइ ताहे 'हुं'ति करेइ, नो चेव णं जाणेइ के वेस सद्दाइ । [नन्द्यध्ययनं सूत्र नं-५६-५७-५८]इत्यादीति चेत्?

---

१. व्यञ्जनावग्रहस्य प्ररूपणां करिष्यामि प्रतिबोधकदृष्टान्तेन मल्लकदृष्टान्तेन च । अथ का सा प्रतिबोधकदृष्टान्तेन? प्रतिबोधकदृष्टान्तेन सा-यथानामा कोऽपि पुरुषः कंचित् पुरुषं सुप्तं प्रतिबोधयेत् 'अमुक! अमुक!' इति । तत्र चोदकः प्रज्ञापकमेवमवादीत् , किमेकसमयप्रविष्टाः पुद्गलाः ग्रहणमागच्छन्ति? यावत् न सङ्ख्यातसमयप्रविष्टाः पुद्गला ग्रहणमागच्छन्ति, असंख्यातसमयप्रविष्टाः पुद्गला ग्रहणमागच्छन्ति। सेयं प्रतिबोधकदृष्टान्तेन । अथ का सा मल्लकदृष्टान्तेन? मल्लकदृष्टान्तेन सा यथानाम कोऽपि पुरुष आपाकशिरसो मल्लकं गृहीत्वा तत्रैकमुदकबिन्दुं प्रक्षिपेत्, स नष्टः, अन्येऽपि प्रक्षिप्तास्तेऽपि नष्टाः, एवं प्रक्षिप्यमाणेषु प्रक्षिप्यमाणेषु भविष्यति स उदकबिन्दुः यस्तं मल्लकमार्द्रीकरिष्यति, भविष्यति स उदकबिन्दुः यस्तस्मिन् मल्लके स्थास्यति। भविष्यति स उदकबिन्दुः यस्तं मल्लकं भरिष्यति । भविष्यति स उदकबिन्दुः यस्तं मल्लकं प्लावयिष्यति । एवमेव प्रक्षिप्यमाणैरनन्तैः पुद्गलैर्यदा तद्व्यञ्जनं पूरितं भवति तदा 'हुं' इति करोति, न चैव जानाति 'क एष शब्दादिः?'

सत्यं, उक्तसूत्रे ग्रहणविधिनिषेधयोर्विज्ञानग्राह्यतामधिकृत्योपदेशो न तु संबन्धमात्रमधिकृत्य, प्रथमसमयादारभ्यैव संबन्धसंभवात्, अत एव 'असंखेज्जसमयपविट्ठा पोग्गला गहणमागच्छन्ति' **इत्यत्र चरमसमयप्रविष्टा एव विज्ञानजनकत्वेन ग्रहणमागच्छन्ति, तदन्ये त्विन्द्रियक्षयोपशमोपकारिण इति सर्वेषां सामान्येन ग्रहणमुक्तमिति मलयगिरिचरणाः। तथा च व्यञ्जनावग्रहोपकारिग्रहणाभावेऽपि रसनरससम्बन्धरूपं तद्ग्रहणं भगवतामप्यविरुद्धमेवेति किमनुपपन्नम्।**

ટીકાર્થ :- '**ननु**' તો પણ રસનેન્દ્રિય દ્વારા આહારના રસના ગ્રહણમાં તેનાથી=રસનેન્દ્રિયથી, તદ્ વ્યંજનાવગ્રહનો =રાસનવ્યંજનાવગ્રહનો, પ્રસંગ છે. કેમ કે દ્રવ્ય, ઇંદ્રિય અને તદુભયના=દ્રવ્ય અને ઇંદ્રિયના ઉભયના સંસર્ગરૂપ જે વ્યંજન છે તેનું પૂરણ હોવાથી તદુત્પત્તિ=વ્યંજનાવગ્રહની ઉત્પત્તિ, છે, અને અસંખ્યાત સમય વડે તેનું=વ્યંજનાવગ્રહનું, આપૂરણ પ્રતિબોધક અને મલ્લકના ઉદાહરણ દ્વારા નંદિ-અધ્યયનથી જાણવું.

ભાવાર્થ :- વ્યંજન ત્રણ છે, કેમ કે '**व्यज्यते अनेन इति व्यञ्जनम्**' એ પ્રમાણે વ્યંજનની વ્યુત્પત્તિ છે. તેથી જ્ઞાનના કારણીભૂત (૧) દ્રવ્ય, (૨) ઇંદ્રિય અને (૩) દ્રવ્ય અને ઇંદ્રિયનો સંસર્ગ=સંબંધ, એ ત્રણ વ્યંજન છે. અને નંદિસૂત્રના દૃષ્ટાંતથી એ પ્રાપ્ત થાય છે કે અસંખ્યાત સમયો વડે વ્યંજનોનું આપૂરણ થાય છે અને તેમાં ચરમસમયપ્રવિષ્ટ પુદ્ગલો અર્થાવગ્રહને પેદા કરે છે અને ચરમ સમયની પૂર્વનાં પ્રવિષ્ટ પુદ્ગલો વ્યંજનાવગ્રહને પેદા કરે છે અને આ રીતે ભગવાનને પણ વ્યંજનના આપૂરણથી વ્યંજનાવગ્રહની પ્રાપ્તિ થશે. આ પ્રકારનો પૂર્વપક્ષીનો કહેવાનો આશય છે.

ટીકાર્થ :- '**तथाहि**'- નંદીસૂત્રનું કથન આ પ્રમાણે છે- પ્રતિબોધક દૃષ્ટાંત વડે અને મલ્લકના દૃષ્ટાંત વડે વ્યંજનાવગ્રહની પ્રરૂપણા કરું છું. હવે પ્રતિબોધક દૃષ્ટાંત વડે તે =પ્રરૂપણ, શું છે? પ્રતિબોધક દૃષ્ટાંત વડે આ પ્રમાણે પ્રરૂપણ છે- જેમ કોઇક પુરુષ સૂતેલા કોઇ પુરુષને ઉઠાડે કે અમુક! અમુક! (ઊઠ). એ પ્રમાણે ત્યાં=ઉક્ત કથનમાં, ચોદક=શિષ્ય, પ્રજ્ઞાપકને=ગુરુને, આ પ્રમાણે પ્રશ્ન કરે છે- શું એક સમયનાં પ્રવિષ્ટ પુદ્ગલો ગ્રહણ પામે છે? બે સમયનાં ગ્રહણ પામે છે? ત્રણ સમયનાં ગ્રહણ પામે છે? યાવત્ સંખ્યાત સમયનાં પ્રવિષ્ટ પુદ્ગલો ગ્રહણ પામે છે? તેના જવાબરૂપે ગુરુ કહે છે કે એક સમયનાં પ્રવિષ્ટ પુદ્ગલો ગ્રહણ પામતાં નથી, બે સમયનાં પ્રવિષ્ટ પુદ્ગલો ગ્રહણ પામતાં નથી, યાવત્ સંખ્યાત સમયનાં પ્રવિષ્ટ પુદ્ગલો ગ્રહણ પામતાં નથી, અસંખ્યાત સમયનાં પ્રવિષ્ટ પુદ્ગલો ગ્રહણને પામે છે. આ રીતે પ્રતિબોધક દૃષ્ટાંત વડે તે=પ્રરૂપણ, છે.

ચોદક=શિષ્ય, ફરી પૂછે છે કે **से=अथ**=હવે મલ્લકદૃષ્ટાંત વડે તે=પ્રરૂપણ શું છે? તેનો ઉત્તર આપતાં ગુરુ કહે છે કે મલ્લકદૃષ્ટાંત વડે પ્રરૂપણ આ પ્રમાણે છે- જે પ્રમાણે કોઇ પુરુષ આપાકના=નિભાડાના મથાળાથી મલ્લકને=નવા શકોરાને, ગ્રહણ કરીને ત્યાં=નવા શકોરામાં, એક પાણીનું ટીપું નાંખે તે નાશ પામે છે, અન્ય પણ બિંદુઓ નાંખે તે પણ નાશ પામે છે, એ પ્રમાણે નાંખતાં નાંખતાં એક એવું ઉદકબિંદુ થાય કે જેના વડે તે શકોરું **राविहिति=आर्द्रीभवति**=ભીનું થાય છે. (ત્યાર પછી) તે ઉદકબિંદુ થાય કે જે તે મલ્લકમાં રહે છે. (આ પ્રમાણે ક્રમશઃ ઉદકબિંદુ નાંખતાં) તે ઉદકબિંદુ થાય કે જેના વડે તે મલ્લકમાં રહેવાય છે. (ત્યાર પછી) તે ઉદકબિંદુ થાય કે જેના વડે તે મલ્લક ભરાય છે. (ત્યાર પછી) તે ઉદકબિંદુ થાય કે જે તે મલ્લકમાં રહેતું નથી.

(ત્યાર પછી) તે ઉદકબિંદુ થાય કે જેના વડે તે મલ્લક પ્રવાહિત થાય છે અર્થાત્ મલ્લકમાંથી પાણી બહાર વહેવા માંડે છે.

एवमेव - એ જ રીતે =પ્રતિબોધકનું દૃષ્ટાંત અને મલ્લકનું દૃષ્ટાંત ભાવન કર્યું એ જ રીતે, ઇંદ્રિયમાં પ્રક્ષેપ થતાં અનંત પુદ્ગલો વડે જ્યારે તે વ્યંજન પૂરિત થાય છે અર્થાત્ ભરાય છે, ત્યારે (સૂતેલો માણસ) 'હું' એ પ્રમાણે કરે છે; છતાં ત્યારે તે જાણતો નથી કે આ કયા શબ્દાદિ છે.

ભાવાર્થ :- કહેવાનો ભાવ એ છે કે જ્યારે બોધને અનુકૂળ પૂરતા પ્રમાણમાં પુદ્ગલોનો ઇંદ્રિય સાથે સંનિકર્ષ થાય છે ત્યારે વ્યંજન પૂરાય છે, ત્યારે પુરુષ કંઇક છે એમ જાણે છે; પરંતુ આ કયા શબ્દાદિ છે એ પ્રમાણે વિશેષ જાણતો નથી.

અહીં વિશેષ એ છે કે પ્રતિબોધક દૃષ્ટાંતમાં યદ્યપિ જ્યારે કોઇ વ્યક્તિ કોઇને 'અમુક! અમુક!' એ પ્રમાણે સંબોધીને જગાડે છે ત્યારે, તે બોલવાનો કાળ એક વખતનો પણ અસંખ્યાત માનવાળો છે અને એ પણ વારંવાર બોલાવવાથી જ તે બોધને અનુકૂળ જથ્થો ભેગો થાય છે ત્યારે વ્યંજન પુરાય છે. અને તે વખતે જે બોધ થાય છે તે વિશેષના નિર્ણય વગરનો સામાન્ય નિર્ણયરૂપ અર્થાવગ્રહસ્વરૂપ છે, અને તે અર્થાવગ્રહની પૂર્વ ક્ષણોમાં તે વ્યંજનાવગ્રહસ્વરૂપ છે. અસત્કલ્પનાએ અસંખ્યાતસમય=૧૦૦ સમય, કલ્પીએ તો ૯૯ સમય સુધીનો કાળ વ્યંજનાવગ્રહસ્વરૂપ છે અને ૧૦૦મા સમયરૂપ એક સમયનો કાળ અર્થાવગ્રહસ્વરૂપ છે.

જ્યારે જાગૃત અવસ્થામાં કોઇ વ્યક્તિ કોઇ શબ્દ બોલે તો તેનો ઇંદ્રિય સાથે સંબંધ થતાં તરત જ અપાય થતો દેખાય છે, પરંતુ વસ્તુતઃ ત્યાં પણ બોલવાનો કાળ અસંખ્ય સમયનો છે. ત્યાં પણ પ્રત્યેક સમયે વચનપુદ્ગલો શ્રોત્રેન્દ્રિયની સાથે સંબંધ પામે છે અને ચરમસમયે વ્યંજન પૂરણ થાય છે ત્યારે અર્થાવગ્રહ થાય છે, અને પછી ઇહાદિ થઇને અપાય થાય છે; પરંતુ સમય અતિસૂક્ષ્મ હોવાને કારણે તરત જ બોધ થયો એવો પ્રતિભાસ થાય છે. અહીં 'પ્રતિબોધક' દૃષ્ટાંતમાં કાંઇક એ પ્રકારના શબ્દપુદ્ગલોનો જથ્થો શ્રોત્રેન્દ્રિયની સાથે સંબંધિત થાય છે ત્યારે અર્થાવગ્રહ થાય છે; અને 'મલ્લકના' દૃષ્ટાંતમાં મલ્લકમાં આર્દ્રીભાવ પેદા થાય તત્સ્થાનીય વિષયોના સંપર્કથી જીવને કાંઇક એવો સ્પષ્ટ સામાન્ય બોધ થાય છે જે અર્થાવગ્રહસ્વરૂપ છે; અને તે અસંખ્યાતમાં સમયે જ થાય છે, તે પૂર્વેના સમયોમાં જે બોધ છે તે અસ્પષ્ટ બોધ છે તે વ્યંજનાવગ્રહસ્વરૂપ છે.

ટીકાર્થ :- '**सत्यं**' '**ननु**'થી પૂર્વપક્ષીએ કરેલી શંકાનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે તારી વાત સાચી છે, અર્થાત્ નંદીસૂત્રના પાઠના બળથી પ્રતિબોધક અને મલ્લકના દૃષ્ટાંત દ્વારા અસંખ્યાત સમય વડે કરીને વિષયોના સંપર્કથી વ્યંજનનું આપૂરણ થાય છે, અને એ રીતે ભગવાનને પણ આહાર ગ્રહણ કરતાં અસંખ્યાતસમય વડે વ્યંજનનું આપૂરણ થવાને કારણે વ્યંજનાવગ્રહ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. પરંતુ નંદીસૂત્રનું એ કથન છદ્મસ્થના જ્ઞાનને આશ્રયીને છે, માટે કોઇ દોષ નથી. એ ભાવને સ્પષ્ટ કરતાં ગ્રંથકાર કહે છે-

'**उक्तसूत्रे**'- ઉક્તસૂત્રમાં=ઉપરમાં કહેલા નંદીસૂત્રમાં, ગ્રહણવિધિ અને ગ્રહણનિષેધની વિજ્ઞાનગ્રાહ્યતાને આશ્રયીને ઉપદેશ છે, પણ નહિ કે સંબંધમાત્રને આશ્રયીને; કેમ કે પ્રથમસમયથી આરંભીને જ સંબંધનો સંભવ છે. આથી કરીને જ=ઉક્તસૂત્રમાં વિજ્ઞાનગ્રાહ્યતાને આશ્રયીને ગ્રહણની વિધિ અને ગ્રહણના નિષેધનું કથન છે આથી કરીને જ, તે નંદીસૂત્રની ટીકામાં પૂજ્ય મલયગિરિમહારાજ આ પ્રમાણે કથન કરે છે - અસંખ્યાતસમયપ્રવિષ્ટ પુદ્ગલો

ગ્રહણને પ્રાપ્ત થાય છે, એ પ્રકારના નંદીસૂત્રના કથનમાં ચરમસમયપ્રવિષ્ટ જ=અસંખ્યાત સમયવર્તી જે ચરમસમય છે તે સમયમાં પ્રવિષ્ટ જ, પુદ્ગલો વિજ્ઞાનજનકપણાવડે કરીને ગ્રહણને પ્રાપ્ત થાય છે, અને તેનાથી=ચરમસમયથી અન્ય અર્થાત્ અસંખ્યાતસમયવર્તી ચરમસમયથી અન્ય પૂર્વ સમયોમાં પ્રવિષ્ટ છે તે ઇંદ્રિયના ક્ષયોપશમને ઉપકારી છે. એથી કરીને સર્વનું=અસંખ્યાતસમયપ્રવિષ્ટ સર્વપુદ્ગલોનું, સામાન્યથી ગ્રહણ છે.

કહેવાનો ભાવ એ છે કે અસંખ્યાતમા સમયે પ્રવિષ્ટ પુદ્ગલો ગ્રહણને પામે છે એમ ન કહેતાં અસંખ્યાતસમયના ચરમસમયમાં પ્રવિષ્ટ પુદ્ગલો ગ્રહણને પામે છે, એમ સામાન્યથી ગ્રહણ કરેલ છે.

ભાવાર્થ :- '**उक्तसूत्रे**' તાત્પર્ય એ છે કે નંદીસૂત્રમાં કહ્યું કે એકસમયપ્રવિષ્ટ પુદ્ગલો ગ્રહણ થતાં નથી, યાવત્ સંખ્યાતસમયપ્રવિષ્ટ પુદ્ગલો ગ્રહણ થતાં નથી, પરંતુ અસંખ્યાતસમયપ્રવિષ્ટ પુદ્ગલો ગ્રહણ થાય છે, એ કથન વિજ્ઞાનગ્રાહ્યતાને આશ્રયીને છે. અર્થાત્ એ સૂત્ર અસંખ્ય સમયના ચરમસમયપ્રવિષ્ટ પુદ્ગલોનું જીવને જ્ઞાન થાય છે એવું પ્રતિપાદન કરે છે, અસંખ્ય સમય પછી પ્રવિષ્ટ પુદ્ગલોનો સંબંધ થાય છે એવું પ્રતિપાદન કરતું નથી, કારણ કે સંબંધ તો પ્રથમ સમયથી જ થાય છે. તેથી અસંખ્યાત સમયના ચરમસમયમાં પ્રવિષ્ટ પુદ્ગલો વિજ્ઞાનથી ગ્રાહ્ય થાય છે, તે પુદ્ગલોમાં વિજ્ઞાનગ્રાહ્યતા છે; અને વિજ્ઞાનગ્રાહ્યપુદ્ગલોને આશ્રયીને પ્રથમસમયથી યાવત્ સંખ્યાત સમય સુધીના પુદ્ગલના ગ્રહણનો નિષેધ છે. અસંખ્યાત સમયના ચરમસમયમાં પ્રવિષ્ટ પુદ્ગલો વિજ્ઞાનથી ગ્રાહ્ય બને છે તેથી અસંખ્યાત સમયના ચરમસમયમાં પ્રવિષ્ટ પુદ્ગલોમાં વર્તતી વિજ્ઞાનગ્રાહ્યતાને આશ્રયીને ગ્રહણની વિધિનું કથન છે.

ટીકાર્થ :- '**तथा च**' અને તે રીતે='**सत्यं**',થી ગ્રંથકારે જે કથન કર્યું કે ગ્રહણની વિધિ અને નિષેધમાં વિજ્ઞાનગ્રાહ્યતાને આશ્રયીને ઉક્તસૂત્રનું કથન છે, પરંતુ સંબંધમાત્રને આશ્રયીને કથન નથી તે રીતે, કેવલીને વ્યંજનાવગ્રહના ઉપકારી એવા ગ્રહણનો અભાવ હોવા છતાં પણ, રસનેન્દ્રિય અને રસના સંબંધરૂપ તેનું=આહારનું ગ્રહણ ભગવાનને પણ અવિરુદ્ધ છે; એથી કરીને શું અનુપપન્ન છે? અર્થાત્ કાંઇ અનુપપન્ન નથી.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે કેવલીને મતિજ્ઞાન નથી, તેથી વ્યંજનાવગ્રહને ઉપકારી એવાં પુદ્ગલોનું ગ્રહણ નથી, અને નંદીસૂત્રનું કથન ઇન્દ્રિયના ક્ષયોપશમને ઉપકારી એવા પુદ્ગલોના ગ્રહણને આશ્રયીને ગ્રહણરૂપે કહેલ છે, સંબંધરૂપ ગ્રહણને ગ્રહણ તરીકે નંદીસૂત્રમાં કહેલ નથી. તેથી ભગવાનને કેવલજ્ઞાન હોવાને કારણે નંદીસૂત્રમાં કહેલ ગ્રહણની પ્રાપ્તિ હોતી નથી, તો પણ સંબંધરૂપ ગ્રહણ તેમને હોય છે, અને સંબંધરૂપ ગ્રહણથી વ્યંજનનું પૂરણ થતું નથી કે જેથી કેવલીને વ્યંજનાવગ્રહનો પ્રસંગ પ્રાપ્ત થાય.

ઉત્થાન :- પૂર્વમાં સિદ્ધાંતકારે સિદ્ધ કર્યું કે કેવલીને રસનાં પુદ્ગલોની સાથે ઇંદ્રિયોનો સંબંધમાત્ર હોય છે, પરંતુ વ્યંજનાવગ્રહને ઉપકારી એવું ગ્રહણ હોતું નથી; માટે કેવલીને આહાર ગ્રહણ કરવામાં કોઇ દોષ નથી, તેનું નિરાકરણ કરતાં '**अथ**'થી પૂર્વપક્ષી કહે છે-

ટીકા :- अथ रसनेन सह रसस्य बद्धस्पृष्टताख्यसंबन्धरूपं ग्रहणं तथाविधमेवेति चेत्? न, तथापि द्रव्यपूरणेऽपीन्द्रियाऽपूरणात्, तत्पूरणायाः क्षयोपशमोपनिबद्धवासनारूपत्वात्। उक्तं च भाष्यकृता- [वि. भा. २५१]

[१] दव्वं माणं पूरिअमिंदिअमापूरिअं तहा दोण्हं ।
अवरोप्परसंसग्गो जया तया गेण्हइ तमत्थं ॥ ति ।

अत्राऽऽपूरितं=व्याप्तं=भृतं=वासितमित्यर्थ इति व्याख्यातं, तथा चाहारग्रहणे न व्यञ्जनावग्रहप्रसङ्गः, तदानीं द्रव्यव्यञ्जनपूरणस्य निखिलव्यञ्जनपूरणाऽविनाभावित्वाऽभावात्।

ટીકાર્થ :- 'अथ' રસનની=રસનેન્દ્રિયની, સાથે રસના બદ્ધસ્પૃષ્ટતાખ્યસંબંધરૂપ ગ્રહણ તેવું જ છે=મતિજ્ઞાનને પેદા કરે તેવું જ છે. (અને કેવલીને પણ રસનાં પુદ્ગલોનું ગ્રહણ તમે માનશો તો મતિજ્ઞાન માનવું જ પડશે.)

ભાવાર્થ :- અહીં બદ્ધસ્પૃષ્ટરૂપ સંબંધ એટલા માટે કહેલ છે કે શ્રોત્રેન્દ્રિયમાં સ્પૃષ્ટરૂપ સંબંધ છે, જ્યારે રસનેન્દ્રિય, સ્પર્શેન્દ્રિયાદિમાં બદ્ધસ્પૃષ્ટરૂપ સંબંધ છે, અને તે સંબંધ થાય ત્યારે અવશ્ય મતિજ્ઞાન પેદા થાય છે.

ટીકાર્થ :- પૂર્વપક્ષીએ **'अथ'**થી દોષ આપ્યો તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે તારી વાત બરાબર નથી. તેમાં હેતુ કહે છે - **'तथापि'** તો પણ અર્થાત્ કેવલીને આહારપુદ્ગલોનો બદ્ધસ્પૃષ્ટાખ્યસંબંધ હોવા છતાં પણ, દ્રવ્યના પૂરણમાં ઇંદ્રિયોનું અપૂરણ છે. તેમાં પણ હેતુ કહે છે- તત્પૂરણાનું=ઇંદ્રિયોની પૂરણાનું, ક્ષયોપશમ-ઉપનિબદ્ધવાસનારૂપપણું છે.

ભાવાર્થ :- જ્યારે ઇંદ્રિયોથી ગ્રહણ થઇ શકે તેટલા પ્રમાણમાં આહારનાં પુદ્ગલો રસનેન્દ્રિય સાથે સંપર્ક પામે ત્યારે દ્રવ્યનું પૂરણ થાય છે, અને સામાન્ય રીતે છદ્મસ્થને જ્યારે ઇંદ્રિયો પૂરતા પ્રમાણમાં પુદ્ગલો સાથે સંપર્ક પામે ત્યારે, તે ગ્રહણને અભિમુખ જીવ બને તેવા પ્રકારની ક્ષયોપશમભાવની વાસના અંદર પડેલી હોય છે, તે જીવને અભિમુખ બનાવે છે અને તે જ ઇંદ્રિયોના પૂરણરૂપ છે. આમ છતાં, કોઇક કારણથી જીવ અન્ય પદાર્થમાં ઉપયોગવાળો હોય તો તે વાસના ઊઠતી નથી કે જેથી ઇંદ્રિયોનું પૂરણ અને દ્રવ્યનું પૂરણ એ બેનો અંગાંગીભાવ થાય. પરંતુ તેવું કોઇ વિશેષ કારણ ન હોય તો સામાન્ય રીતે દ્રવ્યના પૂરણ પછી જીવમાં રહેલ, પદાર્થને ગ્રહણ કરવા માટે અભિમુખ એવી ક્ષયોપશમભાવની વાસના ઉત્થિત થાય છે, તેથી ઇંદ્રિય અને દ્રવ્યના પૂરણનો પરસ્પર અંગાંગીભાવ થાય છે. આ રીતે દ્રવ્ય, ઇંદ્રિય અને તદુભય આ ત્રણે પૂરણ થવાને કારણે જીવને સૌ પ્રથમ અર્થાવગ્રહરૂપે બોધ થાય છે, ત્યારપછી તે જ અર્થનો ઈહા-અપાય આદિ રૂપે બોધ થાય છે. જ્યારે કેવલીને રસનેન્દ્રિયની સાથે પુદ્ગલોનો સંપર્ક થવાને કારણે દ્રવ્યનું પૂરણ થાય છે, પરંતુ તેમનામાં પદાર્થને ગ્રહણ કરવા અભિમુખ કરે તેવી ક્ષયોપશમભાવ સાથે સંકળાયેલ વાસના નહિ હોવાથી, ઇંદ્રિયોનું પૂરણ થતું નથી. તેથી જ દ્રવ્યપૂરણના અને ઇંદ્રિયપૂરણના અંગાંગીભાવરૂપ ઇંદ્રિયનો ઉપયોગ પણ તેમને પ્રગટ થતો નથી, કે જેથી મતિજ્ઞાન માનવાનો પ્રસંગ આવે. કેમ કે પદાર્થવર્તી સર્વભાવોને તેઓ કેવલજ્ઞાનથી જાણે છે, તેથી તે જાણવાને

---

१. द्रव्यं मानं पूरितमिन्द्रियमापूरितं तथा द्वयोः । परस्परसंसर्गो यदा तदा गृह्णाति तमर्थम् ॥

અભિમુખભાવ પેદા થાય તેવી વાસના કેવલીઓમાં નથી. જ્યારે છદ્મસ્થને સાક્ષાત્ પદાર્થવિષયક બોધ હોતો નથી, તેથી જ્યારે ઇંદ્રિયો સાથે વિષયોનો સંપર્ક થાય છે ત્યારે તે જાણવાને અભિમુખ મનોવૃત્તિ થાય તેવી ક્ષયોપશમભાવની વાસના વર્તે છે.

ટીકાર્થ :- '**उक्तं च**' અને ભાષ્યકાર વડે કહેવાયું છે- '**दव्वं**' દ્રવ્ય પ્રમાણોપેત હોય ત્યારે પૂરિત થાય છે, ઇંદ્રિય આપૂરિત હોય ત્યારે ઇંદ્રિયરૂપ વ્યંજનનું પૂરણ થાય છે અને બંનેનો અર્થાત્ દ્રવ્ય અને ઇંદ્રિયનો પરસ્પર સંસર્ગ જ્યારે થાય છે ત્યારે તે અર્થને ગ્રહણ કરે છે.

❀ '**दव्वं मानं पूरितं**' કહ્યું ત્યાં 'માન'નો અર્થ પ્રમાણ ગ્રહણ કરવાનો છે અને બોધને અનુકૂળ જેટલાં પુદ્ગલોનું પ્રમાણ આવશ્યક છે તેટલા પ્રમાણવાળું દ્રવ્ય થાય ત્યારે તે પૂરિત થાય છે.

❀ '**इंद्रियमापूरितं**' કહ્યું ત્યાં '**आपूरितं**'નો અર્થ ઇંદ્રિયવ્યાપ્ત હોય=પુદ્ગલોથી ભૃત હોય, અર્થાત્ પુદ્ગલોને ગ્રહણ કરવા માટે અભિમુખ થાય તેવા પ્રકારના ક્ષયોપશમભાવની વાસના ઉત્થિત હોય ત્યારે તે ઇંદ્રિયો આપૂરિત થાય છે.

❀ '**द्वयोः परस्परसंसर्गो**' કહ્યું ત્યાં દ્રવ્ય અને ઇંદ્રિયોનો પરસ્પર સંસર્ગ થાય છે, અર્થાત્ પરસ્પર અતિસંયુક્તતા અને અનુષક્તતારૂપ અંગાંગીભાવ વડે કરીને બંનેનો પરિણામ થાય છે ત્યારે, ઉભયનું આપૂરણ થાય છે અને ત્યારે તે અર્થને ગ્રહણ કરે છે.

અહીં ત્રણેયનું આપૂરણ એટલા માટે કહેલ છે કે ત્રણેય વ્યંજનરૂપ છે,=જેનાથી અર્થનું પ્રકટીકરણ થાય છે તે વ્યંજનરૂપ છે. માટે દ્રવ્ય, ઇંદ્રિય અને દ્રવ્ય તથા ઇંદ્રિયનો સંસર્ગ, એ ત્રણેય વ્યંજનરૂપ છે.

ભાવાર્થ :- વિશેષાવશ્યકભાષ્યની ગાથા ૨૫૧માં દ્રવ્ય અને ઇન્દ્રિયનું આપૂરણ તે બંનેના સંસર્ગરૂપ કહ્યું અને વિશેષાવશ્યકભાષ્યની ટીકામાં તેનો અર્થ કર્યો કે, બંનેની પરસ્પર અતિસંયુક્તતા અને અનુષક્તતારૂપ અંગાંગીભાવવડે કરીને પરિણામ થાય, ત્યારે ઉભયનું આપૂરણ થાય છે. તેનું તાત્પર્ય એ છે કે, પુદ્ગલોનો ઇંદ્રિયોની સાથે અતિસંયુક્તતા પરિણામ થાય અને ઇંદ્રિયો તે પુદ્ગલોને ગ્રહણ કરવા માટે અત્યંત અભિમુખ થાય ત્યારે તેમાં અનુષક્તતા ભાવ થાય, અને તે વખતે ઇંદ્રિય અને વિષયોનો અંગાંગીભાવરૂપે પરિણામ થાય છે, અને તે ઉભયના સંસર્ગના પૂરણ સ્વરૂપ છે.

ટીકાર્થ :- '**अत्र**' અહીંયાં =વિશેષાવશ્યકભાષ્ય ગાથા ૨૫૧માં, ઇંદ્રિય પછી જે '**आपूरित**' શબ્દ છે તેનો અર્થ વિશેષાવશ્યકભાષ્ય ગાથા ૨૫૧ની ટીકામાં વ્યાપ્ત=ભૃત=વાસિત, એ પ્રમાણે કર્યો છે. આનાથી એ પ્રાપ્ત થાય કે, ઇંદ્રિયો જ્યારે પુદ્ગલોથી ભૃત =પુદ્ગલોને ગ્રહણ કરવા માટે અભિમુખભાવ થાય તેવા પ્રકારના ક્ષયોપશમભાવની વાસનાથી વાસિત, હોય ત્યારે ઇંદ્રિયોનું પૂરણ થાય છે, કે જે ક્ષયોપશમભાવથી ઉપનિબદ્ધ વાસના સ્વરૂપ જ છે.

'**तथा च**' અને તે રીતે=કેવલીને ક્ષયોપશમભાવ હોતો નથી તેથી ઇંદ્રિયનું પૂરણ નથી તે રીતે, આહારના ગ્રહણમાં વ્યંજનાવગ્રહનો પ્રસંગ નથી. કેમ કે ત્યારે દ્રવ્યવ્યંજનના પૂરણનો નિખિલવ્યંજનના પૂરણની સાથે અવિનાભાવિપણાનો અભાવ છે.

ભાવાર્થ :- 'तथा च' તાત્પર્ય એ છે કે કેવલી આહાર ગ્રહણ કરે છે ત્યારે, આહારનાં પુદ્ગલો બોધ માટે આવશ્યક હોય તેટલા પ્રમાણમાં રસનેન્દ્રિયની સાથે સંપર્ક પામે ત્યારે, દ્રવ્યવ્યંજનનું પૂરણ થાય છે તો પણ, તે ઇંદ્રિયોના સંપર્કવાળા પદાર્થને જાણવાની મનોવૃત્તિ પેદા કરે તેવા પ્રકારના ક્ષયોપશમભાવની સાથે સંકળાયેલી વાસના કેવલીમાં હોતી નથી, તેથી કેવલીને ઇંદ્રિયોનું આપૂરણ નથી. અને ઇંદ્રિયોનું આપૂરણ નહિ હોવાને કારણે ઇંદ્રિયો દ્વારા પદાર્થને જાણવાને અભિમુખ ઉપયોગરૂપ ઉભયનું પૂરણ પણ કેવલીને હોતું નથી. તેથી આહારગ્રહણમાં કેવલીને વ્યંજનાવગ્રહના પ્રસંગની પ્રાપ્તિ નથી.

टीका :- अथ बद्धस्पृष्टाख्यः संबन्धविशेषोऽपि क्षयोपशमहेतुक एवेति तं विना न तत्संभव इति चेत्? न, तस्य तद्धेतुकत्वे मानाभावात्, भावेऽपि न नो हानिः, धातुसाम्याद्यौपयिकसंबन्धमात्रस्यैव क्षुन्निवृत्त्याद्यौपयिकत्वादिति दिग् ॥११७॥

टीकार्थ :- 'अथ' અથથી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, બદ્ધસ્પૃષ્ટનામનો સંબંધવિશેષ પણ ક્ષયોપશમહેતુક જ છે, અર્થાત્ ક્ષયોપશમ બદ્ધસ્પૃષ્ટ સંબંધવિશેષ થવામાં કારણ જ છે. એથી કરીને તેના વિના=ક્ષયોપશમ વિના, બદ્ધસ્પૃષ્ટ નામના સંબંધનો સંભવ નથી. (તેથી કેવલીને રસનાં પુદ્ગલો સાથે બદ્ધસ્પૃષ્ટાખ્યસંબંધરૂપ ગ્રહણનો અભાવ છે. માટે કેવલીને આહારગ્રહણ નથી. આ પ્રમાણે **'अथ'**થી પૂર્વપક્ષીની શંકાનો ભાવ છે.)

❀ **'संबन्धविशेषोऽपि'** અહીં **'अपि'** થી એ સમુચ્ચય થાય છે કે, મતિજ્ઞાન તો ક્ષયોપશમહેતુક છે, પણ બદ્ધસ્પૃષ્ટ સંબંધવિશેષ પણ ક્ષયોપશમહેતુક છે.

टीकार्थ :- 'न' પૂર્વપક્ષીના આ કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે, તારી વાત બરાબર નથી. **'तस्य'** કેમ કે તેનું =બદ્ધસ્પૃષ્ટાખ્યસંબંધવિશેષનું, તદ્હેતુકત્વમાં=ક્ષયોપશમહેતુકત્વમાં, પ્રમાણનો અભાવ છે. (તેથી કેવલીને મતિજ્ઞાનનો ક્ષયોપશમ નહિ હોવા છતાં પણ બદ્ધસ્પૃષ્ટાખ્યસંબંધ થઈ શકે છે, માટે કવલાહાર છે.) **भावेऽपि** અને ભાવમાં પણ=બદ્ધસ્પૃષ્ટાખ્યસંબંધ ક્ષયોપશમહેતુક હોવા છતાં પણ, અમને કોઈ હાનિ નથી. **'धातु'** કેમ કે ધાતુસામ્યના ઔપયિક (ઉપાયભૂત) સંબંધમાત્રનું જ ક્ષુધાની નિવૃત્તિમાં ઔપયિકપણું છે. એ પ્રમાણે દિગ્દર્શન છે. **॥११७॥**

ભાવાર્થ :- 'भावेऽपि' બદ્ધસ્પૃષ્ટાખ્યસંબંધવિશેષને ક્ષયોપશમહેતુક માની લઈએ તો પણ કેવલીને બદ્ધસ્પૃષ્ટાખ્ય સંબંધ નથી, પરંતુ ક્ષુધા આદિને કારણે ધાતુમાં જે વિષમતા થઈ છે તેના સામ્ય માટે ઉપયોગી એવા સંબંધમાત્રનું જ ગ્રહણ કેવલીને આહારગ્રહણકાલમાં અમે સ્વીકારીશું, અને તેનાથી જ ક્ષુધાની નિવૃત્તિ થાય છે એમ માનીશું. માટે કોઈ દોષ નથી. **॥११७॥**

अवतरणिका :- दूषणान्तरप्रसङ्गमुद्धरति-

અવતરણિકાર્થ :- પૂર્વપક્ષીથી અપાતા બીજા દૂષણને અર્થાત્ કેવલી કવલાહાર કરશે તો વક્ષ્યમાણ અન્ય દૂષણ આવશે, તેનો ઉદ્ધાર કરતાં ગ્રંથકાર કહે છે-

ગાથા :- **इरिआवहिआ किरिया कवलाहारेण जइ णु केवलिणो ।**
गमणाइणा वि ण हवे सा किं तुह पाणिपिहिअ त्ति ॥११८॥

(ईर्यापथिकीक्रिया कवलाहारेण यदि नु केवलिनः । गमनादिनापि न भवेत् सा किं त्वत्पाणिपिहितेति ॥११८॥)

ગાથાર્થ :- જો કવલાહાર કરવાથી કેવલીને ઈર્યાપથિકીક્રિયા થાય છે, અર્થાત્ ઈરિયાવહિયા પડિક્કમવાની આપત્તિ આવશે, એવું કહેશો તો ગમનાદિથી પણ તે=ઈર્યાપથિકીક્રિયા, શું તમારા હાથ વડે અટકાવાયેલી છે, એથી કરીને ન થાય?

टीका :- कवलाहारेण केवलिनां प्रतिक्रमणयोग्येर्यापथप्रसङ्गो गमनादिक्रिययापि समानः, बहुसामयिकत्वस्योभयत्राऽविशेषात्। तदाहुः- "न पञ्चमः, गमनादिनापीर्यापथप्रसङ्गात्" इति। 'अत एव बाधकाद्गमनादिक्रियामपि भगवतः प्रायोगिकीं न मन्यामहे' इति चेत्? न, विशेषावमर्शे बाधकानवतारात्, अनाभोगसहकृतयोगक्रियाया एव तादृशेर्यापथिकीहेतुत्वात्, सूक्ष्मायां तु तस्यां कार्मणशरीरे(? र)कृतचलोपकरणताया* एव हेतुत्वात् ।११८॥

टीकार्थ :- 'कवलाहारेण' કવલાહારથી કેવળીઓને પ્રતિક્રમણ યોગ્ય ઈર્યાપથપ્રસંગ થતો હોય (તો) ગમનક્રિયાથી પણ સમાન છે, કેમ કે બહુસમયપણાનું ઉભયત્ર અવિશેષપણું છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે જો બહુ સમયવાળી હોવાથી ભોજનક્રિયા પ્રતિક્રમણ યોગ્ય હોય તો એ રીતે ગમનાદિક્રિયા પણ બહુ સમયવાળી હોવાથી પ્રતિક્રમણને યોગ્ય બનશે.

टीकार्थ :- 'तदाहुः'થી રત્નાકરાવતારિકાની સાક્ષી આપતાં કહે છે- **'न पञ्चमः'** પાંચમો વિકલ્પયુક્ત નથી, અર્થાત્ ઈર્યાપથપ્રસંગ આવતો હોવાથી કેવલીને કવલાહાર હોતો નથી એવો પાંચમો વિકલ્પ યુક્ત નથી, કારણ કે ગમનાદિથી પણ ઈર્યાપથનો પ્રસંગ આવશે. સ્વકથનની પુષ્ટિ કરતાં પૂર્વપક્ષી કહે છે-
'अत एव' આથી જ બાધકને કારણે =ગમનાદિક્રિયામાં ઈર્યાપથના પ્રસંગની પ્રાપ્તિરૂપ બાધકને કારણે, ગમનાદિક્રિયામાં પણ ભગવાનને પ્રાયોગિકી ગમનાદિક્રિયા અમે માનતા નથી.
'न' તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે એ પ્રમાણે ન કહેવું, કેમ કે વિશેષ અવમર્શમાં=વિમર્શમાં બાધકનો અનવતાર છે, કેમ કે અનાભોગસહકૃત યોગક્રિયાનું જ તાદૃશ=પ્રતિક્રમણ યોગ્ય, ઈર્યાપથિકી ક્રિયાનું હેતુપણું છે.

---

* उपकरोत्यनेनेत्युपकरणम्=स्वभावः , चलं=अस्थिरमुपकरणं यस्य स चलोपकरणः, तस्य भावः चलोपकरणता= आत्मप्रदेशानां कम्पस्वभाव इत्यर्थः ।

ઉત્થાન :- અહીં પ્રશ્ન થાય કે અનાભોગસહકૃત યોગક્રિયાને તાદૃશ ઈર્યાપથિકી ક્રિયા પ્રત્યે હેતુ માનશો, તો અપ્રમત્તમુનિઓને અનાભોગસહકૃત શ્વાસોચ્છ્વાસાદિ યોગક્રિયા અથવા તો આહારપરિણમનની ક્રિયા થાય છે, ત્યાં પણ પ્રતિક્રમણ યોગ્ય ઈર્યાપથનો પ્રસંગ આવશે. તેના સમાધાનરૂપે ગ્રંથકાર કહે છે-

ટીકાર્થ :- **'सूक्ष्मायां'** સૂક્ષ્મ એવી તેમાં=અનાભોગસહકૃત સૂક્ષ્મયોગક્રિયામાં, કાર્મણશરીરકૃત ચલોપકરણતાનું જ હેતુપણું છે, અર્થાત્ કાર્મણશરીરકૃત જીવમાં જે ચલસ્વભાવ પ્રાપ્ત થયેલ છે તેનું જ હેતુપણું છે, પણ જીવના પ્રમાદનું હેતુપણું નથી. (તેથી ત્યાં ઈર્યાવહિયાનો પ્રસંગ પ્રાપ્ત થતો નથી. પરંતુ જ્યાં જીવના સુદૃઢ યત્નમાં સ્ખલનારૂપ પ્રમાદને કારણે અનાભોગસહકૃત જે યોગક્રિયા થાય છે, તે જ ઈરિયાપથિકી ક્રિયા પ્રત્યે હેતુ છે.)**॥૧૧૮॥**

ભાવાર્થ :- **'अत एव'**- પૂર્વપક્ષીને કહેવું છે કે, કેવલી જો ગમનાદિ ક્રિયા કરે તો ઈર્યાપથ પ્રતિક્રમણની ક્રિયા સ્વીકારવાની આપત્તિરૂપ બાધક હોવાને કારણે અમે કેવલીને પ્રાયોગિકી ક્રિયા માનતા નથી; કેમ કે પ્રાયોગિક ક્રિયા ઇચ્છાથી થાય છે અને તે મોહના પરિણામરૂપ છે, અને કેવલીને પ્રાયોગિકી ક્રિયા સ્વીકારીએ તો કેવલીને પણ વિહારાદિ કર્યા પછી ઈરિયાવહિયા કરવાની આપત્તિ આવે. પરંતુ વસ્તુતઃ મોહ નહિ હોવાથી કેવલી પ્રાયોગિકી ક્રિયારૂપ ગમનક્રિયા કરતા નથી, તેથી જ તેઓને ઈરિયાવહિયાની આપત્તિ નહિ આવે. આ પ્રકારના પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે, તારું કથન બરાબર નથી; કેમ કે પ્રાયોગિકી ક્રિયાના વિષયમાં પણ વિશેષ વિમર્શ કરવામાં આવે તો કેવલીમાં ઈરિયાવહિયા સ્વીકારવાના બાધકનો અવતાર નથી એમ કહ્યું. તેનું તાત્પર્ય એ છે કે, પ્રાયોગિકી ક્રિયા પણ (૧) પ્રમત્તભૂમિકાવાળી અને (૨) અપ્રમત્તભૂમિકાવાળી હોય છે; અને કેવલીને મોહ નહિ હોવાને કારણે પ્રમાદ હોતો નથી, તેથી પ્રાયોગિકી ક્રિયાના વિભાગરૂપ વિશેષ વિચાર કરીએ તો, કેવલીને ઈરિયાવહિયા સ્વીકારવાની આપત્તિ આવતી નથી; તેમ અપ્રમત્ત એવા જિનકલ્પિકાદિ પણ અપ્રમત્તભાવથી જ્યારે કોઇ પ્રવૃત્તિ કરે છે ત્યારે તેઓને ઈરિયાવહિયાની આવશ્યકતા નથી. પરંતુ શાસ્ત્રાનુસારી ક્રિયા કરવામાં પણ અનાભોગને કારણે કોઈ સૂક્ષ્મ દોષ પ્રમત્તગુણસ્થાનક સુધી લાગવાનો સંભવ હોય છે, તેથી જ પ્રમત્તગુણસ્થાનક સુધી ગમનાદિ ક્રિયા પછી ઈરિયાવહિયા કરવાની વિધિ છે. આથી જ ગ્રંથકાર કહે છે કે અનાભોગસહકૃત યોગક્રિયાનું જ તેવા પ્રકારની ઈર્યાપથિકીનું હેતુપણું છે, અર્થાત્ વ્યક્ત કોઇ સ્ખલના ન હોવા છતાં પણ કોઇ સૂક્ષ્મ ક્રિયાની સંભાવનામાત્રને આશ્રયીને ઈરિયાવહિયાની ક્રિયા ત્યાં કરાય છે; અને મુનિની સૂક્ષ્મ એવી શ્વાસોચ્છ્વાસાદિ ક્રિયામાં અનાભોગ હોવા છતાં પણ તે પ્રમાદકૃત નથી, તેથી ત્યાં ઈરિયાવહિયા નથી. કેમ કે કાર્મણશરીરકૃત ચલોપકરણતા ઔદારિકશરીરમાં વર્તે છે, અને તેના કારણે જ તે શ્વાસોચ્છ્વાસાદિ સૂક્ષ્મ ક્રિયા થાય છે. **॥૧૧૮॥**

ગાથા :- **ण य परुवयारहाणी तेण सया जोग्गसमयणियएण ।**
ण य वाहिसमुप्पत्ती हिअमिअआहारगहणाउ ॥११९॥

(न च परोपकारहानिस्तेन सदा योग्यसमयनियतेन । न च व्याधिसमुत्पत्तिर्हितमिताहारग्रहणात् ॥११९॥)

ગાથાર્થ :- તેનાથી=આહારથી, (કેવલીને) સદા પરોપકારની હાનિ નથી, કેમ કે (ભોજન) યોગ્યસમયનિયત છે, અને આહારથી વ્યાધિની સમુત્પત્તિ નથી, કેમ કે હિત-મિત આહારનું ગ્રહણ છે.

टीका :- न खलु भगवतां भुक्तेरुचितसमयनियतत्वादन्यदा सर्वदा परोपकारावसरात्तदपायः, न वा हितमिताहारग्रहणात् परिणतौ शूलादिव्याधिसमुत्पत्तिः। उक्तं च-'न तृतीयः, तृतीययाममुहूर्त्तमात्र एव भगवतां भुक्तेः शेषमशेषकालमुपकारावसरात्। न चतुर्थः, परिज्ञाय हितमिताहाराभ्यवहारात्' **इति** ।

टीकार्थ :- 'न खलु' કેવલીભગવંતોને ભોજનનું ઉચિતસમયનિયતપણું હોવાથી અન્ય સર્વસમયે પરોપકારનો અવસર હોય છે, તેથી તેની=પરોપકારની, અપાય=હાનિ, નથી, અથવા હિતમિત આહારનું ગ્રહણ હોવાને કારણે શૂલાદિવ્યાધિની સમુત્પત્તિ નથી.
'उक्तं च' - અને રત્નાકરાવતારિકામાં કહ્યું છે કે તૃતીય વિકલ્પ યોગ્ય નથી અર્થાત્ પરોપકાર હાનિ થતી હોવાથી કેવલીઓને કવલાહાર માનવો યોગ્ય નથી, એવો ત્રીજો વિકલ્પ યુક્ત નથી; કેમ કે ત્રીજા પ્રહરમાં મુહૂર્ત્તમાત્રકાંળ જ ભગવાનને ભોજન હોવાથી શેષ અશેષ=સંપૂર્ણકાળ, ઉપકારનો અવસર છે.
'न चतुर्थः' - ચોથો વિકલ્પ યોગ્ય નથી અર્થાત્ શૂલાદિવ્યાધિ સંભવિત હોવાથી કવલાહાર માનવો યુક્ત નથી, એવો ચોથો વિકલ્પ પણ યુક્ત નથી. કારણ કે (કેવલીઓ) જાણીને હિતમિત આહાર આરોગે છે. **'इति'** શબ્દ ઉદ્ધરણના કથનની સમાપ્તિસૂચક છે.

भावार्थ :- અહીં વિશેષ એ છે કે, પૂર્વપક્ષી કહે કે કેવલીને ભુક્તિ ઉચિત સમયે નિયત છે, તેથી શેષ અશેષકાળમાં ઉપકાર થઇ શકે છે એમ તમે કહો છો, પરંતુ દરરોજ એક ટાઈમ મુહૂર્તમાત્ર પણ ભુક્તિ માટે પસાર થાય છે ત્યારે તો પરોપકારની હાનિ અવશ્ય થશે. તેનું સમાધાન એ છે કે, યદ્યપિ તે કાળમાં ભુક્તિ ન માનીએ તો કોઇ યોગ્ય વ્યક્તિ ઉપસ્થિત થાય તો તેનો પરોપકાર થઇ શકે; પરંતુ ભુક્તિ વગર શરીરની સ્થિતિ સંભવિત નથી, અને શરીરના સામર્થ્યની હીનતા થવાથી શેષ અશેષકાળમાં પણ પરોપકારનો વ્યાઘાત થાય, તેથી ઉચિત સમયે થતી ભુક્તિ શેષ અશેષકાળમાં થતા પરોપકાર પ્રત્યે ઉપષ્ટંભક જ છે.

टीका :- अथ 'यथा शूलादिव्याधिसमुत्पत्तिर्न भवति तथा भुञ्जीय' इति परिज्ञाने रागप्रसङ्गः, अन्यादृशपरिज्ञानं तु तादृशाभ्यवहारोऽप्रयोजकमिति चेत्? न, मोहोत्पाद्यमानज्ञानस्यैव रागाक्रान्तत्वात्, उचितप्रवृत्तिनिर्वाहकविषयावभासकस्य तस्याऽतादृशत्वात्॥११९॥

टीकार्थ :- 'अथ' થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે 'જે પ્રમાણે શૂલાદિવ્યાધિની સમુત્પત્તિ ન થાય તે પ્રમાણે ભોજન કરું' એ પ્રકારે પરિજ્ઞાનમાં રાગનો પ્રસંગ આવશે. વળી અન્યાદશપરિજ્ઞાન તાદશભોજનનું અપ્રયોજક છે; અર્થાત્ જે પ્રમાણે શૂલાદિવ્યાધિની ઉત્પત્તિ ન થાય તે પ્રકારે ભોજન કરવું જોઇએ, એ પ્રકારના પરિજ્ઞાનથી અન્ય પ્રકારનું પરિજ્ઞાન, હિત-મિત આહારના ભોજન પ્રત્યે પ્રયોજક નથી. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એ પ્રમાણે ન કહેવું, કેમ કે મોહથી ઉત્પન્ન કરાતા જ્ઞાનનું જ રાગથી આક્રાન્તપણું છે.

ઉત્થાન :- અહીં પ્રશ્ન થાય કે જો કેવલીને મોહ નથી તો આરોગ્યને અનુકૂળ એવા ભોજનને કેમ ગ્રહણ કરે છે? અર્થાત્ આરોગ્યને અનુકૂળ ભોજન પ્રત્યે તેમને પક્ષપાત છે તેથી રાગ છે તેમ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. તેના નિરાકરણરૂપે ગ્રંથકારને એ કહેવું છે કે, કેવલીની હિત-મિત આહાર પ્રત્યેની પ્રવૃત્તિ ઉચિતપ્રવૃત્તિરૂપ છે, પરંતુ આરોગ્યને અનુકૂળ આહાર પ્રત્યેના પક્ષપાતરૂપ નથી. તે બતાવવા અર્થે કહે છે-

ટીકાર્થ :- **'उचित'** ઉચિતપ્રવૃત્તિનિર્વાહક વિષય અવભાસક એવા તેનું =કેવલીના જ્ઞાનનું, અતાદૃશપણું છે. અર્થાત્ મોહજન્ય ન હોવાથી રાગાક્રાન્ત હોતું નથી. (તેથી રાગ વિના પણ તેવા જ્ઞાનથી કેવલીની આહારગ્રહણમાં પ્રવૃત્તિ થાય છે.) **॥૧૧૯॥**

ભાવાર્થ :- **'उचित'** કેવલીને કેવલજ્ઞાનમાં પ્રતિક્ષણ દરેક પદાર્થો યથાવત્ ભાસે છે, તે જ રીતે કયાં આહારપુદ્ગલો પોતાના શરીરને વ્યાધિકારક છે અને કયાં આહારપુદ્ગલો પોતાના શરીરને વ્યાધિકારક નથી, તેનું પણ જ્ઞાન પ્રયત્ન વગર સહજ સતત હોય છે. અને કેવલીમાં સમભાવ હોવાને કારણે સમભાવથી નિયંત્રિત ઉચિતપ્રવૃત્તિ હોય છે, અને તે ઉચિતપ્રવૃત્તિને નિર્વાહક એવો વિષયોનો પ્રતિભાસ તેમને થાય છે કે, આ જ આહાર ગ્રહણ કરવો મારા માટે ઉચિત છે. તેથી જ રોગાદિને અકારક એવા તે પદાર્થોમાં કેવલીની ગ્રહણની પ્રવૃત્તિ છે, પણ વ્યાધિના નિવારણની ઇચ્છાથી જન્ય એવી વ્યાધિકારક આહારની નિવૃત્તિપૂર્વક વ્યાધિઅકારક એવા આહારમાં ગ્રહણની પ્રવૃત્તિ તેઓને હોતી નથી. **॥૧૧૯॥**

ગાથા :-

ण पुरीसाइ दुगुंछियमेसिं णिद्दड्ढमोहबीआणं ।
अइसयओ ण परेसिं विवित्तदेसे विहाणा य ॥१२०॥

(न पुरीषादिजुगुप्सितमेषां निर्दग्धमोहबीजानाम् । अतिशयतो न परेषां विविक्तदेशे विधानाच्च ॥१२०॥)

ગાથાર્થ :- મોહબીજને બાળી નાંખનારા એઓનું=કેવલીઓનું, પુરીષાદિ જુગુપ્સિત નથી અર્થાત્ જુગુપ્સાનો વિષય નથી, અર્થાત્ પોતાને જુગુપ્સાનો વિષય નથી.

અહીં પ્રશ્ન થાય કે તીર્થંકરોને પુરીષાદિ જુગુપ્સાનો વિષય નથી પણ બીજાને તો જુગુપ્સાનો વિષય બનશે, તેથી કહે છે- **તીર્થંકરનો અતિશય હોવાથી અન્યને પુરીષાદિ જુગુપ્સિત નથી, અર્થાત્ જુગુપ્સાનો વિષય નથી.**

અહીં શંકા થાય કે કેવલીના પુરીષાદિ બીજાઓને જુગુપ્સાનો વિષય થશે, તેથી કહે છે- **તીર્થંકર સિંવાય અન્ય કેવલીઓ વિવિક્ત દેશમાં પુરીષાદિ કરતા હોવાથી અને તીર્થંકરોના પુરીષાદિ અદૃશ્ય હોવાથી અન્યને તેઓનાં પુરીષાદિ જુગુપ્સાનો વિષય બનતાં નથી.**

ટીકા :- न खलु कवलाहारेण केवलिनां पुरीषादि जुगुप्सितं संपद्यते, जुगुप्सामोहनीयतरोः समूलमुन्मूलितत्वात्। न च द्रष्टृणां तदुत्पत्तिः, तीर्थकृतामतिशयबलादेवाहारनीहारविधेरदृश्यत्वात्, सामान्य-

केवलिभिस्तु विविक्तदेशे तत्करणात्। उक्तं च-"न षष्ठः, यतस्तस्मिन् क्रियमाणे तस्यैव जुगुप्सा संपद्येताऽन्येषां वा? न तावत्तस्यैव भगवतः, निर्मोहत्वेन जुगुप्साया असंभवात्। अथान्येषां, तत् किं मनुजामरेन्द्रतद्रमणीसहस्रसङ्कुलायामनंशुके भगवत्यासीने सा तेषां न सञ्जायते? अथ भगवतः सातिशयत्वान्न तन्नाग्न्यं तेषां तद्धेतुस्तर्हि तत एव तन्नीहारस्य चर्मचक्षुषामदृश्यत्वान्न दोषः। सामान्यकेवलिभिस्तु विविक्तदेशे तत्करणाद्दोषाभावः" **इति** ।

टीकार्थ :- **'न खलु'** કવલાહાર વડે કેવલીઓના પુરીષાદિ (પોતાને) જુગુપ્સા કરાવનાર થતાં નથી, કેમ કે જુગુપ્સામોહનીયરૂપ વૃક્ષનું મૂલથી ઉન્મૂલિતપણું છે. અર્થાત્ જુગુપ્સામોહનીયરૂપ વૃક્ષને મૂળથી જ ઉખેડી નાંખ્યું છે. અને જોનારને (છદ્મસ્થોને) તેની=જુગુપ્સાની, ઉત્પત્તિ થશે એમ ન કહેવું, કેમ કે તીર્થંકરોના અતિશયના બળથી જ આહાર-નીહારની વિધિનું અદૃશ્યપણું છે. વળી સામાન્ય કેવલીઓ વડે વિવિક્તદેશમાં તેનું=પુરીષાદિનું, કરણ છે.

'उक्तं च'થી રત્નાકરાવતારિકાની સાક્ષી આપતાં કહે છે- છઠ્ઠો વિકલ્પ યુક્ત નથી, અર્થાત્ જુગુપ્સનીય એવા પુરીષાદિના જનક હોવાથી કેવલીઓને કવલાહાર હોતો નથી, એવો છઠ્ઠો વિકલ્પ પણ યુક્ત નથી. જે કારણથી તે કરાતે છતે=નીહાર કરાતે છતે તેમને જ=કેવલીને જ, જુગુપ્સા થાય કે બીજાને થાય? તે ભગવાનને જ થાય એવું માની શકાય નહિ, કેમ કે ભગવાનને નિર્મોહપણું હોવાથી જુગુપ્સાનો અસંભવ છે. હવે કહેશો કે બીજાઓને થાય તો હજારો મનુષ્ય, દેવો, ઇન્દ્ર, ઇન્દ્રાણીથી સંકુલ=યુક્ત, વસ્ત્ર વગરના ભગવાન બેઠે છતે તેઓને =દેવો વગેરેને, તે=જુગુપ્સા, શું ન થાય?

अथ'થી પૂર્વપક્ષી કહે કે, ભગવાનનું સાતિશયપણું હોવાને કારણે ભગવાનનું નગ્નપણું તેઓને=દેવોને, તેનો=જુગુપ્સાનો, હેતુ બનતું નથી. તો પછી તેના કારણે જ=અતિશય સહિતપણું હોવાને કારણે જ, તીર્થંકરના નીહારનું ચર્મચક્ષુવાળાને અદૃશ્યપણું હોવાથી દોષ નથી. વળી સામાન્યકેવલીઓ વડે વિવિક્તદેશમાં =નિર્જનસ્થાનમાં, તેનું=નીહારનું, કરણ હોવાથી દોષાભાવ છે. **'इति'** ઉદ્ધરણના કથનની સમાપ્તિ સૂચક છે.

ટીકા :- **यत्तु** "[૧] तित्थयरा तप्पिअरो हलधरचक्की य वासुदेवाय ।
मणुआण भोगभूमी आहारो णत्थि णीहारो ॥" [ ]

इति वचनात्तीर्थङ्करादीनामाहारकालेऽपि न नीहारजुगुप्सितमिति तत्किमतिशयबलात् जाठरानलोद्रेकाद्वा।? नाद्यः, तादृशातिशयाश्रवणात्, साधारण्येनातिशयत्वायोगात्, अतिशयेनापि दृष्टकार्यकरणेऽदृष्टकारणोपजीवनाद् द्वितीयपक्षाश्रयणावश्यकत्वाच्च। न द्वितीयः, तादृशजाठरानलेन भस्मकवदाहारमात्रभस्मीकरणप्रसङ्गात्। अथ आहारपर्याप्ती रसीभूतमाहारं धातुरूपतया परिणमयति, खलरसीकृतं तु जाठरानलो भस्मीकरोतीति न दोष इति चेत्? न, आहारपर्याप्तिसहकृतजाठरानलस्य रसीभूताहारपरिणतिविशेष एव नियामकत्वात्, अन्यथा तत्कालेऽपि जाठरानलोद्भूतस्पर्शस्य जागरूकत्वेनाहारभस्मीभावप्रसङ्गाद्, आहारपर्याप्तिजन्यरसपरिणामस्य जाठरानलजन्याहारदाहप्रतिबन्धकत्वादिकल्पने गौरवात्।

ટીકાર્થ :- 'यत्तु' જે વળી તીર્થંકરો, તેઓના માતાપિતા, બળદેવો, ચક્રવર્તીઓ અને વાસુદેવો મનુષ્યોની ભોગભૂમિ છે. (તેથી) તેઓને આહાર હોય હોય છે અને નીહાર હોતો નથી, એ પ્રમાણે વચન હોવાને કારણે તીર્થંકરાદિને આહારકાલમાં પણ જુગુપ્સિત એવો નીહાર હોતો નથી. **'इति'** શબ્દ **'यत्तु'** પછીના કથનની સમાપ્તિ સૂચક છે.

❀ **'यत्'**નો અન્વય **'तत्'**ની સાથે છે.

'तत्किम्' આવું જે કોઈએ કહ્યું તે શું અતિશયના બળથી કે જઠરાગ્નિના ઉદ્રેકથી=પ્રબળતાથી, છે? **'नाद्यः'** પ્રથમ વિકલ્પ અર્થાત્ અતિશયના બળથી કેવલીઓને નીહાર હોતો નથી એ પ્રથમ વિકલ્પ યુક્ત નથી. કેમ કે તેવા પ્રકારના અતિશયનું અશ્રવણ છે. અર્થાત્ એવો કોઇ અતિશય (શાસ્ત્રમાં) સંભળાતો નથી કે ભગવાનને આહાર હોય છે પણ નીહાર હોતો નથી.

ઉત્થાન :- તીર્થંકરોને આહારકાળમાં પણ જુગુપ્સનીય એવો નીહાર હોતો નથી એમ પૂર્વપક્ષીએ કહ્યું, તેમાં બે વિકલ્પ પાડ્યા. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારે કહ્યું કે પ્રથમ વિકલ્પ બરાબર નથી, કેમ કે શાસ્ત્રમાં તીર્થંકરોના અતિશયોમાં નીહારના અભાવના અતિશયને સૂચવનારા અતિશયનું અશ્રવણ છે. આ રીતે શાસ્ત્રના બળથી પ્રથમ વિકલ્પને દૂષિત કરીને તેને જ યુક્તિના બળથી દૂષિત કરતાં ગ્રંથકાર કહે છે-

ટીકાર્થ :- 'साधारण्येन' સાધારણપણું હોવાને કારણે અતિશયપણાનો અયોગ છે.

ભાવાર્થ :- જે તમે સાક્ષીપાઠરૂપે **'तित्थयरा'** ગાથા આપીને તેના દ્વારા નીહારના અભાવને સિદ્ધ કરો છો, તે ગાથા પ્રમાણે નીહારનો અભાવ તીર્થંકર, તીર્થંકરના માતા-પિતા અને બલદેવાદિ સાધારણ છે. તેથી જે સાધારણ હોય તે અતિશય ન કહેવાય, માટે અતિશયના બળથી તેઓને નીહાર નથી તેમ કહી શકાય નહિ. માટે પ્રથમ વિકલ્પ બરાબર નથી.

ઉત્થાન :- આ રીતે યુક્તિપૂર્વક અતિશયના અભાવની સિદ્ધિ કરી, ત્યાં પૂર્વપક્ષી શંકા કરે કે, તીર્થંકર, તીર્થંકરના માતાપિતાદિ અને બલદેવાદિ સાધારણ હોવા છતાં સર્વજનસાધારણ નથી, તેથી તેને અતિશય કહી શકાય. માટે ત્રીજો હેતુ કહે છે-

ટીકાર્થ :- 'अतिशयेन' અને અતિશય વડે પણ દૃષ્ટકાર્યકરણમાં અદૃષ્ટ કારણનું ઉપજીવન હોવાના કારણે દ્વિતીયપક્ષ આશ્રયણનું આવશ્યકપણું છે.

---

૧. तीर्थकरास्तत्पितरौ हलधरचक्रिणौ च वासुदेवाश्च । मनुजानां भोगभूमिराहारो नास्ति नीहारः ॥

ભાવાર્થ :- જેને અતિશય હોય તે કોઈ પણ દૃષ્ટ કાર્ય કરે તે સર્વથા કારણસામગ્રી વગર કરી શકતું નથી; પરંતુ જે કાર્ય દૃષ્ટકારણથી થતું હોય, છતાં દૃષ્ટકારણ વગર અદૃષ્ટ કારણથી થતું દેખાય ત્યારે અતિશય માનવામાં આવે છે. તે જ રીતે પ્રસ્તુતમાં તીર્થંકરોમાં નીહારના અભાવરૂપ અતિશય માનીએ તો, નીહારના અભાવરૂપ દૃષ્ટકાર્યકરણમાં અદૃષ્ટકારણનું અસ્તિત્વ માનવું પડશે; કે જે તીર્થંકરના શરીરમાં નીહારને ભસ્મ કરવાના કારણરૂપ છે, કે જેથી તીર્થંકરને નીહાર હોતો નથી. અને આ પ્રમાણે માનવા જતાં બીજા વિકલ્પનું આશ્રયણ કરવું આવશ્યક થાય છે. તેથી પ્રથમ વિકલ્પ યુક્ત નથી; અર્થાત્ અતિશયને કારણે નીહાર નથી તેમ કહેવાની જરૂર રહેતી નથી, પરંતુ જઠરાગ્નિની પ્રબળતાના કારણે નીહાર નથી તેમ જ તમારે કહેવું જોઈએ. અને બીજા વિકલ્પનું આગળમાં નિરાકરણ કરે છે.

ટીકાર્થ :- **'न द्वितीयः'** બીજો વિકલ્પ અર્થાત્ જઠરાગ્નિના ઉદ્રેક દ્વારા કેવળીઓને નીહાર હોતો નથી, એ બીજો વિકલ્પ પણ બરાબર નથી. કેમ કે તેવા પ્રકારની=પ્રબળ જઠરાગ્નિ વડે ભસ્મકરોગની જેમ આહારમાત્રના ભસ્મીકરણનો પ્રસંગ આવશે.

'अथ'થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે આહારપર્યાપ્તિ રસીભૂત આહારને ધાતુરૂપપણાવડે પરિણમાવે છે, વળી ખલરસીકૃતને અર્થાત્ ખળરસરૂપે પરિણમેલ પુદ્ગલોને, જઠરાગ્નિ ભસ્મસાત્ કરે છે અર્થાત્ બાળી નાંખે છે, એથી કરીને કોઈ દોષ નથી.

'न, आहारपर्याप्ति' તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે આહારપર્યાપ્તિસહકૃત જઠરાગ્નિનું રસીભૂતઆહારપરિણતિવિશેષમાં જ નિયામકપણું છે, અર્થાત્ આહારપર્યાપ્તિસહકૃત જઠરાનલ જ રસીભૂત આહારને પરિણતિવિશેષરૂપે પરિણમાવવામાં નિયામક છે, માત્ર આહારપર્યાપ્તિ નહિ; અન્યથા = આહારપર્યાપ્તિસહકૃત જઠરાનલને રસીભૂત આહારને પરિણમાવવામાં નિયામક ન માનો તો, તે કાળે પણ અર્થાત્ જ્યારે આહારપર્યાપ્તિ રસીભૂત આહારને ધાતુઆદિરૂપે પરિણમન પમાડી રહી છે તે કાળમાં પણ, જઠરાગ્નિના ઉદ્ભૂતસ્પર્શનું જાગરૂકપણું હોવાને કારણે આહારના ભસ્મીભાવનો પ્રસંગ આવશે.

ઉત્થાન :- પૂર્વમાં કહ્યું કે આહારપર્યાપ્તિસહકૃત જઠરાગ્નિનું રસીભૂત આહારની પરિણતિ વિશેષમાં જ નિયામકપણું છે એવું ન માનો તો, અર્થાત્ આહારપર્યાપ્તિ દ્વારા રસીભૂત આહારની પરિણતિવિશેષ થાય છે એવું માનો તો, તે કાળમાં પણ=આહારપર્યાપ્તિ દ્વારા તે પરિણતિવિશેષ થાય છે તે કાળમાં પણ, જઠરાગ્નિના ઉદ્ભૂતસ્પર્શનું જાગરૂકપણું હોવાથી તે રસીભૂત આહારના ભસ્મીભાવનો પ્રસંગ પ્રાપ્ત થશે. તે પ્રસંગના નિવારણ માટે પૂર્વપક્ષી કહે છે, આહારપર્યાપ્તિજન્ય જે રસ પરિણામ છે, તે જઠરાગ્નિના ઉદ્ભૂત સ્પર્શથી આહારને ભસ્મ થવાની જે પ્રાપ્તિ છે તેના પ્રતિ પ્રતિબંધક છે, તેથી જઠરાનલનો ઉદ્ભૂત સ્પર્શ તે રસને ભસ્મ કરતો નથી અને આહારપર્યાપ્તિ તે રસને ધાતુરૂપે પરિણમન પમાડે છે. ત્યારપછી તે રસ ધાતુરૂપે પરિણમન પામી ગયેલ હોવાને કારણે અવશિષ્ટ=બાકી રહેલો, મળ જઠરાગ્નિના ઉદ્ભૂત સ્પર્શ દ્વારા ભસ્મ થાય છે, તેથી તીર્થંકરાદિને નીહાર હોતો નથી. આ રીતે પૂર્વપક્ષીના કથનના નિવારણરૂપે ગ્રંથકાર કહે છે-

ટીકાર્થ :- **'आहारपर्याप्तिजन्य'**-આહારપર્યાપ્તિજન્ય રસપરિણામનું જઠરાગ્નિજન્ય આહારના દાહ પ્રતિ પ્રતિબંધકત્વાદિની કલ્પનામાં ગૌરવ છે.

ભાવાર્થ :- આહારપર્યાપ્તિજન્ય જે રસપરિણામ છે, તે જેમ તીર્થંકરાદિ બધાને હોય છે તેમ તે સિવાયના અન્ય જીવો કે જેમને નીહાર પણ હોય છે તેઓને પણ હોય છે; અને તે અન્ય જીવોના આહારપર્યાપ્તિજન્ય રસપરિણામને પ્રતિબંધક માનવાની જરૂર રહેતી નથી, કેમ કે તેઓનો જઠરાગ્નિ મલને ભસ્મ કરતો નથી; જ્યારે તીર્થંકરાદિ જીવોના જઠરાગ્નિનો ઉદ્‌ભૂત સ્પર્શ મલને ભસ્મ કરે છે; તેથી તેમના જઠરાગ્નિનો ઉદ્‌ભૂત સ્પર્શ આહારપર્યાપ્તિજન્ય રસના પરિણામને પણ ભસ્મ કરી શકે તેમ માનવું પડે. તેથી જ ત્યાં પ્રતિબંધકપણાની કલ્પના કરવાની આવશ્યકતા પૂર્વપક્ષીને ઊભી થઇ. આથી કરીને આહારપર્યાપ્તિજન્ય રસપરિણામની પરિણતિમાં બે પ્રકાર પ્રાપ્ત થાય છે.

(૧) પ્રતિબંધકવાળી પરિણતિ અને (૨) પ્રતિબંધક વગરની પરિણતિ.

તીર્થંકરાદિ દરેક જીવોને તે આહારપર્યાપ્તિજન્ય રસપરિણામ પ્રતિબંધકરૂપ છે અને અન્ય જીવોને પ્રતિબંધકરૂપ નથી. જ્યારે આહારપર્યાપ્તિજન્ય રસપરિણામ અન્ય ધાતુરૂપે પરિણામ પામે છે ત્યારે, તે પ્રતિબંધકનો અભાવ હોવાથી જઠરાગ્નિ મલને ભસ્મ કરે છે, તેમ માનવું પડે તેથી અનંત પ્રતિબંધક અને તેના અભાવની અર્થાત્ પ્રતિબંધકાભાવની પ્રાપ્તિ થાય કે જે ગૌરવરૂપ છે. કેમ કે તીર્થંકરાદિ દરેક વ્યક્તિને આહારપર્યાપ્તિજન્ય રસપરિણામ જુદા જુદા છે, જે પ્રતિબંધકરૂપે છે; અને જ્યારે તે રસ ધાતુરૂપે પરિણામ પામે છે ત્યારે પ્રતિબંધકાભાવ હોય છે. આ રીતે અનંત પ્રતિબંધક અને અનંત પ્રતિબંધકાભાવની કલ્પનાકૃત ગૌરવ પ્રાપ્ત થાય છે, કેમ કે દૃષ્ટ રીતે કોઇ પ્રતિબંધક કે તેનો અભાવ દેખાતો નથી. તેથી તીર્થંકરાદિમાં નીહાર નથી એ પ્રકારની સ્વતંત્ર કલ્પના પૂર્વપક્ષીએ કરી, તેથી જ પ્રતિબંધક અને પ્રતિબંધકાભાવની કલ્પના કરવી પડી, કે જે ગૌરવરૂપ છે.

ટીકા :- एतेन 'तप्तायोगोलके जलमिव तज्जाठरानलेऽशितमपि भस्मीभवति' इति पामरोपन्यस्तो दृष्टान्तः परास्तः। किञ्चैतादृशाऽप्रामाणिकातिशयकल्पन आहारं विनापि शरीरस्थितिप्रयोजक एवातिशयः कुतो न कल्प्यते? 'मोहेसत्याहारावश्यंभावः' इत्येवं नियममुल्लङ्घ्य न तत्कल्प्यते-इति चेत्? 'कवलाहारे सति निर्हाराऽवश्यंभावः' इत्येनं नियममुल्लङ्घ्यापरमपि कथं कल्पनीयं? 'रसीभूताहारपुद्गलानामाहार-पर्याप्त्यादिना नीरसीकरणमेव निर्हार इत्युक्तकल्पनायां नोक्तनियमातिक्रमः' इति तु रिक्तं वचः, तस्य निर्हारपदाऽवाच्यत्वात्, कवलाहारस्य निर्हारविशेषेण व्याप्तत्वाद्वेति किमुत्सूत्रोपहतकुतर्कनिरास-प्रयासेन?॥१२०॥

❀ અહીં ટીકામાં "**निर्हार**" શબ્દ વપરાયો છે તેનો અર્થ "નીહાર" થાય છે.

ટીકાર્થ :- 'एतेन' આનાથી=પૂર્વમાં કહ્યું કે આહારપર્યાપ્તિસહકૃત જઠરાગ્નિનું રસીભૂતઆહારપરિણતિવિશેષમાં નિયામકપણું છે આનાથી, तप्त અયોગોલકમાં=લોખંડના તપેલા ગોળા ઉપર પડેલા, જલની જેમ તે જઠરાગ્નિમાં ખાધેલું પણ અન્ન ભસ્મીભૂત થઇ જાય છે, એ પ્રમાણે પામર વડે ઉપન્યસ્ત દૃષ્ટાંત=કથન, પરાસ્ત જાણવું.
'किञ्च' વળી આવા પ્રકારના અપ્રામાણિક અતિશયની કલ્પનામાં આહાર વગર પણ શરીરસ્થિતિપ્રયોજક જ અતિશય કેમ ન કલ્પી શકાય? અર્થાત્ આવો અપ્રામાણિક અતિશય કલ્પી શકાતો હોય તો તો આહાર વિના પણ ભગવાનનું શરીર ટકાવી રાખે એવો જ કોઇ અતિશય કેમ કલ્પી ન શકાય?

'मोहे सति' અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે છે કે, મોહ હોતે છતે આહારનો અવશ્યંભાવ છે, એ પ્રમાણે આ નિયમને ઉલ્લંઘીને તે=આહાર વિના પણ શરીરસ્થિતિપ્રયોજક અતિશય, કલ્પી શકાતો નથી. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે -

'कवलाहारे' કવલાહાર હોતે છતે નિર્હારનો=મલવિસર્જનનો, અવશ્યંભાવ છે, એ પ્રમાણે નિયમને ઉલ્લંઘીને અપર પણ='કેવળીઓને નિર્હાર હોતો નથી' એવો અતિશય પણ, શી રીતે કલ્પી શકાય?

'रसीभूत' અહીં પૂર્વપક્ષી કહે છે કે, રસીભૂત આહારપુદ્ગલોનું આહારપર્યાપ્તિઆદિ દ્વારા નીરસીકરણ જ=નીરસ કરવું એ જ નિર્હાર છે, એ પ્રમાણે ઉક્ત કલ્પનામાં ઉક્ત નિયમનો અતિક્રમ થતો નથી. (તેને ગ્રંથકાર કહે છે કે) એ પ્રમાણે રિક્ત=ફોગટ વચન છે. તેમાં હેતુ કહે છે-

'तस्य' તેનું=રસીભૂત આહારપુદ્ગલોનું આહારપર્યાપ્તિ દ્વારા નીરસીકરણનું નિર્હારપદથી અવાચ્યપણું છે. અર્થાત્ તેવું નિરસીકરણ નિર્હારપદથી વાચ્ય નથી.

પૂર્વપક્ષીએ કરેલા નિર્હાર પદનો અર્થ સ્વીકારીને નિરાકરણ કરવા અર્થે બીજો હેતુ કહે છે-

'कवलाहारस्य' અથવા કવલાહારનું નિર્હારવિશેષવડે વ્યાપ્તપણું છે અર્થાત્ કવલાહારનું નિરસીકરણરૂપ નિર્હારસામાન્ય નહિ પણ નિર્હારવિશેષ=પુરીષાદિ નિર્ગમનરૂપ નિર્હારવિશેષ વડે વ્યાપ્તપણું છે. અર્થાત્ કવલાહાર હોય તો પુરીષાદિ વિસર્જનરૂપ નિર્હારવિશેષ હોય જ, એવી વ્યાપ્તિ હોવાથી પુરીષાદિ તો માનવા જ પડે છે. એથી કરીને ઉત્સૂત્રથી ઉપહત=હણાયેલા, કુતર્કનિરાસના પ્રયાસ વડે=પ્રયત્ન વડે શું? **॥૧૨૦॥**

ભાવાર્થ :- 'एतेन' પૂર્વપક્ષીને એ કહેવું છે કે, ભગવાનને જન્મથી આહારગ્રહણ હોય છે, પરંતુ નીહાર જુગુપ્સનીય હોવાથી ભગવાનને હોતો નથી; અને તેમાં તે તપ્ત અયોગોલકના દૃષ્ટાંતથી કહે છે કે જેમ તપ્ત અયોગોલક ઉપર જળ નાંખવાથી ભસ્મ થાય છે, તેમ ભગવાનનો જઠરાગ્નિ તીવ્ર હોવાને કારણે ગ્રહણ કરેલો આહાર તેનાથી ભસ્મ થાય છે. આ પ્રકારના દૃષ્ટાંત દ્વારા પૂર્વપક્ષીએ જે કથન કર્યું તે, પૂર્વમાં સિદ્ધાંતકારે સિદ્ધ કર્યું કે આહારપર્યાપ્તિસહકૃતજઠરાગ્નિ રસીભૂતઆહારપરિણિતિવિશેષમાં નિયામક છે, એ કથનથી નિરસ્ત થઈ જાય છે. અને વળી તેને વિશેષ યુક્તિથી નિરાસ કરતાં ગ્રંથકાર કહે છે કે, આવા પ્રકારની શાસ્ત્રને અમાન્ય એવી અતિશયની કલ્પના કરવા કરતાં આહાર વગર જ ભગવાનનું શરીર ટકી શકે છે તેવો અતિશય કેમ કલ્પના કરતા નથી? ત્યાં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, તીર્થંકરોને છદ્મસ્થાવસ્થામાં મોહ હોય છે, અને મોહવાળી અવસ્થામાં આહારનો અવશ્યંભાવ હોય છે; આથી કરીને અમે ભગવાનને આહાર ગ્રહણ માનીએ છીએ, અને નીહારને માનતા નથી; કેમ કે નીહાર જુગુપ્સનીય છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, જેમ મોહની સાથે આહારની વ્યાપ્તિ છે તેમ કવલાહારની સાથે મલવિસર્જનની વ્યાપ્તિ છે, તેથી કેવલીને આહાર હોય છે તેમ મલવિસર્જનની ક્રિયા પણ અવશ્ય હોય છે.

અહીં પૂર્વપક્ષી કહે કે આહાર સાથે નીહાર અવશ્ય છે એ નિયમમાં નીહારનો અર્થ મલવિસર્જન નથી, પરંતુ કવલાહાર કર્યા પછી રસરૂપે થયેલ આહારપુદ્ગલોને આહારપર્યાપ્તિ આદિથી નિરસ કરવું એ જ નીહારનો અર્થ છે, તેથી કેવલીને મલવિસર્જનરૂપ નીહાર નથી એમ માનવામાં કોઇ બાધ નથી. તેને ગ્રંથકાર કહે છે કે એ વાત તારી નકામી છે. તેમાં બે હેતુ ગ્રંથકારે આપેલ છે જેનું સ્પષ્ટીકરણ ઉપર ટીકાર્થમાં **'तस्य'** અને **'कवलाहारस्य'** એ બે પ્રતિકથી કરેલ છે જે ત્યાંથી જોડવું.

વળી શાસ્ત્રમાં ભગવાનને અદૃશ્ય આહાર-નીહારાદિ કહ્યા હોવાથી નીહારાદિ હોતા જ નથી એવી કલ્પના કરવી ઉત્સૂત્ર છે. એથી ઉત્સૂત્રથી હણાયેલા તમારા કુતર્કનો નિરાસ કરવાના પ્રયત્નથી સર્યું. **॥૧૨૦॥**

અવતરણિકા :- अथ यो भगवतां भुक्त्यभावमतिशयमेव मन्यते तमुपहसितुमाह-

અવતરણિકાર્થ :- જેઓ ભગવાનના ભુક્તિઅભાવ અતિશયને જ માને છે અર્થાત્ 'કવલાહાર ન હોવો' એ કેવળીઓનો અતિશય જ છે એવું માને છે, તેનો ઉપહાસ કરતાં ગ્રંથકાર કહે છે-

ગાથા :- **जो पुण भुत्तिअभावो केवलिणो अइसउ त्ति जंपेइ ।**
सो वायामित्तेणं साहेउ सुहं खपुप्फंपि ॥१२१॥

(यः पुनर्भुक्त्यभावः केवलिनोऽतिशय इति जल्पति । स वाङ्मात्रेण साधयतु सुखं खपुष्पमपि ॥१२१॥)

ગાથાર્થ :- ભુક્તિનો=કવલાહારનો, અભાવ કેવલીનો અતિશય છે એ પ્રમાણે, જે કહે છે તે વચનમાત્રથી આકાશપુષ્પને પણ સુખપૂર્વક (સહેલાઈથી) સિદ્ધ કરે.

टीका :- यः खलु केवलिनां कुतो न भुक्तिः? इति प्रश्ने भुक्त्यभावातिशयादित्युत्तरयति स खलु चक्षुषी निमील्य प्रश्नमेवोत्तरयति। किञ्चास्य देवानांप्रियस्य निजवाग्लीलामात्रेणैवासिद्धसाधनकुतूहलकृतो गगनकुसुममप्यात्मलाभाय प्रष्टव्यं स्यात्।

टीकार्थ :- 'यः खलु' જેઓ "કેવલીને ભુક્તિ કેમ નથી?" એ પ્રમાણે પ્રશ્નમાં "ભુક્તિના અભાવનો અતિશય હોવાથી" એમ ઉત્તર આપે છે, તેઓ ખરેખર આંખો મીંચીને જ પ્રશ્નનો ઉત્તર આપે છે. વળી આ દેવાનાંપ્રિયને પોતાના વચનની લીલામાત્રથી જ અસિદ્ધને સિદ્ધ કરવાના કુતૂહલકૃત આકાશપુષ્પ પણ આત્મલાભ માટે=અસ્તિત્વ માટે, પૂછવા યોગ્ય થાય. અર્થાત્ આકાશપુષ્પને પણ કેમ તે સિદ્ધ કરતો નથી એમ પૂછવું જોઈએ.

भावार्थ :- આશય એ છે કે બોલવામાત્રથી કંઈ આકાશપુષ્પ ઉત્પન્ન થઈ જતું નથી, તેમ કેવળીઓને ભોજનના અભાવરૂપ અતિશય પણ બોલવામાત્રથી ઉત્પન્ન થઈ જતો નથી.

टीका :- अथ भुक्त्यभावातिशयोपदेशकागमाद्भुक्त्यभावः साध्यत इति तात्पर्यमिति चेत्? न, भुक्तिप्रतिपादकस्यैवागमस्य व्यवस्थितत्वाद्, आहारनीहारविधेरदृश्यत्वस्यैवातिशयस्योपदेशाद्, एनमुल्लङ्घ्य भुक्त्यभावातिशयोपदेशकशास्त्रप्रणयने महद्वैपरीत्यमिति कियन्तो वा दधिमाषभोजने कृष्णा विवेचनीयाः?

❀ **'कियन्तो वा'** અહીં **'वा'**કાર **'एव'**કારાર્થક છે.

ટીકાર્થ :- **'अथ'** **'अथ'**થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે ભોજનાભાવઅતિશયના ઉપદેશક=જણાવનાર, આગમવચનથી ભુક્તિનો અભાવ સ્વીકારાય છે એ પ્રમાણે અમારું કહેવાનું તાત્પર્ય છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે ભુક્તિપ્રતિપાદક જ આગમનું વ્યવસ્થિતપણું છે. કેમ કે (આગમમાં) આહાર-નીહારવિધિના અદૃશ્યપણાના જ અતિશયનો ઉપદેશ=કથન, છે. આને ઉલ્લંઘીને અર્થાત્ ઉક્ત આગમવચનને ઉલ્લંઘીને ભોજનાભાવાતિશયના ઉપદેશક શાસ્ત્રના પ્રણયનમાં=બનાવવામાં, મહાન વિપરીતપણું છે.

ભાવાર્થ :- પૂર્વપક્ષીએ કહ્યું કે, ભોજનાભાવઅતિશયને જણાવનાર આગમવચનથી અમે ભુક્તિઅભાવને સ્વીકારીએ છીએ પણ નિજવચનમાત્રથી નહિ, તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, એ રીતે પણ ભોજનાભાવ સિદ્ધ થતો નથી; કારણ કે આહાર-નીહારવિધિ અદૃશ્ય હોય છે, એવા ઉપદેશવચનથી આગમ તો ભુક્તિનું જ પ્રતિપાદન કરે છે. આવા આગમના વચનનું ઉલ્લંઘન કરીને ભુક્તિઅભાવઅતિશયના પ્રતિપાદક આગમની રચના કરવામાં મહાન વિપરીતપણું છે.

ટીકાર્થ :- **'इति कियन्तो'** એથી કરીને દધિમાષના ભોજનમાં કેટલા જ કાળા દાણા કાઢવા?

ભાવાર્થ :- આશય એ છે કે અડદ-દહીંના ભોજનમાં અડદ હોવાથી કાળા દાણા નીકળ્યા જ કરે, તેમ પૂર્વપક્ષીની માન્યતાઓ દોષોથી યુક્ત હોવાથી તેમાંથી દોષો નીકળ્યા જ કરે છે.

ટીકા :- किञ्चायं न तीर्थकृतामतिशयः, सामान्यकेवलिसाधारण्यात्, नापि केवलिनामेव, देवादि-साधारण्यात्, अत एव न घातिकर्मक्षयसमुत्थोऽयमतिशयः, घातिकर्मक्षयं विनापि देवादीनां तत्श्रवणात्। अथ देवानां भुक्त्यभावो न मोहक्षयाधीनः, किन्तु कारणान्तरवैकल्यप्रयुक्तः, इति मोहक्षयजनितो भुक्त्यभावो भगवतामतिशय इति चेत्? न, भुक्तेर्मोहजन्यत्वनिरासेन तदभावस्य तत्क्षयाऽजन्यत्वात्। नापि देवकृतः आत्मगतगुणोत्कर्षरूपस्यातिशयस्य तैरकरणाद्। नापि साहजिकः, उभयवाद्यनभ्युपगमादिति न किंचिदेतत्॥१२१॥

ટીકાર્થ :- **'किञ्च'** વળી આ=ભુક્તિનો અભાવ, તીર્થંકરોનો અતિશય નથી, કેમ કે સામાન્યકેવલીસાધારણ છે. વળી કેવલીઓનો જ અતિશય નથી, કેમ કે દેવાદિસાધારણ છે.
'अत एव' આથી કરીને જ=ભુક્તિનો અભાવ સામાન્યકેવલી અને દેવાદિસાધારણ છે આથી કરીને જ, ઘાતીકર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલ આ=ભુક્તિનો અભાવ, અતિશય નથી; કેમ કે ઘાતીકર્મક્ષય વિના પણ દેવાદિઓને

તેનું=ભુક્તિઅભાવનું, શ્રવણ છે. અર્થાત્ દેવોને ઘાતીકર્મનો ક્ષય થયેલ ન હોવા છતાં કવલાહારનો અભાવ છે એવું શ્રવણ છે.

'अथ' 'अथ'થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે દેવોને ભુક્તિઅભાવ મોહક્ષયને આધીન નથી, પરંતુ કારણાંતરવૈકલ્ય પ્રયુક્ત છે; એથી કરીને મોહક્ષયજનિત ભુક્તિનો અભાવ ભગવાનનો અતિશય છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એ પ્રમાણે ન કહેવું, કેમ કે ભુક્તિના મોહજન્યપણાના નિરાસથી તેના અભાવનું=ભોજનાભાવનું, તત્ક્ષયઅજન્યપણું=મોહક્ષયઅજન્યપણું, છે.

ભાવાર્થ :- **'कारणान्तरवैकल्य'** ભોજનનાં ત્રણ કારણો છે (૧) બુભુક્ષા, (૨) ક્ષુધાકૃત અતૃપ્તિ અને (૩) ખોરાકગ્રહણ નહિ કરવાને કારણે શરીરમાં થતી કૃશતા. તેમાં દેવોને બુભુક્ષા હોય છે, પરંતુ બુભુક્ષાથી અન્ય કારણ ક્ષુધાકૃત અતૃપ્તિ અને શરીરની કૃશતારૂપ કારણાંતરનું વૈકલ્ય હોય છે. કેમ કે લોમાહારથી જ દેવોને તૃપ્તિ થાય છે અને શરીરની કૃશતા થતી નથી, તેથી બુભુક્ષા કરતાં અન્ય બે કારણોના વૈકલ્યને કારણે દેવોને ભુક્તિનો અભાવ હોય છે. તેથી ભુક્તિનો અભાવ તે ભગવાનનો અતિશય છે, એ પ્રકારે પૂર્વપક્ષીના કથનનું તાત્પર્ય છે તેનો નિરાસ કરતાં ગ્રંથકાર કહે છે કે, ભુક્તિ મોહજન્ય નથી એ વાત પૂર્વમાં સિદ્ધ કરી તેનાથી જ ભુક્તિના અભાવનું મોહક્ષયઅજન્યપણું છે તે સિદ્ધ થાય છે. તેથી ભગવાનને ભુક્તિનો અભાવ એ કર્મક્ષયજન્ય અતિશય છે એમ કહી શકાય નહિ.

ટીકાર્થ :- **'नापि देवकृतः'** વળી ભુક્તિઅભાવરૂપ અતિશય દેવકૃત પણ નથી, કેમ કે આત્મગતગુણના ઉત્કર્ષરૂપ અતિશયનું તેઓ વડે=દેવો વડે, અકરણ છે.

ભાવાર્થ :- દેવો વડે જે અતિશય કરાય છે તે બાહ્ય પૌદ્ગલિક સમૃદ્ધિરૂપ હોય છે, જ્યારે ભગવાનને ક્ષાયિકભાવનું વીર્ય હોવાને કારણે અનંતબળી ભગવાન છે, અને તે રૂપ આત્મગતગુણના ઉત્કર્ષને કારણે જ ભગવાનને ભુક્તિનો અભાવ છે તેમ પૂર્વપક્ષીને અભિમત છે. તેથી કહે છે કે ક્ષાયિકભાવના વીર્યરૂપ આત્મગુણના ઉત્કર્ષ સ્વરૂપ જે ભુક્તિઅભાવ છે તે રૂપ અતિશય દેવો વડે કરી શકાય નહિ, માટે ભુક્તિનો અભાવ દેવકૃત અતિશય નથી.

યદ્યપિ પૂર્વપક્ષી ભુક્તિઅભાવને દેવકૃત અતિશય માનતો નથી પરંતુ ભગવાનનો અતિશય માને છે, અને તેનું નિરાકરણ કરવા માટે ભગવાનનો તે અતિશય નથી તે બતાવતાં ભગવાનમાં વર્તતા સર્વ અતિશયોમાં તેનો અંતર્ભાવ થતો નથી, એ બતાવવા દેવકૃત અતિશય નથી એમ કહેલ છે.

ટીકાર્થ :- **'नापि साहजिकः'** વળી ભુક્તિઅભાવરૂપ અતિશય સાહજિક પણ નથી, કેમ કે સાહજિક અતિશયરૂપે ઉભયવાદીને અનભ્યુપગમ છે. એથી કરીને આ=ભગવાનનો ભુક્તિઅભાવરૂપ અતિશય છે એ, અર્થ વગરનું છે. **॥૧૨૧॥**

ભાવાર્થ :- શ્વેતાંબર-દિગંબર ઉભયવાદી ભુક્તિઅભાવને સાહજિક અતિશયરૂપે માનતા નથી. દિગંબરો પણ ભુક્તિઅભાવને સાહજિક અતિશયરૂપે માનતા નથી પણ કર્મક્ષયકૃત માને છે, અને શ્વેતાંબરો પણ સાહજિક

અતિશયરૂપે માનતા નથી; માટે સાહજિક અતિશયમાં ભુક્તિઅભાવનો અંતર્ભાવ થઈ શકે નહિ. અને દેવકૃત કે કર્મક્ષયકૃત ભુક્તિઅભાવ નથી, એમ પૂર્વમાં સિદ્ધ કર્યું. એનાથી ભુક્તિઅભાવ એ અતિશયકૃત નથી એ જ સિદ્ધ થાય છે. **॥૧૨૧॥**

અવતરણિકા :- अथैनमर्थमुपसंहरति

અવતરણિકાર્થ :- હવે આ જ અર્થનો=કેવલીભુક્તિનો, ઉપસંહાર કરતાં ગ્રંથકાર કહે છે-

ગાથા :- **एवं कवलाहारो जुत्तीहिं समत्थिओ जिणवराणं ।**
पुव्वायरिएहिं जहा तहेव लेसेण उवइट्ठो ॥१२२॥

(एवं कवलाहारो युक्तिभिः समर्थितो जिनवराणाम् । पूर्वाचार्यैर्यथा तथैव लेशेनोपदिष्टः ॥१२२॥)

ગાથાર્થ :- આ પ્રમાણે=ગાથા ૭૨થી ગાથા ૧૨૧ સુધીમાં વર્ણન કર્યું આ પ્રમાણે, કેવળીઓને કવલાહાર હોય છે, એ વાત પૂર્વાચાર્યોએ જે રીતે યુક્તિઓ વડે સમર્થિત કરી, તે પ્રમાણે જ લેશથી=સંક્ષેપથી, અમારા વડે કહેવાયેલ છે.

ટીકા :- સ્પષ્ટા ॥૧૨૨॥

ટીકાર્થ :- ટીકાર્થ સ્પષ્ટ છે. **॥૧૨૨॥**

અવતરણિકા :- एवं च केवलिनः कवलभोजित्वे समर्थिते तस्य पूर्वप्रस्तुतं कृतकृत्यत्वमक्षतमित्याह-

અવતરણિકાર્થ :- અને આ પ્રમાણે ગાથા-૭૨થી ગાથા-૧૨૧માં કહ્યું એ પ્રમાણે, કેવ્લીને કવલભોજીપણું સમર્થન કરાયે છતે, તેમનું =કેવલીનું, પૂર્વપ્રસ્તુત=ગાથા ૭૧માં કહેલ, કૃતકૃત્યપણું અક્ષત છે, એ પ્રમાણે ગ્રંથકાર કહે છે-

ગાથા :- **तेणं केवलनाणी कयकिच्चो चेव कवलभोईवि ।**
नाणाईण गुणाणं पडिघायाभावओ सिद्धो ॥१२३॥

(तेन केवलज्ञानी कृतकृत्य एव कवलभोज्यपि । ज्ञानादीनां गुणानां प्रतिघाताभावतः सिद्धः ॥१२३॥)

ગાથાર્થ :- તે કારણથી=ગાથા-૧૨૨માં કહ્યું કે જે રીતે કેવળીઓને કવલાહાર હોય છે એ વાત પૂર્વાચાર્યોએ યુક્તિઓ વડે સમર્થિત કરી, તે રીતે સંક્ષેપથી અમે કહી, તે કારણથી, જ્ઞાનાદિગુણોના પ્રતિઘાતનો અભાવ હોવાને કારણે કવલભોજી પણ કેવલજ્ઞાની કૃતકૃત્ય જ સિદ્ધ થાય છે.

ટીકા :- कवलभोजित्वेऽपि केवलिनां ज्ञानादिगुणाऽप्रतिघातात् कृतकृत्यत्वं निराबाधमेव। कुतः? के च ते ज्ञानादिगुणाः? उच्यते-ज्ञानावरणक्षयात् केवलज्ञानं, दर्शनावरणक्षयात् केवलदर्शनं, मोहक्षयात् क्षायिकसम्यक्त्वचारित्रे, अन्तरायक्षयाद्दानादिलब्धिपञ्चकं चेति। यद्यपि निखिलकर्मक्षयजन्यनिखिल-गुणभाजनतया सिद्ध एव कात्स्न्र्येन कृतकृत्यस्तथापि कर्मचतुष्टयक्षयजन्यगुणभाजनतया केवली देशकृतकृत्यो वेदितव्यः। न चाविरतक्षायिकसम्यग्दृशोऽप्येवं कृतकृत्याः प्रसजेयुर्नित्यविशेषापत्ति(? रविशेषापत्ते)रिति शङ्कनीयं, तेषां देशेन कृतकृत्यत्वं, केवलिनां तु देशैः कृतकृत्यत्वमिति विशेषात्।

❀ '**प्रसजेयुर्नित्यविशेषापत्तिरिति**' અહીં '**प्रसजेयुरित्यविशेषापत्तिरिति**' પાઠ શુદ્ધ ભાસે છે.

ટીકાર્થ :- '**कवलभोजित्वे**' કેવલીઓને કવલભોજીપણું હોવા છતાં પણ જ્ઞાનાદિ ગુણના અપ્રતિઘાતથી કૃતકૃત્યપણું નિરાબાધ જ છે. શાનાથી તે જ્ઞાનાદિ ગુણો પ્રગટ થયા અને કયાં તે જ્ઞાનાદિગુણો છે તે કહે છે- જ્ઞાનાવરણીયકર્મના ક્ષયથી કેવલજ્ઞાન, દર્શનાવરણીયકર્મના ક્ષયથી કેવલદર્શન, મોહક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્ર અને અંતરાયકર્મના ક્ષયથી દાનાદિપાંચલબ્ધિરૂપ ગુણો કેવલીઓને પ્રગટ થાય છે.
'**यद्यपि**' જો કે નિખિલ=સંપૂર્ણ, કર્મક્ષયજન્ય સંપૂર્ણગુણના ભાજનપણાથી સિદ્ધભગવંત જ સંપૂર્ણપણાથી કૃતકૃત્ય છે, તો પણ કર્મચતુષ્ટયક્ષયજન્ય ગુણના ભાજનપણાથી કેવલી દેશકૃતકૃત્ય જાણવા.

❀ '**इति**' શબ્દ કેવલીને શેનાથી જ્ઞાનાદિ ગુણો પ્રગટ થાય તે, અને કયા ગુણો છે તે કથનની સમાપ્તિ માટે છે.

'**न च**' અને અવિરત ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિઓ પણ આ રીતે કૃતકૃત્ય થશે, એ પ્રમાણે કેવલી અને અવિરત ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિને અવિશેષથી કૃતકૃત્ય માનવાની આપત્તિ આવશે એમ શંકા ન કરવી, કેમ કે તેઓને= અવિરત ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિઓને, દેશથી કૃતકૃત્યપણું છે, વળી કેવલીઓને દેશો વડે કૃતકૃત્યપણું છે એ પ્રમાણે વિશેષ છે.

ભાવાર્થ :- પૂર્વપક્ષીને કહેવાનું તાત્પર્ય એ છે કે ચાર ઘાતીકર્મના ક્ષયથી થયેલ ગુણો કેવલીમાં હોવાથી કેવળી પણ દેશ કૃતકૃત્ય કહેવાય છે, એ રીતે તો અવિરત ક્ષાયિકસમ્યક્ત્વીને પણ દેશ કૃતકૃત્ય કહેવા પડશે. કારણ કે તેઓને પણ દર્શનમોહનીયના ક્ષયથી ક્ષાયિકસમ્યકત્વગુણ પ્રકટ થયો જ હોય છે. તેનો ઉત્તર ગ્રંથકાર આપે છે કે અવિરત ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિઓ એક જ અંશથી કૃતકૃત્ય હોય છે, જ્યારે કેવલીઓ અનેક અંશોથી કૃતકૃત્ય હોય છે. આટલો બન્નેમાં તફાવત છે.

ટીકા :- अथैवं "केवली कृतकृत्यः, न त्वविरतसम्यग्दृष्टिः" इति कथं व्यवहार इति चेत्? केवलिनमपेक्ष्य कृतकृत्यत्वाभावविषयत्वात्, महत्यपि तडागे "समुद्रो महान्, न तडागः" इति समुद्रमपेक्ष्य महत्त्वा-भावव्यवहारवत्, तदवधिकत्वं च सन्निध्यादिसिद्धं तत्र भासत इति व्यवहारपद्धतिः। निश्चयस्त्वखण्डमेव वस्तु मन्यत, इति कात्स्न्र्येन कृतकृत्यं सिद्धमेव स कृतकृत्यमाह नान्यम्॥१२३॥

❀ **कार्त्स्न्येन कृतकृत्यं** એ શબ્દ **सिद्धमेव**નું વિશેષણ છે.

ટીકાર્થ :- 'अथैवं' 'अथ'થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે આ પ્રમાણે=અવિરત ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ દેશથી કૃતકૃત્ય છે અને કેવલી દેશોથી કૃતકૃત્ય છે આ પ્રમાણે, દેશકૃતકૃત્યત્વ બંનેમાં હોવાથી "કેવલી કૃતકૃત્ય છે અને અવિરત (ક્ષાયિક)સમ્યગ્દૃષ્ટિ કૃતકૃત્ય નથી" એ પ્રમાણે વ્યવહાર કેવી રીતે થશે? તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે- મોટા પણ તળાવમાં "સમુદ્ર મહાન છે, તળાવ (મહાન) નથી" એ પ્રમાણે સમુદ્રની અપેક્ષાએ મહત્ત્વ-અભાવના વ્યવહારની જેમ કેવલીની અપેક્ષાએ (અવિરત ક્ષાયિકસમ્યક્ત્વીમાં) કૃતકૃત્યપણાના અભાવનું વિષયપણું છે.

ઉત્થાન :- પૂર્વમાં કહ્યું કે "સમુદ્ર મહાન છે તળાવ નહિ" એની જેમ "કેવલી કૃતકૃત્ય છે અવિરત (ક્ષાયિક)સમ્યગ્દૃષ્ટિ નહિ," એ પ્રકારે કેવલીની અપેક્ષાએ કૃતકૃત્યત્વના અભાવનો વ્યવહાર અવિરત ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિમાં થાય છે. અહીં શંકા થાય કે જ્યારે "કેવલી કૃતકૃત્ય છે અવિરત ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ નહિ" આવો પ્રયોગ ન હોય ત્યારે કેવલી અવધિકત્વનો પ્રતિભાસ ત્યાં કઈ રીતે થઈ શકે? અર્થાત્ ન થઈ શકે. જેમ "સમુદ્ર મહાન છે તળાવ નથી" એમ પ્રયોગ થઈ શકે, પરંતુ મોટા તળાવને જોઈને આ તળાવ મહાન નથી એમ કહી શકાય નહિ. તેથી કહે છે-

ટીકાર્થ :- 'तदवधिकत्वं' સંનિધિ આદિથી સિદ્ધ તદ્ અવધિકત્વ=કેવલીઅવધિકત્વ, ત્યાં= અવિરત ક્ષાયિક-સમ્યગ્દૃષ્ટિ મહાન નથી એ પ્રયોગ થાય છે ત્યાં, ભાસે છે, એ પ્રમાણે વ્યવહારપદ્ધતિ છે. વળી, નિશ્ચયનય અખંડ જ વસ્તુ માને છે, એથી કરીને સર્વથા કૃતકૃત્ય એવા સિદ્ધને જ તે=નિશ્ચયનય, કૃતકૃત્ય કહે છે, અન્યને= ભવસ્થકેવલી આદિને, નહિ. **॥૧૨૩॥**

ભાવાર્થ :- 'तदवधिकत्वं' તાત્પર્ય એ છે કે કૃતકૃત્ય શબ્દનો અર્થ આ પ્રમાણે છે- સાધકને સંસારમાં મોહનો ક્ષય કરવો એ જ કૃત્ય ભાસે છે, તેથી મોહનો ક્ષય જેણે કર્યો હોય તેને જ કૃતકૃત્ય કહેવાય, અર્થાત્ સર્વ સાધવા યોગ્ય કૃત્ય કરી લીધાં છે એમ કહેવાય, એ પ્રકારે પ્રતિભાસ થાય છે. અને મોહનો ક્ષય કરનાર તરીકે મોહક્ષય કરેલ કેવળી જ તેમને દેખાય છે. તેથી અવિરત ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિને પણ આ કૃતકૃત્ય છે કે નહિ એમ વિચાર કરવા જ્યારે તે તત્પર થાય છે ત્યારે બુદ્ધિમાં કેવલીની જ સંનિધિ થાય છે, તેથી બુદ્ધિની સંનિધિ આદિથી સિદ્ધ કેવલીઅવધિકત્વ ભાસે છે. તેથી અવિરત ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિમાં "આ કૃતકૃત્ય નથી" તેવો વ્યવહાર થાય છે.

'सन्निध्यादि'થી કહ્યું ત્યાં **'आदि'** પદથી 'વ્યવહારની રૂઢિ' ગ્રહણ કરવાની છે. તેની સંગતિ આ રીતે છે - કૃતકૃત્ય શબ્દનો અર્થ સાધકને મોહક્ષયવાળી વ્યક્તિ જ ભાસવાને કારણે વ્યવહારમાં કૃતકૃત્ય શબ્દથી કેવલી જ પ્રસિદ્ધ થાય છે, અને વ્યવહારની પ્રસિદ્ધિથી સિદ્ધ અર્થાત્ વ્યવહારમાં તથાપ્રકારની રૂઢિને કારણે સિદ્ધ, એવું કેવલીઅવધિકત્વ ત્યાં = "અવિરત ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ કૃતકૃત્ય નથી" એ પ્રયોગમાં, ભાસે છે. માટે અવિરત ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ કૃતકૃત્ય નથી એમ વ્યવહાર થાય છે. **॥૧૨૩॥**

પ.પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ.સા.ના વ્યાખ્યાનના પુસ્તકો

(૧) અનુકંપાદાન (૨) સુપાત્રદાન (૩) યોગવિંશિકા ભાગ-૧ (૪) યોગવિંશિકા ભાગ-૨

ગીતાર્થગંગાથી પ્રકાશિત ગ્રંથો		વિવેચક	મૂલ્ય
(૧)	યોગવિંશિકા શબ્દશ: વિવેચન	પ્રવિણભાઈ મોતા	૩૫
(૨)	અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશ: વિવેચન	પ્રવિણભાઈ મોતા	૩૦
(૩)	શ્રાવકના બારવ્રતોનાં વિકલ્પો	યુગભૂષણવિજયજી મ.સા.	૧૦
(૪)	યોગદૃષ્ટિસમુચ્ચય	યુગભૂષણવિજયજી મ.સા.	૪૦
(૫)	સદ્ગતિ તમારા હાથમાં !	યુગભૂષણવિજયજી મ.સા.	૨૦
(૬)	કર્મવાદ કર્ણિકા	યુગભૂષણવિજયજી મ.સા.	૦૫
(૭)	દર્શનાચાર	યુગભૂષણવિજયજી મ.સા.	૧૦
(૮)	શાસનસ્થાપના	યુગભૂષણવિજયજી મ.સા.	૦૫
(૯)	અનેકાન્તવાદ	યુગભૂષણવિજયજી મ.સા.	૧૦
(૧૦)	પ્રશ્નોત્તરી	યુગભૂષણવિજયજી મ.સા.	૧૦
(૧૧)	ચિત્તવૃત્તિ	યુગભૂષણવિજયજી મ.સા.	૦૫
(૧૨)	ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ	યુગભૂષણવિજયજી મ.સા.	૦૫
(૧૩)	આશ્રવ અને અનુબંધ	સ્વ. મોહજિતવિજયજી મ.સા.	૨૦
(૧૪)	મનોવિજય અને આત્મશુદ્ધિ	યુગભૂષણવિજયજી મ.સા.	૨૦
(૧૫)	ભાગવતી પ્રવજ્યા પરિચય	યુગભૂષણવિજયજી મ.સા.	૦૫
(૧૬)	વિંશતિવિંશિકા શબ્દશ: વિવેચન પૂર્વાર્ધ	પ્રવિણભાઈ મોતા	૨૫
(૧૭)	અધ્યાત્મમતપરીક્ષા શબ્દશ: વિવેચન ભાગ-૧	પ્રવિણભાઈ મોતા	૭૦

(૧૮)	આરાધક-વિરાધક ચતુર્ભંગી	પ્રવિણભાઈ મોતા	૧૦
(૧૯)	વિંશતિવિંશિકા શબ્દશ:	પ્રવિણભાઈ મોતા	૩૦
(૨૦)	અધ્યાત્મમતપરીક્ષા શબ્દશ	પ્રવીણભાઈ મોતા	૫૫

મુદ્રક : સૂર્યા ઑફસેટ, આંબલીગામ, અમદાવાદ-૫૮.